

ભગવાન શ્રી સ્વામિનારાયણ

ભગવાન શ્રી સ્વામિનારાયણનું બૃહદ્ જીવનચરિત્ર

ભાગ - ૪

વેદો, ઉપનિષદો આદિ સર્વ શાસ્ત્રોનો
સાર કાઢીને શ્રીહરિએ વચનામૃતો ઉદ્‌બોધ્યાં.



સહજાનંદ સ્વામીનાં વચનામૃતનો સંગ્રહ
એ તો ગુજરાતી ભાષાનું એક રત્ન છે.
સાધન દશામાં આધ્યાત્મિક અને વિચારમય
જીવન ગાળવા ઇચ્છનારને ગુજરાતી ભાષામાં
આવું પુસ્તક વિચાર્યા વિના ભાગ્યે જ ચાલે.
એ પુસ્તકનું મનન અને નિદિધ્યાસન કરી
એના સિદ્ધાંતો અને ઉપદેશોને જીવનમાં ઉતારવા
પ્રયત્ન કરનાર સફળ થયા વિના રહે જ નહીં.
આધ્યાત્મિક સિદ્ધાંતોના રહસ્યથી અને તેનો
સાક્ષાત્કાર કરવા માટે વ્યાવહારિક સૂચનોથી
ભરપૂર આટલું નાનકડું પુસ્તક
ભાગ્યે જ બીજું છે. એની ભાષા ખૂબ મુદ્દાસર,
ટૂંકી અને એક જ અર્થ દર્શાવનારી, થોડું
ભણેલાંને પણ સમજાય તેવા સહેલા શબ્દો અને
સરળ વાક્યરચનાવાળી અને જરૂર પડે ત્યાં
અર્થને સ્પષ્ટ કરે એવાં દૃષ્ટાંતોવાળી છે.
એમાં કોઈ ઠેકાણે ભ્રમકારક, સંશયાત્મક કે
મોળી વાત જોવામાં નહીં આવે.
એમાં ઠેકાણે ઠેકાણે એ વચનો કહેનારનો
સ્વાનુભવ પ્રત્યક્ષ થાય છે.

- કિશોરલાલ ઘ. મશરૂવાળા



અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ

શ્રી સહજાનંદ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

॥ श्रीस्वामिनारायणो विजयते ॥

અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ

શ્રી સહજાનંદ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વિસ્તૃત જીવન અને કાર્ય

(આ.સં. ૧૮૭૪ થી ૧૮૮૧, સને ૧૮૧૭ થી ૧૮૨૪)

ભાગ ૪

: પ્રેરક :

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

: લેખક :

હર્ષદરાય ત્રિભુવનદાસ દવે

: પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

BHAGWAN SHRI SWAMINARAYAN - PART IV

(Biography of Purna Purushottam Bhagwan Shri Swaminarayan)

By Harshadrai T. Dave

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:
Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

4th Edition:
2003. Copies: 7,000

ISBN: 81-7526-211-7

રજૂકર્તા : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ - ૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

લેખક : હર્ષદરાય ત્રિ. દવે

ચતુર્થ આવૃત્તિ : ૨૦૦૩

પ્રત : ૭,૦૦૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

અનુક્રમણિકા

ઉદ્‌ગીથ ૧ : દાદાખાચરનાં લગ્ન

ઉદ્‌ગીથ ૨ : અમદાવાદમાં મહારાજને અંગ્રેજોનું આમંત્રણ

ઉદ્‌ગીથ ૩ : આણંદમાં ઉપાધિ

ઉદ્‌ગીથ ૪ : મુક્તાનંદ સ્વામીએ કરેલો દિગ્વિજય

ઉદ્‌ગીથ ૫ : આદરજમાં અન્નકૂટ ઉત્સવ

ઉદ્‌ગીથ ૬ : ગુજરાતની કાયાપલટ

ઉદ્‌ગીથ ૭ : પાંચાળમાં - બોટાદમાં ફૂલદોલનો ઉત્સવ

ઉદ્‌ગીથ ૮ : ગઢપુરમાં

ઉદ્ગીથ ૧૨ : લોયામાં ધર્મકુળનું આગમન

ઉદ્‌ગીથ ૧૩ : પંચાળામાં ત્રણ સંકલ્પો

ઉદ્‌ગીથ ૧૪ : ગઢપુરમાં ઉત્સવો

ઉદ્‌ગીથ ૧૫ : શ્રીનગરમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા

ઉદ્‌ગીથ ૧૬ : સંતોના વિશિષ્ટ ગુણો

ઉદ્‌ગીથ ૧૭ : ગઢપુરમાં પુરાણોની કથા

- **આ.સં. ૧૮૭૯ (સને ૧૮૨૨-૧૮૨૩)**

ઉદ્‌ગીથ ૧૮ : પંચાળામાં ફૂલદોલ અને મહારાસ

ઉદ્‌ગીથ ૧૯ : ભુજમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા

ઉદ્‌ગીથ ૨૦ : ધર્મકુળ પરિવારનું શ્રીહરિ સાથે મિલન

ઉદ્‌ગીથ ૨૧ : ગઢપુરમાં દિવ્ય લીલા

ઉદ્‌ગીથ ૨૨ : સુંદરિયાણામાં વસંતોત્સવ

ઉદ્ગીથ ૨૩ : મહારાજ વરતાલમાં મંદિરનું કાર્ય નિહાળે છે



''આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળજો
અને આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા
માને કરીને નથી કરવી તથા પોતાની મોટપ વધારવા સારુ નથી કરવી.
એ તો એમ જાણીએ છીએ જે : 'આ સર્વે સંત તથા હરિભક્ત છે
તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય
તો તેના જીવનું અતિ રૂડું થાય' તે સારુ કરીએ છીએ.
અને આ જે વાત છે તે મારી દીઠેલ છે અને મારા અનુભવે કરીને પણ મેં
સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે.
અને તે એ વાત સભામાં કર્યા જેવી નથી તોપણ
સભામાં કરીએ છીએ.''


- ભગવાન શ્રી સ્વામિનારાયણ




અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ

આવ્યા અક્ષરધામથી અવનિમાં, ઐશ્વર્ય-મુક્તો લઈ;
શોભે અક્ષર સાથ સુંદર છબી, લાવણ્ય તેજોમયી;
કર્તા દિવ્ય સદા રહે પ્રગટ જે, સાકાર સર્વોપરી;
સહજાનંદ કૃપાળુને નિત નમું, સર્વાવતારી હરિ.

ગુણાતીતોક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવબન્ધનાત્ ॥



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી



બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ	બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ	બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ	પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ



ઉદ્‌ગીથ ૧

દાદાખાચરના લગ્ન

(આ.સં. ૧૮૭૪, ઈ.સ. ૧૮૧૭-૧૮૧૮)

આ.સં. ૧૮૭૪ના માગશરના દિવસો ચાલતા હતા. મહારાજ ગઢડા પધાર્યા અને તરત જ જીવુબા, લાડુબા, સૂરપ્રભાદેવી, સોમબા ફઈને બોલાવી કહ્યું : ''આ દાદાને સત્તરમું વરસ બેઠું. તેમનાં લગ્ન માટે તજવીજ કરો.''

ત્યારે સૂરપ્રભાદેવીએ કહ્યું : ''મહારાજ ! એ તો આપને જ અમે સોંપ્યું છે. અમારે તો વહેવાર ને મોક્ષ બધું આપને જ આધારે છે !''

મહારાજ એક ક્ષણ તેમનાં સામું જોઈ રહ્યા. પછી કહ્યું : ''એ તો ખરું, પણ ક્રિયામાં તો તમારે ભળવું પડે ને ! અમે બોટાદના માતરા ધાધલની દીકરી જોઈ રાખી છે.''

તે સાંભળી લાડુબા બોલ્યાં : ''કુમુદાબા ?'' મહારાજે હસીને હા કહી. એટલે લાડુબાએ કહ્યું : ''મહારાજ ! એ તો રતન છે રતન ! જેવો દાદો રતન એવાં કુમુદાબા પણ રતન છે. મહારાજ ! મેળ સારો બેસી જશે !'' પછી પોતાની માતા સૂરપ્રભાદેવી તરફ ફરીને તેમને પૂછ્યું : ''મા ! તને ગમ્યું ?''

સૂરપ્રભાદેવીએ તરત જ કહ્યું : ''મહારાજે જે નક્કી કર્યું તે સોનાનું ! હવે દાદાને બોલાવીને મહારાજ સમજાવે. એ તો હઠ લઈને બેઠો છે કે પરણવું જ નથી. કહે છે કે પરણવું એ પાપ છે.''

એટલે મહારાજે કહ્યું : ''સૂરપ્રભાદેવી ! તમારાં કુળમાં બધા જગતથી ઊલટા પ્રવાહે ચાલનારા જ જન્મ્યા છે. બધા મુક્તો છે. નહીં તો લગ્નની તો લોકો રાહ જોઈને બેઠા હોય છે. નાના છોકરાને અમે જ્યારે પૂછીએ કે 'સાધુ થવું છે ?' ત્યારે તરત માથું હલાવી ના કહે અને પરણવાનું પૂછીએ તો હસીને હા પાડે. ભગવાને એવી કળ ચડાવી દીધી છે કે માયાનું તંત્ર ચાલ્યા જ કરે છે. એ માયાના પ્રવાહમાં તમારો પરિવાર તણાયો નથી. એ જ તેમનું મુક્તપણું છે.''

મહારાજે દાદાખાચરને બોલાવ્યા અને લગ્નની વાત કરી. આ સાંભળી દાદાખાચર ઉદાસ થઈ ગયા. તેમણે કહ્યું : "મહારાજ ! જો આવા જ ફાંસલામાં મને બાંધવો હતો, તો પછી સત્સંગનો રંગ શું કામ છાંટ્યો ? તમારી પાસે જે જે આવે છે તેને સાધુ બનાવવાની વાત કરો છો અને મને આ પાપમાં નાખો છો ?"

મહારાજ આ સાંભળી રહ્યા. તેમણે આ જવાબ ધારી જ રાખ્યો હતો. ક્ષત્રિય કુળશિરોમણિ દાદાખાચર નાના હતા ત્યારથી જ મહારાજના ખોળામાં રમ્યા હતા. સંતોનો સહવાસ સેવ્યો હતો. તેમની સેવામાં અખંડ ગૂંથાયેલા રહ્યા હતા. પોતાની બંને બહેનો જીવુબા તથા લાડુબા પાસેથી પણ તેમણે કદીય જગતની વાત સાંભળી ન હતી. તેમની દૃષ્ટિમાં મહારાજ, સંતો અને હરિભક્તો સિવાય બીજું કાંઈ ન હતું. અંતરમાં વિચારો પણ સત્સંગના જ, મહારાજને રાજી કરવાના જ ઘોળાતા. એટલે તેમના અંતરમાં જગતનો અંકુર હતો જ નહીં. મહારાજના શબ્દોથી તે વિચારમાં પડી ગયા.

અમારી આજ્ઞા છે, તારે લગ્ન કરવાં પડશે

મહારાજે તેમને પોતાની પાસે બોલાવ્યા. ઢોલિયા નજીક બેસાર્યા. માથે હાથ ફેરવ્યો. નીચું જોઈ રહેલા દાદાખાચરનું મુખ બે હાથ વડે પકડી મહારાજે પોતાના સન્મુખ કર્યું. પછી બોલ્યા : "દાદા ! તું એભલ બાપુનો કુળદીપક છો. એ કુળના દીવા મારે ઓલવવા નથી. તારા જીવનની જ્યોત તારા વંશ-વારસામાં પ્રગટશે. તને સત્સંગ ને કુળ-ઉજામણ એવો વંશ મળશે. દાદા ! તું તો જનક અને અંબરીષ જેવો વિદેહી છે, પણ દાદાનું કુળ અહીંથી જ અટકે એવું અમારે કરવું નથી. અમારી આજ્ઞા છે, તારે લગ્ન કરવાં પડશે."

દાદાખાચરની આંખોમાંથી આંસુ પડતાં હતાં. તેમણે કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞાની અવજ્ઞા હું કરું તો અસુર કહેવાઉં. અર્જુનને કુરુક્ષેત્રમાં જ મૂંઝવણ થઈ હતી પણ શ્રીકૃષ્ણ ભગવાને તે ટાળી."

મહારાજે કહ્યું : "એમની મૂંઝવણ ઉદાસીનતામાંથી ઊભી થઈ હતી. એ ગુણનો ભાવ હતો."

દાદાખાચરે કહ્યું : "તોપણ શ્રીકૃષ્ણ ભગવાને તે ટાળી ને ?"

મહારાજે તરત જ કહ્યું : "ના, એ તો યુદ્ધ પૂરતો શ્રીકૃષ્ણનો તેમનામાં પ્રવેશ થયો હતો. મોહ સાવ ટળી ગયો હોત અને ગુણાતીત થયા હોત તો

પોતાની ટેક સાચવવા પાછળથી શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરવા કેમ તૈયાર થયા ?[1] માટે નષ્ટો મોહઃ કહ્યું છે, પણ ગુણનો ભાવ સાવ ગયો ન હતો."

એમ કહી મહારાજ તેમના સામું જોઈ રહ્યા, હસ્યા અને પછી બે હાથે તેમનું મોઢું પકડીને કહ્યું : "દાદા ! આજે એ ગુણનો ભાવ કાઢવો છે. અર્જુનજીને ગુણાતીત કરવા છે."

મહારાજની રહસ્ય-વાણીમાં તો દાદાખાચર કાંઈ સમજ્યા નહીં પરંતુ મહારાજની ઇચ્છા જ એવી હતી તેથી તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞા જ છે તો પછી આપ એ આશ્રમમાં પણ મારી રક્ષા કરજો."

મહારાજે તેમને આશીર્વાદ આપ્યા.

મહારાજ અક્ષર ઓરડીમાં પધાર્યા ત્યાં બોટાદના નગરશેઠ ભગા દોશી તથા નરસિંહ જોષી બેઠા હતા. મહારાજ પધાર્યા એટલે બંને ઊઠ્યા. મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. મહારાજે પૂછ્યું : "નગરશેઠ ! કેમ અચાનક ? રસોઈ આપવા આવ્યા છો ?"

ભગા દોશીએ તરત જ કહ્યું : "મહારાજ ! આપ જે કહો તે રસોઈ કાલે મારી."

મહારાજ રાજી થયા. તેમણે કહ્યું : "ભગા દોશી ! તમારી રસોઈ કાલે સ્વીકારી. કંસારની રસોઈ કરાવીશું અને ઘી ઉપરથી પીરસીશું."

ભગા દોશી તો બહુ જ રાજી થયા. તેમણે કહ્યું : "મહારાજ ! કેમ એકાએક કંસાર ? આપ તો માલપૂડા ને દૂધપાક કે જલેબી-સાટા કે ઘેબરની રસોઈ કરાવો છો ને !"

મહારાજે કહ્યું : "દાદાનું સગપણ બોટાદના માતરા ધાધલની કુંવરી

---

૧. ગાલવ ઋષિ સૂર્યને અંજલિ આપતા હતા તે અંજલિમાં થૂંકીને ચિત્રરથ ગાંધર્વે તેમનું અપમાન કર્યું હતું. તે ફરિયાદ શ્રીકૃષ્ણ પાસે ગઈ. તેમણે ગાલવ ઋષિને આશ્વાસન આપ્યું કે "તમારું આ રીતે અપમાન તેણે કર્યું છે, તેને હું બે દિવસમાં દેહાંતની શિક્ષા કરીશ."

નારદજીએ ચિત્રરથને આ વાત કરી અને તેને અર્જુનનું શરણું લેવા યુક્તિ બતાવી. આથી તે અર્જુનના શરણે ગયો. અર્જુને પણ શરણાર્થી જાણીને તેની રક્ષાની પ્રતિજ્ઞા કરી. પરિણામે, શ્રીકૃષ્ણ અને અર્જુન બંને પ્રતિજ્ઞાથી બંધાઈ ગયા હોવાથી સામસામા યુદ્ધે આવી ગયા. છેવટે નારદજીની દરમ્યાનગીરીથી બ્રહ્મા, શંકર તથા અન્ય દેવો આવ્યા. બ્રહ્માંડનો પ્રલય થઈ જશે એવી બીકથી આ દેવોએ ચિત્રરથને સમજાવ્યા. તેમણે ગાલવ ઋષિની માફી માગી. આ સમાધાનથી કૃષ્ણાર્જુન યુદ્ધ બંધ રહ્યું.

કુમુદા સાથે કરવું છે. અત્યારે જ દાદાને માંડ મનાવ્યા. તેણે હા કહી એટલે કંસાર ખાવો પડે ને !''

જાઓ, અક્ષરધામ બક્ષિસ !

ભગા દોશી બહુ જ રાજી થયા. તેમણે કહ્યું : ''મહારાજ ! મહામુક્ત દાદાખાચરના મંગળ પ્રસંગમાં મારા તરફથી આ રીતે શુકન થાય એ તો મારાં અહોભાગ્ય કહેવાય ! આપે મને ન્યાલ કરી દીધો.''

પછી તેમણે કહ્યું : ''મહારાજ ! આ નરસિંહ જોષી આવ્યા છે. ભાવનગરમાં વજા બાપુની કચેરીમાં તતાણાનો મૂળુચારણ આપના વિરુદ્ધ બહુ બોલતો હતો. તેને આ જોષીએ આકરાં વેણ કહીને સારી રીતે સબોડ્યો એટલે ચારણ તો મૂંગો જ થઈ ગયો. વજા બાપુને પણ કહેવું પડ્યું કે સ્વામિનારાયણ તો ભગવાન છે, એમના માટે એવું ન બોલાય.''

મહારાજ નરસિંહ જોષી તરફ જોઈ રહ્યા. પછી ધીરેથી બોલ્યા : ''સ્વામિનારાયણ ભગવાન છે એ વજા બાપુને પાછળથી યાદ આવ્યું હશે ? પહેલાં કેમ તેને બોલવા દીધો ?''

એટલે ભગા દોશીએ કહ્યું : ''મહારાજ ! ભાટ-ચારણની વાણી જ એવી, ભલભલાને ભોળવી નાખે.''

''એમ નથી શેઠ ! એ તો કુસંગનો સંગ કરે, તેના શબ્દો સાંભળે તો તેનો રંગ લાગે જ. ભગવાન જાણતા હોય તો એવાને ઊભો રહેવા દે ?''

નરસિંહ જોષીને માથે મહારાજે બે હાથ મૂક્યા અને રાજી થઈ આશીર્વાદ આપ્યા. પછી કહ્યું : ''પક્ષ રાખ્યો એટલે જાઓ, અક્ષરધામ બક્ષિસ !''

એટલામાં દીહોરથી ભાવસાર મૂળજીભાઈ આવ્યા. તેણે મહારાજ માટે સુંદર ચોફાળ તૈયાર કરાવ્યો હતો તે તેણે મહારાજને ઓઢાડ્યો. મહારાજે તેને પણ આશીર્વાદ આપ્યા. પછી ભગા દોશીને કહ્યું : ''શેઠ ! આ દીહોર ગામના ભાવસાર છે. અમે વનવિચરણ કરતાં દીહોર ગામ ગયા હતા. ગામનાં બધાં જ અમને તપસ્વી ભાળી જોવા આવ્યાં પણ આની માએ અમને ઓળખી લીધા. તેણે તરત જ આ મૂળજી સાથે જમવાનું મોકલ્યું, ત્યારથી મૂળજી અમારી દૃષ્ટિમાં આવી ગયો છે.'' એમ કહી મહારાજે તે ચોફાળ નરસિંહ જોષીને ઓઢાડી દીધો.[૨]

૨. આ ચોફાળ બોટાદના મંદિરમાં સાચવીને રાખ્યો છે. હરિભક્તો દર્શન કરે છે.

મહારાજે તે દિવસે માતરા ધાધલને પણ તેડાવી લીધા. બીજે દિવસે વિવાહનો ગોળ મહારાજે ખાધો. બાપુ જીવાખાચર ત્યાં બેઠા હતા. આ જોઈને તેમને થયું કે "કુટુંબમાં હું મોટેરો અને ગોળ મહારાજ ખાય !" તેના અંતરમાં મહારાજ પ્રત્યેના અભાવનાં બીજ વવાઈ ગયાં હતાં. તે બીજ ધીરે ધીરે આવા પ્રસંગો મળતાં ઝાડ થવા લાગ્યાં. દાદાખાચર પ્રત્યે ઈર્ષા અને મહારાજ પ્રત્યે અભાવ ! આ પ્રસંગથી ઘી રેડાયું. ભગા દોશીની રસોઈ જમી માતરા ધાધલ ભગા દોશી સાથે બોટાદ ગયા. મહા માસમાં લગ્નનું નક્કી કર્યું.

એકાદશી-વ્રતનો મહિમા

થોડા દિવસ બાદ એકાદશી આવતી હતી. એકાદશી-વ્રતનો મહિમા સમજાવવા તે દિવસે નિરાહાર રહેવામાં કેટલું ફળ છે તે મહારાજને સમજાવવું હતું. કાઠી ભક્તોએ દારૂ, માંસ, હિંસા વગેરે છોડ્યાં. સત્સંગના નિયમ મુજબ વર્તવા લાગ્યા પરંતુ એકાદશીના વ્રત માટે કોઈને કાંઈ આદર ન હતો. સવારનું શિરામણ, બપોરે જમવાનું, પછી રોંઢો અને રાત્રે વાળુ એમ ચાર વખત જમનારા કાઠી ભક્તો એ ચાર જમણ ખોટાં કરે ત્યારે એકાદશી થાય. એટલે એકાદશીનું નામ સાંભળતાં જ આ કાઠી ભક્તો ધ્રૂજી જતા. મહારાજને થતું કે સર્વ વાતે શૂરવીર આ ભક્તો જો એકાદશી-વ્રત ન કરે તો તે સત્સંગમાં શોભે નહીં. એકાદશીના વ્રતમાં દેહનું અને ઇન્દ્રિયોનું બંનેનું દમન છે. મહારાજે એકાદશીની તિથિ પહેલાં બે દિવસે સભામાં સૌ સંતો, કાઠી ભક્તો બેઠા હતા તેમને સમજાવતાં કહ્યું :

"બે દિવસ પછી એકાદશી આવે છે. એકાદશીનો મહિમા સમજાય તો તે વ્રત કરવાની અંતરમાં દૃઢતા થાય. આપણા શાસ્ત્રકારોએ લખ્યું છે કે જપ, તપ, તીર્થ અનેક વાર કરે પરંતુ તેનું ફળ એકાદશીના વ્રત બરોબર નથી. એકાદશીનું વ્રત એ ભગવાનના વરદાનનું વ્રત છે. ભગવાને એકાદશીને વરદાન આપ્યું છે કે 'તું મારી એકાદશ ઇન્દ્રિયોમાંથી ઉત્પન્ન થઈ છે એટલે મારું સ્વરૂપ છો. તેથી તારું વ્રત જે કોઈ કરશે તેના ઉપર હું પ્રસન્ન થઈશ.' એટલે આપણે સૌએ એકાદશીનું વ્રત ભગવાનની પ્રસન્નતા માટે કરવું જોઈએ. તે દિવસે સવારે વહેલાં ઊઠી સૌ ભક્તોએ ભેગા થઈને કીર્તનો ગાતાં ગાતાં જ્યાં નદી, કૂવો કે તળાવ હોય ત્યાં નહાવા જવું. તે દિવસે અન્ન ન લેવું. રાત્રીએ ભગવાનનું ભજન કરીને જાગરણ કરવું. આ પ્રમાણે એકાદશીનું વ્રત તમો સૌ કરશો તો

અમે તમારા ઉપર પ્રસન્ન થઈશું."

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! અમારે તો આપની આજ્ઞા એ જ વેદ, પુરાણ અને શાસ્ત્રનું વચન ! અમે તો આપને પ્રસન્ન કરવા આપની ભક્તિ કરીએ છીએ. આપની પ્રસન્નતા સિવાય મુક્તિની પણ અમને ઇચ્છા થઈ નથી. આપની આજ્ઞાથી સંતો બધા જ વ્રત કરે છે. આપ જ એકાદશીને દિવસે નિરાહારી રહો ત્યારે બીજા કેમ જમી શકે ?"

મહારાજ તો જાણતા હતા કે સંતો સૌ આ વ્રત કરે છે પરંતુ તેમને તો કાઠી ભક્તોને આ વ્રતનો મહિમા સમજાવવો હતો. સુરાખાચરના ભત્રીજા માણસિયાએ મહારાજને બીતાં બીતાં પૂછ્યું : "મહારાજ ! એકાદશીને દિવસે અન્ન ખાય તો શું થાય ?"

મહારાજે કહ્યું : "જેમ ભાલા છાતીમાં ભોંકાય ને દુઃખ થાય, તેમ અન્નનો એક એક દાણો ભાલાની જેમ અમારી છાતીમાં ભોંકાય છે. એટલું અમને દુઃખ થાય છે."

આ સાંભળી માણસિયાના રામ રમી ગયા. તે તો ટાઢોબોળ થઈ ગયો. તેણે સુરા આપાને પૂછ્યું : "આપા ! આ લપ ક્યારે આવે છે ?"

સુરાખાચરે કહ્યું : "બે દિવસ પછી જ."

આ સાંભળીને મોત આવ્યું હોય એટલું માણસિયાને વસમું લાગ્યું.

એકાદશી આવી અને માણસિયો સવારથી જ ઢીલો થઈ ગયો. સવારનું શિરામણ પેટમાં ન ગયું એટલે તેના પગ ઢીલા પડી ગયા. તેને થયું કે હજુ તો એક ટંકમાં આટલું થયું તો બીજા ત્રણ ખોટા થશે ત્યારે મારું શું થશે ? તે સૂનમૂન પડી રહ્યો. જમવાનું ટાણું થયું એટલે તે ઊભો થયો. ધ્રૂજતે પગે દરબારમાં જઈને આંટા મારી આવ્યો પણ રસોડું જ બંધ હતું. તે પાછો આવીને ખાટલામાં પડ્યો. સુરાખાચર વારંવાર આવી તેની ખબર રાખતા હતા. બપોરના ત્રણનો વખત થયો અને સુરાખાચર તેની પાસે આવ્યા તો તેના મોઢામાંથી ફીણ નીકળતાં હતાં. તે સૂનમૂન પડ્યો હતો. સુરાખાચરને બીક લાગી કે આને શું થશે, હજુ તો સાંજ અને આખી રાત કાઢવાની છે. આનો દેહ રહેશે નહીં.

બીજા કાઠી દરબારો માણસિયાને જોવા આવ્યા. તેની આ દશા જોઈ નથુખાચર એકદમ મહારાજ પાસે દોડ્યા. મહારાજે તેને ગભરાયેલા જોઈ બોલ્યા : "શું થયું નથુ ?"

"મહારાજ ! માણસિયો મરુ ગીયો."

મહારાજ તરત જ ઊભા થઈ ગયા. તેમણે કહ્યું : "હોય નહીં ! મરી કેમ જાય ?"

"મહારાજ ! તેનાં ત્રણ ટાણાં ખોટાં થઈ ગયાં. માણસમારી તેને વળગી છે." મહારાજ આ સાંભળી હસ્યા. મહારાજ માણસિયા પાસે આવ્યા. માણસિયે મહારાજને જોઈ આંખો ખોલી. મહારાજ તરફ તે દયામણે મોઢે જોઈ રહ્યો.

મહારાજે તેને પૂછ્યું : "માણસિયા ! શું થયું છે ?"

તેણે તરત જ કહ્યું : "મહારાજ ! માણસમારી વળગી એટલે હોશકોશ જતા રહ્યા."

આ સાંભળી મહારાજ હસવા લાગ્યા. તેમણે કહ્યું : "પણ એ માણસમારી કોણ છે ? આપણે તેને પકડીએ."

તેણે ધીમે સાદે કહ્યું : "મહારાજ ! તમથી એ નહીં પકડાય. તમનેય એણે ઝાલી લીધા છે." એમ કહીને થોડી વારે મહારાજને તેણે પૂછ્યું : "તમે આજે ખાધું છે ?"

ત્યારે મહારાજે કહ્યું : "આજે ન ખવાય. એકાદશી ખરી ને !"

"હાં, એ જ માણસમારી ! મહારાજ ! તમનેય એણે ઝપાટામાં લઈ લીધા."

મહારાજ ખૂબ હસ્યા. મહારાજને થયું : "ચાર ટંક ખાવાવાળા કાઠીઓને આ એકાદશીનું વ્રત ભારે પડશે."

મહારાજે ત્યાં એકઠા થયેલા કાઠી ભક્તોને કહ્યું : "તમારે સૌએ એકાદશીને દિવસે ફરાળ કરવું."

એટલે સુરાખાચરે કહ્યું : "મહારાજ ! આ કાઠિયાવાડમાં વળી ફરાળ કેવાં ? અહીં રાજગરો નો મળે. અહીં તો બાજગરો મળે."

મહારાજે તરત જ કહ્યું : "ભલે ત્યારે. તમારે રાજગરો ને બાજગરો બંને સમ. બાજરાના રોટલા ખાવા પણ એક ટંક, એટલે એકાદશીનું વ્રત કર્યા બરોબર ફળ મળશે."

"મહારાજ ! રોટલા જમાય ને !"

મહારાજે હા કહી. માણસિયાના જીવમાં જીવ આવ્યો.

એકાદશીનું વ્રત આવે ત્યારે કાઠીઓને તો મોત આવ્યું હોય એવું વસમું લાગતું. પરંતુ કેટલાક ભક્તો તો નિરાહારી જ રહેતા ને કેટલાક એક ટંક જમીને રહેતા. મહારાજની દિવ્ય પ્રતિભાની તેમના ઉપર જબ્બર અસર હતી તેથી એક પછી એક બધી જ કુટેવો, સ્વભાવ મહારાજને પ્રસન્ન કરવા તેમણે મૂકી દીધા

હતા. મહારાજે ચમત્કાર સર્જ્યો હતો. તેમના સંબંધે સૌને બળ મળતું. તેમની પ્રસન્નતામાં સૌ પ્રસન્ન રહેતા.

ગઢપુરમાં વસંતોત્સવ અને દાદાખાચરનાં લગ્ન : આ.સં. ૧૮૭૪

મહારાજે વસંતોત્સવ ગઢપુરમાં જ કરવાનું નક્કી કર્યું હતું. ત્યારબાદ દાદાખાચરનાં લગ્ન લેવાનાં હતાં. મહારાજની ઇચ્છા હતી કે આ પ્રસંગે સંતો હોય તો તેમના પણ આશીર્વાદ દાદાને મળે. વસંતોત્સવ ઉપર સંતોને મહારાજે ખાસ તેડાવ્યા. જ્યારથી સંતો આવ્યા ત્યારથી જ વિવાહની ધામધૂમ શરૂ થઈ. નિત્ય નવી રસોઈ તૈયાર થાય, સંતો જમે અને દાદાખાચરનો પરિવાર પ્રસન્ન થાય. એક દિવસ મહારાજે જીવુબા, લાડુબાને કહ્યું : "રોજ રોજ નવીન રસોઈ બનાવરાવો છો પણ વસંતનો ઉત્સવ તો હજુ દૂર છે. આવું ન પોષાય."

ત્યારે જીવુબાએ કહ્યું : "મહારાજ ! આ તો દાદાનાં લગ્ન પ્રસંગે મહેમાનો આવ્યા છે તેને જમાડવા જોઈએ ને ? અમારે તો સંતો-હરિભક્તો એ જ અમારા કુટુંબીઓ છે. એટલે આ તો વ્યવહાર કરીએ છીએ."

મહારાજ કાંઈ બોલી શક્યા નહીં. તેમના ઉપદેશમાં જે હતું તે દાદાખાચરના પરિવારના આચરણમાં પ્રત્યક્ષ થતું હતું.

વસંતોત્સવ આવ્યો. વસંતનું પૂજન કર્યું. રંગ ઉડાડ્યો, ગુલાલ ઉડાડ્યો, વસંતનાં કીર્તનો બોલાવ્યાં. ભક્તિરસમાં મહારાજે સૌને તરબોળ કરી દીધા. આગળ કોઈએ ન દીઠી હોય તેવી રીત મહારાજે પ્રવર્તાવી દીધી હતી. કર્મ કરવા છતાં પણ અકર્મકપણે વર્તવાનું જ્ઞાન મહારાજે આપી દીધું હતું. સાચો કર્મયોગ જીવનનાં તમામ કર્મો ભગવાન પ્રીત્યર્થે કરવામાં છે. એનું ફળ ભગવાનને જ અર્પણ કરવામાં એ કર્મયોગની સિદ્ધિ છે. કર્મયોગનું આ રહસ્ય સમજી જે કુશળ રીતે એ પ્રકારનાં કર્મ કરી શકે, તે સાચો યોગી છે, તે સાચો જ્ઞાની છે. આવા કર્મયોગીને જે પિછાણે તેને જ ગીતામાં બુદ્ધિમાન કહ્યો છે અને તેની જ કર્મયોગમાં યોગ્યતા કહી છે.

મહારાજની આજ્ઞામાં સૌ ભક્તો ટૂક ટૂક બનીને વર્તતા હતા. તે આજ્ઞાથી વસંતોત્સવ કે ફૂલદોલોત્સવ કે દીપાવલિ-અન્નકૂટ ઉત્સવો ઊજવાતા, તેની પ્રવૃત્તિમાં સૌને જોડાવું પડતું. છતાં તે પ્રવૃત્તિ ભગવાનને પ્રસન્ન કરવા માટે જ હતી તેથી એ નિવૃત્તિ જ હતી. એકાંતિક ભક્તિનું આ રહસ્ય જે એવા મર્મી હોય તે જ સમજી શકે. બાહ્ય દૃષ્ટિવાળાને આ પ્રકારની ભક્તિના અંતરંગ

રહસ્યની સૂઝ ન હોય.

વસંતોત્સવ ધામધૂમથી ઊજવાઈ ગયો ને તરત જ દાદાખાચરનો લગ્નોત્સવ આવી ગયો. જાન નીકળવાના આગલે દિવસે મહારાજની ઇચ્છાથી આખા ગામને જમાડ્યું. ત્યારબાદ મહારાજે આશીર્વાદ આપી જાનને વિદાય કરી.

બોટાદમાં માતરા ધાધલને ત્યાં પણ ધામધૂમ થતી હતી. ડાયરામાં હમીરખાચર, દાહાખાચર, રાઠોડ ધાધલ, સારંગપુરના જીવાખાચર વગેરે આવ્યા હતા. સત્સંગની વાત થતી હતી. કસુંબાને બદલે સાકરનાં પાણી અપાતાં હતાં. આજુબાજુ બધે જ કાઠીઓમાં સત્સંગ પ્રવર્તી ગયો હતો. એટલે સૌ સત્સંગના રંગે રંગાઈ ગયા હતા. માતરા ધાધલને ઘેર દાદાખાચરની જાન આવે તેથી તો સૌ પોતાનાં અહોભાગ્ય માનતા હતા. દાદાખાચરની ભક્તિનું સત્ આખા પંથકમાં ફરી વળ્યું હતું. દાદાખાચર કુમુદાબા સાથે લગ્નગ્રંથિથી જોડાયા. મહારાજની ઇચ્છાથી, તેમના આશીર્વાદથી આ લગ્ન થયાં. સત્સંગીઓ આવ્યા અને બોટાદમાં આ લગ્ન પ્રસંગે સત્સંગનો એક અદ્‌ભુત ઉત્સવ ઊજવાઈ ગયો ![3]

વિદ્વાનો હશે તો સંપ્રદાય વિકસશે

આ.સં. ૧૮૭૪નો ફૂલદોલનો ઉત્સવ પણ મહારાજે ગઢપુરમાં જ કર્યો. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે સંતોને સાથે રાખ્યા હતા એટલે કીર્તન-ભક્તિ થતી. પ્રાગજી પુરાણી તથા શુકમુનિ કથા વાંચતા. આમોદના દીનાનાથ ભટ્ટ પાસે પણ કથા વંચાવતા. સમગ્ર ગુજરાતમાં તેમની અદ્વિતીય વિદ્વાન તરીકેની ગણના થતી હતી.

મહારાજ પાસે સંગીતજ્ઞો પોષાતા. પ્રેમાનંદ, મુક્તાનંદ, બ્રહ્માનંદ, દેવાનંદને ઘણુંખરું મહારાજ પોતાની સાથે જ રાખતા. તેમની કળાને ખીલવતા, તેમનું સંગીત સાંભળવામાં અનેરો રસ બતાવતા, સંગીતની ખૂબીઓ સમજાવતા. મહારાજના સાન્નિધ્યમાં તેમના સંગીતના સૂરો વાતાવરણમાં દિવ્યતા પ્રસરાવી દેતા.

વિદ્વાનોને પણ મહારાજ પોષતા. મહારાજ કહેતા : "વિદ્વાન હોય અને વળી ભક્તિવાન હોય તો સંપ્રદાય વિકસશે. એવા વિદ્વાનો શાસ્ત્રોના મર્મજ્ઞ હોય છે એટલે શાસ્ત્રોના સવળા અર્થ કરી લોકોને સાચે માર્ગે દોરી શકે. શુષ્ક

---

૩. શ્રીહરિલીલામૃત, કળશ-૭, વિશ્રામ-૪૫માં દાદાખાચરનાં લગ્ન આ.સં. ૧૮૭૧માં થયાં એવો ઉલ્લેખ પણ છે.

વિદ્વાનો કેવળ તાર્કિકો જ હોય છે. તેઓ શાસ્ત્રોના અર્થ તેમની રીતે કરે છે તેથી ભક્તિ, જ્ઞાન, ધર્મને પોષણ મળતું નથી."

મહારાજ પાસે પ્રાગજી દવે, દીનાનાથ ભટ્ટ વગેરે વિદ્વાનો હતા. વળી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શતાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી વગેરે સંતો પણ પ્રકાંડ વિદ્વાનો હતા. તેઓ મહારાજ પાસે શાસ્ત્રો વાંચતા ત્યારે મહારાજ શાસ્ત્રોનું સૂક્ષ્મ રહસ્ય તેમને સમજાવતા. તે સાંભળી તેમને પ્રતીતિ થતી કે શાસ્ત્રોની ગહનતા અનુભવી પુરુષની પાસેથી જ સમજાય. મહારાજ પણ કહેતા કે "સત્પુરુષ જ્યારે પ્રગટ થાય ત્યારે તેમની પાસેથી જ શાસ્ત્રના શબ્દો જે ભ્રામક છે તે યથાર્થ સમજાય."

પ્રેમાનંદ સ્વામીનું પાંચ ભાષાનું કીર્તન

પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે સંતો બાપુ જીવાખાચરના દરબારમાં રહેતા. એક દિવસ પ્રેમાનંદ સ્વામીએ પાંચ ભાષામાં કીર્તન રચ્યું. મહારાજને તે કીર્તન સંભળાવવાની તેમની ઇચ્છા હતી. તેથી તેઓ ચંદન ઘસી, કટોરામાં લઈ, મહારાજની પૂજા કરવાનું નિમિત્ત લઈ દાદાખાચરના દરબારમાં આવ્યા.

મહારાજ સભામાં બિરાજતા હતા. મહારાજે તેમને જોઈને કહ્યું : "આવો કવિરાજ ! કંઈક નવીન કીર્તન બનાવીને લાવ્યા છો ?"

પ્રેમાનંદ સ્વામી શરમાળ પ્રકૃતિના હતા. મહારાજના શબ્દો સાંભળી તેઓ નીચું જોઈ ગયા. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! નવીન કીર્તન તો એવું રચ્યું છે કે સૌને સાંભળીને આશ્ચર્ય થશે. પણ જો કાઠી દરબારો સાંભળશે, તો અમને મારશે."

મહારાજે કહ્યું : "કાઠી દરબારો ભલે સાંભળે. એવા શબ્દો હશે તો સાંભળીને મનમાં સમસમી રહેશે." એમ કહીને પ્રેમાનંદ સ્વામીને કહ્યું : "સંભળાવો કવિરાજ ! તમારું નવીન કીર્તન સંભળાવો."

ત્યારે પ્રેમાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! પૂજન કરવું છે."

મહારાજ તરત જ ઊભા થયા. પ્રેમાનંદ સ્વામીએ મહારાજના શરીરે ચંદનનો લેપ કર્યો.

પછી મહારાજે કહ્યું : "હવે સંભળાવો તમારું કીર્તન."

પ્રેમાનંદ સ્વામીએ પોતાની સિતાર મંગાવી. નાજા જોગિયા તે લઈ

આવ્યા, એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "તમારું પાંચ ભાષાનું કીર્તન મહારાજને સંભળાવો."

પ્રેમાનંદ સ્વામીએ શરૂ કર્યું :

મોહન બેન બજાઈ, ગ્રહત જીવન આઈ, ગિરધર બંસી સૂની કાની;
તનકી સૂધબૂધ સબ બિસરાની, બરજત માત પિતા નહીં માની,
ઊઠ ચલી બેગાની બેગાની...મોહન

આ સાંભળી મહારાજ બોલી ઊઠ્યા : "ઓહો ! આ તો હિન્દી ભાષાનું કીર્તન, ખરી ફાવટ આવી ગઈ લાગે છે."

ત્યાં પ્રેમાનંદ સ્વામીએ બીજી કડી શરૂ કરી :

બેન મારાં માબાપે મુને વારી, કે'છે તું ક્યાં જાય છે કુંવારી;
વન તેડી તરછોડ્યા મુરારિ, શી વલે અમારી અમારી...મોહન.

મહારાજ હસ્યા : "કવિરાજ ! તમે તો એક પછી એક રત્ન કાઢી રહ્યા છો."

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! હજુ વધારે રત્ન કવિની ઝોળીમાં ભર્યાં છે. કવિરાજ ખોલો ખોલો, ઝોળી ખોલો."

કવિએ શરૂ કર્યું :

સૈયર કાય સાંગુ મી આતા, કુઠે ગેલા યા હતાં યા હતાં;
ન જાણે કોણી જાતાં, સંગે ગાતા સંગે ગાતા....મોહન.

આ સાંભળી મહારાજે કહ્યું : "કવિરાજ ! આ મરાઠી ભાષા ક્યાં શીખી આવ્યા ?"

તેમણે કહ્યું : "મહારાજ ! વડોદરામાં રહેવાનું થયું એટલે થોડી ભાષા આવડી ગઈ."

એટલે નાજો જોગિયો ઉતાવળા થઈ ગયા. તેમણે કહ્યું : "સ્વામી ! પેલું કાઠીવાળું તો બોલો."

સ્વામીએ શરૂ કર્યું :

તબ બોલી એક મરમાલી, મહારાજ વાત સાંભળોને માલી;
આજ હું તો આદીશાં વનમાલી, બહુલીની કરતાલી કરતાલી...મોહન.

આ સાંભળી મહારાજ હસવા લાગ્યા. તેમણે કહ્યું : "બ્રહ્માનંદ સ્વામી ખરું કહે છે. કાઠીની દેશી કાઢી તે માર્યા વગર ન મૂકે."

એટલે દૂર બેઠેલ મોટીબાએ કહ્યું : "મહારાજ ! સ્વામીએ અમારી ભાષાને કૃતાર્થ કરી. અમારી ભાષામાં કોઈએ કીર્તનો રચ્યાં નથી."

પછી પ્રેમાનંદ સ્વામીએ ગાયું :

પ્રભુજી મેં તો થાકી દાસી, ઠાકોર હાંસી મા જીવ જાસી,

પ્રેમસખી કંઠ લગાસી, આઈ મીલો વનવાસી, વનવાસી....મોહન.

મારવાડી ભાષાનું આ કીર્તન સાંભળી મહારાજ અત્યંત પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું : ''પ્રેમાનંદ સ્વામી ! તમારાં આ કીર્તન સાંભળી અમે તમારા ઉપર બહુ જ રાજી થયા છીએ, આજે તો તમને મોજ આપવી છે.'' એમ કહી બ્રહ્મચારી પાસે બુરાની શેલું મંગાવ્યું પરંતુ પ્રેમાનંદ સ્વામીએ તે ન લીધું. પછી સુરતની ફૂમતાવાળી જરીની ટોપી મંગાવી. તે પણ તેમણે ન લીધી. ત્યારે મહારાજે અગણોતેરા કાળમાં પોતે પીળી કચ્છી ટોપી પહેરતા તે મંગાવી. પ્રેમાનંદ સ્વામીએ તે લીધી. મહારાજે તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યા.

મહારાજ સંતોને ટાટ પહેરાવે છે

થોડા દિવસ બાદ મહારાજે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : ''આજથી સૌ સંતોને ટાટ - ગૂણપાટના ચાર હાથના કટકા પહેરાવવા છે.''

આ સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''આ ભગવાં ઉતારી એવા ટાટ સંતોને તે પહેરાતા હશે ?''

આ સાંભળી મહારાજ કાંઈ બોલ્યા નહીં. પરંતુ તેમણે પોતાનાં વસ્ત્રો કાઢી ટાટનો એક કટકો પહેરી લીધો. તે જોઈ મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! અમને સૌને ટાટ આપો અમે પહેરીશું. પણ આપ આ કાઢી નાખો.''

એટલે મહારાજ ટાટના ચાર હાથના કટકા સૌ સતોને આપવા લાગ્યા. સૌ સંતોએ અલફી ઉતારી લીધી અને ટાટ પહેર્યાં.

બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે ગયા. મહારાજે તેમને પણ ચાર હાથનો કટકો આપ્યો. તે લઈ બ્રહ્માનંદ સ્વામીએ શરીરે વીંટાળ્યો પણ ચાર આંગળ ટૂંકો પડ્યો એટલે પાછો આપ્યો. સ્વામીએ કહ્યું : ''મહારાજ ! બીજો આપો. આ તો ચાર આંગળ ટૂંકો પડે છે. શરીર પૂરું ઢંકાતું નથી.''

મહારાજે તરત જ કહ્યું : ''એ તો સૌને જેટલું આપીએ છીએ તેટલું તમને મળશે. વધારે નહીં મળે.''

એટલે બ્રહ્માનંદ સ્વામીએ પોતાનું સ્થૂળ શરીર બતાવીને કહ્યું : ''પણ સૌના દેહ જુઓ અને મારો દેહ જુઓ. કાંઈ ફેર દેખાય છે કે નહીં ? દેહના

માપ પ્રમાણે અપાય. શરીર ઢંકાવું તો જોઈએ ને !"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે તરત જ કહ્યું : "તો પછી શરીર સહુના જેવું કરી નાંખો."

"એ તો સાચું. પણ આજે શું ? આજે તો આ ટૂંકું વસ્ત્ર પહેરવું પડે ને ? આજથી ઉપવાસ કરવા માંડું તો આઠ-દસ દિવસે શરીર ઓછું થાય."

પરંતુ મહારાજ કાંઈ બોલ્યા નહીં. તેમણે તો સૌના માપ પ્રમાણે જ કટકો તેમના ઉપર ફેંક્યો. બ્રહ્માનંદ સ્વામીએ ટાટનો કટકો હાથમાં લઈ લીધો. પછી ઉપર નીચે આજુબાજુ જોવા લાગ્યા. ત્યારે મહારાજે પૂછ્યું : "સ્વામી ! એમ શું જુઓ છો ?"

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "હું જોઉં છું કે પૃથ્વીમાં બીજે ક્યાંય ભગવાન છે ?"

મહારાજે તરત જ પૂછ્યું : "બીજે ક્યાંય ભગવાન ભાળ્યા ?"

બ્રહ્માનંદ સ્વામીએ માથું હલાવ્યું. તેમણે કહ્યું : "મહારાજ ! નખ જેટલી પૃથ્વીમાં તમારા સિવાય બીજો કોઈ ભગવાન દેખાયો નહીં, અને જો દેખાયો હોત તો ત્યા ચાલ્યો જાત."

બ્રહ્માનંદ સ્વામીના આ શબ્દો સાંભળતાં મહારાજના હાથમાં જે ટાટના કટકાઓ હતા તે બધા પડી ગયા. મહારાજ એકદમ ઢોલિયા ઉપરથી ઊભા થઈ બ્રહ્માનંદ સ્વામીને ભેટી પડ્યા. બ્રહ્માનંદ સ્વામીની આંખોમાંથી હર્ષનાં અશ્રુઓ પડવા લાગ્યાં. થોડી વારે છૂટા પડી મહારાજે કહ્યું : "સ્વામી ! બ્રહ્માંડમાં ઘણા ભગવાન થઈ ફરે છે, તેમની પાછળ તેમના ભક્તોનાં ટોળાં પણ ફરે છે તે કોઈ તમને ન દેખાયા ?"

સ્વામીએ તરત જ કહ્યું : "મહારાજ ! એમ તો ઘણાય ભગવાનનું બિરુદ લઈનેય ફરે છે પરંતુ સનાતન ભગવાન તો આપ એક જ છો. આપ આપના ભક્તોને માયાથી મુકાવી, બ્રહ્મરૂપ કરી આપની સેવામાં રાખો છો. એ ભગવાનપણું લીધું લેવાય એવું નથી. એટલે બધે દૃષ્ટિ કરી નિરાશ થઈને આપને આશરે રહ્યો છું. હવે આપને જેમ ફાવે તેમ કરો. તાવશો તોપણ અહીંથી જવાનો નથી અને મારશો તોપણ આ આશરો છોડવાનો નથી."

સ્વામીના આ શબ્દો સાંભળી મહારાજ ગદ્‌ગદ થઈ ગયા. તેમણે કહ્યું : "સ્વામી ! જે મારા કહેવાયા છે તેમાં મારે લેશમાત્ર કસર રહેવા દેવી નથી. એટલે જ મેં મારા સંતોને તાવ્યા છે; અનેક પ્રકરણો ફેરવી તેમનું દેહાભિમાન, સ્નેહ, સ્વાદ, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરેના ચૂરેચૂરા કરી દીધા છે. નૈષ્ઠિક વ્રત

પળાવી નિષ્કામ ધર્મનો પાયો ઊંડો નાખ્યો છે. આ બધી કસણીમાંથી તમો સૌ પાર ઊતરી ગયા છો. હવે મને સંતોષ છે કે તમારા સૌના દ્વારા આ એકાંતિક ધર્મ પ્રસરશે." એમ કહીને મહારાજે તેમને પૂરા માપનું ટાટ આપ્યું.

બ્રહ્માનંદ સ્વામી તે લેતાં બોલ્યા : "મહારાજ ! આપ આ ટાટ ઉતારી નાખો, આપનાં વસ્ત્રો પહેરી લ્યો."

એટલે મહારાજે ટાટ ઉતારી પોતાનાં વસ્ત્રો પહેરી લીધાં. પછી કહ્યું : "સ્વામી ! અમે પાળીને પછી તમારી સૌની પાસે પળાવ્યું છે. અમે ભિક્ષા માંગવા નીકળ્યા ત્યારે સૌ ભિક્ષામાં આવેલ અન્નના ગોળા ખાવા લાગ્યા. મોટા હોય તેના આચરણનું શિષ્યો અનુકરણ કરે છે. માટે મોટેરાની શોભાથી જ સમગ્ર સત્સંગની શોભા છે. મોટાપુરુષના સંબંધથી જ લોકો ધર્મ પાળી શકે છે. બાકી શાસ્ત્રોમાં તો ધર્મ બતાવ્યો જ છે. પણ તે શાસ્ત્રોમાં જ પુરાઈને રહ્યો છે. ગીતામાં તેથી કહ્યું છે : 'यद्‌यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।'

બ્રહ્માનંદ સ્વામી મહારાજના કહેવાનો મર્મ સમજી ગયા. મહારાજે સીધું ન કહ્યું પણ આ શબ્દોમાં કહી દીધું હતું કે તેમની આજ્ઞા તત્કાળ તો કોઈએ ઝીલી જ નથી. આજે પણ તેમણે જ મહારાજની આજ્ઞા ઉપર શંકા કરી એટલે મહારાજે પોતે જ પોતાના વસ્ત્રો ઉતારી ટાટ પહેર્યાં. આવા દયાળુ અક્ષરધામાધિપતિ પુરુષોત્તમ નારાયણને કેવળ પોતાના આશ્રિતોનાં કલ્યાણ કરવાની જ તમન્ના છે તેથી તેઓ આજે આટલા નાના બની ગયા છે. તેમની આંખો ભીની થઈ ગઈ. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! ચાર આંગળ ઓછું એવું બધાને આપ્યું છે એ જ ટાટ મને આપો."

મહારાજે કહ્યું : "સ્વામી ! કાંઈ ગાંડા થયા ? દૂબળા-પાતળાને પાશેર અન્ન જોઈએ તેથી તમને પણ પાશેર આપવું ? માટે હવે પહેરી લ્યો."

બ્રહ્માનંદ સ્વામીએ ટાટ પહેરી લીધું.

મહારાજે આ નવું પ્રકરણ ફેરવ્યું તે સાંભળી જીવાખાચર મહારાજ પાસે આવ્યા. મહારાજને પ્રાર્થના કરીને તેમણે કહ્યું : "મહારાજ ! હરિભક્તોને અન્ન-વસ્ત્રે સુખી રાખવા છે કે નહીં ?"

આ સાંભળી મહારાજે પૂછ્યું : "બાપુ ! શું થયું ? કાંઈ ઉપાધિ આવી ?"

એટલે બાપુએ બે હાથ જોડી કહ્યું : "આ ઉપાધિ તો મૂર્તિમાન દેખાય છે. ભગવી અલફીમાં ફરતા આ સંતોને આ ગૂણિયાં કેમ પહેરાવ્યાં ? સંતોને હરિભક્તો વસ્ત્રો ઓઢાડશે તો હરિભક્તોને વસ્ત્રો મળશે. પણ આ ગૂણિયાના

બદલામાં અમને એવા ગૂણિયા ન ખપે. માટે અમને જો સુખી રાખવા હોય તો આ ટાટ પ્રકરણ બંધ કરો."

મહારાજે તેમની વાત સાંભળી સંતોને કહ્યું : "સંતો ! ટાટ કાઢી નાખો અને સૌ પોતપોતાની અલફી પહેરી લ્યો. બાપુ ઠીક કહે છે."

જીવાખાચરને મહારાજની આ આજ્ઞાથી આનંદ થયો. દાદાખાચર તથા મોટીબા, લાડુબા વગેરે પણ રાજી થયાં. તેમને પણ મહારાજે આ પ્રકરણ શરૂ કર્યું તે ઠીક તો નહોતું જ લાગ્યું પણ બ્રહ્માનંદ સ્વામીને મહારાજે ઊધડા લીધા તેથી તેઓ કાંઈ બોલી શક્યાં નહીં.



ઉદ્ગીથ ૨

અમદાવાદમાં મહારાજને અંગ્રેજોનું આમંત્રણ

(આ.સં. ૧૮૭૪, ઈ.સ. ૧૮૧૮)

ગઢપુરમાં મહારાજ હરિનવમી સુધી રહ્યા. ત્યાં સુધી રોજ ઉત્સવો થતા, રોજ નવી નવી રસોઈઓ થતી અને રોજ જ્ઞાનોપદેશ થતો. ગઢપુરમાં સંતો, હરિભક્તોને સંપૂર્ણ રીતે સત્સંગનું સુખ આપી મહારાજે ત્યાંથી વિચરણમાં નીકળવાનો વિચાર કર્યો.

અમદાવાદમાં પેશ્વાની હકૂમતનો અંત

આ અરસામાં જ અંગ્રેજ અમલદાર એરણની અમદાવાદમાં હકૂમત શરૂ થઈ ગઈ હતી. પેશ્વાઈ સત્તાનો અંત આવ્યો હતો.[૪] એરણ સાહેબે ડભાણના યજ્ઞ પ્રસંગે મહારાજનાં દર્શન ખેડામાં કર્યાં હતાં. ત્યારપછી અવારનવાર મહારાજના પ્રસંગમાં તે આવ્યા હતા. પરંતુ અમદાવાદમાં પેશ્વાઈ સત્તા હોવાથી તે સક્રિય રીતે મહારાજને કાંઈ મદદ કરી શક્યા ન હતા.

---

૪. ઈ.સ. ૧૮૧૩માં બાજીરાવ પેશ્વાએ ગુજરાતમાં પોતાના તાબાના જિલ્લાઓની ખંડણી ગાયકવાડને ઉઘરાવવાનું સોંપ્યું હતું. ગાયકવાડે તેથી તે તે જિલ્લાઓ પોતાના કબજામાં રાખ્યા હતા. તે જિલ્લાઓ પાછા મેળવવા પેશ્વાએ પ્રયત્નો શરૂ કર્યા. ગાયકવાડ પાસે ખંડણીની લેણી રકમની ઉઘરાણી પણ કરવા લાગ્યા. આ ઝઘડો પૂનાની કચેરીમાં ચાલ્યો. ગાયકવાડ તરફથી ગંગાધર શાસ્ત્રી પૂના ગયા. ત્યાં તેમનું ખૂન થયું. – ધી મરાઠા સુપ્રીમસી; પૃ. ૨૮૯, ૨૯૧.
ગાયકવાડ અને પેશ્વાના અંદર અંદરના ઝઘડામાં અંગ્રેજોની હકૂમત ગુજરાતમાં મજબૂત થવા લાગી. તેથી બાજીરાવ પેશ્વાને તેના પ્રાંતો અંગ્રેજોને લખી દેવાની ફરજ પડી. તે જ પ્રમાણે ગાયકવાડે પણ અંગ્રેજોને કાઠિયાવાડમાંથી ખંડણી ઉઘરાવવાનું કામ સોંપી દીધું. ગુજરાતમાંથી મરાઠા સત્તાનો આ રીતે સને ૧૮૧૯માં સંપૂર્ણ અંત આવ્યો. – ગુજરાતનો ઇતિહાસ

પેશ્વાની હકૂમત અમદાવાદમાંથી ગઈ. અંગ્રેજોની હકૂમત આવી અને તેમની નિમણૂક અમદાવાદમાં થઈ એટલે તેમને તરત જ મહારાજ યાદ આવ્યા. તેમણે તપાસ કરાવી કે સ્વામિનારાયણના કોઈ સેવક અહીં છે કે નહીં ? અને હોય તો મારી પાસે લઈ આવો.

કચેરીમાં કામ કરનાર મોતીરામે સાહેબને તરત જ કહ્યું : "મારા મોટાભાઈ કુબેરસિંહ તેમના શિષ્ય છે. બીજા પણ ઘણા છે."

એટલે મિ. એરણે કહ્યું : "તેમને સૌને મારી પાસે બોલાવો."

કુબેરસિંહ, દામોદર પટેલ, નથુ ભટ્ટ, હીરાચંદ ચોકસી વગેરે હરિભક્તો સાહેબને મળવા આવ્યા.

એરણ સાહેબે તેમને પૂછ્યું : "અમારે સ્વામિનારાયણ ભગવાનને અમદાવાદમાં તેડાવવા છે. તો તમો બધા મળીને અમને એક અરજી લખીને મોકલો. તમારી અરજી આવશે એટલે અમે પૂરો બંદોબસ્ત કરીશું અને સ્વામિનારાયણ ભગવાનને બડી ધામધૂમથી અમદાવાદમાં બોલાવીશું."

હરિભક્તોના આનંદની કોઈ સીમા ન રહીં. સૌએ કુબેરસિંહ છડીદાર અને અન્ય હરિભક્તોને શ્રીહરિ પાસે ગઢપુર રવાના કર્યા.

અમદાવાદથી કુબેરસિંહ છડીદાર ગઢડા આવ્યા. તેમણે મહારાજને સમાચાર આપ્યા કે "અમદાવાદમાંથી પેશ્વાનું રાજ્ય ગયું છે. હવે અંગ્રેજોએ અમદાવાદનો કબજો લીધો છે. અંગ્રેજ અમલદાર એરણ સાહેબે[૫] આપને અમદાવાદ આવવાનું ખાસ આમંત્રણ મોકલ્યું છે."

મહારાજે આ સાંભળી આમત્રણનો સ્વીકાર કર્યો અને કહ્યું "અમદાવાદના હરિભક્તોની અરજી ભગવાને સાંભળી ખરી. ઘણાં વર્ષો રાહ જોવરાવી કસોટી કરી."

અમદાવાદ તરફ પ્રયાણ

મહારાજ ગઢપુરથી કાઠી પાર્ષદો તથા હરિભક્તોને લઈને નીકળ્યા. સાંજે સીધા બોટાદ પધાર્યા. અહીં હમીરખાચરના દરબારમાં ઊતર્યા. હમીરખાચરે દહીં, સાકર અને ભાત મહારાજને જમાડ્યાં. ભગા દોશીએ પણ બીજે દિવસે

૫. સાંપ્રદાયિક ગ્રંથોમાં જેનો મિ. એરણ તરીકે ઉલ્લેખ થયો છે, તેનું નામ મિ. એ. કે. હેરન (Heron) હતું. હરિચરિત્રામૃતસાગર; પૂર-૨૭, તરંગ-૬૯ મુજબ તેઓ અમદાવાદમાં શ્રીહરિને આ.સં. ૧૮૭૪, ૧૮૭૫, ૧૮૭૬માં મળ્યા હતા.

રસોઈ આપી. તે જમીને મહારાજ બગડ, સુંદરિયાણા, અણિયાળી, ધંધુકા થઈને જવારજ પધાર્યા. ગામ બહાર ખુલ્લા મેદાનમાં સંઘ ઊતર્યો. આધાર બારોટ મહારાજ માટે ઢોલિયો લઈ આવ્યા. મહારાજને બીજે દિવસે જમીને જવાની વિનંતી કરી. પરંતુ મહારાજે કહ્યું : "અમારે ઉતાવળ છે તેથી સવારે ટીમણ કરીને ચાલીશું."

જવારજથી સવારે નીકળી ધોળકા થઈને મહારાજ સીધા જેતલપુર પધાર્યા. અહીં મહોલમાં ઉતારો કર્યો. આશજીબાઈ, ગંગાદાસ તથા અન્ય હરિભક્તો સેવામાં આવી ગયાં. ગંગામા મહારાજ માટે થાળ તૈયાર કરવા લાગ્યાં.

જમીને મહારાજ આંબલી નીચે મંચ ઉપર બિરાજમાન થયા. સંતો પાસે કીર્તનો ગવરાવ્યાં. શાસ્ત્રોનો અભ્યાસ કરતા સંતોને પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરવાનું કહ્યું. તેમની વિદ્વત્ચર્ચા સાંભળી મહારાજ પ્રસન્ન થયા. અહીં મહારાજ ત્રણ દિવસ રોકાયા.

આ બાજુ કુબેરસિંહ છડીદારે અમદાવાદમાં એરણ સાહેબને સમાચાર આપ્યા કે "મહારાજ જેતલપુર પધાર્યા છે."

એરણ સાહેબને આ સમાચાર સાંભળી આનંદ થયો. તેમણે કુબેરસિંહને કહ્યું : "સ્વામિનારાયણ ભગવાનને ખબર આપો કે બધા જ ઉપદ્રવો હવે નાશ થઈ ગયા છે. માટે ખુશીથી શહેરમાં પધારે. અમો તેમનું સ્વાગત કરીશું."

તે અરસામાં અંગ્રેજોના અમલની શરૂઆત હતી તેથી દરેક દરવાજે ચોકી રહેતી. સામાન્ય નાગરિકો સિવાય બીજાને સરકારની પરવાનગી સિવાય શહેરમાં દાખલ થવા દેતા નહીં. મહારાજ રાયપુર દરવાજેથી શહેરમાં પધારવાના હતા તેથી ત્યાં ચોકીદારોને સૂચના મોકલાવી દીધી : "ભગવાન સ્વામિનારાયણના સંઘને સંપૂર્ણ સન્માનથી શહેરમાં દાખલ થવા દેવા."

શ્રીહરિનું કાંકરિયે આગમન

મહારાજ જેતલપુરથી નીકળ્યા અને અમદાવાદમાં કાંકરિયા સરોવર આગળ મુકામ કર્યો. અહીંથી શહેરમાં સત્સંગીઓને સમાચાર આપ્યા. કુબેરસિંહ છડીદારે તરત જ એરણ સાહેબને સમાચાર આપ્યા. એરણ સાહેબ, ડનલોપ સાહેબ અને અન્ય સાહેબો તેમજ તેમની મેડમો અને અન્ય અનુચરો સાથે શ્રીહરિને સન્માનવા સૈનિકો બૅન્ડવાજાં વગેરે લઈને નીકળ્યા. શહેરમાંથી હિમાભાઈ શેઠ પોતાની ઘોડાગાડીમાં નીકળ્યા. અન્ય હરિભક્તો પણ સંઘ સાથે

નીકળ્યા. એરણ સાહેબે પોતાના સૈનિકોને શહેરમાં જુદે જુદે સ્થળે ગોઠવી દીધા હતા જેથી પેશ્વાના સૂબાના રહ્યાસહ્યા અનુચરો કોઈ રીતે તોફાન કરી શકે નહીં.

અંગ્રેજ અમલદારો તથા શહેરમાંથી નીકળેલા હરિભક્તોનો સંઘ – બધા સાથે જ કાંકરિયા પહોંચ્યા. એરણ સાહેબ સાથે અંગ્રેજ સ્ત્રીઓ હોવાથી મહારાજે સંતોને કહ્યું : "તમો સૌ દૂર ચાલ્યા જાઓ."

એરણ સાહેબ, ડનલોપ સાહેબ તથા અન્ય અંગ્રેજ અમલદારોએ તેમના રિવાજ મુજબ માથા ઉપરના ટોપા ઉતારીને શ્રીહરિને નમસ્કાર કર્યા. પછી હસ્તધૂનન કર્યું. મહારાજે પોતાની જે રીતે બાદશાવાડીમાં શિકાર કરતાં રક્ષા કરી હતી તે બધી વાત એરણે ડનલોપને કરી.[૬] ડનલોપને આ સાંભળી આશ્ચર્ય થયું. તેમણે મહારાજના કુશળ સમાચાર પૂછ્યા.

એરણે મહારાજને કહ્યું : "આપના માટે શહેરમા સર્વ પ્રકારે બંદોબસ્ત કર્યો છે માટે આપ ખુશીથી પધારો અને જેટલા દિવસ રહેવું હોય તેટલા દિવસ રહો."

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા.

ભગવાનને પણ દેશકાળનાં બંધનો સ્વીકારવાં પડે છે

હિમા શેઠ તથા અન્ય સત્સંગીઓએ પણ મહારાજની સ્તુતિ કરી.

---

૬. પેશ્વાની હકૂમતનો અંત આવ્યા પછી અંગ્રેજોએ અમદાવાદનો કબજો લીધો. એરણ સાહેબને ત્યાં મૂક્યા તે અરસામાં અમદાવાદમાં જે બાદશાવાડી હતી તેમાં વાઘ રહેતો હતો. તે સમાચાર એરણ સાહેબને મળ્યા. તેથી તેઓ હાથી ઉપર લોખંડના પાંજરામાં બેસી ત્યાં વાઘનો શિકાર કરવા ગયા હતા. તેમની પાસે બે બારની રિવૉલ્વર હતી. બાદશાવાડી પાસે આવ્યા એટલે તેમણે રિવૉલ્વરમાંથી એક બાર કર્યો. આ અવાજ સાંભળી ઝાડીમાંથી વાઘ બહાર નીકળ્યો. તેને જોઈને સાહેબે રિવૉલ્વરમાંથી ગોળી છોડી પણ તેમનું નિશાન ખાલી ગયું. આથી વાઘ ખિજાયો. તરત જ તેમણે બીજી ગોળી છોડી તે પણ ખાલી ગઈ અને વાઘે છલાંગ મારી હાથી ઉપર તરાપ મારી. હાથી ગભરાયો. સાહેબનું હાથી ઉપરનું આસન ડોલવા માંડ્યું. પરંતુ એ જ વખતે તેમને શ્રીજીમહારાજનાં દર્શન થયાં. હાથમાં ઢાલ અને તલવાર હતાં અને વાઘની સન્મુખ મહારાજ ઊભા હતા. તેમણે તરત જ મહારાજને ઓળખી લીધા. ડભાણમાં દર્શન કર્યાં હતાં તે જ આ મહાપુરુષ છે. વાઘ તરત જ ઝાડીમાં ચાલી ગયો. આ પ્રસંગથી તેને મહારાજ પ્રત્યે ખૂબ જ ભાવ થયો.

– શ્રીહરિની અદ્ભુત વાર્તાઓ; વાત-૧૪૫. લેખક : સદ્ગુરુ અદ્ભુતાનંદ સ્વામી

અગિયાર વરસે મહારાજ શહેરમાં પધાર્યા. હરિભક્તોએ કહ્યું : "કસોટીનો કઠણ કાળ આપની કૃપાથી જ આપનું સ્મરણ કરતાં વિતાવ્યો."

મહારાજે કહ્યું : "દેશકાળ વર્તીને હંમેશાં ચાલવું જોઈએ, આપણે એકાંતિક ધર્મ પ્રવર્તાવવા આવ્યા છીએ એટલે ક્ષમા અને ધીરજ બંને હોય તો જ એ કાર્ય સિદ્ધ થાય. સામા પૂરે ચાલીએ તો વિરોધનો ઝંઝાવાત જાગે અને આપણા કાર્યમાં વિઘ્ન આવે."

તે સાંભળી દામોદરે કહ્યું : "મહારાજ ! આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ-નારાયણ છો એટલે દેશકાળના બંધનથી પર છો. આપની ઇચ્છા અનુસાર દેશકાળ પ્રવર્તે છે, તો આપે આટલાં વર્ષો અમને રાહ કેમ જોવરાવી ?"

મહારાજે કહ્યું : "શ્રીકૃષ્ણે અગિયાર વર્ષ સુધી માતા-પિતાને રાહ જોવરાવી અને પછી બંધન મુક્ત કર્યાં. ભગવાનને પણ દેશકાળનાં બંધનો સ્વીકારવાં પડે છે."

શ્રીજીમહારાજનો શ્રીનગરમાં પુનઃ પ્રવેશ

દોઢ પહોર દિવસ ચઢ્યો, એટલે મહારાજ શહેરમાં જવા તૈયાર થયા. મહારાજ જે રસ્તે થઈને નીકળવાના હતા તે તમામ રસ્તાઓ સાફ કરાવી, પાણી છંટાવી શુદ્ધ કર્યા હતા. આસોપાલવનાં તોરણો બાંધી દીધાં હતાં. કેળના સ્તંભો રોપી કમાન કરી હતી. વિવિધ વસ્તુઓ કલાત્મક રીતે ગોઠવી દરવાજાઓ કર્યા હતા. હરિભક્તોએ પણ પોતાનાં આંગણાંઓ શણગાર્યાં હતાં, રંગોળીઓ પૂરી હતી, આસોપાલવનાં તોરણો બાંધ્યાં હતાં. પુરજનોનો ઉત્સાહ અદમ્ય હતો. અગિયાર વર્ષે પુરુષોત્તમ નારાયણ પોતાના શહેરમાં પધાર્યા, શહેરને પાવન કર્યું. અયોધ્યાવાસીઓએ જેમ ભગવાન રામચંદ્રજીનો ચૌદ વર્ષ વિયોગ સહન કર્યો તેમજ શ્રીનગર શહેરને પણ મહારાજનો અગિયાર વર્ષનો વિયોગ ભોગવવો પડ્યો. યુગે યુગે ભગવાનના પ્રાગટ્ય સાથે તેમની આવી અદમ્ય લીલાનાં પણ દર્શન થાય છે.

રાયપુરના દરવાજેથી મહારાજે શહેરમાં પ્રવેશ કર્યો. સૂચના મુજબ ચોકીદારોએ મહારાજને સલામી આપી. બંદૂકોના બાર કર્યા. શહેરમાં ઘોષ થયો : સ્વામિનારાયણ ભગવાન શહેરમાં પધારે છે. વામમાર્ગીઓ, જમાતી-બાવાઓ તેમજ પેશ્વાના કેટલાક અનુચરો આ સમાચારથી અંતરમાં બળવા લાગ્યા, પણ હવે તેમનું ચાલે તેમ ન હતું. અંગ્રેજ અમલદારોએ મહારાજનું સન્માન કર્યું.

સામૈયું લઈને તેડવા ગયા. પેશ્વાઈ હકૂમત હવે આથમી ગઈ હતી. અંગ્રેજોની સત્તા આગળ તેમનું જોર હવે ચાલે તેમ ન હતું. મહારાજનું ઠેરઠેર સ્વાગત થયું. પુષ્પો પથરાયાં, સોના-રૂપાનાં પુષ્પોથી મહારાજ પોંખાયા.

હિમા શેઠની હવેલી પાસેથી મહારાજ નીકળ્યા ત્યારે તેમના પરિવારે ઝરૂખામાંથી મહારાજનાં દર્શન કર્યાં. પુષ્પોથી મહારાજને વધાવ્યા. શ્રીનગરના મોટેરા હરિભક્તોની નવાવાસમાં વિશાળ જગ્યા હતી. તેના પટાંગણમાં મહારાજ પધાર્યા. અહીં નિંબતરુ નીચે મહારાજ માટે બેઠક ગોઠવી હતી. મહારાજ પધાર્યા તે પહેલાં જ હરિભક્તો સભામાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયા હતા. મહારાજ પાટ ઉપર બિરાજ્યા અને હરિભક્તોએ 'સહજાનંદ સ્વામીની જય', 'સ્વામિનારાયણ ભગવાનની જય' એવા ઘોષ કર્યા. વાતાવરણમાં દિવ્યતા પથરાઈ ગઈ.

સંધ્યાનો સમય થઈ ગયો હતો એટલે સંધ્યા આરતી કરી, શ્રી સ્વામિનારાયણ મંત્રની ધૂન બોલાવી. શ્રીહરિએ સંતોને કીર્તન-ભક્તિ કરવાની આજ્ઞા કરી. શ્રીહરિ સાથે પ્રેમાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે સંતો હતા. તેમણે પ્રસંગોચિત કીર્તનો ગાયાં.

શ્રીહરિ શ્રીનગરમાં થોડા દિવસો રોકાયા. તે દરમિયાન ત્યાંના પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ તેમનાં દર્શન તથા સમાગમનો લાભ લીધો. વામમાર્ગી અને અન્ય પંથી લોકોએ શ્રીહરિ વિરુદ્ધ ઘણી ઘણી વાતો વહેતી મૂકી હતી. તેથી લોકોને આ નવા ધર્મ પ્રત્યે એક પ્રકારની સૂગ હતી. પરંતુ શ્રીહરિનાં તેમણે દર્શન કર્યાં, તેમની વાણી સાંભળી; તેમના સંતોનાં શીલ જોયાં, તેમની ભક્તિ જોઈ; તેમને પ્રતીતિ થઈ કે સંપ્રદાય નવો નથી પરંતુ શાસ્ત્રોના સનાતન સિદ્ધાંતો ઉપર રચાયેલો છે. આ સિદ્ધાંતો અત્યાર સુધી શાસ્ત્રોમાં જ પુરાઈ રહ્યા હતા પરંતુ આજે આવા એકાંતિક સંતો દ્વારા, ચારિત્ર્યશીલ હરિભક્તો દ્વારા આ સિદ્ધાંતોનું પ્રસારણ થતું દેખાય છે. ધર્મ એ આચરવાનો વિષય છે એવું લોકોને આ સંપ્રદાયે સમજાવ્યું છે. શ્રીહરિ પ્રત્યે, સંતો પ્રત્યે શ્રીનગરના લોકોનું ખેંચાણ વધતું ગયું.

નરભેરામ શાસ્ત્રી સાથે શાસ્ત્રની વાતો

શ્રીનગરમાં સ્વામિનારાયણ ભગવાન અને તેમણે સ્થાપેલ સંપ્રદાયની પ્રતિષ્ઠા સાંભળી ત્યાંના નરભેરામ શાસ્ત્રીને સ્વામિનારાયણ ભગવાનને મળવાનો અને તેમની સાથે શાસ્ત્રાર્થ કરવાનો વિચાર થયો. સ્વભાવે સુશીલ

અને જિજ્ઞાસુ આ વિદ્વાન વિપ્ર શ્રીહરિ પાસે આવ્યા. શ્રીહરિને હાર પહેરાવ્યો, તેમનાં ચરણકમળમાં શ્રીફળ મૂક્યું અને પછી તેઓ શ્રીહરિ સન્મુખ બેસી ગયા. પરંતુ શ્રીહરિ તો વિપ્રોના પૂજક હતા. તેમણે તેમના માટે ખાસ આસન પથરાવી દીધું અને તે ઉપર બેસાર્યા. તેમના કુશળ સમાચાર પૂછ્યા. નરભેરામ શાસ્ત્રીએ વિનયપૂર્વક કહ્યું : "આપની પ્રતિષ્ઠા સાંભળી દર્શન કરવા આવવાની ઇચ્છા થઈ. આપનાં દર્શનથી અંતરમાં શાંતિ થઈ ગઈ. જો આપની આજ્ઞા હોય તો જિજ્ઞાસુ ભાવથી થોડા પ્રશ્નો પૂછવા છે."

વિપ્રના અંતરમાં નમ્રતા હતી. દેહ ઉપર દરિદ્રતા દેખાતી હતી.

મહારાજે સ્વાભાવિક રીતે જ કહ્યું : "તમારે જે પૂછવું હોય તે ખુશીથી પૂછો. પરંતુ પહેલાં કહો કે તમારો વ્યવસાય શો છે ?"

વિપ્રે હાથ જોડીને કહ્યું : "પ્રભુ ! વ્યવસાય તો વિપ્રોને બીજો શો હોય ? વિદ્યામાંથી જે કાંઈ પ્રાપ્ત થાય છે તેમાં દેહનિર્વાહ કરું છું. રાજાનું ધન હું લેતો નથી, કારણ કે તે દૂષિત હોય છે અને સત્કર્મો બાળી નાંખે છે. માંગ્યા વિના અન્ન, ધન કે વસ્ત્રો જે કાંઈ આવે તે પાત્ર જોઈ લઉં છું. વિદ્યાના વ્યવસાયમાં પણ પ્રસન્નતાપૂર્વક જે ગુરુદક્ષિણા મળે તે લઉં છું."

તેમના આવા સાત્ત્વિક ભાવથી મહારાજ બહુ જ પ્રસન્ન થયા.

પછી શાસ્ત્રીએ મહારાજને કહ્યું : "મહારાજ ! મારે આપને પ્રશ્નો પૂછવા હતા પરંતુ આપનાં દર્શનમાત્રથી અંતરમાંથી સંશયગ્રંથિ ટળી ગઈ છે. આપ હવે જીવના મોક્ષ માટે જે સિદ્ધાંતો સમજવા અનિવાર્ય હોય તે કહો."

ભગવાન કોને કહેવાય ?

તે સાંભળી શ્રીજીમહારાજે કહ્યું : "તમારી મોક્ષ માટે જિજ્ઞાસા છે. વળી, તમે શુદ્ધ અને સાત્ત્વિક છો તેથી કહીએ છીએ. અમે ભગવાન વેદવ્યાસને આદિ આચાર્ય માનીએ છીએ. તેમના ગ્રંથો ઉપરથી બીજા આચાર્યોએ ટીકાઓ રચી આચાર્ય પદવી મેળવી છે. પરંતુ તે બધા જ આચાર્યો વ્યાસજી સમાન કહેવાય નહીં. વ્યાસજીએ સર્વે શાસ્ત્રોના સારરૂપે શ્રીમદ્ભાગવત પુરાણ રચ્યું. તેમાં ભગવાનનાં ચરિત્રોનો મહિમા કહ્યો છે. ભગવાન સદા સાકાર છે એ સિદ્ધાંત સ્પષ્ટ લખ્યો છે. તે ઉપરાંત ભગવદ્ગીતા તથા વ્યાસસૂત્રો ઉપર રામાનુજાચાર્યે રચેલાં ભાષ્યો અમને પ્રિય છે. તેમાં પણ ભગવાનનો મહિમા તથા ભગવાનના સાકાર સ્વરૂપનો સિદ્ધાંત સ્પષ્ટ આવે છે. તેથી ભગવાનના મહિમાના જે ગ્રંથ

હોય તેમજ જે ગ્રંથમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું પ્રતિપાદન કર્યું હોય તે ગ્રંથો અમને પ્રિય છે. ભગવાનના સાકાર સ્વરૂપની નિષ્ઠા અને ભગવાનના મહિમાનું યથાર્થ જ્ઞાન - આ બે રહસ્ય સમજવાથી જ જીવોનું કલ્યાણ થાય છે."

મહારાજની ધીરગંભીર વાણી સાંભળી નરભેરામ શાસ્ત્રીના અંતરમાં પ્રકાશ થવા લાગ્યો. તે જાણતા હતા કે ભગવાનનું ભગવાનપણું જીવનો મોક્ષ કરવામાં જ છે, છતાં તે રહસ્ય ઘણાને નથી સમજાતું અને કેવળ પરચા અને ઐશ્વર્યથી અન્યને ભગવાન સમજી બેસે છે. તેથી તેમણે પ્રશ્ન પૂછ્યો : "મહારાજ ! કેટલાક લોકો પરચા બતાવે છે, ઐશ્વર્ય બતાવે છે, તેને અબુધ જનો ભગવાન માની બેસે છે એટલે ભગવાનનું સાચું ભગવાનપણું તેમના કયા ભાવથી સમજી શકાય ?"

આ પ્રશ્ન સાંભળી મહારાજ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "શાસ્ત્રીજી ! તમે યથાર્થ કહ્યું. લોકોમાં અજ્ઞાન છે તેથી પરચા, ઐશ્વર્ય કે સિદ્ધિઓ બતાવનારને ભગવાન માની બેસે છે. પરંતુ આ પરચા, ઐશ્વર્ય કે સિદ્ધિ જે કાંઈ જેને પ્રાપ્ત થાય છે, તે કેવળ ભગવાનની જે જે ભાવે ઉપાસના કરી હોય તેનાથી જ પ્રાપ્ત થાય છે. તેથી ભગવાન કરતાં પણ કોઈમાં ભગવાનની ઇચ્છાથી અધિક પ્રતાપ કે ઐશ્વર્ય દેખાય તોપણ તેવા જનો ભગવાનના એક રોમ બરાબર થઈ શકતા નથી. જ્યારે સનાતન ભગવાનની પ્રગટ પ્રાપ્તિ થાય ત્યારે અંતરમાંથી માયાના વિકારો સમૂળા નાશ પામી જાય, આત્મા નિર્મળ બની જાય અને તે આત્માની દૃષ્ટિથી પ્રગટ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય. પરચા, ઐશ્વર્ય કે સિદ્ધિમાં ભગવાનપણું દેખાડી, તેવાં કુપાત્રો અંતે છકી જાય છે. માટે એટલું સમજવું કે સનાનત ભગવાન સિવાય આધુનિક ભગવાનોથી જીવના અંતરનું અજ્ઞાન ટળતું નથી, માયાનો પરાભવ કરવાની શક્તિ જીવમાં આવતી નથી અને બ્રહ્મસ્વરૂપ થઈ પરમાત્માની ભક્તિનો અધિકારી તે બની શકતો નથી."

મહારાજની વાત સાંભળતાં નરભેરામ શાસ્ત્રી જાણે ઉપશમ અવસ્થામાં ઊતરી ગયા હોય તેમ ચિત્રવત્ બની ગયા ! મહારાજે વાત પૂરી કરી અને શાસ્ત્રીએ આંખો ખોલી. તેણે હાથ જોડી દીધા. મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો તેથી આપના સંબંધથી જ મારા અંતરમાં પ્રકાશ થઈ ગયો છે. આપની આ દિવ્ય વાતોથી આપના સ્વરૂપનું જ્ઞાન થયું છે. આપ પ્રત્યક્ષ પુરુષોત્તમ છો તેવો મને નિશ્ચય થયો છે. અત્યાર સુધી અનેક શાસ્ત્રો વાંચ્યાં, અન્યને ભણાવ્યાં પણ ખરાં, કથા પણ કરી;

પરંતુ મારી બુદ્ધિમાં આ જ્ઞાનની સ્થિરતા થઈ ન હતી. આજે આપના શ્રીમુખે આપની કૃપાથી મને આ દિવ્ય રહસ્યનું જ્ઞાન થયું."

મહારાજે કહ્યું : "શાસ્ત્રીજી ! લોકો બધાં શાસ્ત્રો ભલે ભણે પરંતુ શુદ્ધ સત્સંગ વિના જીવનું કલ્યાણ થતું નથી."

શાસ્ત્રીજી જિજ્ઞાસુ હતા, એટલું જ નહીં પરંતુ મુમુક્ષુ પણ હતા. તેથી તેમણે મહારાજ પાસેથી જીવના મોક્ષ સંબંધી બધી જ વાત આજે જાણી લેવા નિર્ણય કરી લીધો. સભામાં બેઠેલા સંતો, હરિભક્તો પણ મહારાજની આ દિવ્ય વાણી સાંભળી હર્ષપુલકિત થઈ ગયા હતા. તેમને લાગ્યું કે શાસ્ત્રીને સુપાત્ર જાણીને મહારાજે આવી અપૂર્વ વાતો કરી પોતાના સ્વરૂપનું જ્ઞાન શાસ્ત્રીને કરાવ્યું. તે નિમિત્તે સભામાં બેઠેલા સર્વને પણ તેમાંથી પ્રેરણા પામવાનો નિર્દેશ કર્યો. જે સિદ્ધાંત સમજવાનો હતો તે મહારાજે સમજાવી દીધો એટલે હવે વાત પૂરી થઈ અને મહારાજ ઊઠશે એમ સૌ ધારતા હતા.

ત્યાં શાસ્ત્રીજીએ પ્રશ્ન પૂછ્યો : "મહારાજ ! સત્સંગની વાત તો શ્રીમદ્-ભાગવત પુરાણમાં આવે છે કે જેવી ભગવાનની પ્રતિમામાં પૂજ્યપણાની બુદ્ધિ છે, તીર્થોમાં પવિત્રપણાની બુદ્ધિ છે અને દેહમાં આત્મબુદ્ધિ છે અને સંબંધીઓમાં મમત્વબુદ્ધિ છે તે ચાર પ્રકારની ભાવના સંતમાં થાય ત્યારે સત્સંગ થયો કહેવાય.[૭] પરંતુ આપે શુદ્ધ સત્સંગ કહ્યો તે શું ?"

શુદ્ધ સત્સંગ એટલે શું ?

મહારાજે જાણ્યું કે શાસ્ત્રી બુદ્ધિશાળી છે, નહીં તો આ પ્રકારનો પ્રશ્ન સૂઝે નહીં. મહારાજે કહ્યું : "શ્રીમદ્‌ભાગવતમાં જે સત્સંગની વ્યાખ્યા કરી છે, તે જ શુદ્ધ સત્સંગ ! તે શુદ્ધ સત્સંગ પરમ ભાગવત સંતના આધારે રહ્યો છે. એવા સંતને ભગવાન સદા સાકાર છે, સદા પ્રત્યક્ષ છે એવી નિષ્ઠા હોય; પોતાના બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન હોય; પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા સર્વ પદાર્થો પ્રત્યે વૈરાગ્ય હોય અને પ્રત્યક્ષ ભગવાનની બ્રહ્મભાવે ભક્તિ કરતા હોય. તેવા પરમ ભાગવત સંત હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે બિરાજમાન હોય. એટલે તે સંત પણ ભગવાનની જેમ જ ધર્મધારક કે ધર્મધુરંધર કહેવાય. એવા સંતનો મન, કર્મ, વચને જે સંબંધ તે જ શુદ્ધ સત્સંગ ! વિવિધ ભોજન કેવળ જોવાથી ક્ષુધા નાશ પામતી નથી, પરંતુ તે જમવાથી ક્ષુધા શાંત થાય છે. તેમ આ પ્રકારનો શુદ્ધ

૭. શ્રીમદ્‌ભાગવત; સ્કંધ-૧૦. અ-૮૪, શ્લોક-૧૩.

સત્સંગ કરવાથી જ જીવમાં રહેલા ત્રણ પ્રકારના તાપનો અગ્નિ શમી જાય છે.''

શાસ્ત્રીજી સમજી ગયા. કેવળ સત્સંગની વાતો કરવાથી સત્સંગી થઈ જવાતું નથી. પરંતુ શરણ્યભાવથી પરમ ભાગવત સંતને સેવવાથી જ સત્સંગી થવાય છે. તેના અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ. તેણે કહ્યું : ''પ્રભુ ! ભગવાન પ્રગટ થાય છે ત્યારે તેમનો પ્રતાપ છાનો રહેતો નથી. પરંતુ જે અંધ છે તેને તે પ્રતાપ દેખાતો નથી. જેમ ઘુવડને સૂર્યનો પ્રકાશ દેખાતો નથી, તેમ એવા અજ્ઞાની જનોને ભગવાનના સ્વરૂપની પ્રતીતિ થતી નથી. આપે અપાર કૃપા કરી આ જ્ઞાનામૃત પાયું, તો હવે કૃપાદૃષ્ટિ રાખી શરણમાં લેજો.''

એટલું કહી શાસ્ત્રી ઊઠ્યા. મહારાજને પગે લાગ્યા. મહારાજે તેમનો હાથ પકડ્યો. પોતે પહેરેલી કિનખાબની ડગલી ઉતારી શાસ્ત્રીને આપી. ગળામાં પહેરેલો સુવર્ણનો હાર કાઢીને શાસ્ત્રીને આપ્યો. શાસ્ત્રીએ હાથ જોડી કહ્યું : ''પ્રભુ ! આટલું બધું મારા જેવા અલ્પ મનુષ્યને ન હોય. આ આપની ડગલી હું પ્રસાદી રૂપે રાખી રોજ દર્શન કરીશ, તેનું પૂજન કરીશ, જેથી આપના સ્વરૂપની સ્મૃતિ મારા અંતરમાં કાયમ રહે. આ હાર મારાથી ન સ્વીકારાય.''

મહારાજે તેની વાણી સાંભળી કરુણાદૃષ્ટિએ તેના તરફ જોઈ કહ્યું : ''શાસ્ત્રી ! તમારા જેવા સુપાત્ર બ્રાહ્મણને તો જેટલું આપીએ તેટલું ઓછું જ કહેવાય. માટે તમો ખુશીથી સ્વીકારો. તમારું દારિદ્ર્ય હવે ટળી જશે.''

આ આશીર્વાદથી શાસ્ત્રી કૃતાર્થ થઈ ગયા. મહારાજને પગે લાગી તેમણે વિદાય લીધી.

શ્રીહરિ શ્રીનગરમાં રહ્યા એટલે શ્રીનગરવાસીઓની ઘણા દિવસની ભૂખ ભાંગી. શાહપુરમાં વસતા ભગવાનદાસને ઘેર સંતો સહિત જમવા પધાર્યા. નવાવાસમાં પુરુષોત્તમ સોનીને ત્યાં પધાર્યા. જેમણે આમંત્રણ આપ્યું તેમને ઘેર મહારાજ પધાર્યા અને તેમના મનોરથો પૂરા કર્યા.

મહારાજ મહારુદ્રમાં પધારે છે

સાંકડી શેરીમાં રહેતા વિદ્વાન પંડિત બાપાલાલ મહારુદ્ર કરાવતા હતા. આ પ્રસંગે ઘણા બ્રાહ્મણોને તેમણે તેડાવ્યા હતા. મહારાજને પણ આમંત્રણ આપ્યું. મહારાજે આમંત્રણ સ્વીકારી લીધું.

બીજે દિવસે મહારાજ અશ્વ ઉપર બિરાજમાન થઈ સંતો તથા સત્સંગીઓ સાથે મહારુદ્રમાં પધાર્યા. અહીં વામી બ્રાહ્મણો અનુષ્ઠાનમાં બેઠા હતા.

સ્વામિનારાયણ મહારુદ્રમાં આવનારા છે તે તેમને ખબર પડ્યા એટલે તેમણે તેમની યુક્તિ અજમાવી. પેશ્વાના સૂબાએ જે પ્રકારે કપટ કર્યું હતું તેવું કપટ આ બ્રાહ્મણોએ પણ કર્યું. મહારાજ માટે બેઠક ગોઠવી. મહારાજ તે ઉપર બેસે એટલે નીચે ગોઠવેલાં ઝેરી અણીદાર શસ્ત્રો તેમને વાગે. શરીરમાં ઝેર પ્રસરી જાય અને મૃત્યુ થાય. મહારાજનો પરાભવ કરવાના આટઆટલા પ્રયત્નો નિષ્ફળ થયા, છતાં પણ ફરી એ પ્રકારની યુક્તિ અજમાવતાં તેમને ક્ષોભ ન થયો.

તેમણે સૌએ ઊભા થઈને મહારાજનો સત્કાર કર્યો. પુષ્પહાર પહેરાવ્યા. પછી કહ્યું : "પ્રભુ ! આપના માટે આ આસન ખાસ તૈયાર કર્યું છે, તે ઉપર આપ બિરાજો."

મહારાજ આ સાંભળી હસ્યા : "વિપ્રો ! તમો બધા વિપ્રો અહીં અનુષ્ઠાનમાં બેઠા છો તેથી આ મહારુદ્રમાં તમારું વિશિષ્ટ સ્થાન ગણાય. આ આસન તમને જ શોભે. અમે તો આમંત્રિત સભાજન કહેવાઈએ. તેથી અમારા માટે તો આ સામાન્ય આસન જ યોગ્ય કહેવાય." એમ કહી મહારાજ નીચે બેસી ગયા.

વામી બ્રાહ્મણો છોભીલા પડી ગયા. મનમાં બીક પણ લાગી કે જો તેમનું કપટ ખુલ્લું પડી જશે તો સ્વામિનારાયણના કાઠી ભક્તો કે પાર્ષદો તેમને છોડશે નહીં. પરંતુ મહારાજે તેમનું કપટ ઢાંકી જ રાખ્યું.

બુદ્ધિની જડતાથી જીવ અને ઈશ્વર પુરુષોત્તમ મનાય છે

અહીં સભામાં મહારાજે શુદ્ધ વેદાંતનું હાર્દ સમજાવતાં કહ્યું : "જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ ભેદ અનાદિ છે. પ્રાકૃત પ્રલય સમયે જીવ અને ઈશ્વરની ઉપાધિ માયામાં લીન થઈ જાય છે અને માયા બ્રહ્મમાં લીન થાય છે. ત્યારે ફક્ત બ્રહ્મ વિશિષ્ટ પરબ્રહ્મ જે एकम् एवम् अद्वितीयम् છે તે, તેમનું અક્ષરધામ અને અક્ષરમુક્તો જ રહે છે. પરંતુ જીવ અને ઈશ્વરના લક્ષ્યાર્થ સ્વરૂપનું વર્ણન શાસ્ત્રમાંથી સાંભળી બુદ્ધિની જડતાએ કરીને જીવોની મતિ ભ્રમી જાય છે, કારણ કે જીવને તેના લક્ષ્યાર્થ સ્વરૂપમાં અછેદ્ય, અભેદ્ય, નિત્ય, પૂર્ણ, સચ્ચિદાનંદ, પુરાણ, અવયવ વગેરે પ્રકારે વર્ણવ્યો છે. તેથી તેને જ લોકો ઈશ્વર અથવા બ્રહ્મ કે પરબ્રહ્મ માની બેસે છે. તે જ રીતે ઈશ્વરને પણ તેના લક્ષ્યાર્થ સ્વરૂપમાં નિર્લેપ, નિર્વિકાર, પૂર્ણ, અદ્વૈત સ્વરૂપે વર્ણવ્યા છે. તેથી ઈશ્વરના તે લક્ષ્યાર્થ સ્વરૂપમાં બ્રહ્મની કે પરબ્રહ્મની ભ્રાંતિ થાય છે. એટલે

બુદ્ધિપૂર્વક વિચાર કરીને એ બે સ્વરૂપના લક્ષ્યાર્થ સ્વરૂપનું વર્ણન સાંભળીને તેમને કેવળ જીવનું કે ઈશ્વરનું વ્યતિરેક સ્વરૂપ જ સમજવું. પરંતુ બ્રહ્મ કે પરબ્રહ્મ સમજવાની ભૂલ કદી કરવી નહીં. તેથી જ જીવ અને ઈશ્વર વચ્ચેનો ભેદ સમજવાની જરૂર છે."

શાસ્ત્રોનું આ ગુહ્યતમ રહસ્ય વિદ્વાનો સમજ્યા ન હતા. તેથી દેવોને, દેવીઓને, ઈશ્વરોને ઇષ્ટદેવ સમજી તેમની ઉપાસના અને ભક્તિમાં સર્વ પ્રકારે ઇતિશ્રી સમજી તેમાં પ્રવૃત્ત રહ્યા હતા. એટલું જ નહીં પરંતુ તેથી વિરુદ્ધ અભિપ્રાય આપનાર કે સમજાવનાર કે વર્તનાર પ્રત્યે દ્વેષ રાખી ધાર્મિક અસહિષ્ણુતા પણ ઉત્પન્ન કરતા હતા. ધર્મના આવા અનેક વાડાઓ જુદા જુદા સંપ્રદાયના નામે ઓળખાતા.

શ્રીજીમહારાજ શ્રીનગરમાં પાંચ-છ દિવસ રહ્યા. તેમના પ્રતાપની શ્રીનગરને પિછાણ થઈ. એકાંતિક ધર્મ જે સનાનત છે તેનું રહસ્ય પણ લોકો સમજ્યા. સાધુનું શીલ કેવું હોવું જોઈએ તે પણ સૌને સમજાયું અને ભગવાન એટલે શું તે ગુહ્યતમ રહસ્ય પણ મહારાજે સમજાવ્યું. શ્રીનગરની શાણી પ્રજા અત્યાર સુધી આ પ્રકાશને રોકી અંધારામાં અટવાઈ રહી હતી. તેને હવે પ્રકાશ લાધ્યો, સત્ય સમજાયું. મહારાજે પણ કાર્યક્રમ સંકેલ્યો. શ્રીનગરથી નીકળવાની તૈયારી કરી.

તમે અનીતિ કરશો ત્યારે તમારા રાજ્યનો અંત આવશે

મિ. એરણને મહારાજના પ્રતાપની ઝાંખી થઈ ગઈ હતી. પોતાના રક્ષક આ પ્રભુના આશીર્વાદની તેમને ઝંખના હતી. મહારાજ પાસે પોતાનો મુખ્ય દૂત મોકલ્યો. મહારાજને કહેવરાવ્યું : "મારા બંગલે પધારો."

આ સંદેશો મળ્યો એટલે મહારાજે મુખ્ય સત્સંગીઓને કહેવરાવ્યું કે "સાહેબને બંગલે જવાનું છે, માટે સૌ તૈયાર થઈ જાઓ."

શ્રીનગરથી નીકળવાનો કાર્યક્રમ એક દિવસ મોડો રાખ્યો.

મહારાજે આમંત્રણ સ્વીકાર્યું છે, તે સમાચાર મિ. એરણને મળ્યા. તેમણે તરત જ હુકમ આપી દીધો : "શહેરના રસ્તાઓ સાફ કરાવો, પાણી છંટકાવ કરાવો. નવાવાસથી બંગલા સુધીનો રસ્તો તોરણો બાંધી શણગારી નાંખો."

તેમના હુકમ પ્રમાણે બધી જ વ્યવસ્થા થઈ ગઈ.

બીજે દિવસે સવારે મહારાજ માણકી ઉપર બિરાજમાન થઈ હરિભક્તો

સાથે મિ. એરણનો ભદ્રમાં મુકામ હતો ત્યાં જવા નીકળ્યા. સંતોને સાથે લીધા નહીં. મિ. એરણે બૅન્ડ મોકલ્યું હતું. હરિભક્તો ઝાંઝ-પખવાઝ સાથે કીર્તનો ગાતા હતા. શ્રીનગરના નગરજનો આ સવારી જોવા ઊમટ્યા. કોઈ અટારીમાં, તો કોઈ ઝરૂખામાં, તો કોઈ વૃક્ષો ઉપર ચડીને મહારાજનાં દર્શન કરવા લાગ્યાં. તેમને લાગ્યું કે પેશ્વાના સૂબાના અને તેના વામી બ્રાહ્મણ સલાહકારોના પાપથી આ પરમાત્માનો સંબંધ તેમને અત્યાર સુધી થયો નહીં. પેશ્વાના સૂબામાં તથા વામી બ્રાહ્મણોના સ્વરૂપમાં અસુરોના અસ્તિત્વની તેમને પ્રતીતિ થઈ.

શ્રીહરિની સવારી બજારમાં થઈને ભદ્રમાં પહોંચી.

મિ. એરણ તથા તેમના અમલદારો પોતાની ટોપી હાથમાં લઈ મહારાજનું સ્વાગત કરવા નીચે જ ઊભા હતા. મહારાજ માણકી ઉપરથી નીચે ઊતર્યા એટલે તરત જ ભાવપૂર્વક નીચા વળી મહારાજને તેમણે નમન કર્યું. મહારાજ તેમનો ભાવ જોઈ હસ્યા. મિ. એરણે મહારાજનો હાથ પકડ્યો અને ઉપર મેડે પોતાના આવાસમાં લઈ ગયા. મહારાજ માટે જ ખાસ શણગારી તૈયાર કરેલ ખુરશીમાં મહારાજને બેસાર્યા. મિ. એરણ તથા તેના અમલદારો મહારાજની સામે બીજી ખુરશીઓ ઉપર બેઠા. મુખ્ય મુખ્ય હરિભક્તો માટે ખુરશીઓ ગોઠવી હતી, પણ તેઓ સૌ નીચે બેસી ગયા.

મિ. એરણે મહારાજના કુશળ પૂછ્યા : "આપને કોઈ તકલીફ કે ઉપદ્રવ તો નથી નડ્યા ને ?"

મહારાજે કહ્યું : "હવે તમારું રાજ્ય થયું છે એટલે સૌને શાંતિ થઈ છે. દંડની બીકે કોઈ તમારા હુકમનો અનાદર કરી શકતું નથી. તેથી શાંતિ અને વ્યવસ્થાની સમતુલા જળવાઈ રહી છે. લોકો હવે પોતપોતાની પ્રવૃત્તિઓ સ્વસ્થતાથી કરી શકે છે. ધર્મના પ્રવર્તન માટે આવા શુભ દેશકાળની જરૂર હતી તે તમારા રાજ્યે પૂરી પાડી છે." મહારાજે પોતાની અનોખી હિન્દી શૈલીમાં કહ્યું.

મિ. એરણ પણ ભાંગ્યું-તૂટ્યું હિન્દી બોલતા હતા. તેમણે કહ્યું : "તમે લોકોને નીતિ શિખવાડી છે એટલે કાયદાના પાલનની વ્યવસ્થા કરવામાં અમને કાંઈ મુશ્કેલી પડતી નથી. અમારાં શસ્ત્રો જે કરી શક્યાં નથી, તે તમો તમારી પ્રતિભાથી, ઉપદેશથી, તમારા સંતોના શુદ્ધ ચારિત્ર્યથી કરાવી શક્યા છો. સમગ્ર ગુજરાતની કાયાપલટ તમોએ કરી દીધી છે. અમારાં હથિયારો હેઠાં પડ્યાં એટલે તમારી મહત્તા સમજાણી. ભારતનું આપ ગૌરવ છો. અમને આશીર્વાદ આપો કે અમારું રાજ્ય પાંગરે અને ભારતના લોકોને અમે સુખી કરી શકીએ."

મહારાજે કહ્યું : "સારા કાર્યમાં તો ભગવાન કે તેમના સંતના આશીર્વાદ હોય જ ! તમારામાં નીતિ અને ધર્મ પ્રવર્તાવવાની ભાવના છે તેથી તમારા મનોરથો સિદ્ધ થશે. ભગવાનના આશીર્વાદ ભાવના ઉપર ફળે છે. તમારી ભાવના વિપરીત થશે, તમે નીતિનો ત્યાગ કરશો ત્યારે તમારી બુદ્ધિમાં અંધકાર છવાઈ જશે. તમારી તેવી નીતિથી પ્રજા દુઃખી થશે અને તમે પણ દુઃખી થશો. એવું જ્યારે બનશે ત્યારે તમારા રાજ્યનો અંત આવશે."

શ્રીહરિના શબ્દોથી મિ. એરણ પ્રસન્ન થયા. તેમની ભાવના શુભ હતી તેથી તેમને મહારાજના શબ્દોનું રહસ્ય સમજાયું કે નીતિ હશે ત્યાં સુધી ટકાશે. અનીતિ આવશે ત્યારે આસુરી ભાવ ઉત્પન્ન થશે. એ આસુરી ભાવનો એક અથવા બીજી રીતે વિનાશ તો થવાનો જ. તેમને મહારાજના શબ્દો સૂચક લાગ્યા.

તેમણે મહારાજને ગુલાબનો હાર પહેરાવ્યો, કિંમતી શાલ ઓઢાડી. પછી હાથ જોડી કહ્યું : "અમારા કાર્યને આપના આશીર્વાદ મળ્યા છે તો અમે પ્રજાના હિતમાં રાજ્ય કરી શકીએ એવા આશીર્વાદ આપવા આપ વારંવાર શ્રીનગરમાં પધારો. અહીં આપનું મોટું સ્થાન બનાવો."

શ્રીનગરના હરિભક્તોને એરણના આ શબ્દોથી આનંદ થયો. તેમને લાગ્યું કે અમદાવાદમાં એવું મોટું સ્થાન જો થાય તો મહારાજનો કાયમી મુકામ અમદાવાદમાં જ રહે.

મહારાજે મૂક સંમતિ આપી. પછી કહ્યું : "તમારા આમંત્રણથી અમે આ શહેરમાં પાંચ દિવસ રોકાયા. હવે કાલે અહીંથી નીકળવું છે. તમારા આમંત્રણથી અહીં આવ્યા એટલે તમારી રજા સિવાય અમારાથી નીકળાય નહીં."

મહારાજના આ વિવેકથી મિ. એરણને[૭] ભારતીય પ્રજાના વિવેકના મૂળનો ખ્યાલ આવ્યો. પછી મહારાજ ઉતારે પધાર્યા.

અહીં મંદિર કરવું છે

સાંજે મહારાજે નાનાભાઈ વિપ્ર, કુબેરસિંહ ચોપદાર, રણછોડદાસ ચોકસી, હીરાચંદ ચોકસી, લાલદાસ ગોરા, દામોદરદાસ, શંભુદાસ, નથુ ભટ્ટ વગેરેને બોલાવીને કહ્યું : "આપણે અહીં મોટું સ્થાન કરવું જ છે. નવાવાસની સામે નાયકનાં ઘરો છે તે લઈને ત્યાં પ્રથમ સંતોને રહેવા માટે ધર્મશાળા કરાવવી છે. સાહેબ જમીન આપશે એટલે પાકો દસ્તાવેજ કરાવી ધર્મશાળા શરૂ કરાવીશું. જ્યારે સંતો માટે જગ્યા તૈયાર થઈ જશે, ત્યારે મંદિર કરાવી

નરનારાયણ દેવ પધરાવીશું.''

શ્રીહરિના આ શબ્દોથી શ્રીનગરના ભક્તોમાં અપાર ઉત્સાહ વ્યાપી ગયો. તેમને લાગ્યું કે દસ વર્ષનો વિયોગ સહન કર્યો, ધીરજ રાખી, તો મહારાજ હવે મહામોટું સુખ આપશે.

બીજે દિવસે મહારાજ થાળ જમ્યા. પછી નીકળવા તૈયાર થયા. માણકી ઉપર બિરાજ્યા. નવાવાસમાં મંદિર માટે જેટલી જગ્યા લેવાની મહારાજની ઇચ્છા હતી, તેટલી જગ્યામાં મહારાજે માણકીને ફેરવી. પછી માણકી ઊભી રહી અને પગ વડે જમીન ખોતરવા લાગી. તે જોઈ મહારાજ હસ્યા. મહારાજે હરિભક્તોને કહ્યું : ''જુઓ, આ માણકીએ આ જમીન ઉપર અમારી ઇચ્છાથી ખાતમુહૂર્ત કરી દીધું. હવે ખાતમુહૂર્ત કરવા અમારે આવવાની જરૂર નથી. તમો સૌ સાહેબને મળી આટલી જગ્યા બતાવી છે તેમાં ખૂંટા મરાવી લેશો. સાહેબ દસ્તાવેજ કરી આપશે.''

ઉદ્‌ગીથ ૩



આણંદમાં ઉપાધિ

(આ.સં. ૧૮૭૪, ઈ.સ. ૧૮૧૮)

શ્રીહરિએ શ્રીનગરમાં આવેલા ગામોગામના હરિભક્તોને પોતપોતાના ગામ જવા આજ્ઞા કરી. વેલાલના જેસિંગભાઈએ આ સાંભળી મહારાજને હાથ જોડી કહ્યું : ''પ્રભુ ! વેલાલ(વહેલાલ) પધારો. અમારી સૌની ખૂબ ઇચ્છા છે.''

મહારાજે કહ્યું : ''ભલે તમારે ત્યાં આવીશું પરંતુ એક જ રાત રોકાશું.''

જેસિંગભાઈએ તરત જ કહ્યું : ''મહારાજ ! આપની ઇચ્છામાં આવે તેટલું રોકાજો, પરંતુ ગામને પાવન કરો.''

શ્રીહરિએ શ્રીનગરથી વિદાય લીધી. ગામ બહાર સુધી સૌ હરિભક્તો વળાવવા આવ્યા. ગામ બહાર નીકળ્યા પછી સાથે આવતા સૌ હરિભક્તોને મહારાજે પાછા વાળ્યા અને પોતે વેલાલ તરફ માણકી દોડાવી. શ્રીહરિ થોડે દૂર જઈ સંતોની રાહ જોતા ઊભા રહ્યા. થોડી વારે સંતો આવી ગયા. સૌ સાથે વેલાલ પહોચ્યા.

વખતબાનું તપ તપે છે

ગામના હરિભક્તોએ શ્રીહરિનું સ્વાગત કર્યું. જેસિંગભાઈનાં બહેન વખતબા અને તેમના પિતા રઘનાથદાસને તો મોટા પર્વના ઉત્સવનો આનંદ થયો. તેમણે તૈયારી મોટી કરી રાખી હતી. મહારાજે પૂર્વદ્વારથી ગામમાં પ્રવેશ કર્યો અને પછી ગામ બહાર આવી ઊતર્યા. મહારાજ માટે રંગીન ઢોલિયો મશરૂનાં ગાદલાં, તકિયા અને ગાલમસૂરિયાં બિછાવીને તૈયાર રાખ્યો હતો. સંતો-હરિભક્તો માટે મોદ પાથરી દીધી હતી. મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. સંતો-હરિભક્તો મહારાજ સન્મુખ બેસી ગયા. મહારાજે કીર્તન-ભક્તિ શરૂ કરાવી.

પછી મહારાજે રઘનાથદાસને કહ્યું : "રઘનાથ બાપા ! ભૂખ લાગી છે. રસોઈને કેટલી વાર છે ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! તળાવ પાસે જ્યાં સંતોનો ઉતારો છે ત્યાં રસોઈની બધી તૈયારી કરી દીધી છે. પણ રસોઇયા બધા આપનાં દર્શને અહીં આવ્યા છે. તો થોડી વાર લાગશે. અહીં ચાર-પાંચ ટોપલા કેરીઓ છે તે આપ જમો અને સૌ સંતો-હરિભક્તોને પણ પ્રસાદી આપો."

મહારાજે પોતાની પાસે કેરીના ટોપલા મંગાવ્યા. તેમાંથી મહારાજ બે હાથે કેરીઓ આપતા ગયા. સૌ સંતો, હરિભક્તો, પાર્ષદો, કાઠી દરબારો તેમજ ગામના પાટીદાર હરિભક્તો પણ આવ્યા. મહારાજે સૌને કેરીઓ આપી. પણ ટોપલામાંથી કેરીઓ ખૂટી નહીં. એટલે રઘનાથદાસે કહ્યું : "મહારાજ ! આ કેરીઓ કેમ ટોપલામાં એટલી ને એટલી જ રહી છે ? આટલી બધી તો આપે આપી !"

મહારાજે કહ્યું : "તમારી દીકરી વખતબા છે તેનું તપ બહુ તપે છે. તેના પ્રતાપે કેરીઓ ખૂટતી નથી."

રઘનાથદાસ આ સાંભળી આશ્ચર્ય પામી ગયા. તે જાણતા હતા કે વખત બાળવિધવા થઈ ત્યારથી જ ભક્તિપરાયણ હતી. પરંતુ તેના તપથી આવો ચમત્કાર ન થાય. મહારાજનો પ્રતાપ તેમણે જોઈ લીધો.

એટલામાં બ્રહ્મચારીએ મહારાજ માટે થાળ તૈયાર કરી દીધો. મહારાજ જમવા ઊઠ્યા. વખતબાએ શુદ્ધ વાનગીઓ મહારાજ માટે મોકલી હતી. મહારાજ જમ્યા પછી કાઠી દરબારો અને સંતોને પીરસવા પધાર્યા. સાત ગાઉનો પંથ કરી આવ્યા હતા. સૌ થાક્યા હતા, ભૂખ પણ ખરી લાગી હતી. થોડી વાર મહારાજે સૌને વારંવાર આગ્રહ કરી સારી રીતે જમાડ્યા.

સાંજે મહારાજ ભાગોળે પધાર્યા. ત્યાં ગામના ભક્તો આવ્યા હતા. એટલામાં એક ગાડાવાળો ત્યાંથી નીકળ્યો. ગાડામાં કેરીઓ ભરી હતી. મહારાજે તે જોઈ તે ગાડાવાળાને કહ્યું : "કેરીઓ અમને આપશો ?"

એટલે તેણે કહ્યું : "મહારાજ ! મારાં એવાં ક્યાંથી ભાગ્ય, આપ મારી કેરીઓ જમો !"

તે સાંભળી મહારાજ સભામાંથી ઊઠ્યા ને ગાડા ઉપર ચડી ગયા. બે હાથે કેરીઓ લઈ સૌને આપવા માંડ્યા. બધા જ ભક્તોને મહારાજે કેરીઓ આપી છતાં ગાડું તો ભરેલું જ રહ્યું. ગાડાવાળો આ જોઈ આશ્ચર્ય પામ્યો. મહારાજે તેને કહ્યું : "તમારો ભાવ હતો એટલે કેરીઓ વધી પડી."

પછી મહારાજ ગાડા ઉપરથી ઊતરીને સભામાં પધાર્યા.

સંતનો મહિમા

ત્યારબાદ મહારાજ પોઢી ગયા. સંતો પણ પોતપોતાની ક્રિયા કરી સૂઈ ગયા. કેટલાક ધ્યાની સંતો આખી રાત ધ્યાનમાં બેસી રહ્યા. સવારે સૌ બ્રાહ્મમુહૂર્તે ઊઠી ગયા. પ્રાતઃવિધિથી પરવારી લીધું. મહારાજ પણ પરવારી ગયા હતા. સભા માટે સ્થાન અગ્નિ ખૂણામાં આવેલી રાયણ આસપાસ રાખ્યું હતું. મહારાજનો ઢોલિયો રાયણ નીચે ગોઠવ્યો હતો.

મહારાજે સભામાં વાત કરતાં કહ્યું : "શાસ્ત્રોમાં સંત સમાન કોઈને ગણ્યા નથી, પરંતુ તે કેવા સંત ? જે સંત કેવળ ભગવાનને પ્રસન્ન કરવા માટે જ સર્વ ક્રિયા કરે છે, ભગવાનના અલ્પ વચનમાં કદી ફેર પડે તો તેનું જાણપણું રાખે છે. તેવા સંતને તો દેવો અને ઋષિઓ પણ પૂજે છે. વળી, આ દેહથી જેટલું ભગવાન માટે ન થાય એટલો એ દેહ પણ આપણા શત્રુરૂપ છે એમ માનવું. જ્યાં સુધી ઇન્દ્રિયો-અંતઃકરણ ભગવાનથી દૂર દોડે છે, ત્યાં સુધી મનમાં સમજી રાખવું કે ભગવાનની સન્મુખ થવાયું નથી અને વિમુખને રસ્તે જઈ રહ્યા છીએ. અમારે તમને સૌને સાથે રાખીને સત્સંગમાં ફરવું છે અને ઘણી ઘણી વાતો કરવી છે, જેથી કસરમાત્ર નીકળી જાય. ભગવાનના સ્વરૂપ સિવાય અન્યમાં વૃત્તિ જોડાય એ મોટી કસર કહેવાય !"

શ્રીહરિ માટે થાળ તૈયાર થયો એટલે મહારાજ જેસિંગભાઈની માઢ મેડીમાં પધાર્યા. તેમનાં બહેન વખતબાએ બ્રહ્મચારી પાસે મહારાજ માટે રસ, રોટલી, લાડુ, ભજિયાં વગેરે અનેક વાનગીઓ તૈયાર કરાવી હતી. બ્રહ્મચારીના અંતરમાં ભક્તિ હતી. મહારાજની અનેક પ્રકારની સેવામાં જ તેમની વૃત્તિ રહેતી. તે સેવામાં જ તેમને મહારાજનાં દર્શન કર્યાની, વાતો સાંભળ્યાની તૃપ્તિ રહેતી. મહારાજ તેથી ઘણી વખત બ્રહ્મચારી વિશે કહેતા કે "દર્શન કરીને અથવા વાતો સાંભળીને અમારા સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવાનો છે તે તો આ બ્રહ્મચારીને સહેજે સહેજે અમારી સેવા કરવાથી રહે છે."

મહારાજની દરેક ક્રિયામાં તેમની શું રુચિ છે તેની અખંડ સ્મૃતિ તેઓ રાખતા. પોતાની રુચિ જાણીને બ્રહ્મચારી સેવામાં પ્રવૃત્ત રહેતા તેથી મહારાજની તેમના ઉપર અત્યંત પ્રસન્નતા હતી.

મહારાજ વખતબાએ કરાવેલો થાળ પ્રેમથી જમ્યા. સંતો, હરિભક્તોને

જમાડવાની શું વ્યવસ્થા કરી છે તે પૂછ્યું. ત્રીજે પહોરે પોતે જાગ્યા અને વેલાલથી નીકળવા તૈયારી કરી. સંતો, હરિભક્તો સૌ માઢ મેડીએ આવી ગયા હતા. જેસિંગભાઈ મહારાજની પૂજા કરવા માટે કેસર મિશ્રિત ચંદન લઈ આવ્યા. પુષ્પના હાર લાવ્યા. મહારાજની પૂજા કરી હાર પહેરાવ્યા. હાથે ગજરા બાંધ્યા. શિર ઉપર નવી પાઘ પહેરાવી, તેમાં તોરા નાખ્યા. તેમનાં કુટુંબીજનોએ અને ગામના હરિભક્તોએ પણ મહારાજની પૂજા કરી. મોટા મુનિવરોને ધ્યાનમાં પણ જે સ્વરૂપનાં દર્શનની ઝાંખી થતી નથી, તે આજે પ્રત્યક્ષ પધાર્યા. સૌ સાથે રમ્યા, જમ્યા, વાતો કરી – એમ અનેક પ્રકારે સુખ આપ્યું. એક દિવસનું સુખ પણ અનંત કાળના સુખ સમાન સૌને લાગ્યું.

જેસિંગભાઈના સર્વ મનોરથો પૂરા કરી મહારાજ વેલાલથી સંઘ સાથે કણભા જવા નીકળ્યા. વેલાલના હરિભક્તો શ્રીહરિ તથા સંતો, ભક્તો માટે કેરીઓ લેવા પોતપોતાની વાડીએ ગયા હતા. ત્યાંથી ગાડું ભરીને કેરીઓ લઈને આવતા હતા તે સૌ રસ્તામાં સામા મળ્યા. મહારાજ પાસે આવી પ્રાર્થના કરી : "મહારાજ ! અમે આપના સારુ કેરી લેવા ગયા હતા તો આપ જમો અને સૌ સંતો, હરિભક્તોને પણ જમાડો."

મહારાજ તેમનો ભાવ જોઈ માણકી ઉપરથી ઊતર્યા. ગાડાની ઊંધ ઉપર ઊભા રહીને ગાડામાંથી સૌ સંતો-હરિભક્તોને પાંચ-પાંચ કેરી આપવા લાગ્યા. ગાડું ખાલી થઈ ગયું. પછી મહારાજ માણકી ઉપર બેસી કણભા પધાર્યા.

અહીં પણ મહારાજે ગામ બહાર ખુલ્લામાં જ ઉતારો રાખવાનું પસંદ કર્યું. ઉનાળો હતો તેથી ખુલ્લી જગ્યામાં પ્રકાશ અને પવનનો યોગ રહે, ઝાઝા માણસ બેસી શકે અને કથાવાર્તામાં આનંદ આવે.

મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા. સંતો, હરિભક્તો સન્મુખ બેસી ગયા. મહારાજે વાત કરતાં કહ્યું : "અહીં રામાનંદ સ્વામી ત્રણ-ચાર વાર આવી ગયા હતા. પરંતુ ચરોતરમાં સ્વામી ક્યારેય ફર્યા નથી. ગામડી, જેતલપુર વગેરે ગામોમાં આવી ગયા છે. શ્રીનગરમાં ચોકસીના ભવનમાં સ્વામી ઊતરતા. ત્યાંનાં નાગર અંબાબાએ ત્યાં હરિમંદિર કરાવી, તેમાં રામ, લક્ષ્મણ અને સીતાની મૂર્તિઓ પધરાવી, તે મંદિર રામાનંદ સ્વામીને કૃષ્ણાર્પણ કરી દીધું હતું. તેથી સ્વામી ત્યાં પણ રહેતા." એટલી વાત કરી થાળ જમી પોઢી ગયા.

વહેલી સવારે કણભાથી મહારાજ સંઘ સાથે નીકળી ગયા. રસ્તામાં આંબાનાં વન આવતાં. તેમાં કેટલાંક ફળો નીચે પડેલાં હતાં. પરંતુ શ્રીહરિની

આજ્ઞા હતી કે વાડીના રખેવાળ જો ફળ આપે તો જ તે લેવાં, નહીં તો ચોરી કરી કહેવાય. મુસલમાની રાજ્યની મહેલાતોનાં ખંડેરો રસ્તામાં દેખાતાં. શ્રીહરિએ સંતો-હરિભક્તોને તે બતાવતાં કહ્યું : "જુઓ, આવી મહેલાતોમાં ખર્ચેલું દ્રવ્ય કાંઈ કામ આવ્યું નહીં અને મહેલો આજે ખંડેરો થઈ ગયા. એટલું જ દ્રવ્ય ભગવાન અર્થે વાપર્યું હોત તો આ ખંડેરો ન હોત."

ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : "મહારાજ ! તોય કાળ તો કાળનું કામ કરવાનો જ હતો."

"પરંતુ ત્યારે આ ખંડેરો ભગવાનની પ્રસાદીભૂત કહેવાત. તીર્થો મનાત. લોકો તેનાં દર્શન કરી પાવન થઈ જાત." મહારાજે તરત જ કહ્યું.

મુક્તાનંદ સ્વામી સમજી ગયા કે ભગવાનના સંબંધથી નિર્ગુણ બનેલી વસ્તુઓને કાળની વિકૃતિ સ્પર્શતી નથી.

મહેમદાવાદ પાસે નદી આવી. તેમાં શ્રીહરિ સ્નાન કરવા માણકી ઉપરથી ઊતર્યા. શ્રીહરિ સાથે સર્વ સંતો તથા હરિભક્તો પણ સ્નાન કરવા તૈયાર થયા. નદીના પાણીમાં શ્રીહરિને સૌ વીંટળાઈ વળ્યા. શ્રીહરિ પાસે સંતોની ભીડ થવા લાગી. શ્રીહરિ તેથી દૂર ખસ્યા. પરંતુ સંતો પણ શ્રીહરિની પાછળ પાછળ ખસતા ગયા. મહાનુભાવાનંદ સ્વામી સ્નાન કરતા સંતોને ઓળંગીને શ્રીહરિ પાસે આવ્યા. મહારાજને આ ન ગમ્યું. તેમણે કહ્યું : "મોટા સંતની મર્યાદા રાખવી જોઈએ. આ મુક્તાનંદ મુનિને અમે ગુરુ માનીએ છીએ છતાં તે અમને તેમના ઇષ્ટદેવ સમજી અમારી મર્યાદા રાખે છે અને અમારાથી ડરતા રહે છે. તેથી અમો તેમના ઉપર બહુ જ પ્રસન્ન છીએ." એમ કહી શ્રીહરિ જળની બહાર નીકળ્યા.

વસ્ત્રો પહેરતાં પહેરતાં શ્રીહરિએ સંતોને કહ્યું : "તમો સૌ હવે તમારે રસ્તે જાઓ. અમારે તમોને સાથે રાખવાની ઇચ્છા નથી."

શ્રીહરિના આ શબ્દોથી સંતોને જાણે વજ્રપાત થયો હોય તેવું વસમું લાગ્યું. તેમણે પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! એક વખત ભૂલ થઈ છે પણ હવે ભૂલ નહીં થાય. આપ તો ગુણ ગંભીર છો માટે ઉદારતાથી એક વાર ગુનો માફ કરો." મહારાજ તેમની દીનતાથી પ્રસન્ન થયા. મહારાજે જાણ્યું કે સંતોના અંતરમાં કુમાશ છે તેથી આગળ વધશે. સૌ ઉપર રાજી થયા અને સાથે આવવા આજ્ઞા કરી.

એટલામાં મહેમદાવાદ પુરમાંથી હરિભક્તો આવ્યા. તેમણે મહારાજને

કહ્યું : "મહારાજ ! રસોઈ તૈયાર છે. આપ પધારો."

મહારાજ પુરમાં પધાર્યા. પશ્ચિમ દિશામાં વડ હતો તેની નીચે મહારાજે મુકામ કર્યો. વડની દક્ષિણ તરફની ડાળી ઉપર હિંડોળો બાંધ્યો હતો તે ઉપર મહારાજ બિરાજ્યા. સંતોએ, હરિભક્તોએ મહારાજને હિંચોળવાનો લાભ લીધો.

ગામમાં બ્રાહ્મણોની ધર્મશાળા હતી. ત્યાં બ્રાહ્મણોએ સંઘ માટે રસ-રોટલી તૈયાર કર્યાં હતાં. મહારાજ માટે બ્રહ્મચારીએ થાળ બનાવ્યો હતો. મહારાજ ધર્મશાળામાં પધાર્યા. થાળ જમ્યા.

જેઠ મહિનાનો તાપ હતો તેથી પૃથ્વી તપી ગઈ હતી. પાણી છાંટીને તેને ઠારી હતી. મહારાજ પાટ ઉપર બિરાજમાન થયા. ધર્મશાળાના પ્રાંગણમાં સંતોની પંક્તિ કરી. મહારાજના આખા શરીરે ચંદન ચર્ચ્યું હતું. કંઠમાં ગુલાબના ને મોગરાના હાર પહેરાવ્યા હતા. એ રીતે મહારાજ સંતોને દર્શન દેતા હતા. સંતોને રસોઈ પિરસાતી હતી. પરંતુ બ્રાહ્મણોની પીરસવાની રીતથી મહારાજ આકળા થઈ ગયા. પોતે તરત જ ઊઠ્યા અને સંતોને રસ પીરસવા લાગ્યા. હરિભક્તોની પંક્તિમાં પણ રસ પીરસ્યો. સૌ સારી રીતે જમ્યા. તૃપ્ત થયા. પછી મહારાજ ઉતારે પધાર્યા.

મુક્તાનંદ સ્વામીના ધ્યાનથી મોક્ષ થાય કે નહીં ?

સાંજે આંબલીઓ નીચે મહારાજ પધાર્યા. અહીં હિંડોળે બિરાજ્યા. થોડી વાર દર્શન આપી હિંડોળા ઉપરથી ઊતરી પાટ ઉપર બિરાજ્યા. મહારાજ સમક્ષ સૌ સંતો, હરિભક્તો આવીને બેસી ગયા. એટલે મહારાજે સંતોને પ્રશ્ન પૂછ્યો : "તમે સૌ સંતો, હરિભક્તો અમારા ધ્યાન અને પૂજનથી મોક્ષ માનો છો અને વળી અમારા સંબંધવાળી વસ્તુઓ પણ મોક્ષપ્રદ છે તેમ માનો છો. પરંતુ અમો ન હોઈએ ત્યારે સૌ સંતો, ભક્તો મુક્તમુનિનું ધ્યાન કરે તો મોક્ષ થાય કે ન થાય ?"[૮]

મહારાજના આ પ્રશ્નથી સૌ મૂંઝવણમાં પડી ગયા. થોડી વારે તેમણે કહ્યું :

---

૮. हमारे वचन हि जेहि, हम संबन्धी वस्तु कोट ।
मोक्षरूप हि तेहि, मानत हो मन कर्म कर ॥४१॥
हम न होवे जबकी, मुक्तानंद मुनि के जन ।
ध्यान करे तबही, मोक्ष होय न होय कहे ॥४२॥
– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૧૭, તરંગ-૮૨.

"મહારાજ ! આ પ્રશ્નનો ઉત્તર અમારાથી થાય તેમ નથી."

તે સાંભળી મહારાજે કહ્યું : "એમ કહીને છૂટી પડવું તેમાં બુદ્ધિની ખામી કહેવાય. એકથી ઉત્તર ન થાય તો મોટેરા સંતો ભેગા મળો, વિચારો અને પછી ઉત્તર કરો. મુક્તમુનિ વિના બ્રહ્મમુનિ, આનંદમુનિ, નિત્યાનંદ મુનિ, ચૈતન્યાનંદ મુનિ, સ્વયંપ્રકાશાનંદ મુનિ, મોટા અખંડાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, પરમ ચૈતન્યાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, કૃષ્ણાનંદ સ્વામી બધા ભેગા થાવ, બુદ્ધિને કસો, શાસ્ત્રોનાં પ્રમાણો વિચારો અને પછી ઉત્તર કરો."

આ સાંભળી સંતો વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે મહારાજ આપણી ભક્તિની, નિષ્ઠાની કસોટી કરવા માંગે છે. પરંતુ પ્રશ્નનું રહસ્ય સમજી શક્યા નહીં. નિત્યાનંદ સ્વામી સમજી ગયા. પણ તેઓ મૌન રહ્યા.

પછી સૌ સંતો વતી કૃષ્ણાનંદ સ્વામીએ ઉત્તર કર્યો : "મહારાજ ! આપના વિના જે બીજાનું ધ્યાન કરે તેની ભક્તિ વ્યભિચારિણી કહેવાય. અમારે બીજાનું કામ નથી. આપના જેવા બીજાને જાણીએ તો અમારો જન્મારો વ્યર્થ ગયો કહેવાય."

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "તમારા ઉત્તરમાં શાસ્ત્રોની સંમતિ નથી. અમારી રુચિ પણ તમે સમજ્યા હોય તેવું જણાતું નથી."

એટલું કહીને મહારાજે આગળ કહ્યું : "સાંભળો, અમારો પ્રશ્ન અમે વિસ્તારથી તમને સમજાવીએ. તમને સૌને જ્યારે સંત મળ્યા હશે ત્યારે તમને અમારા સ્વરૂપનો નિશ્ચય થયો હશે. ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થાય છે ત્યારે ક્યારેય એમ કહેતા નથી કે અમે ભગવાન છીએ. પરંતુ તેમના પ્રતાપથી જ તેમનું ભગવાનપણું જણાય છે. જે દંભથી બોલે છે કે 'હું ભગવાન છું' તેને બ્રહ્માંડના જીવો માર્યાનું પાપ લાગે છે. જે સનાતન ભગવાન છે તે તો જે જીવો તેમને શરણે થાય તેના અનંત જન્મનાં પાપને બાળી નાખે છે. જ્યારે દંભી ભગવાન તેના શરણે આવનારનું અહિત કરે છે અને પાપના ભાગી બને છે. આ રહસ્ય સંત સમજાવે છે."

મહારાજે આ રીતે તેમના પ્રશ્નનો વિસ્તાર કર્યો. નિત્યાનંદ સ્વામી પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી પ્રથમથી જ મહારાજના આ પ્રશ્નનું રહસ્ય સમજી ગયા હતા. તેથી તેમણે ધીરે રહીને મહારાજના પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું : "મહારાજ ! શાસ્ત્રોમાંથી તેમજ આપની રહસ્યમય વાતોથી એવું સમજાય છે કે જે સંત

આપની તમામ આજ્ઞામાં યથાર્થ વર્તે છે, આપના સ્વરૂપનું સ્મરણ અને ધ્યાન કરે છે અને આપનાં જ ચરિત્રોનું ગાન કરે છે તે સંતની સેવા મોક્ષપ્રદ છે. શુકદેવજીના ઉપદેશથી પરીક્ષિતનો મોક્ષ થયો અને નારદજીના વચનથી પ્રિયવ્રત, પ્રહ્‌લાદ, ધ્રુવ, દક્ષના પુત્રો, ચિત્રકેતુ વગેરેનો મોક્ષ થયો છે. તે વાત શાસ્ત્ર પુરાણથી પ્રસિદ્ધ છે. તેથી જેમ ભગવાનથી મોક્ષ થાય છે, તેમ આવા સંતથી પણ મોક્ષ થાય છે. ભગવાનનું પૂતના, કંસ વગેરેએ વૈરભાવે ભજન કર્યું છતાં ભગવાને તેનો મોક્ષ કર્યો, પરંતુ આવા પરમ કલ્યાણકારી સંત પ્રત્યે જે વૈરભાવ રાખે તે તરી ગયો હોય તેવું સાંભળ્યું નથી. આમ, માહાત્મ્યે સહિત સંતની સેવા કરવાથી મોક્ષ થાય છે પરંતુ સંતના ધ્યાનથી મોક્ષ થતો નથી.''

મહારાજે પ્રશ્નનો ઉત્તર સાંભળી કહ્યું : ''પ્રશ્નનો ઉત્તર યથાર્થ થયો.'' શ્રીહરિને હજુ આગળ કહેવું હતું. કારણ કે તેઓ જાણતા હતા કે જીવે બ્રહ્મરૂપ થવું હોય તો અમારા ઉત્તમ ભક્ત સાક્ષાત્ મૂળ અક્ષરબ્રહ્મ કે તેમના સ્વરૂપ સમાન ગુણાતીત સંતની સાથે એકાત્મતા સાધવી પડે. આ માટે તેમનો મનન દ્વારા સંગ કરવો જ પડે. એટલે કે એમનું ધ્યાન ધરવું જ પડે.[૯] તો જ જીવ બ્રહ્મરૂપ થાય. અને તો જ અમારી ભક્તિનો તેને અધિકાર પ્રાપ્ત થાય. વળી, એવા ગુણાતીત સંત અખંડ અંગેઅંગમાં અમને ધારણ કરી રહે છે. તેથી તેમનું ધ્યાન એ અમારું જ ધ્યાન બની રહે છે. આથી જેમ અમારી માનસી પૂજા અને અમારા ધ્યાનથી જીવનું કલ્યાણ થાય, તેમ અમારા અખંડ ધારક પરમ ભાગવત ગુણાતીત સંતના ધ્યાનથી જીવોનું આત્યંતિક કલ્યાણ થાય છે. તેમાં લેશપણ શંકા નથી. પરંતુ અત્યારે આ વાત કહેવાનું શ્રીહરિને ઉચિત ન લાગ્યું. કારણ કે આ ભોળા ભક્તોને, બ્રહ્મ તત્ત્વને જાણનારા એવા બ્રહ્મવેત્તા સંતો અને સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીત સંત વચ્ચેના ભેદની હજુ ખબર નથી. આથી ગુણાતીત સંતના ધ્યાનના મિષે ગમે તે બ્રહ્મવેત્તા સંતનું ધ્યાન કરવામાં સૌ લાગી જાય તો મોક્ષની દિશા બદલાઈ જાય. પરંતુ આ વાત સમજ્યા વિના છૂટકો પણ નથી એટલે વાતને ભવિષ્ય પર છોડીને શ્રીહરિ સભા પૂરી કરી હરિભક્તોને મળવામાં વ્યસ્ત થઈ ગયા.

મહારાજ ઉમરેઠમાં

બીજે દિવસે મહારાજ મહેમદાવાદથી નીકળ્યા. મહારાજની સાથે અઢીસો

૯. વચનામૃત ગ.મ. ૩૧; વર. ૫; પંચાળા ૩.

નંદ સંતો હતા તથા હરિભક્તોનો સમૂહ પણ ઝાઝો હતો. મહારાજને મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : "મહારાજ ! હવે ક્યાં મુકામ કરવો છે ?"

"ઉમરેઠ." મહારાજે તરત જ કહ્યું. "રૂપરામ ઠાકર તથા નરભેરામ વગેરેએ કાગળ લખી તેડાવ્યા છે કે કેરી ગાળામાં જરૂર પધારશો. એટલે તેમને ત્યાં જવું જોઈએ."

સર્વ સંતમંડળ ગાતાં ગાતાં ચાલતાં હતાં. મહારાજ માણકી ઉપર બિરાજ્યા હતા. બીજા મુક્તો તથા પાર્ષદો પણ પોતપોતાના અશ્વો ઉપર બેઠા હતા. મહારાજ માણકીને દોડાવીને આગળ જાય અને વળી પાછા સંતોને અને મુક્તોને દર્શન દેવા પાછા વળે. એમ પોતાના ભક્તોને ક્ષણમાત્ર પોતાની દષ્ટિથી દૂર થવા દેતા ન હતા. ભક્તો પણ મહારાજની મૂર્તિ તરફ જ દષ્ટિ રાખતા હતા. મહારાજ દૂર જાય તો દૂર સુધી નજર નાખતા અને મહારાજ પાછા વળે એટલે દષ્ટિ સંકેલતા. મહારાજની લીલાનાં દર્શન કરતાં ઉમરેઠની ભાગોળે સૌ પહોંચી ગયા.

ઉમરેઠના હરિભક્તો રૂપરામ, નરભેરામ દવે, રૂપરામના પુત્ર નન્દુરામ તથા અન્ય મુક્તો કીર્તન ગાતાં ગાતાં મહારાજ સન્મુખ આવ્યા. થામણાવાળા દરવાજે થઈને મહારાજ શહેરમાં પ્રવેશ્યા. મહારાજનું સ્વાગત કરવા સાથે આવેલા વેદપાઠી બ્રાહ્મણોને મહારાજે દક્ષિણા અપાવી. કીર્તનો ગાતા, સ્વામિનારાયણ નામની ધૂન કરતા મહારાજ આખા નગરમાં ફર્યા. નરભેરામ દવેને ત્યાં મહારાજનો ઉતારો રાખ્યો હતો. મહારાજ ત્યાં પધાર્યા. મુખ્ય મુખ્ય સંતો રૂપરામ ઠાકરને ઘેર ઊતર્યા. કેટલાક સંતો જાગનાથ મહાદેવની જગ્યામાં ઊતર્યા. કાઠી હરિભક્તોને અન્ય હરિભક્તોને ઘેર ઉતારા આપ્યા.

થોડી વારે મહારાજ નરભેરામ દવેને ઘેરથી નીકળી જાગનાથ મહાદેવમાં પધાર્યા. અહીં દર્શન કર્યાં. બહાર ઉમરેઠના બ્રાહ્મણો રૂપરામના ભગવાનને જોવા આવ્યા હતા. બ્રાહ્મણો તો સદા શિવપંથી જ હોય. રૂપરામ તથા નરભેરામ વગેરે બ્રાહ્મણો સ્વામિનારાયણ પંથમાં ભળ્યા એટલે તેઓ વટલાઈ ગયા એમ આ બ્રાહ્મણો માનતા હતા. મહારાજને તેમને અનેક પ્રશ્નો પૂછવા હતા. મહારાજે તેમની જિજ્ઞાસા જાણીને જ અહીં સભા કરવાનું નક્કી કર્યું.

સર્વ બ્રાહ્મણો વૈષ્ણવ જ છે

મહારાજ સભામાં બિરાજમાન થયા કે તરત જ સભામાં બેઠેલા બ્રાહ્મણો ઊંચા-નીચા થવા લાગ્યા. મહારાજે તેમને કહ્યું : "તમારે જે કાંઈ પ્રશ્ન પૂછવા

હોય તે ખુશીથી પૂછજો. અમે શાસ્ત્રનાં પ્રમાણોથી તમારા પ્રશ્નોના ઉત્તર કરીશું."

એટલે એક બ્રાહ્મણે જરા ભવાં ચડાવીને મહારાજને પૂછ્યું : "તમે તમારા આશ્રિત બ્રાહ્મણોને વૈષ્ણવનું તિલક કરાવો છો અને વિષ્ણુના આયુધોની છાપો આપો છો તેથી બ્રાહ્મણોના ધર્મથી ચલિત કરો છો. બ્રાહ્મણોને આવા પરધર્મી બનાવીને તમે અધર્મ પ્રવર્તાવો છો અને ધર્મી હોવાનો ઢોંગ કરો છો."

મહારાજ તેનો પ્રશ્ન સાંભળી હસ્યા. તેમણે તેનો ઉત્તર આપતાં કહ્યું : "તમો બ્રાહ્મણો છો પરંતુ શાસ્ત્રજ્ઞ નથી. જો તમે શાસ્ત્રો વિચારશો, તો તમને સમજાશે કે બ્રાહ્મણમાત્ર વૈષ્ણવ છે. બ્રાહ્મણો જેમને ઇષ્ટદેવ માને છે તે શિવજી મહાન વૈષ્ણવ છે.[૧૦] ભાગવત ભણ્યા હશો તો તેમાંથી પણ તમને આ રહસ્ય સમજાશે. શિવજી કહે છે કે 'હું વિષ્ણુ ભગવાનનું ધ્યાન કરું છું,' એવો ગરુડ પુરાણમાં પણ ઉલ્લેખ છે.[૧૧] આગળ મોટા મોટા ઋષિ મુનિઓ પરાશર, અગસ્ત્ય, હારિત, મરીચિ, શુકદેવજી, સનકાદિક, સૂતજી, જનમેજય, નારદ, ગર્ગ, ગૌતમ, ભૃગુ ઋષિ વગેરે વિષ્ણુ ભગવાનની ભક્તિ કરતા અને તેથી વૈષ્ણવો જ કહેવાતા હતા. આદિ આચાર્ય વ્યાસ પણ વૈષ્ણવ હતા અને ત્યારપછીના સર્વે આચાર્યો વૈષ્ણવો જ હતા અને વિષ્ણુ ભગવાનની જ ઉપાસના કરતા હતા. અમો એ નારાયણ વિષ્ણુની જ ઉપાસના પ્રવર્તાવીએ છીએ માટે વૈષ્ણવ ધર્મ એ જ સનાતન ધર્મ છે.

"વળી, તમે परधर्मो भयावहः એ ગીતાવાક્યનો અર્થ સમજ્યા વિના, શિવધર્મી વૈષ્ણવ થાય તેથી તેઓ પરધર્મી થયા એવું કહો છો પણ તે તમારી ભૂલ છે. જે વર્ણનો ધર્મ હોય તે જ સ્વધર્મ કહેવાય. બ્રાહ્મણોનો અહિંસા પ્રધાન ધર્મ છે, તે છોડીને બ્રાહ્મણો ક્ષત્રિયોનો ધર્મ પાળે તો તે પરધર્મ કહેવાય અને મોક્ષમાર્ગમાં ભયરૂપ પણ કહેવાય. બ્રાહ્મણોથી હિંસામય યજ્ઞો કરાય નહીં, અભક્ષ્ય ખવાય નહીં, મદ્યપાન થાય નહીં. બ્રાહ્મણો જગદ્‌ગુરુ કહેવાયા છે પરંતુ બ્રાહ્મણો દ્વારા મુમુક્ષુઓમાં કલ્યાણકારી એવો ભાગવત ધર્મ પ્રવર્તે તો જ તે જગદ્‌ગુરુપદ યથાર્થ કહેવાય. તે સિદ્ધ કરવા બ્રાહ્મણોએ ભાગવતધર્મી થવું જ જોઈએ."

મહારાજના શબ્દોની ધારી અસર થઈ. બ્રાહ્મણોને સમજાયું કે કેવળ

---

૧૦. वैष्णवानां यथा शम्भुः । – શ્રીમદ્‌ભાગવત.

૧૧. अहं ध्यायामि तं विष्णु परमात्मानमीश्वरम् ।
सर्वदं सर्वगं सर्वं, सर्वप्राणिहृदिस्थितम् ॥ – ગરુડ પુરાણ

કર્મકાંડમાં જ બ્રાહ્મણપણું માની, તેના અભિમાનમાં સર્વધર્મ પ્રત્યે દ્વેષ કેળવવાથી તો ઊલટું બ્રાહ્મણપણું સ્રવી જશે. તેમને સૌને પ્રતીતિ થઈ કે શુદ્ધ ભાગવત ધર્મનું પ્રસારણ આજે ભગવાન સ્વામિનારાયણ દ્વારા થઈ રહ્યું છે. તેમનાં શીશ મહારાજનાં ચરણકમળમાં નમી પડ્યાં. ઘણાએ વર્તમાન ધરાવ્યાં. સત્સંગીનું, વૈષ્ણવપણાનું બિરુદ ધારણ કરી ગૌરવાન્વિત થયા. મહારાજ તેમની સરળતા અને શુદ્ધ અંતઃકરણ જોઈ પ્રસન્ન થયા. નવા થયેલા સત્સંગી બ્રાહ્મણોએ હવે મહારાજને આગ્રહ કર્યો કે અમારી રસોઈ સ્વીકારવાની છે. તેમને સૌને રાજી કરવા મહારાજે ઉમરેઠમાં સાત દિવસ રહેવાનું નક્કી કર્યું.

આજે રૂપરામ ઠાકરની રસોઈ હતી. રસ ને રોટલીની રસોઈ બનાવી હતી. મહારાજને પોતાના પ્રિય સંતોને, ભક્તોને રસ પીરસી અતિ તૃપ્ત કરવાની ઇચ્છા હતી. વિષ્ણુ ભગવાનને નૈવેદ્યનો થાળ બ્રહ્મચારીએ ધરાવ્યો. ત્યારે મહારાજે તેમને કહ્યું : "રસમાં નાખવા ખાંડ મંગાવો."

બ્રહ્મચારીએ રૂપરામ ઠાકર પાસે રસમાં નાખવા ખાંડ માંગી. પણ સાથે ઊભેલા બીજા માણસો બોલ્યા કે "અમારા આ દેશમાં રસમાં ખાંડ નાંખવાનો ચાલ નથી." મહારાજ આ સાંભળી મૌન થઈ ગયા.

મહારાજ તો નૈવેદ્યનો થાળ જમી ગયા. પછી રૂપરામ ઠાકરના ઘરની પાસેના ખાંચામાં સંતોની પંક્તિ બેઠી હતી ત્યાં પધાર્યા. રૂપરામ ઠાકરે કહ્યું : "મહારાજ ! જગ્યા સાંકડી છે એટલે ચાર-પાંચ પંગત કરવી પડશે."

મહારાજે કહ્યું : "વાંધો નહીં. અમે બધી પંગતમાં પીરસીશું."

સ્વામી ! રસ કેવો ?

મહારાજે સંતોને રસ પીરસ્યો. ઉપર સારી રીતે ઘી પીરસ્યું. પછી મહારાજે રૂપરામ ઠાકરને કહ્યું : "ખાંડ લાવો, રસમાં ખાંડ નાંખવી જોશે."

પરંતુ ફરી પણ રૂપરામ ઠાકર બીજા કામમાં રોકાઈ ગયા અને ખાંડ આપવી ભૂલી ગયા. મહારાજે સંતોને સારી રીતે રસ પીરસ્યો. રસ પીરસતા જાય અને સંતોને કહેતા જાય : "સંતો રસ સારી પેઠે જમજો. જમ્યા જેવો છે." એમ કહી બ્રહ્માનંદ સ્વામી પાસે મહારાજ આવ્યા. તેમને મહારાજ રસ પીરસવા ગયા પણ તેમણે ના કહી. એટલે મહારાજે પૂછ્યું : "સ્વામી ! રસ કેવો છે ?"

એટલે તેમણે હસતાં હસતાં કહ્યું : "મહારાજ ! માથાના મોવાળા ઊભા થાય એવો રસ છે. રૂપરામ ઠાકરે કાંઈ ખામી રાખી નથી."

મહારાજ આ સાંભળી ખૂબ હસ્યા. છતાં તેમને રસ પીરસ્યો.

મહારાજ પછી ગુણાતીતાનંદ સ્વામી પાસે આવ્યા અને તેમને પૂછ્યું : "સ્વામી ! રસ કેવો ?"

સ્વામીએ કહ્યું : "મહારાજ ! અમૃત જેવો. રૂપરામ ઠાકરનો ભાવ અને આપ સાક્ષાત્ પીરસો એટલે એમાં શું ખામી હોય ?"

મહારાજે તેમને ખૂબ રસ પીરસ્યો. પાસે બેઠેલા તદ્રૂપાનંદ સ્વામીને પણ પીરસ્યો. સૌને અતિ તૃપ્ત કરી દીધા. હરિભક્તોને પણ ખૂબ પીરસીને જમાડ્યા. કાઠીઓને તાંસળીઓ ભરી ભરી રસ જમાડ્યો. પછી રૂપરામ ઠાકરની બારીએ કઠોડામાં બિરાજ્યા.

જાગનાથ મહાદેવના મંદિરના બહારના ચોગાનમાં મહારાજે સભા ગોઠવવાનુ કહ્યું હતું. પોતે ત્યા પધાર્યા અને વૃક્ષ નીચે ઢોલિયો ઢળાવીને બિરાજમાન થયા. સર્વે સંતો મહારાજની સન્મુખ બેસી ગયા. જેઠનો તાપ અસહ્ય હતો. તેથી અતિ જમીને અકળાયેલા સંતોને બેસવું કઠણ લાગતું હતું. પરંતુ મહારાજને તો તેમને સર્વ પ્રકારે ભીડામાં લેવા હતા. તેથી કહ્યું : "સંતો ! રૂપરામ ઠાકરનો ભાવ હતો એટલે રસમાં અમૃત વરસ્યું હતું. તેથી તમો બધા ખૂબ જમ્યા છો. હવે તે અન્ન પચાવવા કીર્તન-ભક્તિ શરૂ કરીએ."

એમ કહીને મહારાજે કહ્યું : "જેને ઝિલણિયાં પદો આવડતાં હોય તે ઊભા થઈને બોલે અને સભા બધી પદો ઝીલે."

આ સાંભળી સંતો અકળાયા. તેમને મનમાં એમ હતું કે મહારાજ જો આરામ કરવા પધારે તો ઝાડની નીચે જગ્યા જોઈને થોડો આરામ કરી લઈએ. પણ મહારાજની આ આજ્ઞાથી તેમના બધા સંકલ્પો બંધ થઈ ગયા. કોઈથી ઊભું થવાયું નહીં. છેવટે ગુણાતીતાનંદ સ્વામી ઊઠ્યા. તેમની સાથે તદ્રૂપાનંદ સ્વામી પણ ઊઠ્યા. સ્વામીને લગભગ પાંચસો કીર્તનો કંઠે હતાં. તેથી તેઓ બોલે ને તદ્રૂપાનંદ સ્વામી મોટેથી ઝિલાવે અને સભા કીર્તનો ઝીલે. લગભગ બે કલાક સુધી કીર્તન-ભક્તિ થઈ. સૂર્યને ઢાંકીને મેઘનાં વાદળાં આકાશમાં છવાઈ ગયાં. મેઘને વરસવું હતું પણ તેને મહારાજનાં દર્શન કરવાનો લોભ હતો. સંતોનાં કીર્તનો સાંભળી તેને થયું કે મહારાજની મૂર્તિનાં રસભર્યાં કીર્તનોથી સૌનાં અંતર અતિ શાંત થઈ ગયાં છે. મારી ઘનઘોર વર્ષા અંતર શાંત નહીં કરી શકે. છતાં પૃથ્વીમાંથી નીકળતા તાપને શાંત કરવા, વાતાવરણમાં ટાઢક લાવવા તેણે ઝરમર વર્ષા કરી. મહારાજે સંતોને કહ્યું : "તમે કીર્તન-ભક્તિ કરી તો મેઘ

વરસ્યો અને ટાઢક કરી દીધી.''

એટલામાં રૂપરામ ઠાકર ત્યાં દોડતા આવ્યા. મહારાજનાં ચરણમાં પડી ગયા : ''મહારાજ ! ક્ષમા કરો. અપરાધ થઈ ગયો.''

મહારાજે તેમને માથે હાથ મૂક્યો અને ઉઠાડ્યા. પછી પૂછ્યું : ''રૂપરામ ! શો અપરાધ થયો છે ?''

''મહારાજ ! રસમાં નાંખવા આપે ખાંડ માંગી પણ મારી ભૂલ થઈ. આપ ખાંડ વગર ખાટો રસ જમી ગયા. સેવાને બદલે મહારાજ ! આ તો કુસેવા થઈ ગઈ. બધા જ સંતો, હરિભક્તોને ખૂબ ખાટો રસ આજે મેં જમાડ્યો. મારા અંતરમાં બહુ બળતરા થાય છે.''

મહારાજે તેમને શાંત કર્યા. પછી તેમને કહ્યું : ''તમે આ બધા સંતોને પૂછો તો ખરા કે રસ ખાટો હતો કે મીઠો ?''

''અરે મહારાજ ! તેમને શું પૂછું ? મેં પોતે જ એક વાટકી ખાધો ત્યાં આખા શરીરમાં ખટાશ પ્રસરી ગઈ તો તેમને તો તમે તાંબડી તાંબડી રસ પાયો છે. તેમની હવે શી દશા થશે ? આપ પણ એવો ખાટો રસ જમી ગયા !''

''અમારા સંતોને જગતની ખટાશ ચડી ગઈ છે. એટલે તમારો રસ ખાટો લાગ્યો નથી, અમૃત જેવો લાગ્યો છે. કચવાશો નહીં.'' એમ કહીને મહારાજે સંતોને પૂછ્યું : ''સંતો ! રસ કેવો હતો ?''

એટલે સંતોએ કહ્યું : ''મહારાજ ! અમે તો આપનાં દર્શન કરતાં કરતાં જમતા હતા એટલે રસના સ્વાદની અમને કાંઈ ખબર નથી. પરંતુ આપે ખૂબ પીરસ્યો અને અમે ખૂબ જમ્યા. વળી, અત્યારે બે કલાક કીર્તન-ભક્તિ કરી એટલે પેટમાં પણ કાંઈ તેની અસર હવે તો જણાતી નથી.''

રૂપરામ ઠાકર આ સાંભળી રહ્યા. તેમણે મનોમન નક્કી કરી લીધું : ''હવે આખો જન્મારો ખાંડ ન ખાવી.''

બીજે દિવસે નરભેરામ દવેની રસ-રોટલીની રસોઈ હતી. તેણે આગલા દિવસના અનુભવથી કેરીઓ સારી જોઈને મંગાવી હતી. સાથે દળેલી ખાંડ પણ તૈયાર રાખી હતી. પ્રથમ મહારાજ જમ્યા. ત્યારબાદ સંતોને, ભક્તોને જમાડ્યા.

ઉમરેઠના બધા હરિભક્તોને મહારાજ તથા સંતો અને હરિભક્તોને જમાડવાનો ઉત્સાહ હતો. તેથી રસોઈઓ ચાલી. મહારાજે પછી નરભેરામને કહ્યું : ''હવે અમારે જવું જોઈએ.''

એટલે તેણે કહ્યું : ''મહારાજ ! કાલે મારી રસોઈ જમીને પછી આપ

નીકળજો.''

ત્યારે મહારાજે કહ્યું : ''તમારી રસોઈ તો જમ્યા છીએ.''

નરભેરામે કહ્યું : ''પરંતુ મહારાજ ! આજુબાજુના બ્રાહ્મણોને આમંત્રણ આપ્યું છે. સૌને આપનાં દર્શન થાય, આપની દૃષ્ટિપ્રસાદીની રસોઈ જમે તેથી સંસ્કાર થાય. બધી તૈયારીઓ થઈ ગઈ છે.''

મહારાજે તેનો ભાવ જોઈ રોકાવાનું કબૂલ્યું.

લાડુ કૈસે ખૂટેગા ?

તે દિવસે લાડુની રસોઈ રાખી હતી. પ્રથમ મહારાજ વિષ્ણુને નૈવેદ્ય ધરાવી જમવા બિરાજ્યા. પછી જ્ઞાતિવાર જુદાં જુદાં સ્થળોએ પંગત કરી, તેમને પીરસવાનું શરૂ કર્યું. નરભેરામના ઘર આગળથી જ બ્રાહ્મણોની પંગત શરૂ થઈ હતી.

એટલામાં મહારાજ જમીને ઊઠ્યા અને નરભેરામના ઘરની સામે હૃદયરામ શેલતના ઘરના દક્ષિણાદે ઓટલે ઊભા રહ્યા. પંગતમાં જમતા બ્રાહ્મણો જમતાં જમતાં બોલતા હતા : ''આ નરભેરામ ને રૂપરામ ઠાકરના ભગવાન છે.''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમને મનમાં થયું આ બ્રાહ્મણો પહેલાં જ્ઞાતિવાર ભગવાન જુદા માનતા હતા. હવે માણસ માણસના ભગવાન જુદા હોય એવા અજ્ઞાનમાં અટવાયા છે. એટલામાં રવિદત્તે આવીને મહારાજને પ્રાર્થના કરી : ''મહારાજ ! ઉપર કઠોડામાં બિરાજો તો સૌને આપનાં દર્શન થાય.'' મહારાજ તેના કઠોડામાં જઈને બિરાજ્યા.

નરભેરામને કોઈકે આવીને કહ્યું : ''નરભેરામ ! બ્રાહ્મણો વધી પડ્યા છે અને લાડવા ખૂટ્યા છે માટે જલદી બીજી રસોઈ કરાવો.''

નરભેરામે તરત જ કહ્યું ''રસોઈનો સામાન તૈયાર છે. તમે રસોઇયાઓને બોલાવો.''

બેઠી પંગતે લાડુ ખૂટ્યા એટલે નરભેરામના સંબંધીઓ આમતેમ દોડાદોડી કરવા માંડ્યા. તે જોઈ મહારાજ નીચે પધાર્યા અને નરભેરામની પાસે આવી પૂછ્યું : ''નરભેરામ ! આ બધી શી ધમાલ ચાલે છે ?''

તેમણે કહ્યું : ''મહારાજ ! હવે બધાં સગાં-સંબંધીઓ જમવા બેઠા છે અને લાડવા ખૂટ્યા છે. બેઠી પંગતે બ્રાહ્મણો ભૂખ્યા ઊઠે તો અમારું ખોટું દેખાય. એટલે બીજા લાડુ તૈયાર કરાવવા દોડાદોડી કરીએ છીએ. પણ રસોઇયા

જમીને ક્યાંક સૂઈ ગયા હોય એમ લાગે છે."

મહારાજ તેમને ગભરાયેલા જોઈ હિન્દીમાં બોલ્યા : "મોટા ! લાડુ તો બોત હૈ, ગ્રીથકા[૧૨] દીપક કીયા હૈ તો લાડુ કૈસે ખૂટેગા ?"

આ સાંભળી નરભેરામે નિસાસો નાંખીને કહ્યું : "મહારાજ ! લાડુ ક્યાંય નથી."

મહારાજે તેનો હાથ પકડ્યો. તેને કહ્યું : "ગ્રીથકા દીપક લાવ. તમે કેમ દેખતા નથી ?" એમ કહી પોતે ઉતાવળા ચાલ્યા. ઓરડાની બે સાખો ઉપર હાથ દઈ પોતે કહ્યું : "દેખો આખા ઓરડા લાડુથી ભર્યા છે અને ખૂટ્યા કેમ કહો છો ?"

નરભેરામે જોયું તો આખા ઓરડામાં ચોકીઓ લાડુથી ભરેલી હતી. તેનાં સગાં-સંબંધીઓ પણ આવ્યાં. તેમણે પણ જોયું. તેમને થયું : "આ શું ? આ ઓરડા તો બે વાર આવીને જોઈ ગયા હતા અને બધી ચોકીઓ ખાલી દેખી હતી ! આ તો મહારાજે પરચો બતાવ્યો !"

નરભેરામના આનંદનો પાર ન રહ્યો. મહારાજે પોતાની લાજ રાખી. તે મહારાજનાં ચરણારવિંદમાં પડી ગયા.[૧૩]

સામરખામાં વખતા પગીને ઘેર

મહારાજ ઉમરેઠમાં સાત દિવસ રહ્યા. પછી ઘણાખરા સંતો તથા હરિભક્તોને વરતાલ મોકલી દીધા. પોતે ત્યાંથી નીકળી રતનપુર, ડાગજીપરા, ભાલેજ, રાહતળાવ વગેરે ગામોમાં ફરતાં ફરતાં સામરખા પધાર્યા. અહીં વખતા પગીને ત્યાં મુકામ કર્યો. મહારાજને પોતાને ઘેર પધરાવવાનો તેને ઘણો ભાવ હતો પરંતુ તેવો યોગ જ આવતો ન હતો. તેના ભાવથી ભીના થઈને મહારાજ આજે તેને ત્યાં પધાર્યા.

વખતા પગી આ અણધાર્યા અવસરથી ઘેલા થઈ ગયા. મહારાજે તેને કહ્યું : "પગી ! તમારો ઘણો ભાવ હતો તેથી આવ્યા છીએ. તો ઝટ પૂજન કરી

૧૨. ઘીનો.

૧૩. નરભેરામ દવેના પ્રસાદીનાં ઘર, જે ઓરડામાં લાડુ હતા તે પ્રસાદીનો ઓરડો - બધું હજુ મોજૂદ છે. વધેલા લાડુ મહારાજ ઉમરેઠથી નીકળ્યા પછી ત્રણ દિવસ ગામને જમાડ્યા તોપણ વધ્યા. છેવટે ગાયોને ખવરાવ્યા ત્યારે ખૂટ્યા.

– શ્રી ઉમરેઠમાં લીલા ચિન્તવની; ચરિત્ર આઠમું

લ્યો. અમારે હમણાં જ નીકળવું છે.''

''અરે મહારાજ ! એમ તે કાંઈ જવાતું હશે ? આવો લાભ મળ્યો તે કાંઈ એમ હવે જવા દઈશ ? રસોઈ જમીને જ જવું પડશે.''

મહારાજ જાણતા હતા કે આ સામરખા ગામમાં આટલા સંતો, હરિભક્તો માટે સીધું મળે તેમ ન હતું. વળી, પગીના ઘરમાં પણ ટંકના દાણા હોય એટલે રોકાવું ઠીક નહીં. પણ વખતા પગી એમ કાંઈ છોડે તેવા ન હતા. તેણે તેના પગીઓને દોડાવ્યા. એટલે મહારાજે કહ્યું : ''જો જો, પગીપણું કરીને સીધું ન લાવશો. અમે એવી રસોઈ જમીશું નહીં.''

એ સાંભળી વખતા પગી હસ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! આપ મળ્યા ત્યારથી એ ધંધો છોડી દીધો છે. પણ અમારા એ વખતના ઘરાકો હવે અમારી લાજ-આબરૂ આવે વખતે રાખે છે. એટલે એમને ત્યાંથી બધું મળી જશે અને વખત આવ્યે તેમને પાછું આપી દઈશું.''

થોડો વખત થયો અને સીધા-સામગ્રી આવવા લાગી. મહારાજે કહ્યું : ''આટલી બધી સામગ્રી વાપરશો નહીં, અમને પૂછીને વાપરશો. અને તમારા ઘરાકોને નોતરાં આપ્યાં છે કે નહીં ?''

તરત જ પગીએ કહ્યું : ''હા, મહારાજ ! બધા જ આપનાં દર્શને આવ્યા છે.''

જરૂર પૂરતી સામગ્રીમાંથી મહારાજે રસોઈ બનાવરાવી અને બધાને સારી રીતે જમાડ્યા. મહારાજે પોતે પીરસ્યું. વખતા પગીના આગળના ઘરાકોને પણ મહારાજ પીરસવા પધાર્યા. તેમને પીરસતા જાય અને પૂછતા જાય : ''હવે આ પગીઓનો કાંઈ ત્રાસ તો નથી ને ?''

એટલે તેમણે હાથ જોડી કહ્યું : ''ના મહારાજ ! જે દિ'નો તેમને આપનો સંબંધ થયો છે, તે દિ'થી ઊલટું તે અમારું રખવાળું કરે છે અને કહે છે કે કોઈ તમને લૂંટે તો અમારો વાંક આવે અને અમારા મહારાજ અમને ઠપકો આપે.''

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા.

એ વખતે ત્યાં આણંદથી દિનકર પંડ્યા, લક્ષ્મીદત્ત, હરિશંકર, જીભાઈ, અજુભાઈ વગેરે હરિભક્તો આવ્યા. મહારાજ તેમને જોઈને હસ્યા. તેમણે હાથ જોડી મહારાજને કહ્યું : ''આપ અહીં સુધી પધાર્યા છો તો હવે આણંદ પધારો. અમારા ગામને પવિત્ર કરો.''

મહારાજે તેમને કહ્યું : ''પહેલાં તમે બધા જમી લ્યો, પછી આપણે વાત કરીશું.'' એમ કહી તે ભક્તોને જમાડી લીધા.

ક્ષમાના ખડ્‌ગ વડે ભૂમિનો ભાર હરવો છે

મહારાજે તેમને કહ્યું : ''જમ્યા પછી કોઠો ટાઢો થયો હોય એટલે વાત બેસે. તમે આણંદ આવવાનું કહ્યું પણ ત્યાંના લોકો દ્વેષી છે. ઉપાધિ કરશે અને તમને સુખ નહીં આવે !''

મહારાજની વાતનો મર્મ આ ભક્તો સમજ્યા નહીં. તેમણે તેમનો હઠાગ્રહ ચાલુ જ રાખ્યો. તેથી મહારાજે તેમને કહ્યું : ''ભલે, તમારો આગ્રહ છે તો અમે આવીશું.'' એટલું કહીને મહારાજે કહ્યું : ''આપણે બધા સંત-પાર્ષદો તૈયાર થઈ જાવ. આણંદ જવાનું છે. પણ તે પહેલાં અમારે એક વાત કરવી છે એટલે સભાની તૈયારી કરો.''

મહારાજની આજ્ઞા પ્રમાણે ઝાડ નીચે પાટ મૂકી મહારાજનું આસન તૈયાર કર્યું. સંતો, હરિભક્તો સૌ પાટની સન્મુખ બેસી ગયા.

મહારાજ પધાર્યા, પાટ ઉપર બિરાજ્યા. પાર્ષદોને, હરિભક્તોને સંબોધતાં મહારાજે કહ્યું : ''દાદાખાચર, ઝીણાભાઈ, કાકાભાઈ, પૂજાભાઈ, ભગુજી, જોબન, મૂળજી ચૌહાણ તમે સૌ અમારા સુભટ્ટો છો, શૂરવીર છો, અત્યાર સુધી અમારી સાથે રહીને અમારો ઉપદેશ સાંભળ્યો છે, અંતરમાં ઉતાર્યો છે. પરંતુ આજે અમારે તમને કહેવાનું એ છે કે અત્યાર સુધી આપણા સંતોનું વાંક વગર અપમાન થયું છે, તેમને માર્યા છે, તેમના ઉપર ત્રાસ વર્તાવ્યો છે; તોપણ તેમણે ક્ષમા રાખી તો તે ભેખ બધો આજે ઠેકાણે પડી ગયો છે. પેશ્વાઈ જતાં તેનું હવે કાંઈ ચાલતું નથી. આપણી સામું કોઈ હવે માથું ઊંચું કરી શકે તેમ નથી. આજે તમે બધા ક્ષત્રિય હરિભક્તો ભીમ અને અર્જુન જેવા શૂરવીર, આ ભગુજી પાર્ષદ, આ જોબન પગી અમારી સાથે છો. જો આગળ હવે કાંઈ અપમાન થાય, કોઈ ગાળો બોલે તો સહન કરી લેજો પણ શસ્ત્રો મ્યાનમાંથી બહાર કાઢશો નહીં. આપણે અક્ષરધામમાંથી ક્ષમારૂપી ખડ્‌ગ લઈ આ ભૂમિનો ભાર ઉતારવા આવ્યા છીએ. માટે એવો કોઈ પ્રસંગ આગળ આવે તો ક્ષમા રાખશો તો તમારી જીત થશે. પણ ખડ્‌ગ ઉગામશો તો હારી જશો અને અમારી પ્રતિષ્ઠાને લાંછન લગાડશો.''

શ્રીજીમહારાજની આ આજ્ઞામાં શૂરવીરોના ખમીરની કસોટી હતી. શૂરવીર હરિભક્તોના શૌર્યને દબાવી ભાગવત ધર્મના પ્રસારણ અર્થે ક્ષમા કેળવવાનો આદેશ હતો. આવા પ્રસંગો ઉપસ્થિત કરી મહારાજ કસોટી કરી લેતા. હરિભક્તોમાં પણ આજ્ઞાપાલનની ભાવના છે કે સ્વભાવને વશ થઈ

કેવળ દેહભાવે વર્તે છે તે પણ તેઓ તપાસી લેતા. સભા પછી તેઓ વખતા પગીના ઘરે પધાર્યા. ત્યાં રાત રોકાયા. સવારે નિત્યવિધિથી પરવારી આણંદના માર્ગે પ્રસ્થાન કર્યું.

વર્ણી અંતર્યામી જણાય છે

રસ્તામાં તળાવ આવ્યું. તેનું નિર્મળ નીર જોઈ મહારાજને સ્નાન કરવાની ઇચ્છા થઈ. તેમાં સ્નાન કરી સરોવરને તીર્થ બનાવી દીધું. મુકુંદાનંદ વર્ણીએ મહારાજ પાસે પેંડાનો ડબ્બો મૂક્યો અને કહ્યું : "મહારાજ ! થોડું જમો. ત્યાં શું થશે તે કોણ જાણે છે ? વિપ્રોનાં રાંધ્યાં ધાન પણ કદાચ પડ્યાં રહેશે અને આપણે ભૂંડે હાલે નીકળવું પડશે."

આ શબ્દો સાંભળી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ વર્ણી પણ અંતર્યામી જણાય છે. તે કહે છે તેમ જ બનવાનું છે. આ આપણા ઘોડાઓ પણ હણહણી રહ્યા છે."

એટલે કાઠી ભક્તોએ કહ્યું : "મહારાજ ! આ તો યુદ્ધનાં ચિહ્નો જણાય છે. નહીં તો ઘોડાઓ આ રીતે હણહણે નહીં."

મહારાજે કહ્યું : "જે ભગવાને ધાર્યું હશે તે થશે." એમ કહીને ત્યાંથી આણંદને રસ્તે સૌ ચાલ્યા.

સામરખામાં આવેલા વિપ્ર હરિભક્તો રાત્રે જ આણંદ પહોંચી ગયા હતા. રસોઈની તમામ તૈયારી કરાવી સવારે રસોઈ શરૂ કરી દીધી. હરિભક્તો માટે ઉતારાની વ્યવસ્થા કરી લીધી. મહારાજનું સ્વાગત કરવા સામૈયાની પણ તૈયારી કરી. મહારાજ પધારે છે તે સમાચાર તેમને મળ્યા. એટલે સામૈયા સાથે તેઓ મહારાજની સન્મુખ જવા નીકળ્યા.

આણંદમાં વિરોધનો વંટોળ

આણંદમાં ઉદ્‌ઘોષ થઈ ગયો : "સ્વામિનારાયણ તેના સંતો સાથે આવે છે. સાથે હરિભક્તોનો મોટો સમૂહ છે." આથી, વલ્લભ મંદિરના બે મુખ્ય કારભારીઓ પંડ્યા રામકૃષ્ણ તથા હરિભાઈ ક્રોધે ભરાયા. તેમને અંતરમાં બીક લાગી કે સ્વામિનારાયણનો ઉપદેશ સાંભળી વૈષ્ણવ સમાજ ભરમાશે. સૌ આ નવા પંથમાં ભળી જશે.

તેમણે વૈષ્ણવોને ભેગા કર્યા. તેમને કહ્યું : "સ્વામિનારાયણ ધર્મ એ તૂત

છે. વેદના મત પ્રમાણેનો એ ધર્મ નથી. જો તેમને આપણા ગામમાં પેસવા દેશું, તો આપણા વૈષ્ણવ ભક્તો ઉપર તેની વિપરીત અસર થશે. માટે તેનું અપમાન કરી ગામમાંથી ભૂંડે હાલે કાઢી મૂકવા એટલે ફરી આ ગામમાં આવવાનો વિચાર જ ન કરી શકે."

પંડ્યાના વાક્ચાતુર્યની ધારી અસર વૈષ્ણવ સમાજ ઉપર થઈ. યુવાનો પણ ઉશ્કેરાયા. તેમણે કહ્યું : "સૌએ નિર્ધાર કરી લેવો કે જે થવાનું હોય તે ભલે થાય પણ આજે તો સ્વામિનારાયણ સાથે ખરાખરીનો ખેલ ખેલી લેવો છે."

જોતજોતામાં ભરબજારમાં લોકોનું ટોળું જમા થયું. ઈંટોના ટુકડા, પથ્થર, ધૂળ, ગારો અને છાણ આ તેમનાં શસ્ત્રો હતાં. કેટલાકે લાકડીઓ અને ધારિયાં પણ લીધાં હતાં. કાં મરવું, કાં મારવા એવા ભાવમાં આવી સૌ શૂરવીરતાનો ઓપ ચઢાવી મેદાનમાં તૈયાર ઊભા હતા.

આણંદના હરિભક્તોએ મહારાજનું સામૈયું કર્યું ત્યારે મહારાજે તેમને પૂછ્યું : "ગામમાં લોકોને કેવો ભાવ છે ?"

એટલે તેમણે સહજભાવે જ કહ્યું : "મહારાજ ! ગામના લોકોનું શું કામ છે, અમે તો અમારા જેવા ભક્તો માટે આપને તેડાવ્યા છે."

છતાં મહારાજે વ્યૂહ રચવાનું નક્કી કર્યું. તેમણે કહ્યું : "પ્રથમ હરિભક્તો ધૂન કરતા ચાલો, તેમની પાછળ સંતો કીર્તન-ભક્તિ કરતા નીકળે, પછી અમે અને અમારી આસપાસ કાઠી હરિભક્તો, પાછળ પાર્ષદો. આ પ્રમાણે સૌએ ચાલવાનું." આ પ્રમાણે મહારાજે સૂચના આપી સૌને કહ્યું : "સાંભળો, ફરી સૌને અમે કહીએ છીએ. ક્ષમા રાખજો, ઉશ્કેરાશો નહીં. કોઈ પ્રકારની ધાંધલ કરશો નહીં." એટલું કહીને મહારાજે કહ્યું : "હવે સૌ ચાલો."

આણંદના હરિભક્તો મહારાજના આ શબ્દો સાંભળી હેબતાઈ ગયા. તેમને થયું કે આવું તો આપણે ધાર્યું જ ન હતું છતાં મહારાજે આ પ્રમાણે કેમ કહ્યું ? તેમને નક્કી થયું કે કાંઈ ધાંધલ થશે ખરી. છતાં મહારાજનું નામ લઈને બધા હરિભક્તોના સંઘ સાથે તેઓ આગળ ચાલ્યા.

બજારમાં સંઘ દાખલ થયો કે તરત જ ત્યાં જમા થયેલા લોકોનાં ઉશ્કેરાયેલાં ટોળાંએ ધૂળ, ઈંટો, પથ્થર, ગારો, છાણ વગેરે તેમના ઉપર નાંખવાનું શરૂ કર્યું. મોઢેથી ભૂંડી ગાળો બોલી કહેવાતા વૈષ્ણવોનો ભાવ પ્રગટ કરવા લાગ્યા. પણ સંતોનું ખમીર તો જડભરત અને કદરજની સ્મૃતિ કરાવે તેવું હતું. તેઓ કીર્તનો ગાતા હતા, મહારાજની મૂર્તિની સ્મૃતિ કરતા હતા. તેમની

ભક્તિના રંગે રંગાયેલા હતા તેથી આ રંગ તેમને અડ્યો નહીં. તેમને હસતા જોઈ લોકોનું ટોળું વધારે ઉશ્કેરાયું, જાણે હોળીના ઘેરૈયા હોય તેમ ફાગ બોલવા માંડ્યા. મહારાજ પોતાના સંતોની ધીરજ જોતા હતા. તેમની સ્થિતપ્રજ્ઞ સ્થિતિથી અંતરમાં ખૂબ પ્રસન્ન હતા.

હરિભક્તોના પણ એવા જ હાલ થયા. મહારાજની આજ્ઞા હતી તેથી સૌ સહન કરી રહ્યા. તેમના મુખ ઉપર ઉશ્કેરાટના ભાવ દેખાતા ન હતા. પણ જ્યારે મહારાજ ઉપર પણ ધૂળના ગોટા પડવા લાગ્યા, ત્યારે તેઓ ઉશ્કેરાયા. અનંત કોટિ બ્રહ્માંડના પતિ, જેમને ભક્તો સોના-રૂપાનાં ફૂલે વધાવતા, જેમને પુષ્પહારોથી નવાજતા, જેમના શરીરે ચંદનના લેપ કરી પોતે શીતળ થયાની તૃપ્તિ અનુભવતા, તે પોતાના ઈષ્ટદેવ ઉપર પણ છાણ, ધૂળ, પથ્થર અને ઈંટોના ટુકડા ઉડાડ્યા ! તેમનું હૈયું હાથ રહ્યું નહીં.

કહેવાતા આ વૈષ્ણવોનું અજ્ઞાન જોઈ મહારાજ તો હસતા હતા.

ભગુજી શાપ દે છે

ભગુજી ઉશ્કેરાઈ ગયા. તેમણે મ્યાનમાંથી તલવાર કાઢી. બેઠી દડીના, શરીરે મજબૂત, મારવાડના આ ક્ષત્રિય વીરની તલવાર પણ તેના કદ જેવડી જ હતી. એક ઝાટકાથી જનોઈવાઢ ઘા કરીને દેહના બે ટુકડા કરી નાખવાની શક્તિ ધરાવતા આ પાર્ષદને મહારાજે હાથમાં તલવાર લેતા જોયા. એટલામાં તો જોબન પગીએ પણ પોતાનું તીરકામઠું કાઢીને નિશાન તાક્યું. ઉશ્કેરાટ વધ્યો. દાદાખાચરના હાથમાં બરછી ફરતી દેખાણી. મહારાજે જાણ્યું કે જો આ શસ્ત્રોનો ઉપયોગ અત્યારે થશે તો જીતેલી બાજી હારી જવાશે અને આપણા ધર્મસ્થાપનના કાર્યમાં મોટો વિક્ષેપ થશે. તેમણે તરત જ હાકલ કરી : "અત્યારે કોઈ પણ જો શસ્ત્રનો ઉપયોગ કરશે, તો તે ગુરુદ્રોહી અને વચનદ્રોહી ગણાશે. માટે શસ્ત્રો મ્યાન કરી દો."

મહારાજની હાક સાંભળી શૂરવીર ક્ષત્રિયોનાં હૈયા બેસી ગયાં. મહારાજની આજ્ઞા હતી, નહીં તો એક જ ક્ષણમાં આ ક્ષત્રિયોની રમતથી આણંદના ચૌટામાં લોહીની નદી વહેતી થઈ જાત. નિઃશ્વાસ નાખતાં તેમણે શસ્ત્રો તો મ્યાન કર્યાં પરંતુ તેમના મુખ ઉપર ક્રોધની લાલાશ ઓછી થઈ નહીં. ભગુજી ઉશ્કેરાયેલા ટોળા સન્મુખ આવ્યા. તેમણે કહ્યું : "તમને ખતમ કરતાં આટલી જ વાર લાગે, પણ મારા ઈષ્ટદેવની આજ્ઞા નથી. છતાં શસ્ત્રથી નહીં

પરંતુ વાણીથી હું કહું છું કે આ પાપકર્મ કરનારા સૌ નિર્વંશ જશે. તેમની દીકરીએ પણ દીવો રહેશે નહીં.''

ભગુજીની આ શાપવાણીથી તે બધા બી ગયા. તે બધા રામકૃષ્ણ અને હરિભાઈ પંડ્યા તરફ ફર્યા. આ વિપ્રોની આ પાપ પ્રવૃત્તિથી ઓટલે ઊભા રહીને તમાશો જોતા સૌ ઉશ્કેરાયા. ટોળું તેમના તરફ દોડ્યું. બંને જણા મંદિરમાં પેસી ગયા અને અંદરથી કમાડ બંધ કરી દીધાં.

મહારાજે સંઘને કહ્યું : ''સૌ પાછા વળો.'' એટલે સંઘ પાછો વળ્યો.

દિનકર પંડ્યા, અજુભાઈ, જીભાઈ વગેરે આંખમાં અશ્રુ સાથે મહારાજને તથા સંઘને પાછા વળતા જોઈ રહ્યા. તેઓ કાંઈ બોલી શક્યા નહીં. મહારાજે સામરખામાં જ કહ્યું હતું, પરંતુ તે મર્મ તેમને સમજાયો ન હતો. અતિ હઠાગ્રહથી પોતાના ઈષ્ટદેવનું અને તેમના સંતો-હરિભક્તોનું આવું અપમાન થયું તેથી તેમને અંતરમાં અત્યંત બળતરા થઈ.

આજ ઈડરિયો ગઢ જીત્યા

મહારાજ સંઘ સાથે ગામ બહાર નીકળી ગયા. બહાર ગોંસાઈની વાડીમાં વડના વૃક્ષ નીચે ઊભા રહ્યા. માણકી ઉપરથી ઊતરી ત્યાં કૂવામાંથી પાણી પીધું. સૌ સંત-હરિભક્તોએ પણ પોતાનાં વસ્ત્રો ત્યાં ખંખેર્યાં. હાથ, પગ અને મોં ધોઈ સૌ સ્વસ્થ થઈ ગયા. ત્યાંથી વરતાલ પધાર્યા અને જ્ઞાનબાગમાં આંબા નીચે આવી બિરાજ્યા. વરતાલના હરિભક્તોને મહારાજ પધાર્યા તે સમાચાર મળ્યા એટલે તે બધા ત્યાં આવી ગયા. સંતો અને હરિભક્તોના વરવા વેશ જોઈ બધા પૂછવા લાગ્યા. મહારાજે સભામાં જ વાત કરી : ''આજે આપણે સૌ જીતીને આવ્યા છીએ.''

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''હા મહારાજ ! જીત્યા તો ખરા. આપણી જીતથી આણંદના ભક્તોએ આપણને ધૂળ, છાણ, ગારો, ઈટાળા અને પથ્થરથી કેવા વધાવ્યા ! વળી, જાનૈયા જાનમાં જાય ત્યારે તેમનેય માંડવાપક્ષ તરફથી ગાળો સાંભળવી પડે, પણ ગાળો સાંભળ્યા પછી મહામૂલું જમણ મળે અને આપણે એવો જમવાનો ભાવ છોડીને કેવળ ગાળો જ ખાધી. આજે તો જાણે ઈડરિયો ગઢ જીત્યા હોઈએ એવું પરાક્રમ કરીને આવ્યા છીએ.''

બ્રહ્મમુનિની આ વાણી સાંભળી સૌ હસવા લાગ્યા. ત્યારે તેમણે કહ્યું : ''જુઓ, આ મારા શરીર ઉપરનો ગુલાલ તો બે-ત્રણ દિવસ બરાબર સ્નાન

કરીશ ત્યારે જ જશે. આ વસ્ત્રો પણ ત્યારે જ ચોખ્ખાં થશે. તુંબડી અને પત્તર તો ફૂટી ગયાં છે પણ તે તો મહારાજની દયાથી મળશે.''

તરત જ મૂળજી મારવાડી બોલ્યા : ''મહારાજ ! આજે તો આપે અમારી લાજ ઘટાડી દીધી.''

મહારાજે તરત જ કહ્યું : ''અમારી આજ્ઞા પાળી એટલે તમારી લાજ ઊલટી વધી છે. લડ્યા હોત તો વેર બંધાત, સરકાર કેદમાં પણ નાંખી દેત. પણ જો ધીરજ રાખી, તો અત્યારે કેટલી શાંતિથી બેઠા છીએ ! હવે તો તેમને જ સૌને પસ્તાવો થશે. આપણને તેડવા આવશે અને તેમાંથી કેટલાક સારા સત્સંગી પણ થશે.''

મહાન પુરુષોના વિચારો, તેમનું કાર્ય માનવબુદ્ધિને સદા અગમ્ય જ રહે છે. આજે મહારાજે આ એક જ પ્રસંગથી સ્વામિનારાયણના સંતોની સાધુતાનાં દર્શન કરાવ્યાં, શૂરવીર હરિભક્તોની ક્ષમાશીલતા બતાવી અને અસુરોનો આસુરભાવ પ્રદર્શિત કરાવી દીધો. તેમને મન આ અપમાનનો પ્રસંગ ન હતો. પરંતુ સત્સંગની પ્રતિષ્ઠા અને ગૌરવનો આ પ્રસંગ હતો. આષાઢી સંવત ૧૮૭૪ના જેઠના શુક્લ પક્ષની આ ઐતિહાસિક તિથિ છઠ્ઠની હતી.[૧૪]

બ્રહ્મચારીએ મહારાજ માટે થાળ તૈયાર કરી દીધો અને મહારાજને તેડવા આવ્યા. મહારાજ જમવા પધાર્યા.

મહારાજ વરતાલમાં થોડા દિવસો રહ્યા પછી ત્યાંથી નીકળી ફરતાં ફરતાં ગઢપુર પધાર્યા.

દાદાખાચર ગઢપુર પહેલા પહોંચી ગયા હતા તેથી તે તથા જીવાખાચર,

૧૪. આ પ્રસંગ પછી આણંદમાં આધિભૌતિક અને આધિદૈવિક ઉપાધિઓ ઘણી આવી. તેથી લોકો દુઃખી થઈ ગયા. તેમને સમજાયું કે સ્વામિનારાયણ ભગવાન અને તેમના સંતો, હરિભક્તોનું વગર વાંકે અપમાન કરવાથી જ આ દુઃખ આવ્યું છે. વળી, ભગુજીએ શાપ દીધો છે, તેથી તો શુંનું શું થઈ જશે એવી પણ બીક તેમને લાગવા માંડી. તેથી દિનકર પંડ્યા, અજુભાઈ વગેરેને મળી ઉમરેઠના જીભાઈ શેલત, મલ્લિકાર્જુન ભટ્ટ, વસનદાસ, તેના પુત્ર બાવાજી, પગી સબળસિંહ વગેરે મહારાજ પાસે વરતાલ ગયા. મહારાજની ક્ષમા માગી અને પ્રસન્ન થઈ સૌને આશીર્વાદ આપવા પ્રાર્થના કરી. મહારાજે તેમને આશીર્વાદ આપ્યા, કંઠી પહેરાવી, વર્તમાન ધરાવ્યા.

મહારાજના આશીર્વાદથી આણંદમાં સત્સંગ ખરેખરો જામ્યો. સૌ સુખી થયા. ભગુજીના શાપનું પણ નિવારણ થઈ ગયું !

ભાયાતો વગેરે મહારાજનું સ્વાગત કરવા સામે જવા તૈયાર થયા. તે વખતે ભાવનગર રાજ્યના કારભારી જેઠાલાલ મહેતા ત્યાં આવ્યા હતા. તેને મહારાજ પ્રત્યે ભાવ ન હતો. દાદાખાચરના ગરાસના કજિયામાં તેનો હાથ વિશેષ હતો. પરંતુ આ વખતે લોકલાજથી તેને પણ આ પ્રસંગમાં ભાગ લેવો પડ્યો.

મહારાજ દરબારમાં પધાર્યા. મહારાજનાં દર્શન કરી સૌ ગદ્‌ગદ થઈ ગયા. મહારાજે કહ્યું : ''ભગવાનની પ્રાપ્તિ થયા પછી અખંડ આનંદ માણવો. ભગવાન છેટા ગયા છે, દૂર છે એવો ભાવ રાખી અંતરમાં શોક તો ક્યારેય કરવો નહીં. શોક કરવાનો સ્વભાવ હશે તો સત્સંગમાં ક્યારેક વિક્ષેપ આવશે.'' એ ઉપદેશ વચનો કહી મહારાજે સૌને ધીરજ આપી જ્ઞાનનું જાણપણું આપી દીધું.

ઉદ્‌ગીથ ૪



મુકતાનંદ સ્વામીએ કરેલો દિગ્વિજય

(આ.સં. ૧૮૭૪-૭૫, ઈ.સ. ૧૮૧૮)

વડોદરાનો સત્સંગ

ગોપાળાનદ સ્વામી જ્યારે પૂર્વાશ્રમમાં હતા ત્યારે વડોદરા રાજ્યના સરસવણી ગામમાં અને પછી વડોદરા શહેરમાં રહી પોતાના યોગૈશ્વર્યથી તેમણે શ્રીજીમહારાજના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનું જ્ઞાન અનેક મુમુક્ષુઓને દૃઢ કરાવ્યું હતું. આથી વડોદરા શહેરમાં સત્સંગ ધીરે ધીરે પ્રવર્તતો જતો હતો. ત્યાંના નાથ ભક્ત, સદાશિવભાઈ, વૈદ્યરાજ રામચંદ્રભાઈ વગેરેને સ્વામીના સમાગમથી સત્સગ અતરમા દૃઢ થતો ગયો.

પરંતુ ત્યાંના દીવાન બાબાજી આપાજી અને એનો પુત્ર વિઠ્ઠલરાવ બાબાજી સત્સંગ પ્રત્યે પ્રથમથી જ દ્વેષ ધરાવતા હતા. તેમને તેમના રાજ્યમાં સત્સંગની પ્રવૃત્તિઓ ખતરનાક લાગી. તેથી તેને દાબી દેવા પોતાની રાજ-સત્તાનો ઉપયોગ કરવા લાગ્યા. પણ પ્રભુસત્તા પાસે રાજસત્તા કામયાબ ન નીવડી. શ્રીજીમહારાજ પ્રત્યેની તેમની નિષ્ઠાના બળથી, ગોપાળાનંદ સ્વામીના પ્રસંગથી સત્સંગીઓનું ખમીર અતૂટ રહ્યું. આથી દીવાન વધુ ધૂંધવાયો. વળી, તેની પત્ની તુળજાબાઈને સત્સંગનો રંગ લાગ્યો હતો, તેથી બળતામાં ઘી હોમાયું હોય એવી તેની સ્થિતિ થઈ હતી. છતાં તુળજાબાઈ પ્રત્યેના સ્નેહને કારણે ક્વચિત્ તે નરમ પડી જતો. તુળજાબાઈને મહારાજનાં દર્શન થતાં, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીનાં દર્શન થતાં; તે સર્વ વાત તે તેના પતિને કહેતી. દીવાન તે વાતોને હસી કાઢતો. પણ જ્યારે તુળજાબાઈના દેહનો અંત આવવાનો સમય થયો, ત્યારે તેણે ત્રણ દિવસ અગાઉ તેના પતિને કહ્યું : "મને શ્રીજીમહારાજ અને ગોપાળાનંદ સ્વામી રોજ દર્શન દે છે અને આજથી ત્રીજે દિવસે ધામમાં તેડી જશું તેવું કહે છે. તો તમે ધીરજ રાખશો અને મહારાજ પ્રત્યે ભક્તિભાવ

કેળવી સત્સંગીઓના અપરાધ કર્યા છે તેની ક્ષમા માંગશો.''

બાબાજી દીવાનને પોતાની સ્ત્રીના મૃત્યુની આગાહીના શબ્દો ભારે પડ્યા. છતાં તેણે આશ્વાસન લીધું કે તદ્દન નીરોગી પત્નીનું ત્રીજે દિવસે અવસાન થાય તે શક્ય નથી, તેની ઘેલછાને લઈને જ તે આવું બોલી રહી છે.

બરાબર ત્રીજે દિવસે તુળજાબાઈને શ્રીજીમહારાજ અને ગોપાળાનંદ સ્વામીનાં દર્શન થયાં. તેણે તેના પતિને કહ્યું : ''જુઓ, મહારાજ પધાર્યા છે, સાથે ગોપાળાનંદ સ્વામી પણ છે અને મને હમણાં જ અક્ષરધામમાં તેડી જશે. તો તમે સત્સંગ પ્રત્યે ભાવના રાખશો. એ જ મારે તમને છેલ્લા કહેવાનું છે.'' એટલું કહીને તેણે 'જય સ્વામિનારાયણ' કહ્યા અને આંખો મીંચી દીધી.

બાબાજી દીવાન મૃત્યુ પામે છે

બાબાજી આ જોઈ રહ્યો. પોતાની નજર સમક્ષ તુળજાબાઈને દેહ મૂકતાં તેણે જોઈ. સ્વામિનારાયણ અને તેના સંત તેને દર્શન આપી તેડવા આવ્યા હતા એ તેને તો ન દેખાયું પરંતુ તુળજાબાઈને તે દર્શન થયાં. એક જ ક્ષણમાં તેના પ્રાણ નીકળી ગયા અને પોતે વડોદરા રાજ્યનો દીવાન, સર્વસત્તાધીશ કાંઈ જ કરી શક્યો નહીં. સત્સંગ પ્રત્યે તેને દ્વેષ હતો. એ દ્વેષ પોતાની પત્નીના છેલ્લા શબ્દોથી ઓસરી જવો જોઈએ પરંતુ તે વધુ ધૂંધવાયો. તેને લાગ્યું કે સ્વામિનારાયણે પોતાની મેલી સાધનાના બળથી તેની સ્ત્રીને મારી નાંખી છે. આ દ્વેષનો અગ્નિ અને પ્રિય પત્નીનો વિરહ તેના અંતરને રાત-દિવસ બાળવા લાગ્યો. પત્નીના અવસાન પછી ત્રીજે જ મહિને તેનું પણ મૃત્યુ થયું.

તેના મૃત્યુ બાદ ગંગાધર શાસ્ત્રી દીવાનપદે નિમાયા પરંતુ પૂનામાં તેમનું ખૂન થયું. તેથી બાબાજી આપાજીનો ભત્રીજો વિઠ્ઠલરાવ દેવાજી[૧૫] દીવાનપદે નિમાયો. તેના પિતરાઈ ભાઈ વિઠ્ઠલરાવ બાબાજીએ સત્સંગ પ્રત્યે કેળવેલાં વેરનાં બીજ તેના લોહીમાં પણ હતાં. સત્સંગ દિન-પ્રતિદિન વધતો જતો હતો તેથી એ વૈરાગ્નિ વધુ પ્રજ્વલિત થયો.

---

૧૫. બાબાજી આપાજીએ વંશપરંપરાગત રીતે મેળવેલું વડોદરા રાજ્યનું દીવાનપદ તેના ગુજરી ગયા પછી તેના પુત્ર વિઠ્ઠલરાવ બાબાજી અને તેના કાકાના દીકરા વિઠ્ઠલરાવ દેવાજીને મળ્યું. પરંતુ લોકો બંનેને બાબાજીના નામથી જ ઓળખતા હતા. સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં આથી જ શ્રીહરિની પધરામણી વખતે બાબાજીનો ઉલ્લેખ હોવાનું જણાય છે. – 'વડોદરાનું સત્સંગ દર્શન'; પૃ. ૯૫.

તેણે મલિનવિદ્યામાં પ્રવીણ એક દક્ષિણી બ્રાહ્મણ ઢુંઢુબાને સાધ્યો. તેની મંત્રવિદ્યાના બળથી ગોપાળાનંદ સ્વામીને મારી નાંખવા માટે તેને પુષ્કળ પૈસા આપવાની લાલચ આપી. પણ જેવી પિબેકની કે મગનીરામની દશા શ્રીજીમહારાજ પાસે થઈ હતી, તેવી જ આ ઢોંગી ઢુંઢુરાવની દશા ગોપાળાનંદ સ્વામી પાસે થઈ. સ્વામીશ્રીએ તેને સમાધિ કરાવી યમપુરીની યાતના ભોગવાવી. તેની નાની પુત્રી મથુરાએ વિનંતી કરી સ્વામીને કહેવરાવ્યું. આથી, સ્વામીએ તેને જાગ્રત કર્યો. થોડી વારે તે સ્વસ્થ થયો અને પછી તરત જ ઊઠીને ગોપાળાનંદ સ્વામીનાં ચરણમાં આળોટવા લાગ્યો. પોતાના ગુનાની ક્ષમાયાચના કરતાં તેણે કહ્યું : "સ્વામી ! મેં અનેક પાપકર્મ કર્યાં છે. નિર્દોષ જીવોને શિક્ષા કરી છે, નાણાં પડાવ્યાં છે. એ પાપની પરાકાષ્ઠાના ફળરૂપે મારી મલિનવિદ્યા આપના ઉપર અજમાવવાનું મેં ઘોર કૃત્ય કર્યું. તેનું ફળ મને મળી ગયું. મને ક્ષમા કરો અને આપનો આશ્રિત બનાવો."

સ્વામીએ તેના માથા ઉપર બે હાથ મૂક્યા. પછી કહ્યું : "ઢુંઢુબા ! તમે બ્રાહ્મણ છો, ગીતા-ભાગવતના અભ્યાસી છો, આવા મોક્ષપ્રદ ગ્રંથો છોડી મલિનવિદ્યાના રવાડે કેમ ચડી ગયા ! હવે એ કુસંગ છોડી સત્શાસ્ત્રોનો અભ્યાસ કરજો. તમારી નાની પુત્રી મથુરા યોગભ્રષ્ટ આત્મા છે, પરમ ભક્ત છે. તમે તેના પિતા છો, પણ પિતાના પદનું અભિમાન છોડી આ પુત્રીનાં વચન પ્રમાણે વ્યવહાર કરજો."

ઢુંઢુબાનું પણ પરિવર્તન થયું તે જાણી વિઠ્ઠલરાવ દીવાનને આઘાત થયો. તેને લાગ્યું કે આ સત્સંગની પ્રવૃત્તિને દબાવવાના જેટલા પ્રયત્નો અત્યાર સુધી કર્યા તે નિષ્ફળ ગયા; એટલું જ નહીં પરંતુ સત્સંગ પણ હવે પ્રમાણમાં ખૂબ વધતો જતો હતો. તેને નિર્મૂળ કરવા માટે હવે રાજસત્તાનો ઉપયોગ કર્યા સિવાય ચાલે તેમ ન હતું.

આ દરમિયાન આનંદરાવ ગાયકવાડ ગુજરી ગયા અને રાજગાદી ઉપર સયાજીરાવ બીજા આવ્યા. સયાજીરાવ સગીર હતા, છતાં વિચક્ષણ હતા. રાજ્ય-કારભાર દીવાન વિઠ્ઠલરાવની સલાહથી ચાલતો, પણ પ્રભાકર દીક્ષિત જે ભાઉ પુરાણિક નામે ઓળખાતા હતા તેમને તથા બાબાસાહેબને તેઓ પોતાની સાથે રાખતા. વળી, નારુપંત નાના ખાનગી કારભારી હતા. તે પણ રાજ્ય-હિતમાં જ કાર્ય કરતા એટલે સયાજીરાવને તેનો પણ સહારો હતો.

દીવાન રોજ સત્સંગ વિરુદ્ધ અને ગોપાળાનંદ સ્વામી વિરુદ્ધ ગાયકવાડ

સરકારને વાતો કરતા. સાત્ત્વિક પ્રકૃતિના સયાજીરાવ આવી વાતો સાંભળી કંટાળી ગયા. તેમણે ભાઉ પુરાણિકને તથા નારુપંત નાનાને એક પછી એક સ્વામી પાસે મોકલ્યા. સ્વામીની દિવ્ય પ્રતિભાથી અને શ્રીજીમહારાજ પ્રત્યેની અનન્ય ભક્તિથી તેઓ પણ અંજાયા અને સત્સંગી બની ગયા ! આથી દીવાન નાઈલાજ બની ગયા. તેના બધા પાસા અવળા પડતા ગયા. છેવટે પુરબિયાને નાથવા તેણે રાજ્યના સેનાપતિ બાપુસાહેબને મોકલવા વિચાર કર્યો. બાપુ-સાહેબ પણ પુરબિયા બ્રાહ્મણ હતા. ન્યાત ન્યાતને મારે એ સિદ્ધાંત અનુસાર બાપુસાહેબ પોતાના સો માણસો સાથે શ્રીજીમહારાજને મહાત કરવાના કોડ લઈને વરતાલ ગયા. મહારાજનો પ્રતાપ જોઈ તે પણ મહાત થઈ ગયા અને સત્સંગી બની ગયા !

સયાજીરાવ ગાયકવાડ સત્સંગી બને છે

સયાજીરાવને આ સમાચાર મળ્યા. ભાઉ પુરાણિક, નારુપંત નાના, બાપુસાહેબ એક પછી એક પોતાના ચુનંદા અધિકારીઓ સ્વામિનારાયણના પ્રતાપથી ખેંચાયા છે. તેથી સ્વામિનારાયણમાં અને તેમના સંતવર્ય ગોપાળાનંદ સ્વામીમાં કાંઈક પ્રભાવ જરૂર હશે જ તેમ માની, પોતે જ ગોપાળાનંદ સ્વામીને મળવા માટે પોતાના અધિકારીઓ સાથે નાથ ભક્તના વાડામાં ગયા.

સૌમ્યમૂર્તિ સ્વામીના દેહની કાંતિથી તેઓ અંજાયા. તેમની દૃષ્ટિથી તેમના અંતરના ભાવો નિર્મળ બની ગયા. સત્-અસત્‌ની, આત્મા-પરમાત્માની દિવ્ય વાતોથી તેમનું અંતર રંગાયું. ભગવાન સ્વામિનારાયણના મહિમાની વાતો સાંભળી તેમનું હૈયું પણ તે ભગવાનના આશ્રિત બનવા તલસી રહ્યું.

ગોપાળાનંદ સ્વામીએ જાદુ કર્યું. સયાજીરાવ સરકારે તેમનાં ચરણમાં નમસ્કાર કર્યા. પછી કહ્યું : "સ્વામી ! આપ સરકાર વાડામાં પધારો. અમારું દેવઘર પાવન કરો. આપની દિવ્ય વાતોથી હું મનોમન તો ભગવાન સ્વામિ-નારાયણનો આશ્રિત થઈ જ ગયો છું, પરંતુ એ માટે જે કાંઈ વિધિ કરવાની હોય તે આપ અમારા દેવઘરમાં પધારો ત્યારે કરીશ."

સ્વામી તેમની મુમુક્ષુતાથી પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું : "સરકાર ! અનુકૂળતા આવશે એટલે જરૂર આવીશું. આપનો ભાવ છે તે ભગવાન સ્વામિનારાયણ પૂરો કરશે."

એકવીસ વર્ષના યુવાન તેજસ્વી રાજા સયાજીરાવ ગાયકવાડ ગોપાળાનંદ સ્વામીની પ્રતિભાથી આકર્ષાયા, સત્સંગના રંગે રંગાયા. વડોદરા રાજ્યમાંથી

સત્સંગને નિર્મૂળ કરવાનું દીવાનનું સ્વપ્ન હવે એક સ્વપ્ન જ બની રહ્યું. રાત્રીમાં પણ તે ઝબકીને જાગી જતો. તેને બધે જ સ્વામિનારાયણના ઓળા પથરાતા દેખાવા લાગ્યા. ક્રોધના આવેશમાં તે ક્યારેક હોઠ પીસતો, ક્યારેક નખ કરડતો, ક્યારેક પોતાના છૂટા વાળ ઝનૂનથી ખેંચતો. તેને લાગ્યું કે તે સ્વામિનારાયણને આ રીતે ચીરી રહ્યો છે. ઝનૂનથી શરીરમાંથી કાઢેલા લોહીને તે પીતો અને સ્વામિનારાયણનું લોહી તે પીવે છે એવા આનંદથી તે અટ્ટહાસ્ય કરતો. ક્યારેક તેને તેના શયનખંડમાં સ્વામિનારાયણ દેખાતા. તેને લાગતું કે સ્વામિનારાયણ તેને પકડવા આવ્યા છે. તે તેમના તરફ દોડતો અને ભીંત સાથે તેનું માથું અફળાતું. સ્વામિનારાયણ પ્રત્યેનો વૈરાગ્નિ તેના રોમેરોમમાં વ્યાપી ગયો.

વેદાંતાચાર્ય વડોદરામાં

આ જ અરસામાં વરતાલમાં શ્રીજીમહારાજ પાસે શાસ્ત્રાર્થમાં પરાજય પામેલા વેદાંતાચાર્ય વડોદરામાં આવ્યા. તેમને ખબર પડી કે રાજ્યનો દીવાન સ્વામિનારાયણનો કટ્ટર વિરોધી છે. તે સાંભળી તેને આનંદ થયો. તેને લાગ્યું કે અહીં તેના પાસા સવળા પડશે. તે દીવાનને મળ્યો. દીવાનને પણ તેને મળતાં આનંદ થયો. તેણે બનાવટી વાત ઉપજાવી દીવાનને કહ્યું : "સ્વામિનારાયણ દંભી છે. વરતાલમાં મારી સાથે શાસ્ત્રચર્ચામાં હારી ગયા. પરંતુ તેમના પરાજયની વાત હું કોઈને ન કહું તેથી મને બસો રૂપિયા આપ્યા અને મારું મોઢું બંધ કરવા મિથ્યા પ્રયત્ન કર્યો. પણ કાંઈ સત્ય એમ ઢંકાય ? વીસનગરના મહંત અહીં આવ્યા છે. તેણે પણ મને કહ્યું કે સ્વામિનારાયણે વીસનગરમાં આવીને દંભ પ્રવર્તાવી ત્યાં સત્સંગની જાળ બિછાવી છે."

દીવાનને આ વાતમાં રસ પડ્યો. તેણે કહ્યું : "તો તમે આ વાત સરકારને કહો. સરકાર સાથે તમારી મુલાકાત ગોઠવી દઉં. રાજ્યના બીજા વિદ્વાનો પણ સ્વામિનારાયણના વિરોધી છે. માટે અહીં પણ શાસ્ત્રચર્ચા યોજો. હું મદદ કરીશ. સ્વામિનારાયણને ઉઘાડા પાડવા છે અને તેની હસ્તી મિટાવી દેવી છે."

વેદાંતાચાર્યે આ સાંભળ્યું. તે દ્વેષી હતો. વળી, વરતાલમાં તેનો ભૂંડી રીતે પરાજય થયો હતો. તેથી તેને દીવાનની વાત સાંભળી આનંદ તો થયો, પરંતુ સ્વામિનારાયણ માટેના જે છેલ્લા શબ્દો તે બોલ્યો તે તેને રુચ્યા નહીં. તેનામાં બ્રાહ્મણના સંસ્કાર હતા. તરત જ તેનામાં જાગૃતિ આવી ગઈ. તે કાંઈ બોલ્યા નહીં. પણ તેને થયું કે બધા વિદ્વાનોને ભેગા કરી સ્વામિનારાયણનો શાસ્ત્રાર્થમાં

પરાજય તો કરવો, પરંતુ એથી આગળ વધીને દીવાનની તરકીબમાં ભળવું નહીં.

વડોદરામા વાત પ્રસરી ગઈ કે વરતાલમાં સ્વામિનારાયણનો શાસ્ત્રાર્થમાં વિદ્વાન વેદાંતાચાર્યે પરાજય કર્યો હતો. પોતાનો દંભ ખુલ્લો ન પડે તે સારુ સ્વામિનારાયણે તેને લાંચ આપી હતી. વીસનગરનો દ્વેષી મહંત પણ આ પ્રકારના ઝેરી પ્રચારમાં ભળ્યો. બીજા વેરાગીઓએ પણ આ વાત વહેતી મૂકી. ઠેઠ ગાયકવાડ સરકાર સુધી વાત પહોંચી ગઈ. પરંતુ તેમને આવી જૂઠી વાત સાંભળી દુઃખ થયું.

એ જ વખતે દીવાન તેમની પાસે આવ્યો. તેણે કહ્યું : "સરકાર ! સાંભળ્યું ને ? સ્વામિનારાયણનો વેદાંતાચાર્યે શાસ્ત્રાર્થમાં પરાભવ કર્યો. એ કલંકને દાબવા તેણે તેમને બસો રૂપિયા આપ્યા. ખુદ વેદાંતાચાર્યના મુખથી જ આપ આ વાત સાંભળો, હું તેને અહીં બોલાવી લાવીશ."

"મારે આવી અસત્ય વાત સાંભળવી નથી અને વેદાંતાચાર્યને મળવું પણ નથી. તેને જો તેની વિદ્વત્તાનું અભિમાન હોય, તો ગોપાળાનંદ સ્વામી સાથે શાસ્ત્રાર્થ આપણે યોજીએ." સરકારે તરત જ કહ્યું.

દીવાન આ સાંભળી લુચ્ચું હસ્યો. તેણે કહ્યું : "સરકાર ! આ વેદાંતાચાર્ય શહેરમાં આવ્યા છે તે વાત સાંભળી એ ગોપાળાનંદ તો પલાયન થઈ ગયા છે !"

દીવાનની વાતમાં સરકારને નર્યો દ્વેષ દેખાયો. તેમણે તરત જ કહ્યું : "હું હમણાં જ નાથ ભક્ત અને બીજા સત્સંગીઓને બોલાવું છું. સ્વામી ક્યાં ગયા છે તેની તપાસ કરે અને તેમને અહીં બોલાવી લાવે અથવા સ્વામિનારાયણને ખબર આપે. પણ વેદાંતાચાર્યને તમે રોકજો તે નાસી જાય નહીં. હવે તો જરૂર શાસ્ત્રાર્થ કરાવવો જ છે."

વેદાંતાચાર્ય સાથે ફરી શાસ્ત્રાર્થ

સયાજીરાવ સરકારે સત્સંગીઓને બોલાવ્યા. તેમણે કહ્યું : "મહારાજની આજ્ઞા આવી હોવાથી ગોપાળાનંદ સ્વામી ઉમરેઠ પધાર્યા છે. હવે તેમને વડોદરા પાછા આવવાની મહારાજની આજ્ઞા મળે તો જ તેઓ વડોદરા પાછા આવે. મહારાજ અત્યારે ગઢપુર બિરાજે છે. એટલે ત્યાં આપણે ખબર મોકલીએ."

સરકારે તરત જ કહ્યું : "મારતે ઘોડે કાસદને ગઢપુર મોકલાવો. બે દિવસમાં સ્વામી અહીં આવવા જોઈએ. અગર મહારાજની ઇચ્છા હોય તો બીજા કોઈ વિદ્વાન સંતને મોકલે જેથી આ વેદાંતાચાર્યનો દંભ ખુલ્લો પડે."

વડોદરાના સત્સંગીઓએ ત્યાંના પ્રભુદાસ ભક્તને તૈયાર કર્યા. સારો અશ્વ આપ્યો અને મહારાજ ઉપર પત્ર લખ્યો : "અહીં વેદાંતાચાર્ય આવ્યા છે. વરતાલની સભામાં તેનો પરાજય થયો હતો છતાં દ્વેષથી તે કહે છે કે સ્વામિનારાયણનો મેં પરાજય કર્યો. તેની સાથે વીસનગરના દ્વેષી મહંત પણ ભળ્યા છે અને વડોદરાનો દીવાન પણ ભળ્યો છે. સરકાર આગળ વાત ગઈ એટલે સરકારે અમને બોલાવ્યા. તેમણે કહ્યું : સ્વામી ગોપાળાનંદ અથવા બીજા કોઈ વિદ્વાન સંતને તરત જ અહીં બોલાવો."

પ્રભુદાસ ભક્ત આ પત્ર લઈ તે જ દિવસે ત્યાંથી નીકળ્યા. પહેલાં વરતાલ ગયા. ત્યાં પાર્ષદ જુસાજીને મળ્યા. તેમને લઈને ત્યાંથી ગઢપુર જવા રવાના થયા. તેઓ ગઢપુર આવ્યા ત્યારે મહારાજ નિંબતરુ નીચે સભા કરીને બિરાજમાન થયા હતા. પ્રભુદાસે મહારાજને દંડવત્ કરી પત્ર આપ્યો. મહારાજે શુકમુનિને પત્ર વાંચવા કહ્યું. પત્રમાં લખેલી હકીકત સાંભળી મહારાજ હસ્યા. તેમણે સભામાં કહ્યું : "વેદાંતાચાર્યનો વરતાલમાં પરાજય થયો. પછી નડિયાદમાં પણ તે નિત્યાનંદ મુનિ સામે આવ્યા નહીં અને હવે કહે છે મેં સ્વામિનારાયણનો પરાજય કર્યો છે. વડોદરામાં સભા ગોઠવી છે. સયાજીરાવ સરકારની ખાસ વિનંતી છે કે કોઈ વિદ્વાન સંતને મોકલો. એટલે મુક્તમુનિ વડોદરા જાય અને વેદાંતાચાર્યનો પરાભવ કરે."

આ સાંભળી મુક્તાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આ વેદાંતાચાર્યને હું કેમ જીતી શકીશ ? એ મહાવિદ્વાન છે ને હું તો ફક્ત ભાગવત જ ભણ્યો છું."

મહારાજે તરત જ કહ્યું : "વિદ્વત્તાનું ફળ સાધુતામાં અને ગુરુકૃપામાં છે. તેનામાં પંડિતાઈનો ગર્વ છે, દંભ છે. તમે સાધુતાની મૂર્તિ છો. વળી, તમારા ઉપર અમારી કૃપા છે. એટલે વેદાંતાચાર્યને જીતવો તમારે માટે લેશમાત્ર કઠણ નથી. અમારા આશીર્વાદ છે. તમે જાઓ. તમારો દિગ્વિજય થશે."

મહારાજની આજ્ઞા હોવાથી મુક્તાનંદ સ્વામી પોતાના મંડળ સાથે વડોદરા જવા તૈયાર થયા. મહારાજે ભગુજીને બોલાવીને કહ્યું : "સારામાં સારા બળદ જોડાવીને સિગરામ તૈયાર કરાવો. મુક્તમુનિને જલદી વડોદરા પહોંચવું છે."

મહારાજની આજ્ઞા પ્રમાણે બધી તૈયારીઓ થઈ ગઈ. મહારાજે પોતાના કંઠમાંથી ગુલાબનો હાર ઉતારી મુક્તમુનિને પહેરાવ્યો, કપાળમાં ચાંદલો કર્યો અને આશીર્વાદ આપ્યા. મુક્તાનંદ સ્વામી પોતાના મંડળ સાથે ઊપડ્યા.

પ્રભુદાસ અને જુસાજી પણ સાથે જ નીકળ્યા.

✧ ✧ ✧

આ.સં. ૧૮૭૫ના આષાઢ માસની દ્વિતીયાને દિવસે મહારાજે ગઢપુરમાં રથયાત્રાનો ઉત્સવ કર્યો. ત્યારપછી મહારાજ ગઢપુરમાં જ રોકાયા. ગણેશ ચતુર્થી અને જળઝીલણીના ઉત્સવો પણ ગઢપુરમાં જ કર્યા. હવે મુક્તમુનિના વિજયના સમાચાર આવે ત્યાં સુધી ગઢપુરમાં જ રોકાવાનું મહારાજે નક્કી કર્યું.

મુક્તાનંદ સ્વામી પોતાના મંડળ સાથે વડોદરા પહોંચી ગયા. નાથ ભક્તના વાડામાં જ્યાં હરિમંદિર કર્યું હતું ત્યાં ઊતર્યા. તરત જ સયાજીરાવ સરકારને સમાચાર મોકલાવ્યા કે ગઢપુરથી મહારાજે મુક્તાનંદ સ્વામીને વેદાંતાચાર્યની સાથે શાસ્ત્રાર્થ કરવા મોકલ્યા છે. તે સમાચાર સાંભળી સરકારે ભાઉ પુરાણિકને બોલાવ્યા. તેમને કહ્યું : "આપણે આજે સાંજે મુક્તાનંદ સ્વામીનાં દર્શને જવું છે તો રામચંદ્ર વૈદ્ય, શોભારામ શાસ્ત્રી, નારુપંત નાના, બાપુસાહેબ, ચીમનરાવ શાસ્ત્રી વગેરેને ખબર આપજો. કાલે સભા આપણા દેવઘરમાં જ રાખવાની છે. ત્યાં તમામ તૈયારીઓ કરી લેવાની છે."

સયાજીરાવ પોતાના મુખ્ય મુખ્ય અધિકારીઓને લઈને વાડીમાં મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરવા આવ્યા. સ્વામીનાં દર્શન કરીને તેમના અંતરમાં અપૂર્વ આનંદનો અનુભવ થયો. તેમણે વિચાર્યું કે જે દર્શનમાત્રથી જ અંતરમાં શાંતિ કરી દે તે સંતની સાધુતા જ વેદાંતાચાર્યનો પરાભવ કરશે.

તેમણે સ્વામીને વેદાંતાચાર્યે વહેતી મૂકેલી વાતો કરી. તે સાંભળી સ્વામી હસ્યા. તેમણે શાંતિથી કહ્યું : "સરકાર ! વેદાંતાચાર્ય વરતાલ આવ્યા ત્યારે હું પણ ત્યાં જ હતો. સભામાં મહારાજે તેને વેદના બાર મહાવાક્યના યથાર્થ ઉત્તર કરવા કહ્યું, પણ તે સમજાવી શક્યા નહીં. બીજા પ્રશ્નોના ઉત્તર પણ તે આપી શક્યા નહીં. છતાં મહારાજે તેના બ્રાહ્મણત્વનું ગૌરવ ન હણાય તેથી પુરસ્કારમાં બસો રૂપિયા અપાવ્યા હતા. પણ નડિયાદ જઈને ગમે તેમ બોલવા લાગ્યા. ત્યારે મહારાજે નિત્યાનંદ સ્વામીને નડિયાદ મોકલ્યા. પરંતુ નિત્યાનંદ સ્વામીની સન્મુખ જ તે જઈ શક્યા નહીં. આ હકીકત છે. પછી તે પોતાનો દંભ દેખાડવા ગમે તે વાત કરે તેથી ભરમાવાની જરૂર નથી."

સયાજીરાવ યુવાન હતા, તેમની બુદ્ધિ તીવ્ર હતી. તે બધી જ પરિસ્થિતિ સમજી ગયા. તેમણે તરત જ ભાઉ પુરાણિકને કહ્યું : "શહેરમાં જાહેર કરો. આવતી કાલે દેવઘરમાં સભા થશે. શાસ્ત્રાર્થ ફક્ત મુક્તાનંદ સ્વામી અને

વેદાંતાચાર્ય એ બે વચ્ચે જ થશે. પરંતુ શહેરના તમામ વિદ્વાનો જે રાજ્યનું વર્ષાસન ભોગવતા હોય તેમણે સભામાં આવવાનું છે. આ બંને વચ્ચે શાસ્ત્રાર્થ થઈ રહ્યા બાદ જે કોઈ વિદ્વાનને પ્રશ્ન પૂછવા હોય તે માધ્યસ્થ તરીકે જે હોય તેની પરવાનગી લઈને પ્રશ્ન પૂછે. પરંતુ તે શાસ્ત્રાર્થમાં પણ જો તે વિદ્વાનનો પરાજય થશે, તો તેનું વર્ષાસન બંધ કરવામાં આવશે."

સરકારનો હુકમ સાંભળી અધિકારીઓ તથા અન્ય સત્સંગીઓ બહુ જ રાજી થયા.

બીજે દિવસે માંડવી પાસે સરકારના મહેલના દેવઘરમાં સભા ગોઠવી. વેદાંતાચાર્ય અને મુક્તાનંદ સ્વામી માટે સામસામી પાટો ગોઠવી. ચીમનરાવ શાસ્ત્રી તથા ભાઉ પુરાણિકને માધ્યસ્થ તરીકે નીમ્યા. તેમના માટે બે ગાદીઓ ગોઠવી.

સવારે નવ વાગે દેવઘરની પૂજાવિધિ પત્યા પછી સભાનો કાર્યક્રમ ગોઠવ્યો. મુક્તાનંદ સ્વામી સંતમંડળ તથા હરિભક્તો સાથે વાડીમાંથી ચાલતા 'વ્હાલા રૂમઝૂમ કરતા કાન...' વગેરે કીર્તનો બોલી હરિકીર્તન કરતાં કરતાં માંડવીમાં પધાર્યા. વેદાંતાચાર્યની પણ વિઠ્ઠલરાવ દીવાને એવી જ ધામધૂમથી પધરામણી કરાવી. તેની સાથે બીજા વૈરાગી બાવાઓ પણ હતા. પરંતુ સરકારના હુકમથી તેમને સભામાં પેસવા દીધા નહીં. અન્ય શાસ્ત્રીઓ, નાગરિકો, રાજ્ય અમલદારોથી સભા ચિક્કાર થઈ ગઈ.

વેદાંતાચાર્યનો દંભ ઉઘાડો પડે છે

મુક્તાનંદ સ્વામીએ સરકારના દેવઘરમાં પ્રતિષ્ઠિત કરેલા દેવને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી મનોમન મહારાજને પ્રાર્થના કરી. તેમનું સૌમ્ય સ્વરૂપ, તપ અને બ્રહ્મચર્યનું ઓજસ, ભક્તિની માદકતા, આ બધું જોઈ સભાજનો મુગ્ધ થઈ ગયા. જ્યારે સામે બેઠેલા વેદાંતાચાર્ય તો સભામાં આવી તરત જ પાટ ઉપર બેસી ગયા. તેના મુખ ઉપર દંભ અને રોષ વધુ દેખાતા હતા. ભાઉ પુરાણિક અને ચીમનરાવ શાસ્ત્રી માધ્યસ્થ તરીકે બેઠા. મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "પ્રભુ-પ્રાર્થના અને શાંતિપાઠથી આપણે સભાની શરૂઆત કરીએ."

તે વિધિ પત્યો એટલે મુક્તાનંદ સ્વામીએ વેદાંતાચાર્ય સન્મુખ જોયું. વેદાંતાચાર્ય સ્વામીને ઓળખી ગયો. વરતાલમાં સભા વખતે આ સ્વામી હાજર હતા. તેની પોલ અહીં જ ખુલ્લી થશે. તેના અંતરમાં બીક લાગી.

સ્વામીએ પણ તેના મનના વિચારો જાણી લીધા હોય તેમ કોઈ પણ પ્રકારની શાસ્ત્રાર્થ સંબંધી ચર્ચા કર્યા વિના વરતાલની હકીકતથી જ સભાજનોને વાકેફ કરવા નક્કી કર્યું. તેમણે વેદાંતાચાર્યને કહ્યું : ''આચાર્યજી ! આપ વરતાલ આવ્યા હતા. સભા થઈ હતી. તે વખતે ભગવાન સ્વામિનારાયણે તમને વેદનાં બાર મહાવાક્યોનો અર્થ પૂછ્યો હતો તે યાદ છે ? વળી, વેદની ઉત્પત્તિ કેવી રીતે છે તે પણ પ્રશ્ન પૂછ્યો હતો અને અક્ષર સંબંધી પણ પ્રશ્ન પૂછ્યો હતો. આ પ્રશ્નોના ઉત્તર તમે આપી શક્યા હતા ? જો શાસ્ત્રચર્ચા કરવી હોય, તો આ પ્રશ્નોથી જ આપણે શરૂઆત કરીએ.''

આ સાંભળી વેદાંતાચાર્યના હોશકોશ ઊડી ગયા. તેનાં અંગ ઉપરથી જાણે લોહી ઊડી ગયું હોય તેમ તેની કાયા નિસ્તેજ થઈ ગઈ. શરીરે પરસેવો વળવા લાગ્યો. વિઠ્ઠલરાવ દીવાન આ જોઈ રહ્યો. બીજા વિદ્વાનો પણ નિસ્તેજ બની ગયેલા વેદાંતાચાર્યની સામું જોઈ રહ્યા. તેમને પ્રતીતિ થઈ કે આ આચાર્યે આખા ગામને ખોટી હકીકત કહી ભરમાવ્યું છે. તેઓ બધા ઉશ્કેરાઈ ગયા. પરંતુ તેઓ કાંઈ પણ બોલે તે પહેલાં જ સ્વામીએ કહ્યું : ''આચાર્ય ! બોલો, આ દેવઘર છે. દેવને સાક્ષી રાખીને આ સભા સમક્ષ સત્ય વાત જણાવી દ્યો.''

આ સાંભળી બંને માધ્યસ્થોએ વેદાંતાચાર્યને પૂછ્યું : ''આચાર્યજી ! સત્ય હકીકત કહી દ્યો. આ ધર્મસભા છે અને તમે પણ ધર્મના આચાર્ય છો.''

વેદાંતાચાર્યે વીલે મોઢે કહ્યું : ''સ્વામી કહે છે તે વાત સાચી છે. સ્વામિનારાયણ ભગવાન મહાન છે. મારા પરાજયનો ડંખ મને ન બેસે, વળી મારા બ્રાહ્મણત્વનું, આચાર્યપણાનું માન સચવાય એટલે તેમણે મને બસો રૂપિયા પુરસ્કાર તરીકે આપ્યા હતા. મેં કેવળ દ્વેષથી અને બીજાએ ભરમાવ્યો તેથી આવી વાત વહેતી મૂકી હતી.''

વિઠ્ઠલરાવ દીવાન આ સાંભળી લાલચોળ થઈ ગયો : ''જૂઠા ! હરામખોર ! મને પણ તેં છેતર્યો ? મારી આગળ કપટ કર્યું ?''

તરત જ ભાઉ પુરાણિકે કહ્યું : ''દીવાન સાહેબ ! આ ધર્મસભામાં આવા શબ્દો શોભે નહીં. તમો દીવાન છો પરંતુ માધ્યસ્થ તરીકે અમે છીએ એટલે આ સભામાં તો સભાના નિયમાનુસાર બોલવું પડે.''

મુક્તાનંદ સ્વામીનો વિજય

બંને મધ્યસ્થીઓએ કહ્યું : ''આ ધર્મસભામાં જો કે કોઈ પ્રકારનો

શાસ્ત્રાર્થ થયો નથી; છતાં મુક્તાનંદ સ્વામીની સાધુતા, તેમની ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની ભક્તિનો આ સભામાં પ્રભાવ પડ્યો છે. તેથી અમે આ સભામાં મુક્તાનંદ સ્વામીને વિજેતા તરીકે જાહેર કરીએ છીએ."

સત્સંગીઓએ હર્ષનાદ કર્યો. દીવાન હાથ ઘસતો, ધૂંધવાતો ઊભો થઈને ત્યાંથી ચાલી નીકળ્યો.

પછી 'એકાંતિક ધર્મ અને સામાન્ય ધર્મમાં શું ફેર છે,' 'ભક્તિ અને માહાત્મ્યે સહિત ભક્તિમાં શું ભેદ છે ?' તેવા પ્રશ્નો વિદ્વાનો તરફથી પુછાયા. તેના ઉત્તર સ્વામીએ ખૂબ જ સુંદર રીતે આપ્યા. સ્વામીની સરળ વાણીની મીઠાશથી તેમના શબ્દો લોકોના અંતરતલ સુધી પહોંચી ગયા. સ્વામીની પ્રતિભાએ જાદુ કર્યું. લોકો તેમને હાર પહેરાવવા પડાપડી કરવા લાગ્યા. એટલામાં સરકારના હજૂરી સેવકે આવીને સ્વામીને કહ્યું : "આપ વાડીમાં મંદિરે જાઓ તે પહેલાં સરકારને મળવા આવો એવું તેમણે કહેવરાવ્યું છે."

મુક્તાનંદ સ્વામી સંતમંડળ અને હરિભક્તો સાથે સયાજીરાવ સરકાર પાસે ગયા. સરકારે તેમનું ફૂલહારથી સન્માન કર્યું. પછી કહ્યું : "વેદાંતાચાર્યે ખરું કપટ કર્યું."

એટલે સ્વામીએ કહ્યું : "મહારાજે મને ગઢપુરમાં જ કહ્યું હતું કે કોઈ પ્રકારનો શાસ્ત્રાર્થ થવાનો નથી અને વેદાંતાચાર્યનું કપટ ઉઘાડું થશે. લોકોને સાચી વાતની ખાતરી થાય એટલા માટે જ તમારે જવાનું છે."

એટલે ભાઉ પુરાણિકે કહ્યું : "એ તો ખરું, પરંતુ આપે જે ધર્મ અને એકાંતિક ધર્મ, ભક્તિ અને માહાત્મ્યે સહિત ભક્તિના સૂક્ષ્મ ભેદ સમજાવ્યા તે તો શાસ્ત્રો શોધતાં સમજાય તેવું ન હતું."

"શ્રીજીમહારાજે આવી રહસ્યની વાતો સમજાવી સામાન્ય જ્ઞાન અને ગુણાતીત જ્ઞાન વચ્ચેનો તફાવત બતાવ્યો છે. શાસ્ત્રો તો મહાસાગર સમાન છે. સત્પુરુષનો પ્રસંગ થાય તો તેમના થકી જ શાસ્ત્રોના ગૂઢાર્થ સમજાય." મુક્તાનંદ સ્વામીએ કહ્યું.

ત્યારબાદ સરકારની રજા લઈ મુક્તાનંદ સ્વામી અને સંતમંડળ તથા હરિભક્તો જે રીતે આવ્યા હતા તે જ રીતે કીર્તન ગાતાં ગાતાં વાડીના મંદિરે જવા નીકળ્યા. શહેરમાં વાત પ્રસરી ગઈ કે વેદાંતાચાર્યનું કપટ બહાર પડી ગયું. સ્વામીની સાધુતાએ ધર્મસભામાં અદ્‌ભુત પ્રભાવ પાડ્યો. સ્વામીએ સ્વામિ-નારાયણ ભગવાનનો દિગ્વિજય કર્યો. સ્વામી કીર્તન ગાતાં રસ્તે નીકળ્યા એટલે

સૌ ભાવથી દર્શન કરવા લાગ્યા. સ્વામી નીચી દૃષ્ટિ રાખી કીર્તન ગાતાં ગાતાં મંદિરે પહોંચી ગયા.

મુક્તાનંદ સ્વામીના વિજયથી મહારાજ પ્રસન્ન થાય છે

મુક્તાનંદ સ્વામીએ વડોદરાના દરબારમાં ગોઠવેલી સભામાં દિગ્વિજય કર્યો અને વેદાંતાચાર્યે સભામાં માફી માંગી તે સમાચારનો પત્ર વડોદરાના હરિભક્તોએ મહારાજ ઉપર લખ્યો. નાથ ભક્તને તથા જુસાજીને તે પત્ર લઈને ગઢડા મોકલ્યા. બે દિવસે તેઓ ગઢપુર પહોંચ્યા. નાથ ભક્ત સીધા મહારાજ પાસે ગયા. મહારાજને દંડવત્ કરી કહ્યું : "મહારાજ ! મુક્તાનંદ સ્વામીએ વડોદરામાં રાજ્ય દરબારમાં યોજાયેલી સભામાં દિગ્વિજય કર્યો, સભા જીત્યા અને વેદાંતાચાર્યે જે ખોટી વાત વહેતી મૂકી હતી તે માટે તેને માફી માંગવી પડી."

આ સમાચાર સાંભળી મહારાજ એકદમ ઊભા થઈ ગયા અને હર્ષભેર બોલ્યા : "શું કહો છો ? સ્વામીએ સભા જીતી ?" એમ કહી નાથ ભક્તને તથા જુસાજીને મહારાજ હર્ષભેર ભેટ્યા. પછી પૂછ્યું : "કાંઈ કાગળ આપ્યો છે ?"

એટલે તરત જ જુસાજીએ પત્ર કાઢ્યો અને મહારાજને આપ્યો. મહારાજે તે પત્ર શુકમુનિને આપ્યો અને કહ્યું : "વાંચો."

પત્ર સાંભળી મહારાજ અત્યંત રાજી થયા. પછી નાથ ભક્તને પૂછ્યું : "તમો વડોદરાથી ક્યારે નીકળ્યા હતા ?"

તેમણે કહ્યું : "મહારાજ ! બે દિવસ પહેલાં. ઉતાવળાં ઉતાવળાં થાક ખાધા સિવાય અહીં આવ્યા છીએ."

એટલે મહારાજે કહ્યું : "ત્યારે તો બહુ થાકી ગયા હશો." એમ કહીને મહારાજે મોટીબાને બોલાવ્યાં. મોટીબા આવ્યાં એટલે મહારાજે તેમને કહ્યું : "બા, જાણ્યું ?" મોટીબા કાંઈ સમજ્યાં નહીં. એટલે મહારાજે કહ્યું : "મુક્તાનંદ સ્વામીએ વડોદરામાં સભામાં જીત કરી. આપણો દિગ્વિજય થયો."

પછી બોલ્યા : "જુઓ, આ નાથ ભક્ત અને જુસાજી ઉતાવળાં ઉતાવળાં આવ્યા છે. વચ્ચે થાક પણ ખાધો નથી. માટે તેમને ગોળ અને ઘી ખવરાવો અને પછી ઊનું પાણી કરાવી સારી રીતે ચોળીને નવરાવરાવો !"

પછી મહારાજે ફરી કહ્યું : "મોટીબા, સૌને કહેજો કે અમારા ગુરુ મુક્તાનંદ સ્વામી સભા જીત્યા અને સ્વામિનારાયણ ભગવાન છે એમ પ્રતિપાદન કર્યું."

એટલે મોટીબાએ કહ્યું : "ભલે મહારાજ !" એમ કહીને ચાલવા માંડ્યાં.

ત્યારે મહારાજે તેમને ફરી બોલાવ્યાં : "મોટીબા ! સાંભળો, આ કાંઈ નાનીસૂની વાત નથી. તે તમે 'ભલે' કહીને ચાલવા માંડ્યાં. આ તો સ્વામી વડોદરાની સભા જીત્યા એના હર્ષની વાત છે. માટે સાકર મંગાવો. આજે તો પોશે પોશે સૌને સાકર વહેંચવી છે."

મોટીબા સમજી ગયાં કે મહારાજ આજે બહુ આનંદમાં છે. તેમણે તરત જ કહ્યું : "ઓહો, મહારાજ ! આ તો ભારે દિગ્વિજય થયો કહેવાય. મુક્તાનંદ સ્વામીના આ વિજયમાં તો આખા સત્સંગનો દિગ્વિજય છે. હમણાં જ સાકર મંગાવું છું."

મોટીબા ગયાં અને સંતો આવવા લાગ્યા. મહારાજ તેમને કહેતા જાય : "મુક્તાનંદ સ્વામીએ વડોદરાની સભામાં દિગ્વિજય કર્યો. વેદાંતાચાર્યને હરાવ્યો અને સ્વામિનારાયણ ભગવાન છે એવું પ્રતિપાદન કર્યું."

તે સાંભળી સૌ સંતો રાજી થયા. શુકમુનિએ કહ્યું : "મહારાજ ! આપની તેમના ઉપર બહુ કૃપા છે તેથી આ થયું."

મહારાજે કહ્યું : "હા, કૃપાના અધિકારી થયા તેથી જ કૃપા ઊતરે ને ! અને ત્યારે જ આવો દિગ્વિજય થાય."

પરંતુ મુક્તાનંદ સ્વામીની પ્રશંસા નિર્વિકલ્પાનંદ સ્વામી તથા હર્યાનંદ સ્વામી જીરવી ન શક્યા.

નિર્વિકલ્પાનંદને ઈર્ષા થાય છે

મુક્તાનંદ સ્વામીની થતી પ્રશસ્તિ ન જીરવી શકવાથી નિર્વિકલ્પાનંદ તેમજ હર્યાનંદે મહારાજને કહ્યું : "એમાં મુક્તાનંદ સ્વામીએ શું મોટી ધાડ મારી દીધી ? અમને મોકલ્યા હોત તો અમે પણ દિગ્વિજય કરીને આવત."

મહારાજને આ શબ્દો ન ગમ્યા. તેમાં ઈર્ષાનો ભાવ ભારોભાર ભર્યો હતો. મુક્તમુનિ સત્સંગની મા સમાન હતા, સત્સંગની લાજની તેમને ખેવના હતી. મહારાજ પોતે પણ તેમને ગુરુ માનતા અને તેમની સર્વ પ્રકારે મર્યાદા રાખતા. તેમના પ્રત્યે આ સંતોને આવો ભાવ ! તેમના સમોવડિયા થવા આ સંતો પ્રયત્ન કરે છે ? આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં આ શબ્દોએ ઝેર રેડ્યું. મહારાજના મુખ ઉપર ગ્લાનિ પ્રસરી ગઈ. તેમણે કહ્યું : "સત્સંગમાં એકબીજાની મર્યાદા ન સચવાય, અન્યની મોટપ સહન ન થઈ શકે, રાગ-દ્વેષના

ભાવ હોય ત્યાં રહેવું વ્યર્થ છે. આ બંને સંતો માનની મૂર્તિ છે. સત્સંગમાં રહ્યા. પણ જળકમળવત્ રહ્યા." એટલું કહીને મહારાજે કહ્યું : "અમે હવે આ સત્સંગમાં રહીશું નહીં." આમ કહી પોતાને ઉતારે પધાર્યા.

મહારાજ નિર્વિકલ્પાનંદ અને હર્યાનંદ પ્રત્યે નારાજ થઈ ગયા.[૧૬] સત્સંગમાં કોઈની પણ મોટાઈ સહન ન થઈ શકે એ પ્રકારની ઈર્ષા જો સંતમાં જ હોય તો તેવા સંત સત્સંગ સમાજનું શું ભલું કરી શકશે ? મહારાજે અક્ષર ઓરડીમાંથી બહાર આવવાનું બંધ કરી દીધું.

એટલામાં નાથ ભક્ત અને જુસાજી મહારાજ પાસે આવ્યા અને મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજ તેમને જોઈને પ્રસન્ન થઈ ગયા. પછી પૂછ્યું : "કેમ નાથ ભક્ત ! થાક ઊતર્યો ?"

તેમણે કહ્યું : "હા, મહારાજ ! આપની દયાથી થાક ઊતરી ગયો છે અને આજે અમે હવે વડોદરા જઈએ છીએ."

મહારાજ ઢોલિયા ઉપરથી એકદમ ઊભા થઈ ગયા અને તેમને બંનેને સારી રીતે ભેટ્યા. ખૂબ પ્રસન્નતા બતાવી. પછી અદ્ભુતાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! સારો મઝાનો કાગળ લાવો. ચરણારવિંદ પાડી આપવાં છે અને સ્વામીને મોકલવાં છે."

તરત જ અદ્ભુતાનંદ સ્વામી કાગળ લઈ આવ્યા. પાણીમાં કેસર, ચંદન અને કંકુનું મિશ્રણ કરીને થાળ પણ લઈ આવ્યા. મહારાજે ઊભા ઊભા બસો ચરણારવિંદની જોડ પાડી આપી. પછી શુકમુનિએ કહ્યું : "મહારાજ ! આપ થાકી જશો."

ત્યારે મહારાજે કહ્યું : "સ્વામી ! મુક્તાનંદ સ્વામીએ ભારે દિગ્વિજય કર્યો છે. આટલી વૃદ્ધ ઉંમરે, શરીરમાં ક્ષયરોગ હોવા છતાં કેટલો શ્રમ વેઠે છે અને આપણે આટલામાં થાકી જઈએ ? આવા સંતને તો દંડવત્ કરીએ તોપણ ઓછું છે !"

શુકમુનિ કાંઈ બોલ્યા નહીં. તે સમજી ગયા કે મહારાજ પ્રસન્ન દેખાય છે તો કદાચ ઉદાસીનતા ટળી જશે. એટલે તેમણે કહ્યું : "મહારાજ ! બહુ મોટી વાત કહેવાય."

મહારાજે અદ્ભુતાનંદ સ્વામીને બસો જોડ ચરણારવિંદ આપ્યાં અને કહ્યું :

---

૧૬. શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૧૮, તરંગ-૧૪માં 'આનંદમુનિથી મુક્તાનંદ સ્વામીની જીત સહન ન થઈ' – એવો પણ ઉલ્લેખ મળી આવે છે.

"તમો નાથ ભક્ત સાથે વડોદરા જાવ અને આ ચરણારવિંદ સ્વામીને આપજો અને કહેજો કે મહારાજ બહુ રાજી થયા છે અને તમને આ ચરણારવિંદ આપવા મને ખાસ મોકલ્યો છે."

અદ્‌ભુતાનંદ સ્વામીએ ચરણારવિંદ માથે ચઢાવ્યાં અને કહ્યું : "ભલે મહારાજ !" એમ કહી તેમણે પણ મહારાજને દંડવત્ કર્યા. પછી નાથ ભક્ત અને જુસાજી સાથે તેઓ વડોદરા જવા રવાના થઈ ગયા.

મહારાજ ઉદાસ થાય છે

દિવસે દિવસે મહારાજની ઉદાસીનતા વધતી ગઈ. તેઓ એકાંતમાં જ રહેતા, સભામાં આવતા નહીં. બ્રહ્મચારી થાળ લાવે તો ક્યારેક જમે, ક્યારેક ત્યાગ કરી દે.

મહારાજની ઉદાસીનતા જોઈ સર્વે શોકમગ્ન થઈ ગયા. બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર પણ મહારાજની ઉદાસીનતા ટાળી શક્યા નહીં. તેમની અનેક પ્રકારની વિનંતી પછી મહારાજે ફક્ત એટલું જ કહ્યું : "અમે હવે વનમાં ચાલ્યા જઈશું. જેમ પ્રથમ વનમાં વિચર્યા અને એકાકી વિચરણ કર્યું તે પ્રમાણે હવે પણ એકલા ફરશું અને કોઈ મુમુક્ષુ જીવ મળશે તો તેને ઉપદેશની વાતો કરીશું."

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "ત્યાં તો પશુ મળશે. મનુષ્ય તો ગોત્યુંય જડશે નહીં."

"પશુમાં બુદ્ધિ ઓછી હોય છે પણ સાંકેતિક સમજણ હોય છે. જ્યારે મનુષ્ય તો બુદ્ધિનો ઈજારો રાખીને ફરે છે પરંતુ રાગ-દ્વેષ, કામ, ક્રોધ વગેરે દોષોથી તેની બુદ્ધિ જડ થઈ ગઈ છે. એટલે તે પશુ કરતાં પણ હીન છે." મહારાજે કહ્યું.

બ્રહ્માનંદ સ્વામી સમજી ગયા કે મહારાજની ઉદાસીનતાનું કારણ આપણી અવળાઈ જ છે. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! મનુષ્ય બનવા પ્રયત્ન કરીશું. પરંતુ આપનો પ્રત્યક્ષ સંબંધ હશે તો જ સાચા મનુષ્ય બની શકીશું. માટે અમારા ગુના સામું ન જોશો. આપની દયા અને કરુણા ઉપર જ અમે નભીએ છીએ."

લાડુબા, જીવુબા તથા અન્ય બહેનોના પણ કલ્પાત વધ્યાં. તેમણે પણ કહેવરાવ્યું : "મહારાજ ! આપ અમારા પ્રાણ સમાન છો. આપ અમને ત્યજીને જશો તો પાછળ અમારાં મડદાં જ રહેશે." પરંતુ મહારાજ દૃઢ હતા.

તેમણે કહેવરાવ્યું : "મહારાજ ! આપ ગઢપુરથી જ જો ઉદાસ થઈને ચાલ્યા જશો, તો સમગ્ર સત્સંગ અમારી નિંદા કરશે."

એટલે મહારાજે કહ્યું : "ભલે, સમૈયો કરીને બધા જ સાધુ-સત્સંગીઓને તેડાવીને તેમની સૌની રજા લઈને જ અમે જઈશું. પણ અહીં તો હવે રહેવું નથી."

"તો આપ ક્યાં સમૈયો કરવા ધારો છો ?" સુરાખાચરે પૂછ્યું.

"ગુજરાતમાં આદરજ ગામ છે ત્યાં બધા આવજો. ત્યાં આપણે મળીશું. ત્યાંથી સૌની રજા લઈને પછી અમે નીકળી જઈશું. અન્નકૂટનો ઉત્સવ ત્યાં જ કરવો છે. માટે અહીંથી જ ગામેગામ કંકોત્રીઓ લખો. અમે કાલે નીકળી જઈશું. પરંતુ અમારી સાથે કોઈ ન આવે."

"મહારાજ ! આપ હવે પાછા આવવાના જ નથી તો જતાં જતાં તો સૌને સાથે આવવા દ્યો. એટલો લાભ મળશે તોપણ અંતરમાં શાંતિ થશે."

મહારાજને ભક્તોની વાત સાંભળી દયા આવી. તેમણે કહ્યું : "ભલે, આસોની પૂનમ પછી વદ બીજે નીકળીશું."

સૌને આ શબ્દોથી શાંતિ થઈ. મહારાજે પણ ચાર-પાંચ દિવસ વધુ રોકાવાનું નક્કી કર્યું.



ઉદ્‌ગીથ ૫

આદરજમાં અન્નકૂટ ઉત્સવ

(આ.સં. ૧૮૭૫, ઈ.સ. ૧૮૧૮)

મહારાજે ગોપાળાનંદ સ્વામીને[૧૭] કહ્યું : "તમે આગળથી જાઓ. સુંદરિયાણામાં રાત રોકાજો અને ત્યાંના હિમરાજ શેઠને બોલાવીને વાતો કરજો."

મહારાજની આજ્ઞા પ્રમાણે ગોપાળાનંદ સ્વામી તરત જ ગઢપુરથી નીકળી ગયા અને સીધા સુંદરિયાણે પહોંચ્યા. અહીંના દરબાર ડોસાખાચરના દરબારમાં સ્વામી ઊતર્યા. પૂજાશા તથા વનાશા દરબારના કારભારી હતા. લગભગ દસ વર્ષ પહેલાં તેમને મહારાજના પ્રસંગથી સત્સંગ થયો હતો. તેમના પિતા વૈષ્ણવોમાં અગ્રેસર હતા. તેમની મોઢ જ્ઞાતિમાં પણ તેઓ આગળ પડતા હતા, તેથી તેઓ પોતાનો વૈષ્ણવ મત છોડી શક્યા ન હતા.

તેમના બંને પુત્રો પૂજાશા અને વનાશા સત્સંગી થયા હતા. તેમની આચારશુદ્ધિ, ધર્મ પ્રત્યે પ્રીતિ અને ભક્તિનો ભાવ જોઈ સત્સંગ પ્રત્યે તેમના અંતરમાં કુમાશ પણ હતી. પોતાના વૈષ્ણવ મતના આચાર્યમાં વૈભવ, હવેલીમાં સ્ત્રી-પુરુષના પરસ્પરના સંસર્ગ – આ અનિષ્ટો ભક્તિમાર્ગમાં વિઘ્નકર્તા છે, તે પણ તેઓ જાણતા હતા. છતાં કુળપરંપરાનો ધર્મ છોડી પરધર્મ ગ્રહણ કરવો તેને તેઓ પાપ સમજતા હતા. તેમના પુત્રોને પિતાની આ પ્રકારની જડતા સાલતી હતી. પિતા મુમુક્ષુ હતા. ધર્મિષ્ઠ હતા છતાં કેવળ દુરાગ્રહથી વૈષ્ણવ મતને વળગી રહ્યા હતા.

આ વખતે ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું : "બાપાને બોલાવી લાવો."

ત્યારે વનાશાએ કહ્યું : "સ્વામી ! બાપુજી આવશે નહીં. છતાં આપની

---

૧૭. શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૧૮, તરંગ-૪૧માં એવો ઉલ્લેખ છે કે 'ખુશાલ વિપ્ર ઘરનો ત્યાગ કરી, આદરજ આવ્યા હતા અને વિદ્યાર્થી થઈને મુક્તમુનિ પાસે રહ્યા હતા.' આ પ્રકારનો ઉલ્લેખ બીજા કોઈ ગ્રંથમાં મળતો નથી. – લેખક

આજ્ઞા છે, એટલે જાઉં છું.''

સ્વામી તો એક વલ્લભ સ્વામી

વનાશાએ ઘેર આવીને પિતાશ્રીને વાત કરી : ''બાપુજી ! દરબારમાં ગોપાળાનંદ સ્વામી પધાર્યા છે. મહાસમર્થ સંત છે. આપ દર્શન કરવા પધારો.''

તે સાંભળી હિમરાજ શાહે તરત જ કહ્યું : ''બેટા ! સ્વામી તો એક વલ્લભ સ્વામી જ, બીજા તો બધા બાવા, ભેખ ને ફકીર. માટે તમે તેમાં ભરાયા છો તે નીકળી જાવ તો કુટુંબની આબરૂ વધે.''

વનાશાએ કહ્યું : ''બાપુજી ! અમે આ સત્સંગમાં ગયા છીએ તેથી આજે નહીં તો ભવિષ્યમાં પણ કુટુંબની આબરૂ વધશે જ. વૈષ્ણવ સમાજમાં અત્યારે પ્રવર્તી રહેલો દુરાચાર અને સ્વામિનારાયણ ભગવાનના સત્સંગમાં તેમણે પ્રવર્તાવેલ સદાચાર આ બંનેનાં પારખાં વિવેકીજનો તો કરી રહ્યા છે. સમય આવ્યે આપને પણ સમજાશે.''

હિમરાજ શાહ આ શબ્દો સાંભળી ઊંડા ઊતરી ગયા. તેમને પણ આ સત્ય સમજાયું હતું. કુળપરંપરાનો સંપ્રદાય જો નિર્જીવ બની ગયો હોય તો તેને પકડી રાખવામાં જડતા હતી તે પણ તેઓ સમજતા હતા. છતાં ન્યાતનો તેમને ડર હતો, પ્રતિષ્ઠા જવાની બીક હતી, પરધર્મમાં પેસવાનું પાપ લાગતું હતું. તે કાંઈ બોલ્યા નહીં.

વનાશાએ દરબારમાં આવીને સ્વામીને આ વાત કરી. સ્વામી કેવળ હસ્યા. તેમણે કહ્યું : ''સાંજે બાપુજીને કહેજો કે સ્વામીને શરીરે કસર જેવું લાગે છે તો આપ તેમને દવા આપવા આવો. પોતે સારા વૈદ્ય છે, વળી દયાળુ પ્રકૃતિના છે તેથી આ પરોપકારના કાર્ય માટે જરૂર આવશે.''

સાંજે વનાશા ઘેર આવ્યા. તેમને જરા ઉદાસ જોઈ હિમરાજ શાહે પૂછ્યું : ''બેટા ! કેમ ઉદાસ છો ?''

તેણે તરત જ કહ્યું : ''બાપુજી ! અમારા ગોપાળાનંદ સ્વામીના શરીરે કસર જેવું જણાય છે. આ ગામડામાં આપના સિવાય તો બીજા કોઈ વૈદ્ય નથી. આપ સ્વામીને જોવા આવો, નહીં તો ધંધુકા માણસ મોકલવો પડશે.''

આ સાંભળી હિમરાજ શાહે કહ્યું : ''ભાઈ ! હું એવો જડ નથી. બીમાર માણસની સારવાર માટે તો જવું જ જોઈએ. ચાલો, હું જ આવું છું. ધંધુકા સુધી કોઈને મોકલવાની જરૂર નથી.'' વનાશાને આ સાંભળી આનંદ થયો.

હિમરાજ શાહે અંગરખું પહેર્યું. ખભે ખેસ નાખ્યો, માથે પાઘડી પહેરી. તરત જ વનાશાએ દવાની પેટી લઈ લીધી.

હિમરાજ શાહ દરબારમાં આવ્યા. તેમને જોઈને ડોસાખાચર રાજી થયા. તેમણે કહ્યું : "આવો શેઠ ! આજ કાંઈ અમારો દરબાર પાવન કર્યો."

હિમરાજ શાહથી બોલાઈ ગયું : "બાપુ ! આપનો દરબાર તો સ્વામિનારાયણ ભગવાન અને તેમના આ સ્વામી પધાર્યા ત્યારથી પાવન થઈ ગયો છે. સ્વામીને શરીરે કસર છે એટલે હું તબિયત જોવા આવ્યો છું."

ડોસાખાચરને આ સાંભળી આશ્ચર્ય થયું પણ કાંઈ બોલ્યા નહીં.

હિમરાજ શાહ ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા. તે વખતે સ્વામી ઢોલણી ઉપર બેઠાં બેઠાં વાતો કરતા હતા. હિમરાજ શાહે તેમને 'જય શ્રીકૃષ્ણ' કહ્યા. તરત જ સ્વામીએ બે હાથ જોડી 'જય શ્રીકૃષ્ણ' કહ્યા. હિમરાજ શાહે આવું ધાર્યું ન હતું. તેમને મનમાં હતું સ્વામિનારાયણવાળા 'જય શ્રીકૃષ્ણ' બોલે જ નહીં. પરંતુ અહીં તો સ્વામી સ્વયં બોલ્યા. તેથી તેમને આનંદ થયો. સ્વામી પ્રત્યે પણ તેમને ભાવ થયો.

હિમરાજ શાહ સત્સંગી બને છે

હિમરાજ શાહ સ્વામીની સામે બેઠા. સ્વામીને તેમણે પૂછ્યું : "આપને શું જણાય છે ?"

સ્વામીએ કહ્યું : "કાંઈ ખબર પડતી નથી. આપ નાડી-પરીક્ષક છો એટલે અમારી નાડી જુઓ. નિદાન તમે કરી શકશો." એમ કહી સ્વામીએ પોતાનો હાથ શેઠના હાથમાં આપ્યો.

શેઠે તરત જ સ્વામીની નાડી ઉપર આંગળી મૂકી. પરંતુ તે મૂંઝાયા. આ શું ? નાડી જ નથી હાથ આવતી ! છતાં તેઓ પણ ખરા જાણકાર હતા. તેમણે જોઈ લીધું કે સ્વામીની નાડી તેમના કંઠમાં દેખાય છે. તેમને આશ્ચર્ય થયું ! તેમણે તરત જ સ્વામીના કંઠ ઉપર હાથ મૂક્યો. પણ નાડી ત્યાંથી પણ છટકી. પછી તો સ્વામીના ચરણમાં, સાથળમાં કંઠ, કપોલ, કાન જ્યાં જ્યાં નાડીના વાસ હોય છે તે બધાં જ અંગ હિમરાજ શાહે તપાસ્યાં. પણ નાડી તેમને દેખાણી નહીં. તે સ્થિર થઈ ગયા ! સ્વામીના શરીરમાં નાડી દેખાતી નથી છતાં સ્વામી સ્વસ્થતાથી વાતો કરી રહ્યા છે ! એકાએક તેમને સ્વામીની આંગળીમાં નાડી દેખાણી. ત્યાં તેમણે હાથ મૂક્યો તો નાડી ત્યાંથી છટકી, જમણા નેત્રમાં દેખાણી.

સ્વામીનો આ ચમત્કાર જોઈ હિમરાજ શાહ નતમસ્તક બની ગયા. તેમણે સ્વામીનાં ચરણમાં માથું મૂકી દીધું. ગદ્‌ગદ કંઠે તેમણે કહ્યું : "સ્વામી ! આવી યોગકળા મારા ઈષ્ટદેવ શ્રીકૃષ્ણને સિદ્ધ હતી. ત્યારપછી એવી સિદ્ધિ કોઈ યોગીમાં હશે એવું મેં સાંભળ્યું નથી. હું પણ યોગની પ્રક્રિયા જાણું છું. શ્રીકૃષ્ણ ભગવાનની સિદ્ધિ આપે હસ્તગત કરી લીધી છે એવી આજે મને પ્રતીતિ થઈ છે. તેથી આપ જ શ્રીકૃષ્ણનું સ્વરૂપ છો તેવું મને લાગે છે." હિમરાજ શાહની આંખમાં આંસુ હતાં. વનાશા, પૂજાશા, ડોસાખાચર સ્વામીના ઐશ્વર્યથી શેઠમાં થયેલું પરિવર્તન જોઈ રહ્યા.

સ્વામીએ શાંતિથી કહ્યું : "શેઠ ! અમે તો અમારા ઈષ્ટદેવ સર્વોપરી ભગવાન સ્વામિનારાયણના સેવક છીએ. આપ વૈષ્ણવાગ્ર છો, બુદ્ધિશાળી છો તેથી જ આપને કહીએ છીએ કે એ સર્વોપરી ભગવાનનો આશરો કરો. કેવળ મત અને પંથના જાળામાં રહેવાથી કલ્યાણ થતું નથી. કલ્યાણ તો ભગવાન અને સંતનો આશ્રય લેવાથી થાય છે."

શેઠનાં અંતરચક્ષુ ખૂલી ગયાં. તેમણે તરત જ કહ્યું : "સ્વામી ! મને આપનો આશ્રિત બનાવો, કંઠી પહેરાવો અને સંપ્રદાયમાં પાળવાનાં વ્રતો કહો."

સ્વામીએ તરત જ તેમને વર્તમાન ધરાવ્યાં, કંઠી પહેરાવી અને કહ્યું : "તમે તો ચુસ્ત વૈષ્ણવ છો એટલે ભગવાન સ્વામિનારાયણે ઉદ્‌બોધેલાં પાંચ વ્રતો – દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર અને વટલવું, વટલાવવું – એ પાંચ દૂષણોનો ત્યાગ તો તમારામાં હોય જ. તેથી વિશેષ ગૃહસ્થોને પાળવાનું ભગવાન સ્વામિનારાયણ કહેતા નથી. તેમનો દૃઢ આશ્રય રાખવો અને તેમના નામની માળા ફેરવવી."

હિમરાજ શેઠનું આજે પરિવર્તન થઈ ગયું ! વૈષ્ણવ તો હતા જ, પરંતુ આજે સાચા વૈષ્ણવ બની ગયા ! તેમણે કહ્યું : "સ્વામી ! મને આજે જ વનાએ કહ્યું હતું કે સમય આવ્યે આપને સમજાશે. તે આપની કૃપાથી આજે જ સમય પાકી ગયો. આપે મારા ઉપર ખૂબ જ કૃપા કરી." એટલું કહી સ્વામીના ચરણમાં નમસ્કાર કર્યા. સ્વામીના આશીર્વાદ લઈ શેઠ ઘેર ગયા.

મોઢ જ્ઞાતિમાં હાહાકાર

વૈષ્ણવ સમાજમાં આ સમાચાર વીજળી વેગે પ્રસરી ગયા. ન્યાતમાં આ સમાચાર સાંભળી બધાને આઘાત થયો. સગાંવહાલાં તેમને ઘેર આવવા લાગ્યાં.

તેમણે ઠપકો આપ્યો : ''શેઠ ! બાપ-દાદાનો ધરમ છોડ્યો ?''

શેઠે તરત જ કહ્યું : ''જ્યારે વિઠ્ઠલનાથજી પ્રગટ થયા, ત્યારે આપણી મોઢ જ્ઞાતિએ તેમનો આશ્રય કર્યો, ત્યારે બાપ-દાદાનો ધરમ તેમણે છોડ્યો હતો કે નહિ ? મેં પણ એવું જ કર્યું છે. સ્વામિનારાયણ વિષ્ણુનો અવતાર છે, તેમનો આશ્રય મેં કર્યો છે એટલે હું વૈષ્ણવ જ છું.''

જ્ઞાતિજનોના, સગાંવહાલાંના હાથ હેઠા પડ્યા. સૌને લાગ્યું કે શેઠ હવે લીધી વાત મૂકશે નહિ.

ધંધુકામાં એ વખતે વૈષ્ણવ આચાર્ય ગોંસાઈજી આવ્યા હતા. તેઓ સુંદરિયાણા આવ્યા. હિમરાજ શાહને ઠોર, પૂરી વગેરે પ્રસાદી કરંડિયામાં ભરી આઠ કરંડિયા મોકલ્યા. પણ શેઠે એક પણ કરંડિયો રાખ્યો નહિ. બધા જ પાછા મોકલાવી દીધા. આથી ગોંસાઈજી નારાજ થઈ ગયા. તે ધંધુકા પાછા ફર્યા. અહીં આવી તેમણે મોઢ જ્ઞાતિના અગ્રેસરોને બોલાવ્યા. તેમને કહ્યું : ''આજે આ સ્વામિનારાયણે આપણા અગ્રગણ્ય વૈષ્ણવ શેઠને તેમના ધરમમાં લઈ લીધા. આવું જો થશે તો વૈષ્ણવ ધર્મ તૂટવા માંડશે. માટે આનો કાંઈ ઉપાય કરવો જોઈએ. શેઠને ગમે તે રીતે પણ પાછા વાળવા જોઈએ.''

જ્ઞાતિના અગ્રેસરો ગોંસાઈજીની આ વાત સાંભળી વિચાર કરવા લાગ્યા. પરંતુ તેમાંથી એક ઠરેલ બુદ્ધિના જ્ઞાતિજને કહ્યું : ''આચાર્ય મહારાજ ! આજે સ્વામિનારાયણ અને તેમના સાધુઓ લોકોને પોતાના ચારિત્ર્યથી, ઉપદેશથી પોતાના સંપ્રદાયમાં વાળી લે છે. તમે પણ એ રીત અજમાવો. ધર્મ સાચવવો અને તેને તૂટવા ન દેવો તે તમારું કાર્ય છે. તમારા વડીલ મહાપ્રભુ વિઠ્ઠલનાથજીએ લોકોને ઉપદેશ કરીને જ આ વૈષ્ણવ સંપ્રદાયની સ્થાપના કરી હતી. જ્યારે તમે લોકોને ઉપદેશ આપી ધર્મમાં વર્તાવવાનું, તેમના કલ્યાણ માટેની ખેવના રાખવાનું છોડી દીધું છે. એટલે હવે અમે શું કરી શકીએ ?''

આ સાંભળી ગોંસાઈજી લાચાર બની ગયા. તેમણે કહ્યું : ''હિમરાજ શાહને ન્યાત બહાર કરો. એવી શિક્ષા કરશો ત્યારે જ તે સમજશે. પણ જો બેસી રહેશો, તો વૈષ્ણવ ધર્મની અને તે સાથે અમારી અને અમારાં બાળ-બચ્ચાંની દુર્દશા થઈ જશે.''

ભગવાનની ગાદી ઉપર બેઠેલા આચાર્યની આવી દીનવાણી સાંભળી વૈષ્ણવજનોને તેની દયા આવી. આચાર્ય એ ભગવાનનું સ્વરૂપ કહેવાય. પરંતુ આચરણ જ છોડી દીધું હોય ત્યારે સ્વરૂપનો ભાવ શી રીતે તેમનામાં રહે ?

તેમણે કહ્યું : "મહારાજ ! હિમરાજ શાહ તો પ્રતિષ્ઠિત શેઠ કહેવાય. તેમને ન્યાત બહાર કરવાથી તો આખી ન્યાતમાં હો હો થઈ જાય. માટે અમે વખત આવ્યે અમારી રીતે કામ કરશું."

મહારાજ સુંદરિયાણામાં

ગઢપુરમાં શરદપૂર્ણિમાનો ઉત્સવ કરીને મહારાજ પોતાના સંતો, ભક્તો સાથે સુંદરિયાણા પધાર્યા. અહીંના હિમરાજ શાહ સત્સંગી થયા છે તે જાણી તેમને આનંદ થયો. શેઠને તેમણે આશીર્વાદ આપ્યા. આવી પળોએ મહારાજના મુખ ઉપર દેખાતા આનંદથી સંતો તથા હરિભક્તોને લાગતું કે મહારાજની ઉદાસીનતા ટળી ગઈ છે. પરંતુ બીજી જ ક્ષણે મહારાજ પૂર્વવત્ સ્થિતિમાં આવી જતા. તેમની માનુષી લીલાના ભાવ તેમના સ્વરૂપની યથાર્થ નિષ્ઠા સિવાય અણસમજ્યા જ રહેતા. મોટા સંતો પણ એ કળાવા દેતા ન હતા. મહારાજને કયા પ્રસંગથી, કયા પ્રકારની લીલાથી, ચેષ્ટાથી શું કાર્ય કરવું હોય તે આપોઆપ જ હરિભક્તોને સમજાય તે જ તેમના શ્રેય માટે ઈષ્ટ છે એવું તેઓ જાણતા હતા. આથી ગોપાળાનંદ સ્વામી જેવા સમર્થ સંત પણ આવા પ્રસંગે મૌન જ રહેતા.

સુંદરિયાણાથી મહારાજ નીકળી ભાલમાં પ્રવેશ્યા. તાવી ગામમાં આવ્યા ત્યારે ગામધણી ચખુભા પોતાના સંબંધીઓ અને ગામના વાસીઓને લઈને મહારાજની સન્મુખ આવ્યા. મહારાજને આગ્રહ કરી પોતાના દરબારમાં તેડી ગયા. અહીં મહારાજને ઢોલિયા ઉપર પધરાવી મહારાજનું પૂજન કર્યું. મહારાજ સમક્ષ સાકરના થાળ મૂક્યા. કાઠી દરબારોને ગોરસ પાયાં.

પછી મહારાજ ત્યાંથી નીકળી તલસાણા થઈને દેવળિયા તરફ ચાલ્યા. મહારાજને આદરજ પહોંચવાની ઉતાવળ હતી. વળી, વચ્ચે દંઢાવ્ય દેશના પ્રેમી હરિભક્તો પણ રોકશે એ ખ્યાલમાં હતું. તેથી મહારાજ કોઈ પણ ગામમાં રોકાતા નહીં. જે તૈયાર હોય તે ટીમણ સાથે લઈ લેતા.

માણકી ! મારી બોન ! આજે તારે મારી લાજ રાખવાની છે

તલસાણાથી મહારાજ દેવળિયા પધાર્યા. અહીંના દરબાર જાલમસિંહ, તેમના સંબંધીઓ તથા ગ્રામજનોએ મહારાજનું સામૈયું કરીને મહારાજને ગામમાં પધરાવ્યા. જાલમસિંહના દરબારની બાજુમાં જ હરિમંદિર હતું. તેની

ઊભણી એક માથોડું ઊંચી હતી. ત્યાં ઢોલિયો ઢળાવી મહારાજને બેસાર્યા. હરિમંદિરના ફળિયામાં મહારાજની માણકી બાંધી. કાઠી દરબારોનાં ઘોડાં દરબારની ઘોડશાળમાં બંધાવ્યાં. તેમનો ઉતારો પણ દરબારગઢમાં રાખ્યો.

થોડી વારમાં વર્ણીએ દરબારગઢમાં મહારાજ સારુ રસોઈ કરી. મહારાજ દરબારગઢમાં જમવા પધાર્યા. જમીને કાઠી ભક્તોને કંસાર જમાડ્યો. ઉપરથી દૂધ પીરસ્યું. સૌને મહારાજે તૃપ્ત કરી દીધા. પછી મહારાજે કહ્યું : "કાલે વહેલી સવારે ચાલવું છે."

તે સાંભળી દરબાર જાલમસિંહનાં માતુશ્રી કેશાબાએ કહ્યું : "મહારાજ ! કાલે જમીને ચાલવાનું છે."

મહારાજે તરત જ કહ્યું : "અમે રોકાવાના નથી. આ ફેરે તમારું ધાર્યું થાય તેમ નથી."

કેશાબાએ હાથ જોડી કહ્યું : "તમે તો ભગવાન છો એટલે તમારી પાસે અમારું ધાર્યું શી રીતે થાય ? પણ અમારાં ગરીબનું કાંઈ માનો. બીજા મહેમાન હોય તો કોટિ ઉપાયે જવા ન દઈએ એવી યુક્તિ કરીએ, પણ તમારી આગળ અમારું ચાલે તેમ નથી."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "તમારી યુક્તિ પણ અમારી પાસે ચાલે તેમ નથી."

કેશાબાએ હાથ જોડી દીધા. પછી ધીરે રહીને બોલ્યાં : "એ તો પારખાં થયે ખબર પડશે."

દરબારે મહારાજનું પૂજન કર્યું અને ચરણકમળમાં થાળ ભરી રૂપિયા મૂક્યા. મહારાજ ઉતારે જઈ પલંગમાં પોઢી ગયા. કાઠી દરબારો પણ સુંદરિયાણાથી અહીં એકધારા આવ્યા હતા એટલે સૌ સૂઈ ગયા.

બરાબર મધ્યરાત્રીએ જાલમસિંહ અને કેશાબા મહારાજના ઉતારે ગયાં. કેશાબાએ ધીરેથી માણકી ઉપર હાથ ફેરવ્યો અને બોલ્યાં : "માણકી ! મારી બોન ! આજે તારે મારી ભેરમાં રહેવાનું છે."

માણકી સમજી ગઈ. જરાય હણહણી નહીં. ધીરેથી માણકીને છોડીને દરબારગઢમાં લઈ આવ્યાં. અહીં કેશાબાના ઓરડાની બાજુના જ ઓરડામાં માણકીને બાંધી, લીલું ઘાસ નીર્યું. ફરી કેશાબાએ માણકી ઉપર હાથ ફેરવતાં કહ્યું : "માણકી ! આજે તારે મારી લાજ રાખવાની છે. મારાંથી મહારાજ આગળ બોલાઈ ગયું છે કે પારખાં થયે ખબર પડશે. મારી બોન છો ને ! મારી

વાલેશરી ! આજે મહારાજ બોલાવે તોયે બોલીશ નહીં હોં !'' એમ કહીને કેશાબા તથા જાલમસિંહ ઓરડો બંધ કરીને દરબારમાં ગયાં.

કેશાબાએ બ્રાહ્મણને ઉઠાડ્યો. તેને કહ્યું : ''ભઈલા ! ઝટ રસોઈ માંડી દે. મહારાજને વહેલા પધારી જવું છે તે કાંઈ ભૂખ્યા મોકલાય ?''

બ્રાહ્મણ આંખો ચોળતો ઊઠ્યો. નાહીને પરવારી તેણે રસોઈની શરૂઆત કરી દીધી. પાછલી રાત રહી એટલે કાઠી દરબારો, પાર્ષદો સૌ ઊઠ્યા. સૌ પોતપોતાના ઘોડા ઉપર પલાણ માંડવા લાગ્યા. નાજા ભગતે પણ પોતાના ઘોડા ઉપર પલાણ માંડી દીધું.

પછી માણકી છોડવા માટે તે ગયા. પણ આ શું ? ખીલે માણકી જ ન દીઠી ! તેને ફાળ પડી. માણકી ક્યાં ? મહારાજ એકલા તો ઊપડી નથી ગયા ને ? તેણે મહારાજના ઢોલિયા તરફ જોયું. પરંતુ મહારાજ તો હજુ યોગનિદ્રામાં જ હતા. તે ત્યાંથી દોડ્યા. દરબારગઢમાં આવ્યા. ઘોડશાળમાં તપાસ કરી . બધા જ ઘોડા જોયા પણ માણકી દીઠી નહીં. તેનું હૈયું જોરથી ધડકવા લાગ્યું. તેણે જાલમસિંહ દરબારને જગાડ્યા. દરબાર સફાળા બેઠા થયા : ''કોણ છે ?''

''એ તો બાપુ, હું નાજા ભગત.'' નાજા ભગતે કહ્યું.

''નાજા ભગત ? કેમ ? મહારાજ બોલાવે છે ?''

''ના, બાપુ ! મહારાજ તો હજુ પોઢ્યા છે પણ માણકી દેખાતી નથી. ખીલે બાંધી હતી ત્યાં નથી, આ ઘોડશાળમાં પણ નથી. માણકી કયાં ગઈ ?'' નાજા ભગત ઉતાવળા બોલવા લાગ્યા.

''માણકી ? માણકી ક્યાં ગઈ ?'' એમ કહીને ખાટલામાંથી બાપુ ઊભા થઈ ગયા. તરત જ પડખે પડેલી તલવાર ભેટે બાંધી. માથે ફાળિયું વીંટી લીધું. ''અરે નાજા ભગત ! આ તો મારી આબરૂના કાંકરા થઈ જાય. મારા દરબારમાંથી માણકી કોણ ઉપાડી જાય ?'' એમ કહીને તે નીચે ઊતર્યા.

દરબાર મહારાજના ઉતારે હરિમંદિરમાં ગયા. ત્યાં જોયું. આજુબાજુ બધે જોયું. એટલામાં મહારાજ ઊઠ્યા. ઉતાવળાં ઉતાવળાં પ્રાતઃવિધિ કરી લીધી અને પછી દરબારમાં પધાર્યા. એટલે કેશાબા તરત જ મહારાજ પાસે આવ્યાં. તેમણે મહારાજને હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! હજુ પહર વેળા પણ થઈ નથી. આવડી ઉતાવળ કાં ?''

''અમારે હવે ચાલવું જોઈએ. તમારી રજા લેવા આવ્યા છીએ.'' મહારાજે કહ્યું.

કેશાબાએ હાથ જોડી કહ્યું : "ભલે મહારાજ ! તમે ભગવાન છો. સમરથ છો. અમારા રોક્યા રોકાવ એવા નથી. તો પધારો."

એટલામાં નાજા ભગત ત્યાં આવ્યા. તેણે ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું : "મહારાજ ! માણકી જડતી નથી. ખીલે બાંધી હતી ત્યાં નથી, ઘોડશાળમાં પણ નથી. દરબાર માથે ફાળિયું વીંટીને ગોતવા નીકળ્યા છે."

"શું કહ્યું ? માણકી જડતી નથી ? તો ગોતવા નીકળો. બાપુ એકલા ગયા છે તો કાઠી દરબારોનાં પણ ઘોડાં દોડાવો. પગીને પણ લઈ જાવ સાથે. પગેરું કાઢો. કોણ માણકીને ઉપાડી જવાવાળો છે ?" મહારાજે એકદમ કહ્યું.

"મહારાજ ! આ તો ગજબ થઈ ગયો કહેવાય ! અમારા દરબારમાંથી માણકી ખોવાય તો તો અમારી આબરૂના કાંકરા થાય ને ! લોકમાં આંગળી ચીંધામણું થઈ જશે !" કેશાબા બોલ્યાં.

"હા, આંગળી ચીંધામણું તો થશે કે આ કેશાબાના દરબારમાંથી માણકી અલોપ થઈ ગઈ ! માણકીને બીજાનો હાથ અડે કે તરત હણહણે. આ તો વગર બોલ્યે માણકી હાલી નીકળી. આજ તો અમારાંય પારખાં થઈ ગયાં !"

કેશાબા આ સાંભળી મનમાં હસ્યાં.

થોડી વારે જાલમસિંહ બાપુ, દરબારો, પગી બધા આવી ગયા. સૌનાં મોઢાં પડી ગયાં હતાં. પગીએ કહ્યું : "મહારાજ ! માણકીનું પગેરું જ મળતું નથી."

"તો શું માણકીને પાંખો આવી ? ગઢપુરમાં લાડુબા, જીવુબાએ અમારી લાજ લીધી. કરિયાણામાં મીણબાએ લાજ લીધી અને આજ આ કેશાબા અમારી લાજ લેવા તૈયાર થયાં છે." મહારાજે હસતાં હસતાં કહ્યું.

"મહારાજ ! ભગવાનને ભક્તની લાજ રાખવાની ખેવના છે એટલે આવાં આવાં ચરિત્રો કરે છે." કેશાબાએ હાથ જોડીને કહ્યું.

થોડી વારમાં મંદિરમાં રહેતા ધ્યાનદાસ વેરાગી ત્યાં આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! કેશાબાએ કહેવડાવ્યું છે કે મહારાજ જો જમીને નીકળવાનું કબૂલ કરે, તો તેઓ માણકી ગોતી આપે."

આ સાંભળી મહારાજે બાપુ તરફ જોયું. તેમણે પૂછ્યું : "બાપુ ! માણકી ક્યાં છે ?"

બાપુએ તરત જ કહ્યું : "મહારાજ ! હું માણકીને ઓળખું છું. તમારો સાદ સંભળાય કે તમારાથી થોડી જુદી પડે એટલે તરત જ હણહણાટ કરે. અહીં હોય તો બોલાવો. આખા દરબારગઢમાં ફેરવું."

મહારાજે તરત જ માણકીને સાદ કર્યો. એક વખત, બે વખત, ત્રણ વખત પણ ક્યાંયથી અવાજ આવ્યો નહીં. બાપુ સાથે મહારાજ આખા દરબારગઢમાં ફર્યા. પણ માણકીનો અવાજ સંભળાયો નહીં. પછી પાછા મહારાજ દરબારમાં આવ્યા. મહારાજે કહ્યું : ''કેશાબા ! અમે જમીને નીકળીશું, પણ માણકીને લઈ આવો.'' એટલામાં માણકી હણહણી. મહારાજે સાંભળ્યું. મહારાજ બોલ્યા : ''માણકીનો અવાજ ! ક્યાં છે ?''

કેશાબાએ તરત જ મહારાજને કહ્યું : ''હાલો મારી સાથે.''

મહારાજ તેમની સાથે ગયા. પોતાના ઓરડાની બાજુનો ઓરડો તેમણે ઉઘાડ્યો. માણકી હણહણવા લાગી. મહારાજને જોઈ ઊંચી-નીચી થવા લાગી. મહારાજે માણકી ઉપર હાથ ફેરવ્યો એટલે તે શાંત થઈ. પછી કહ્યું : ''અત્યાર સુધી કેમ બોલતી નહોતી ? કેશાબાએ બહેન બનાવી દીધી હતી એટલે ?''

કેશાબાની આંખમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં. તેમણે કહ્યું : ''પ્રભુ ! જેમ આપ ભક્તવત્સલ છો, તેમ માણકી પણ ભક્તવત્સલ છે. તેણે આજે મારી લાજ રાખી છે.''

''કેશાબા ! માણકી મુક્ત છે. તે પ્રેમની ભાષા સમજે છે.'' મહારાજે કહ્યું. પછી એકદમ ઉતાવળા થઈને બોલ્યા : ''લ્યો, હવે ઝટ જમાડી ઘો. બહુ મોડું કરવું નથી.''

દેવળિયામાં મહારાજ કેશાબા અને જાલમસિંહની ભક્તિરસથી ભરપૂર રસોઈ જમ્યા અને તરત જ ત્યાંથી નીકળી ગયા.

મહારાજ દદૂકા થઈને મછિયાવ પધાર્યા. અહીંના રાજા બાપુભાઈના દરબારમાં મહારાજ ઊતર્યા.

અમે હવે સત્સંગમાં રહેવાના નથી

અહીં ખાનગીમાં દાદાખાચરને અને લાધા ઠક્કરને બોલાવ્યા. પછી કહ્યું : ''જુઓ, અમે હવે સત્સંગમાં રહેવાના નથી. માટે જે પૂછવું હોય તે પૂછી લેજો.''

તે સાંભળી લાધા ઠક્કરે કહ્યું : ''મહારાજ ! અમને તો કાંઈ સૂઝતું નથી. આપ સત્સંગ છોડીને જવા ઇચ્છો છો તે જ અમારા માટે લાંછનરૂપ છે. માટે મોટા મોટા સંતોને આદરજ બોલાવ્યા છે. તેઓ બધા ત્યાં આવી જાય, તેમની સૌની સંમતિ લઈને આપને જેમ ઇચ્છામાં આવે તેમ કરજો.''

મહારાજ તેમના અંતરની મૂંઝવણ પારખી ગયા.

મહારાજે પાર્ષદોને બોલાવ્યા અને કહ્યું : "તમે કરજીસણ જાઓ. ત્યાં વાત કરજો કે અમે આવીએ છીએ. અમારે છાના રહેવું છે. નાનાભાઈ વિપ્રની ઓરડીમાં રહેશું, તો ત્યાં કોઈ બાઈ રહે નહીં તેવો પ્રબંધ કરાવજો અને ગામમાં કોઈને ખબર પડવા દેશો નહીં."

પછી શુકમુનિને કહ્યું : "જેતલપુર પત્ર લખો. નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી વગેરે સંતોને કરજીસણ બોલાવો."

"પણ ત્યાં તો છાના રહેવું છે ને ?" શુકમુનિએ પૂછ્યું.

"છાના રહીને મંત્રણા કરવી છે. માટે બોલાવો." મહારાજે કહ્યું.

મહારાજ ત્યાંથી વડુ પધાર્યા. મહારાજ સાથે સંતો હતા. પટેલ જેરામ ભગત, માના ગોહેલ, જેરામ રબારી વગેરે હરિભક્તોએ શીરા-પૂરીની રસોઈ કરાવી સૌને જમાડ્યા.

ત્યાંથી કરજીસણ જવા નીકળ્યા. મહારાજને અહીં ગુપ્ત રહેવું હતું તેથી ફક્ત નાનાભાઈને જ ખબર આપી હતી. ગોવિંદભાઈને ખબર આપી ન હતી. તેથી તે બહાર સત્સંગ કરાવવા ગયા હતા.

મહારાજ નાનાભાઈની વાડીમાં ઓરડી છે ત્યાં ઊતર્યા. આ વાડીમાં ગોવિંદભાઈનો પણ ભાગ હતો. મહારાજે કહ્યું : "ગોવિંદભાઈ ક્યાં ગયા છે ?"

નાનાભાઈએ કહ્યું : "સત્સંગની વાતું કરવા ગામડે ફરે છે. આદરજ આવી જશે."

શ્રીહરિનાં અનેક સ્વરૂપે દર્શન

એટલામાં નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદ મુનિ વગેરે સંતો આવ્યા. તેમણે મહારાજને હાર પહેરાવ્યા. મહારાજ સાથે સંતો હતા તે બધા ગામ બહાર ઊતર્યા હતા. 'મહારાજ તેમની સાથે છે' એવું કોઈ પૂછતા તો કહેતા કે "મહારાજ તો આદરજ જવા નીકળી ગયા છે. માટે સૌ આદરજ જાઓ."

અહીં મહારાજે બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને બોલાવીને કહ્યું : "અમે હવે સત્સંગમાં રહેવાના નથી. સત્સંગમાં સંતોને પરસ્પર બરોબરિયાપણું રહે છે, એક બીજાની મર્યાદા કોઈ રાખતા નથી એટલે અમે ઉદાસ થયા છીએ."

ત્યારે તેમણે કહ્યું : "મુક્તમુનિ મોટેરા સંત છે તેમને પૂછીને નિર્ણય લેશું."

એટલે શ્રીહરિ કાંઈ બોલ્યા નહીં. દિવાળીને હવે બે-ત્રણ દિવસ જ બાકી

હતા તેથી શ્રીહરિએ કહ્યું : "ચાલો, હવે આદરજ જઈએ."

બધો સંઘ તૈયાર થયો. નાનાભાઈએ પૂછ્યું : "મહારાજ ! વળતાં અહીં પધારશો ?"

'જેવો વખત." એમ કહીને મહારાજ ત્યાંથી નીકળી ગયા.

આદરજમાં અન્નકૂટોત્સવ : આ.સં. ૧૮૭૫

આદરજથી રતુ ખાંટ મહારાજને તેડવા કરજીસણ આવ્યા હતા એટલે મહારાજ તેમની સાથે આદરજ પધાર્યા. આગળથી જ રતુ ખાંટે તૈયારી કરી રાખી હતી એટલે તેના ભાઈ મૂળજી ખાંટ તથા અન્ય ભક્તોએ મહારાજનું ધામધૂમથી સામૈયું કર્યું. મહારાજ રતુ ખાંટને ઘેર ઊતર્યા. અહીં આવ્યા એટલે તરત જ મહારાજે પૂછ્યું : "અમને કેટલા દિવસ રાખશો ?"

ત્યારે રતુ ખાંટની મા સુજાનબા તથા બહેન હવનબાએ કહ્યું : "મહારાજ ! અમારા ઘરની સમૃદ્ધિ વાપરીને પછી જજો."[૧૮]

મહારાજ તેમનાં આ મર્મવચન સાંભળી પ્રસન્ન થયા.

બીજે દિવસે વડોદરાથી મુક્તાનંદ સ્વામી સંઘ લઈને આવ્યા. સુરતનો સંઘ પણ આવ્યો. ઠેઠ કચ્છમાંથી પણ હરિભક્તો આવી ગયા. મહારાજ ઉદાસ થયા હતા અને સત્સંગ છોડીને જવાના હતા, તેથી દેશોદેશના સત્સંગીઓ આવી રહ્યા હતા. ગામની આજુબાજુની વિશાળ જગ્યામાં, વૃક્ષો નીચે, ખેતરોમાં સંઘ ઊતર્યો હતો. રતુ ખાંટે આગળથી તમામ વ્યવસ્થા કરી લીધી હતી. કરજીસણના ગોવિંદભાઈ પટેલ, નાનાભાઈ વિપ્ર તેમજ વડુના હરિભક્તોનો

૧૮. રતુ ખાંટની ચોથી પેઢીએ ચૂંથાજી ખાંટ છે તેના તરફથી એક એવો પણ ઉલ્લેખ મળે છે કે રતુ ખાંટને પોતાના ખેતરમાં હળ હાંકતાં મોટો ચરુ મળ્યો હતો. તે તેઓ ઘેર લઈ આવ્યા. તેમાં સોનામહોર ને રૂપિયા હતા. તે જોઈ તેમની માતા સુજાનબા તથા બહેન હવનબાએ તેને કહ્યું : "તું ચિંતા કરતો હતો ને કે મહારાજ સંઘ લઈને અહીં પધારશે, અન્નકૂટનો ઉત્સવ કરશે અને આપણી તો કાંઈ એવડી ત્રેવડ નથી, તો જો મહારાજે લક્ષ્મી આગળથી મોકલાવી ને ? મહારાજે આ લક્ષ્મી આપી છે તે તમામ મહારાજ વાપરીને જ અહીંથી જાય તે પહેલાં મહારાજને કે સંઘમાંના એક પણ હરિભક્તને અહીંથી જવા ન દેવા." તેથી તેમણે મર્મથી ઉત્તર કર્યો. રતુ ખાંટનાં ઘર - જેમાં મહારાજ ઊતર્યા હતા - તે પ્રસાદીનાં ઘર હજુ મોજૂદ છે. જે સ્થળે મહારાજ સ્નાન કરતા ત્યાં ઓટો કરાવી આદરજના અન્નકૂટ ઉત્સવની લીલા લખી છે.

તેમને સારો સાથ મળી ગયો હતો. ગામની ઉત્તર દિશામાં આંબલીઓનાં વૃક્ષોની ઘટા નીચે મહારાજે સભાસ્થાન નક્કી કર્યું હતું.

અન્નકૂટની અનેક પ્રકારની વાનગીઓ સુજાનબા, હવનબા તથા ડાંગરવા, કરજીસણ, વડુ વગેરે ગામોની બહેનોએ આવીને શુદ્ધ રીતે આગળથી તૈયાર કરી હતી. બ્રાહ્મણોને પણ રસોઈ માટે બોલાવ્યા હતા એટલે સંઘની રસોઈ તેમણે કરી હતી.

ઠાકોરજી આગળ અન્નકૂટનો થાળ ધરાવ્યો, એ વખતે મહારાજે ઠાકોરજી સમક્ષ' ઉત્સવ કરાવ્યો. પછી થાળ ધરાવી પોતે આરતી ઉતારી. આ જ સમયે મહારાજ આંબલીઓનાં વૃક્ષ નીચે જે સભા બેઠી હતી ત્યાં પણ સભા સમક્ષ વાતો કરતા હતા. પરંતુ મહારાજે અન્નકૂટની આરતી કરી, એ સાંભળી સભામાં બેઠેલા કેટલાક આ ચમત્કાર જોવા ત્યાં આવ્યા. ઠાકોરજી પાસેથી પણ કેટલાક આંબલીઓ નીચે થયેલી સભામાં આવ્યા. આમ, મહારાજનાં બે સ્વરૂપે દર્શન થયાં.

આરતી બાદ મહારાજ જમવા બિરાજ્યા. તે જ વખતે સંતો અને હરિભક્તોની પંક્તિ કરાવી. સંતોના મનમાં સંકલ્પ હતો કે મહારાજ પ્રથમ પીરસે પછી જમવું. એટલે પંક્તિ થયા છતાં કેટલાક સંતો પંક્તિમાં ઊભા જ રહ્યા હતા. એટલામાં મહારાજ પીરસવા પધાર્યા. તેથી આશ્ચર્ય પામી સૌ સંતો બેસી ગયા. કેટલાકને ઉત્સુકતા થઈ કે મહારાજ તો હજુ હમણાં જ જમવા બિરાજ્યા હતા અને અહીં પીરસવા કઈ રીતે પધાર્યા ? એટલે તે ત્યાં જોવા ગયા તો મહારાજને થાળ જમતાં જોયા. મહારાજનું આ ઐશ્વર્ય જોઈ સંતો, હરિભક્તોમાં આનંદ આનંદ થઈ ગયો. મહારાજ ઉદાસ થયા હતા તે ઉદાસીનતાના ભાવ તેમના અંતરમાંથી અત્યારે તો નીકળી ગયા. મહારાજે સંઘમાં આવેલા તમામ સંતો, પાર્ષદો અને હરિભક્તોની પંક્તિઓમાં વારંવાર ફરીને પીરસ્યું. આમ, અનેક સ્વરૂપો ધારી મહારાજે તમામને પીરસીને શોકમુક્ત કરી દીધા.

બીજે દિવસે મહારાજે સંઘને રોક્યો. સંઘમાંથી એક પણ હરિભક્તને મહારાજ કાંઈ નિર્ણય લે તે પહેલાં જવાની ઇચ્છા ન હતી. મહારાજે પણ સૌને કહ્યું : "બે દિવસ રોકાવ. આ રતુજીની ઇચ્છા એવી છે કે તેની સંપત્તિ બધી વપરાઈ જાય ત્યાં સુધી સૌને રોકવા. પણ એવો ભીડો તેમને અપાય નહીં. એટલે બે દિવસ પછી સૌને રજા આપીશું."

આંબલીઓ નીચે મહારાજે સંતો, પાર્ષદો પાસે ગરબી ગવરાવી રાસ

રમાડ્યા. પછી ત્યાંના પટેલિયાઓએ તળાવનાં પાણી ઉપર કોડિયું તરતું મૂક્યું. તેની વાટ તીરથી વીંધી નાંખવાની રમત બતાવવાનું નક્કી કર્યું. પરંતુ કોઈ વીંધી શક્યું નહીં. પછી મહારાજે ભગુજીને કહ્યું : "ભગુજી ! તમે નિશાનબાજ છો. તમે વીંધી નાંખો." એટલે ભગુજીએ તરત જ તીરકામઠું લઈને, તીર ચડાવી તળાવમાં તરતા કોડિયાની વાટ વીંધી નાંખી.

રાત્રે મહારાજે આંબલીઓ નીચે પાટ ઢળાવી પોતે તે ઉપર બિરાજમાન થયા. ત્યાં સભા થઈ. સભામાં મહારાજે પોતાના નિર્ણયની વાત કરી. આ સાંભળી હરિભક્તો ફરી ઉદાસ થઈ ગયા. આવો અલૌકિક અન્નકૂટનો ઉત્સવ કર્યો, ઐશ્વર્ય બતાવ્યું, પંક્તિઓમાં બેઠેલા હજારો હરિભક્તોને પોતે અનેક સ્વરૂપ ધારી પીરસ્યું, મહાપ્રસાદ જમાડ્યો, વનવાસની વાતનું દુઃખ ભુલાવી દીધું અને વળી ફરી એ જ વાત મહારાજે ઉપાડી ! ભગવાન રામચંદ્રે પણ અયોધ્યાના વાસીઓનો ત્યાગ કર્યો હતો, શ્રીકૃષ્ણે ગોપીઓનો ત્યાગ કર્યો હતો, એવી જ અનાદિની રીત આજે પણ પ્રભુએ ધારણ કરી હતી.

તરત જ બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! ભક્તો તો પોતાના રૂઢ થયેલા દેહભાવને લીધે પોતાના સ્વભાવ છોડી ન શકે, પરંતુ ભગવાન પણ પૂર્વના અવતારોએ આદરેલી અનાદિની રીત સાચવવાનો, પોતાનો તે સ્વભાવ છોડી શકતા નથી તે અમને સમજાતું નથી."

"ભગવાનનાં દરેક ચરિત્રો દિવ્ય હોય છે. દિવ્ય દૃષ્ટિથી જ સમજાય તેવાં ચરિત્રોમાં પણ ભક્તોનું શ્રેય જ છે." મહારાજે કહ્યું.

મહારાજના મિજાજને બ્રહ્માનંદ સ્વામી સમજી ગયા એટલે વિશેષ બોલ્યા નહીં.

આખા આદરજ ગામનો મોક્ષ કરીશું

એ વખતે સુજાનબાએ પોતાના પુત્ર રતુ ખાંટ દ્વારા મહારાજને કહેવરાવ્યું : "મહારાજ ! અમારી કસૂર થઈ છે તો ક્ષમા કરજો. આપ તો હવે ઉદાસ થઈ, સત્સંગ છોડીને જવાની વાત કરો છો, એટલે હવે અમારા જેવા પામર જીવોના મોક્ષનું શું ?"

તરત જ મહારાજે કહ્યું : "આખા આદરજ ગામના લોકોનો અમે મોક્ષ કરીશું. આજે આખા ગામની વસતિને અમારો સંબંધ થયો છે, એટલે તમારે કાંઈ ચિંતા કરવાની જરૂર નથી."

સુજાનબાને તથા ગામના લોકોને શ્રીજીમહારાજે આપેલ આ વરદાનથી આનદ થયો.

રાત્રી ઘણી થઈ હતી તેથી મહારાજે સભામાં કહ્યું : "હવે કાલે જુદા જુદા સંઘમાંથી આવેલા મુખ્ય મુખ્ય હરિભક્તો રોકાજો. બીજા સર્વને જવાની આજ્ઞા છે."

બીજે દિવસે સવારે મુખ્ય મુખ્ય સંતો તથા હરિભક્તોની મહારાજે સભા કરી. સર્વે સંતોએ નિશ્ચય કર્યો હતો કે કોઈ પણ પ્રકારે મહારાજને સત્સંગમાંથી જવા દેવા નથી. તેથી સભામાં મહારાજ પધાર્યા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ હાથ જોડી મહારાજને પૂછ્યું : "મહારાજ ! આપ ભલે સત્સંગ છોડીને જાઓ, આપે નિર્ણય લીધો છે તેમાંથી આપ ફરવાના નથી એ અમે જાણીએ છીએ, પણ છેવટે એટલું તો કહો કે અમે શું કરીએ, કેમ વર્તીએ, તો આપ સત્સંગમાં રહો."

તે સાંભળી મહારાજે કહ્યું : "આ નિર્વિકલ્પાનંદ અને હર્યાનંદથી મુક્તાનંદ સ્વામીની મોટપ ખમી શકાણી નહીં. આવા મોટા સંતને તેમણે પોતાની તુલ્ય જાણ્યા. સત્સંગમાં આવું વિવેકહીન વર્તવાનું હોય તો અમે શી રીતે રહી શકીએ ? સત્સંગ દિન-પ્રતિદિન વધતો જાય છે. તેથી મોટેરા સંતોની જો મર્યાદા સાચવીને સૌ વર્તે તો અમે રાજી થઈએ. અમારો ભાર પણ હળવો થાય."

એટલે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ જે સંતોને મોટેરા કરશો તેની આજ્ઞામાં અમે વર્તીશું. આપની ઇચ્છા પ્રમાણે જ અમારે વર્તવું છે."

સત્સંગમાં નિયમનની જરૂર છે

મહારાજ આ સાંભળી રાજી થયા. મુખ ઉપર પ્રસન્નતા બતાવી. પછી બોલ્યા : "તમે સૌ શુદ્ધ મુમુક્ષુઓ છો. કલ્યાણને માર્ગે તમને અમે ચડાવ્યા છે તો વચ્ચે રખડતા મૂકી અમે જવા ઇચ્છતા નથી. પરંતુ સત્સંગમાં અત્યારે હવે નિયમનની જરૂર છે. નિયમન સિવાય સત્સંગમાં પણ સાધુ, હરિભક્તો બેમર્યાદ થઈ જશે. તેથી આજે અમે ચાર સંતોને સદ્‌ગુરુપદે સ્થાપવા વિચાર કર્યો છે. તેમની આજ્ઞામાં સૌએ વર્તવું. તેમની મર્યાદા રાખવી. સર્વ હરિભક્તોએ તેમને માનવા, પૂજવા, શ્રીફળ વગેરે ભેટ ધરવાં અને જ્યારે સૌ સૌને ગામ આ સંતો આવે ત્યારે તેમની સન્મુખ જવું. એ પ્રકારે તેમનો આદર કરવો."

મહારાજની આ વાત સાંભળી સૌ સંતો-હરિભક્તો રાજી થઈ ગયા.

નિત્યાનંદ સ્વામીએ તરત જ કહ્યું : ''મહારાજ ! આપ જેમને સદ્ગુરુઓ નીમવા ઇચ્છતા હો તેમનાં નામ કહો એટલે તે પ્રમાણે અમે સત્સંગમાં જાહેર કરીએ.''

મહારાજ મુક્તાનંદ સ્વામીને પોતાની પાટ ઉપર બેસાડે છે

આ સાંભળી મહારાજ પોતાની પાટ ઉપરથી તરત જ નીચે ઊતરી ગયા અને સંતો સાથે બેસી ગયા. આથી સંતો મૂંઝવણમાં પડી ગયા. મહારાજે મુક્તાનંદ સ્વામીનો હાથ પકડી તેમને ઊભા કર્યા અને પોતે જે પાટ ઉપર બિરાજ્યા હતા તે પાટ ઉપર તેમને બેસાર્યા. મુક્તાનંદ સ્વામીની મૂંઝવણ વધી ગઈ. તેઓ તરત જ પાટ ઉપરથી ઊતરવા લાગ્યા. પણ મહારાજે તેમને કહ્યું : ''અમારી આજ્ઞા છે એટલે બેસો. તમે તો અમારા પણ ગુરુ છો. એટલે અમારી પાટ ઉપર બેસો તેમાં કાંઈ અજુગતું નથી.''

નિત્યાનંદ સ્વામીએ પણ કહ્યું : ''સ્વામી ! મહારાજ રાજી થાય તેમ કરો. આજે સમગ્ર સત્સંગને આપણે સંકટમાંથી ઉગારી લેવો છે.''

મુક્તાનંદ સ્વામી આ સાંભળી સંકોચાઈને બેસી રહ્યા.

મહારાજે મુક્તમુનિની પૂજા કરી, તેમની આરતી ઉતારી. મુક્તાનંદ સ્વામી આ સમય દરમ્યાન નીચું જોઈ રહ્યા હતા. મહારાજે તેમને કહ્યું : ''સ્વામી ! આમ ક્ષોભ પામવાની જરૂર નથી. અમે ભગવાન છીએ પરંતુ લોકો સમક્ષ અમારું સાચું સ્વરૂપ ઓળખાવનાર તમે છો. અમારો મહિમા તમે વધાર્યો છે. સત્સંગમાં તમોએ અમારા સ્વરૂપને ઓળખાવી સૌના અંતરમાં નિષ્ઠા દૃઢ કરાવી સત્સંગનાં મૂળ ઊંડાં નાંખ્યાં છે. તમે અમને પ્રસન્ન કરવા તપ કર્યાં, વ્રત કર્યાં, ગોળા ખાધા, ટાટ પણ પહેર્યાં. અમે વખતોવખત પ્રવર્તાવેલ અનેક પ્રકરણોમાંથી પસાર થયા અને અમારી દાસભાવે ભક્તિ કરી અને પ્રવર્તાવી. આ તમારી મોટપ છે. તેથી તમને લોકો પૂજે, માને, તમારી આજ્ઞામાં વર્તે તેમાં અમે રાજી છીએ. તમે તો અમારા હૃદય સમાન છો. એટલે તમારી મોટપ વધશે તેમાં અમારી પણ મોટપ વધવાની જ છે.''

''પણ મહારાજ ! આપ સાક્ષાત્ પરમાત્મા છો. અમે તો આપના દાસ છીએ, સેવક છીએ. અમને આ પૂજા, માન, પ્રતિષ્ઠા ન જોઈએ.'' મુક્તમુનિએ ધીરેથી કહ્યું.

''તમે અમારા સેવક છો, દાસ છો, અમને પરમાત્મા સમજીને અમારી દાસભાવે ભક્તિ કરો છો તેમાં જ તો તમારી મોટપ વધી છે. સાચા સાધુની

આવી મોટપ જગતના મુમુક્ષુઓએ ભવિષ્યમાં તો જાણવી જ પડશે. તેમના દ્વારા પણ કલ્યાણનો માર્ગ ચાલુ રહેશે." આટલું કહેતાં કહેતાં મહારાજનાં નેત્રો આર્દ્ર બની ગયાં. થોડી વારે તેમણે કહ્યું : "આવો બ્રહ્મમુનિ, નિત્યાનંદ સ્વામી, પરમ ચૈતન્યાનંદ સ્વામી, તમને પણ આ મુક્તમુનિની સાથે સદ્‌ગુરુપદે સ્થાપવા છે. તમારું પણ અમારે પૂજન કરવું છે, આરતી ઉતારવી છે."

ત્રણે સદ્‌ગુરુઓ તરત જ ઊભા થયા. મહારાજની આજ્ઞા પાળી, મહારાજની ઉદાસીનતા તેમને ટાળવી હતી. સમગ્ર સત્સંગના હિતમાં આજે મહારાજ જે કહે તેમ કરવા તેઓ તૈયાર થઈ ગયા હતા.

મહારાજે વિધિ પૂરો કર્યો. પછી સૌને કહ્યું : "આજે સત્સંગમાં આ ચાર સદ્‌ગુરુઓ અમે સ્થાપ્યા છે. સૌએ તેમને અમારા સ્થાને માનવા. જે સાચા સદ્‌ગુરુ છે તે સૌને ધર્મમાં વર્તાવે, ભગવાનના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરાવી તેમની ભક્તિમાં પ્રેરે, શાસ્ત્રના શબ્દો પોતાના અનુભવજ્ઞાનથી યથાર્થ રીતે સમજાવે. તેમને અનુસરવું તે અમને અનુસર્યા બરોબર છે."

મહારાજના આ શબ્દોથી સત્સંગમા સૌના હૈયાં હેઠાં બેઠાં. નિર્વિકલ્પાનંદ અને હર્યાનંદ નીચું જોઈ રહ્યા. તેમના પ્રત્યે સૌની તિરસ્કારની દૃષ્ટિ હતી. મહારાજે કહ્યું : "સત્સંગમાં જે કુસંગ છે તેને હંમેશાં ઓળખી રાખવો. બધાય સાધુ સરખા છે એમ માની બ્રહ્મભાવનું શુષ્ક જ્ઞાન ન કથવું. વિવેકદૃષ્ટિ રાખી સંત અને અસંતને ઓળખી લેવા. પછી સંતનો સમાગમ કરવો અને અસંતથી દૂર રહેવું."

આ રીતે આદરજમાં અન્નકૂટનો ઉત્સવ સત્સંગના એક સીમાચિહ્નરૂપે ઊજવાઈ ગયો. સૌ આ ઉત્સવ ઉપર આવ્યા ત્યારે વ્યગ્ર હતા. હવે સૌ આનંદમાં વિખરાયા.

મહારાજે ચાર મોટેરા સદ્‌ગુરુઓને બોલાવીને કહ્યું : "અમારી પાસે કાષ્ઠનાં પાત્ર અને તુંબડાં આવ્યાં છે તે તમો સાધુઓમાં વહેંચી દેજો. બીજા સંતો માટે નવાં બનાવરાવશું. આજથી સંતો બધા આ કાષ્ઠના પાત્રમાં જ અન્નની તમામ સામગ્રી એકઠી કરી તેમાં પાણી નાખીને જમે. પ્રાણને પોષવા માટે આહારની જરૂર છે, સ્વાદ માટે નહીં."

એટલું કહીને મહારાજે કહ્યું : "માંગરોળમાં આણંદજી સંઘેડિયા છે તે પણ પાત્ર બનાવી દેશે. વળી, ધોરાજીમાં અજુભાઈ ક્ષત્રિય છે. તેમની પાસે પણ થોડાં પાત્રો પડ્યાં છે. તે બધાં ભેગાં કરવાં અને સંતોને વહેંચી આપવાં.

ત્યાગની અનોખી રીત આપણે ચલાવવી છે.''

સંતો આ સાંભળી રાજી થયા. તેમણે મહારાજને કહ્યું : ''મહારાજ ! આપની આજ્ઞા પ્રમાણે જ વર્તવું છે અને સૌને એ પ્રમાણે વર્તાવવા છે.''

મહારાજ આ સાંભળી રાજી થયા. પછી સૌને તેઓ જ્યાં જ્યાં ફરતા હતા ત્યાં જવા માટે રજા આપી.

મુક્તાનંદ સ્વામીને મહારાજે ગાડું જોડાવી આપ્યું. તેમની સાથે તેમની રક્ષામાં પાર્ષદ રવાજીને રાખ્યા. તે માથાસૂલ ગામના ક્ષત્રિય હતા. શ્રીહરિની સેવા કરવા માટે જ તેઓ તેમની પાસે આવી પાર્ષદ થયા હતા. પોતાના ગરાસની જે આવક આવતી તે શ્રીહરિને અર્પણ કરી દેતા. શ્રીહરિ તે ધન-દુર્બળ વિપ્રને આપતા. કેટલાકને તે ધનમાંથી ગાય પણ અપાવતા, કોઈને અશ્વ, કોઈને ઘર કે જમીન, વાસણ એમ જેમની જે જે જરૂરિયાતો હોય તે મહારાજ તેમના ધનમાંથી અપાવતા પરંતુ ધનનો સંગ્રહ થવા દેતા નહીં.



ઉદ્‌ગીથ ૬

ગુજરાતની કાયાપલટ

(આ.સં. ૧૮૭૫, ઈ.સ. ૧૮૧૮-૧૮૧૯)

મહારાજ આદરજથી નીકળી કોલવડા પધાર્યા. અહીં પણ ભક્તોએ મહારાજનું સામૈયું કર્યું. આ પ્રદેશમાં નાનાભાઈ વિપ્ર મુખ્ય હતા. સૌ હરિભક્તોને તેઓ જાણતા હતા. તેમની સંપત્તિ, શ્રદ્ધા વગેરેનો તેમને ખ્યાલ હતો. એટલે જે રીતે તેમને સમાસ થાય, તેમની શ્રદ્ધા વધે, તે પ્રમાણે તેમની પાસે સેવા કરાવતા. ગામમાં હરિભક્તોએ પોતાને ઘેર મહારાજની પધરામણી કરાવી. પછી મહારાજ અને સાથેના સંતો, હરિભક્તો માટે લાડુ તથા સુખડી લાવ્યા. મહારાજ વડ નીચે ગાડામાં બેસી તે જમ્યા. પછી સંતો તથા પાર્ષદોને બબ્બે લાડુ આપ્યા. સૌ જમી રહ્યા એટલે સંતો પાસે કીર્તન ગવરાવ્યાં.

કોલવડાથી મહારાજ નીકળી ગયા. મહારાજ સાથે જે સંતમંડળ હતું તે કીર્તન બોલતાં બોલતાં ચાલતું હતું. મહારાજ માણકીને રેવાળ ચાલમાં ચલાવતાં, સંતોને દર્શન આપતાં, તેમના ભક્તિભાવનું દર્શન કરતાં ધીરે ધીરે ચાલતા હતા. ગુણાતીતાનંદ સ્વામી મહારાજની માણકીની સાથે સાથે મહારાજનાં દર્શન કરતાં માણકીની ગતિ સાથે ગતિ મિલાવીને ચાલતા હતા. મહારાજને તેમની આ શ્રદ્ધા જોઈ આનંદ થયો. છતાં તેમને જરા ગમ્મત કરવાની પણ ઇચ્છા થઈ. તેમણે માણકીને ઇશારો કર્યો, સહેજ પેડુમાં પગ માર્યો અને માણકીએ રેવાલ ચાલ તોડી ઝડપ વધારી. ગુણાતીતાનંદ સ્વામી મૂંઝાયા. જો તેઓ માણકી સાથે દોડે તો એકલા પડી જાય અને જોડ વગર ચાલવાનો નિયમ તૂટે; અને જો ધીરે ધીરે ચાલે, તો મહારાજનાં દર્શન ન થાય. તેથી તેમણે પાછળ આવતા સંતમંડળમાંથી એક સાધુને બોલાવીને કહ્યું : "સાધુરામ ! જો મારી સાથે તમે દોડો, તો મારા ભાગમાં આ બે પાકના લાડુ આવ્યા છે તે હું તમને આપી દઉં."

તે સાધુ તરત જ સ્વામી સાથે દોડવા તૈયાર થયા. સ્વામીએ તેમને

પોતાના ભાગના પાકના બંને લાડુ આપી દીધા.

પછી તેમણે ગતિ વધારી. સાથમાં સાધુ પણ તેમની સાથે પાકના લાડુ જમતા દોડવા લાગ્યા. સ્વામીને મહારાજની મૂર્તિનાં દર્શનનું સુખ લેવું હતું, સાથે દોડતા સાધુને પાકના લાડુ જમવાનું સુખ લેવું હતું. સ્વામી માણકીની ગતિને આંબી ગયા. માણકીથી આગળ થઈ ગયા અને મહારાજના સન્મુખનાં દર્શન કરવા ઝડપથી પાછા પગે દોડવા લાગ્યા. મહારાજ તેમને એ રીતે દોડતા જોઈ હસવા લાગ્યા. તેમને થયું કે અમારું આ સાક્ષાત્‌ અક્ષરધામ આજે સાધુ સ્વરૂપે પ્રગટ થયું છે પરંતુ કોઈને તેમના સાચા સ્વરૂપની ઓળખાણ નથી. તેમના અંતરમાં તેમને મહારાજનું અખંડ દર્શન થતું હતું, તે છતાં મહારાજના પૃથ્વી ઉપર પ્રગટ થયેલા બાહ્ય સ્વરૂપનાં દર્શન માટે પણ આટલી તાલાવેલી, આટલી શ્રદ્ધા ફક્ત આ સંતમાં જ છે. અમારા પ્રત્યેની તેમની આ પ્રકારની અપૂર્વ ભક્તિનાં જે દર્શન કરે તેને જરૂર સમજ્યામાં આવે કે આ સાધુને અમે સદ્‌ગુરુ બનાવ્યા નથી, વિદ્વત્તાનું મહોરું પણ તેમના કપાળમાં જડ્યું નથી, સંત પંક્તિમાં પણ સૌથી છેલ્લા, સૌની સેવામાં સેવક બનીને રહ્યા છે, તોપણ તેમની અમારા પ્રત્યેની આવી અપૂર્વ ભક્તિ અને દર્શનની તીવ્ર શ્રદ્ધા જ તેમને સદ્‌ગુરુ પદ કે વિદ્વત્તાની પદવી કરતાં પણ ઘણા આગળ લઈ જાય છે. તેમની મોટપ તેઓ કળાવા દેતા નથી, છતાં ઉઘાડી આંખે જોનારને, બુદ્ધિનો સહેજ ઉપયોગ કરનારને આ સાધુની મહત્તા સમજાયા વિના રહે નહીં.

આ સાધુ વિષેના આ પ્રકારના વિચારમાં ને વિચારમાં માણકીની સરક ઢીલી પડી ગઈ તેની મહારાજને ખબર રહી નહીં. માણકીની ગતિ પણ ધીમી પડી ગઈ.

મહારાજે માણકીને એકદમ ઊભી રાખી અને પોતે નીચે ઊતરી ગયા. હજુ ગુણાતીતાનંદ સ્વામી તો પાછે પગે પણ ધીમી ગતિએ દોડી જ રહ્યા હતા. મહારાજ માણકી ઉપરથી નીચે ઊતરી ગયા ને દોડીને સ્વામીને પોતાના બાહુપાશમાં જકડી લીધા. ધામી સાથે ધામનું આ અપૂર્વ મિલન શરીર અને શરીરીની એકતાનું સૂચક હતું. સ્વામી મહારાજનું શરીર હતા, મહારાજ સ્વામીના શરીરી હતા. તેમની આધ્યાત્મિક એકતાનું રહસ્ય થોડા જ સમજી શક્યા. મહારાજનો સ્વામી પ્રત્યેનો આ પ્રેમ સંતમંડળ જોઈ રહ્યું. તેમને થયું કે મહારાજનાં દર્શન કરવા માટે સ્વામીની લગની, તેમની તીવ્ર શ્રદ્ધા અને મહારાજ પ્રત્યેની ભક્તિના ભાવથી મહારાજ તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા છે.

એથી આગળ સ્વામીની મહત્તાનો, તેમના માહાત્મ્યનો તેઓ ખ્યાલ કરી ન શક્યા. મહારાજને પણ આ વાત હમણાં ગુપ્ત રાખવી હતી. શાસ્ત્રોના સૂક્ષ્માતિસૂક્ષ્મ રહસ્યને તેમને આજે ખુલ્લું કરવું ન હતું.

વીસનગરના સૂબા માફી માંગે છે

ત્યાંથી ઉનાવા પધાર્યા. અહીં પણ હરિભક્તોએ બિરંજ-પૂરીની રસોઈ બનાવી. મહારાજ તથા સંતો-પાર્ષદોને જમાડ્યા. સૌને વસ્ત્રો ઓઢાડ્યાં.

ઉનાવાથી મહારાજ નીકળી નારદીપુર, ખોરજ થઈને માણસા પધાર્યા. અહીંના સુથાર ગંગાદાસે મહારાજને કહ્યું : "મહારાજ ! આપ જેટલાં કહેશો એટલાં પાત્રો હું બનાવી આપીશ. રોહીંડાનું લાકડું ચીકણું અને સારું હોય છે. તેનાં પાત્રો બનાવી, આપ જ્યાં કહેશો ત્યાં પહોંચાડી દઈશ."

મહારાજ તેની ભક્તિથી પ્રસન્ન થયા.

માણસાથી મહારાજ ગેરીતા, પામોલ, બામણવા, વડનગર થઈને વીસનગર પધાર્યા. મહારાજ પધાર્યા છે તે સમાચાર મળ્યા એટલે મોતીરામ, બળદેવ તથા ગામના અન્ય જનો સામૈયું લાવ્યા. વાજતે-ગાજતે મહારાજને ગામમાં પધરાવ્યા. મહારાજ બળદેવને ઘેર પધાર્યા. તેની માતા ઉદયકુંવરબા મહારાજનાં દર્શનથી હર્ષઘેલાં થઈ ગયાં. મહારાજે બળદેવને પૂછ્યું : "હવે મામાને કેમ છે ?"

એટલે બળદેવે કહ્યું : "મહારાજ ! જ્યારથી તેને આપનો સંબંધ થયો, ત્યારથી તેની બધી જ વૃત્તિઓ બદલાઈ ગઈ છે. હવે તો સારા સત્સંગી થઈ ગયા છે."

મહારાજ આ સાંભળી રાજી થયા. પછી તેમણે કહ્યું : "આપણે ગામની ધર્મશાળામાં ઉતારો રાખીએ, જેથી ગામના તમામ ભક્તોને દર્શનનો લાભ મળે અને ત્યાં સભા પણ થાય."

બળદેવ તથા મોતીરામે તરત જ તે પ્રમાણે ધર્મશાળામાં વ્યવસ્થા કરી દીધી. મહારાજ ત્યાં પધાર્યા. ઉદયકુંવરબાએ મહારાજ માટે થાળ તૈયાર કર્યો હતો તે ત્યાં લાવ્યાં. મહારાજ જમ્યા. સૌ સંતો-પાર્ષદો માટે ધર્મશાળામાં રસોઈ બનાવી હતી. મહારાજે સૌને ત્યાં જમાડ્યા.

સાંજે ત્યાંનો સૂબો લાલદાસ મહારાજ પાસે આવ્યો. મહારાજ તેને જોઈ પ્રસન્ન થયા. પછી કહ્યું : "તમે સૂબા છો, અધિકારી છો. તેથી તે અધિકારના

મદમાં ભગવાનના ભક્તનો કદી દ્રોહ કરશો નહીં. અત્યાર સુધી તો અવળી રીતે વર્ત્યા છો, પરંતુ આજે અમારી પાસે આવ્યા છો તેથી આ ઉપદેશ આપીએ છીએ. ભગવાનના ભક્તનો જેણે દ્રોહ કર્યો છે તેનું સર્વનાશ થઈ ગયું છે.''

આ સાંભળી લાલદાસે કહ્યું : ''મહારાજ ! અત્યાર સુધી મેં તમારા ભક્તોનો બહુ જ દ્રોહ કર્યો છે. પરંતુ હવેથી એ સ્વભાવ છોડ્યો છે. છતાં અત્યાર સુધી થયેલા ગુના આપ માફ કરો અને મારી બુદ્ધિમાં પ્રકાશ થાય, આપના સ્વરૂપનો મહિમા સમજાય એવો વર આપો.''

મહારાજ તેનું શુદ્ધ અંતઃકરણ જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : ''લાલદાસ ! તમે મુમુક્ષુ છો. સત્તાના મદમાં જે કાંઈ કર્યું છે તે ભગવાન માફ કરશે. પરંતુ તમારી સત્તાનો મદ છોડી, નમ્રતા ધારણ કરી આ સભાની ક્ષમા માંગવી. આ સભામાંના જ ઘણા ભક્તોને તમે પજવ્યા છે, તેમને ત્રાસ આપવામાં બાકી રાખ્યું નથી. તેઓ તમને ક્ષમા આપશે તો તેમાં અમારી ક્ષમા જ છે.'' લાલદાસે ઊભા થઈને સભાની માફી માંગી. મહારાજ પ્રસન્ન થયા.

શ્રીહરિ લાંઘણોજમાં

મહારાજ વીસનગરથી નીકળી મેઉ થઈને લાંઘણોજ પધાર્યા. અહીં હનુમાનજીની જગ્યા ઊતરવા જેવી હતી. પરંતુ ત્યાં એક સિદ્ધ રહેતો હતો. પોતાની સિદ્ધાઈથી ગામના મુખીને તથા અન્ય ગ્રામજનોને તેણે વશ કર્યા હતા. તે જુવાન હતો. શરીર પુષ્ટ હતું. કંઠે રુદ્રાક્ષની માળા લટકતી હતી અને હાથે સોનાનું માદળિયું બાંધ્યું હતું. ગામની ઘણી સ્ત્રીઓને તે મંત્રેલા દોરા આપતો, માદળિયાં આપતો, તેમની માનતા, મનોરથો ફળે એવા આશીર્વાદ પણ આપતો. લોકો તેના ચરણ ધોઈ ચરણામૃત પીતા. શિષ્ય મંડળની આવી ભક્તિથી તેના અંતરમાં કેફ હતો, જે તેની આંખો દ્વારા દેખાતો હતો.

સ્વામિનારાયણ ભગવાન અને તેમના સંતો અહીં આવ્યા છે અને આ જગ્યામાં ઊતરવાના છે તે સમાચાર તેને મળ્યા, એટલે તે ઊભો થયો. એટલામાં મહારાજ સંતો સાથે ત્યાં પધાર્યા. તેણે મહારાજને જોયા પણ તેનાથી બે હાથ જોડાયા નહીં. તેણે મહારાજના સાધુઓને પણ જોયા. તેમની સાધુતાથી તેના અંતરમાં ક્ષોભ થયો. તેથી તેણે તે સાધુઓ તરફ કરડી નજરથી જોયું. મહારાજે આ જોયું. પછી બોલ્યા : ''આપણે અહીં ન ઉતરાય. આ તો સિદ્ધની જગ્યા છે.'' આ સાંભળી તેને નિરાંત થઈ. મહારાજ ગામમાં બીજી જગ્યામાં જઈને ઊતર્યા.

અમે તો કાંઈ પરચા બતાવતા નથી

સાંજે મહારાજ પાસે ગામના ઘણા માણસો આવ્યા. બિચારા ભોળા, અજ્ઞાની, કેવળ પરચા અને ઐશ્વર્યમાં જ ભગવાનપણું જોનારા. તેમણે મહારાજને પૂછ્યું : "તમને લોકો ભગવાન કહે છે તો અમને કાંઈક પરચો બતાવો, તો અમે તમને ભગવાન માનીએ."

મહારાજ તેમની વાત સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "અમે તો કાંઈ પરચા બતાવતા નથી, પરંતુ ધર્મ પાળીએ છીએ અને પળાવીએ છીએ. અમારા સંબંધમાં જે કોઈ આવે છે તેને માંસ, મદિરા, વ્યભિચાર, ચોરી વગેરે છોડાવીએ છીએ; એટલું કરીએ છીએ."

એટલે તેમણે કહ્યું : "મહારાજ ! અમારે ત્યાં હનુમાનજીની જગ્યામાં જે બાવાજી ઊતર્યા છે તે તો બહુ પરચા બતાવે છે. સ્ત્રીઓને દીકરા આપે છે. તેમના મનોરથો પૂરા કરે છે. એટલે બાઈઓ તેની પાસે ને પાસે જ બેસી રહે છે. અમારા મુખીએ તો તેનો આખો પરિવાર બાવાની સેવામાં મૂકી દીધો છે. તેની જુવાન દીકરી બાવાજીને રસોઈ કરી દ્યે, બાવાજીને જમાડે; બધી રીતે બાવાજીની સેવામાં સૌ મંડી પડ્યાં છે."

મહારાજ સાંભળી રહ્યા. પછી થોડી વારે તેમણે કહ્યું : "અમારા સાધુઓ તો ધન અને સ્ત્રીથી વેગળા રહે છે. મંત્ર-જંત્ર કાંઈ જાણતા નથી. મંત્ર-જંત્રમાં પ્રતીતિ લાવી ગમે તેને ગુરુ કરી લેવા તે શાસ્ત્રની રીત નથી. પરચા તો ઘણા જાદુગરો પણ બતાવે, તેમા મોહ ન પામવો; અને જે શુદ્ધ ધર્મવાળા હોય, વૈરાગ્યવાન હોય અને ભગવાનની ભક્તિ કરતા હોય તેવા સાધુને ગુરુ કરવા."

એટલું કહીને મહારાજે હસતાં હસતાં કહ્યું : "તમારા બાવાજીએ અત્યાર સુધી બહુ પરચા બતાવ્યા હશે. હજુ મોટો પરચો એક-બે દિવસમાં બતાવશે. તે જોશો એટલે તમારી આંખો ઊઘડી જશે !"

મહારાજની વાત સાંભળી સૌ ગયા, પણ કોઈ કાંઈ સમજ્યા નહીં.

મહારાજ ત્યાં બે દિવસ રહ્યા. જે દિવસે મહારાજ ત્યાંથી નીકળવાના હતા તેની આગલી રાત્રે તે બાવાજી મુખીની જુવાન દીકરી લઈને ત્યાંથી પલાયન થઈ ગયા.

બીજે દિવસે ગામમાં આ સમાચાર ફેલાઈ ગયા. મુખીએ તેને શોધવા ચારે બાજુ માણસો દોડાવ્યા. ગામના સદ્‌ભાવી લોકો મહારાજ પાસે આવ્યા

અને કહ્યું : "મહારાજ ! આપે તે દિવસે ખરું કહ્યું હતું. બાવાજી મુખીની કન્યાને લઈને ભાગી ગયા. મોટો પરચો તેણે બતાવ્યો."

તે સાંભળી મહારાજે કહ્યું : "તેથી જ શાસ્ત્રોમાં કહ્યું છે કે શાસ્ત્રોમાં કહેલાં લક્ષણો ગુરુમાં છે કે કેમ તે તપાસી જોવાં જોઈએ. જેને અષ્ટ પ્રકારે ધન અને સ્ત્રીનો ત્યાગ હોય, જે ભગવાનની ઉપાસના-ભક્તિ ભગવાનને પ્રગટ સમજીને કરતા હોય તેમને જ ગુરુ કરવા જોઈએ."

એટલામાં માણસાના સુથાર ગંગાદાસ લાકડાનાં પચાસ પાત્ર માથે ઉપાડીને ત્યાં લઈ આવ્યા. શ્રીહરિ સમક્ષ તે પત્તર મૂક્યાં. શ્રીહરિ પાત્ર જોઈ બહુ જ રાજી થયા. તેમાંથી એક પાત્ર લઈ તેમણે મુક્તાનંદ સ્વામીને આપ્યું. પછી નિત્યાનંદ સ્વામીને આપ્યું. ત્યારબાદ મોટા સંતોને એક એક પાત્ર આપ્યું અને કહ્યું : "જેમ જેમ પાત્ર આવશે, તેમ તેમ દરેક સંતને આપીશું. માટે તેને સાચવશો અને જીવતાં સુધી પાત્રનો ત્યાગ કરશો નહીં. કદી પાત્ર વગર ભોજન કરવાનો સંકલ્પ પણ કરશો નહીં."

પછી મહારાજે સંઘને કહ્યું : "તમે સૌ કરજીસણ જાઓ. અમે ત્યાં આવીએ છીએ."

મહારાજ બે પાર્ષદો અને બ્રહ્મચારીને લઈ સીધા ડાંગરવા પધાર્યા. અહીં જતનબાને ઘેર ગયા. પરંતુ જતનબા પાણી ભરવા ગયાં હતાં.

જતનબાનું દૂધનું દોણું મહારાજ ખાલી કરે છે

મહારાજે ઘરમાં ઊંચે જોયું તો શીકામાં દૂધનું દોણું ભરેલું મૂક્યું હતું. મહારાજે તે ઉતાર્યું અને પોતે તેમાંથી સીધું દૂધ પીવા માંડ્યા. પાર્ષદોને પણ પાયું. એટલામાં જતનબા પાણી ભરીને આવ્યાં. તેણે મહારાજને જોયા એટલે આશ્ચર્ય થયું : "મહારાજ ક્યાંથી ? વળી, આ શું ? દૂધનું દોણું ખાલી કરી નાખ્યું !" જતનબા બહુ જ રાજી થયાં. પછી બ્રહ્મચારીને કહ્યું : "રસોઈ બનાવો. મહારાજ જમીને જાય."

મહારાજે કહ્યું : "જમવાનું કરજીસણ રાખ્યું છે. દૂધ પીવું હતું તે પી લીધું.[૧૯] હવે રજા આપો."

મહારાજ પધાર્યા છે તે ખબર ગામમાં પડી ગઈ. એટલે અગરાજી, અમરાજી વગેરે પરિવાર સહિત ત્યાં આવી ગયા. મહારાજનું પૂજન કર્યું, આરતી

૧૯. આ પ્રસંગ ઉપર બ્રહ્માનંદ સ્વામીએ પદ બનાવ્યું : *'ઘરમાં જઈને વાલમેં વિચર્યા...'*

કરી અને પીળી શાલ ઓઢાડી. એટલી વિધિ પૂરી થઈ એટલે મહારાજે રજા માંગી. સૌએ રાજી થઈ રજા આપી. મહારાજ ત્યાંથી સીધા કરજીસણ પધાર્યા.

મહારાજ કરજીસણ પધાર્યા અને નાનાભાઈની વાડીમાં ઊતર્યા. અહીં મોલ ઊભો હતો. મહારાજે પૂછ્યું : "હજુ મોલ લણ્યો નથી ?"

ત્યારે નાનાભાઈએ જ કહ્યું : "મહારાજ ! ગોવિંદભાઈ સત્સંગમાં ફરે છે એટલે નવરા થતા નથી. હવે પછી લણી લેશું."

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "તમે ક્યાં નથી ફરતા ? તમે પણ મહારાજ આ દેશમાં પધારે ત્યારે ભેગા ને ભેગા જ ફરો છો."

બીજે દિવસે નાનાભાઈએ વિપ્રો પાસે રસોઈ કરાવી. બ્રહ્મચારી મહારાજ માટે રસોઈ બનાવવા માંડ્યા. એ દરમ્યાન મહારાજે પોતાની સાથેના પાર્ષદો અને સંતોને લઈને વાડીમાં જઈ પાંચ વીઘાંની વાડીનો બાજરો લણી લીધો. ત્યાં તો ગોવિંદભાઈ અને નાનાભાઈ આવ્યા. તેમણે આ જોયું એટલે પૂછ્યું : "મહારાજ ! આપે આ શું કર્યું ?"

મહારાજે હસતાં હસતાં કહ્યું : "ભક્તની સેવા કરી. તમે અમારી સેવા કરવામાંથી નવરા પડતા નથી એટલે અમારે તમારી સેવા કરવી જોઈએ ને ?"

ગોવિંદભાઈ મહારાજ સામું સ્થિર દૃષ્ટિએ જોઈ રહ્યા.

શ્રીહરિ કરજીસણથી નીકળી વડુ, પાનસર, કલોલ થઈને અડાલજ તરફ ચાલ્યા. શ્રીહરિની આગળ સંતો ચાલતા હતા. ખરુંસાની નળી આગળ શ્રીહરિ આવ્યા ત્યારે આગળ બાઈઓ જતી તેમણે જોઈ. પરંતુ સંતો તો આગળ ચાલ્યે જ જતા હતા. શ્રીહરિએ તેમને કહેવરાવ્યું કે "ધીરે ચાલો." પણ તે કાંઈ સમજ્યા નહીં. નિત્યાનંદ મુનિ આવ્યા. તેમને પણ શ્રીહરિએ કહ્યું : "આગળ ચાલો." એમ કહી શ્રીહરિ હસવા લાગ્યા. તેથી નિત્યાનંદ મુનિ સમજી ગયા. તે આગળ ચાલ્યા નહીં. તેમણે જોઈ લીધું કે આગળ બાઈઓ જાય છે, તેથી આગળ જતા સતોને પણ તેમણે રોક્યા.

અડાલજ આવ્યું એટલે વાવની પૂર્વ બાજુએ મહારાજ ઊતર્યા. મહારાજ ગાડા ઉપર બિરાજ્યા. સંતો દંડવત્ કરી સન્મુખ બેસી ગયા. અહીં મહારાજે સંતોને ઉદ્દેશીને વાત કરી : "તમે સર્વેએ અમને પ્રસન્ન કરવા ઘરનો, સગાંવહાલાંનો, સંબંધીઓનો ત્યાગ કર્યો. પરંતુ અમે જે નિયમો કહ્યા છે તે તમો જો પૂરેપૂરા પાળશો નહીં, તો તમારો ત્યાગ ટકશે નહીં. આજે અમે જોયું કે તમે અમારી બાંધેલી મર્યાદા છોડીને પણ આગળ દોડતા હતા. કોનાં દર્શન કરવા ?

આગળ તો બાઈઓ જતી હતી. આ નિત્યાનંદ મુનિ અમારા કહેવાનો મર્મ સમજી ગયા અને આગળ ગયા નહીં.'' એટલી વાત કરી.

પછી સંતો પાસે કીર્તન ગવરાવ્યાં. કીર્તન-ભક્તિ પૂરી કરી. કેટલાક સંતો આજુબાજુ વૃક્ષો નીચે આસન કરી સૂઈ ગયા. ચંદ્રનો પ્રકાશ હતો એટલે મહારાજ સંતોની આ લીલા જોઈ રહ્યા હતા.

મહારાજે મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : ''આ સંતોને અમે સાથે ફેરવીએ છીએ તે અમારાં દર્શનનો, વાતોનો અને સેવાનો લાભ તેમને આપવા માટે ફેરવીએ છીએ. તે ખોઈને ઊંઘવાનો લાભ લઈ રહ્યા છે. તેમાં તેમને કેટલી ખોટ છે ? સદ્‌ગુરુઓએ તેમના શિષ્યોને આ સમજાવવું. કહ્યા વિના ખોટ જાય નહીં. પોતાના મંડળના મોટેરા સદ્‌ગુરુની આજ્ઞા જે સાધુ ન પાળે તે ભેગો રહેતો હોય તોપણ શા કામનો ? અહીં દર્શનની કંઈ મનાઈ છે ? માટે તેમને સૌને પૂછો કે ભેગા શા માટે ફરો છો ?''

મુક્તમુનિ મહારાજનું કહેવાનું રહસ્ય સમજી ગયા. મહારાજ તો બધાનું કલ્યાણ કરવા આવ્યા છે, પરંતુ જીવે ગાફલાઈ છોડવી જ પડે. આટલું વિચારતા મુક્તાનંદ સ્વામીને, આ પૂર્વે મહારાજ અડાલજ પધાર્યા હતા ત્યારે તેમણે કહેલાં વચનો યાદ આવ્યા : ''રાઈના દાણાથી આ વાવને ભરીએ તેટલા જીવોનું કલ્યાણ કરવું છે. અમે અહીં સ્નાન કર્યું આથી અમારા સંબંધે આ વાવમાં જે કોઈ સ્નાન કરશે, આ વાવ બાંધવામાં કામ આવેલા પથ્થરો સારતા ગાડાના બળદો, કચડાઈ ગયેલા જીવજંતુ બધાનું કલ્યાણ થઈ ગયું.''

મહારાજે અડાલજની વાવમાં[૨૦] સંતો સહિત સ્નાન કર્યું. વાવમાં

૨૦. સુલતાન મહંમદ બેગડાના રાજ્યમાં વીરસિંહ વાઘેલાની રાણી અને વેણ રાજાની કુંવરી રૂડબાઈએ સં. ૧૫૫૫ના માઘની શુક્લ પંચમીએ આ વાવ બંધાવી હતી. તેની સુંદરતા અને કોતરકામ માટે તે ગુજરાતભરમાં અજોડ છે.

અહીં લેખમાં વર્ણવ્યું છે કે રૂડબાઈ (રૂડાંદે) દંડાહિ (દંઢાવ્ય) પ્રદેશ પર રાજ્ય કરતા વીરસિંહ વાઘેલાની રાણી હતી. આ વાવ તેણે પોતાના પતિના કલ્યાણ માટે બંધાવી હતી. વાવનો ખર્ચ અંદાજે પાંચ લાખ ટંકા અર્થાત્ રૂપિયા ૧,૬૬,૭૦૦ થયો હતો. લેખ પંદરમા શતકની નાગરી લિપિમાં કોતરેલો છે. છેલ્લી ત્રણ પંક્તિ તે સમયની ગુજરાતી ભાષામાં લખી છે. લેખનો બાકીનો બધો ભાગ સંસ્કૃતમાં લખેલો છે.

– અડાલજની વાવનો શિલાલેખ; લેખક : હરિપ્રસાદ શાસ્ત્રી. ગુજરાત વિદ્યા-સભાનું માસિક 'બુદ્ધિ પ્રકાશ', અંક : ૧-૧-૧૯૫૭.

કોતરાવેલ લેખ નિષ્કુળાનંદ સ્વામી પાસે વંચાવ્યો.

મહારાજ ત્યાંથી નીકળી મોટેરા પધાર્યા. શ્રીહરિને અમદાવાદમા આવવાની બંધી હતી ત્યારે પોતે મોટેરા પધારતા. અહીં હરિભક્તોને મળતા, તેમની સેવા-પૂજા ગ્રહણ કરતા અને કથાવાર્તા પણ કરતા. તેથી આ સ્થાનને ખૂબ જ પોષણ મળ્યું હતું અને શ્રીહરિના સંબંધથી તીર્થરાજ સમું બની ગયું હતું. અહીંના પટેલ પુરુષોત્તમદાસ તથા ભૂધરદાસે મહારાજનું સ્વાગત કર્યું. ગામ વચ્ચે મંદિર હતું ત્યાં ઉતારો આપ્યો. ત્યાં રસોઈ કરી સૌને જમાડ્યા. તેમને એટલો લાભ આપી મહારાજ સીધા શ્રીનગર તરફ પધાર્યા.

સાબરમતી નદીનું નિર્મળ નીર જોઈને મહારાજને તેમાં સ્નાન કરવાની ઇચ્છા થઈ. મહારાજ માણકી ઉપરથી ઊતર્યા. વસ્ત્રો બદલ્યાં. પછી બોલ્યા : "જુઓ, નદી વચ્ચે ઊંડા ધરા છે તેમાં ભમરીઓ થાય છે, તેથી ત્યાં સુધી કોઈએ સ્નાન કરવા જવું નહીં. જેમને તરતાં આવડતું હોય તેમણે નદીમાં સ્નાન કરવું. બીજા કાંઠે બેસી સ્નાન કરે." આ પ્રમાણે સૂચના આપી મહારાજ તરતાં તરતાં ઊંડા ધરા પાસે આવ્યા.

સૌએ મહારાજને કહ્યું : 'મહારાજ ! આપ ત્યાં ન જશો."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે ધરામાં ડૂબકી મારી અને સૌના શ્વાસ અદ્ધર થઈ ગયા. સૌ એકીસાથે જોવા લાગ્યા. કેટલાક તો ધૂન કરવા માંડ્યા. એટલી વારમાં મહારાજ બહાર આવ્યા. ધીરે ધીરે કાંઠા ઉપર આવી બહાર નીકળ્યા. બ્રહ્મચારીએ શરીર લૂછ્યું અને મહારાજને કોરાં સફેદ વસ્ત્રો આપ્યા.

મહારાજે કહ્યું : "જે ડૂબતો હોય તે બીજાને ડુબાડે, પણ જે તરી જાણતો હોય તે બીજાને પણ તારે."

એટલે એક સંતે કહ્યું : "જે ખરેખરો તરવૈયો હોય તેને પણ ભમરી ડુબાડી દે છે."

તરત જ મહારાજે હસતાં હસતાં કહ્યું : "ભમરી પણ અમારા સંબંધે તેની ચાલ છોડી દે છે અને પાણીની સરળ ગતિ ધારણ કરી લે છે." એમ કહીને મહારાજે કહ્યું : "વંટોળિયાએ કોઈને પૂછ્યું, 'પવન જોયો ?' ત્યારે તેણે કહ્યું, "તારી આંટી મૂકી દે તો તું જ પવન છો.' એમ આંટીદાર સ્વભાવને લઈને પવનને વંટોળિયો અને એવા પાણીને લોકો ભમરી કહેવા લાગ્યા." આટલા એક નાના પ્રસંગમાં પણ મહારાજે ઉપદેશની થોડી વાત કરી દીધી.

શ્રીનગરમાં શ્રીહરિ

મહારાજે નમતે પહોરે શ્રીનગરમાં પ્રવેશ કર્યો. બાદશાહ વાડીની પશ્ચિમ તરફથી સાબરમતી નદી ઊતરીને મહારાજ આગળ ચાલ્યા. ત્યાં સામેથી શ્રીનગરના નાગરિકો, શહેરીઓ, એરણ સાહેબ, અન્ય અમલદારો વગેરે ભવ્ય સામૈયું લઈને મહારાજ સન્મુખ આવ્યા. મહારાજનાં દર્શન કરી સૌને ખૂબ આનદ થયો.

પ્રથમ મહારાજને મિ. એરણ મળ્યા. અંગ્રેજોના રિવાજ પ્રમાણે તેમણે હાથમાં ટોપી લઈને મહારાજને નમસ્કાર કર્યા. મહારાજ તેમને જોઈ અશ્વ ઉપરથી ઊતરી ગયા. તેમણે મહારાજ સાથે હસ્તધૂનન કર્યું. પછી તેની ભાંગી-તૂટી હિન્દીમાં કહ્યું : "આપ હવે અહીં જ રહો અને અહીં મંદિર બનાવો. નવાવાસ પાસેની જમીન આપે પસંદ કરી છે. તે માટેની અરજી તમારા શિષ્યોએ આપી છે. તે અમોએ અમારી ભલામણ સાથે કંપની સરકાર ઉપર લંડન મોકલી આપી છે. તેમની મંજૂરી આવે એટલે અમો આપને પાકો દસ્તાવેજ કરી આપીશું."

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. પોતાના ગળામાં પહેરેલો પ્રસાદીનો હાર પહેરાવ્યો. પછી એરણ સાહેબ અને તેના અમલદારો પોતાના સ્થાને ગયા.

મહારાજે દિલ્હી દરવાજે થઈને શહેરમાં પ્રવેશ કર્યો. જે રીતે પેશ્વાના સૂબાના હુકમથી અમદાવાદ છોડ્યું હતું તેનાથી વિપરીત રીતે મહારાજે ભવ્ય સન્માન સાથે અમદાવાદમાં પ્રવેશ કર્યો. હરિભક્તોના આનંદની સીમા નહોતી.

શહેર શણગાર્યું હતું. પાણી છાંટી રસ્તાઓ સ્વચ્છ કર્યા હતા. અંગ્રેજ અમલદારોએ તેમનું બૅન્ડ મહારાજના સ્વાગત માટે મોકલાવ્યું હતું. ચોકસી ભક્તો ઉત્સવિયા મંડળમાં આગળ હતા. તે સિવાય અન્ય ઉત્સવ મંડળીઓ પણ હતી. ઢોલ, ત્રાંસાં, નગારાંની રમઝટ પણ થતી હતી. સંતો કીર્તન ગાતા હતા. હરિભક્તો ધૂન કરતા હતા. સ્વામિનારાયણ નામની જય ઘોષણા પણ થતી હતી. લોકો રસ્તા ઉપરથી, અટારીઓમાંથી મહારાજનાં દર્શન કરતા હતા, મહારાજને પુષ્પહારોથી વધાવતા હતા.

મહારાજની શોભાયાત્રા માણેકચોકમાં નગરશેઠ હિમાભાઈની હવેલી પાસે આવી ત્યારે તેમની માતાએ તથા કુટુંબીજનોએ મહારાજને સોના-રૂપાનાં પુષ્પોથી વધાવ્યાં. મહારાજનાં દર્શન કર્યાં ને કૃતાર્થ થયાં.

મહારાજ નવાવાસમાં પધાર્યા. અહીં ચોકમાં લીંબડા નીચે પાટ ગોઠવી હતી, તે ઉપર ગાદી-તકિયા બિછાવ્યા હતા. મહારાજ તે ઉપર બિરાજ્યા. અહીં મહારાજે આદરજમાં કરેલા અન્નકૂટ ઉત્સવની વાત કરી.

પછી કહ્યું : "આવતી કાલે પ્રબોધિની એકાદશી છે. તેને દેવઊઠી એકાદશી પણ કહે છે. વળી, દેવદિવાળી પણ કહે છે. વળી, અમારા પિતા ધર્મદેવનો પણ આવતી કાલે જન્મદિન છે એટલે આવતી કાલનો દિવસ અતિ પવિત્ર ગણાય. તો આપણે સૌએ આવતી કાલે નિર્જળા ઉપવાસ કરવાનો છે. દેહે કરીને નિરન્ન રહેવું અને પાંચ જ્ઞાનેન્દ્રિયોને પણ તેમનો આહાર આપવો નહીં. અંતર્વૃત્તિ કરી પરમાત્માના સ્વરૂપમાં વિરામ પામી જવું. એકાદશીના ઉત્સવનું આ રહસ્ય છે તો સૌએ શ્રદ્ધાપૂર્વક આ વ્રત કરવું. રાત્રીએ કીર્તન-ઉત્સવ કરી જાગરણ કરવું."

મહારાજની આ આજ્ઞા સૌ સંતો-હરિભક્તોએ સહર્ષ ઝીલી લીધી.

બીજે દિવસે મહારાજ સંતો સહિત સાબરમતી નદીમાં સ્નાન કરવા પધાર્યા. સ્નાન કરીને આવ્યા. મંદિર માટેની જે જમીન લેવાની હતી તે જોઈ. પછી કુબેરસિંહને બોલાવીને કહ્યું : "જેટલી આ પડતર જમીન છે તે તમામ લઈ લેવી અને તેની માગણી માટે અરજી કરી પાકો દસ્તાવેજ કરાવી લેવો."

એટલે કુબેરસિંહે કહ્યું : "મહારાજ ! નાનાભાઈનો પણ એવો વિચાર છે."

તે સાંભળી મહારાજે નાનાભાઈને બોલાવ્યા. તેમને પોતાના ગળામાંથી હાર કાઢી પહેરાવ્યો. પછી કહ્યું : "આ જગ્યાનો લેખ થઈ જાય એટલે તરત જ સાધુને રહેવા માટે ધર્મશાળા કરાવવી."

જેટલી વધારાની જમીન લેવાની હતી તે જમીનમાં ચારે બાજુ ફરીને બતાવી અને કહ્યું : "દસ્તાવેજ અમારા નામનો કરાવજો." એમ કહીને જ્યાં પાટ નાખી હતી તે ઉપર પોતે બિરાજ્યા.

ત્યારબાદ હરિભક્તોના આગ્રહથી સૌને ઘેર પધરામણીએ પધાર્યા. ત્યારે મોતીરામ ચોકીદારે મહારાજને કહ્યું : "એરણ સાહેબને આપના ઉપર ખૂબ ભાવ છે. પોતાના બંગલે આપને પધરાવવા ઇચ્છે છે એટલે આપ કહો તેમ તેને સંદેશો મોકલીએ."

મહારાજે કહ્યું : "ભલે, તેમને કહેવરાવજો."

એરણ સાહેબના બંગલે શ્રીહરિની પધરામણી

એરણ સાહેબને સંદેશો મળ્યો એટલે તેમણે મહારાજને પધરાવવાની

તમામ વ્યવસ્થા કરી દીધી. પોતાના માણસો મોકલ્યા. મહારાજ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી તથા શ્રીનગરના નાનાભાઈ, નથુભાઈ, કુબેરસિંહ ચોપદાર, હીરાચંદ ચોકસી, દામોદર પટેલ, પ્રાણનાથ શુક્લ, નરભેરામ શાસ્ત્રી, દાહાખાચર, સુરાખાચર, સોમલાખાચર, વસ્તાખાચર, અમરાખાચર વગેરેને લઈને તેમને બંગલે જવા નીકળ્યા.

શ્રીહરિ માણકી ઉપર બિરાજ્યા. કાઠી રાજાઓ પોતપોતાના અશ્વો ઉપર બેઠા. સંતો આગળ કીર્તન ગાતાં ગાતાં ચાલતા હતા, સત્સંગીઓ સૌની પાછળ સ્વામિનારાયણ મંત્રની ધૂન કરતા ચાલતા હતા. ત્રણ દરવાજા પાસે ભદ્રમાં એરણ સાહેબનું નિવાસસ્થાન હતું. શ્રીહરિને દૂરથી આવતા જોઈ સાહેબે પોતાના અનુચરને નીચે મોકલ્યો. શ્રીહરિ સાથે મુખ્ય મુખ્ય સંતો તથા મુખ્ય મુખ્ય હરિભક્તોને પોતાના નિવાસસ્થાનમાં લઈ આવવા, બીજાને નીચેના ખંડમાં સન્માનપૂર્વક બેસારવા સૂચના આપી.

મહારાજ, સંતો તથા શ્રીનગરના મુખ્ય હરિભક્તો તેમજ કાઠી દરબારો સાથે એરણ સાહેબ પાસે પધાર્યા. એરણ સાહેબે ઊભા થઈને મહારાજનું સન્માન કર્યું. મહારાજને માટે જ ખાસ ગોઠવેલી હાથીદાંત તથા છીપથી મઢેલી ખુરશી ઉપર મહારાજને હાથ પકડી બેસાર્યા. પરસ્પર કુશળ સમાચાર પૂછ્યા.

નીતિ અને ધર્મ રાખે છે તેનો વિજય થાય છે

પછી મહારાજે કહ્યું : "નીતિ અને ધર્મ ભગવાનને ગમે છે. રાજ્ય-કારભારમાં કે સામાજિક કાર્યમાં જે નીતિ અને ધર્મ રાખે છે તેનો સદા વિજય થાય છે. એ બંનેનું ઉલ્લંઘન જ્યારે થાય ત્યારે રાજ્યનો પણ નાશ થાય અને સામાજિક સ્થિતિ પણ છિન્નભિન્ન થઈ જાય."

એટલું કહીને પછી મહારાજે કહ્યું : "નવાવાસ પાસે જેટલી ખાલી જગ્યા છે તે અમને ગમી છે તો તેની પણ માંગણી અમારે કરવાની છે."

એરણ મહારાજ સન્મુખ જોઈ રહ્યા હતા. તેને કેટલાક શબ્દો સમજાતા, કેટલાક ન સમજાતા. પરંતુ મોતીરામ ચોપદારે મહારાજે જે કહ્યું તે તેને સમજાવ્યું. તે બહુ જ રાજી થયા.

મોતીરામ તરત જ ફૂલહાર લઈ આવ્યા. એરણે મહારાજને ફૂલહાર પહેરાવ્યા. પછી તેમના અનુચરો લગભગ દસ-બાર છાબો લઈ આવ્યા. તેમાં સોનાનાં વરખ લગાવેલાં પાનબીડાં, લવિંગ, એલાયચી તેમજ મખમલના તાકા

વગેરે હતા. તે મહારાજને ભેટ ધર્યાં. મહારાજના હાથ ઉપર અત્તર લગાવ્યું. મહારાજને કિંમતી શાલ ઓઢાડી, મુક્તાનંદ સ્વામીને પણ શાલ ઓઢાડી. દરેક સંતને મખમલનો તાકો ઓઢાડ્યો, પાનબીડાં આપ્યાં. સંતોએ પાનબીડાં ન લીધાં. સંતોનાં વ્રત જોઈ રાજી થયા. કાઠી દરબારો સાથે પણ વાતો કરી.

મહારાજે જવાની રજા માગી. તેમણે તરત જ ભારતીય રીતથી હાથ જોડી રજા આપી.

મહારાજ ઊઠ્યા એટલે સર્વે સંતો તથા હરિભક્તો પણ ઊઠ્યા. મહારાજ થોડું ચાલીને ઊભા રહ્યા. પછી મુક્તાનંદ સ્વામીને તથા સંતોને બોલાવ્યા. તેમને કહ્યું : "દસ વર્ષ પહેલાં આ જ મહેલમાં પેશ્વાના સૂબાએ આ સ્થાનને તેલનું ટાંકું બનાવી અમને તેમાં નાંખી દેવા તરકીબ કરી હતી. આ જ સ્થાનમાં આ અંગ્રેજ સૂબા આપણું સ્વાગત કરે છે. દેહ અંગ્રેજનો હોય કે હિન્દુનો પરંતુ સંસ્કારથી જ મોટાપુરુષ ઓળખાય છે."

એરણ પણ પાસે ઊભા હતા. તે આ વાતમાં કાંઈ ન સમજ્યા. મોતીરામ ચોપદારે તેને વાત સમજાવી. તેણે તરત જ કહ્યું : "આપે સાચું કહ્યું છે. રાજ્યનું પતન નીતિ અને ધર્મ છોડવાથી જ થાય છે. અમારી એવી આસુરી બુદ્ધિ ન થાય તેવા આશીર્વાદ આપજો."

શ્રીહરિ તેમને આશીર્વાદ આપી ત્યાંથી નીકળી ઉતારે પધાર્યા.

ગુજરાતની કાયાપલટ

આ વખતે મહારાજ અમદાવાદમાં પંદર દિવસ રહ્યા. શ્રીનગરમાં પ્રથમ મંદિર કરવાના ગણેશ સ્થાપ્યા.

ગુજરાતમાં મહારાજના આગમનનાં વીસ વર્ષ પૂરાં થયાં. આટલા ટૂંકા ગાળામાં સારા ગુજરાતમાં પ્રવર્તેલા અનીતિ, અધર્મ, અનાચાર અને અનેક કલ્પિત સંપ્રદાયો તેમના ઉપદેશથી, તેમના સંતોના ચારિત્ર્યથી નાશ પામ્યા. ગુજરાતની કાયાપલટ થઈ ગઈ ! જેમની હલકાવર્ણ તરીકે ગણતરી થતી હતી, પણ જેના સંસ્કાર ઊંચા હતા તે આ સંપ્રદાયમાં ભળ્યા. તેની ઉજળિયાત વર્ગની સાથે ગણના થવા લાગી. મહારાજે લોકોમાં પ્રવર્તેલું અજ્ઞાન નાશ કર્યું. સૌને સાચી દિશા સુઝાડી.

નવા સંપ્રદાય પ્રત્યે શરૂઆતમાં લોકોને જે સૂગ હતી તે ટળી ગઈ. તેમને સમજાયું કે આત્મા અને પરમાત્મા અર્થાત્ બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપનું

જ્ઞાનપ્રદાન જ્યાં થતું હોય તે જ સંપ્રદાય ! તે જ સંપ્રદાય સનાતન છે.

અજ્ઞાનમૂલક જ્ઞાનથી જુદાં જુદાં દેવ-દેવીઓની ઉપાસના શરૂ કરી લોકોએ અનેક સંપ્રદાયો બનાવ્યા, અનેક વાડા થયા, દૃષ્ટિ ટૂંકી થઈ અને પરસ્પર વેરઝેરથી ધર્મઝનૂન પ્રગટ્યું. ધર્મ વગોવાયો, લોકો નાસ્તિક બન્યા. અનીતિ, અધર્મને જ ધર્મ માની તે તરફ વળ્યા.

વિનાશનો આ પંથ મહારાજે અટકાવ્યો. સનાતન જ્ઞાનની સાચી દૃષ્ટિ આપી. જીવનમાં સદાચારનું ગૌરવ વધાર્યું અને અક્ષરધામનો ધોરી પંથ મહારાજે શરૂ કર્યો.

શ્રીજીમહારાજને અમદાવાદથી હવે નીકળવું હતું. તે જ દિવસે નથુ ભટ્ટે મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! આપ સૌને ઘેર પધાર્યા પરંતુ હું બાકી રહી ગયો છું તો મારે ત્યાં પધારો."

મહારાજને વિપ્ર પ્રત્યે પ્રેમ હતો. વળી, ગરીબની ગરીબાઈને પોતાના સંબંધથી ગૌરવ આપવું હતું. મહારાજે તરત જ કહ્યું : "ભલે, અમે આવીશું. દામોદરને પણ તમારે ઘેર બોલાવજો." વિપ્ર રાજી થયા.

મહારાજ નથુ ભટ્ટને ત્યાં પધાર્યા. તેણે મહારાજનું પૂજન કર્યું, વસ્ત્રો ઓઢાડ્યાં. કિંમતી પાઘ મહારાજને ધરાવી. થાળ ભરીને રૂપિયા ભેટ મૂક્યા. આ બધું જોઈ મહારાજ હસ્યા. તેમણે પૂછ્યું : "નથુ ભટ્ટ ! લક્ષ્મી તો અમને પૂછ્યા વગર તમારે ત્યાં આવી ગઈ લાગે છે."

આ સાંભળી નથુ ભટ્ટ પણ હસ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! લક્ષ્મીજી તો આપની દાસી છે અને વળી પતિવ્રતા છે. આપની આજ્ઞા વિના બીજે જાય જ નહીં. આ બધો માલ તો બીજાનો છે. હું તો સંતોની જેમ ઝોળી માંગી વિપ્રધર્મ પ્રમાણે જીવન જીવું છું."

મહારાજે તરત જ પૂછ્યું : "આ બધો કોનો માલ છે ?"

નથુ ભટ્ટે હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમદાવાદમાં અને વડોદરામાં મોટા શેઠ ગણાતા પારેખનાં વિધવા પત્નીની આ બધી સેવા છે. મૂળ વૈષ્ણવ છે, પરંતુ વૈષ્ણવોમાં દૂષણો દેખવાથી તેમને તેમાં ભાવ ઓછો થઈ ગયો અને વડોદરા પાસે કરાળીના આપણા સત્સંગી અજુભાઈએ આ સત્સંગની અને આપના મહિમાની વાતો કરી એટલે તેમને સત્સંગ થયો છે. વૈષ્ણવો વિરોધ કરે તેથી અહીં તેમણે આપની સેવાનો લાભ લીધો છે."

મહારાજ આ સાંભળી રાજી થયા.

એટલામાં પારેખનાં વિધવા પત્નીએ ભટ્ટને બોલાવ્યા. તેમણે મહારાજ માટે કંઠે પહેરવાના હેમના નંગજડિત ગંઠા તેમજ જરીની ડગલી, સૂરવાળ, સુંદર લાલ રેંટો, શાલ વગેરે આપ્યાં. મહારાજને ચરણે ચંદન ચર્ચ્યું, મહારાજે ચરણારવિંદની છાપ પાડી આપી. પછી સર્વે સંતોનું પૂજન કરાવી તેમને ધોતિયાં ઓઢાડ્યાં. મહારાજ શેઠાણીની સમજણથી બહુ જ પ્રસન્ન થયા. સાચી સમજણ કેળવી જ્યાં કલ્યાણ થાય તેવા સ્થાનમાં કે પુરુષમાં જોડાવું, તેમાં પણ નૈતિક હિંમતની જરૂર હોય છે. એક વિધવા સ્ત્રીની આ હિંમતથી મહારાજ રાજી થયા.

નથુ ભટ્ટ દામોદર પટેલની માફી માંગે છે

પછી મહારાજે નથુ ભટ્ટને કહ્યું : "નથુ ભટ્ટ ! તમે અમારી સેવા તો બહુ જ કરો છો, વળી આજે પણ સેવા કરી પરંતુ અમારા સ્વરૂપની યથાર્થ દઢતા તમારા અંતરમાં હજુ થઈ નથી."

નથુ ભટ્ટ આ સાંભળી વિચારમાં પડી ગયા. તેમણે પૂછ્યું : "મહારાજ ! મને કાંઈ સમજાયું નહીં. આપ પરમાત્મા છો, ભગવાન છો એવી નિષ્ઠા તો અંતરમાં છે જ."

"તો પછી આ દામોદરની વાત સાંભળી તેમને ધોલ કેમ મારી હતી ?" મહારાજે પૂછ્યું.

નથુ ભટ્ટને તરત જ એ પ્રસંગ યાદ આવી ગયો. તેણે કહ્યું : "હા મહારાજ ! એ વાત ખરી. આ દામોદર પટેલ છે એટલે અબુધ છે, શાસ્ત્રની વાતમાં તેને કાંઈ ખબર પડતી નથી. એટલે વાત કરતાં કરતાં તેણે મને કહ્યું : 'મહારાજ તો સર્વ અવતારના અવતારી અને સર્વ અવતારોના કારણ છે. રામ-કૃષ્ણાદિક અસંખ્ય અવતારો મહારાજના સ્વરૂપમાંથી પ્રગટ થાય છે અને અંતે મહારાજના સ્વરૂપમાં સમાઈ જાય છે.' આવી શાસ્ત્ર વિરુદ્ધ વાત કરે તેથી આપનું અને આપણા સંપ્રદાયનું ખોટું દેખાય ને ! એટલે ધોલ તો એવી મારી કે ત્યારથી બોલતો બંધ થઈ ગયો છે."

મહારાજ ભટ્ટની વાત સાંભળી હસ્યા. મહારાજે તેને કહ્યું : "નથુ ભટ્ટ ! તમે શાસ્ત્રો ભણ્યા છો તો શાસ્ત્રોમાં ભગવાનના પરસ્વરૂપની વાત આવે છે કે નહીં ? તે ભગવાનના પરસ્વરૂપમાંથી જ ચતુર્વ્યૂહ, વિભૂતિ અવતારો,[૨૧] અંતર્યામી સ્વરૂપ અને અર્ચા વગેરે થાય છે તે જાણો છો ?"

---

૨૧. મહાભારત; શાંતિપર્વ : ૩૪૮-૫૭.

નથુ ભટ્ટને આવું કાંઈ જ્ઞાન હતું નહીં. તે મૂંગા રહ્યા. મહારાજ સામું જોઈ રહ્યા. મહારાજે કહ્યું : "ભટ્ટજી ! શાસ્ત્રોની વાતો ગહન છે. શાસ્ત્રકારો શ્વેતવૈકુંઠથી આગળ જઈ શક્યા નથી. તે ધામના પતિ વાસુદેવને જ તેમાં પરમાત્માનું પરસ્વરૂપ કહ્યું છે. એટલે અમે પણ શ્વેતવૈકુંઠને જ અમારું અક્ષરધામ કહ્યું છે. પરંતુ અક્ષરધામ તો તેથી અનંતગણું પર છે. તે ધામના અમે પતિ છીએ એટલે જે પરસ્વરૂપ છે તે અમે જ છીએ. અમે આવતા પણ નથી અને જતા પણ નથી. ફક્ત સંકલ્પ કરીએ છીએ એટલે જે બ્રહ્માંડમાં જે સ્વરૂપે પ્રગટ થવું જોઈએ તે સ્વરૂપે પ્રગટ દેખાઈએ છીએ. સર્વ અવતારો અમારા સ્વરૂપમાંથી પ્રગટ થાય છે અને પાછા અમારા સ્વરૂપમાં લીન થાય છે. અમારા સર્વોપરી સ્વરૂપની આ વાત તેણે કરી તેમાં તેણે ખોટું શું કહ્યું ? શાસ્ત્ર-સંમત જ વાત કરી છે."

નથુ ભટ્ટ મહારાજની આ ગહન વાત સાંભળી વીલા પડી ગયા. તેણે કહ્યું : "મહારાજ ! મારી ભૂલ થઈ."

"તો દામોદરની માફી માંગો. તે શાસ્ત્રો નથી ભણ્યા પરંતુ અમારો તેમને વિશ્વાસ છે અને દૃઢપણે માને છે કે સર્વ શાસ્ત્રોનું મૂળ મહારાજ જ છે." મહારાજે તેમને કહ્યું.

નથુ ભટ્ટ તરત જ દામોદરના પગમાં પડી ગયા. દામોદર બે ડગલાં પાછળ ખસી ગયા. તેમણે કહ્યું : "ભટ્ટજી ! એમાં માફી માંગવાની હોય જ નહીં."

મહારાજ દામોદરના નિર્માની ભાવથી પ્રસન્ન થયા.

બીજે દિવસે પારેખનાં વિધવા પત્ની તરફથી દૂધપાકની રસોઈ હતી. મહારાજ તેની રસોઈ જમ્યા. સૌ સંતો-હરિભક્તોને પણ જમાડ્યા.

પછી ત્યાંથી નીકળી જેતલપુર પધાર્યા. મહારાજનો ઉતારો મહોલમાં રાખ્યો હતો. આમલી નીચે સભા ગોઠવી. વ્યવસ્થામાં આશજીભાઈ હતા. મહારાજે તેમને કહ્યું : "અમારે કાલે નીકળી જવું છે. આ તો રસ્તાનું ગામ, વારંવાર આવવું પડે, એટલે દર વખતે ઠઠારો કરવો નહીં." એમ કહી પોતે સભામાં પધાર્યા.

મહારાજ આઠ સંતોને સદ્‌ગુરુ બનાવે છે

મહારાજે સભામા આનંદાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી વગેરેને પોતાની પાસે બેસાર્યા. પછી

પોતે વાત કરી : "અમે આદરજમાં ચાર સદ્ગુરુઓને મોટેરા કર્યા છે. આજે બીજા આઠ સદ્ગુરુઓને અમે આ સત્સંગમાં મુખ્ય સ્થાને સ્થાપીએ છીએ. ધર્મ, નિયમ પાળવામાં તેઓ શૂરવીર છે, અમારા સ્વરૂપની દૃઢતા પણ પૂરી છે. માટે તમે સૌ જેમ અત્યાર સુધી અમારી આજ્ઞા પાળતા હતા તેમ આ આનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી વગેરે આઠ સદ્ગુરુઓને પણ સૌએ હવે માનવા, તેમનું સન્માન કરવું અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું. સત્સંગ દિવસે દિવસે વધતો જાય છે. એટલે સત્સંગની જાળવણી માટે, વ્યવસ્થા માટે આ બાર સદ્ગુરુઓ અમે નીમ્યા છે. જેમ બાર આદિત્યો વિશ્વને પ્રકાશે છે, તેમ આ સદ્ગુરુઓ વિશ્વમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવશે. હવે સત્સંગની જવાબદારી અમોએ આ બાર સદ્ગુરુઓને સોંપી છે. તેઓ અમારા વતી સત્સંગનું સુકાન સંભાળશે."

સર્વ સંતો તથા હરિભક્તો આ સાંભળી રાજી થયા. તેમને થયું કે મહારાજને માથે જેમ ભાર ઓછો થશે તેમ આપણને સુખ વિશેષ આવશે. મહારાજ પણ છૂટથી વિચરણ કરી શકશે. સૌએ હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞા અમને શિરોમાન્ય છે." મહારાજ તેમની સરળતાથી પ્રસન્ન થયા.

મહારાજ જેતલપુરથી નીકળી ડભાણ થઈને વરતાલ પધાર્યા. મહારાજ પધાર્યા અને વરતાલના ભક્તોને આનંદ થયો. મહારાજનું સ્વરૂપ જ એવું હતું કે ભક્તોનાં ઇન્દ્રિયો-અંતઃકરણને પોતાના સ્વરૂપમાં ખેંચી લે, એટલે ઇન્દ્રિયો-અંતઃકરણના ભાવથી આવરિત થયેલો આત્મા નિરાવરણ બની જાય, પોતાના શુદ્ધ સ્વરૂપે પ્રકાશે અને એ સ્વરૂપે પરમાત્માના દિવ્ય સુખનો આનંદ અનુભવે. આ આનંદના અનુભવમાં ભક્તો જગતનું ભાન ભૂલી જતા. મહારાજની પાછળ પાછળ ફરતા, દેહની ક્રિયા ઉતાવળી ઉતાવળી કરી લેતા અને મહારાજનાં દર્શન વિના એક ક્ષણ પણ જવા ન દેતા. મહારાજના સ્વરૂપમાં આવું જાદુ હતું, દિવ્યતા હતી. તેમ જડ અને અબુધ જણાતા એવા પગીઓ પણ મહારાજના સંબંધે શુદ્ધ આત્મસ્વરૂપ બની પરમાત્માના દિવ્ય સુખનો આનંદ લેતા.

મહારાજે તેમને સૌને કહ્યું : "અમે તો ગઢપુર જવા નીકળ્યા છીએ એટલે રોકાવું નથી."

એટલે ત્યાંના હરિભક્તોએ કહ્યું : "મહારાજ ! આપ પધારો છો ત્યારે આપનાં દર્શનથી દિવ્ય સુખનો અનુભવ થાય છે. આપ જાઓ છો ત્યારે અમે પાછા હતા તેવા ને તેવા થઈ જઈએ છીએ. માટે જેમ ગઢપુરમાં આપે વાસુદેવ-

નારાયણની મૂર્તિ પધરાવી ત્યાંના વાસીઓને આપના સ્વરૂપનાં દર્શનનું, સેવાનું સુખ આપ્યું, તેમ અહીં પણ આપની મૂર્તિ પધરાવો !"

વરતાલમાં અમે અમારી મૂર્તિ પધરાવવાનું નક્કી કર્યું છે

મહારાજ તેમના સૌના ભક્તિભાવથી પ્રસન્ન થયા. તેમણે તરત જ રામદાસ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : "અહીંના હરિભક્તોનો આગ્રહ છે, તેથી અહીં અમે અમારી મૂર્તિ પધરાવવા નક્કી કર્યું છે.[૨૨] તમે જગ્યા બતાવો."

તે સાંભળી રામદાસભાઈએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ પ્રથમ વનમાંથી પધાર્યા ત્યારે આ બદરિતરુ તળે બિરાજ્યા હતા. પછી ઘણી વાર આ સ્થાનનો મહિમા આપે કહ્યો હતો. તેથી એ જ સ્થાન યોગ્ય છે."

મહારાજને પણ એ સ્થાન પસંદ હતું. એટલે તરત જ કહ્યું : "અહીં એક સુંદર ઓરડો તાત્કાલિક કરાવો. અમારે તો અહીં એક જ દિવસ રહેવું હતું, પરંતુ આ ભક્તોએ આવું શુભ કાર્ય કરવાનું કહ્યું તેથી થોડા દિવસ રોકાવું પડશે."

એટલું કહીને મહારાજ ફરી બોલ્યા : "આપણા હીરાજી શિલ્પી છે તેને બોલાવો. અમારી મૂર્તિ જ સ્થાપવી છે પરંતુ નામ નરનારાયણ ધરાવીશું."

"નરનારાયણ તો બે સ્વરૂપે છે !" રામદાસ સ્વામીએ કહ્યું.

મહારાજ હસ્યા. આ વાત ગહન હતી. તેમણે સમજાવતાં કહ્યું : "અમારી મૂર્તિ સાથે અક્ષરનું પણ સ્વરૂપ છે. અક્ષરને અમે અમારી સાથે લઈ આવ્યા છીએ. એ સ્વરૂપ અમારી ભેળું જ છે પણ કોઈની નજરમાં આવતું નથી. નર અને નારાયણમાં નર એ અક્ષરનો અંશ છે અને નારાયણ એ અમારું સ્વરૂપ છે."[૨૩]

---

૨૨. *શ્રીહરિલીલામૃત; કળશ ૭, વિશ્રામ ૭૫-૧૨.*

૨૩. ऋषिरेष महानात्मा पुराणः शाश्वतोऽक्षरः।
नैनं शक्तो हि संग्रामे जेतुं शक्रोऽपि पुत्रक ॥

— મહાભારત; આશ્વમેધિક પર્વ : ૮૦-૪૮.

અર્જુનના મૃત્યુ પછી તેનો પુત્ર બભ્રુવાહન અને અર્જુનની પત્ની ચિત્રાંગદા (બભ્રુવાહનની માતા) પણ મૃત્યુ પામવાનો સંકલ્પ કરે છે. તે માટે તેઓ ઉપવાસનું વ્રત લે છે. ત્યારે ઉલૂપી તેમને કહે છે : 'અર્જુન મૃત્યુ નથી પામ્યા. નર અને નારાયણનો - અક્ષર અને પુરુષોત્તમનો સંબંધ અર્જુન અને શ્રીકૃષ્ણ વચ્ચે છે. તેથી સાક્ષાત્ અક્ષરરૂપ શ્રી અર્જુન ઇન્દ્રથી પણ જિતાય એમ નથી.' આ પ્રમાણે કહેતાં ઉલૂપી ઉપરનો શ્લોક બોલે છે.

આ યુદ્ધ અશ્વમેધ પ્રસંગે બભ્રુવાહન અને અર્જુન વચ્ચે થાય છે.

રામદાસ સ્વામી રહસ્ય સમજી ગયા. મહારાજના સ્વરૂપનું જ સૌ પૂજન, અર્ચન, ઉપાસના કરતા હતા, તો પછી મહારાજ નરનારાયણની મૂર્તિ પધરાવે તો તે અસંગત કહેવાય. છતાં મહારાજે સમજાવ્યું ત્યારે તે સમજ્યા કે મહારાજની કોઈ ક્રિયામાં અસંગતતા હોઈ શકે જ નહીં.

હીરાજી શિલ્પી નરનારાયણની બે મૂર્તિઓ લઈ આવ્યા. તે દરમ્યાન બદરી તળે ઓરડી તૈયાર થઈ ગઈ. મહારાજે ઉમરેઠથી હરિભાઈ અને ઘેલાભાઈને તેડાવ્યા. વેદવિદ્યામાં તેઓ પ્રવીણ હતા. મહારાજે તેમની પાસે મૂર્તિપ્રતિષ્ઠાવિધિ કરાવી. મહારાજે આરતી ઉતારી. આ રીતે પોતાના સ્વરૂપરૂપ શ્રી નરનારાયણને મહારાજે પધરાવ્યા અને વરતાલના હરિભક્તોના મનોરથો પૂરા કર્યા. પછી સૌને કહ્યું : "આ નરનારાયણ તે અમારું સ્વરૂપ છે એમ માની તેમની પૂજા-અર્ચન વગેરે વિધિ કરજો." આ પ્રસંગે સૌને જમાડ્યા.

દલાભાઈએ કહ્યું : "મહારાજ ! અહીં વિશાળ મંદિર થાય અને આપણું સર્વોપરી સ્થાન થાય તે માટે અમારે જમીન આપવી છે; તો મંદિર, સાધુઓની ધર્મશાળા, સભામંડપ વગેરે માટે કેટલી જમીન જોઈએ તે આપ જણાવો. તે પ્રમાણે અમે જમીનનો દસ્તાવેજ કરી દઈએ."

મહારાજે કહ્યું : "અમે ફરી આવશું ત્યારે આપણે તે માટે વિચાર કરીશું. અત્યારે તો તમે કેટલી જમીન આપવાના છો તે નક્કી કરી લ્યો." એટલું કહી મહારાજ વરતાલથી નીકળી ગયા.

મહારાજ વરતાલથી નીકળી વળોટવા થઈને વસો પધાર્યા. વસોના ભક્તોનાં ભાગ્ય ઊઘડી ગયાં. દવે દાદા, જગન્નાથભાઈ તેમજ અમીન તુલસીભાઈ, શિવા ગઢવી વગેરેએ મહારાજ સન્મુખ જઈ મહારાજનું સન્માન કર્યું. મહારાજને ગામમાં પધરાવ્યા. મહારાજે તરત જ કહ્યું : "અમારે રોકાવું નથી. જમવાની વ્યવસ્થા જલદી કરો !"

મહારાજ માટે જમુનાએ થાળ તૈયાર કર્યો. મહારાજ જમ્યા. સૌ સંતો-હરિભક્તોને જમાડ્યા.

મહારાજ ત્યાંથી નીકળી પલાણા થઈ ધોળકા પધાર્યા.

ધોળકામાં મહારાજ ગામ સોંસરવા નીકળી ચીખલી તળાવે ઊતર્યા. અવલબાએ થાળ કર્યો. મહારાજ તે જમ્યા અને ત્યાંથી નીકળી કોઠ, જવારજ, અડવાળ, વાગડ, નાગનેશ, રાણપુર, ભેંસજાળ થઈને નાગડકા પધાર્યા. અહીં સુરાખાચરના દરબારમાં મહારાજ બે-ત્રણ દિવસ રહ્યા.



પાચાળમા - બોટાદમા ફૂલદોલનો ઉત્સવ

(આ.સં. ૧૮૭૫, ઈ.સ. ૧૮૧૯)

મહારાજ લોયા થઈ બોટાદ પધાર્યા. અહીં દાહાખાચરના દરબારમાં દસ-બાર દિવસ રહ્યા. સારંગપુરમાં પણ એ પ્રમાણે રહ્યા. કારિયાણીમાં વસ્તાખાચરના દરબારમાં પણ પંદર દિવસ રોકાયા. મુકુન્દવર્ણી, જયાનન્દવર્ણી તથા સોમલાખાચરને મહારાજે પોતાની સાથે રાખ્યા હતા. બીજા સંતો, પાર્ષદોને બોટાદથી જ આનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે ગામોગામ વિચરણ કરવાની આજ્ઞા આપી હતી. કારિયાણીથી મહારાજ ઝીંઝાવદર પધાર્યા. અહીં સત્તર દિવસ રહ્યા. ત્યાંથી નીકળી લગભગ પોષ ઊતરતાં ગઢપુર પધાર્યા.

ગઢપુરમાં વસંતોત્સવ : આ.સં. ૧૮૭૫

ગઢપુરમાં વસંતના ઉત્સવની તૈયારીઓ હરિભક્તોએ કરી જ રાખી હતી. મહારાજ આ જાણતા હતા અને તેથી ક્યાંય ન રોકાતાં મહારાજ ઉતાવળથી ગઢડા પધાર્યા. ગઢડા છોડ્યાને પણ ઘણા દિવસો થઈ ગયા હતા. ગઢપુરવાસીઓના શ્વાસે શ્વાસે મહારાજનું ભજન થતું હતું. એમના પ્રાણના શ્વાસ અને ઉચ્છ્‌વાસ બ્રહ્માંડની સુષુમ્ણા સાથે એક થઈ અર્ચિમાર્ગ દ્વારા મહારાજના સ્વરૂપ સુધી પહોંચી જતા. તેથી મહારાજના મહાપ્રાણના ધબકારા પણ વધી જતા. મહારાજને ગમે ત્યાંથી પણ ગઢપુર પહોંચવું જ પડતું.

મહારાજ પધાર્યા અને વસંતના ઉત્સવની તૈયારીઓ જોઈ તેમણે કહ્યું : "વસંતનો ઉત્સવ અહીં કરીશું એવું અમે ક્યાં કહેવરાવ્યું હતું ?"

જીવુબાએ તરત જ કહ્યું : "મહારાજ ! અમે શુભ સંકલ્પ કર્યો હતો અને આપ તો ભક્તોના મનોરથો સદા પૂરા કરો જ છો. ભાઈ પણ કહેતા હતા કે મહારાજ વસંતનો ઉત્સવ અહીં કરશે અને લલિતા પણ એવું કહેતી હતી."

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "અહો, ત્યારે તો બધાએ સંપીને સંકલ્પ કર્યો હતો."

"ના, મહારાજ ! એવું ન હતું. આપનું અંતર્યામી સ્વરૂપ જે અંતરમાં બિરાજે છે તે અમારી ઝંખના જાણીને જ એવા સંકલ્પો કરાવે છે."

મહારાજ ગઢપુર પધાર્યા છે તે સમાચાર સમગ્ર પાંચાળ પ્રદેશમાં પ્રસરી ગયા. તેથી હરિભક્તો સૌ ગઢપુર આવવા લાગ્યા. વસંતનો ઉત્સવ પણ પાસે આવતો હતો. આવા ઉત્સવ પ્રસંગે ભક્તો આવે, દર્શન કરે, સેવા કરે અને કથાવાર્તાનો લાભ લે તેવી મહારાજને પણ ઈચ્છા રહેતી. સંતોને આવા ઉત્સવોમાં જ દર્શનનું, સમાગમનું, સેવાનું અને જમવાનું સુખ આવતું. મહારાજ સંતોને, હરિભક્તોને સદા જાગ્રત રાખતા, જેથી સંસારના તુચ્છ સુખમાં કે સંબંધમાં બંધાઈ ન જાય.

એ બડ મેરે બેટે સરીખા હૈ

ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં ચોકમાં સભા થઈ હતી. ત્યાં મહારાજે વાત કરતાં કહ્યું : "અમે જ્યારે ગૃહત્યાગ કરી વનવિચરણ કરવા નીકળ્યા, ત્યારે વનમાં ફરતાં ફરતાં એક તળાવ આવ્યું. તળાવને કાંઠે એક બાવાજી મઢૂલી બાંધીને રહેતા હતા. અમે તેને પૂછ્યું : 'યહાઁ સે ગાઁવ કિતના દૂર હૈ ?' ત્યારે તેણે કહ્યું : 'તિન-ચાર કોસ દૂર હૈ.' એટલે અમે તેને પૂછ્યું : 'બાવાજી ! ખાને-પીનેકા કયા બંદોબસ્ત કરતે હો ?' તેણે જરા કંટાળીને કહ્યું : 'ભાઈ ! ક્યા કરે ? ગાઁવમેં ભિક્ષાકે લીએ જાના પડતા હૈ. કબી કબી થક જાતે તો ઉપવાસ ભી કર લેતે હૈ.' આ સાંભળી અમને આશ્ચર્ય થયું. અમે પૂછ્યું : 'તો ફિર બાવાજી ! ગાઁવ કે નજીક ક્યું નહીં રહેતે ? યે તકલીફ કયું ઉઠાતે હો ?'

"આ સાંભળી બાવાજી જરા ગેલમાં આવી ગયા. તેણે કહ્યું : 'લડકા ! તુઝે ક્યા માલૂમ ! મૈને યહાઁ એ બડ બોયા હૈ. યે મેરે બેટે સરીખા હૈ. ઈસકો છોડકર મૈં કહાં જાઉં ?"

આટલી વાત કરીને મહારાજે હસતાં હસતાં કહ્યું : "આ સંસારમાં દેહના સંબંધીમાં લોકો બંધાય એ તો સમજી શકાય. પરંતુ ઝાડ-પાનમાં, પશુમાં અને તુચ્છ પદાર્થોમાં પણ જીવ બંધાઈ જાય છે. એવો બદ્ધ સ્વભાવ છોડી, જ્ઞાન વિચારથી દેહથી જુદા પડી આત્મારૂપ પોતાનું સ્વરૂપ મનાશે ત્યારે જ મૂળ માયાના બંધનમાંથી છુટાશે અને ત્યારે જ આત્યંતિક કલ્યાણ થશે."

રૂંવાદના રામચંદ્ર ભટ્ટને દીક્ષા

આ જ અરસામાં કાનમના ગામ રૂંવાદથી ભટ્ટ રામચંદ્ર, તેના ભાઈ રત્નેશ્વર અને તેનાં માતુશ્રી, મહારાજનો સમાગમ કરવા ગઢપુર આવ્યાં હતાં. મહારાજ જ્યારે પૂજા કરવા બેસતા ત્યારે રામચંદ્ર મહારાજ સમક્ષ બેસી વિષ્ણુસહસ્રનો પાઠ કરતા. રત્નેશ્વર પણ જે સેવા બતાવે તે કરતા. તેમનાં માતુશ્રી દરબારમાં જીવુબા, લાડુબા સાથે રહેતાં ને સેવા કરતાં.

ગઢપુરના હસનભાઈ તમાકુનો વેપાર કરતા હતા. મંદિરનું કામકાજ પણ કરતા. તેમને લાગ્યું કે તમાકુ જો ગઢડામાં વેચી નાખીશ તો તો ખોટ જશે. તેમણે વિચાર કર્યો કે રાજકોટ બાજુ ભાવ જરા ઊંચા છે એટલે ત્યાં જઈને વેચી નાખીએ. પણ તોય જો ખોટ જાય તો ? તેની નજર રૂંવાદથી આવેલ રામચંદ્ર ઉપર પડી. તે રૂંવાદમાં પોતાની જમીન-જાગીર વેચીને આવ્યા હતા. એટલે તેની પાસે મૂડી હતી. તેણે તેને કહ્યું : ‘‘આપણે આ તમાકુ સરધારમાં જઈને વેચી નાખીએ. ધંધામાં તમારો ભાગ રાખીશ. નફો, નુકસાન વહેંચી લઈશું.’’

ભોળા બ્રાહ્મણ રામચંદ્રને હસનની આંટીઘૂંટીમાં કાંઈ ખબર ન પડી. તેને થયું કે જો લાભ જ થતો હોય તો મૂડી વધશે ને ભજન નિરાંતે થશે. તેણે તેની સાથે સરધાર જવાનું કબૂલ્યું.

બીજે દિવસે મહારાજ પૂજા કરવા બિરાજ્યા ત્યારે રામચંદ્રને બોલાવ્યા. પણ રત્નેશ્વરે આવીને કહ્યું : ‘‘આજે સવારે જ હસનભાઈની સાથે તમાકુ વેચવા સરધાર ગયા છે. ધંધામાં હસનભાઈએ ભાગ રાખ્યો છે.’’

આ સાંભળી મહારાજ અકળાયા. તેમણે કહ્યું : ‘‘અહીં ભજન કરવા આવ્યો છે કે ધંધો કરવા ?’’ એમ કહીને તરત જ નાજા જોગિયાને બોલાવીને કહ્યું : ‘‘હમણાં ને હમણાં બે ઘોડેસવારો સરધારને માર્ગે મોકલો અને રામચંદ્રને પાછો બોલાવી લાવો. હસનને કહેજો કે મહારાજે કહ્યું છે કે તારા ધંધામાં રામચંદ્રને કાંઈ લેવાદેવા નથી. હાંસલ થાય તોય કાંઈ લેવું નથી અને ખોટ જાય તોય કાંઈ આપવું નથી.’’

મહારાજનો હુકમ સાંભળી બે ઘોડેસવારો તરત જ નીકળ્યા. થોડી વારે હસનના ગાડાને આંબી ગયા. પછી રામચંદ્રને મહારાજનો સંદેશો કહી સાથે લીધો અને હસનને પણ મહારાજનો સંદેશો સંભળાવ્યો.

રામચંદ્ર પાછા આવ્યા ત્યારે મહારાજે તેને કહ્યું : ‘‘અમને પૂછ્યા વિના

હસન સાથે કેમ ગયા હતા ? ભજન કરવાનું મૂકીને એ ફંદામાં ક્યાં પડ્યા ?'' એમ કહી મહારાજે તરત જ રત્નેશ્વરને બોલાવ્યા. તેમની માતાને પૂછ્યું : ''મા ! આ રામચંદ્ર અને રત્નેશ્વરને બ્રહ્મચારી બનાવીએ તો તમે રાજી કે નહીં ?''

તેની માતાએ તરત જ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! અમે તો આપનું ભજન કરવા જ આવ્યાં છીએ. બ્રહ્મચારી બનાવશો તો આપનું ભજન વિશેષ થશે. તે તો આ ફંદામાં ફસાયો હતો, તેમાંથી આપે આ વખતે બચાવ્યો. પણ ફરી એવા સંકલ્પો કરશે તો ભજન કરવાનું છૂટી જશે.''

મહારાજે તરત જ બંને ભાઈઓને દીક્ષા આપી રામચંદ્રનું નામ પુરુષોત્તમાનંદ પાડ્યું અને રત્નેશ્વરનું નામ ગોવિંદાનંદ પાડ્યું.

પછી મહારાજે લાધા ઠક્કરને બોલાવ્યા. તેને કહ્યું : ''આ હસને તમાકુનો વેપાર આપણાથી ખાનગીમાં કર્યો છે. તમાકુ વેચવા સરધાર ગયો છે પણ જો ખોટ જશે તો તેનું લેણું લેવા લેણદારો દરબારમાં આવશે. માટે ગામમાં સાદ પડાવો કે હસનને ને દાદાખાચરને કાંઈ લેવાદેવા નથી.'' લાધા ઠક્કર સમજી ગયા. તેણે તરત જ ગામમાં સાદ પડાવી મહારાજને ખબર આપી દીધી.

આખા સત્સંગને બોટાદ તેડાવીશું

ગઢપુરમાં મહારાજે વસંતનો ઉત્સવ ધામધૂમથી કર્યો. સૌને રંગે રમાડ્યા. આ ઉત્સવ ઉપર બોટાદના હરિભક્તો આવ્યા હતા. તેમણે મહારાજને વિનંતી કરી : ''મહારાજ ! ફૂલદોલનો ઉત્સવ બોટાદમાં કરવા પધારો. અહીં જ સૌને આમંત્રણ આપી દઈએ.''

મહારાજે તરત જ કહ્યું : ''ભલે, ફૂલદોલ બોટાદમાં કરીશું. બધા સંઘને તેડાવીશું.''

દાહાખાચર, ભગા દોશી, ચકુભાઈ, કરસનદાસ, નાનચંદ, મૂળચંદ, હીરાભાઈ વસાણી, કેશવજી પારેખ તેમજ કંસારા અમરસી વગેરે મહારાજે સંમતિ આપી તેથી રાજી થયા.

મહારાજે તેમને સૌને કહ્યું : ''આખા સત્સંગને આપણે બોટાદ તેડાવીશું માટે તૈયારી પૂરી રાખજો. ઘણા ભક્તો ગાડાં, ડમણિયાં, વેલ, સિગરામ વગેરે લઈને આવશે, ઘણા અશ્વો ઉપર આવશે, કેટલાક ઊંટ ઉપર પણ આવશે અને કેટલાક પગપાળા આવશે. તો બળદ અને અશ્વો માટે ચંદી, ખાણ, પાવરો વગેરેની પૂરી વ્યવસ્થા રાખજો. હરિભક્તો માટે ઉતારાનો પણ બંદોબસ્ત કરજો.

સંઘના માણસોની, તેમનાં ગાડાં, બળદો, ઘોડા વગેરેની જાળવણી રાખવા માટે ચોકિયાતોની પણ વ્યવસ્થા રાખજો. કોઈની એક વસ્તુ પણ ચોરાવી ન જોઈએ."

મહારાજે આ સૂચના આપી. બોટાદના હરિભક્તો પણ સમજી ગયા કે મહારાજ અગાઉથી જ આ પ્રમાણે કહે છે માટે એવું કોઈ અનિષ્ટ થાય નહીં તેનો પૂરેપૂરો બંદોબસ્ત કરવો પડશે.

દાહાખાચરે તરત જ કહ્યું : "મહારાજ ! મારા પિતાની રાડ આખા મલકમાં છે. વળી કાનો પટેલ બાર ગામનો મુખી છે તેની પણ બધે આણ વર્તે છે. આ ભગા દોશી ભાવનગરથી આરબની બેરખ બોલાવવાનું પણ વિચારી રહ્યા છે. માટે આપ અમને આજ્ઞા આપો અને આશીર્વાદ આપો. કોઈની દેન નથી કે બોટાદના સીમાડામાં ફરકી શકે."

મહારાજ તેમની શૂરવીરતા જોઈ પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું : "સંતો-હરિભક્તોની રક્ષામાં શૂરવીરતા વાપરવી તે જ ભક્તિ છે. આપણા જોબન પગી પણ પગીઓને લઈને આવશે તેમજ ઘોડાસરના રાજવી પણ ભીલો લઈને આવશે. આટલું બસ થઈ જશે."

પછી ભગા દોશીએ પૂછ્યું : "મહારાજ ! બીજી શી શી તૈયારીઓ કરવાની છે ? સમૈયો એવો કરવો છે કે બોટાદની લીલા સત્સંગના પાને લખાઈ જાય."

મહારાજે કહ્યું : "સમૈયો સાંઢગઢમાં કરશું અને ઉત્સવની લીલા, કથા-વાર્તા બોટાદમાં કરશું. માટે એ પ્રમાણે બધી તૈયારી કરાવજો."

મહારાજની આજ્ઞા લઈને બોટાદના હરિભક્તો બોટાદ ગયા. તેમણે ફૂલદોલના સમૈયાની ભવ્ય તૈયારીઓ કરવા નક્કી કર્યું. મહારાજે કૃપા કરીને સત્સંગના સમગ્ર સંઘને તેડાવવાનું કહ્યું છે તો તૈયારીઓ તે મુજબ જ થવી જોઈએ. સંતોની, હરિભક્તોની સંપૂર્ણ વ્યવસ્થા સચવાય, કોઈને લેશમાત્ર તકલીફ ન પડે અને મહારાજનાં દર્શનનો, સત્સંગનો લાભ દરેક હરિભક્ત કોઈ પણ પ્રકારના વિક્ષેપ વિના લઈ શકે તે પ્રમાણે તેમણે સૌએ નક્કી કરી લીધું. પોતાને ઘરે જ વિવાહનો પ્રસંગ આવ્યો હોય એવો સૌનાં અંતરમાં ઉમંગ હતો. અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પધારશે, તેમના લાડીલા સંતો આવશે, ભક્તો આવશે. મહારાજ રંગે રમશે, સૌને રમાડશે. દેવોને પણ દુર્લભ એવી આ અલૌકિક લીલા બોટાદના આંગણે ખેલાશે, ભવિષ્યનાં શાસ્ત્રોમાં બોટાદ પરમતીર્થ લેખાશે, પુરુષોત્તમ નારાયણનું ક્રીડાંગણ ગણાશે. આવા આવા વિચારોથી બોટાદના સત્સંગીઓનાં અંતર આનંદસભર બની ગયાં.

નાનચંદભાઈએ તે અરસામાં નવાં ઘર તૈયાર કરાવ્યાં હતાં. તેના પૂર્વ તરફના દ્વારવાળા મોટા ઓરડા, મેડિયું, વિશાળ ચોક, એક ઢાળિયું - તેમાં ઢોર માટે ખડનો સંગ્રહ કરવા કરેલા ઓરડાઓ, રસોડું વગેરે જોઈ પાકશાળા અહીં જ કરવાનું નક્કી કર્યું.

રાંગળી દેવીનો જે વડ છે તેની આજુબાજુની વિશાળ છાયામાં સંતો માટે ઉતારો ગોઠવ્યો. તેની બાજુમાં જ તળાવ છે તેની પાળ પાસે લીંબડાનાં પુષ્કળ ઝાડ છે ત્યાં સભામંડપ તૈયાર કરવાનું નક્કી કર્યું. ત્યાંના હરિભક્તો રાત-દિવસ આ વ્યવસ્થામાં ગૂંથાઈ ગયા. ઊંઘનો કોઈને સંકલ્પ નહોતો, થાકનો વિચાર ન હતો. આ દિવ્ય ઉત્સવના આનંદમાં જાણે દેહમાં કોઈ અલૌકિક શક્તિ આવી ગઈ હોય તે ભાવથી સૌ પોતપોતાને સોંપેલ કાર્યમાં મંડી પડ્યા હતા !

આત્મનિવેદી અંબરીષ અને જનક આજે પણ પ્રગટ છે

સભાસ્થાન માટે પસંદ કરેલી જગ્યા સુધારીને સરખી કરવાની જરૂર હતી. તે માટે દાહાખાચર, ભગા દોશી, તેમનો પરિવાર તથા અન્ય તમામ સત્સંગીઓ પાવડા અને કોદાળીઓ લઈને મંડી પડ્યા. જેઓ પોતાના ઘરના કામ માટે હંમેશાં મજૂરી ચૂકવી બીજા પાસે શ્રમ કરાવતા તે દરબારો, સદ્‌ગૃહસ્થો આજે પોતે જ આ કાર્ય કરવા લાગ્યા. બોટાદની પ્રજાને આ જોઈ આશ્ચર્ય થયું !

મહાજનના શેઠિયાઓ તેમને કહેવા લાગ્યા : "બાપુ ! ભગા બાપુ ! કહો તો માગો એટલા દાડિયા લઈ આવીએ પણ તમે બધા આ શું લઈ મંડ્યા છો ?"

ત્યારે ભગા દોશીએ કહ્યું : "ભાઈ ! અંબરીષ ચક્રવર્તી રાજા હતા. રાજ્યમાં અનેક અનુચરો હતા. તેમને દાસીઓ, સેવકો પણ ઘણાં હતાં. પરંતુ પોતાના ઠાકોરજીની સેવા માટે તો પોતે જ શ્રમ કરતા. ઠાકોરજીની પૂજા માટેનાં વાસણો ઊટકવાં, તેમને માટે ગાળેલું શુદ્ધ પાણી ભરવું, તેમના નૈવેદ્ય માટે અનાજ સાફ કરવું, દળણું, રસોઈ કરવી – આ બધી જ સેવા તેઓ પોતે કરતા. પરંતુ જ્યારે રાજ્ય સિંહાસન ઉપર બેસતા ત્યારે ગૌરવભેર પોતાના અમલદારો કે અનુચરો પાસે રાજ્યનું કામ કરાવતા. તેમ અમારા વ્યવહારના કાર્યમાં અમે નોકરો રાખીએ, દાડિયા રાખીએ તે બરોબર છે પરંતુ આ કાર્યમાં તો પ્રભુના સેવક બનવું જોઈએ. ભગવાન ને ભગવાનના ભક્તની સેવાથી પરમપદની પ્રાપ્તિ થઈ જાય છે." આમ, બોલતાં બોલતાં ભગા દોશીના મુખ ઉપર ભક્તિના ભાવ તરી આવ્યા.

દાહાખાચર પણ બાપુ મટી સેવક બની ગયા હોય તેમ લાગતું હતું. તેમના દરબારમાં તેમનો પ્રભાવ જુદો હતો. આજે આ સેવાના કાર્યમાં દાહાખાચરના મોં ઉપરથી કાઠીઓમાં સહજ એવી જણાતી કઠણતા જાણે ટળી ગઈ હોય અને ભક્તિના મુલાયમ ભાવો પ્રગટ્યા હોય તેવું દેખાતું હતું. સ્વામિનારાયણ ભગવાનનો આ પ્રતાપ હતો. તેમના સંગે તેમના ભક્તોનાં જીવન ભક્તિના ભાવથી ઉન્નત બની ગયાં હતાં.

આ જગ્યા બરોબર સુધારી સાફ કરી તે ઉપર સુંદર મંડપ બાંધી દીધો. મહારાજને બેસવા માટે ઊંચો મંચ બાંધ્યો. જમીન ઉપર પાણીનો છંટકાવ કરી, જમીન શીતળ અને સુગંધીમય બનાવી દીધી. તેના ઉપર પાથરવા માટે બૂંગણો, ગાદલાં વગેરેના ગંજ ખડકી દીધા. સૌનાં મનમાં ઉત્સાહ હતો કે સંતોનું, હરિભક્તોનું સ્વાગત એવું કરવું, તેમના માટે વ્યવસ્થા એવી જાળવવી કે મોટા રજવાડાની સંપત્તિ પણ ઝાંખી પડે. વળી, ભગા દોશીની નગરશેઠ તરીકેની પ્રતિષ્ઠાનો ધ્વજ પણ સૌને ઉન્નત કરવાનું તાન હતું. બાપુ હમીરખાચરની ગામધણી તરીકેની શાખ વધારવી હતી. છતાં આ બંને અગ્રણીઓ તો આવી કોઈ ભાવના વગર ભવ્ય તૈયારીઓમાં જાતે જ લાગી ગયા હતા.

સમૈયાના દિવસ નજીક આવવા લાગ્યા તેમ કામકાજની ઝડપ વધતી ગઈ. નાનચંદભાઈના ઘરમાં સીધા-સામગ્રીના ગંજ ખડકાઈ ગયા. ઘાસની ગંજીઓ, ચંદી વગેરેના પણ ઢગ થઈ ગયા. ખોળ, કપાસિયા, અશ્વોના પાવરા માટે ચણા વગેરે સામગ્રીઓ વખારોમાં ખડકી દીધી. બોટાદના નગરજનો આવી જબ્બર તૈયારીઓથી કોઈ અલૌકિક પ્રસંગની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. બોટાદમાં ધાર્મિક પ્રસંગો ઉજવાયા હતા, પણ એ ઉત્સવોની તૈયારીમાં આવો ઉત્સાહ, આવો ભક્તિભાવ ન હતો; ફક્ત પ્રસંગનો દેખાવ હતો. જ્યારે અહીં તો રાત-દિવસ જોયા વિના નાના-મોટા તમામને જે સેવા સોંપી હોય તે સંપૂર્ણ કરવા પ્રવૃત્ત રહેતા. સૌ એક જ વાત કરતા : ફૂલદોલનો ઉત્સવ છે, મહારાજ પધારવાના છે, સંતો આવશે, હરિભક્તો આવશે, સૌ રંગે રમશે, બોટાદ ધન્ય બની જશે !

બોટાદમાં સત્સંગનો પ્રવાહ

ફાગણ સુદ ૧૩ના દિવસે ગુજરાતથી હરિભક્તોના સંઘ આવવા લાગ્યા. દેશવાર જે જુદા જુદા ઉતારાઓ નક્કી કર્યા હતા ત્યાં તેમને ઉતારા આપ્યા. જોઈતી સગવડતા આપી. બીજે દિવસે તો હરિભક્તોનાં વૃંદનાં વૃંદ ગાડાં, રથ,

વેલ પાલખીઓ, અશ્વો જે જે સાધન મળ્યાં તે સાધન લઈને આવવા લાગ્યાં. સૌને ઘટે તે પ્રમાણે ઉતારા આપ્યા. ઉતારે ઉતારે ચોકિયાતો ગોઠવી દીધા. સંઘના હરિભક્તોની દરેક પ્રકારની સગવડતા સચવાય તે માટે તેમની સેવામાં હરિભક્તોને ગોઠવી દીધા.

બોટાદની બજારમાં દેશી-પરદેશી હરિભક્તોનો સંઘ ઊભરાવા લાગ્યો. કોઈક કાઠિયાવાડી પાઘડી પહેરેલા તો કોઈકને માથે જામનગરી વાંકડી પાઘડી તો કોઈ વળી મોરબીશાહી ચકરી પાઘડી પહેરી બજારમાં અને બજારમાંથી રાંગલી વડ તરફ જતા દેખાતા હતા.

કચ્છી અને હાલારી ભક્તો પણ આવ્યા હતા. ખાનદેશ, દક્ષિણ, મારવાડ, ઉત્તર પ્રદેશ અને પૂર્વના દેશોમાંથી પણ હરિભક્તો આવ્યા હતા. તેમના પહેરવેશ અને ભાષા ઉપરથી તેમનો દેશ કળાઈ જતો. છતાં સૌ એકબીજાના કપાળમાં તિલક-ચાંદલો જોઈ નમી નમીને 'જય શ્રી સ્વામિનારાયણ' કહેતા, કેટલાક ભેટી પણ પડતા. ઓળખાણ હતી તિલક-ચાંદલાની, ભાષા હતી સ્વામિનારાયણની. આ ઓળખાણમાં, આ ભાષામાં, સુહૃદભાવની ફોરમ હતી. સ્વામિનારાયણ ભગવાને ભૌગોલિક સીમાડાની દીવાલો તોડી નાખી હતી, ભાષાના ભૂતનો અંતરાય ટાળી કેવળ સ્વામિનારાયણ શબ્દની ભાષામાં જ દરેક ભાષાનાં મૂલ્યો સમાવી દીધાં હતાં. સૌની આંખોમાં અભેદનો પ્રેમ હતો, અંતઃકરણમા ઋજુતાના ભાવ હતા. દેશ-પરદેશથી આવતા હરિભક્તો એકબીજાથી તદ્દન અજાણ્યા છતાં પોતાના ઇષ્ટદેવ પ્રત્યેની ભક્તિને લીધે આ પ્રકારની એકતામાં સમાઈ ગયા હતા.

કાઠિયાવાડી રાજપૂતો રાંગમાં ઘોડાઓ લઈને ફરતા, મૂછોના કાતરા આમળતા; છતાં કોઈ સાધુને કે વૃદ્ધ સત્સંગીને જોતા તો તરત જ ઘોડા ઉપરથી ઊતરી દંડવત્ કરવા મંડી પડતા. સંતો પણ એવા જ ભાવથી તેમને નમસ્કાર કરતા, ભેટતા. બ્રાહ્મણત્વનો, ક્ષાત્રવટનો કે સાધુતાનો અહં કોઈના અંતરમાં રહ્યો ન હતો. શ્રીજીમહારાજની ભક્તિમાં સૌ તરબોળ બની બ્રહ્મભાવમાં રસબસ થઈ ગયા હતા. બોટાદ શહેરના નગરજનો સ્વામિનારાયણીય ભક્તિને તેના સાચા સ્વરૂપમાં નિહાળી રહ્યા હતા !

આ બધા જ હરિભક્તો મહારાજના પધારવાની રાહ જોઈ રહ્યા હતા.

ચૌદશે સાંજે મહારાજ ગઢપુરથી પધારવાના હતા. સમૈયાની તમામ તૈયારીઓ થઈ ગઈ હતી. મહારાજે તે પહેલાં સંતોનાં મંડળોને મોકલી આપ્યાં

હતાં. દૂરથી સંતોનાં વૃંદને આવતાં જોઈ સૂર્યના આગમન પહેલાં આકાશ ઉષાની લાલિમાથી જેમ છવાઈ ગયું હોય તેવી શોભા ત્યાં પથરાઈ ગઈ હતી ! સંતો આવ્યા - કીર્તનો ગાતા, ધૂન કરતા, સ્વામિનારાયણનો જયઘોષ કરતા, દોલા ઉપર હીંચકતા હોય તેમ ઝૂલતા. જાણે પૃથ્વી ઉપરથી અદ્ધર ચાલતા હોય તેવો તેમની ચાલમાં ઉમંગ હતો !

સંતોના આગમનથી મહારાજ હવે આવી જ રહ્યા છે તે ખબર પડી. ઢોલ, ત્રાંસાં, ભૂંગળો, શરણાઈ, નગારાં અને બંધૂકોના અવાજથી વાતાવરણ ગાજી ઊઠ્યું. સંતોના સંઘને પાદરમાં જ રોક્યો. એટલામાં કાઠી ભક્તો પોતપોતાના પાણીદાર ઘોડા ઉપર આવતા દેખાયા. તેમની પાછળ લગભગ સો પાર્ષદો ઢાલ, તલવાર, ભાલા, તીરકામઠાંથી સજ્જ પોતાના અશ્વો ઉપર આવતા દેખાયા. તેમના મધ્યે સૌના પ્રાણાધાર પ્રભુ આવી રહ્યા હતા. મહારાજે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. માણકી મદમાતી ચાલે ચાલતી હતી. કેસૂડાનાં ફૂલોથી ઝૂકી રહેલાં વૃક્ષો મહારાજ ઉપર પુષ્પવૃષ્ટિ કરી રહ્યાં હતાં.

હમીરખાચર, તેના પુત્ર દાહાખાચર, માતરા ધાધલ, ગોદડ ધાધલ, નાથાખાચર, ભગા દોશી, શેઠ કરસનભાઈ, કરસનજી, હીરાભાઈ, હકુભાઈ, કંસારા ભક્ત અમરસી, મોતીભાઈ તેમજ સોની ભક્ત વાઘજીભાઈ, ભૂલાભાઈ, તળસીભાઈ, નારાયણ, દયાળજી, વિપ્ર વેણીરામ, જગન્નાથ, ભગવાનભાઈ, ગોવિંદભાઈ, નરસિંહભાઈ, મોનજી પંડ્યા, શિવશંકર, હરખજી, પરમાનંદ, આણંદજી, રામજી, વિશ્રામ, ગંગારામ, બેચરભાઈ, જદુરામ, દરજી રઘુનાથ તથા સુથાર પૂજાભાઈ, જેઠાભાઈ, મૂળજી, પરજીયા સોની ધનજીભાઈ, હમીર, રાણાભાઈ વગેરે હરિભક્તો સામૈયા માટે તૈયાર થઈ ગયા.

બહેનોમાં પણ મહારાજનાં દર્શન માટે અનેરો ઉત્સાહ હતો. સોનબાઈ, જીવુબાઈ, હીરૂબાઈ, મધુબાઈ, રતનબાઈ, માનબાઈ, રાજીબાઈ, તેજુબાઈ, કમરબાઈ, શ્રીમાળી વિપ્ર હીરબાઈ, રામબા, રૂપબા, માનબા વગેરે વધામણાનાં મંગળ ગીતો ગાતાં ગાતાં મહારાજની વાટ જોતાં હતાં.

અભૂતપૂર્વ સામૈયું

ઢોલ, ત્રાંસાં, શરણાઈ વગેરે વાજિંત્રોના નાદ થયા. કાઠી ભક્તોએ બંધૂકોના અવાજ કર્યા અને બોટાદના બજારમાંથી નીકળી તાજપુરના ઝાંપા તરફ સામૈયું નીકળ્યું. ત્યાં તો સામે જાળવાળી ધાર છે ત્યાં જ મહારાજ અને

સંઘનાં દર્શન થયાં. માણકી ઘોડી ઉપર મહારાજ શ્વેત વસ્ત્રો ધારી બિરાજમાન થયા છે. ઇન્દ્ર જાણે ચામર ઢોળતા હોય તેમ મહારાજની પાઘ ઉપરનું છોગલું હવામાં ફરકે છે. આજુબાજુ સશસ્ત્ર કાઠી અસવારો મહારાજને વીંટળાઈને ચાલે છે. સંતો, હરિભક્તો પણ ભક્તિની દિવ્ય મસ્તીમાં કીર્તનો ગાતા, જયઘોષ કરતા ચાલ્યા આવે છે. દરેકની દૃષ્ટિ મહારાજ સન્મુખ છે. ભગવાનની સન્નિધિમાં સૌની દૃષ્ટિની સ્થિરતા થઈ ગઈ હતી. યોગની એ સિદ્ધિ હતી. મહારાજ સૌની દૃષ્ટિનું કેન્દ્ર બની ગયા હતા. અંતરના અંતર્યામી પૃથ્વી ઉપરના પોતાના બાહ્ય સ્વરૂપ તરફ જ ભક્તોની વૃત્તિ સ્થિર કરાવતા હતા.

બોટાદનું મંડળ સન્મુખ આવ્યું અને સૌ મહારાજને પૃથ્વી ઉપર પડીને દંડવત્ કરવા લાગ્યા. સ્ત્રીઓએ પંચાંગ પ્રણામ કર્યા. ઢોલ, ત્રાંસાં અને શરણાઈઓના બજૈયાઓ પણ જાણે દેવોને આમંત્રણ આપતા હોય : "આવો, આ દર્શન કરો, આ દિવ્ય સત્સંગનો લાભ લેવા ભારતની પુણ્યભૂમિમાં પધારો. આજે ભગવાને મોક્ષનું સદાવ્રત ખુલ્લું મૂક્યું છે તો આ દુર્લભ લાભ લઈ લ્યો." એવા ભાવથી વાજિંત્રો વગાડતા હતા.

મહારાજ માણકી ઉપરથી ઊતર્યા. સૌ ભક્તોને મળ્યા, આશીર્વાદ આપ્યા, કોઈને માથે હાથ મૂક્યા. મેરાઈ ભક્તોએ મહારાજ માટે કિનખાબનાં સુંદર વસ્ત્રો તૈયાર કર્યાં હતાં. તેમણે તે વસ્ત્રો મહારાજને ત્યાં જ અર્પણ કર્યાં. મહારાજ તેમનો ભાવ જાણી ગયા. તેમણે નાજા જોગિયાને કહ્યું : "આ માણકીની સરક પકડો. મયારામ ભટ્ટને બોલાવો."

મયારામ ભટ્ટ તરત જ આવ્યા. મહારાજે કિનખાબનાં વસ્ત્રો સુરવાળ, ડગલી પહેર્યાં. સોનેરી કોરનો સુંદર રેંટો મસ્તક ઉપર બાંધ્યો. તેવો જ રેંટો કેડ્ય ઉપર પણ બાંધ્યો. હાથમાં સફેદ રૂમાલ રાખ્યો. મહારાજે મેરાઈ ભક્તોનો ભાવ પૂરો કર્યો. તેમનાં અંતર પણ આ દર્શનથી પરિતૃપ્તિના આનંદથી સભર બની ગયાં. મહારાજે ઉતારેલાં વસ્ત્રો મયારામ ભટ્ટે લઈ લીધાં.

મહારાજ માણકી ઉપર બિરાજ્યા અને ફરી ઢોલ, ત્રાંસાં અને શરણાઈના ઘોષ થયા. વૈરાટ બ્રહ્માની નાભિ દ્વારા કરેલો અક્ષરબ્રહ્માત્મક નાદ તેમના હૃદય, કંઠ અને મુખદ્વારા બહાર નીકળી પશ્યન્તી, મધ્યમા અને વૈખરીના ભેદમાં પડ્યા સિવાય અત્યારે સીધો જ પ્રણવરૂપે, પરાવાણીરૂપે, દિવ્યતા પ્રસરાવતો બહાર નીકળતો હતો. સૌ ભક્તો જાગ્રત અવસ્થામાં હોવા છતાં કોઈક અલૌકિક દિવ્ય અવસ્થામાં હોય તેવું તેમને લાગતું હતું. કોઈને દેવોની સ્તુતિ સંભળાતી હતી

તો કોઈને ગાંધર્વોનાં ગાન સંભળાતાં હતાં, તો કોઈને અક્ષરમુક્તોની દિવ્ય વાણીનો નાદ સંભળાતો હતો.

મહારાજના સંબંધે માણકીમાં પણ એવી દિવ્યતા દેખાતી હતી. પીઠ ઉપર શંખલાદનું સુંદર પલાણ શોભતું હતું. માથે રૂપાની પૂતળીવાળો મોડ શોભતો હતો. કંઠમાં રૂપાનો હુલ્લર હાર હિલોળા લેતો હતો. પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પોતાની પીઠ ઉપર બિરાજ્યા છે તે આનંદ તેની ગતિમાં હતો. તે ગતિમાં વેગ ન હતો, મંદતા પણ ન હતી. પુરુષોત્તમ નારાયણને ધારવામાં આ બંને ગુણોની સમતા સાચવવાનો તેને ખ્યાલ હતો.

મહારાજની પાછળ દાદાખાચર, વસ્તાખાચર, અલૈયાખાચર, સોમલા-ખાચર, સુરાખાચર, જીવાખાચર, મૂળુખાચર, ઘેલો ધાધલ, નાગભક્ત, રાઠોડ ધાધલ, વાઘાખાચર, મામૈયો, માતરા ધાધલ, વેલોખાચર, ડોસાખાચર, માણસિયો, ઝીણાભાઈ, કાકાભાઈ, પૂજાભાઈ, હરિભાઈ, જેઠાભાઈ વગેરે ભક્તો પોતપોતાના અશ્વો ઉપર મહારાજની દિવ્ય સેનારૂપે શોભતા ચાલતા હતા. આ સખાઓ સદા મહારાજની સાથે ને સાથે જ રહેતા હતા. ક્યારે પોતાના રાજ્યનો વહીવટ કરતા હશે કે ક્યારે કુટુંબના વ્યવહારનો ભાર વહન કરતા હશે તે કોઈને સમજાતું ન હતું. આત્મનિવેદનની છેલ્લી કક્ષાની તેમની ભક્તિથી તેઓ વિદેહી રાજા જનક અને અંબરીષની સ્મૃતિ કરાવતા હતા. કાઠીઓની કાઠીશાહી કઠણતાનું ભક્તિના આવા મુલાયમ સ્વરૂપમાં, શ્રીજીમહારાજના સંબંધે પરિવર્તન થયું હતું. તેમના સ્વભાવના આ પ્રકારના પરિવર્તનમાં પુરુષોત્તમ નારાયણની સેવાના સંસ્કારોનું પ્રાબલ્ય હતું ! બંનેનો સમન્વય સધાયો હતો. તેમની ભક્તિથી સૌરાષ્ટ્રના કાઠીઓના જીવનનું એક સુવર્ણપૃષ્ઠ સૌરાષ્ટ્રના ઇતિહાસમાં ઉમેરાયું હતું.

નદીમાં થઈને તાજપરના ઝાંપામાં મહારાજની સવારી આવી. મુકુન્દ બ્રહ્મચારી મહારાજને ચામર ઢોળતા હતા. બાપુ રતનજીએ મહારાજના શિર ઉપર છત્ર ધર્યું હતું.

સવારી ધીમે ધીમે બોટાદના બજારમાં પ્રવેશી. છડીદારો છડી પોકારતા હતા, ભક્તો જયઘોષ કરતા હતા, સંતો કીર્તન ગાતા હતા. કાઠી સરદારો બંધૂકોના અવાજ કરતા હતા. ઢોલ, ત્રાંસાં અને મૃદંગ વાગતાં હતાં. શરણાઈઓના સૂર દિશા ગજવતા હતા. બોટાદના નગરજનો મહારાજની આ દિવ્ય સવારીની શોભાનાં દર્શન કરી કૃતકૃત્ય થઈ ગયાં ! મેડી, ઝરૂખાઓ અને અટારીઓ આબાલવૃદ્ધોથી ખીચોખીચ ભરાઈ ગઈ હતી. બોટાદ શહેરના નાગરિકો આજે

પોતાનાં ધન્યભાગ્ય માનવા લાગ્યા. ધજાપતાકાથી શોભતી નગરીની ઊંચી અટારીઓ સ્ત્રીઓનાં વૃંદોથી ચિક્કાર થઈ ગઈ હતી. મહારાજને કોઈ સ્ત્રીઓ પુષ્પોથી વધાવતી હતી, તો કોઈ અક્ષતથી, તો કોઈ સોના-રૂપાની ઘૂઘરીઓથી વધાવતી હતી. સૌને મન આ અવસર અણમૂલો હતો, આ દર્શન દુર્લભ હતું !

રાંગલી વડે દિવ્ય સભા

સવારી ધીરે ધીરે કુંભારવાડામાં થઈને રાંગલી વડ પાસે આવી. અહીં સભા રાખી હતી. મહારાજ માટે સુંદર પાટ ઢાળી દીધી હતી. ઉપર મશરૂનાં ગાદલાં-તકિયા ગોઠવી દીધાં હતાં. ફૂલોના હારથી પાટને કલાત્મક રીતે શણગારી હતી.

મહારાજ માણકી ઉપરથી ઊતર્યા. સીધા પાટ ઉપર આવી બિરાજી ગયા. ધીરે ધીરે સૌ પોતપોતાના અશ્વો, રથ, પાલખીઓ અને ગાડાંમાંથી ઊતરીને સભામાં આવી ગયા. સત્સંગની પ્રણાલી પ્રમાણે સ્ત્રી-પુરુષની મર્યાદા સચવાય તે પ્રમાણે સભા-વ્યવસ્થા સહેજે થઈ ગઈ.

મહારાજે સંતોને કહ્યું : "કીર્તન-ભક્તિ શરૂ કરો. કીર્તન-ભક્તિથી સૌનાં હૈયાં હેઠાં બેસે પછી કથાના શબ્દો અંતરમાં ઊતરે."

થોડો સમય કીર્તનો ગવાયાં. પછી મહારાજે ઉપદેશામૃતના બે શબ્દો કહ્યા. એટલામાં વલીભાઈ ત્યાં શરણાઈ લઈને આવ્યા. તેને મહારાજે જોયા. મહારાજે કહ્યું : "વલીભાઈ ! તમે પણ શરણાઈના સૂરો સંભળાવો."

વલીભાઈની શરણાઈ સાંભળીને તુંબરુનો ગર્વ ગળી જાય છે

તરત જ વલીભાઈએ શરણાઈ હોઠે મૂકી. તેના શ્વાસની ગતિ સાથે શરણાઈના સાત સૂરો ઉપર તેની આંગળીઓ ફરવા લાગી. સ્વરોએ હિંડોળ રાગને આકાર આપ્યો. જુદા જુદા તાનપલટાથી તેમણે હિંડોળને જમાવ્યો. તેમની આ કલાથી મહારાજ અને સંગીતપ્રેમી સંતો મુગ્ધ થઈ ગયા ! મહારાજે તેમને કહ્યું : "વલીભાઈ ! તમારી શરણાઈ સાંભળીને તો તુંબરુનો પણ ગર્વ ગળી ગયો !"

વલીભાઈએ તરત જ માથું નમાવ્યું અને કહ્યું : "મહારાજ ! મારે તો આપ રાજી થયા તેમાં બધું આવી ગયું. તુંબરુના પ્રારબ્ધમાં તેની ગાનકળા આપને સંભળાવવાનું ન મળ્યું પરંતુ મારી શરણાઈના સૂરો તો આપે સ્વયં સાંભળ્યા."

મહારાજ તેનો ભાવ જોઈ પ્રસન્ન થયા. પછી કહ્યું : "વલીભાઈ ! તમારા ઉપર અમે રાજી થયા છીએ તો કાંઈક માંગો."

પણ વલીભાઈ કાંઈ બોલ્યા નહીં. મહારાજે ત્રણ વખત તેમને કહ્યું પરંતુ વલીભાઈની આંખમાંથી આંસુની ધારા ચાલતી હતી. તેનો અવાજ રૂંધાયો. તેનાથી ફક્ત એટલું જ બોલાયું : ''મહારાજ ! આપની કૃપા...''

મહારાજે તરત જ પોતાના હાથે પહેરેલા સુવર્ણના બાજુબંધ ઉતારી તેના તરફ ફેંક્યા. વલીભાઈએ તરત જ ઝીલી લીધા. તેનાથી એટલું જ બોલાયું : ''પ્રભુ ! આપની કૃપા આ સ્વરૂપે મળી છે. આ પ્રસાદી મારા જીવનની અણમોલ મૂડી બની ગઈ.'' એટલું કહીને તેણે સુવર્ણના બાજુ પોતાની છાતીએ, માથે અને આંખે અડાડ્યા.

અમારા ઉતારા ક્યાં રાખ્યા છે ?

મહારાજે ભગા દોશીને બોલાવ્યા. તેમને કહ્યું : ''આ બધા મહેમાનો આવ્યા છે તેમને સૌને ઉતારો કરાવો. તમે બધી ગોઠવણ તો કરી રાખી છે ને ?'' એમ કહીને તેમને પૂછ્યું : ''દાદાખાચર તથા બહેનોનો ઉતારો ક્યાં રાખ્યો છે ?''

તેમણે તરત જ હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! એમનો ઉતારો તો આપણે ત્યાં જ રાખ્યો છે. બીજા દરબારોની પણ શહેરના પ્રતિષ્ઠિત ગૃહસ્થોને ત્યાં ગોઠવણ કરી છે.''

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. પછી હસતાં હસતાં પૂછ્યું : ''અમારા ઉતારા ક્યાં રાખ્યા છે ?''

એ સાંભળી ભગા દોશી પણ હસ્યા. તેમણે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! હમીરખાચરના દરબારમાં.''

એટલામાં તેમના પુત્ર દાહાખાચર આવ્યા. મહારાજે તેમને કહ્યું : ''બાપુ ! હવે દરબારમાં ચાલશું ને ?'' દાહાખાચરે તરત જ મહારાજનો હાથ પકડ્યો ! મહારાજ પોતાના અંગત સેવકની સાથે દરબારમાં પધાર્યા.

ત્યાં થોડી વાર આરામ કરી મહારાજ નાનચંદ શેઠના નવા મકાનમાં પાકશાળામાં પધાર્યા. સભામાં જ હરિભક્તોને સૂચના આપી દીધી હતી કે સૌએ પાકશાળામાં જમવા આવી જવું. મહારાજ ત્યાં પધાર્યા, સ્નાન કર્યું અને સફેદ ધોતિયું પહેર્યું, ઉપર વસ્ત્ર ઓઢ્યું અને બાજોઠ ઉપર જમવા બિરાજ્યા. મુકુન્દ બ્રહ્મચારી, જેરામ બ્રહ્મચારી વગેરે વર્ણીઓ મહારાજની સેવામાં હતા. જમી રહ્યા પછી મહારાજે સર્વે સંતો, પાર્ષદો, હરિભક્તોને જમાડવાની વ્યવસ્થા કરાવી.

મહારાજ ત્યાંથી નીકળી સર્વે હરિભક્તોના ઉતારે વ્યવસ્થા જોવા પધાર્યા.

ઘોડા તથા બળદો માટે બરાબર ઘાસ, ખાણ, પાવરો, ચંદી વગેરેની વ્યવસ્થા થઈ છે કે નહીં તે પણ પૂછી લીધું. દરેકની યોગ્યતા પ્રમાણે તેની સંભાવના થાય તેવો મહારાજનો આગ્રહ હતો. પશુઓને પણ તેઓ ભૂલતા નહીં.

દાહાખાચરના દરબારમાં મહારાજ પધાર્યા. રાત્રી ઘણી વીતી ગઈ હતી તેથી બીજે દિવસે સવારના કાર્યક્રમની દાહાખાચરને સૂચના આપી, પોતાના સેવકોને તે પ્રમાણે વ્યવસ્થા કરવાનું કહી પોતે પોઢી ગયા.

અત્યારે ચાલીને જ જવું છે

બીજે દિવસે સવારે સ્નાનવિધિથી મહારાજ પરવાર્યા. ત્યાં તો હરિભક્તો ત્યાં આવી ગયા. આગલે દિવસે મહારાજે જે વસ્ત્ર-આભૂષણો ધારણ કર્યાં હતાં તે જ વસ્ત્રો મહારાજને સૌએ આગ્રહ કરી પહેરાવ્યાં. મહારાજ તૈયાર થઈ ગયા. હાથમાં રૂમાલ લીધો. એટલામાં નાજા જોગિયા માણકી લઈને આવ્યા. મહારાજે કહ્યું : “અત્યારે ચાલીને જ જવું છે. માટે માણકીને તમે સભાસ્થાનમાં દોરીને લઈ આવજો.”

જે રસ્તે આગલે દિવસે મહારાજની સવારી નીકળી હતી તે જ રસ્તે થઈને ચાલીને મહારાજ સભામાં પધાર્યા. રસ્તામાં સૌએ એવા જ ઉત્સાહથી મહારાજનાં દર્શન કર્યાં. પ્રેમાનંદ સ્વામી તથા અન્ય સંત કવિઓએ હોરીનાં પદો ગાયા. મહારાજ તે પદો સાભળતાં ડોલતા હતા. ડોલતા ડોલતાં મહારાજ બોલ્યા : “ભગવાનનાં લીલાચરિત્રોનાં કીર્તનો સાંભળી ભક્તિરસ અંતરમાં ઊતરે તો કીર્તન-ભક્તિનો આનંદ અનુભવાય, પરંતુ કેવળ સંગીતના જ આનંદમાં મસ્ત બની જઈએ તો મન રંગાય પરંતુ અંતર ન રંગાય.”

કંઠી પહેર્યા પછી પણ કુકર્મો કરે છે

એટલી વાત મહારાજે કરી ત્યાં હાલીડા દેવાયત ઉપર તેમની નજર પડી. તેને જોઈ મહારાજની આંખો લાલ થઈ. મહારાજે તેને કહ્યું : “દેવાયત ! કંઠી પહેર્યા પછી પણ કુકર્મો કરો છો તે અમારાથી અજાણ્યું નથી. અમારી આજ્ઞામાં વર્તતા નથી તો પછી કલ્યાણ થશે ખરું ?”

તે સાંભળી દેવાયત નીચું જોઈ ગયો. પણ નસીતપરનો રાવળ એકદમ બોલ્યો : “મહારાજ ! દેવાયત જેવા આબરૂદાર આદમી ઉપર તમે આમ ખોટું આળ કાં મૂકો ?”

એટલે મહારાજે તેને કહ્યું : "રાવળ ! તમારી પણ બધી વાત અમે જાણીએ છીએ. આ તો સર્પને ઘેર સર્પ પરોણો થઈને જાય, એકબીજાનું મુખ ચાટે અને પોતાનું ઝેર વધારે. એવું તમારા બંનેનું છે. પણ આ સત્સંગ તો બ્રહ્મરૂપ અને મહાવિષ્ણુરૂપ છે. તેમાં આવીને આજ્ઞા લોપશો તો અહીં પગ ટકશે નહીં." મહારાજ ખરા ભાવમાં આવી ગયા હતા.

મહારાજ ઘણી વાર કહેતા : "સત્સંગમાં આવ્યા પહેલાં પાપી હોય કે અશુદ્ધ જીવ હોય તેને નિયમો ધરાવી સત્સગમાં લેવો; પરંતુ સત્સંગના નિયમો લીધા પછી, કંઠી ધારણ કર્યા પછી, જે નિયમોનો લોપ કરે છે, આજ્ઞા ઉલ્લંઘે છે તેને તો પાપી અને વિમુખ જ સમજવા. પોતે બગડે ને બીજાને પણ બગાડે તેવાને તો સત્સંગમાંથી કાઢી જ મૂકવા, નહીં તો આ શુદ્ધ સત્સંગનું વગોણું કરશે."

જીવાખાચર ત્યાં બેઠા હતા. તે મહારાજના મર્મના શબ્દો સમજી ગયા. તેણે તરત જ દેવાયત અને રાવળને ઈશારો કરી સભામાંથી ઊઠી જવા કહ્યું. પછી તેમણે મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! જીવ તો એવા જ હોય. આપ તો પરમાત્મા છો. જીવના એવા ગુના સામું જોશો તો તેમનું કલ્યાણ કેમ થશે ?"

મહારાજે તરત જ કહ્યું : "બાપુ ! જીવો દોષથી ભરેલા છે એ સાચું, પણ સત્સંગી થયા પછી પોતાના દોષનું જાણપણું રાખે અને અમને અંતર્યામી સમજીને જો વર્તે તો ભગવાન તેના દોષ માફ કરે. પરંતુ કેવળ ગાફલાઈ રાખી ફેલફતૂર કરે, અમારી આજ્ઞા લોપે, તેના અમે ધણી થતા નથી."

જીવાખાચર સમજી ગયા.

બ્રહ્મચારી મહારાજને જાણપણામાં મૂકે છે

એટલામાં મુકુન્દ બ્રહ્મચારી આવ્યા. મહારાજ તેમને હાથ જોડીને સન્મુખ ઊભેલા જોઈ રહ્યા. તેમણે કહ્યું : "આ બ્રહ્મચારી આપણી વાત આગળ ચાલવા દેશે નહીં."

એટલે બ્રહ્મચારીએ કહ્યું : "હમણાં તો નિયમ પાળવાની વાતો કરતા હતા તો જમવાનો નિયમ જે નક્કી કર્યો હોય તે પણ પાળવો જોઈએ ને ?"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "આ બ્રહ્મચારીએ આપણને જાણપણામાં મૂકી દીધા." મહારાજ ઊઠ્યા. માણકી ત્યાં જ હતી તે ઉપર મહારાજે સવારી કરી અને સીધા જ નાનચંદ શેઠને ત્યાં પાકશાળામાં પધાર્યા.

આજે દાહાખાચરની રસોઈ હતી. મોતૈયા લાડુ અને જલેબી બનાવ્યાં હતાં.

બ્રહ્મચારી થાળ લાવ્યા તે મહારાજ જમ્યા. સંતોને પોતે જાતે પીરસ્યું. હરિભક્તોની પંક્તિમાં પણ ભગા દોશીને ઊભા રાખીને સારી રીતે પિરસાવીને સૌને જમાડ્યા. ભગા દોશીને સૂચના આપી : "સંઘમાં આવેલ કોઈ પણ જમ્યા વિના ન રહી જાય તે ખ્યાલ રાખજો." એટલું કહીને મહારાજ તેમના દરબારમાં પધાર્યા.

ભગા દોશીની સ્થૂળ કાયા સર્વવ્યાપક બને છે

ભગા દોશીનું શરીર સ્થૂળ હતું પણ ફરતું બહુ. મહારાજે આજ્ઞા કરી એટલે ઉતારે ઉતારે ફર્યા. અશ્વોને, બળદોને, ઊંટને પણ ઘાસ, ચંદી વગેરે આપવાની વ્યવસ્થા કરી પાછા ભોજનશાળામાં પધાર્યા. તેમને આમ ઘડીકમાં સંતો-હરિભક્તોના ઉતારે, ધર્મશાળામાં, વંડામાં આટલી ઝડપથી ફરતા જોઈ સૌને આશ્ચર્ય લાગ્યું. નાનચંદ શેઠે પૂછ્યું : "ભગા શેઠ ! હમણાં તો તમને હરિભક્તોના ઉતારામાં જોયા હતા, સંતો પણ કહેતા હતા કે રાંગલી વડે પણ આવ્યા હતા, ધર્મશાળા અને વંડાના ગાડાખેડુઓ પણ કહી ગયા કે શેઠ બળદ, ઘોડા માટે ચંદી, ઘાસ અપાવીને હમણાં જ ગયા અને પાછા અહીં આવી પહોંચ્યા ? તમારું આટલું જાડું શરીર ફરે છે કેમ ?"

તે સાંભળી તેમની સાથે સેવા કરવા માટે ગયેલા હરિભક્તોએ કહ્યું : "નાનચંદભાઈ ! શેઠનું અંગ તો ફેરફૂદડી ફરે તેમ છે. તેમની ચાલ એટલી ઉતાવળી કે અમે ભેગા ચાલી શકતા નથી."

આ સાંભળી ભગા દોશીએ કહ્યું : "નાનચંદભાઈ ! આ તો બધો મહારાજનો પ્રતાપ ! મહારાજે અંગમાં બળ મૂકી દીધું છે એટલે ફરાય છે. બાકી તો ઘરનો એક દાદરો ચડું ત્યાં હાંફી જવાતું અને અત્યારે તો થાકોડો જણાતો જ નથી." પછી તરત જ બોલ્યા : "હાલો, મહારાજ પાસે જઈને બધી ખબર આપી દઈએ. મહારાજ ત્યાં સુધી પોઢશે નહીં."

ભગા દોશી દાહાખાચરના દરબારમાં મહારાજ પાસે ગયા. મહારાજ તેમની વાટ જોઈને જ બેઠા હતા. તે આવ્યા એટલે તરત જ પૂછ્યું : "કેમ શેઠ ! સંઘ બધો જમ્યો ?"

"હા, મહારાજ ! બધા જ સંઘને જમાડ્યો, હવે કોઈ બાકી રહ્યું નથી. ઘોડા, બળદ, ઊંટ વગેરેને પણ ઘાસચારો અપાવી દીધો છે."

મહારાજ આ સાંભળી રાજી થયા. તેમણે તરત જ પાર્ષદોને કહ્યું : "સાંભળ્યું ને ? સંઘ એટલે કેવળ હરિભક્તો જ નહીં, પશુઓ પણ જે આવ્યાં છે તેને સંઘમાં

ગણી સંભાવના કરીને શેઠ આવ્યા છે. આવો ભક્તિભાવ કેળવવો જોઈએ.''

શેઠે કહ્યું : ''મહારાજ ! હવે આપ પોઢી જાવ.'' એમ કહી તે ત્યાંથી નીકળી ગયા.

બોટાદમાં અભૂતપૂર્વ રંગોત્સવ : આ.સં. ૧૮૭૫

ત્રીજે પહોરે મહારાજ ઊઠ્યા. સુરતના હરિભક્તો મહારાજનાં દર્શનની રાહ જોતા ત્યાં બેઠા હતા. મહારાજ ઊઠીને પ્રાતઃક્રિયા પૂરી કરીને બહાર પધાર્યા. ઢોલિયા ઉપર બિરાજ્યા એટલે સુરતના હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. કેસરિયા વાઘા મહારાજને ધરાવ્યા. મહારાજે તરત જ તે વાઘા ધારણ કર્યા. એટલામાં ભગા દોશી, નાનચંદ શેઠ વગેરે ત્યાં આવ્યા. મહારાજનો શણગાર ઉત્સવને અનુરૂપ હતો. તેમણે મહારાજને વિનંતી કરી : ''મહારાજ ! આજ તો આખા શહેરમાં આપણે આ ઉત્સવ કરવો છે. આપના સંબંધે, આ ઉત્સવની સ્મૃતિથી બોટાદને તીર્થસ્થાન બનાવી દેવું છે.'' મહારાજ તેમના મનોરથોથી રાજી થયા.

મહારાજ માણકી ઉપર બિરાજમાન થયા. ઢોલ, ત્રાંસાં, મૃદંગ તથા શરણાઈવાળાઓ તૈયાર જ ઊભા હતા. તેમના ઉપર મહારાજની નજર પડી. મહારાજે વલીભાઈને બોલાવ્યા. તેને કહ્યું : ''આ પ્રસંગે રાગ રાગણી આલાપ છેડશો નહીં. આ ટાણે તો સિંધુડા જ શરૂ કરો, સૌને શૂર ચડે, ભક્તિનો ઘેરો રંગ ચડી જાય અને બધા આ રંગોત્સવના આનંદમાં મસ્ત બની જાય. ભગવાનની મૂર્તિ સિવાય તેમના અંતરમાં જગતના બીજા સંકલ્પ થાય જ નહીં.''

વલીભાઈ સમજી ગયા. સાથીઓને તેમણે સમજાવી દીધું.

ભગા દોશીએ, દાહાખાચરે રંગોત્સવ માટે રંગ, ગુલાલ વગેરે પુષ્કળ પ્રમાણમાં તૈયાર કરી રાખ્યા હતા. મહારાજ નીકળ્યા. સંતો, પાર્ષદો અને હરિભક્તો પણ નીકળ્યા. સાથે ગુલાલનાં ગાડાં પણ નીકળ્યાં. રંગના ભરેલા ચરુઓ પણ ગાડામાં નાખી સાથે લીધા. મહારાજના પાર્ષદો રંગના ઘડા ભરી ભરીને મહારાજ સાથે ચાલતા હતા. છાબમાં ગુલાલ પણ હતો. મહારાજના હાથમાં પિચકારી આપી હતી. નાજા જોગિયા માણકીની સરક પકડીને તેને દોરતા હતા. શરણાઈમાંથી સિંધુડાના સૂર નીકળ્યા. ઢોલીઓ પણ ધ્રિબાંગ ધ્રિબાંગ બૂંગિયો વગાડવા લાગ્યા. ત્રાંસાં ઉપર દાંડીની ધ્રોશ પડવા લાગી અને મહારાજે રંગની પિચકારી સંતો ઉપર છાંટી, પછી તાંસળી ભરીને ગુલાલ

ઉડાડ્યો, રંગોત્સવ શરૂ થયો.

આ ઉત્સવની નવીનતા એ હતી કે આ ઉત્સવ એક સ્થાનમાં નહોતો ઊજવાતો, સમગ્ર બોટાદ શહેરમાં સવારી ચાલી અને મહારાજ રંગની પિચકારી ભરી ભરી સૌને રંગવા લાગ્યા. અંદર અંદર પણ એકબીજા રંગથી રમવા લાગ્યા. બોટાદની બજાર, બજારના વેપારીઓ, નાગરિકો આ દિવ્ય રંગોત્સવ નિહાળી રહ્યા. સૌના મનમાં ભાવ થતો કે મહારાજના રંગની પિચકારી, ગુલાલની એક તાંસળી એમના ઉપર પણ પડી જાય તો જીવન ધન્ય બની જાય ! મહારાજે તેમના મનોરથો જાણી તેમને પણ રંગ્યા. રાહદારીઓ પણ રંગાયા.

સ્ત્રીઓ અટારીઓમાંથી દર્શન કરતી મહારાજને પુષ્પોથી વધાવતી જેથી મહારાજની દૃષ્ટિ પડી જાય અને તેમની એકાદ રંગની પિચકારીથી રંગાઈ જવાય. પરંતુ મહારાજ સ્ત્રીઓ ઉપર રંગ ન છાંટતા. કોઈ ભગત આગ્રહ કરીને તેમને જ્યારે વિનંતી કરતા ત્યારે મહારાજ કહેતા : "પછી ભવિષ્યમાં ભક્તિને બહાને, ઉત્સવને બહાને સ્ત્રી-પુરુષો રંગે રમશે, રાસ રમશે અને ભ્રષ્ટાચાર પ્રવર્તશે. અમારે એવી રીત પ્રવર્તાવવી છે કે ભક્તિ પણ પાંગરે, ઉત્સવો પણ ઊજવાય અને છતાં સૌ સૌના નિયમો પળે, ભક્તિના વિકાસમાં અનિવાર્ય એવો ધર્મ પણ સચવાય." મહારાજે આ સમગ્ર ઉત્સવમાં સ્ત્રીઓને કેવળ પ્રેક્ષક તરીકે દર્શન કરવાની જ આજ્ઞા કરી હતી. તેમને રંગે રમવું હોય તો ઠાકોરજીની મૂર્તિ પધરાવી અંદરોઅંદર રંગોત્સવ કરે.

બોટાદ શહેરનું બજાર રંગાઈ ગયું. ગુલાલ અને રંગનો કીચડ જામ્યો. કેટલાક સંતોએ આ કીચડ લઈ લીધો. આકાશ પણ ગુલાલથી છવાઈ ગયું. બોટાદના નગરજનોએ ન જોયો હોય તેવો રંગોત્સવ તેમને ત્યાં ઊજવાતો હતો. સૌનાં મુખ ઉપર ભક્તિના અપૂર્વ ભાવનો આનંદ છવાઈ ગયો. સ્ત્રીઓ આ દર્શનથી તૃપ્ત થઈ ગઈ. તેમને મહારાજની રુચિનો ખ્યાલ હતો. મહારાજની જે આજ્ઞા હતી તે કેવળ વર્તમાન માટે ન હતી, ભવિષ્ય માટે પણ હતી. ધર્મની સ્થાપના થાય પછી તે પાંગરવો જ જોઈએ તો જ તેનાં મૂળ ઊંડાં જાય.

મહારાજ આખી બજારમાં સંઘ સાથે ફર્યા અને રંગોત્સવ કર્યો. પછી રાંગલી વડે પધાર્યા. અહીં મહારાજને બેસવા માટે ઊંચો મંચ બાંધ્યો હતો. તે ઉપર મહારાજ બિરાજ્યા. મહારાજનાં તમામ વસ્ત્રો રંગથી ભીનાં થઈ ગયાં હતાં. એટલે મહારાજ વસ્ત્ર બદલાવી નાખે તે માટે કોરાં વસ્ત્રો લઈ બ્રહ્મચારી ઊભા હતા. થોડી વાર તે ઊંચા-નીચા થયા. મહારાજે તેમના સામું જોયું જ

નહીં. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! વસ્ત્રો ભીનાં થયાં છે તો બદલાવી નાખો."

એટલે મહારાજે કહ્યું : "આ તો ભક્તોની ભક્તિના રંગનો ભાવ છે, એ ભાવથી સદા ભીના રહેવાય, સૌને દર્શન થાય એ સારું છે."

મુક્તાનંદ સ્વામી આગળ કાંઈ બોલી ન શક્યા.

અમે રાસ તોડાવ્યા

સંતોએ કીર્તન ગાયાં. પછી મહારાજે ઉપદેશની વાતો શરૂ કરી. તે પ્રસંગે સભામાંથી એક નગરજન ઊભા થયા. તેમણે મહારાજને પૂછ્યું : "તમે રંગોત્સવનો લાભ તમારા સંતોને, પાર્ષદોને બધાને આપ્યો, તો સ્ત્રીઓને કેમ તારવી દીધી ? તમે તો ભગવાન કહેવાવ છો ને ? તો પછી તમને શું બાધ છે ?"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "જેમણે એ મર્યાદા બાંધી તે જ જો એ મર્યાદા તોડે તો પછી એ મર્યાદાનું રહસ્ય બોદું બની જાય. અમે જ જો એ દઢતાપૂર્વક પાળીએ, તો એ મર્યાદાનું ગૌરવ જળવાઈ રહે અને અમારા શિષ્યો તે મર્યાદાનું ભાવપૂર્વક પાલન કરે."

"પરંતુ શ્રીકૃષ્ણ ભગવાને તો ગોપીઓને રાસ રમાડી ભક્તિભાવથી ભરપૂર બનાવી દીધી હતી. તે ભગવાન હતા. તમે પણ ભગવાન છો." તે ભાઈએ કહ્યું.

"હા, તે સાચું. પરંતુ શ્રીકૃષ્ણ ભગવાનના એ રાસનું આધ્યાત્મિક રહસ્ય સમજ્યા વિના ત્યારપછી તેનું અંધ અનુકરણ થવા લાગ્યું અને તેનાં પરિણામો લોકોએ જોયાં. તેથી અમે એવા રાસ તોડાવ્યા."

મહારાજના આ ઉત્તરથી તે મૂંગા થઈ ગયા ! તેમને અંતર્દૃષ્ટિ થઈ ! ધર્મમાં આવા ભ્રષ્ટાચારના ઘણા પ્રસંગો તેમણે જોયા હતા. તેથી ધર્મની તેઓ ટીકા પણ કરતા હતા. લોકોને પણ ધર્મ પ્રત્યે, સંતો પ્રત્યે ઘૃણા જાગૃત થઈ હતી.

તેમણે કહ્યું : "મહારાજ ! આપ સાચું કહો છો. મહાન પુરુષોનાં કથન કરતાં પણ તેમનું આચરણ લોકોનાં જીવન ઉપર વધુ અસર કરે છે."

એટલે મહારાજે કહ્યું : "જો આચરણ હશે તો જ તેમનું કથન પણ લોકોનાં અંતર સુધી પહોંચી જશે. અમે આ નવો ચીલો નથી પાડ્યો, પરંતુ શાસ્ત્રોએ ચીંધેલો ચીલો જે અત્યાર સુધી આચરણમાં મુકાયો ન હતો, તે આચરણમાં મુકાવ્યો છે. શાસ્ત્રકારો આર્ષદૃષ્ટિવાળા હોય છે. તેમનાં વચનો ત્રિકાલાબાધિત હોય છે."

મહારાજ ! હું તો સાવ કોરો જ રહી ગયો

એટલું કહીને મહારાજે કહ્યું : "આપણો રંગોત્સવ પૂરો થયો."

તે સાંભળી દાહાખાચર ઊભા થયા અને કહ્યું : "પણ મહારાજ ! હું તો સાવ કોરો જ રહી ગયો."

"આ રંગે તો રંગાયા છો અને કોરા રહી ગયા તેમ કેમ કહો છો ?" મહારાજે પૂછ્યું.

"અરે મહારાજ ! આખા બોટાદ નગરને લાભ મળી ગયો, ત્યાં રંગની ને ગુલાલની ધૂમ મચી ગઈ અને મારો દરબારગઢ તો સાવ કોરો રહી ગયો."

મહારાજે તેમને કહ્યું : "તો ચાલો, દરબારગઢમાં પણ રંગોત્સવ કરીએ." એમ કહી મહારાજ ઊઠ્યા. ફરી વલીભાઈને બોલાવ્યા. વલીભાઈ આગળ આવ્યા. મહારાજે કહ્યું : "આ બાપુના દરબારગઢમાં રંગોત્સવ હજુ કરવો છે તો તમારી શરણાઈના સૂરને બરાબર જમાવજો." વલીભાઈ મહારાજનાં ચરણમાં પડી ગયા. ફરી તેની આંખ ભીની થઈ ગઈ !

મહારાજ ઊઠ્યા અને હમીરખાચરના દરબારમાં પધાર્યા. અહીં પણ સંતો, હરિભક્તો સાથે ખૂબ રંગે રમ્યા. આખો દરબારગઢ રંગથી લાલ લાલ બની ગયો. શ્રીહરિ પણ લાલ, તેમનાં વસ્ત્રો પણ લાલ, સખા પણ લાલ અને આકાશ અને ધરતી પણ લાલ લાલ બની ગયાં. મહારાજે દાહાખાચર અને હમીરખાચરના કોડ પૂરા કર્યા.

પછી મહારાજ નાહવા પધાર્યા. નાહીને સખા સંગે પાછા દરબારમાં પધાર્યા. અહીં આવી મહારાજે સંતોને કીર્તન-ભક્તિ કરવાનું કહ્યું. રાણપુરના મહારાષ્ટ્રીય સૂબા વિપ્ર જનુબા મહારાજનાં દર્શન કરવા દાહાખાચરના દરબારમાં આવ્યા. મહારાજનાં દર્શન કરી તેમનાં ચરણારવિંદમાં રૂપિયો અને નારિયેળ મૂક્યાં. મહારાજે તેમને પોતાની સન્મુખ બેસાર્યા. તે વખતે દેવાનંદ સ્વામી ગાતા હતા. સંતોનાં કીર્તન-વાદનમાં તેમને રસ પડ્યો. મહારાષ્ટ્રી હોવાથી સંગીત-પ્રિય તો હતા જ, તેમાં પણ આવું દિવ્ય સંગીત પરમાત્માની સાન્નિધ્યમાં સાંભળવા મળ્યું તેથી તેઓ તે સંગીતના તાનમાં ડોલતા હતા. શાસ્ત્રીય સંગીતના તાલ, આલાપ, રાગ, રાગિણી મહારાજ સમજતા કાં સંગીતજ્ઞ સંતો સમજતા. બીજાને તો મહારાજની મૂર્તિનાં દર્શનનો લોભ હતો. જનુબાના અંતરમાં મહારાજનાં દર્શનથી આનંદ તો થયો પરંતુ આ દિવ્ય સંગીતના નાદથી તેમને

મહારાજનો મહિમા સમજાયો. તેમને થયું કે આવા સંગીતશ્રેષ્ઠ સંતો આ ભગવાનની સેવામાં છે ! આ ભગવાન પણ સંગીતના નાદને માણી શકે છે. તેમને સંગીતનો આનંદ અનુભવતા જોઈ કાઠી દરબારો પણ ડોલવા લાગ્યા. મહારાજ આ જોઈ મર્મમાં હસ્યા. તેમને લાગ્યું કે દરબારો પણ ચીલે ચીલે ચાલી શકે છે.

જનુબા પાસે સંગીતનો સુંદર સાજ હતો. તેઓ તે તેમની સાથે લાવ્યા હતા. તેમણે તેમના સેવકોને ઈશારાથી તે સાજ સભામાં લાવવા કહ્યું. તે સાજ સભામાં આવી ગયો. મહારાજે જનુબા સામે જોયું. પછી કહ્યું : "સંગીતના મર્મજ્ઞ લાગો છો." તેમણે ફક્ત નમ્રતાપૂર્વક માથું હલાવ્યું. મહારાજે કહ્યું : "આવા સાજ અમે ધરમપુરના રાજ્ય દરબારના ગવૈયા પાસે જોયા હતા."

એટલે જનુબાએ કહ્યું : "મહારાજ ! આપના સંતો વગાડશે ?"

મહારાજે કહ્યું : "હા, જરૂર." એમ કહી સંતોને આજ્ઞા કરી. સંતોએ સાજ હાથમાં લીધા, સૂર મિલાવ્યા. જનુબા સમજી ગયા કે સંતો દરેક સાજ વગાડવામાં કુશળ છે. સંતોએ ફરી હોરીનાં પદો શરૂ કર્યાં અને રંગોત્સવની જમાવટ કરી. કીર્તન-ભક્તિમાં રાત ક્યારે પૂરી થઈ તેનો કોઈને ખ્યાલ રહ્યો નહીં.

સવાર પડી અને મહારાજ સંતમંડળ તેમજ બોટાદના હરિભક્તો સાથે સ્નાન કરવા નદીએ પધાર્યા. મહારાજે નદીના જળમાં સ્નાન કરતાં જળક્રીડા કરી સૌને નવરાવ્યા. સ્નાનવિધિ પૂરી થઈ. બોટાદમાં ફૂલદોલનો ઉત્સવ પણ પૂરો થયો. બોટાદના હરિભક્તો અને નગરજનો મહારાજે ઊજવેલા આ ઉત્સવથી અભૂતપૂર્વ આનંદની મસ્તીમાં મસ્ત બની ગયા !

ગંગારામ મલ્લ મલ્લકુસ્તીના દાવ બતાવે છે

બીજે દિવસે સવારે શ્રીહરિના ઉતારે ભુજથી આવેલ ગંગારામ મલ્લ તથા તેનો પુત્ર માધવજી તથા બીજા મલ્લો મહારાજનાં દર્શને આવ્યા. મહારાજનાં દર્શન કર્યાં. ચરણસ્પર્શ કર્યા. તે વખતે મહારાજે કહ્યું : "ગંગારામ ! આ કાઠી દરબારો તલવારના પટ્ટા ખેલવામાં પાવરધા છે પણ મલ્લકુસ્તીની વિદ્યા તેમને આવડતી નથી એટલે આજ તમે તમારા કુસ્તીના દાવ તેમને બતાવો."

મહારાજની આજ્ઞા થઈ એટલે તેમણે તેમનાં વસ્ત્રો ઉતાર્યાં. પછી મહારાજે દાહાખાચરને બોલાવીને કહ્યું : "આ ભુજના મલ્લો છે. મલ્લકુસ્તીમાં પ્રવીણ છે. તેમની વિદ્યા અત્યારે બતાવશે. માટે ચોકમાં થોડાં ગાદલાં પથરાવી દ્યો. તેમના અખાડામાં તો રેતી હોય તે ઉપર દાવ ખેલે. અહીં આપણે ગાદલાં પથરાવીએ."

તે સાંભળી ગંગારામ મલ્લે કહ્યું : "મહારાજ ! એવી કાંઈ જરૂર નથી. અમારાં શરીર તો મલ્લકુસ્તીના દાવ રમીને કઠણ પથરા જેવાં થઈ ગયાં હોઈ અમને કાંઈ વાગે નહીં."

દાહાખાચરે તરત જ ચોક સાફ કરાવી મોદ પથરાવી ગાદલાં પથરાવી દીધાં.

કચ્છના હરિભક્તો તો અમારા અંતરમાં છે

પ્રથમ ગંગારામ મલ્લ તથા તેમના પુત્ર માધવજીએ દાવ શરૂ કર્યો. મલ્લકુસ્તીના અટપટા દાવમાં કોઈ હેઠો પડે જ નહીં. મહારાજ આ જોઈ હસવા લાગ્યા. તેમણે કહ્યું : "બાપ કરતાં બેટા સવાયા નીકળ્યા ખરા."

પછી બીજા મલ્લોએ તેમના દાવ બતાવ્યા. મહારાજ તથા કાઠી ભક્તો બહુ જ રાજી થયા. મહારાજે ભગા દોશીને કહ્યું : "આ મલ્લોને આપણે સરપાવ આપવો છે."

તે સાંભળી ગંગારામે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! સરપાવમાં એટલું જોઈએ છે કે આપ એક વખત ભુજ પધારો. છેલ્લાં સાત-આઠ વરસથી કચ્છને આપે તારવી દીધું છે તો હવે દયા કરો."

આ સાંભળી મહારાજ રાજી થયા. તેમણે કહ્યું : "ગંગારામ ! કચ્છના હરિભક્તો તો અમારા અંતરમાં છે. અમે તો જે ધર્મ-નિયમ ન પાળે તેને તારવી દઈએ છીએ. તમારે ત્યાં તો બધા શુદ્ધ વર્તે છે. તમારી ઇચ્છા છે તો એક વખત જરૂર આવીશું."

મહારાજ હમીરખાચરના દરબારમાં જમ્યા. આજે તેમની રસોઈ હતી. દૂધપાક, પૂરી, ઘારી, બરફી વગેરે અનેક પ્રકારનાં પકવાનો બનાવ્યાં હતાં. મહારાજને દાહાખાચરે આગ્રહ કરીને જમાડ્યા. મહારાજે તેમને કહ્યું : "અમને તો આગ્રહ કરીને જમાડો છો પણ સંઘને બરોબર જમાડજો."

એટલે તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! સંઘની સેવામાં ભગા દોશી છે."

"ઓહો, તો તો ખામી રહેશે જ નહીં." મહારાજે હસીને કહ્યું. "ભગા દોશીએ આ વખતે દેહ સામું જોયું નથી. રાત-દિવસ સેવામાં ઊભે પગે રહ્યા છે."

ભગા દોશી ત્યાં આવી ગયા. મહારાજને દંડવત્ કરતા જાય અને બોલતા જાય : 'મહારાજ ! આપની દયાથી ભયોભયો થઈ ગયું. આખા સંઘને સારી રીતે દૂધપાક, ઘારી, બરફી અને પેંડા જમાડ્યાં."

મહારાજ આ સાંભળી રાજી થઈ ગયા.

મહારાજનો વંશ મહારાજના એકાંતિક સંત

મહારાજે ભગા દોશીને માથે બે હાથ મૂક્યા. પછી કહ્યું : "શેઠ ! તમે આ વખતે બહુ જ સેવા કરી છે, તો કાંઈક વરદાન માંગો."

આ સાંભળી ભગા દોશી ગળગળા થઈ ગયા. તેમણે કહ્યું : "મહારાજ ! આપની દયાથી આલોકની સુખસંપત્તિ અઢળક છે, પ્રતિષ્ઠા પણ છે. છતાં તેમાં મારું મન નથી, મારું મન આપના ચરણકમળમાં અખંડ રહે અને જગતની બીજી કોઈ વસ્તુમાં લોભાય નહીં એ માંગું છું."

આ સાંભળી મહારાજ રાજી થયા. તેમણે કહ્યું : "શેઠ, તમે એવી સેવા કરી છે કે સહેજે તમારું માંગેલું તમને મળી જ જાય. અમારી કૃપા થઈ છે તો હવે તમારું મન બીજી વસ્તુમાં જશે નહીં. બીજું કાંઈ માંગવું છે ?"

એટલે તેમણે કહ્યું : "મહારાજ ! મારા વંશમાં જે પુત્ર-પરિવાર થાય તે તમામને આપના સ્વરૂપમાં હેત રહે અને આપનો જે વંશ હોય તેમાં સાક્ષાત્ આપના જ સ્વરૂપનો ભાવ રહે."

એટલે મહારાજે કહ્યું : "શેઠ ! તમારે ગૃહસ્થોને વંશ હોય, અમે તો ત્યાગી કહેવાઈએ. અમારે તમારા જેમ વંશવેલો ન હોય. અમારો વંશ તો જે અમે સ્થાપેલો આ એકાંતિક ધર્મ રાખે, અમારા સ્વરૂપની યથાર્થ નિષ્ઠા અંતરમાં દૃઢ રાખે અને આ એકાંતિક ધર્મનું પ્રવર્તન કરે તે જ છે ! તે જ અમારાં સગાંવહાલાં અને તે જ અમારી ન્યાત !"

શેઠ મહારાજના આ વચનનો મર્મ સમજી ન શક્યા, પરતુ મહારાજે પોતાનો સાચો વંશ અને પરિવાર પોતાના પરમ એકાંતિક સંત કે ભક્ત છે પછી તે સાધુ હોય, ગૃહસ્થ હોય કે આચાર્ય હોય, પણ એવી પરમ ભાગવતી સ્થિતિને ધારણ કરનારા જ તેમનો સાચો વંશ છે એ સમજાવી દીધું.

ભગા શેઠને ઘેર મહારાજની સંતો સાથે પધરામણી થઈ. શેઠ ધન્ય બની ગયા. મહારાજનું ષોડશોપચારે પૂજન કર્યું. સર્વે સંતોને વસ્ત્રો ઓઢાડ્યાં. પાર્ષદોને પણ વસ્ત્રો આપ્યાં. બીજા જેને ઘટે તેમ ભેટ આપી. પછી મહારાજે કહ્યું : "શેઠ, તમારા સંકલ્પ પ્રમાણે બોટાદમાં સમૈયો થઈ ગયો ને ?"

શેઠે હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમારા સંકલ્પો તો મુઠ્ઠીમાં સમાઈ જાય એવડા નાના હોય, પણ આપે તેને મોટા કરી 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવો સમૈયો કરી દીધો. અમારી ભૂખ ભાંગી દીધી. બાપુ દાહાખાચર પણ બહુ જ

રાજી થઈ ગયા. એટલે તો બાપુ કહે છે કે બોટાદમાં આવો બીજો ઉત્સવ કરો.''

મહારાજ હસ્યા : ''હવે તો આજે બધાને વિદાય દેવી છે અને અમે પણ પરિયાણ કરશું.''

તે સાંભળી મોનજી પંડ્યા તરત જ ઊભા થઈ ગયા. મહારાજ પાસે આવી, હાથ જોડીને તેમણે કહ્યું : ''મહારાજ ! મારે ઘેર રસોઈ કાલે રાખી છે. માટે આખો સંઘ જમીને સિધાવે. આજે તો નહીં જવા દઉં.''

મહારાજે ભૂદેવનો ભાવ ભાળ્યો. તરત જ કહ્યું : ''પંડ્યાજી ! આખા સંઘને રોકવો છે ?''

''હા, મહારાજ ! એ તો આપનું અંગ કહેવાય ને ? એટલે કેમ જવા દેવાય ?''

મહારાજને પંડ્યાજીની વાણીમાં રહસ્યમય જ્ઞાનની ફોરમ આવી. તેમણે કહ્યું : ''પડ્યાજી સાચું સમજી ગયા છે. ભક્તો વગર એકલા અમને પણ ગમે નહીં. આ પંડ્યાજી અમારો મહિમા, રુચિ અને અભિપ્રાય સમજી ગયા છે કે જે અમારા ભક્તનો મહિમા સમજે તે જ અમારો મહિમા સમજી શકશે.'' એમ કહીને બોલ્યા : ''ભલે, પંડ્યાજી ! બધાને કાલે રસોઈ જમાડીને પછી સાબદા કરીશું.''

બોઘા ! અમે તારી રસોઈ જમ્યા

શ્રીજીમહારાજ મોનજી પંડ્યાને ઘેર જમવા પધારતા હતા ત્યાં રસ્તામાં બોઘા લુહારનું પૂર્વદ્વારનું ઘર આવ્યું. તેણે ઓશરીમાં મહારાજ માટે પલંગ પાથરી રાખ્યો હતો. મહારાજને પધરાવવાનો મનમાં સંકલ્પ કર્યો હતો. મહારાજ પણ તરત જ તેના ઘરમાં દાખલ થયા અને પલંગ ઉપર બિરાજી ગયા. બોઘો લુહાર એ જોઈ રાજી રાજી થઈ ગયો. એટલામાં મહારાજ ઊઠ્યા. મહારાજે કહ્યું : ''બોઘા ! પધરામણી થઈ ગઈ !''

ત્યારે તેણે મહારાજને હાથ જોડી કહ્યું : ''અરે મહારાજ ! એમ તે કાંઈ જવાતું હશે. કંકુનો ચાંદલો તો કરવા દ્યો અને આ સાકર આપ એક ગાંગડો જમો ને વહેંચી દ્યો.''

મહારાજે તેની પૂજા સ્વીકારી. સાકર જમ્યા અને પોતે જાતે વહેંચી દીધી. મહારાજે કહ્યું : ''બોઘા ! આજે તો તારી રસોઈ જમ્યા.'' બોઘો મહારાજના પગમાં પડી ગયો.

મહારાજ મોનજી પંડ્યાને ત્યાં જમ્યા. પછી સંતોની પંક્તિમાં મહારાજ પીરસવા પધાર્યા. દાદાખાચર તથા અન્ય દરબારો બેઠા હતા ત્યાં પણ મહારાજ

પીરસવા પધાર્યા. સૌને સારી પેઠે જમાડ્યા.

પછી મહારાજ ત્યાંથી નીકળ્યા. દાહાખાચરના દરબારમાં આવી નીકળવાની તૈયારી કરી. સૌ કાઠી ભક્તો પોતપોતાના અશ્વો ઉપર બેસી આવી ગયા. બોટાદ નગરનું મહાજન પણ આવ્યું. ભગા દોશી નગરશેઠ કહેવાય. તેમના ભગવાન એટલે મહોબતેય સૌને આવવું પડે. કેટલાક ભાવથી આવ્યા. સૌએ ત્રણ દિવસ બોટાદમાં અભૂતપૂર્વ ઉત્સવ ઉજવાયેલો જોયો. દેશ-પરદેશથી આવેલા હરિભક્તોના સંઘ જોયા, તેમની ભક્તિ જોઈ, ભક્તો પ્રત્યેનો સુહૃદભાવ જોયો. ક્યારેય પણ નહીં મળેલા એવા અજાણ્યા, છતાં જાણે અંતરના સગા હોય એમ વહાલથી સૌ ભેટતા, હળતા, મળતા. આવો ભાવ, આવી એકતા તેમણે ક્યાંય જોઈ ન હતી. તેમના ધાર્મિક સંઘોમાં તેમણે ઝઘડા, કુસંપ, ઈર્ષા આ બધું જોયું હતું. જ્યારે આ સંઘમાં સહજાનંદ સ્વામી પ્રત્યેની ભક્તિનું રહસ્ય તેમને સમજાયું. સૂત્રબદ્ધ માળાના મણકાની જેમ મેરને આધારે સૌ એકબીજા પ્રત્યે પ્રેમથી જોડાઈ ગયા હતા.

મહારાજે માણકી ઉપર સવારી કરી. વાજિંત્રો વાગવા લાગ્યાં. બંધૂકોના ભડાકા થવા લાગ્યા. મહારાજ નીકળ્યા. આજુબાજુ કાઠી અસવારો, પાછળ ભક્તો, સંઘના હરિભક્તો બધા જ નીકળ્યા. બોટાદ નગરની જાણે શોભા ચાલી જતી હોય ! બધાનાં મુખ ઉપર વિદાયની ઉદાસીનતા હતી. તાજપરના ઝાંપે થઈ સેંથળી પાસે વાવ છે ત્યાં મહારાજ ઊભા રહ્યા. માણકી ઉપરથી ઊતરી પાસેની એક શિલા ઉપર બેસી ગયા. સૌ આ જોઈ રહ્યા ! અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ આજે કોઈ ઋષિમુનિના શાપથી કે પોતાના કર્મની ભૂંડાઈથી શિલા થઈને પડેલા આ પથ્થર ઉપર બિરાજમાન થઈ ગયા ! તેનાંય ભાગ્ય ઊઘડી ગયાં. કર્મની ભૂંડાઈ ટળી ગઈ અને મોક્ષનો માર્ગ મળી ગયો !

મહારાજે સંઘના સૌ હરિભક્તોને આશીર્વાદ આપ્યા. સૌને કહ્યું : "હવે સૌ પોતપોતાના દેશ જાઓ."

બોટાદના હરિભક્તોને પણ મહારાજે પાછા વળવા કહ્યું. પણ તેમનું મન ના પાડતું હતું. મહારાજ ત્યાંથી સમઢિયાળા પધાર્યા. અહીં પણ બોટાદના હરિભક્તોને મહારાજે પાછા જવા કહ્યું, છતાં સૌના પગ પાછા પડતા હતા એટલે મહારાજે તેમને સૌને સાથે લીધા. નાગલપર આવ્યા, અહીંથી બોટાદના હરિભક્તોને ધીરજ આપી વળાવ્યા. પોતે સંતમંડળ અને દાદાખાચર તથા અન્ય દરબારો સાથે ગઢપુર પધાર્યા.



ઉદ્‌ગીથ ૮

ગઢપુરમાં

(આ.સં. ૧૮૭૫-૭૬, ઈ.સ. ૧૮૧૯)

મહારાજ ગઢપુર પધાર્યા. ગઢપુરવાસીઓ મહારાજ સાથે જ હતા એટલે સૌનાં અંતર ભર્યાં ભર્યાં લાગતાં હતાં. તેમાં વળી, મહારાજ પોતાના સ્થાનમાં પધાર્યા એટલે સૌને વિશેષ આનંદ હતો.

મહારાજ સાથે થોડા સંતો હતા. ગઢપુરવાસી ભક્તો હતા. દરબારો પણ હતા. મહારાજે નક્કી કર્યું કે હવે અહીં જેટલો સમય રહેવાનું થાય તેટલો સમય શ્રીમદ્‌ભાગવતની કથા વંચાવવી. પ્રાગજી પુરાણી સાથે હતા. નિત્યાનંદ સ્વામી, શુકમુનિ, મુક્તાનંદ સ્વામી વગેરે અગ્રગણ્ય સંતો પણ હતા. સમગ્ર ભાગવતમાં દશમ સ્કંધ મહારાજને બહુ જ પ્રિય હતો.

શ્રી પ્રાગજી દવે નિત્ય દશમ સ્કંધના થોડા શ્લોકો વાંચતા. મહારાજ તે ઉપર નિરૂપણ કરતા. ભક્તિરસથી ભરપૂર આ કથામાં શ્રોતાઓ સદા સાવધાન રહે અને આ રસને અંતરમાં ઉતારે તે માટે મહારાજ સૌને જાગ્રત રાખતા. કાઠી ભક્તોને મહારાજ સાથે રમૂજ કરવામાં વિશેષ આનંદ આવતો. મહારાજ પણ તેમને એ પ્રકારની રમૂજમાં સહેજે જ્ઞાન આપી દેતા. તે જ્ઞાનનું રહસ્ય જ્યારે તેઓ સમજતા ત્યારે તેઓ સાવધાન થઈ જતા. મહારાજના બ્રહ્મમય શબ્દોથી તેમનો દેહ બંધાયો હતો તેથી મહારાજની રુચિ કે આજ્ઞા વિરુદ્ધ લેશમાત્ર સંકલ્પ તેમના અંતરમાં થતો નહીં. સત્સંગને અનુરૂપ એવું વિશુદ્ધ જીવન તેઓ જીવતા.

વેણુ ગીતનું રહસ્ય

આ કથામાં પ્રાગજી દવે સંસ્કૃત શ્લોકો વાંચી તેના ઉપર લંબાણથી વાત કરતા ત્યારે આ ભક્તોને નિદ્રા આવી જતી. મહારાજ તેમને સાવધાન કરવા પોતાના હાથમાં રાખેલ બેરખો તેમના ઉપર ફેંકતા ત્યારે તે એકદમ જાગૃત

થઈ જતા. મહારાજ ઠપકો આપતા : ''આવી સરસ કથા થાય છે અને ઊંઘ કેમ આવે છે ?''

એટલે તેઓ પણ હસીને કહેતા : ''મહારાજ ! એમાં અમારો વાંક નથી. આ પ્રાગજી પોથી છોડે છે એટલે તેમાં પુરાયેલી નીંદર અમારા ઉપર ચડી બેસે છે.''

મહારાજ આ સાંભળી હસતા અને કહેતા : ''જેને તેનો રસ મ્હાણતાં નથી આવડતો, તેને માટે પોથીમાં નીંદર જ ભરી છે. પણ જે તેના રસથી રંગાવા માંગે છે તેને માટે તેમાં અમૃતરસ છે.''

એટલું કહીને મહારાજે કહ્યું : ''જુઓ, ભગવાન વેદવ્યાસે શ્રીકૃષ્ણની વેણુના નાદનો મહિમા કેવો કહ્યો છે તે સાંભળો.''

એટલું કહી પોતે જ વેણુ ગીતમાંથી એક શ્લોક બોલ્યા :

''नद्यस्तदा तदुपधार्य मुकुन्दगीतम्
आवर्तलक्षितमनोभवभग्नवेग:!
आलिङ्गन-स्थगितमूर्मिभुजैर्मुरारे
गृह्णन्ति पादयुगलं कमलोपहारा: ॥ १०-२१-१५

મુકુન્દ ભગવાનની વેણુનો નાદ નદીઓએ સાંભળ્યો અને જે વેગથી તેનો પ્રવાહ વહેતો તે સ્તંભી ગયો. ભગવાનને આલિંગન કરવા દોડતો તે પ્રવાહ સ્થિર થઈ ગયો અને પોતાની તરંગરૂપી ભુજાઓથી તે નદીઓ ભગવાનના ચરણકમળનું પૂજન કરવા, ઉપહાર કરવા તેમને સ્પર્શવા લાગી.''

''આમાં કાંઈ સમજાયું ?'' મહારાજે પૂછ્યું.

ત્યારે તે કાઠી ભક્તો ઉતાવળા ઉતાવળા બોલ્યા : ''મહારાજ ! એવું તો કરિયાણામાં કાળુભાર નદીને કાંઠે આપે વાંસળી વગાડી ત્યારે નજરે જોયું હતું.''

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''પણ તે નજરે દીઠું, તેમાંથી કાંઈ સમજાયું ?''

''આપનો પ્રતાપ વળી, બીજું શું સમજવાનું છે ?'' તેમણે કહ્યું.

એટલે મહારાજે સમજાવતાં કહ્યું : ''પ્રતાપ તો ખરો. પરંતુ નદીઓ જેમનો અખંડ વહેવાનો, ગતિ કરવાનો સ્વભાવ છે તે સ્વભાવ તેમણે ભગવાનના વેણુનાદ સાંભળી મૂકી દીધો, તેમનો પ્રવાહ સ્થંભાવી દીધો અને ભગવાનના ચરણકમળની પૂજા કરવા, પોતાના તરંગોથી તે ચરણોનો સ્પર્શ કરી લીધો. ભગવાનની વેણુના નાદથી નદી જેવી દેખાતી જડ વસ્તુ પણ પોતાનો સ્વભાવ છોડી શકે છે તો ભગવાનના સ્વયં શબ્દો સાંભળી આપણે આપણો સ્વભાવ કેટલો

છોડયો ? ભગવાનની વેણુના નાદમાં એ પ્રભાવ છે તો ભગવાનના મુખમાંથી નીકળતા શબ્દોમાં કેટલો પ્રભાવ હોવો જોઈએ ? ભગવાનનું સ્વરૂપ જ જ્ઞાનમય છે. તેમની ક્રિયા, તેમનું હલન-ચલન, બોલવું વગેરે જ્ઞાનમૂલક છે, દરેકમાં રહસ્ય હોય છે. તે સમજાય તો અંતરમાં જ્ઞાન ઉદય થઈ જાય."

ગુણાતીત પુરુષના સંબંધથી અપરોક્ષાનુભૂતિ થાય

નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આવું રહસ્ય તો આપ સમજાવો ત્યારે સમજાય."

"ભાગવતની ભાષા એ સમાધિભાષા છે. તેથી આપણે જો ત્રણ અવસ્થાથી પર થઈને સમાધિ અવસ્થામાં જઈએ, તો જ એ ભાષાનું રહસ્ય સમજાય. ગુણમય અવસ્થામાં રહીને ભાગવત અથવા તો સ્વયં ભગવાનના શબ્દોનું રહસ્ય કદાપિ ન સમજાય. ગુણાતીત જો થવાય તો જ સમજાય." મહારાજે કહ્યું.

ભાદરાના મૂળજી શર્માને ડભાણમાં દીક્ષા આપી ગુણાતીતાનંદ નામ પાડ્યું તેનું રહસ્ય નિત્યાનંદ સ્વામી સમજી ગયા. તેમની ક્રિયા, તેમનું બોલવું, ચાલવું, મહારાજની મૂર્તિમાં અખંડ નિમગ્ન રહેવા છતાં મહારાજના સ્વરૂપનાં દર્શનની તાલાવેલી, મહારાજના ભક્તોની સેવામાં આસક્તિ – આ બધા જ તેમના ગુણો તેમને મહારાજના ગુણાતીત ધામને અનુરૂપ લાગ્યા. તેમની વાતોમાં એવી ચમક હતી કે અંતર ભેદાઈ જાય !

મહારાજ તેમને સૌને વિચાર કરતા જોઈ હસવા લાગ્યા. તેમણે કહ્યું : "ગુણાતીત પુરુષના સંબંધથી એવી ગુણાતીત સ્થિતિ થાય, ત્યારે ભગવાનનું સ્વરૂપ યથાર્થ ઓળખાય, શાસ્ત્રના શબ્દોનું રહસ્ય પણ યથાર્થ સમજાય અને અપરોક્ષાનુભૂતિ થાય."

✧

શ્રીમદ્‌ભાગવત હરિનવમી સુધી વચાવ્યું. આ.સ. ૧૮૭૫ના હરિનવમીના ઉત્સવ ઉપર સંતોને મહારાજે તેડાવ્યા. સવારે શ્રીરામ જન્મોત્સવ ઊજવ્યો, રાત્રે મહારાજનો જન્મોત્સવ ધામધૂમથી ઊજવ્યો. જન્મોત્સવ પછી સંતોએ આખી રાત કીર્તન-ભક્તિ કરી જાગરણ કર્યું. ભગવાનના જન્મ પછી સુવાય જ નહીં. ભગવાનનું પ્રાગટ્ય જ સુષુપ્તિના નાશ માટે છે.

દશમને દિવસે દાદાખાચરે સૌ સતોને, હરિભક્તોને જમાડ્યા. એકાદશીના ઉપવાસ પછી બારશના દિવસે જીવાખાચરે સૌને જમાડ્યા.

મહારાજે સૌ સંતોને પાંચ દિવસ રાખ્યા અને કથામૃતનું, દર્શનનું તથા સેવાનું સુખ આપ્યું. પછી મહારાજે સંતોને ફરવા મોકલ્યા. પોતાની પાસે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને રાખ્યા.

શ્રીનગરમાં સંતો માટે પ્રથમ ધર્મશાળા

આ અરસામાં અમદાવાદથી જયાનંદવર્ણી મહારાજ પાસે આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! એરણ સાહેબે જે જગ્યા આપી હતી ત્યાં આપે ધર્મશાળા બાંધવાનું નાનાભાઈને કહ્યું હતું, તે ધર્મશાળા તેમણે સ્થાનિક હરિભક્તોની મદદથી બાંધીને તૈયાર કરી દીધી. પરંતુ ત્યારપછી તેઓ કરજીસણ ગયા અને ત્યાં મંદવાડ થવાથી તેમણે દેહ મૂકી દીધો છે. તેમની છેલ્લી ઈચ્છા તે ધર્મશાળામાં મુકતાનંદ સ્વામીને ચાર માસ રાખી ભાગવતની કથા કરાવવાની હતી. તો આપ સ્વામીને શ્રીનગર મોકલો."

મહારાજ આ સાંભળી રહ્યા. નાનાભાઈ જેવા નિષ્કામધર્મી અને પોતાના કારભારી જેવા ગણાતા ભક્તરાજ ધામમાં ગયા એમાં સત્સંગને ઘણી ખોટ પડી. મહારાજ થોડી વાર તો કંઈ બોલ્યા નહીં. પછી પૂછ્યું : "સાહેબે જે જમીન આપી છે તેનો પાકો દસ્તાવેજ કરી આપ્યો ?"

ત્યારે વર્ણીએ કહ્યું : "સાહેબે વિલાયત કાગળ લખ્યો છે અને દસ્તાવેજ પણ મહોરછાપ માટે ત્યાં મોકલ્યો છે, તે થોડા દિવસમાં આવી જશે. પણ સાહેબે પરવાનગી આપી દીધી હતી કે ધર્મશાળા બાંધવાનું કામ શરૂ કરો. દસ્તાવેજ સહી થઈને જરૂર આવી જશે."

મહારાજ આ સાંભળી રાજી થયા. મહારાજે કહ્યું : "મુક્તાનંદ સ્વામીને ત્યાં ચાતુર્માસમાં મોકલશું, હાલ બીજા સંતો આવશે." એટલું કહીને મહારાજે અચિંત્યાનંદ સ્વામી, ભૂધરાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, ભગવાનાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, રાઘવાનંદ સ્વામી, ધ્યાનાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી, મુકુંદાનંદ સ્વામી, આધારાનંદ સ્વામી અને પૂર્ણાનંદ સ્વામી – આ બાર સંતોને તૈયાર કર્યા. પછી કહ્યું : "આ અચિંત્યાનંદ સ્વામી એ તમારા મહંત. તેમની આજ્ઞામાં સૌ રહેજો, ભિક્ષા માગજો. કેટલી કેટલી ભિક્ષા આવે છે તે અમને જણાવતા રહેજો અને ધર્મશાળામાં આવતા મુમુક્ષુઓ સાથે વિવેકથી સત્સંગની વાતો કરજો. મુક્તાનંદ સ્વામી ત્યાં જેઠ માસમાં આવશે અને ભાગવતની કથા કરશે. તેઓ ત્યાં આવે ત્યારે તેમની આજ્ઞામાં સૌએ વર્તવું."

આ પ્રમાણે સંતોને મહારાજે શીખ આપી અમદાવાદ મોકલ્યા.

સત્સંગ જેમ વધતો જતો હતો તેમ મહારાજનું વિચરણ પણ વધતું હતું. ગઢપુરમાં રહેવાનો અવસર બહુ આવતો નહીં. પરંતુ જ્યારે જ્યારે ગઢપુર પધારતા ત્યારે ગઢપુરના ભક્તોના ભાવને વશ થઈને મહારાજ એકધારા બે-ત્રણ માસ રહેતા. દાદાખાચર, લાડુબા, જીવુબા, તેમનાં માતુશ્રી સૂરપ્રભાદેવી, સોમબા ફુઈ વગેરે મહારાજની આ પ્રસંગે સેવા કરવાનો લાભ લેવાનું ચૂકતાં નહીં.

✧

મહારાજ ગઢપુર બિરાજે છે તે સાંભળીને પંચાળાથી દરબાર ઝીણાભાઈ તથા તેમનાં બહેન અદીબા ગઢપુર આવ્યાં. અદીબાને રસોઈ આપવાની ઇચ્છા હતી. તેમણે દાદાખાચર પાસે મહારાજને કહેવરાવ્યું. મહારાજે કહ્યું : "દૂધપાકની રસોઈ બનાવીએ. જોધા ભરવાડને[24] કહેશું એટલે દૂધ સવારે વહેલા આપી

---

૨૪. **જોધો ભરવાડ :** બાબરા અને કરિયાણા વચ્ચે જામ આંબરડી ગામ છે. ત્યાં જોધા ભરવાડનો બસો ગાયનો ઝોક હતો. તે કાળિયા ઠાકરનો ઉપાસક હતો. કાળિયા ઠાકર એ ભરવાડોના દેવ ગણાતા. જોધો વિશ્વાસુ હતો અને ભોળા ભાવે ભજન કરતો હતો. ગાયો ચરાવતાં ચરાવતાં ઘણી વખત તેને કાનાના વિચારો આવતા. કાળી ધાબળી ખભે નાંખી હશે અને બેય ખભા ઉપર લાકડી રાખી તેના ઉપર પોતાના બે હાથ ઝુલાવતો કાનો ગાયું સાથે કેવું ગેલ કરતો હશે ! ગાયો તેને જ ભાળતી. આવા વિચારોમાં ઘણી વખત તેને ગાયનું ધણ ઝોકમાં વાળવાનુંય ભાન રહેતું નહીં. કાનાના આ વિચારોમાં સતત તેનું મન બંધાઈ ગયું હતું. તેથી એક રાત્રે સ્વપ્નમાં તેને કાળિયા ઠાકરે દર્શન દઈ કહ્યું : "જોધા ! તને પ્રત્યક્ષ ભગવાન મળશે અને તારા મનના મનોરથ પૂરા થશે."

આ સ્વપ્નદર્શનથી તે એકદમ જાગી ગયો ! તેને પ્રત્યક્ષ ભગવાન એ શબ્દો સમજાયા નહીં. પરંતુ કાળિયા ઠાકરે દર્શન દીધાં એટલે તેને ખાતરી થઈ કે તેને 'કાનો' જરૂર મળશે. તેને કાનાની લગની લાગી.

મહારાજે જ્યારે કરિયાણામાં કાળુભાર નદીને કાંઠે વાંસળી વગાડી, ત્યારે તેના સૂર સાંભળીને તેના ઝોકની ગાયો તે ખાટલામાં સૂતો હતો તેને ટપીને મહારાજ જ્યાં વાંસળી વગાડતા હતા ત્યાં દોડી ગઈ. જોધો પણ તેની પાછળ ગયો. વાંસળીના માદક સૂરે ફરી તેને 'કાના'ની સ્મૃતિ થઈ આવી. તે દોડ્યો. મહારાજની વાંસળીમાંથી સૂરો ઘૂંટાઈ ઘૂંટાઈને બહાર આવતા હતા. જોધાનું અંતર તે સૂરોના વમળમાં અટવાઈ ગયું. તે મહારાજ પાસે આવ્યો. ખભે કાળો ધાબળો, માથે મોરપીંછનું છોગલું અને જમણા પગની આંટી વાળી ડાબા પગ ઉપર ટેકો દઈને ઊભેલા, બે હાથે વાંસળી પકડી અધર ઉપર રાખી, સૂરો છેડતા કાનાનાં તેને દર્શન

જશે.'' તે પ્રમાણે દૂધપાકની રસોઈનું નક્કી કરી દાદાખાચરે અદીબાને જણાવ્યું.

જેને માન હોય તેનું માન અમે ખાઈએ છીએ

બીજે દિવસે દૂધપાકની રસોઈ તૈયાર થઈ. વાસુદેવ નારાયણને થાળ ધરાવ્યો. પછી મહારાજ જમવા બિરાજ્યા. સોમબા ફુઈ સામે બેઠાં. મહારાજને આગ્રહ કરીને જમાડતાં જાય અને કહેતાં જાય : ''આવું દૂબળું શરીર રાખવું છે ? કાંઈક જમતાં શીખો. અમે ક્ષત્રિયો તો માનને લઈને નખ-જમણા કહેવરાવીએ, પછી ઘરે આવીને તો રોટલો ને છાશ કે જે હોય તે ઝાપટી લઈએ. પણ મહેમાન થયા હોય અને ત્યાં સાત વાનાની સુખડી હોય તોય નો જમીએ. પણ તમે તો પેટ ભરાય એટલું પણ જમતા નથી.'' એમ કહીને બ્રહ્મચારીને પૂછ્યું : ''મહારાજ છાના કંઈ ખાય છે ખરા ?''

ત્યારે બ્રહ્મચારીએ હસીને કહ્યું : ''તમારા થાળ સિવાય અહીં કંઈ આવતું નથી અને હુંયે ભંડારમાં કશું સંઘરતો નથી. વળી, હરિભક્તો જે મેવા, મીઠાઈ, ફળ લાવે, તે બધું મહારાજ દરબારમાં મોકલી દે છે.''

ત્યારે મહારાજે હસતાં હસતાં કહ્યું : ''આ બ્રહ્મચારી અમારી ભેગા રહે છે પણ કાંઈ જાણતા નથી. અમે છાના જ ખાઈએ છીએ.''

એટલે બ્રહ્મચારીએ તરત જ પૂછ્યું : ''શું માલ-મસાલા અહીં રાખી મૂક્યા છે તે જમો છો ?''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''જેને જેને માન હોય તેનું માન અમે ખાઈ જઈએ છીએ. મોટાઈનું, ધનનું, વિદ્યાનું કે બીજા અન્ય ગુણોનું કે ભક્તિનું પણ જે માન રાખતા હશે તે માન અમારો ખોરાક છે.''

ફુઈબા સમજી ગયાં. તેમણે તરત જ હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! અમારો તો એવો સ્વભાવ રહ્યો, પણ આપ મળ્યા છો તે હળવે હળવે માન નીકળી જશે.''

એ લડાઈની વાત બ્રહ્માનંદ જાણે રે

જમીને મહારાજ સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. તાંબડીમાં દૂધપાક

થયાં. તેને લાગ્યું કે ગાયું મારી આમન્યા કદી મૂકે નહીં, પણ આ કાનો જ છે તેથી ગાયું બધી અહીં આવીને ભાંભરવા લાગી. તેને કાળિયા ઠાકરના શબ્દો સમજાયા. પછી તે ત્યાંથી જ મહારાજની સાથે ગઢડે ગયો.

લીધો હતો અને સંતોના પત્તરમાં તે પરાણે રેડતા હતા. પીરસતાં પીરસતાં મહારાજ બ્રહ્માનંદ સ્વામી પાસે આવ્યા. તે સમજી ગયા કે જો પત્તર સંતાડીશ તો મહારાજ અગાઉ જેમ દૂધપાક માથે રેડ્યો હતો તેવી લીલા કરશે. એટલે તેમણે તરત જ પત્તર ધર્યું. મહારાજે તે ભરી દીધું અને પછી તાંબડીમાં વધેલો દૂધપાક બ્રહ્માનંદ સ્વામીના માથા ઉપર રેડ્યો. સૌ આ લીલાનાં દર્શન કરી રહ્યા. બ્રહ્માનંદ સ્વામી તરત જ કીર્તન બોલ્યા :

લઈ દૂધ દહીંના ઘાડવા રે, માથે ઢોળે માવ;
ઘેલા થઈને ગોવાળિયા રે, ખૂબ જમ્યા કરી ખેલ;
બ્રહ્માનંદ થયા મતવાલિયા રે, જોઈ વાલો રંગરેલ.

મહારાજ આ કીર્તન સાંભળી દૂધનું દોણું લેવા ગયા અને તે લઈને આવતા હતા ત્યાં જીવુબાએ દોણાનો કાંઠો પકડ્યો અને બોલ્યાં : "સંતોને જમાડો, સારી પેઠે જમાડો પણ કાંઈ ઢોળવા માટે દૂધ ભેગું નથી કર્યું."

પરંતુ મહારાજે તો દોણાનો કાંઠો છોડ્યો જ નહીં. જીવુબાએ પણ બળ કર્યું અને માટલું ફૂટી ગયું. એટલે મહારાજ અંદર જઈ બીજું દોણું લઈ સંતોને પીરસવા પધાર્યા. બ્રહ્માનંદ સ્વામીએ જમતાં જમતાં આ લીલાનાં દર્શન કર્યાં અને તરત જ ગાવા લાગ્યા :

એક સમે હરિ વનમાં, ઊભા વેણુ વાય રે,
લઈ મટુકી ગોપિકા, મહી વેચવા જાય રે;

એમ ગાતાં ગાતાં છેલ્લે બોલ્યા :

એ લડાઈની વાત બ્રહ્માનંદ જાણે રે.

જમી રહ્યા પછી બ્રહ્માનંદ સ્વામીએ પોતાના ઉતારે જઈ દાણલીલાનાં ચોવીસ પદો બનાવ્યા.

સાંજે નિંબતરુ નીચે સભા થઈ અને મહારાજ આવી બિરાજ્યા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ દાણલીલાનાં પદો ગાવાની શરૂઆત કરી. તેમાં 'એ લડાઈની વાત બ્રહ્માનંદ જાણે રે' એ ચરણ ગાયું ત્યારે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "એવું અમે ક્યારે કર્યું છે ?"

એટલે બ્રહ્માનંદ સ્વામીએ હસતાં હસતાં કહ્યું : "મહારાજ ! મેં તો જે નજરે જોયું છે તે જ ગાયું છે."

આ સાંભળી મહારાજ હસવા લાગ્યા. પછી મોટીબા દૂર બેઠાં હતાં તેમના તરફ જોઈ મહારાજે કહ્યું : "આ બ્રહ્મમુનિને થાળની પ્રસાદી આપજો,

નહીં તો આપણને ફજેત કરશે.''

✧

વૈશાખ ઊતર્યો અને જેઠ માસ બેઠો. મહારાજે મુક્તાનંદ સ્વામીને શ્રીનગર જવા માટે આજ્ઞા કરી અને કહ્યું : ''ચાતુર્માસ સુધી શ્રીનગરમાં રહી નાનાભાઈની અંતિમ ઇચ્છા અનુસાર શ્રીમદ્‌ભાગવતની કથા ત્યાં કરજો. હવે અંગ્રેજોનું રાજ્ય થયું છે તેથી દેશકાળ સારા થયા છે. છતાં અસુરો છૂપી રીતે પણ ઉપાધિ કરશે, તેથી સાવધાની તો રાખવી જ.'' આ પ્રમાણે કહી તેમની સાથે ભણનારા વિદ્યાર્થી સંતોને મોકલ્યા અને કહ્યું : ''અમે ભીમ એકાદશીનો ઉત્સવ કરવા વડથલ આવીશું. તમો પણ ત્યાં આવી જજો.''

મહારાજને વંટોળિયો નડ્યો

મુક્તાનંદ સ્વામી તેમની સાથેના સંતો સાથે ગઢપુરથી નીકળ્યા અને ભીમ એકાદશી પહેલાં અમદાવાદ પહોંચી ગયા. મહારાજ પણ નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, જયાનંદ વર્ણી વગેરે સંતમંડળ અને કાઠી હરિભક્તો સાથે ભીમ એકાદશીનો ઉત્સવ કરવા વડથલ જવા માટે નીકળ્યા. મહારાજે કાઠી હરિભક્તોને કહ્યું : ''ગુજરાતમાં કેરીની મોસમ છે એટલે રસ-રોટલી જમાડીશું અને કથાવાર્તાનું અમૃત પણ તમને પાશું.''

એટલે દાદાખાચર, સુરાખાચર, સોમલાખાચર વગેરે ભક્તોએ કહ્યું : ''મહારાજ ! અમારે તો આપનાં દર્શન થાય અને કથાના રસનું ભાન થાય તે રસ-રોટલીથી અધિક છે. આપ અમને અખંડ આપની ભેગા રાખો છો તેથી અમારા અંતરમાંથી જગતના ભાવ નીકળી ગયા છે. ફક્ત આપના સ્વરૂપના જ આનંદથી હૈયું ભરાઈ ગયું છે.'' મહારાજ તેમની સમજણથી પ્રસન્ન થયા.

ગઢપુરથી નીકળી થોડે દૂર પહોંચ્યા ત્યાં વંટોળ શરૂ થયો. ધૂળની ડમરી ચડી અને ધૂળ અને કાંકરા ઊડવા લાગ્યા. ધીરે ધીરે વંટોળનું જોર વધ્યું અને આંધી એવી ચડી કે સામે કાંઈ દેખાય જ નહીં. મોટા મોટા કાંકરા ઊડીને સૌને વાગવા લાગ્યા. ઘોડાઓની આંખો પણ બંધ થઈ ગઈ અને કાંકરા વાગતા એટલે હણહણાટ કરીને ઝાડ થઈ જતા. સંઘ આખો થંભ્યો પણ વંટોળનું જોર ઓછું થયું નહીં. આગળ ચાલી શકાય તેવું રહ્યું જ નહીં. ઘોડાઓનાં પણ તોફાન શરૂ થયાં, પરંતુ કાઠી અસવારોના કાબૂની બહાર જઈ શક્યા નહીં. બધાનાં લૂગડાં ધૂળથી ભરાઈ ગયાં. આંખોમાં પણ ધૂળના કણ પડ્યા એટલે

આંખો પણ મીંચાઈ ગઈ. છેવટે મહારાજે સૌને કહ્યું : "ચાલો, ગઢડા પાછા. આપણે તો કેરીનો સ્વાદ લેવા નીકળ્યા હતા પણ મનની મનમાં રહી ગઈ."

કાઠીઓ સૌ હસવા લાગ્યા. વંટોળિયાનું જોર જરા પણ ધીમું પડ્યું નહીં એટલે સંઘ ગઢપુર તરફ પાછો ફર્યો.

ગઢપુર આવીને મહારાજે જયાનંદ વર્ણીને કહ્યું : "તમે કાલે સવારે નીકળી અમદાવાદ જાઓ. અમે મુક્તમુનિ ઉપર પત્ર લખીને તમને આપીએ છીએ તે તેમને વંચાવજો અને તેમની સાથે વડથલ જજો."

મુક્તાનંદ સ્વામીની પૂજા કરજો

મહારાજે શુકમુનિ પાસે વડથલના હરિભક્તો ઉપર પત્ર લખાવ્યો : "અમો જેઠ સુદ પાંચમે સંતો તથા કાઠી હરિભક્તો સાથે ગઢપુરથી વડથલ આવવા નીકળ્યા, પરંતુ રસ્તામાં વંટોળિયો ચડ્યો અને ધૂળ ને કાંકરા ઊડવા લાગ્યા, તેથી ઘોડાઓ પણ આગળ ચાલી ન શક્યા અને અમને પણ ધૂળની ડમરી નડવાથી આગળ કંઈ દેખાયું નહીં. તેથી અમે સૌ ગઢપુર પાછા આવ્યા છીએ. મુક્તાનંદ સ્વામી ત્યાં પધારશે તો તેમને અમારા સ્થાને ગણી પાટ ઉપર બેસાડી તેમની પૂજા કરજો. અમારી આજ્ઞાથી તેમની પૂજા કરશો તેથી અમારી પૂજા કર્યાનું ફળ મળશે."

પત્ર બીડીને જયાનંદ વર્ણીને આપ્યો. જયાનંદ વર્ણી પત્ર લઈને ઉતાવળા ચાલ્યા અને અમદાવાદ પહોંચી ગયા. પરંતુ મુક્તાનંદ સ્વામી તો અમદાવાદથી આગલે દિવસે જ નીકળી ગયા હતા. તેઓ મહેમદાવાદ રાત રહેવાના હતા – એમ સંતોએ કહ્યું, એટલે જયાનંદ વર્ણી ત્યાંથી નીકળી મહેમદાવાદ ગયા. અહીં તેમણે તપાસ કરી તો સમાચાર મળ્યા કે ગામ બહાર સંતનું મંદિર છે ત્યાં મુક્તાનંદ સ્વામી ઊતર્યા છે એટલે તેઓ ત્યાં ગયા. મુક્તાનંદ સ્વામી ત્યાંથી પણ નીકળી ગયા હતા.

વડથલમાં શ્રીહરિ ભીમ એકાદશીના ઉત્સવ ઉપર પધારવાના છે તે સમાચાર મળતાં આજુબાજુથી હરિભક્તો જેઠ સુદ દશમને દિવસે વડથલ આવી ગયા હતા. કેટલાક સંતો પણ આવી ગયા હતા. ગામ બહાર મોટો વડ હતો તેની નીચે સંતોએ સભા કરી. સૌ શ્રીહરિના આવવાની રાહ જોતા હતા. એટલામાં મુક્તાનંદ સ્વામી આવતા દેખાયા એટલે સૌને થયું કે મહારાજ પણ સાથે જ હશે. મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા એટલે સૌએ દંડવત્ કર્યા. મુક્તમુનિ પણ

સ્વસ્થ થઈ આસન ઉપર બેઠા. ત્યાંના મુખ્ય ભક્ત કાલીદાસભાઈએ તેમને પૂછ્યું : "સ્વામી ! મહારાજ ક્યાં છે ?"

એટલે તેમણે કહ્યું : "અમે તો શ્રીનગરથી આવીએ છીએ પણ મહારાજ આજ રાત સુધીમાં આવી જવા જોઈએ."

સૌ ચકોરની જેમ મહારાજના આગમનની રાહ જોતાં ઊંચે હૈયે મુક્તાનંદ સ્વામી સમક્ષ બેસી ગયા.

એટલામાં જયાનંદ વર્ણી આવ્યા. તેમને જોઈ મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "હવે મહારાજ આવતા હોવા જોઈએ. આ વર્ણી ગઢપુરથી જ ઉતાવળા આવે છે. મહારાજ અને સંતો તથા હરિભક્તો પાછળ જ હશે."

જયાનંદ વર્ણી મુક્તાનંદ સ્વામીને દંડવત્ કરી, તેમના ચરણસ્પર્શ કરી સન્મુખ બેઠા. મુક્તાનંદ સ્વામીએ તેમને પૂછ્યું : "મહારાજ ક્યારે પધારે છે ?"

વર્ણીએ તરત જ કાગળ આપ્યો અને કહ્યું : "આ પત્ર વાંચો. મહારાજે મને આ ખબર આપવા જ ઉતાવળો મોકલ્યો છે."

મુક્તાનંદ સ્વામીએ પત્ર લીધો. આંખે અડાડ્યો અને પછી છાતીએ બીડ્યો. ત્યારબાદ તેઓ પત્ર વાંચવા લાગ્યા. પત્ર સાંભળી સૌ નિરાશ થઈ ગયા. પરંતુ જેમને મહિમા હતો તેમણે કહ્યું : "મહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી પધાર્યા છે અને વળી તેમનું પૂજન કરવાની મહારાજે આજ્ઞા કરી છે, તો મહારાજ પધાર્યા છે તે પ્રમાણે જ સૌએ માનવું અને ઉત્સવનો આનંદ લેવો."

વડથલમાં મુક્તમુનિનું હરિભક્તો પૂજન કરે છે

મુક્તાનંદ સ્વામીના સાન્નિધ્યમાં ભીમ એકાદશીનો ઉત્સવ સૌ સંત-હરિભક્તોએ આનંદપૂર્વક ઊજવ્યો. સંતોએ ગરબીનાં પદો ગાયાં, કીર્તનો ગાયાં. મુક્તાનંદ સ્વામીએ કથામૃતનું પાન કરાવ્યું પછી સૌ હરિભક્તો મુક્તમુનિની પૂજા કરવા લાગ્યા. આ સમયે કેટલાક સંતો, ભક્તો જેમને મહારાજની કૃપાથી સમાધિ થતી હતી, તેમને સૌને સમાધિમાં મુક્તાનંદ સ્વામીની આગળ મહારાજનાં દર્શન થયાં. સૌ હરિભક્તોની પૂજા મુક્તાનંદ સ્વામી દ્વારા મહારાજ અંગીકાર કરતા હતા. તેમણે સૌએ આ વાત સભામાં કહી. સભાજનોને પણ આનદ થયો.

મુક્તાનંદ સ્વામી આ વાત સાંભળતાં નીચું જોઈ રહ્યા હતા. જયાનંદ વર્ણીએ કહ્યું : "સ્વામી ! મહારાજની આજ્ઞાથી સૌ હરિભક્તોએ આપની પૂજા

કરી એટલે મહારાજે પ્રત્યક્ષપણે તે અંગીકાર કરી સૌના મનોરથ પૂરા કર્યા."

એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ સ્વતંત્ર છે. જેમના દ્વારા કાર્ય કરવું હોય, તેમના દ્વારા કાર્ય કરે અને પોતાની મૂર્તિનું સુખ આપે. પરંતુ મહારાજનું કાર્ય પાત્રની તારતમ્યતા પ્રમાણે તેવાં પાત્રો દ્વારા થાય છે. જે સંત મહારાજના અંગભૂત હોય, તે સંત દ્વારા મહારાજ સમ્યક્ પ્રકારે અને સર્વદા પ્રગટ રહી કાર્ય કરે છે. છતાં મહારાજના પ્રાગટ્ય દરમ્યાન તેવા સંત પોતાની સ્થિતિ છુપાવી રાખે છે અને મહારાજ પણ તેમને લીન કરીને સર્વોત્કૃષ્ટપણે વર્તે છે."

એટલે કાલીદાસે પૂછ્યું : "સ્વામી ! એવા સંત અત્યારે કોણ હશે ?"

મુક્તાનંદ સ્વામી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "જેમ ગૃહસ્થ હરિભક્તોનો વંશ હોય છે, તેમ મહારાજનો પણ વંશ હોય જ અને એવા સંત દ્વારા મહારાજનું પ્રાગટ્ય પણ અખંડ રહે જ. અત્યારે તો આપણને મહારાજ મળ્યા છે માટે તેમના સ્વરૂપમાં જ વૃત્તિ રાખવી."

બારશને દિવસે કાલીદાસે લાડુની રસોઈ કરાવી અને સૌ સંતોને તથા હરિભક્તોને આગ્રહ કરી સારી રીતે જમાડ્યા. જમ્યા પછી પ્રથમ મુક્તાનંદ સ્વામીની પૂજા કરી. મહારાજ માટે જે વસ્ત્રાભૂષણો તેમણે તૈયાર કરાવ્યાં હતાં તે મુક્તાનંદ સ્વામીને તેમણે અર્પણ કર્યાં. સર્વ સંતોની પૂજા કરી. સંતોને પણ ઘટે તે પ્રમાણે વસ્ત્રો ભેટ કર્યાં. મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને અર્પણ કરેલાં વસ્ત્રો પાર્ષદો સાથે ગઢપુર મોકલાવી દીધાં. સાંજે મુકતાનંદ સ્વામી ત્યાંથી શ્રીનગર જવા નીકળ્યા. સૌ સંતો પણ જેમને જ્યાં જ્યાં ફરવાની આજ્ઞા હતી ત્યાં ગયા. હરિભક્તો પણ પોતાના ગામે ગયા.

કાનફટા ગેબીને વજેસિંહ બાપુ ગઢડા મોકલે છે

ભાવનગરના રાજા વખતસિંહ બાપુ સને ૧૮૧૬માં દેવ થયા બાદ તેમના પાટવી કુંવર વજેસિંહજી ભાવનગરની ગાદી ઉપર આવ્યા. ભાવનગરની રાજ્યગાદી એ ધર્મની ગાદી ગણાતી. શત્રુઓને પણ મિત્ર તુલ્ય ગણતા ભાવનગરના રાજવીઓ વેરની વસૂલાતમાં ક્ષાત્રવટ ન માનતા પરંતુ વીરની ક્ષમાને ક્ષાત્રવટનું અંગ ગણતા. ભાવનગરના ક્ષત્રિયકુળશિરોમણિ રાજા વજેસિંહજી પણ એ સંસ્કાર ગળથૂથીમાં પીને આવ્યા હતા છતાં જુવાનીની કાચપમાં કોઈક વાર ઊતરતા શબ્દોની અસર તેના અંતરમાં થઈ જતી.

વખતસિંહ બાપુએ સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ પિછાણ્યું હતું. લાડુ બારોટનું પરિવર્તન સ્વામિનારાયણ ભગવાને કર્યું ત્યારથી તેમની મહત્તા તેમના અંતરમાં સમજાઈ હતી. છતાં કોઈ કોઈ વખત તેમને પણ ભ્રાંતિ પડી જતી. પરંતુ બાપુ વજેસિંહજી તો જુવાન હતા. અનુભવની પાકટતા તેમનામાં ન હતી. તેથી સ્વામિનારાયણ ભગવાન વિરુદ્ધ બોલાતા શબ્દોથી તેમને ફક્ત એક સામાન્ય માનવી જ તેઓ સમજતા હતા. જીવાખાચર તેમના દરબારમાં આવતા ત્યારે એ ભાવ વિશેષ નીચે આવતો. દાદાખાચર આવતા ત્યારે ભાવ બદલાતો અને સ્વામિનારાયણ પ્રત્યે પૂજ્યભાવનું વલણ થઈ જતું. છતાં મનની ચંચળતા બુદ્ધિને સ્થિર રહેવા દેતી ન હતી. તેથી ભાવ અને અભાવની દ્વિધામાં તેમનું અંતર ઝોલાં ખાતું.

એ અરસામાં કાનફટા પંથનો[૨૫] એક મારવાડી મંત્રવિદ્યાના બળે અનેક ચમત્કારો દેખાડતો, અલોપ પણ થઈ જતો, એટલે ગેબી કહેવાતો. તે ભાવનગરમાં આવ્યો. તેના ચમત્કારોથી તેનું નામ વજેસિંહ બાપુ સુધી પહોંચી ગયું. બાપુએ તેને બોલાવ્યો. તેનો વરવો વેશ, મદિરાપાનથી થયેલ લાલ આંખો અને વિચિત્ર ઢંગ જોઈ બાપુએ તેને પૂછ્યું : "તું ગામોગામ ફરી તારી વિદ્યાથી ચમત્કારો બતાવે છે તેમાં તારો હેતુ શું છે ? શિષ્યો બનાવવાનો કે પૈસા કમાવાનો ?"

"શિષ્યો તો ચારસો છે. પણ તેને નભાવવા નાણાં તો જોઈએ. એટલે હું તો નાણાં સારુ આ બધું કરી રહ્યો છું." તેણે તેની અડબંગ રીતથી કહ્યું.

"એમ ? તો પછી ગઢડા જા. ત્યાં સ્વામિનારાયણ પાસે ઘણા પૈસા છે. તું જો તારી મંત્રવિદ્યાના બળથી તેમને જીતી લઈશ, તો તને ઘણા પૈસા મળશે. વળી, અમારા રાજ્યમાંથી પણ એક લપ જશે." બાપુએ લાલચ બતાવી.

ગેબી અડબંગી હતો. તેને લાંબો વિચાર કરવાની સૂઝ ન હતી. પરંતુ તે જાણતો હતો કે સ્વામિનારાયણ પાસે ભગુજી નામના મારવાડી શૂરવીર પાર્ષદ છે અને બીજા કાઠીઓ પણ છે. તેથી તેણે કહ્યું : "બાપુ ! હું ગઢડા જાઉં તો ખરો પણ સ્વામિનારાયણ પાસે કાઠીઓ અને પાળાઓનું મોટું લશ્કર છે એટલે કદાચ ધિંગાણું પણ થઈ જાય..."

"તારી પાસે મંત્રવિદ્યા છે ને ? તું ગેબ પણ થઈ શકે તેમ છો, તેથી તને

---

૨૫. ગોરખ પંથી વેરાગી; તેના કાનમાં મોટાં કાણાં હોવાથી તે કાનફટો કહેવાતો. કાનફટાનો પણ એક પંથ હતો.

કાંઈ નહીં થાય. વળી, તારા ચારસો મારવાડા જોઈને તેના કાઠી તને કાંઈ કરી શકશે નહીં.'' બાપુએ તેને પાનો ચડાવ્યો.

ગેબી આ સાંભળી ગેલમાં આવી ગયો. તેણે તેના મારવાડા ચેલાને ઉશ્કેર્યા. હોકા, ચલમ અને ગાંજાના કેફમાં તેમને સ્વામિનારાયણ પાસેથી નાણાંની કોથળીઓ આવતી દેખાણી. આ કેફની કરામતમાં તેને ગઢડાની મઝલ ટૂંકી લાગી.

ગઢડામાં આવી ઉગમણી દિશામાં લીંબડાના ઝાડની ઘટા નીચે તંબુઓ ખોડીને ત્યાં મુકામ કર્યો. ગઢડામાં પણ કેટલાક મારવાડા કૂબા બાંધીને રહ્યા હતા. તે બધા આ ગેબીને ઓળખતા હતા. એટલે તેઓ તેની પાસે આવવા લાગ્યા. ગેબીના તંબુમાં હોકા અને ચલમના ગડગડાટ શરૂ થયા. અર્ધનગ્ન વેશમાં બે સ્ત્રીઓ ગેબીને વીંજણો ઢોળતી હતી. મોટા તકિયાને અઢેલી હોકાની નાળ મોઢામાં રાખી ગેબી હોકો ગડગડાવતો હતો. તેની આંખો લાલ હતી. અવાજ ઘોઘરો હતો. બોલવાનું અસંબદ્ધ હતું. હોકાના ગડગડાટથી અને તેમાંથી નીકળતા ધુમાડાના ગોટેગોટાથી જાણે કોઈ યક્ષ આકાશમાંથી પોતાના સાજ સાથે ઊતરી આવ્યો હોય એવું લાગતું હતું.

ગેબીના સમાચાર ગામમાં પ્રસરી ગયા. જીવાખાચર તેને મળવા આવ્યા. બાપુ જીવાખાચર ગામના દરબાર છે તે જાણી તેણે તેનું સન્માન કર્યું. તેના શિષ્યો બાપુને ગુરુનો પ્રતાપ કહેવા લાગ્યા : ''ગુરુજીને તો અહીં પૃથ્વીમાં દાટીએ તો દસ ગાઉ છેટા નીકળે, આકાશમાં ઊડે, પાતાળમાં પેસે અને ગેબ પણ થઈ જાય. બાપુ વજેસિંહે ગઢડામાંથી સ્વામિનારાયણનું તૂત કાઢવા મોકલ્યા છે.''

બાપુ જીવાખાચર સાંભળી રહ્યા. થોડી વારે તેઓ ઊઠીને ચાલ્યા. મનમાં વિચાર કરવા લાગ્યા : ગેબી ડિંગ હાંકે છે કે સાચોસાચ પ્રતાપી છે. પરંતુ જે હશે તે તાલ તો જોવા મળશે.

મહારાજ વિરુદ્ધ ગેબીના શબ્દો ગઢડામાં સંભળાવા લાગ્યા. લાધા ઠક્કરને કાને વાત આવી એટલે તેમને ચિંતા થવા લાગી. તેને થયું કે અસુરો તરફથી ઉપાધિ શમતી જ નથી. તેમણે મહારાજ પાસે આવીને વાત કરી : ''મહારાજ ! આ મારવાડો ગેબી કાંઈક દગો કરવા આવ્યો છે. તે ભૂંડું માણસ હોય એવું દેખાય છે. ભાવનગરથી વજેસિંહજીએ મોકલ્યો છે એવું સંભળાય છે. મોટી ડેલીવાળા બાપુ પણ તેને મળી આવ્યા. માટે કાંઈક ઉપાય કરવો જોઈએ, નહીં તો ઉપાધિ કરશે.''

મહારાજ તેમની વાત સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "દાદાખાચરને અને બ્રહ્માનંદ સ્વામીને આપણે તેની પાસે મોકલીએ અને એનો અભિપ્રાય જાણી લઈએ. ગામની વાતુથી બહુ ભરમાવું નહીં."

એટલે લાધા ઠક્કરે બ્રહ્માનંદ સ્વામી તથા દાદાખાચરની પાસે જઈ મહારાજની આજ્ઞા સંભળાવી. તેઓ તરત જ તૈયાર થઈ ગેબીને મળવા ગયા. લાધા ઠક્કર પણ સાથે ગયા.

સાધુ ક્યા ઔરતસે બીતે હૈ ?

ગેબીના તંબુમાં તપાસ કરાવી તો ત્યાં સ્ત્રીઓ હતી. ગેબી તેમની સાથે ગેલ કરતો હતો. તેથી સ્વામીએ લાધા ઠક્કરને કહ્યું : "અંદર જઈને કહો કે સ્વામિનારાયણના સાધુ આવ્યા છે અને ગામધણી દાદા બાપુ આવ્યા છે તે મળવા માંગે છે."

ગેબીએ આ સાંભળી કહ્યું : "આવવા દ્યો."

"પણ આ બાઈઓ બહાર જાય તો જ સાધુ અહીં આવી શકે." લાધા ઠક્કરે કહ્યું. આ સાંભળી ગેબીએ ભવાં ચડાવ્યાં. "સાધુ ક્યા ઔરતસે બીતે હૈ ?" તેણે હિન્દીમાં ચલાવ્યું. આ ગબરગંડને કેમ સમજાવવો તે લાધા ઠક્કરને સૂઝ્યું નહીં. તેમણે તરત જ કહ્યું : "બીતા નથી પણ તેમનો ધરમ છે, એટલે બાઇયું હોય ત્યાં ન આવી શકે." ગેબીએ તરત જ તે સ્ત્રીઓને બહાર જવા કહ્યું. તે બાઈઓ હસતી હસતી ત્યાંથી બહાર ગઈ.

બ્રહ્માનંદ સ્વામી, દાદાખાચર અને લાધા ઠક્કર તંબુમાં ગયા. ગેબી ઢોલિયા ઉપર મોટા ગોળ તકિયાને ઓઠિંગણ દઈને બેઠો હતો. હાથમાં હોકાની નાળ હતી. ઘડીએ ઘડીએ તે હોકો ગડગડાવતો હતો અને ધુમાડાના ગોટેગોટા કાઢતો હતો. કોઈ કાંઈ વાત કરે એટલે તેના ચેલા તરત જ 'રામો રામ' બોલે. બ્રહ્માનંદ સ્વામીને રામનામનું વિચિત્ર ઉચ્ચારણ સાંભળી ગેબી પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થઈ પરંતુ તેઓ કાંઈ બોલ્યા નહીં.

પછી તેમણે ગેબીને કહ્યું : "અમારા સ્વામિનારાયણ ભગવાને સાધુના ધર્મ સૌને શિખવાડ્યા છે. સાધુઓએ અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાળવું અને સ્ત્રીઓનો તેમજ ધનનો પ્રસંગ રાખવો નહીં. આ પ્રકારનો ધર્મ દૃઢપણે પાળીને શ્રીકૃષ્ણની ભક્તિ કરવી. એ રીતે અમે સૌ રહીએ છીએ."

એટલે ગેબીએ તેમને પૂછ્યું : "તમારું નામ શું ?"

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''બ્રહ્માનંદ.''

ગેબી આ સાંભળી લુચ્ચું હસ્યો. તેણે કહ્યું : ''અહો, બ્રહ્માનંદ ! સમજ્યો. બોરડીના આ બે કાંટા જોયા ? એક સવળો છે અને એક અવળો છે. તમારા સ્વામિનારાયણ જો સવળા થશે તો હું સવળો છું પણ જો અવળા થશે તો હું પણ અવળો જ છું.'' એટલું કહીને તે અટક્યો. પછી ફરી બોલ્યો : ''સાંભળો બ્રહ્માનંદ ! તમારા સ્વામિનારાયણ જો રામ થશે તો હું રાવણ થઈશ. જો એ કૃષ્ણ થશે તો સમજજો કે હું કંસ છું. એ આકાશમાં ઊડશે તો હું તેમની પાછળ આકાશમાં જઈશ અને એ જો પાતાળમાં પેસી જશે તો ત્યાં જઈને પણ હું તેમને બહાર ખેંચી લાવીશ. મને અગ્નિ બાળી શકે તેમ નથી, પાણી ડુબાડી શકે તેમ નથી અને આકાશમાંથી પૃથ્વી મને નીચે પાડી શકે તેમ નથી. આવી મારી શક્તિ છે તે સમજી લ્યો. માટે તમારા સ્વામિનારાયણને કહેજો કે બહુ દિવસ ચરી ખાધું છે પણ કોઈ શિંગાળા[૨૬] મળ્યા નથી. આજે તો હવે ભુક્કા બોલાવી દેવા છે.''

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''ગેબી ! રાવણને રામે જ માર્યો હતો અને કંસને કૃષ્ણે જ માર્યો હતો. માટે શિંગાળા તો આજે સ્વામિનારાયણ તમને મળ્યા છે. બહુ દિવસ તમે ચરી ખાધું છે ને મેલીવિદ્યાના જોરે લોકોને બીક બતાવી આ તાલ ભેગો કર્યો છે પણ તમારે ગઢડામાંથી અર્ધી રાતે ભાગવું પડશે.'' એમ કહીને તેઓ નીકળી ગયા.

બ્રહ્માનંદ સ્વામી, દાદાખાચર અને લાધા ઠક્કર મહારાજ પાસે આવ્યા. મહારાજને તેમણે બધી વાત કરી. સ્વામીએ કહ્યું : ''મહારાજ ! એ તો મૂરખ માણસ છે અને કોઈએ દ્વેષથી ચડાવીને મોકલ્યો હોય એવું લાગે છે. સાંભળ્યું છે કે મોટી ડેલીવાળા જીવા બાપુ પણ તેમને મળી આવ્યા હતા.''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''એ મૂરખ છે એટલે જ આપણે ચેતતા રહેવું જોઈએ. દાનો દુશ્મન સારો પણ મૂરખ મિત્ર હોય તે નકામો. જ્યારે આ તો શત્રુ થઈને આવ્યો છે.'' પછી થોડી વારે તેમણે કહ્યું : ''આ દાદા બાપુના ભાગિયા આહીરખાચર છે તેમને બોલાવો.''

થોડી વારે આહીરખાચર આવ્યા. મહારાજે તેમને બધી વાત કરી. તેમના કાઠી સાગરીતો સાથે તૈયાર થઈ આવવા કહ્યું. કાઠી હરિભક્તો તથા પાર્ષદોને પણ હથિયાર સજ્જ કરી તૈયાર થઈ જવા કહ્યું. કેટલાક સંતોએ ધોકા લીધા

૨૬. શિંગડાવાળા-મારકણા.

અને કેટલાકે ગેડીઓ લીધી. સચ્ચિદાનંદ સ્વામીએ હળ લીધું. મહારાજ આ જોઈ હસ્યા. મહારાજે કહ્યું : "સંતો તો ક્ષમાની મૂર્તિ છે અને અહિંસાને વરેલા છે, તેમને આ ન શોભે."

ત્યારે સંતોએ કહ્યું : "મહારાજ ! અમારા ઇષ્ટદેવ ઉપર પ્રહાર થવાનો હોય ત્યારે અહિંસાના મંત્રને અમે ઘોળીને પી જઈએ છીએ. અમારા ઉપર પ્રહાર થાય તો અહિંસક બની સહન કરી લઈએ. માટે આજે આપને કાંઈ બોલવાનું નથી."

મહારાજ સંતોનો ભાવ સમજી ગયા. તેઓ તો જાણતા જ હતા કે કાઠી ભક્તો અને પાર્ષદોના પ્રહારથી જ ગેબી ભાગવાનો છે. સંતોને કોઈ ધિંગાણામાં ઊતરવાનું નથી. છતાં તેમની પોતા પ્રત્યેની ભક્તિ જોઈ મનમાં પ્રસન્ન થયા.

ગેબી કંસ છે તો હું કૃષ્ણ છું

મહારાજે કસુંબલ વસ્ત્રો ધારણ કર્યાં, હાથમાં તલવાર લીધી, વાંસે ઢાલ બાંધી, મહારાજ તૈયાર થઈ ગયા. નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું : "મહારાજ ! આ બધો તાલ તમે કેમ કર્યો ?"

એટલે મહારાજે કહ્યું : "ગેબીને બતાવવા. કંસ થવું હોય તો સામે કૃષ્ણ છે એવું સમજી રાખવું જોઈએ."

"પણ તમને તો અશ્વત્થામાનો શાપ છે કે હથિયાર ધારણ કરશો તો જીતશો નહીં. તેનું શું ?" નિત્યાનંદ સ્વામીએ હસતાં હસતાં પૂછ્યું.

"શાપ આપનાર વ્યક્તિએ જેને શાપ આપ્યો હોય તેના ઉપર જો તેનો પ્રભાવ પડે તો જ તેનો શાપ ફળે. અમે તો સ્વતંત્ર છીએ, શાપ અંગીકાર કરીએ અને ન પણ કરીએ." મહારાજે તરત જ કહ્યું.

એટલામાં ગેબીએ નગારું વગાડ્યું.

"સાંભળ્યું ને ? પેલો મૂરખ તૈયાર થઈ ગયો છે. આ નગારું વાગ્યું તે તેના માણસો ભેગા થશે અને હમણાં હલ્લો અહીં આવશે." એમ કહી મહારાજ ઊઠ્યા. પરંતુ બ્રહ્માનંદ સ્વામીએ અને નિત્યાનંદ સ્વામીએ મહારાજને પકડી ઢોલિયા ઉપર બેસાડી દીધા.

એટલામાં દાદાખાચર, આહીરખાચર વગેરે આવ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! તલવારના પટા રમવામાં તો અમને કોઈ જીતી શકે તેમ નથી. તેના મારવાડાના તો અમે ચૂરેચૂરા કરી નાખીશું. પણ ગેબી મંત્રવિદ્યાનો જાણનારો છે.

તેથી તેને પકડવો મુશ્કેલ છે, માટે તેને પકડી શકાય એવી દૃષ્ટિ કરજો."

મહારાજે તરત જ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "એટલા માટે તો અમે સામા જતા હતા. અમને તે જુએ તો તેની મંત્રવિદ્યા નકામી થઈ જાય."

"એ તો આપના સંકલ્પમાત્રે તેની વિદ્યા નકામી થઈ જશે. તમારે બહાર જવાની જરૂર નથી." બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું.

"સંકલ્પથી બ્રહ્માંડો રચવાની પ્રેરણા કરો છો, સંકલ્પથી તે બધા બ્રહ્માંડોનો નાશ પણ આપ જ કરો છો તો પછી આ બીચારો ગેબી કોણ ?" નિત્યાનંદ સ્વામીએ મહારાજને સમજાવતાં કહ્યું.

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "તો ભલે થઈ જાઓ શૂરવીર ! ગેબી તમને જોશે ત્યાં પ્રલયનો અગ્નિ તેને દેખાશે. તેની મંત્રવિદ્યાની સિદ્ધિ હણાઈ જશે. આજ એ અસુરનો ખોડો કાઢી જ નાંખો. તેને પ્રેરણા આપનારને પણ ખબર પડે કે દાદાના દરબારમાં પુરબિયો બ્રાહ્મણ નથી બેઠો પણ...."

"અક્ષરપતિ સાક્ષાત્ પુરુષોત્તમ બિરાજે છે." મહારાજ પૂરું કરે તે પહેલાં જ નિત્યાનંદ સ્વામીએ કહી દીધું. મહારાજ હસ્યા. સૌને આશીર્વાદ આપ્યા અને કહ્યું : "જાવ, ઉઘાડો દરવાજો."

'જય સ્વામિનારાયણ'ની ઘોષણા કરીને આહીરખાચરે દરબારગઢની ડેલી આગળનો તોતિંગ દરવાજો ઉઘાડ્યો. મોખરે સોમલોખાચર, દાદાખાચર, આહીરખાચર, નાજા જોગિયા વગેરે હાથમાં તલવાર લઈને ઊભા હતા. ગેબી ઊંટ ઉપર બેઠો હતો. તેના ચારસો મારવાડા પણ હાથમાં તલવાર, ભાલા, ગેડી વગેરે લઈને દેખાયા. પણ કોઈના હાથમાં શસ્ત્રો શોભતાં ન હતાં. એટલામાં આહીરખાચરે તેનો ઘોડો બે ડગલાં પાછળ કરીને જોરથી આગળ કર્યો. તે દોડ્યો અને તેના આગલા બે પગના ડાબલા ઊંટના પેટ ઉપર ચોંટી ગયા. ઊંટ ઊછળ્યું અને ગેબી એકદમ નીચે પડ્યો. તરત જ દાદાખાચરે હાથમાં ઉઘાડી તલવાર સાથે તેની છાતી ઉપર પગ મૂક્યો : "ગેબી ! શિંગાળા કેને મળ્યા છે તે તો હજી હવે ખબર પડશે. આ તો રાખના ડામ છે. ખરા તો હજી હવે આવશે." એમ કહીને કહ્યું : "તું તો પાતાળમાં પેસતાં પેસીશ પણ હું તને હમણાં જ પાતાળમાં ખોસી દઉં છું."

ગેબી ધ્રૂજવા લાગ્યો. તેના મારવાડા પણ શૂરવીર કાઠીઓ અને પાર્ષદોની તલવારોના ઝપાટામાં આવી ગયા. મહારાજે કહ્યું હતું કે "ડારો દેખાડજો પણ કોઈને કાપી ન નાંખશો. દાદાનો દરબાર આપણે એવા અસુરોના લોહીથી ભ્રષ્ટ

કરવો નથી.'' એટલે કાઠીઓના પટાદાવથી એક એક મારવાડાના હાથમાંથી તલવારો, ભાલા નીચે પડવા લાગ્યા. ગેબીની માઠી દશા જોઈ સૌ ભાગ્યા.

આહીરખાચર ઘોડા ઉપરથી નીચે ઊતર્યા અને ગેબીની દાઢી પકડી તેને ઊભો કર્યો. તેના મોઢા ઉપર અવળા હાથની બે થપાટ મારી અને કહ્યું : ''મારવાડા ! ઘેલાને ઓલે કાંઠેથી આ કાંઠે દેરી લઈ આવ. તારી વિદ્યા બતાવ. નહીં તો જો અમારી ક્ષત્રિયની વિદ્યા ! આ એક જ ઝપાટે તને અહીંથી જમરાજાના દરબારમાં પોગાડી દઉં છું.''

ગેબી ધ્રૂજતો હતો. તેણે બે હાથ જોડ્યા : ''માફ કરો. મને જીવતો જવા દ્યો. ફરી અહીં નહીં આવું.''

''એમ નહીં, કહે કે આ બધાં ફેલ છોડીને સીધો થઈ જઈશ. સમજી લે કે તારી મંત્રવિદ્યા તો સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પથી બળી જ ગઈ છે. હવે તારી પાસે કોઈ શક્તિ નથી.'' આહીરખાચરે તેની દાઢી ખેંચતાં કહ્યું.

''છોડી દઈશ બાપુ ! હવે બધું જ વેરવિખેર કરી નાખીશ પણ મને જીવતો જાવા દ્યો. ગઢડાની સીમમાં દાખલ નહીં થઉં.'' ધ્રૂજતા સ્વરે ગેબીએ કહ્યું.

જેણે ભગવાન સામે બાથ ભીડી છે તેની માઠી દશા થઈ છે

દાદાખાચરે સોમલાખાચરનો ભાલો લઈ લીધો. ગેબીને પછી કહ્યું : ''સ્વામિનારાયણ ભગવાનની દયા જાણ કે તને જીવતો અમે જવા દઈએ છીએ. આવા ઊંધા રવાડે હવે ચડીશ મા.''

આહીરખાચરે તેની દાઢી છોડી દીધી. દાદાખાચર તેની આડા ઊભા રહ્યા એટલે આહીરખાચર અને સોમલોખાચર પાછળ હઠી ગયા. દાદા બાપુએ તેને કહ્યું : ''જો ભાઈ ! ભગવાનનાં મૂળ ઊંચાં છે, તેને કોઈ આંબી શકે તેમ નથી. જેણે જેણે ભગવાન સામે બાથ ભીડી છે તેની માઠી દશા થઈ છે. માટે જેણે તને મોકલ્યો હોય તેને જઈને સમજાવી દેજે.''

ફરી તેણે હાથ જોડ્યા અને દાદા બાપુને પગે પડીને ત્યાંથી મૂઠી વાળીને ભાગ્યો. આહીરખાચર અને સોમલોખાચર હસવા લાગ્યા.

સૌ અંદર આવ્યા. શૂરવીરતાના રંગે સૌ રંગાયા હતા, છતાં ભક્તિના ઓપથી એ શૂરવીરતામાં તામસનો ભાવ ન હતો. તેમાં દિવ્યતાની ચમક હતી.[૨૭] મહારાજની કૃપા અને આશીર્વાદની તેમના મુખ ઉપર આભા હતી.

૨૭. बलं बलवतां चाहं कामरागविवर्जितम् । - ગીતા : ૭-૧૧.

મહારાજ પાસે સૌ આવ્યા અને મહારાજને બધી વાત કરી. પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "હવે આ વસ્ત્રો કાઢો અને આ તલવાર અને ઢાલ ઉતારો."

ત્યારે મહારાજે કહ્યું : "આ વસ્ત્રો અમે પહેર્યાં અને ઢાલ-તલવાર ધારણ કર્યાં ત્યારે તો આ શૂરવીરોને ચાનક ચઢી. તેમનું શૌર્ય ચમક્યું." એમ કહીને મહારાજે બાપુ દાદાખાચરને કહ્યું : "દાદાખાચર ! આજે તો સૌને કંસાર જમાડો. આવા અસુરો પૃથ્વી ઉપર હશે ત્યાં સુધી આસુરી વૃત્તિ પાંગરશે. અમે કોઈને ગોતવા જતા નથી પણ એ જ બધા સામે ચડીને આવે છે અને પૃથ્વી ઉપરનો ભાર આપણે ઉતારીએ છીએ."

✧ ✧ ✧

આ.સં. ૧૮૭૬નો આષાઢ બેઠો, વરસાદનાં વધામણાં આવ્યાં. ભીમ એકાદશીનાં વાવણાં પછી આષાઢમાં વરસાદ થવો જ જોઈએ. સૌ વરસાદની વાટ જોઈ રહ્યા હતા. મહારાજને પણ પૂછતા હતા. પરંતુ મહારાજ કાંઈ બોલતા નહીં. એક દિવસ તેમણે કહ્યું : "આ વરસ પણ દુકાળ જેવું થવાનું છે. પણ તમારા બધાનાં પુણ્ય તપે છે એટલે તમારા સારુ વરસાદ થશે અને જેમ સૂકા પછવાડે લીલું પણ બળે છે, તેમ તમારા પુણ્યપ્રતાપે સૂકા જેવા હશે તેને પણ લાભ મળી જશે."

મહારાજની ઈચ્છાથી વરસાદ થયો. મહારાજે ચાતુર્માસ ગઢડામાં જ કરવાનું નક્કી કર્યું હતું. એટલે આષાઢી એકાદશીનો ઉત્સવ કર્યો. સૌ સંતો, હરિભક્તોને વિશેષ નિયમો આપ્યા.

ફરી મહારાજ રુદ્રાક્ષનો પારો બંધાવે છે

અહીં મહારાજે રુદ્રાક્ષનો અને તુલસીનો એક એક પારો સંતોના કંઠમાં બંધાવ્યો. ત્યારે સંતોએ પૂછ્યું : "મહારાજ ! ફરી રુદ્રાક્ષનો પારો કેમ બંધાવ્યો ?"

એટલે મહારાજે કહ્યું : "કાળના દેવ રુદ્રથી સૌની રક્ષા કરવા. અમે આજ્ઞા કરીએ ત્યાં સુધી આ રુદ્રાક્ષનો પારો ગળામાં રાખજો."

પછી ચાર સદ્‌ગુરુઓને શાલિગ્રામ આપ્યા અને કહ્યું : "તમારે દેહપર્યંત શાલિગ્રામની પૂજા કરવી."

સંતો સમજી ગયા કે મહારાજની દરેક આજ્ઞામાં કેવળ લોકકલ્યાણની ભાવના છે. ભક્તિનું રહસ્ય પોતાના ઈષ્ટદેવની વિધિપૂર્વક પૂજા કરવામાં છે. તે પ્રણાલી સદા સચવાય, તે માટે મોટા મોટા સદ્‌ગુરુઓએ એ વિધિનું આચરણ

ભક્તિપૂર્વક કરવું; જેથી શિષ્યોમાં તે આચરણના ભાવો પ્રગટે અને ભક્તિની ભાવના અંતરમાંથી કદી મોળી પડે નહીં. ભારતીય ધર્મનાં સ્થાપિત મૂલ્યોનું અવમૂલ્યન, તે મૂલ્યોનું રહસ્ય યથાર્થ સમજાયું નથી તેથી થવા પામ્યું છે. તેની પાછળથી કેવળ પ્રણાલીઓ રહી અને તે જડ બની ગઈ. અંતે તે પ્રણાલી પણ એક પ્રણાલી જ છે તેમ સમજીને તેનો પણ લોકોએ ત્યાગ કરી દીધો. વિધિ-વિધાન એ ધર્મનું રહસ્યમય અંગ છે. એ રહસ્યની શોધ ભગવાનના પરમ ભાગવત સંતના જીવનમાંથી જ મળી શકે.

આ વિધિવિધાન કેવળ પ્રણાલી જ નથી, જડતા નથી. મહારાજને એ રહસ્ય પોતાના ભક્તોને સમજાવવું હતું, તેમના અંતરમાં એ રહસ્ય ઉતારવું હતું જેથી ભક્તિના અંતરંગ રંગથી હૈયું સદા રંગાયેલું જ રહે. આ હેતુથી જ તેમણે સદ્‌ગુરુઓને શાલિગ્રામની પૂજા કરવાની આજ્ઞા કરી.

મહારાજ સંતો, ભક્તો સાથે દાદાના દરબારમાં પોતાની પ્રાતર્વિધિ અને પૂજા સમાપ્ત કરી પધાર્યા. મહારાજે લીંબડાના વૃક્ષ નીચે પાટ મૂકવાનું કહ્યું એટલે સેવકો ત્યાં ગયા. પરંતુ ત્યાં કૂતરાનો મળ પડ્યો હતો. એટલે તેમણે પાટ પાછી ઓશરી ઉપર મૂકી દીધી અને મહારાજને કહ્યું : ''મહારાજ ! લીંબડા નીચે કૂતરાનો મળ પડ્યો છે, તે હમણાં સાફ કરાવીને પછી ત્યાં પાટ પધરાવીએ.''

મહારાજે કહ્યું : ''ભલે, ત્યાં સુધી અમે અક્ષર ઓરડીમાં બેઠા છીએ. સાફ થઈ જાય એટલે અમને ખબર આપજો.''

ઘરના ધણી આવ્યા

સંતો, હરિભક્તો જે ઉન્મત્ત ગંગામાં સ્નાન કરી દરબારમાં આવતા હતા તે લીમડા નીચે કૂતરાનો મળ જોઈ આઘા ખસી જતા અને કહેતા : ''કૂતરા પણ કેવા હળી ગયા છે કે આંહીં મહારાજની બેસવાની જગ્યા જ બગાડી દીધી. હવે કોઈની પાસે ઝટ સાફ કરાવી નાંખો.''

એટલામાં ઉકાખાચર સ્નાન કરીને દરબારમાં આવ્યા. તેમને નિત્યે મહારાજની પ્રસાદીના આ લીમડાનાં દર્શન કરવાનો અને તેનો સ્પર્શ કરવાનો નિયમ હતો. એટલે તે પાસે ગયા. ત્યાં કોઈક સંતે બૂમ મારી : ''ઉકાખાચર ! પાછા વળો ! ત્યાં કૂતરાનો મળ પડ્યો છે.''

એટલે ઉકાખાચરે પાસે જઈને તે જોયું. પછી પોતાનું ધોયેલું વસ્ત્ર બાજુમાં મૂકી લોખંડનું પતરું અને સાવરણો લઈ તે મળ સાફ કરી નાંખ્યો અને

પાણી લાવી તે જગ્યા ધોઈ નાખી. પછી પોતે ફરી ઉન્મત ગંગામાં સ્નાન કરવા ગયા. સ્નાન કરી દરબારમાં આવ્યા અને લીમડાને દંડવત્ કર્યા, સ્પર્શ કર્યો અને વાસુદેવ નારાયણના ઓરડામાં દર્શન કરી અક્ષર ઓરડીમાં મહારાજનાં દર્શન કરવા આવ્યા. તેમને જોઈ મહારાજે હસતાં હસતાં કહ્યું : "જુઓ, આ ઘરના ધણી આવ્યા."

એટલે સેવકોએ પૂછ્યું : "મહારાજ ! તેમને ઘરના ધણી કેમ કહ્યા ?"

મહારાજે તરત જ કહ્યું : "લીમડા નીચે કૂતરાનો મળ જોઈ સૌ આઘા-પાછા થતા હતા, પણ ઉકાખાચરે જાતે તે સાફ કરી નાંખ્યું. એણે પોતાનું માન્યું તો સાફ કરવાવાળા કોઈ બીજા આવશે તેની રાહ જોઈ નહીં."

સૌ સમજી ગયા !

પૂજામાં પાંચસો મૂર્તિઓ રાખું છું

પછી મહારાજે કહ્યું : "ઉકાખાચર ! તમે નાહીને તો આવ્યા પણ કાંઈ પૂજા રાખો છો કે નહીં ? નાહીને પૂજા કરવાનો નિયમ રાખવો જોઈએ."

એટલે ઉકાખાચરે કહ્યું : "હા, મહારાજ ! પૂજા તો રાખું છું અને નિત્યે પૂજા કરું છું."

મહારાજે હસતાં હસતાં પૂછ્યું : "પૂજામાં કેટલી મૂર્તિઓ રાખો છો ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! પાંચસો મૂર્તિ પૂજામાં રાખું છું."[૨૮]

મહારાજને આશ્ચર્ય થયું ! પછી તેમણે પૂછ્યું : "પાંચસો મૂર્તિઓનાં નામ આવડે છે ?"

તેમણે તરત જ કહ્યું : "બધી મૂર્તિઓનાં નામ તો નથી આવડતાં, પણ મુખ્ય નામો યાદ છે."

મહારાજને તેમની વાતમાં રસ પડ્યો. તેમણે તરત જ કહ્યું : "જેટલાં નામો યાદ હોય તેટલાં અમને સંભળાવો."

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, આ બધી મારી પૂજાની મૂર્તિઓ છે. તેમની હું પૂજા રોજ કરું છું."

---

૨૮. શ્રીસહજાનંદ સ્વામી ચરિત્ર; પાન નં. ૬-૭, લેખક : આત્માનંદ સ્વામી (વડતાલ); સંશોધક : સ. બ્ર. મુ. શાંતિપ્રિયદાસજી (વડતાલ), હરિજયંતી, સને ૧૯૬૩; છપાવી પ્રસિદ્ધ કરનાર : પટેલ મોતીભાઈ ત્રિકમભાઈ, પીજ.

મહારાજ તેમની મહિમાસભર સમજણ જોઈ અત્યંત પ્રસન્ન થયા. આ રીતે મહારાજે રહસ્ય સમજાવી દીધું કે એકલી ભગવાનની સેવા એ પૂજા કહેવાય અને ભગવાનની તેમના ભક્તો સાથેની પૂજા તે મહાપૂજા કહેવાય. મહારાજની સેવા તેમના ભક્તો સાથે થાય તેમાં જ શુદ્ધ ઉપાસનાનું રહસ્ય છે.

આ.સં. ૧૮૭૬ના શ્રાવણ અષ્ટમીનો ઉત્સવ પણ મહારાજે ગઢપુરમાં કર્યો.

ગઢાળીના આંબા શેઠ શ્રીહરિના યોગમાં

મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા ત્યારે એક પાર્ષદે આવી મહારાજને કહ્યું : "મહારાજ ! ગઢાળીથી કોઈ શેઠ આવ્યા છે. આપનાં દર્શન ઇચ્છે છે."

મહારાજે કહ્યું : "તેમને હમણાં જ મોકલો."

શેઠ મહારાજ પાસે આવ્યા અને નીચે બેસી પગે લાગ્યા. મહારાજનાં ચરણનો સ્પર્શ કર્યો. પછી ધારી ધારીને મહારાજના મુખારવિંદનાં દર્શન કરવા લાગ્યા એટલે મહારાજે હસીને કહ્યું : "આંબા શેઠ ! અમારી ઓળખાણ પડશે નહીં."

આ સાંભળી શેઠને આશ્ચર્ય થયું કે મારું નામ આમણે ક્યાંથી જાણ્યું ! તરત તેમણે કહ્યું : "આપ ખરું કહો છો. પણ આપના અવાજ ઉપરથી આપની ઓળખાણ પડી કે આપ સાક્ષાત્ ભગવાન છો."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "અવાજ ઉપરથી ઓળખાણ પડી એ સાચી. બાકી અંતર્યામીપણું તો અમારું આપેલું અમારા ઘણા ભક્તોમાં હોય, ઘણામાં યોગની સાધનાથી સિદ્ધિ પણ આવી હોય, પણ તેથી ભગવાનપણું કદી માનવું નહીં."

"મહારાજ ! આપના શબ્દો મેં જંગલમાં સાંભળ્યા હતા : 'પ્રભુએ અવતાર લીધો છે. તું તારા ગામની નજીકમાં ગઢડા છે ત્યાં જા. ત્યાં તને ભગવાન મળશે.' એ અવાજનું મને આંહીં ઓસાણ આવ્યું એટલે મને લાગ્યું કે આપે જ મને બોલાવ્યો છે."

"હા, આંબા શેઠ ! અમે જ તમને સાદ કર્યો હતો. અમારા ભક્તો જ્યાં જ્યાં હોય ત્યાંથી અમે સાદ કરી તેમને અમારી પાસે બોલાવી લઈએ છીએ. તમે પૂર્વના અમારા ભક્ત છો. પરંતુ કાંઈક કચાશને લઈને ફરી જન્મ લેવો પડ્યો છે."

"એ કયા પ્રકારની કચાશ હશે મહારાજ ?" આંબા શેઠે ઉત્સુકતાથી પૂછ્યું. તેમને થયું કે એ પણ જાણી લેવું જોઈએ જેથી આ વખતે એવી કચાશ રહે નહીં.

"અંતર્યામીપણાથી કે કોઈ સિદ્ધિ જોઈ એવા સિદ્ધને ગુરુ કે પરમાત્મા માની બેસો તો તેમની જેટલી ગતિ હોય તેટલી તમને ગતિ કરાવે. એ કચાશ ! પરંતુ આત્યંતિક કલ્યાણ તો તેમનાથી ન જ થઈ શકે." મહારાજે હસતાં હસતાં ફરી કહ્યું : "તમારા અંતરમાં આત્યંતિક કલ્યાણની - મોક્ષની - તીવ્ર ઇચ્છા હતી એટલે અમે તમને બોલાવી લીધા."

આંબા શેઠ મહારાજની વાતનું રહસ્ય સમજી ગયા. પરંતુ મહારાજને હજુ સ્પષ્ટતા કરવી હતી. તેમણે કહ્યું : "ભગવાનના અવતાર અને ભગવાનનું અવતારી સ્વરૂપ, આ બંને સ્વરૂપોનાં લક્ષણો શાસ્ત્રકારોએ શાસ્ત્રોમાં લખ્યાં છે જેથી લોકો એ સમજી, વિચારી તે તે સ્વરૂપને ઓળખી શકે."

આંબા શેઠને તો આવું કાંઈ જ્ઞાન ન હતું. તેમણે કહ્યું : "મહારાજ ! એવું જ્ઞાન અમારા જેવામાં હોય નહીં."

મહારાજે તરત જ કહ્યું : "પણ અમે એ પ્રગટ કરી દઈએ છીએ ને ! એટલે અમારી પાસે આવી જવાય."

આંબા શેઠને મહારાજનાં દર્શનથી, તેમની વાતોથી ખૂબ જ આનંદ થયો. તેમની આંખોમાંથી આનંદનાં અશ્રુ પડવા લાગ્યાં. તેમને મનમાં થયું કે આ ભગવાનની હું શી સેવા કરું જેથી મારા ઉપર અખંડ રાજી રહે ? તેમને વિચાર કરતા જોઈ મહારાજે પૂછ્યું : "શેઠ ! શું વિચાર કરો છો ?"

તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! ગઢાળીમાં હમણાં જ અમારાં નવાં ઘર તૈયાર થઈ ગયાં છે. તેનું વાસ્તુ કરવું છે. તો આવતી કાલે આપ ગઢાળી સંતોને લઈને પધારો."

મહારાજ તેમનો ભાવ જોઈ મંદમંદ હસતા હતા. તેમણે કહ્યું : "શેઠ ! તમે પ્રેમી બહુ છો. એટલે વધારે પડતું ખર્ચ કરી નાખો, એટલે અમારું મન માનતું નથી. અત્યારે દેશકાળ કઠણ છે."

તરત જ આંબા શેઠે કહ્યું : "મહારાજ ! આપ બિરાજો છો એટલે દેશકાળ રૂડા જ છે. છતાં આપ જે કહેશો તે રસોઈ બનાવીશું."

એટલે મહારાજે કહ્યું : "જુઓ, ફક્ત અડદની દાળ અને રોટલા બનાવજો." શેઠે હા કહી અને મહારાજને પગે લાગીને ગયા.

બીજે દિવસે મહારાજ ત્રણસો સંતો સાથે ગઢાળી પહોંચ્યા. ગઢાળી ગામ નાનું અને સંતોનો સમૂહ મોટો ! એટલે આખું ગામ સંતોથી ભરાઈ ગયું. મહારાજ આંબા શેઠના નવા ઘરમાં પધાર્યા. ઘર જોઈ બહુ જ રાજી થયા. મહારાજે કહ્યું : "શેઠ ! ઘર તો સારાં બનાવ્યાં છે."

શેઠે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આવા ઘર અહીં બનાવીને આપને પધરાવીએ તો અક્ષરધામમાં અમને રહેવા ઘર મળે ને ! આ તો ગાર્ય-માટીનાં છે તે તો વહેલાં-મોડાં પડી જશે. વળી, અમારે આ ઘરમાં અંતે રહેવાનું નથી. અમારે તો અક્ષરધામમાં ઘર બંધાવશું ત્યાં જ રહેવું છે. તેથી આપની અહીં પધરામણી કરી અક્ષરધામમાં અમારા વાસ્તે ઘરનો આજે મેં પાયો નાંખ્યો છે."

તેમની સમજણથી મહારાજ રાજી થયા. પછી પૂછ્યું : "શેઠ ! હવે રસોઈને કેટલી વાર છે ?"

તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! બધું જ તૈયાર છે. આપ હાથ, પગ ધોઈને આ બાજોઠ ઉપર બિરાજી જાવ."

મહારાજને મુકુન્દ બ્રહ્મચારીએ હાથ-પગ ધોવરાવ્યા. મહારાજ બાજોઠ ઉપર બિરાજ્યા એટલે શેઠે મહારાજ સન્મુખ બીજો બાજોઠ મૂક્યો. તેના ઉપર મોટો થાળ મૂક્યો. તે જોઈ મહારાજે કહ્યું : "શેઠ ! રોટલા અને દાળની રસોઈમાં આવડો મોટો થાળ કેમ મૂક્યો ?"

એટલે શેઠે કહ્યું : "મહારાજ ! અમે દાળ બનાવી છે તેમાં અમારાં ઘરનાં મનુષ્ય હળદર નાખતાં ભૂલી ગયાં છે અને રોટલા પણ જરા કાળા થયા છે. વળી, અમારા વાણિયાના રિવાજ પ્રમાણે અથાણાં, પાપડ, રાયતું, ચટણી વગેરે મૂકવા માટે બીજો થાળ રાખ્યો છે."

મહારાજ સમજી ગયા. શેઠે દૂધપાક અને માલપૂઆની રસોઈ બનાવી હતી. તેમનો ભાવ હતો તેથી મહારાજ પ્રેમથી જમ્યા. સંતોને પણ જમાડ્યા. પછી મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

આંબા શેઠ મહારાજનું નામ પાડે છે

એટલામાં આંબા શેઠ સૂંડલો ભરીને સાકર લઈ આવ્યા અને મહારાજને કહ્યું : "મહારાજ ! આ સાકર આપ સૌને વહેંચો."

મહારાજે પૂછ્યું : "હમણાં તો સૌ જમ્યા. પછી વળી સાકર કેમ વહેંચવાની છે ?"

ત્યારે શેઠે કહ્યું : "મહારાજ ! ઘરમાં છોકરાનો જન્મ થાય ત્યારે નામ પાડતી વખતે સગામાં સાકર વહેંચે. આજે મેં આપનું નામ પાડ્યું છે એટલે સાકર આખા ગામમાં વહેંચવી છે."

મહારાજે કહ્યું : "અમને તો બધા સ્વામિનારાયણ, સહજાનંદ, નારાયણ-મુનિ, હરિકૃષ્ણ મહારાજ, શ્રીજીમહારાજ એ નામે ઓળખે જ છે. તે તમે વળી નવું શું નામ પાડ્યું છે ?"

આંબા શેઠ હસ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! એવાં બધાં નામ અમને ગામડામાં રહેનારને બોલતાંય નો આવડે. એટલે મેં આપનું નામ 'ન્યાલકરણ' રાખ્યું છે. આપ સૌને ન્યાલ કરી દ્યો છો, માયાના બંધનમાંથી છોડાવી અક્ષરધામ આપો છો એ તે કાંઈ જેવી-તેવી વાત કહેવાય ? માટે આપ સાકર જમો અને સૌને વહેંચો."

મહારાજ આ સાંભળી હસ્યા. પછી સૌને સાકર વહેંચી. સાંજે મહારાજ સંતો સાથે ગઢપુર જવા નીકળી ગયા.

મહારાજ ગઢપુર પધાર્યા ત્યારે અમદાવાદથી એક હરિભક્ત ત્યાંના ભક્ત દામોદર પટેલનો પત્ર લઈને આવ્યા હતા. મહારાજની રાહ જોતા તે દરબારમાં બેઠા હતા. મહારાજ પધાર્યા એટલે તેમને સમાચાર આપ્યા. મહારાજે કહ્યું : "તેમને આંહીં બોલાવો !" તેથી પાર્ષદ તેમને અક્ષર ઓરડીમાં મહારાજ પાસે લઈ ગયા. અહીં આવી તે ભક્તે મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. પછી દામોદર પટેલે આપેલો પત્ર મહારાજને આપ્યો. મહારાજે શુક-મુનિને કહ્યું : "વાંચો."

મુક્તાનંદ સ્વામીને ઝેર મિશ્રિત ચંદન ચર્ચ્યું

શુકમુનિ પત્ર વાંચવા લાગ્યા. પત્ર વાંચતાં વાંચતાં તેમની રોમાવલી ઊભી થઈ ગઈ. તેમાં લખ્યું હતું કે -

"હજુ પણ સંતના દ્વેષી અસુરો અહીં છૂપા વસે છે. જન્માષ્ટમી પછીના દિવસે મુક્તાનંદ સ્વામી નાહીને નિત્યવિધિ કરતા હતા એટલામાં પ્રસાદી માટે જુદાં જુદાં પડીકાં આવ્યાં. તે બધાં જોતાં એકમાં મોરથૂથું હતું. ભૂલથી પણ જો ખવાઈ જાય, તો મૃત્યુ જ નીપજે. એટલે તે પડીકું ઊંડી ખાળમાં નાખી દીધું. પણ ભગવાન માટે રવાજી ચંદન ઘસતા હતા, તેમાં તેમણે એક પડીકામાં અબીર હતું તે મેળવ્યું અને ઠાકોરજીને ચંદન ચર્ચી મુક્તાનંદ સ્વામીનું તે ચંદનથી

પૂજન કર્યું. થોડી વારે મુક્તાનંદ સ્વામીના કપાળમાં ચંદનથી બળતરા ઊપડી અને રવાજીના હાથમાં પણ બળતરા ઊપડી. તરત જ ભીના રૂમાલથી મુક્તાનંદ સ્વામીના કપાળમાંથી ચંદન લૂછી નાંખ્યું. અબીરને બદલે તે પડીકામાં તીવ્ર ઝેર હતું. તેથી મુક્તાનંદ સ્વામીના કપાળની ચામડી લાલ લાલ થઈ ગઈ. છતાં પોતે કથા પૂરી કરી. પછી રવાજીને કહ્યું : 'આજે ચંદનમાં કાંઈક ઝેરી વસ્તુ આવી ગઈ હોય તેમ લાગે છે.' એટલે રવાજીએ તે અબીરનું પડીકું જોયું તો લાગ્યું કે તે તીવ્ર ઝેર છે. તે પડીકું તરત જ તેણે પૃથ્વીમાં દાટી દીધું. આમ, આપના પ્રતાપે સ્વામીની રક્ષા થઈ છે, પરંતુ અસુરોનો આસુરભાવ ઓછો થયો નથી. અંગ્રેજના અમલને લીધે દબાયા છે પણ આવાં છાનાં કપટ કરે છે."

મહારાજ કાગળ સાંભળી આંખો મીંચી હરિ હરિ બોલવા લાગ્યા, પછી કાગળ લખાવ્યો : "અસુરો તેમનો આસુરભાવ મૂકવાના નથી અને આપણે આપણી સાધુતા મૂકવાની નથી. મુક્તાનંદ સ્વામીની સાધુતાથી જ તેમની રક્ષા થઈ છે. કર્તાહર્તા ભગવાન છે. તે રક્ષા તો કરશે જ."

આ પ્રમાણે મહારાજે દામોદર ઉપર કાગળ મોકલાવ્યો. પછી મહારાજ વાતો કરવા લાગ્યા. તેમની સન્મુખ ગોપાળાનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, શુકમુનિ, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વગેરે સંતો બેઠા હતા. મહારાજની વાતોમાં મુક્તાનંદ સ્વામીની સાધુતા, ધર્મની દઢતા, અણીશુદ્ધ વર્તન આ બધા ગુણોની પ્રશંસા હતી.

અમારા ધામનો પગ ખળખળિયાની બખોલમાં ભરાઈ ગયો છે

એટલામાં એકાએક મહારાજ બોલી ઊઠ્યા : "ધીરા રહીને કાઢો નહીં તો પગ ભાંગી જશે."

મહારાજને આ પ્રમાણે તદ્દન અસંબદ્ધ બોલતા સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું : "મહારાજ ! આપ આ કોને કહો છો ?"

એટલે મહારાજે કહ્યું : "બ્રહ્મચારી ! અમારા પગ કાઢો નહીં તો ભાંગી જશે."

આ સાંભળી બ્રહ્મચારી મૂંઝાયા. તે તરત જ ઊભા થઈ ગયા અને મહારાજને કહ્યું : "મહારાજ ! આપ તો ઢોલિયા ઉપર સ્વસ્થ થઈને બેઠા છો ને 'પગ કાઢો, નહીં તો ભાંગી જશે' એમ કેમ કહો છો ?"

મહારાજના મુખ ઉપર અકળામણના ભાવ હતા. તેમણે તરત જ કહ્યું :

"અમારા ધામનો પગ ખળખળિયાની બખોલમાં આવી ગયો હતો તે અમે માંડ કાઢ્યો."

પરંતુ મહારાજની આ વાણી કોઈ સમજ્યા નહીં. એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! કાંઈ સમજાય એવું બોલો તો અમને ખબર પડે."

ગોપાળાનંદ સ્વામી હસતા હતા. મહારાજે તેમના સામું જોઈ કહ્યું : "ભાદરાવાળા નિર્ગુણાનંદ સ્વામી જેમને અમે ડભાણમાં દીક્ષા આપી હતી અને ગુણાતીતાનંદ નામ પાડ્યું હતું તે કૃપાનંદ સ્વામી સાથે ઘેલામાં પુરુષોત્તમ ઘાટે નહાતા હતા. નહાતાં નહાતાં તેમનો પગ બખોલમાં ભરાઈ ગયો એટલે અમારે એમ કહેવું પડ્યું."

મહારાજના શબ્દોનો મર્મ ગોપાળાનંદ સ્વામી સમજી ગયા હતા. તેઓ તો પોતાની ઉત્તમ મુક્તની સ્થિતિથી જાણતા જ હતા કે ગુણાતીતાનંદ સ્વામી એ મહારાજના અક્ષરધામનો અવતાર છે. મહારાજ સાથે તેમને તાત્ત્વિક એકતા છે એટલે મહારાજના આ શબ્દો સહજ જ હતા. પરંતુ અન્ય સંતોને સ્વામીનું સ્વરૂપ સમજાવવા અને સ્વામી સાથે પોતાને શરીર-શરીરી ભાવે એકતા છે તે રહસ્ય ખુલ્લું કરવા મહારાજ આ શબ્દો બોલ્યા.

એટલામાં ગુણાતીતાનંદ સ્વામી તથા કૃપાનંદ સ્વામી નાહીને ત્યાં આવ્યા. મહારાજે સ્વામીને પાસે બોલાવ્યા. તેમનો જમણો પગ જોયો. તે છોલાઈ ગયો હતો. મહારાજે સૌને પગ બતાવ્યો. પછી પૂછ્યું : "સ્વામી ! શું થયું ? પગ કેમ કરતાં છોલાઈ ગયો ?"

એટલે કૃપાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આ સ્વામીનો પગ ખળખળિયાની બખોલમાં પેસી ગયો હતો. છતાં તેઓ તો 'મહારાજ મહારાજ' કહી આપનું ભજન કરતા હતા. પછી ધીરે રહીને પગ ખેંચી લીધો તોપણ આટલો છોલાઈ ગયો !"

ઉદ્‌ગીથ ૯



ગઢપુર, જેતલપુર અને શ્રીનગરમા ઉત્સવો

(આ.સં. ૧૮૭૬, ઈ.સ. ૧૮૧૯)

સંતો માટે નવું પ્રકરણ

શ્રીજીમહારાજે પોતાના સંતોની સાધુતાની, તેમના અંતરમાં પોતાના સ્વરૂપના દૃઢ નિશ્ચયની પૂરી કસોટી કરી લીધી હતી. છતાં તેમનામાં કોઈ ક્ષતિ રહી ન જાય તે માટે તેઓ પ્રસંગોપાત્ત નવાં નવાં પ્રકરણો ફેરવતા હતા. કેટલાક દિવસ પહેલાં મહારાજે સંતો માટે એક નવું પ્રકરણ શરૂ કર્યું હતું. તે અંગે શુકમુનિ પાસે મોટા મોટા સંતો ઉપર કાગળ લખાવ્યો હતો. મહારાજે તેમાં જણાવ્યું હતું કે "સૌ પરમહંસોએ ટાઢ, તડકો અને વરસાદની ધારા સહન કરવી. ઘાસના ઓઘાનો પણ આશ્રય લેવો નહીં અને જેમ બને તેમ તપ કરવું. રાત્રીએ વગડામાં નિવાસ કરવો અને કૂતરાના ભસવાનો પણ અવાજ ન સંભળાય એટલે દૂર ગામથી વગડામાં રહેવું. રાત્રીવાસ દરમ્યાન બે સંતો સાથે હોય તોપણ તેમણે ભેગા રહેવું નહીં."

મહારાજની આ આજ્ઞા સાંભળી સભામાં બેઠેલા હીરાદાસ સ્વામીને લાગ્યું કે આવી આકરી કસોટીમાં મારાથી ટકી શકાશે નહીં. તેથી તેણે સત્સંગમાંથી નીકળી જવા સંકલ્પ કર્યો. છતાં તેમના અંતરમાં એવી અભિલાષા હતી કે જો પાળી શકાય તો મહારાજની આ આજ્ઞા પાળવી. પરંતુ મહારાજના સ્વરૂપનો નિશ્ચય અને આ દિવ્ય સત્સંગનો ભાવ અંતરમાંથી ટળવા દેવા નથી. તેઓ મહારાજ પાસે ગયા અને મહારાજને નિષ્કપટ ભાવથી તેમનો સંકલ્પ કહ્યો.

મહારાજે હસીને કહ્યું : "તમે આ સત્સંગમાં એવા ઘડાયા છો કે આ દિવ્ય સત્સંગ વિના તમને બીજે ક્યાંય ગમશે નહીં. છતાં તમારા અંતરના વિચારો પ્રમાણે તમારે સત્સંગમાંથી નીકળી જવું હોય તો અમે તમને પરાણે રોકીશું નહીં, કારણ કે આ સત્સંગમાં રહીને તો દેહના અને મનના બધા જ

ભાવો મૂકવા પડશે.''

તે સંતે મહારાજને પ્રણામ કર્યા અને આશીર્વાદ લઈને ત્યાંથી નીકળી ગયા.

થોડા દિવસો પછી શ્રીહરિએ ગઢપુરમાં આ.સં. ૧૮૭૬નો જળઝીલણીનો ઉત્સવ કર્યો. ઉન્મત્ત ગંગામાં ઠાકોરજીને ફેરવીને પાંચ આરતી કરી. પોતે સ્નાન કરવા નિર્મળ જળમાં બેઠા. સખા સાથે જળક્રીડા કરી. બહાર નીકળી શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં અને માણકી ઉપર બિરાજમાન થઈ દરબારમાં પધાર્યા. મહારાજ દરબારમાં આવ્યા અને તરત જ લિંબતરુ નીચે પાટ ઢળાવી ત્યાં સભા કરી. એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આપ થોડો આરામ કરો. પછી સભા થશે.''

મહારાજે તરત જ કહ્યું : ''સ્વામી ! આજે એકાદશી છે. ઇન્દ્રિયો, અંતઃકરણને ભગવાનના સ્વરૂપમાં અખંડ જોડી રાખવાં જોઈએ. એક ક્ષણ પણ જો તેમને છૂટાં મૂકીએ તો તે પોતાનો આહાર કરે અને વ્રતભંગ થઈ જવાય.''

મારા જીવમાંથી આપના સ્વરૂપનો નિશ્ચય કાઢી નાખો

બ્રહ્માનંદ સ્વામી મહારાજની રુચિ સમજી ગયા. તરત જ સભા થઈ. એટલામાં ત્યાં થોડા સમય પહેલાં સત્સંગના આકરા નિયમને લીધે સત્સંગમાંથી નીકળી ગયેલા હીરાદાસ સ્વામી આવ્યા. મહારાજે તેમને જોયા અને પાસે બોલાવ્યા. તેમણે મહારાજને દંડવત્ કર્યા, પણ દંડવત્ બરાબર કરી શક્યા નહીં. ધીરે ધીરે મહારાજ પાસે આવ્યા મહારાજનાં ચરણકમળમાં પોતાનું માથું મૂકી રડી પડ્યા. મહારાજે તેમના મસ્તક ઉપર પોતાના બે હાથ મૂક્યા. તેમને શાંત કર્યા. પછી તેમને પૂછ્યું : ''સાધુરામ ! તમને શું થયું છે ?''

તેમણે મહારાજને કહ્યું : ''મહારાજ ! મારા જીવમાંથી કાં તો આપના સ્વરૂપનો નિશ્ચય કાઢી નાખો અને નહીં તો મને આપની પાસે સત્સંગમાં રાખો.''

તેમની આ અકળામણ જોઈ મહારાજે તેમને કહ્યું : ''સાધુરામ ! અમારા સ્વરૂપનો નિશ્ચય તમારા અંતરમાંથી કાઢી નાખવો તે અમારા હાથમાં નથી. એ તો કુસંગીઓનું કામ છે. તેઓ તમને ભેટે તો તે નીકળી જશે. તે માટે તમારે અહીં આવવાની જરૂર નથી.''

આ સાંભળી તે સ્વામી રડવા લાગ્યા. તેમનાથી ઊભું પણ રહી શકાતું ન હતું. એટલે એકદમ નીચે પડી ગયા. તેમના શરીર ઉપરથી વસ્ત્ર ખસી ગયું. તેમના આખા શરીરમાંથી બહાર આવી ગયેલા માંસના લોચા દેખાતા હતા.

મહારાજ એકદમ ઊભા થઈ ગયા અને તેમની પાસે બેસી ગયા. તેમના લોહી નીંગળતા શરીરે હાથ ફેરવ્યો અને ધીરેથી પૂછ્યું : ''સાધુરામ ! આ શું થયું ? આ આખા શરીરને આ ઉપાધિ કોણે કરી ?''

તેઓ કાંઈ બોલી શક્યા નહીં અને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા. બધા સંતો તેની પાસે આવી ગયા. શરીરનો એક પણ ભાગ એવો ન હતો જ્યાંથી માંસના લોચા બહાર નીકળ્યા ન હોય. સૌ સંતો આ જોઈ ધ્રૂજી ગયા ! મહારાજ હજુ તેના શરીર ઉપર હાથ ફેરવતા હતા. ધીરે રહીને મહારાજે કહ્યું : ''સાધુરામ ! તમે હવે અમારી પાસે જ છો. માટે મૂંઝાશો નહીં. પણ આ શું થયું ? કોણે આવો કેર કર્યો ?''

હીરાદાસ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! હું અહીંથી નીકળી ગામોગામ ફરવા લાગ્યો. ત્યાં ચોરામાં, ધર્મશાળામાં, શંકરના મંદિરમાં કે વગડામાં પડી રહેતો અને આપનું ભજન કરતો. મુમુક્ષુ મળે તેને આપના સ્વરૂપની વાતો કરી આપના સ્વરૂપનો નિશ્ચય કરાવતો.'' એટલું બોલતાં તે થાકી ગયા.

મહારાજે તરત જ પાણી મંગાવ્યું. મહારાજે એમને પાણી આપ્યું પણ તેણે કહ્યું : ''મહારાજ ! આજે તો નિર્જળા એકાદશી છે ને ?''

મહારાજે કહ્યું : ''હા, છે. પણ તમારે માટે નથી. તમે પાણી પીઓ. અમારી આજ્ઞા છે.''

તે સાધુએ મહારાજની આજ્ઞાથી પાણી પીધું એટલે થોડા સ્વસ્થ થયા.

સ્વામિનારાયણ કા નામ મત લેના

હીરાદાસ સ્વામીએ વાત ફરી શરૂ કરી : ''મહારાજ ! એક નાના ગામમાં રામજી મંદિર હતું. ત્યાં રાત્રે દસ વાગે હું પહોંચ્યો અને ત્યાં જ રહેવા નક્કી કર્યું. ઝોળી ભરાવીને હું 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' એ પ્રકારે ભજન કરવા માંડ્યો. તે સાંભળીને ત્યાં ઊતરેલા બીજા બાવા મારી પાસે આવ્યા અને મને પૂછ્યું : 'તુમ કિસકા સાધુ હૈ ઔર ક્યા ભજન કરતે હો ?' મેં કહ્યું : 'હું સ્વામિનારાયણ ભગવાનનો સાધુ છું અને તેમનું ભજન કરું છું. તમને ન રુચતું હોય તો મનમાં ભજન કરીશ.' પણ તે તો સ્વામિનારાયણનું નામ સાંભળી ભડક્યા. મને કહ્યું : 'સ્વામિનારાયણ કા ભજન છોડ દે નહીં તો તુમકો હમ જલા દેંગા.' પણ મેં તેનું કાંઈ સાંભળ્યું નહીં અને એકાંતમાં બેસી 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ધૂન્ય કરવા માંડી. એટલે તે સાધુઓ બહુ જ

ખિજાણા. તેમણે તેમની ભઠ્ઠીમાં ચીપિયા મૂકીને તપાવ્યા અને પછી મારી પાસે આવીને કહ્યું : 'બાબુડી ! સ્વામિનારાયણ કા નામ મત લેના, યે દેખા ? અબી હમ તુમકો જલા દેંગા.' મેં પછી નામ મનમાં બોલવાનું શરૂ કર્યું, પણ મારા હોઠ ફફડતા જોયા એટલે મને નીચે પાડીને લાલચોળ થયેલા ચીપિયાથી મારા આખા શરીરે તેઓ ડામ દેવા લાગ્યા. તે દુઃખથી મારાથી જોરથી 'સ્વામિ-નારાયણ સ્વામિનારાયણ' બોલી જવાય. જોરથી બોલાય એટલે તેઓ બધા એટલા જ જોરથી મારા આખા શરીરે ડામ દેવા લાગ્યા. પછી તો મને કાંઈ ભાન રહ્યું નહીં. એટલે તેઓ બધા તેમની જગ્યાએ જઈને સૂઈ ગયા. મેં આંખો ઉઘાડી ત્યારે એક સાધુ મારી પાસે બેઠા હતા. તે મારા શરીરે હાથ ફેરવતા હતા. તેમણે મને પાણી પાયું. પછી મને પૂછ્યું : 'સાધુરામ ! ક્યાં જવું છે ?' મેં કહ્યું : 'ગઢપુરથી નીકળી ગયો હતો પણ પાછું હવે ગઢપુર જવું છે.' આખા શરીરે ડામ દીધા હતા એટલે બળતરા બહુ થતી હતી. લોહી નીકળતું હતું. કોઈ રીતે સૂઈ શકાય તેવું ન હતું એટલે બેઠા બેઠા આખી રાત ભજન કર્યું. સવારે નીકળીને માંડ માંડ આપની પાસે પહોંચ્યો છું.''

આ ડામ મારા શરીર ઉપર પડ્યા છે

મહારાજની આંખમાંથી અશ્રુ ચાલ્યાં જતાં હતાં. તેઓ વિચાર કરવા લાગ્યા : સ્વામિનારાયણ નામનો આટલો બધો વિરોધ ! આ કયા પ્રકારનો ધર્મ ? કયા પ્રકારની સાધુતા ? મહારાજના વિચારનો દોર ઊંડો ને ઊંડો જતો ગયો. ભારતમાં પ્રસરેલો સનાતન ધર્મ સનાતન જ છે. તેનો કદી નાશ થતો નથી જ. ક્ષીણ થાય છે ત્યારે ભગવાન પ્રગટ થઈ તેનું પુનઃ સ્થાપન કરે છે. પરંતુ તે સનાનત ધર્મને નામે ચરી ખાનારા માંધાતાઓ એટલું નથી સમજતા કે ધર્મને અનુસરતા અનુયાયીઓ પોતાને સનાતની અર્થાત્ રાગદ્વેષથી પર આત્મભાવી ન કરી શકે તો તે ધર્મનું તેઓ જ અવમૂલ્યન કરી રહ્યા છે.

મહારાજ હજુ વિચારમાં જ હતા. તેમના હાથ એ સાધુના શરીર ઉપર ફરી રહ્યા હતા. એકાએક તેમણે કહ્યું : ''આ સાધુની પથારી અક્ષર ઓરડી પાસે જ કરાવો. અમે તેમની સારવારમાં રહેશું.''

એ સાંભળી નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે બોલી ઊઠ્યા : ''મહારાજ ! આપ કહેશો તે પ્રમાણે અમો તેમની સારવાર કરશું. આપને શા માટે તકલીફ લેવી જોઈએ ?''

"મને તકલીફ નથી, મને વ્યથા છે સ્વામી ! આ ડામ મારા શરીર ઉપર પડ્યા છે. આટલા ડામ દીધા છતાં આ સાધુએ અમારું નામ છોડ્યું નહીં એટલે અમે હવે તેને કેમ છોડીએ ? અમે તેની પાસે જ રહેશું. તેની સારવાર કરશું. તેની વ્યથા મટશે ત્યારે જ અમારા અંતરમાં શાંતિ થશે."

સૌ શૂન્યમનસ્ક બનીને આ સાંભળી રહ્યા ! છતાં સૌનાં અંતરમાં આ પ્રસંગથી એક પ્રકારની હિંમત આવી ગઈ. તેમને થયું કે મહારાજ પોતાના અર્થે દુઃખ સહન કરતા ભક્તોને આટલા વશ થઈ જાય છે, તો આપણે જગત તરફથી આવતાં દુઃખને ઠોકરે મારી ભગવાનના સુખનો અનુભવ કરવો. તેમાં જ આપણું સાચું ભક્તપણું છે, સત્સંગનું સાચું ગૌરવ છે.

મહારાજની મરજી અનુસાર એ સંતની સારવાર શરૂ થઈ ગઈ. સંતો, પાર્ષદો સેવામાં જોડાઈ ગયા. દરબારમાંથી જીવુબા, લાડુબા વગેરે બહેનો પણ તે સાધુ માટે ભોજન તેમજ બીજી વસ્તુઓ તૈયાર કરી દેતાં અને મહારાજની સેવા કર્યાનો સંતોષ માનતાં. થોડા સમયમાં મહારાજની દૃષ્ટિ અને આશીર્વાદથી તે સાધુ સારા થઈ ગયા.

ગઢપુરમાં ઉત્સવોની પરંપરા

ભાદરવો ઊતર્યો અને આસો બેઠો. વિજયા દશમીનો ઉત્સવ મહારાજે ધામધૂમથી ઊજવ્યો. શરદપૂર્ણિમાના ઉત્સવ પ્રસંગે મહારાજના મુખ ઉપર કાંઈક જુદી જ ચમક જણાતી હતી. ગોપીઓ સાથે શ્રીકૃષ્ણના રાસથી શરદની રાત ધન્ય બની ગઈ હતી ! પરંતુ પોતાના ધામ સાક્ષાત્ ગુણાતીતના જન્મથી શરદની રાત માયાનું વિદારણ કરવામાં કારણભૂત બની ગઈ હતી. તે રહસ્ય જ્યારે સૌને સમજાશે, ત્યારે શરદની રાતનું ગૌરવ વધી જશે ! મહારાજ આ વિચારોથી મનોમન હસતા અને સૌ એમ માનતા કે મહારાજ ઉત્સવપ્રિય હોવાથી આ ઉત્સવનો આનંદ તેમના અંતરમાં છે તે મુખ ઉપરના સ્મિત દ્વારા બહાર આવે છે.

પૂનમનું ગ્રહણ હતું. પછી મહારાજે ગ્રહણ દરમ્યાન આચરવાની વિધિનું તાત્પર્ય સમજાવતાં કહ્યું : "ચંદ્રનો ગ્રાસ થાય એટલો સમય ચંદ્રને અત્યંત દુઃખ થાય છે. તે દુઃખમાંથી તેની મુક્તિ થાય તે માટે ભગવાનની કથા, કીર્તન કરવાં જોઈએ, જેથી ચંદ્રનું કષ્ટ હળવું બને. વળી, આ ગ્રાસ દરમ્યાન આકાશમાં વાતાવરણ કલુષિત થાય છે એટલે ખાવા-પીવાનો નિષેધ કર્યો છે અને ગ્રહણ

છૂટે કે તરત જ સાબોળ સ્નાન કરવાનું કહ્યું છે. શાસ્ત્રકારોએ બતાવેલી આ વિધિમાં આધ્યાત્મિક રહસ્ય છે અને શુદ્ધીકરણની ભાવના પણ છે."

પછી સંતો પાસે કીર્તન-ભક્તિ કરાવી. ગ્રહણ છૂટ્યું એટલે પોતે રોઝા ઘોડા ઉપર બિરાજી સંતો, હરિભક્તો સાથે ઉન્મત્ત ગંગામાં નહાવા પધાર્યા. નાહીને રોઝા ઘોડાના કપાળમાં ચાંદલો કર્યો. પછી પ્રાગજી દવેને બોલાવ્યા. તેમના કપાળમાં પણ ચાંદલો કર્યો અને રોઝો ઘોડો તેમને અર્પણ કરી દીધો. આ જોઈ કાઠી હરિભક્તો એકદમ બોલી ઊઠ્યા : "અરે મહારાજ ! આવો કિંમતી ઘોડો એમ દાનમાં ન આપી દેવાય. અમને કહ્યું હોત તો દાન માટે અમે એક-બે ટારડા લઈ આવત."

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "દાન આપવું હોય તો પોતાની વહાલી વસ્તુ, કિંમતી વસ્તુ જ દાનમાં આપવી જોઈએ. ઊતરતી વસ્તુનું દાન આપવું તે તમોગુણી દાન છે. તેનું ફળ પણ એવું જ મળે."

પછી મહારાજે લિંબતરુ નીચે સભા કરી ઉત્સવ કરાવ્યો. પછી શાલિગ્રામની મૂર્તિને દૂધ-પૌંઆ ધરી મહારાજ સૌ સંતોને દૂધ-પૌંઆ આપવા લાગ્યા. સૌને પ્રસાદી આપતા જાય અને કહેતા જાય : "સંતો ! ખૂબ જમો. આજનો અવસર અમૂલ્ય છે."

ગઢપુરમાં દીપોત્સવ : આ.સં. ૧૮૭૬

ગઢપુરમાં મહારાજ દીપોત્સવ તથા અન્નકૂટોત્સવ કરવાના હતા. તેથી આજુબાજુનાં ગામોમાંથી હરિભક્તો ગઢપુર આવ્યા હતા. મહારાજે દીપોત્સવને દિવસે હરિભક્તોના મનોરથ પૂરા કરવા સોનેરી વસ્ત્રો તથા સુવર્ણ અલંકારો ધારણ કર્યાં. પછી જ્યાં દીપમાળા ગોઠવી હતી ત્યાં આવી સિંહાસનમાં બિરાજ્યા. આરતી, ધૂન બાદ બ્રહ્મમુનિ દિવાળીનાં પદો ગાવા લાગ્યા :

સખી હૈડે તે હરખ ન માય, આજ દિવાળી રે,
હું તો મગન થઈ મનમાંય, ભૂધર ભાળી રે.
હું તો હરખભરી મનમાંય, હરિને વધાવું રે.
સખી અહોનિશ બારે માસ, રહેજો આવું આવું રે.

બ્રહ્મમુનિએ મધ્યરાત્રી સુધી ચાર પદ ઘૂંટી ઘૂંટીને ગાયાં અને સૌના અંતરમાં શ્રીહરિની મૂર્તિના દીપ પ્રગટાવી દીધા.

બીજે દિવસે સવારે ઉન્મત્ત ગંગામાં સ્નાનવિધિ કરી મહારાજ દરબારમાં

પધાર્યા. અન્નકૂટોત્સવ હોવાથી આજે પણ મહારાજે સુવર્ણના તારનાં વસ્ત્રો અને આભૂષણો ધારણ કર્યાં. માણકી ઘોડી ઉપર સુંદર સોનેરી પલાણ નાંખ્યું. હીરની લગામ પહેરાવી માણકીને તૈયાર કરી. મહારાજ તેના ઉપર બિરાજમાન થયા અને વાજતે-ગાજતે રાધાવાવ પધાર્યા. ત્યાં થોડી વાર સભા કરી પાછા દરબારમાં પધાર્યા. અન્નકૂટની સામગ્રી બધી તૈયાર હતી. વાસુદેવ નારાયણની મૂર્તિ સમક્ષ અન્નકૂટની તમામ સામગ્રીઓ વર્ણીઓએ, અન્ય બ્રાહ્મણ હરિભક્તોએ કલાત્મક રીતે ગોઠવી દીધી. મહારાજ ગોઠવણી જોઈ પ્રસન્ન થયા.

"આવા ભાવથી ભગવાનને જમાડીએ ત્યારે ભગવાન મૂર્તિમાંથી પ્રત્યક્ષ થાય." મહારાજ બોલ્યા.

"પરંતુ અમારે માટે તો આપ પ્રત્યક્ષ જ છો, પછી ?" બ્રહ્મમુનિએ કહ્યું.

"એ તો સાચું. પરંતુ પ્રત્યક્ષ ન હોય ત્યારે મૂર્તિમાં ભગવાન પ્રગટ છે તેમ માની તે ભાવથી ભગવાનમાં જોડાવું." મહારાજે તરત જ કહ્યું.

ત્યારબાદ મહારાજે આરતી ઉતારી. બ્રહ્મચારીએ પણ અક્ષર ઓરડીમાં મહારાજ માટે અન્નકૂટ ગોઠવ્યો હતો. મહારાજ જમ્યા અને સૌ સંતો, હરિભક્તોને પીરસવા પધાર્યા.

સચ્ચિદાનંદ સ્વામીએ ઐશ્વર્યનો ઉપયોગ સારા કામ માટે કર્યો

તે દિવસે સાંજે સભા થઈ. ત્યારે મહારાજે સભામાં જાહેર કર્યું કે દેવદિવાળીનો ઉત્સવ અમે જેતલપુર કરીશું. માટે સૌ કાઠી હરિભક્તો તૈયાર થઈ જજો. જે સંતો આ ઉત્સવ ઉપર ગઢપુર આવ્યા હતા તેમને પણ મહારાજે કહ્યું : "તમે સૌ જેતલપુર આવજો અને જે જે ગામમાં જાઓ ત્યાં સૌને વાત કરજો. જેમને શ્રદ્ધા ને ખપ હોય તે જેતલપુર આવે."

ત્યારબાદ વાસુદેવ નારાયણના મંદિરમાં આરતી કરી. ધૂન બાદ ઝીણાભાઈ દરબારે મહારાજને કહ્યું : "મહારાજ ! સમૈયાનો જે ખર્ચ થશે તે હું આપીશ પણ સમૈયો આપ અહીં કરો." એટલે મહારાજે તે પ્રમાણે પત્ર લખાવ્યો અને લક્ષ્મીરામ વિપ્રને પત્ર લઈ જેતલપુર જવા આજ્ઞા કરી.

બીજે દિવસે વહેલી સવારે લક્ષ્મીરામ વિપ્ર પત્ર લઈને કારિયાણી પહોંચ્યા. અહીં સચ્ચિદાનંદ સ્વામીને મળ્યા. ત્યારે તેમણે પૂછ્યું : "કેમ આવ્યા છો, વિપ્ર ?"

તેમણે કહ્યું : "જેતલપુરનો સમૈયો બંધ રહ્યો છે અને ગઢપુરમાં સમૈયો

કરવાનો ઠરાવ કર્યો છે એટલે મહારાજનો પત્ર લઈને જેતલપુર જઉં છું.''

એટલે સચ્ચિદાનંદ સ્વામીએ હસતાં હસતાં કહ્યું : ''અહીંનું બંધ રહ્યું છે, ઠરાવ ફર્યો છે અને જેતલપુરનું નક્કી થયું છે માટે તમો જશો નહીં, અહીં રોકાવ. મહારાજ એક-બે દિવસમાં અહીં આવશે.''

લક્ષ્મીરામ વિપ્રને આ સાંભળી આશ્ચર્ય થયું. પણ પાછા તે દ્વિધામાં પડી ગયા. મહારાજની આજ્ઞા પ્રમાણે જેતલપુર જવું કે સ્વામીના કહ્યા પ્રમાણે અહીં રોકાવું ? છેવટે તેમણે સમાધાન કર્યું કે સ્વામીમાં રહીને મહારાજ જ બોલ્યા છે માટે અહીં રોકાવું.

વળતે દિવસે જ મહારાજ કારિયાણી પધાર્યા. વિપ્રને કારિયાણીમાં જોઈ મહારાજે તેમને પૂછ્યું : ''તમે જેતલપુર ગયા નથી ?''

તેણે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આ સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું કે જેતલપુરનું જ નક્કી થયું છે, ઠરાવ બદલાયો છે માટે અહીં રહો. એટલે અહીં રહ્યો છું.''

સચ્ચિદાનંદ સ્વામી આ સાંભળી મૂંઝાયા. તેમને બીક લાગી કે મહારાજ કદાચ ઠપકો આપશે. પરંતુ મહારાજે હસતાં હસતાં કહ્યું : ''સારું કર્યું. સચ્ચિદાનંદ સ્વામીએ ઐશ્વર્યનો ઉપયોગ સારા કામ માટે કર્યો.''

આ સુરાખાચરની ભૂખ ભાંગો

મહારાજ કારતક સુદ નવમીને દિવસે કારિયાણીથી નીકળી કુંડળમાં અમરા પટગરના દરબારમાં પધાર્યા. ત્યાંથી જમીને મહારાજ નીકળ્યા. સાથે ગઢપુરના કાઠી હરિભક્તો હતા. અલૈયાખાચર તથા ભગુજી પણ હતા. કારિયાણી અને કુંડળથી કાઠી ભક્તોને સાથે લીધા. રોજકા, પચ્છમ, સરગમવાળા થઈ ભોગાવો નદી ઊતરીને મહારાજ જવારજ તરફ ચાલ્યા.

ત્યારે સુરાખાચરે પૂછ્યું : ''મહારાજ ! આજે જમવાનું ક્યાં મળશે ?''

મહારાજે હસીને કહ્યું : ''કૌકાગામ આવે ત્યારે જમવા ભેગા થશો. તે સિવાય આશા રાખશો નહીં.''

જવારજ ગામ આવ્યું એટલે મહારાજે માણકીની લગામ છોડી દીધી અને તેની મરજી પ્રમાણે તેને ચાલવા દીધી. માણકી સીધી જ્યાં ક્ષત્રિયોના આવાસ હતા તે તરફ ગઈ અને ચોકમાં જઈને ઊભી રહી.

એ જ વખતે ઘઉંની વાવણી હોવાથી વડારણો ખેતરમાં ભાત લઈને જતી

હતી. પુરુષો કોઈ ઘેર ન હતા. મહારાજે તે બાઈઓને કહ્યું : "તમે ભાત લઈને જાઓ છો પણ અમને બબ્બે રોટલા આપો. અમે સ્વામિનારાયણ પોતે છીએ. અમારી સાથે અમારા ભક્તો છે. તેમને તમારા રોટલા ખપશે. એટલે તેમને જમાડો. તેઓ બધા જમશે એટલે અમે પણ જમ્યા એમ માની લેજો."

મહારાજના શબ્દો સાંભળી વડારણો તરત જ અંદર ગઈ અને ક્ષત્રિયાણીઓને કહ્યું : "વગર તેડ્યે ભગવાન સ્વામિનારાયણ પધાર્યા છે અને જમવાનું માંગે છે. તેઓ કહે છે અમારા કાઠી ભક્તોને જમાડશો એટલે અમે જમી રહ્યા."

આ સાંભળી તેમને સૌને બહુ જ આનંદ થયો અને વડારણોને કહ્યું : "જાઓ, મહારાજને જઈને કહો કે ઘરમાં ઘી, ગોળ અને લોટ ઘણો છે. બ્રહ્મચારી શીરો બનાવી લે."

મહારાજે આ સાંભળી બ્રહ્મચારીને કહ્યું : "બ્રહ્મચારી ! આ સુરાખાચરની ભૂખ ભાંગો."

બ્રહ્મચારી અંદર ગયા. તેમને ઘી, ગોળ અને લોટ પુષ્કળ પ્રમાણમાં આપ્યાં. તેમણે તરત જ સૌ માટે શીરો બનાવી દીધો. મહારાજ માણકી ઉપરથી ઊતરી ઓસરીમાં આવી બિરાજ્યા હતા. કાઠી ભક્તો ઘોડીઓ બાંધી મહારાજની સન્મુખ બેઠા હતા. થોડી વારમાં શીરો તૈયાર થઈ ગયો. મહારાજે હાથ-પગ ધોયા. બ્રહ્મચારીએ મહારાજને શીરો પીરસ્યો. સૌ કાઠી ભક્તોને શીરો અને રોટલી પીરસ્યાં. સૌ સારી રીતે જમ્યા.

પછી સુરાખાચરે કહ્યું : "મહારાજ ! અંતર તો અખંડ ટાઢું રહે છે પણ પેટમાં અગ્નિ પ્રગટ્યો હતો, તે હવે ટાઢું થયું ખરું !"

મહારાજ હસ્યા. પછી બાઈઓને કહ્યું : "અમે જેતલપુર જઈએ છીએ તો ત્યાં દેવદિવાળીના ઉત્સવ ઉપર સૌ આવજો."

શ્રીહરિ જેતલપુરમાં

જવારજથી નીકળી મહારાજ કૌકા થઈને સાબરમતી ઊતરી દશકોશીની શોભા નીરખતા સંતો તથા કાઠી હરિભક્તો સાથે જેતલપુર પધાર્યા. અનેક પ્રકારનાં વાજિંત્રો લઈને હરિભક્તો સામા આવ્યા અને શ્રીહરિને પુરમાં પધરાવ્યા. મહારાજ પધાર્યા છે તે સમાચાર મળતાં પુરજનો મહારાજનાં દર્શને આવવા લાગ્યા. મહારાજે સૌને બોલાવ્યા. સૌના કુશળ પૂછ્યા. પછી ગામમાં

તેમને માટે પાટીદાર હરિભક્તને ઘેર ઉતારો રાખ્યો હતો ત્યાં મહારાજ પધાર્યા. અહીં ચોક લીંપાવીને સ્વચ્છ કર્યો હતો. વચ્ચે લીમડાનું વૃક્ષ હતું. તેના ફરતી વેદિકા હતી. તે ઉપર મહારાજ માટે પલંગ બિછાવ્યો હતો. મહારાજ પલંગ ઉપર બિરાજ્યા. મહારાજે થોડી વાતો કરી. પછી જમવાનું તૈયાર થયું હતું તેથી ઊઠ્યા. જમીને મહારાજ પોઢી ગયા.

સાંજે મહારાજ તળાવ પાસે મહોલ પર આવ્યા. અહીં સંતોના ઉતારા હતા. કાઠી હરિભક્તોને ગામમાં ઉતારા આપ્યા હતા. સૌ અહીં આવી ગયા. મહારાજનાં દર્શન સૌને થયાં. મહારાજે કહ્યું : "વૃદ્ધ અને માંદા સંતો હોય તેમની દિવ્યભાવ સહિત સેવા કરવી. જે સંતની સેવા કરે છે એ જ સંત છે."

બીજે દિવસે અમદાવાદથી મુક્તાનંદ સ્વામી પધારે છે તેવા સમાચાર મળ્યા. મહારાજ તરત જ પોતાની સાથે થોડા સંતો અને હરિભક્તોને લઈને મુક્તાનંદ સ્વામીનો સત્કાર કરવા પધાર્યા. મુક્તાનંદ સ્વામી સામા દેખાયા એટલે મહારાજ માણકી ઉપરથી ઊતરી ગયા અને સામે ચાલવા લાગ્યા. મુક્તાનંદ સ્વામી મહારાજને દંડવત્ કરવા લાગ્યા. તેમની સાથે ગુણાતીતાનંદ સ્વામી તથા બીજા ત્રીસ સંતો હતા. પાર્ષદોમાં મુખ્ય રવાજી હતા અને બીજા પાંચ હતા. મહારાજ મુક્તાનંદ સ્વામીને તથા સાથેના સંતોને મળ્યા. પછી પશ્ચિમ દરવાજે થઈને વિશાળ ચોકમાં પધાર્યા. અહીં જ સભા કરી.

મહારાજે મુક્તાનંદ સ્વામીને શ્રીનગરના સત્સંગના સમાચાર પૂછ્યા. તેમને ઝેર આપ્યાની પણ વાત પૂછી. પરંતુ સ્વામી કાંઈ બોલ્યા નહીં. મહારાજે તેમના કપાળ તરફ જોયું, તે ઉપર હાથ ફેરવ્યો, પછી હસીને બોલ્યા : "ભેખ તો એવો જ હોય. આપણને ઘણી વીતી છે અને હજુ વીતશે પણ ખરી. દૈવી અને આસુરી સંપત્તિનો સંઘર્ષ અનાદિ કાળથી છે. તેઓ વિશેષ દ્રોહ કરે તેમાં જ તેમનો સર્વનાશ છે."

પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપને એરણ સાહેબ યાદ કરે છે. ખાસ સંદેશો મોકલ્યો છે કે જેતલપુરથી અમદાવાદ જરૂર મહારાજ પધારે. મંદિર માટે જોઈતી વધારાની જમીન પણ આપણને તેમના મારફત મળવા સભવ છે."

મહારાજ સાંભળી રહ્યા. થોડી વારે બોલ્યા : "દૈવી સંપત્તિના પુરુષો છે એટલે ધર્મને પોષણ મળે છે. તેમનું આમંત્રણ છે તેથી અમદાવાદ જવું પડશે."

એટલામાં મુક્તમુનિના પાર્ષદ રવાજીએ, અમદાવાદથી શેલાં આવ્યાં હતાં

તે તેમણે મુક્તમુનિની આજ્ઞાથી મહારાજને અર્પણ કર્યાં. મહારાજે પૂછ્યું : "આટલાં બધાં શેલાં ક્યાંથી લાવ્યા ?"

તેમણે કહ્યું : "આ સ્વામીની વાતોથી અમદાવાદના શેઠિયાઓ રાજી થઈ ગયા અને આપના સારુ તેમણે આ શેલા ભેટ મોકલ્યા છે." મહારાજ આ સાંભળી મુક્તમુનિની સત્સંગ પ્રવર્તાવવાની રીતથી પ્રસન્ન થયા.

જેતલપુરમાં પ્રબોધિનીનો ઉત્સવ : આ.સં. ૧૮૭૬

કાર્તિક સુદ ૧૦મીને દિવસે હરિભક્તોના સંઘ આવવા લાગ્યા. સૌને મહારાજનાં દર્શનની લગની હતી. અંતરમાં એમનું જ ભજન થતું હતું. મહારાજ શું કરતા હશે, ક્યાં તેમનો ઉતારો હશે, ક્યાં સભાસ્થાન હશે, ક્યારે દર્શન થશે, આવા વિચારોથી તેમને સહેજે અંતરવૃત્તિ થઈ જતી અને અંતરમાં મહારાજની મૂર્તિ દેખાતી. એ જ હસતી દિવ્ય મૂર્તિ ચટકંતી ચાલે ચાલતી, ઘનશ્યામ અને કિશોર સ્વરૂપે અંતરમાં રહેલા ચિદાકાશમાં તેમને દેખાતી. એમ દર્શન કરતાં જેતલપુર સૌ પહોંચી ગયા અને મહારાજનાં દર્શન કર્યાં. અંતરની મૂર્તિ અને બહારની મૂર્તિ એક થઈ ગઈ !

પ્રબોધિની એકાદશીને દિવસે મહારુદ્રનો જે વડ છે તેની નીચે સભા કરી. મહારાજ પાટ ઉપર બિરાજ્યા. શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. મહારાજે કહ્યું : "આજે ધર્મદેવનો જન્મદિવસ છે. ધર્મના અમે પુત્ર એટલે ધર્મ અમને વહાલા અને ધર્મને અમે વહાલા. ધર્મથી જગતની સ્થિતિ રહી છે, અધર્મમાં તેનો નાશ રહ્યો છે. અમારો જન્મ પણ ધર્મ પ્રવર્તાવવા માટે જ થયો છે. ભક્તિએ સહિત ધર્મ એ જ ભાગવત ધર્મ !" પછી હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. મહારાજે સૌને આશીર્વાદ આપ્યા.

બારશને દિવસે સૌને પારણાં કરાવી રજા દીધી. મહારાજ તેરશને દિવસે જેતલપુરથી શ્રીનગર જવા સંતમંડળ સાથે નીકળી ગયા. વટવા ગામને માર્ગે ચાલ્યા અને મધ્યાહ્ને અમદાવાદ પહોંચ્યા.

એરણ સાહેબનું આમંત્રણ

નથુ ભટ્ટે તથા દામોદરે આગળથી જઈ એરણ સાહેબને મહારાજ આવતી કાલે પધારવાના છે તે વાત કરી હતી. તેથી તેમણે તેમના સેનાનીઓને મહારાજનું સ્વાગત કરવા મોકલ્યા હતા. શ્રીનગરના ભક્તોની સાથે આ

સેનાનીઓ જોડાયા અને મહારાજને સન્માનપૂર્વક શહેરમાં લઈ આવ્યા. મહારાજ શ્રીનગરમાં જ્યારે જ્યારે પધારતા ત્યારે ભક્તો વાજિંત્રો સાથે મહારાજની સન્મુખ જઈ સ્વાગત કરતા, મહારાજને મુખ્ય મુખ્ય બજારોમાં ફેરવતા. શ્રીનગરના ભાવિક જનો પણ દરેક સમયે મહારાજનાં દર્શન માટે ઊમટતા; અટારીઓ, અગાસીઓ ચિક્કાર થઈ જતી; પુષ્પો વેરાતાં અને પુષ્પમાળાઓના ઢગલા થતા. સૌને આશ્ચર્ય થતું કે દરેક વખતે સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા આટલા બધા લોકો કેમ ઊમટે છે ! એવું આશ્ચર્ય અનુભવતાં પોતે પણ તેમાં આશ્ચર્યમૂઢ બની સામેલ થઈ જતા ! મહારાજના સ્વરૂપનો આ જ મોટો પ્રભાવ હતો. સૌને લાગતું કે જાણે ચમકનો પહાડ આવતો લાગે છે કે જે દરેકનાં ઇન્દ્રિયો, અંતઃકરણને ખેંચી લે છે.

નવાવાસમા જ્યા સતો માટે નવી ધર્મશાળા બનાવી હતી ત્યાં મહારાજનો ઉતારો હતો. પરંતુ તે પહેલાં મહારાજ લીંબડાના વૃક્ષ નીચે પાટ ઉપર બિરાજમાન થયા. અહીં એરણ સાહેબે મોકલાવેલ તેમના સેનાનીઓએ મહારાજને સલામી આપી અને પછી મહારાજની રજા લીધી.

ત્યારબાદ મહારાજ ઉતારામાં પધાર્યા. બ્રહ્મચારીએ થાળ તૈયાર કર્યો હતો ત્યાં હાથ-પગ ધોઈ જમવા પધાર્યા. ત્યારબાદ સંતોને જમાડી પોતે પોઢી ગયા.

સાંજે એરણ સાહેબના ચોકીદાર મોતીરામ એરણ સાહેબનો સંદેશો લઈને આવ્યા. તેમણે કહ્યું : "સાહેબે વિનંતી કરી છે કે બંગલે પધારો."

મહારાજ તરત જ તૈયાર થઈ ગયા. સાથે થોડા સંતો અને તલવારધારી એક પાર્ષદને લીધા. હરિભક્તોમાં પણ મુખ્ય મુખ્ય હરિભક્તોને સાથે લીધા. મહારાજે સૌને સૂચના આપી કે સાહેબ જેટલાને બોલાવે તેમને જ ઉપર આવવું બીજાએ નીચે બેસી રહેવું. તેમાં કોઈને દુઃખ લાગે તેવું હોય તો તેઓ અમારી સાથે ન આવે.

મહારાજ પધાર્યા છે તે સમાચાર મળ્યા એટલે સાહેબ તેમના અમલદારોને લઈને નીચે આવ્યા. તેમણે માથે પહેરેલો ટોપો હાથમાં લઈ મહારાજને નમસ્કાર કર્યા. પછી મહારાજનો હાથ પકડી મહારાજને ઉપર પોતાની કચેરીના કમરામાં લઈ ગયા. અહીં મહારાજ માટે તૈયાર રાખેલી સિંહના મહોરાવાળી ચાંદીના હાથાની ખુરશી ઉપર મહારાજને બેસાર્યા. પછી મહારાજના કુશળ પૂછ્યા.

થોડી વારે મોતીરામ ચોકીદારે કહ્યું : "થોડા સંતો નીચે બેઠા છે, તે જો

આપ કહો તો ઉપર લઈ આવું.'' એટલે સાહેબે 'હા' કહી.

મહારાજે કહ્યું : ''મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદ સ્વામી, ઉત્તમકુમાર તેમજ સોમલાખાચર, સુરાખાચર, અલૈયાખાચર, માંકાખાચર અને હેમંતસિંહ દરબાર આટલાને બોલાવો.'' મોતીરામ તરત જ નીચે ગયા અને તેમને પોતાની સાથે કચેરીમાં લઈ આવ્યા.

આપના પ્રતાપથી રાજ્યમાં શાંતિ સ્થપાઈ ગઈ છે

એરણ સાહેબે કહ્યું : ''આપનામાં એવો ચમત્કાર છે કે નીતિ વિનાના પશુ સમાન મનુષ્યો પણ સારા નીતિમાન બની જાય છે. આપના પ્રતાપથી અને આપના સંતોના વિચરણથી રાજ્યમાં શાંતિ સ્થપાઈ ગઈ છે એટલે અમારા રાજ્યકારભારનો બોજો હળવો થઈ ગયો છે. ચોરી, લૂંટ, ધાડ વગેરે બંધ થયાં છે.''

મહારાજે કહ્યું : ''નીતિમાન મનુષ્યો દ્વારા જ નીતિ પ્રવર્તે છે. શાસ્ત્રોની મર્યાદામાં જે રહે તે નીતિમાન કહેવાય.'' મહારાજ હિન્દીમાં બોલતા હતા પરંતુ સાહેબ સમજી શકે તેવું બોલતા હતા.

એરણે પૂછ્યું : ''અમે હિન્દુસ્તાનમાં થોડાં વર્ષોથી જ આવ્યા છીએ અને છતાં મોટા મોટા રાજાઓને મહાત કરી શક્યા અને અમારી આણ ફરકાવી શક્યા તેનું કારણ શું ?''

મહારાજ આ પ્રશ્ન સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''કારણમાં તમારી રાજ્યનીતિ અને અમારા ભારતવાસીઓનો પોતાના ક્ષુલ્લક સ્વાર્થ માટેનો દેશદ્રોહ ! અંદર અંદરના તેમના ક્લેશ, અનીતિ, કાવાદાવા આ બધાથી તેઓ જ સોરાઈ ગયા હતા. વળી, આ કારણે દેશમાં અધર્મ અને અનીતિનાં મૂળો ઊંડાં ગયાં હતાં એટલે તેમને ઉખેડી નાંખવાની પણ ભગવાનની ઇચ્છા હતી. તમે પૂર્વજન્મમાં કોઈ સત્પુરુષને પ્રસન્ન કર્યા હશે તેથી તમારામાં ભગવાને પ્રેરણા કરી તમને અહીં મોકલ્યા. ભારતના જ દેશવાસીઓએ કરેલા દેશદ્રોહને પરિણામે તમને સફળતા મળી. તમારો વિજય થયો અને ભારતમાં શાંતિ સ્થપાઈ. ભગવાનની પણ એવી ઇચ્છા હતી.''

સાહેબ મહારાજની સ્પષ્ટ વાતથી ખૂબ જ પ્રસન્ન થયા. તેમને લાગ્યું કે નીતિમાન પુરુષ સદા અભયને વરેલો જ હોય છે. તે કોઈની શેહમાં દબાતા નથી. આજે એક અંગ્રેજ અમલદારને સહેલાઈથી ભારતવાસીઓ મળી શકતા ન હતા, મોટા મોટા રાજવીઓ તેમની કદમબોસી કરતા હતા, શાહુકારો તેમની

પાસે ભેટ-સોગાદોના ઢગલા કરતા હતા; ત્યારે સ્વામિનારાયણ અંગ્રેજોની રાજ્યનીતિ જેમાં કુટિલતા પણ હોય છે, તેનો સ્પષ્ટ નિર્દેશ પોતાના વક્તવ્યમાં કરી રહ્યા હતા. તેમને લાગ્યું કે સ્વામિનારાયણ ખરેખર મહાન પુરુષ છે ! પોતાને આશરે આવેલાની ઉન્નતિ કરવાની તમન્ના છે, જે કાંઈ પોતાને મળે છે તે લોકોમાં વહેંચી દે છે, લોકોની ઉન્નતિ માટે જ કાર્ય કરી રહ્યા છે, છતાં દુષ્ટોને ડારે છે, તેના પરાભવમાં રાચે છે. આ બધું જ કેવળ અશાંતિ, હિંસા, અનીતિ અટકાવી શાંતિ, અહિંસા અને નીતિનું સ્થાપન કરવા માટે જ કરે છે. એરણ સાહેબના અતરમા આવા મહાનુભાવનુ સ્વાગત કરતા ગૌરવ થયુ.

હજુ વિશેષ જગ્યા જોઈતી હોય તો માગણી કરજો

તેમણે મહારાજનું પુષ્પહારથી પૂજન કર્યું. પાનબીડી અર્પણ કર્યાં. મહારાજનાં સફેદ વસ્ત્રો ઉપર અત્તર છાંટ્યું. કાઠી દરબારોને પણ એવા જ ભાવથી સન્માન્યા. મહારાજને કિંમતી શાલ ભેટ આપી. તમામ સંતોને વસ્ત્રો આપ્યાં. કાઠી દરબારોને પણ જુદી જુદી ભેટો આપી. પછી તેમણે મહારાજને પૂછ્યું : "આપને જે જગ્યા આપી છે તે આપે જોઈ ?"

મહારાજે કહ્યું : "હા, જગ્યા તો જોઈ અને તેના ઉપર અમારા સંતોએ સાધુઓને રહેવા માટે ધર્મશાળા પણ બાંધી છે. અમે તેમાં જ ઊતર્યા છીએ."

આ સાંભળી મિ. એરણ બહુ જ રાજી થયા. તેણે કહ્યું : "હજુ વિશેષ જગ્યા જોઈતી હોય તો આજુબાજુ ઘણી જ જગ્યા પડી છે. તેને માટે માંગણી કરશો તો જરૂર આપને આપીશું." એમ કહીને તેમણે કહ્યું : "હવે મારે સુરત જવાનું થશે અને મારી જગ્યાએ મિ. ડનલોપ આવનાર છે. તે પણ આપને પિછાણે છે. છતાં હું તેને ભલામણ કરતો જઈશ." એટલું કહીને તે ઊઠ્યા. મહારાજનો હાથ પકડ્યો અને નીચે સુધી મૂકવા આવ્યા.

મહારાજ માણકી ઉપર બિરાજ્યા. જેવી રીતે પોતે પધાર્યા હતા તેવા જ દબદબાથી તેઓ પાછા ઉતારે પધાર્યા. સાહેબે તેના સૈનિક, વાજિંત્રો વગેરે મોકલ્યાં હતાં. મહારાજનો આ પ્રભાવ અમદાવાદના લોલંગર બાવાના શિષ્યોથી સહન ન થઈ શક્યો. પરંતુ હવે તે બધા નિરુપાય થઈ ગયા હતા. અંગ્રેજ સાહેબો ઉપર સ્વામિનારાયણનું પ્રભુત્વ જબરું હતું. તેથી જો કંઈ ઉપદ્રવ કરે તો અંગ્રેજ સાહેબ તેમને પકડીને કેદમાં જ પૂરી દે, એટલે ફક્ત શબ્દબાણ સિવાય બીજાં કોઈ શસ્ત્રોનો તેઓ સ્વામિનારાયણ સામે ઉપયોગ કરી શક્યા નહીં.

ઉતારે આવીને મહારાજ તરત જ નીકળી ગયા. વટવાને રસ્તે થઈને જ જેતલપુર પાછા પધાર્યા. આ વખતે મહોલમાં ઉતારો કર્યો.[૨૯] કાર્તિક સુદ પૂર્ણિમાનો ઉત્સવ - ભક્તિમાતાનો જન્મોત્સવ ત્યાં કર્યો.

જેતલપુરથી નીકળી મહારાજ મહેમદાવાદ પધાર્યા.

આ સત્સંગ દિવ્ય છે

અહીં મહારાજ પુર બહાર ઊતર્યા. હરિભક્તો રસોઈની તજવીજમાં પડ્યા એટલે મહારાજે અહીં સભા કરી. સર્વે સંતો તથા હરિભક્તો આવી ગયા. મહારાજે તેમને સંબોધતાં કહ્યું : "જેટલો સમય મળે એટલામાં જ્ઞાનવાર્તા સાંભળી લેવી. જેથી મન બીજા સંકલ્પો કરે નહીં. આ સત્સંગ દિવ્ય છે, કારણ કે તેમાં ભગવાનનો સાક્ષાત્ સંબંધ છે. માટે જેના અંતરમાં જેટલો સત્સંગ પ્રધાન હશે એટલું તેનું મન શુદ્ધ થઈ જશે અને તેના સૂક્ષ્મ દેહનાં અને સ્થૂળ દેહનાં પાપ બળી જશે. ભગવાનના સ્વરૂપની નિષ્ઠાને પ્રતાપે આ સિદ્ધિ થાય છે. તે સંબંધ દૃઢ રહે તો જ સત્સંગ કર્યો કહેવાય. બાકી સત્સંગને અર્થે 'અમે ઘણો ત્યાગ કર્યો છે; શીત, ઉષ્ણ સહન કરીએ છીએ અને વળી તમારું ભજન પણ કરીએ છીએ,' એવા ભાવો કદાચ અંતરમાં હોય તો તે કાઢી નાખવા. ત્યાગની વાતમાં તો આગળ મોટા રાજવીઓ હતા, જેમનાં અંગ કોમળ હતાં, જેમની તહેનાતમાં ઘણા અનુચરો રહેતા હતા, તેમણે ભગવાનની પ્રાપ્તિ માટે જે ત્યાગ્યું છે, સહન કર્યું છે એવું આપણે હજુ કર્યું નથી. આપણા ત્યાગનો આવો ભાવ કદાચ અંતરમાં આવી જાય તો આવા મોટા રાજવીઓના ત્યાગનો વિચાર કરવો, નહીં તો આ પ્રકારનો સૂક્ષ્મ ભાવ પણ ભગવાનની પ્રસન્નતામાં બાધક નીવડશે."

મહારાજની વાતનું લક્ષ્ય સભામાં બેઠેલા સંતો, હરિભક્તોના સંકલ્પો અને ભાવો ઉપર હતું. મહારાજ તેમને સદા એવી જાગ્રત દશામાં રાખવા માગતા હતા કે પોતાના ગુણોનું માન કદી તેમના અંતરમાં પેસે જ નહીં. મહારાજને હજુ ઘણું કહેવું હતું. સભા મહારાજની વાત ચિત્રવત્ બની સાંભળી રહી હતી.

---

૨૯. શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૧૯, તરંગ-૫૧માં આવો ઉલ્લેખ છે, જ્યારે શ્રીહરિલીલામૃત; કળશ-૭, વિશ્રામ-૮૩માં પૂર્ણિમાનો આ ઉત્સવ શ્રીહરિએ કારિયાણીમાં ઊજવ્યો એવો ઉલ્લેખ છે.

અમારું અક્ષરધામ અકલ્પ્ય છે

મહારાજે કહ્યું : ''અનિર્દેશથી - અક્ષરધામમાંથી - ફક્ત તમારા કલ્યાણ માટે જ અમે અહીં પ્રગટ થયા છીએ. એ અમારું અક્ષરધામ અકલ્પ્ય છે. મનની ગતિ ત્યાં સુધી નથી ને વાણી પણ તે દિવ્ય ધામનું વર્ણન કરતાં વામણી બની જાય છે. એટલે અમારા હેતુ તરફ તમે લક્ષ રાખજો અને આ જગતની કોઈ વાસના અંતરમાં પેસવા દેશો નહીં. પુરુષને સ્ત્રીની અને સ્ત્રીને પુરુષની વાસના હશે, પુત્રની કે ધનની વાસના હશે તો બીજા અનેક જન્મમાં એ બધું જ મળી રહેશે, પણ તેમાં અમારો સંબંધ છૂટી જશે. માટે વિષયસુખની ઇચ્છા અંતરમાં રાખશો, તો અમારા સ્વરૂપનું તમને સ્વપ્નમાં પણ સુખ નહીં આવે અને આવી દિવ્ય પ્રાપ્તિ ગુમાવી દુઃખના દરિયામાં પડશો.'' આટલું કહી મહારાજ મૌન રહ્યા. મહારાજની વાણી વેધક હતી. સભામાં બેઠેલા ઘણા સંતો, હરિભક્તોના અંતરના સૂક્ષ્મ સંકલ્પો આ વાણી સાંભળી ઓસરી ગયા, અંતર નિર્મળ થઈ ગયું. તેમને લાગ્યું કે આ શબ્દો અક્ષરધામના છે, જગતમાંથી ઉખેડી ભગવાનમા જોડવાના છે.

એટલામાં રસોઈ તૈયાર થઈ ગઈ. મહારાજ જમ્યા.

સવારે ત્યાંથી નીકળી દહેગામ, ડભાણ, કેરીઆવી થઈને મહારાજ સંઘ સાથે બામણોલી પધાર્યા. અહીંના તખા પગી તથા તેના પુત્ર બાવાજી અને સાંખ્યધર્મ પાળતી પુત્રી પ્રતાપ, માનબા, જીતબા તે બધાં મહારાજ અચાનક પધાર્યા તેથી ખૂબ રાજી થઈ ગયાં. તેમણે પોતાના મનોરથો પૂરા કરવા મનગમતી સેવા કરી. મહારાજે તે સ્વીકારી અને પછી ત્યાંથી નીકળી વરતાલ પધાર્યા.

અહીં ગોમતી સરોવરની પૂર્વ બાજુએ આંબાવાડિયામાં શ્રીહરિએ સભા કરી. પોતે ત્યાં પલંગ ઉપર પશ્ચિમ મુખે બિરાજમાન થયા. મહારાજ વિચરણમાં જ્ઞાનવાતોનો સ્રોત અખંડ ચાલુ જ રાખતા. મનને જરા પણ સળવળવાનો લાગ મળતો જ નહીં. મહારાજની વાતોથી મનનું શુદ્ધીકરણ થઈ જતું, જગતના સંકલ્પો ખોટા થઈ જતા અને મહારાજનું સ્વરૂપ અંતરમાં મુખ્ય રહેતું. જે યોગથી ન થતું તે આ દિવ્ય સત્સંગથી, મહારાજના પ્રગટ સંબંધથી થતું હતું. તપ, વ્રત, ત્યાગ, દાન અને યજ્ઞ કરતાં પણ આ દિવ્ય સત્સંગનું ફળ અધિક હતું. તેમાં પ્રાપ્તિ વિશેષ હતી અને ત્વરિત હતી.

અહીં બ્રહ્માનંદ સ્વામીએ કીર્તન-ભક્તિ શરૂ કરી : ''રે સગપણ હરિવરનું

સાચું' એ ચાર પદ તેઓ એક પછી એક બોલ્યા. આ પદની એક એક પંક્તિ સાંભળી મહારાજે હમણાં જ કરેલી જ્ઞાનવાર્તાની સૌને સ્મૃતિ થઈ ગઈ. બ્રહ્માનંદ સ્વામીના શબ્દોના ભાવને અનુરૂપ લટકાં કરી મહારાજ સૌને દિવ્ય દર્શનનો આનંદ આપતા હતા.

બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનો પૂરાં કર્યાં અને મહારાજે એકાએક કહ્યું : "માર્ગમાં આવતાં આવતાં વાવેલા ખેતરમાં થઈને જે ચાલ્યા હોય તે ઊભા થાઓ." પરંતુ કોઈ ઊભા થયા નહીં. એટલે મહારાજે કહ્યું : "અમે એવાને જોઈ લીધા છે. માટે જે ઊભા નહીં થાય તે ચોર લેખાશે."

એ સાંભળી સાધુ કૃષ્ણદાસ ઊભા થયા. મહારાજે તેમનો ગુનો માફ કર્યો. બીજાએ કપટ રાખ્યું. મહારાજને તે ગમ્યું નહીં, પરંતુ કાંઈ બોલ્યા નહીં.

કથા વખતે જે વાતો કરે છે તે ભગવાનનો અનાદર કરે છે

બીજે દિવસે પણ મહારાજે આ સ્થળે જ સભા કરી. સંધ્યા આરતી પછી કીર્તન, ધૂન થયાં. મહારાજ પોતે જ જોરથી તાળી વગાડી ધૂન કરતા હતા. કોઈ વાતો કરતા હોય તો તેમને ઠપકો આપી કહેતા કે સભામાં કીર્તન સમયે જે તેમાં ચિત્ત પરોવતા નથી અને વાતો કરે છે તે ભગવાનનો અનાદર કરે છે.

એવામાં એક વૃદ્ધ સાધુ મહારાજની પાસે આવતા હતા. બે સંતોએ તેમના હાથ પકડ્યા હતા. તેમની ઉંમર લગભગ એંશી વર્ષની હતી. સ્થિર ચાલી શકતા ન હતા. મહારાજે તેમને પાસે બોલાવ્યા. તેમણે મહારાજનો ચરણસ્પર્શ કર્યો. તેમને સંતોષ થઈ ગયો પરંતુ મહારાજને સંતોષ ન થયો. મહારાજે પોતાના અંગ ઉપર ઓઢેલું વસ્ત્ર તેમને પહેરાવ્યું. માથા ઉપર પોતાની કસુંબલ પાઘ પહેરાવી, ફૂલના હાર પહેરાવ્યા. મહારાજ આટલું કરતાં બહુ જ પ્રસન્ન દેખાતા હતા.

વરતાલમાં મહારાજ સાત દિવસ રહ્યા. પછી ત્યાંથી નીકળી ફરતાં ફરતાં આ.સં. ૧૮૭૬ના માગશર સુદ ચોથને દિવસે ગઢપુર પધાર્યા.

ઉદ્‌ગીથ ૧૦



ગઢપુરમાં ઉત્સવોની પરંપરા

(આ.સં. ૧૮૭૬, ઈ.સ. ૧૮૧૯-૧૮૨૦)

મહારાજ આ.સં. ૧૮૭૬ના માગશર સુદ ચોથને દિવસે[30] ગઢપુર પધાર્યા, એટલે ગઢપુરના ભક્તો આનંદમગ્ન બની ગયા. આજુબાજુમાં પણ બધે સમાચાર પ્રસરી ગયા કે મહારાજ ગઢપુર આવી ગયા છે.

આંબા શેઠ નિયમ લે છે

બીજે દિવસે ગઢાળીથી આંબા શેઠ વહેલા આવ્યા. અક્ષર ઓરડીમાં જઈને દ્વાર પાસે બેઠા. 'ન્યાલકરણ' 'ન્યાલકરણ' તેમણે પાડેલા મહારાજના એ નવીન નામથી મહારાજનું ભજન કરતા હતા. મહારાજ આ શબ્દો સાંભળી જાગી ગયા. બ્રહ્મચારીને કહ્યું : "બહાર જુઓ, કોણ અત્યારે આવ્યું છે."

બ્રહ્મચારી બહાર આવ્યા અને જોયું તો આંબા શેઠ ભજન કરતા હતા. મહારાજને તેમણે વાત કરી. મહારાજે કહ્યું : "તેમને અંદર બોલાવો."

આંબા શેઠ અંદર આવ્યા. તેમણે મહારાજને સુંદર લીલું દાતણ આપ્યું. મહારાજે તે સૂંઘી જોયું. તેમાં સુવાસ હતી. મહારાજે પૂછ્યું : "શેઠ ! આ દાતણને કંઈ ઓપ ચઢાવ્યો છે ?"

તેમણે કહ્યું : "ના, મહારાજ ! પણ રાત્રે ગાળેલા પાણીથી ધોઈ, એલચી વાટીને પાણી તૈયાર કર્યું હતું તેમાં મૂકી રાખ્યું હતું." મહારાજ તેમની ભક્તિ જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "મહારાજ ! મેં એવું નીમ લીધું છે કે રોજ આપને દાતણ આપ્યા પછી જ જળ ને અન્ન લેવાં."

મહારાજે કહ્યું : "એવું નિયમ કાયમ નભે નહીં."

પરંતુ શેઠ તો પ્રેમભક્તિમાં આ શબ્દોનું રહસ્ય સમજી શક્યા નહીં.

---

૩૦. આ દિવસથી જ 'વચનામૃત'ની શરૂઆત થઈ છે.

આ હીરાબા પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતાં

આ અરસામાં દાદાખાચરનાં બહેન પાંચુબાની નાની દીકરી હીરાબાને મંદવાડ આવ્યો. મંદવાડ ગંભીર હતો એટલે સૌ શોકાતુર બની ગયાં હતાં. મહારાજને આ સમાચાર મળ્યા. એટલે મહારાજ પાંચુબાના દક્ષિણાદા બારના ઓરડામાં પધાર્યા. ત્યાં સૌને ધીરજ આપી. મહારાજે કહ્યું : "આ હીરાબા તેમના પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતાં.[૩૧] અમે વનવિચરણ દરમ્યાન તેને ઘેર ગયા હતા. તેમણે બહુ સેવા કરી હતી. તે પુણ્યના ફળરૂપે તેનો આ સત્સંગમાં તમારે ત્યાં જન્મ થયો. અમારી મૂર્તિનું સુખ લેવાની તેની ઇચ્છા હતી તે સુખ લીધું અને હવે ધામમાં જશે. માટે કોઈ શોક કરશો નહીં." એટલું કહીને મહારાજ અક્ષર ઓરડીમાં પધાર્યા અને તરત જ હીરાબા ધામમાં પધાર્યાં. દરબારમાં સૌ રુદન કરવા લાગ્યાં.

આપણો ઉપદેશ એળે ગયો

મહારાજે અક્ષર ઓરડીમાં બાઈઓનો રડવાનો અવાજ સાંભળ્યો એટલે બ્રહ્મચારીને પૂછ્યું : "આ કોણ રુવે છે ?"

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું : "મહારાજ ! પાંચુબાનાં દીકરી હીરાબા ધામમાં ગયા એટલે સૌ રડે છે."

મહારાજે કહ્યુ : "એમને તો અમે અમારા અક્ષરધામમાં બેસાર્યાં છે, તો આવા મંગળ પ્રસંગે રોવાનું હોય કે આનંદ માણવાનો હોય ?" એટલું કહીને મહારાજ ઉદાસ થઈ ગયા. તેમણે કહ્યું : "બ્રહ્મચારી ! આપણો ઉપદેશ એળે ગયો."

જ્ઞાનનો અંત છે સ્થિતિ

દાદાખાચર ને મોટીબા સુધી આ વાત પહોંચી ગઈ. તેમણે તરત જ સૌને છાનાં રાખ્યાં. દાદાખાચર મહારાજ પાસે આવ્યા અને મહારાજની ક્ષમા માગી. મહારાજે તેમને કહ્યું : "દાદા ! જ્ઞાનનો અંત છે સ્થિતિ ! એ સ્થિતિ થાય ત્યારે જગતમાં દેખાતું સર્વે નાશવંત છે એવું ભાસે. અમે આટલાં વર્ષો અહીં રહ્યા;

---

૩૧. સદ્ગુરુઓ થકી પરંપરાગત એવી પણ વાત પ્રચલિત છે કે હીરાબા તેમના પૂર્વજન્મમાં હરજી ઠક્કરનાં માતુશ્રી જાનબાઈ હતાં. તેમને મહારાજને પોતાના હાથે રસોઈ કરી જમાડવાનો સંકલ્પ હતો, તેથી હીરાબા સ્વરૂપે જન્મ લીધો હતો. – લેખક

અધરાત, મધરાત સુધી વાતો કરી; છતાં પ્રસંગ આવે જો જ્ઞાન કામમાં ન આવે તો પછી અમારો દાખડો અફળ ગયો છે એમ અમને લાગે છે.''

દાદાખાચરે કહ્યું : ''મહારાજ ! આપના શબ્દોની અસર તો અંતર સુધી થાય જ, પરંતુ આ લોકમાં છીએ એટલે દેહના ભાવ આવી જાય. તો આપ અમારી નબળાઈ તરફ ન જોતાં અમને આશીર્વાદ આપો, જેથી આપની રુચિ અનુસાર વર્તવાનું બળ મળે.''

મહારાજે આ સાંભળી થોડી હળવાશ અનુભવી.

આપણે હોઈએ ત્યાં શોક ન હોય, શોક હોય ત્યાં આપણે ન હોઈએ

બીજે દિવસે બ્રહ્મચારી મહારાજ માટે દરબારમાં થાળ લેવા ગયા ત્યારે થાળમાં ભડકું આવ્યું. થાળ ઢાંકેલો હતો એટલે બ્રહ્મચારીને કાંઈ ખબર પડી નહીં. પરંતુ અક્ષર ઓરડીમાં આવી મહારાજ પાસે થાળ મૂક્યો અને ઉપરનું વસ્ત્ર કાઢ્યું ત્યારે ખબર પડી કે થાળમાં ફક્ત ભડકું જ છે. મહારાજે બ્રહ્મચારીને પૂછ્યું : ''બ્રહ્મચારી ! આ શું ?''

બ્રહ્મચારી પણ મૂંઝાયા. પછી તેમને યાદ આવી ગયું. તેમણે કહ્યું : ''મહારાજ ! હીરાબા ધામમાં ગયાં છે એટલે દરબારમાં સૌ શૌક પાળતાં હશે. તેથી આ ભડકું થાળમાં આવ્યું છે.''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''આવું કેટલા દિવસ ચાલશે ?''

બ્રહ્મચારીએ કહ્યું : ''મહારાજ ! તેર-ચૌદ દિવસ તો ખરું !''

મહારાજ મંદમંદ હસતા હતા. તેમણે કહ્યું : ''બ્રહ્મચારી ! પાંચુબાની દીકરી ધામમાં ગયાં તેમાં આપણેય શોક પાળવાનો ? અને આવું ભડકું ખાવાનું ?'' બ્રહ્મચારી મૂંગા રહ્યા. મહારાજે તરત જ કહ્યું : ''બ્રહ્મચારી ! આપણે ચાલો સારંગપુર જઈએ. શોક હોય ત્યાં આપણે ન હોઈએ.''

બ્રહ્મચારીએ કહ્યું : ''પણ હમણાં તો આ જમી લ્યો. મરચાં અને મીંઢીઆવળના ગોળા ખાધા છે તેના કરતાં તો આ રૂડું છે. માટે જમી લ્યો, પછી જઈશું.''

મહારાજ હસ્યા : ''સારું ત્યારે. આપણે તો બધું સમ છે એટલે જમી લઈએ.'' એમ કહી મહારાજે તેમાં થોડું પાણી નાખ્યું અને જમી ગયા.

ભગત વધુ સુખિયા થયા

જમ્યા પછી મહારાજ દરબારમાં પધાર્યા. પૂર્વાભિમુખના ઓરડાની

ઓસરીમાં બિરાજ્યા. જીવુબા, લાડુબા, પાંચુબા, ફોઈબા, સૂરપ્રભાદેવી વગેરે મહારાજ પાસે આવ્યાં. એટલામાં એક બાઈ માથે ઘીનો ઘાડવો લઈને આવી. મહારાજ પાસે આવી ઘાડવો માથેથી ઉતારી મહારાજને પંચાંગ પ્રણામ કર્યા. એટલે મહારાજે કહ્યું : "ઓહો ! આ તો નેનપુરથી આવ્યાં લાગે છે. દેવજી ભગતનાં ઘરવાળાં ને ?"

બાઈએ હસીને કહ્યું : "હા, મહારાજ ! ભગતે આ ઘીનો ઘાડવો આપના સારુ મોકલ્યો છે."

મહારાજે ઘાડવા તરફ દૃષ્ટિ કરી. પછી પૂછ્યું : "ભગત મઝામાં તો છે ને ?"

એટલે બાઈએ કહ્યું : "મહારાજ ! ભગત તો આપની દયાથી સુખિયા હતા અને વળી વધુ સુખિયા થયા છે."

મહારાજને આ સાંભળી આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું : "શું કાંઈ ભગતને લાધ્યું ?"

બાઈ આ સાંભળી હસી. તેણે તરત જ કહ્યું : "મહારાજ ! આપ તો મળ્યા છો, પછી વળી બીજું શું લાધવાનું હતું ? પરંતુ દીકરો જુવાન હતો તેને આપની દયાથી નિરાવરણ દૃષ્ટિ હતી, એટલે આપનાં દર્શન નિત્યે થતાં. રોજ આપની લીલાની વાતો પણ કરતો. પણ પછી કુટુંબીઓ બધાં તેને પરણાવવા માટે પાછળ લાગ્યાં. એટલે ભગતને થયું કે જો એ સંસારની બેડીમાં બંધાશે તો તે આપનું સુખ લેતો આળસી જશે. એટલે ભગતે સંકલ્પ કર્યો કે તે આપના ધામમાં અખંડ આપની મૂર્તિનું સુખ લ્યે. ભગતના સંકલ્પે આપે તેને ધામમાં બેસારી દીધો. એટલે હવે અમારેય વહેવારની ઉપાધિ મટી અને હવે સુખે ભજન થશે."

આ સાંભળી મહારાજ જીવુબા, લાડુબા તરફ જોવા લાગ્યા. મહારાજની આ દૃષ્ટિથી તેઓ સમજી ગયાં કે મહારાજ શું ઇચ્છે છે, શું સમજાવવા માગે છે.

મહારાજે તરત જ દિલગીરી વ્યક્ત કરતાં કહ્યું : "અરે ! આવડો જુવાન દીકરો ધામમાં જાય એવા તે કાંઈ સંકલ્પ થતા હશે ?"

"મહારાજ ! ઈ બધું હું કાંઈ જાણું નહીં. પણ ભગત કહેતા હતા કે મહારાજની મૂર્તિ મૂકીને આવી ઉપાધિમાં પડવું અને આપણેય વળી એવી પળોજણમાં પડી મૂર્તિ ભૂલી જઈએ તેના કરતાં આ શું ખોટું ? દીકરો ધામમાં ગયો એટલે તેની ક્રિયા કરી ભગત ખેતરે રહેવા ગયા અને મને અહીં આપની પાસે આ ઘાડવો લઈને મોકલી, એટલે કોઈ કાણમોકાણ કરવા આવે નહીં !" બાઈએ કહ્યું.

મહારાજ બાઈના એક એક બોલ સાંભળતાં સાંભળતાં મંદમંદ હસતાં હસતાં ઘડીક લાડુબા, જીવુબા, પાંચુબા તરફ જોતા, ઘડીક દેવજી ભગતનાં ઘરવાળાં તરફ જોતા વાત સાંભળી રહ્યા હતા. મહારાજે ઘીના ઘાડવા ઉપર હાથ મૂકીને જીવુબા તથા પાંચુબાને કહ્યું : ‘‘આ ઘાડવો હમણાં રાખી મૂકો, આપણે હીરાબાનો શોક ઉતારીએ પછી આનો ઉપયોગ કરજો.’’

જીવુબા, લાડુબા, પાંચુબા બધાં જ મહારાજના શબ્દોનો મર્મ સમજી ગયાં. તેમની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. મહારાજ તેમની સામું જોઈ રહ્યા.

પછી જીવુબાએ ખોળો પાથરી માફી માગતાં કહ્યું : ‘‘મહારાજ ! અમારો ગુનો માફ કરો. આપનો સંબંધ થયો, વાતો સાંભળી તોપણ અમારો દેહભાવ, મમત્વ વગેરે કાંઈ ટળ્યાં નથી.’’

મહારાજે તેમને શાંત કરતાં કહ્યું : ‘‘એ તો એવું લાગે પણ બધું ટળી ગયું છે, માટે એવો શોક ન કરવો.’’

એટલે પાંચુબા બોલ્યાં : ‘‘મહારાજ ! નથી જ ટળ્યું અને જો ટળી ગયું હોત તો આપના થાળમાં ભડકું ન મૂકત.’’

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ‘‘આપણે તો દેહે તે દેવે. એમાં ખોટું શું થયું ? જે તમે જમો તે અમારે જમવાનું ! વળી, વનમાં ક્યાં અમને કોઈ ભારે ભારે મેવા-મીઠાઈ જમાડતાં હતાં ? ફળ-ફૂલ ખાતા હતા અને પછી રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે પણ મરચાં અને મીંઢીઆવળના ગોળા ખાતા હતા. તેના કરતાં તો આ ભડકું સારું !’’

‘‘મહારાજ ! આપની એ મોટપ છે પરંતુ અમે તો આ દેવજી ભગત અને તેમનાં ઘરવાળાંનાં ચરણની રજ જેવાં પણ નથી. જુવાન દીકરો ધામમાં ગયો તોપણ અંતરમાં મૂર્તિનું સુખ લે છે અને અમારી પાંચ વરસની હીરુ ધામમાં ગઈ તેમાં અમે શોકમાં ડૂબી ગયાં !’’ જીવુબા રડતાં રડતાં બોલ્યાં.

મહારાજે તેમને શાંત કરતાં કહ્યું : ‘‘મોટીબા ! તમારી સમજણ પણ ઉત્તમ છે. તમને દેવજી ભગતનો આટલો મહિમા સમજાયો છે તો તેમના જેવા ગુણ તમારામાં પણ આવશે. સંતો-હરિભક્તો જેમને અમારો સંબંધ છે, અમારા સ્વરૂપની નિષ્ઠા છે, તેમનો આવો મહિમા સમજાય તો એ ભાવથી આપણામાં રહેલા દોષ નીકળી જાય.’’

પછી મહારાજે કહ્યું : ‘‘હવે એ વાત મૂકો અને દેવજી ભગતનાં ઘરવાળાં લાંબો પંથ કરીને આવ્યાં છે તેમને જમાડો.’’

નેનપુરના દેવજી ભગત

એટલું કહીને મહારાજ વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીમાં પધાર્યા. સંતોએ ત્યાં ઢોલિયો પાથરી દીધો. મહારાજ તે ઉપર બિરાજમાન થયા. મહારાજે સંતોને કહ્યું : ''નેનપુરના દેવજી ભગતનો જુવાન દીકરો ધામમાં ગયો. એટલે તેનાં ઘરવાળાં ઘીનો ઘાડવો લઈને અહીં રસોઈ દેવા આવ્યાં છે.''

આ સાંભળી નિષ્કુળાનંદ સ્વામીએ દિલગીર થતાં કહ્યું : ''અરે મહારાજ ! બહુ ખોટું થયું. દેવજી ભગતને આ અવસ્થાએ ભારે દુઃખ આવ્યું.''

''દુઃખ શાનું ? એટલે તો સંકલ્પ કર્યો હતો કે અમે દીકરાને ધામમાં તેડી જઈએ. એટલે અમારે તેને લઈ જવો પડ્યો.'' મહારાજે કહ્યું. બધા સંતો આશ્ચર્ય-વત્‌ મહારાજની વાત સાંભળી રહ્યા. મહારાજે બધી જ વાત વિગતવાર કહી.

નિષ્કુળાનંદ સ્વામીએ પછી કહ્યું : ''મહારાજ ! દેવજી ભગત તો ખરેખરા મુક્ત છે. અમે કૃપાનંદ સ્વામી સાથે નેનપુર ગયા હતા. રાત પડી ગઈ હતી. તે વાળુની ગોઠવણમાં પડ્યા એટલે સ્વામીએ કહ્યું : 'ભગત ! રહેવા ધો અને આંહીં બેસો. વાતો સાંભળો.' પછી સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને વાતો કરવાનું કહ્યું. એટલે સ્વામીએ વાતો શરૂ કરી. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં શબ્દો એકધાર્યા આવે જ જાય, ક્યાંય અટકે જ નહીં. વળી, શબ્દો પણ એવા ધારદાર, અંગ્રેજના લોઢા જેવા કે અણસમજણ, દોષો વગેરે કાપી જ નાંખે. એટલે દેવજી ભગત તો પલાંઠી વાળી, સ્થિર થઈને વાતો સાંભળવા લાગ્યા. પણ અર્ધી રાત જેવું થઈ ગયું એટલે અમારી આંખ ઘેરાવા લાગી. તેથી મેં કહ્યું : 'ભગત ! તમે હવે થાક્યા હશો માટે ઘેર જાઓ અને આરામ કરો.' ત્યારે દેવજી ભગતે કહ્યું : ''સ્વામી ! હું તો અહીંથી ખેતરે જઈશ. ત્યાં જઈને ત્રણસો માળા ફેરવીશ. પછી નીંદર સામે આવીને ઊભી રહેશે અને પૂછશે, 'આવું ?' એટલે હું કહીશ કે 'ભલે, આવ હવે !' પછી સૂઈ જઈશ. પણ આપ લાંબો પથ કરીને આવ્યા છો તે થાક્યા હશો માટે હવે પોઢી જાઓ.''

અમે અમારા ભક્તની માળા ફેરવીએ છીએ

મહારાજ આ સાંભળી રહ્યા. પછી કહ્યું : ''અમને એક વખત આધોઈમાં લાધાજીએ પૂછ્યું હતું કે 'મહારાજ ! આપ કોની માળા ફેરવો છો !' એટલે અમે કહ્યું : 'અમે અમારા જે ખરેખરા ભક્તો છે તેમના નામની માળા ફેરવીએ

છીએ.' આ દેવજી ભગત અમારી માળાના મણકામાં આવી ગયા. તેમનું નામ અમે બોલીએ અને માળાનો મણકો ટપ પડે.''

સંતો સાંભળી રહ્યા. મહારાજને ખરેખરા ભક્તોનો આવો મહિમા છે. મહારાજ પણ તેમની ભક્તિ કરે છે. એમાં એમનું ભગવાનપણું છે.

આપણા સત્સંગનું મૂળ બ્રાહ્મણથી ચાલ્યું આવે છે

સાંજે ફરી સભા થઈ ત્યારે શ્રીહરિએ રામદાસભાઈને કહ્યું : ''ભાઈ ! આપણા સત્સંગનું મૂળ બ્રાહ્મણથી ચાલ્યું છે. જેનું મૂળ ઉત્તમ હોય તે સંપ્રદાય ઉત્તમ કહેવાય; પરંતુ અજ્ઞાની જનોને આપણા સત્સંગના મૂળની પ્રતીતિ નથી આવતી. તેથી તમો જેટલું જાણતા હો તે કહો.''

રામદાસ સ્વામી વૃદ્ધ હતા, રામાનંદ સ્વામીના સમયના હતા. તેથી ગુરુ-પરંપરાનું મૂળ સ્વામી રામાનંદ પાસેથી તેમણે જાણ્યું હતું. તેથી શ્રીહરિએ તેમને એ ગુરુપરંપરાનું મૂળ કહેવાનું કહ્યું.

આત્માનંદ સ્વામી

રામદાસ સ્વામીએ વાત કરતાં કહ્યું :

''મહારાજ ! આપના ગુરુ અને ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક રામાનંદ સ્વામી અયોધ્યાના સરવરિયા વિપ્ર હતા. તેમનું કશ્યપ ગોત્ર હતું, વેદ ઋગ્વેદ હતો અને શાખા આશ્વલાયન હતી.

''તેમના ગુરુ આત્માનંદ સ્વામી. જેમનું મૂળ નામ વિશ્વંભર ભટ્ટ હતું. માધ્યંદિની શાખા, જાતુકર્ણ ગોત્ર અને ચાતુર્વેદી મોઢ બ્રાહ્મણ કુળના જગજીવન ભટ્ટ અને નાનબાઈ થકી તેમનો જન્મ. આ બ્રાહ્મણ પરિવારનું અસલ વતન હાલાર પ્રદેશમાં ધૂંવાવ ગામ હતું. પરંતુ પિતાના દેહત્યાગ પછી વિશ્વંભર ભટ્ટ ગોહિલવાડમાં ગારિયાધાર આવીને રહ્યા હતા. ગોહિલવાડમાં સમુદ્રતીરે ગોપનાથ મહાદેવ તીર્થમાં ગોપાળાનંદ નામે એક બ્રહ્મચારી પાસે વિશ્વંભર અર્થ સહિત યજુર્વેદ ભણ્યા. ત્યારબાદ તેઓ ગારિયાધારમાં ઉપાધિ હતી તેથી ગોપનાથથી આસોદર ગામે આવ્યા અને આણંદજી વિપ્રની કન્યા રુક્મિણી સાથે લગ્ન કર્યાં. આ લગ્નથી તેમને ચાર પુત્રો અને એક પુત્રી થયાં. ગોપી ભટ્ટ, ભાનુ ભટ્ટ, જયદેવ ભટ્ટ અને આત્મારામ ભટ્ટ અને પુત્રીનું નામ આનંદી હતું. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ તેઓ સદા જગતથી નિર્લેપ રહેતા.

"થોડા સમયે તેઓ તીર્થયાત્રા કરવા નીકળ્યા અને ફરતાં ફરતાં વૃંદાવન આવ્યા. અહીં તૈલંગી વિપ્ર ગોપેશ્વર જેઓ વૈષ્ણવ મતના હતા, તેમને ગુરુ કર્યા. તેમની પાસે નવ વર્ષ રહ્યા. તે પછી ગુરુની આજ્ઞાથી ચાર વર્ષ તીર્થોમાં ફર્યા. આ તીર્થાટન બાદ ગુરુની આજ્ઞાથી ગૃહસ્થજીવનમાં પાછા આવ્યા. ગૃહસ્થાશ્રમમાં પાંચ વર્ષ રહ્યા. સાઠ વર્ષની વય થતાં ગૃહત્યાગ કર્યો. દ્વારિકા આવ્યા. અહીં માધવાનંદ સ્વામી પાસે તેમણે સંન્યસ્ત દીક્ષા લેવા વિચાર કર્યો. સ્વામીએ પણ તેમની યોગ્યતા જોઈ વિધિપૂર્વક તેમને દંડ, કમંડલુ આપ્યાં અને કાષાય વસ્ત્રો ધરાવ્યાં. તેમનું દીક્ષિત નામ 'પૂર્ણાનંદ' પાડ્યું.

"થોડા સમય બાદ તેઓ ગોપનાથ પાછા ફર્યા. અહીં ગોપાળાનંદ સ્વામીએ તેમને ધ્યાન સિદ્ધ કરાવવા સમાધિ સ્થિતિ સુધી પહોંચાડ્યા. તેમની આવી સિદ્ધ સ્થિતિ થયા બાદ ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું : 'હવે આ સંન્યસ્ત દીક્ષા છોડો, પરમહંસ દીક્ષા ગ્રહણ કરો, દંડ-કમંડલુનો ત્યાગ કરો, બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યના ઘરની ભિક્ષા માંગી, સૌને ઉપદેશ દેતા અલક્ષ્યપણે ફરો.' ગોપાળાનંદ સ્વામીએ તેમનું નામ પૂર્ણાનંદ સ્વામી બદલાવી આત્માનંદ સ્વામી રાખ્યું." આટલી વાત રામદાસ સ્વામીએ કરી.

એટલે મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! આત્માનંદ સ્વામી કઈ ગુરુપરંપરામાં થયા તે હવે કહો. હવે તમે પૂરા વૃદ્ધ થયા છો, દેહ ત્યાગવાનો સમય પણ નજીક આવી ગયો છે એટલે ગુરુપરંપરાની વાત અધૂરી રહી ન જાય તે માટે વિસ્તારથી વાત કરો."

ત્યારે રામદાસ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આત્માનંદ સ્વામી કઈ ગુરુ-પરંપરામાં થઈ ગયા તે મને યથાર્થ ખબર નથી પરંતુ તેમના પુત્ર ગોપી ભટ્ટ તે ઈતિહાસ જાણે છે. તેઓ કૃષ્ણભક્ત છે અને વૈષ્ણવોમાં તેમની પ્રતિષ્ઠા બહુ જ છે !"

તે સાંભળી મહારાજે કહ્યું : "તો આપણે તેમને અહીં તેડાવવા જોઈએ. જો તેઓ અહીં આવીને આપણી સાથે જ રહે, તો તેમના માટે બધી જ વ્યવસ્થા આપણે અહીં કરી દઈએ."

એટલે દાદાખાચરે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપ આજ્ઞા કરશો તો તેમને માટે નવાં ઘર કરાવી દઈશું." મહારાજ પ્રસન્ન થયા. દાદાખાચરે મહારાજની રુચિ જાણી લીધી અને વ્યવસ્થાનો તમામ ભાર પોતાને શિરે લઈ લીધો.

મહારાજે કહ્યું : "તેમને સૌને કાગળ લખી અહીં તેડાવો. વસંતપંચમીના ઉત્સવ ઉપર તેમનું સન્માન કરશું. આપણા સંપ્રદાયનું મૂળ આપણે જાણવું

જોઈએ. સંપ્રદાયનો આધાર જ ગુરુપરંપરા છે !''

મહારાજે પત્ર મોકલાવ્યો તેથી ગોપી ભટ્ટ તેમના ભાઈઓ અને કુટુંબીઓ સાથે ગઢપુર આવ્યા. મહારાજે તેમનું સન્માન કર્યું. તેમને રહેવા માટે દાદાખાચરે નવાં ઘર ચણાવવાની શરૂઆત કરી દીધી હતી. તેથી હાલ તેમની બીજી જગ્યાએ ઊતરવાની વ્યવસ્થા કરી દીધી.

આ અરસામાં જ મેઘપુરથી લાડકીબા મહારાજનાં દર્શને આવ્યાં. મેઘપુરમાં મૂળજી ભક્ત મરાયા ત્યારથી મહારાજ મેઘપુરમાં ગયા ન હતા, તેથી લાડકીબા આજુબાજુમાં મહારાજ જ્યાં જ્યાં પધારતા ત્યાં દર્શને જતાં. મહારાજ પ્રત્યેના અપાર પ્રેમને લઈને તેમની ઇન્દ્રિયો સદા મહારાજના સ્વરૂપમાં જોડાયેલી રહેતી. ગઢપુર આવ્યાં, મહારાજનાં દર્શન કર્યાં અને તરત જ તેને સમાધિ થઈ. સમાધિમાં તેને સમુદ્રમાં ભરતીનાં ભયંકર મોજાં આવે તેવાં પ્રકાશનાં મોજાં દેખાયાં. વળી, જાણે હમણાં બ્રહ્માંડ ફાટી જશે એવા નાદના ગડગડાટ પણ સંભળાયા. આથી લાડકીબા સમાધિસ્થ અવસ્થામાં બોલવા લાગ્યાં : ''મહારાજ ! બળું છું, બળું છું. મને ઉગારો.''

તેના આ શબ્દો સાંભળી જીવુબા, લાડુબા અને અન્ય બાઈઓ ધ્રૂજી ગઈ. જીવુબાએ મહારાજને પૂછ્યું : ''મહારાજ ! આને શું થાય છે ?''

મહારાજે કહ્યું : ''જ્યારે ભગવાનનો ભક્ત જાગ્રત અવસ્થામાંથી સમાધિ અવસ્થામાં જાય છે, ત્યારે જો તેને આત્મામાં સ્થિતિ ન થઈ હોય તો અવકાશમાં અનંત બ્રહ્માંડો તથા ગ્રહોની ગતિને લઈને થતા નાદ સાંભળી અને પ્રકાશનાં મોજાં જોઈ તે બી જાય છે. અર્જુન જેવા શૂરવીર પુરુષ પણ વિશ્વરૂપ જોઈ શક્યા નહીં અને ભગવાનને પ્રાર્થના કરી કે તમારું સૌમ્ય મનુષ્ય સ્વરૂપ મને બતાવો. તો આ બીચારી લાડકીનું તે શું ગજું ?'' એટલું કહીને મહારાજે સમાધિસ્થ લાડકીબાને કહ્યું : 'તું સમાધિમાં જેમ જેમ ઊંચા સ્થાનકે ગતિ કરે છે, તેમ તેમ તે તે સ્થાનમાં તારું સ્વરૂપ તું જો અને આ લાડકીબા તારું નામ અને ભાટનો દેહ એ ભૂલી જા. તું આત્મા છે. તે આત્મા અછેદ્ય, અભેદ્ય છે. અગ્નિ તેને બાળી શકતો નથી, પાણી તેને પલાળી શકતું નથી.''

લાડકીબાને તો કેવળ મહારાજની કૃપાથી જ જુદા જુદા લોકમાં સમાધિસ્થ અવસ્થામાં ગતિ થઈ હતી, પરંતુ આત્માના સ્વરૂપમાં સ્થિતિ થઈ ન હતી એટલે તેની આ બળતરા અને બીક મટ્યાં નહીં. તેથી મહારાજે કહ્યું : ''ભગવાનની કૃપાથી જેને સમાધિ થતી હોય તેને પણ આત્મજ્ઞાનની તો જરૂર પડે જ, નહીં તો

સમાધિમાં આ પ્રકારના નાદ અને પ્રકાશથી તે બી જાય છે."[૩૨]

ગઢપુરમાં વસંતોત્સવ

આ.સં. ૧૮૭૬ની વસંતનો ઉત્સવ આવ્યો. દાદાખાચરે વિવિધ પ્રકારના રંગો તૈયાર કરાવ્યા હતા. ગુલાલ પણ ગાડાં ભરીને મંગાવ્યો હતો. પ્રાતર્વિધિથી પરવારી સર્વે સંતો લિંબતરુ નીચે આવી કીર્તન-ભક્તિ કરવા લાગ્યા. મહારાજ માટે લિંબતરુ નીચે પાટ ઢાળી દીધી હતી. એટલામાં મહારાજ પધાર્યા. સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. સૌ સંતો ઊભા થયા. મહારાજની જય બોલાવી. મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "ભગવાનનો તો સદા જય હોય જ, પણ ભક્તોનો આજે જય થયો છે. તેમને પ્રતાપે સત્સંગ ફૂલ્યોફાલ્યો છે. માટે સંતોની, ભક્તોની જય બોલાવો." મહારાજની આ નવીન વાતમાં પણ સૌને રહસ્ય લાગ્યું.

મહારાજે વસંતનું પૂજન કર્યું અને પછી રંગ ઉડાડ્યો. સભામાં બેઠેલા સર્વે સંતો-હરિભક્તોને મહારાજે પોતાના રંગે રંગી દીધા. એટલામાં જીવાખાચર તથા તેમનો પરિવાર આવ્યો. મહારાજે તેમના ઉપર પણ રંગ છાંટ્યો. જીવાખાચરે નવીન વસ્ત્રો પહેર્યાં હતાં. એટલે તેમણે વસ્ત્ર ઉપર પડેલો ગુલાલ ખંખેરી નાખ્યો. મહારાજ આ જોઈ હસ્યા. તેમણે કહ્યું : "બાપુ ! આ પિચકારીમાં ભરેલો રંગ પણ કાચો છે. કપડાં ધોશો એટલે નીકળી જશે."

એટલે સુરાખાચરે કહ્યું : "મહારાજ ! તમારો ચઢાવેલો રંગ ઊતરી જાય તો તો સત્સંગમાં રહેવાય જ નહીં !"

"એ તો સુરા આપા ! આ પિચકારીના રંગની વાત છે. અમારો રંગ તો અમારા સંતોનો અને હરિભક્તોનો મહિમા સમજી તેમનો સંગ રાખે તો કદી ઊતરે જ નહીં." મહારાજે કહ્યું. બાપુ જીવાખાચર વિચારમાં પડી ગયા.

ગોપી ભટ્ટ શ્રીહરિનાં દર્શને

મહારાજે પછી ગોપી ભટ્ટને બોલાવ્યા. તેમનું પોતે પૂજન કર્યું. દાદાખાચર પાસે પણ પૂજન કરાવ્યું. જીવાખાચરને તેમની ઓળખાણ કરાવી. ગોપી ભટ્ટને આ પ્રસંગે પહેરામણી કરી. સમગ્ર દરબાર અને દરબારમાં બેઠેલા સંતો-હરિભક્તો વસંતના રંગથી રંગાઈ ગયા હતા, એટલે મહારાજે સૌને કહ્યું :

૩૨. આ વાત મહારાજે વિસ્તારથી ત્યારબાદ થયેલી સભામાં કરી હતી. (જુઓ વચ. ગ.પ્ર. ૨૫)

"ચાલો ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા."

ઉન્મત ગંગામાં સ્નાન કરી મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા. અહીં મહારાજે સૌ સંતોને પાંચ-પાંચ પેંડા આપ્યા, બરફી પણ આપી. પોતે થોડુંક જમ્યા. પછી દાદાખાચરના દરબારમાં પધાર્યા.

બ્રહ્મચારી મહારાજ માટે થાળ લાવ્યા. એટલામાં ગોપી ભટ્ટ આવ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! મારે આપની પૂજા કરવી છે."

મહારાજે કહ્યું : "ભલે, અત્યારે જ કરી લ્યો."

ગોપી ભટ્ટે મહારાજના કપાળમાં ચાંદલો કર્યો. મહારાજે પોતાનો સોનેરી રેંટો આપ્યો. ગોપી ભટ્ટ આ પ્રસાદીની પ્રાપ્તિથી પ્રસન્ન થયા.

રામદાસ સ્વામીની પણ હવે અવસ્થા થઈ હતી. એટલે તેમની રૂબરૂમાં ગોપી ભટ્ટ દ્વારા આત્માનંદ સ્વામીના ગુરુનું મૂળ મહારાજને પ્રગટ કરાવવું હતું. તેથી સંપ્રદાયની સનાતનતાનો સંપ્રદાયના અનુભવીઓને તેમજ તેમના દ્વારા નવા થતા શિષ્યોને ખ્યાલ આવે.

મહારાજે દાદાખાચરના દરબારમાં સભા કરી સૌને બોલાવ્યા. રામદાસ સ્વામી પણ આવ્યા. મોટેરા સંતોમાં નિત્યાનંદ, બ્રહ્માનંદ વગેરે પણ આવ્યા. શુકમુનિ તો મહારાજના હજૂરી સેવક હતા એટલે તેઓ પણ આવ્યા. મહારાજે ગોપી ભટ્ટને બોલાવ્યા. તે આવ્યા અને મહારાજને દંડવત્ કરી સન્મુખ બેઠા.

સંપ્રદાયનું મૂળ સનાતન હોય તો સંપ્રદાય ટકે

મહારાજે સભામાં સૌને કહ્યું : "સંપ્રદાયનું મૂળ જો સનાતન હોય તો જ તે સંપ્રદાય ટકે. એટલે આપણા સંપ્રદાયનું જે મૂળ છે તે સૌએ જાણવું જરૂરી છે. આ ગોપી ભટ્ટ આત્માનંદ સ્વામીના પુત્ર છે. તેમણે આત્માનંદ સ્વામી પાસેથી ઈતિહાસ જાણ્યો છે તો તે આપણને સૌને આજે એ ઈતિહાસ - આપણી ગુરુપરંપરા કહેશે." એમ કહીને મહારાજે ગોપી ભટ્ટને કહ્યું : "ભટ્ટજી ! તમે તમારા પિતા આત્માનંદ સ્વામી પાસેથી જે જાણ્યું હોય તે અમને કહો."

એટલે ગોપી ભટ્ટે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ તો સાક્ષાત્ ભગવાન છો એટલે બધું જ જાણો છો..."

"પણ છતાં બીજાને જણાવવા માટે તમારે તે કહેવું પડે." મહારાજે કહ્યું.

ગોપી ભટ્ટે વાત શરૂ કરતાં કહ્યું : "મને આત્માનંદ સ્વામીએ જે કહ્યું હતું તે અહીં કહું છું. આ વાત કોઈ જાણતું નથી."

એટલું કહીને તેમણે વાત શરૂ કરી :

"દક્ષિણ ભારતમાં વિષ્ણુપુરી ગામમાં એક પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા. તેમનું નામ હતું કૃષ્ણશર્મા. તેને પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ પાડ્યું સોમશર્મા. સોમશર્મા શાસ્ત્રોના અભ્યાસ માટે નાસિકપુરીમાં આવ્યા. અહીં વેદશાસ્ત્રોમાં પારંગત અને ચારિત્ર્યશીલ એવા નીલકંઠ શાસ્ત્રીનો તેમને યોગ થયો. તેમની પાસે શાસ્ત્રોનો અભ્યાસ તેમણે કર્યો, પરંતુ શીખેલી બ્રહ્મવિદ્યા સિદ્ધ કરવા તેઓ સાચા બ્રહ્મનિષ્ઠ ગુરુની શોધમાં નીકળી પડ્યા.

સંપ્રદાયનું મૂળ ઉદ્ધવજી : તેમનાથી શરૂ થતી ગુરુપરંપરા

"સોમશર્મા બદરિકાશ્રમમાં આવ્યા. અહીં અસ્ત્ર તીર્થમાં તેને શ્રીહરિનાં આયુધોનાં દર્શન થયાં. પછી ત્યાંથી નીકળી તે મેરુ તીર્થમાં ગયા. અહીં તેમને ઉદ્ધવજીનાં દર્શન થયાં. તેમની સાથે શુકદેવજી પણ હતા. ઉદ્ધવજીના શરણે થઈ તેમણે પ્રાર્થના કરી કે મને બ્રહ્મવિદ્યા ભણાવો. ઉદ્ધવજીએ તેમને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત ભાગવત ધર્મનું રહસ્ય સમજાવ્યું. એ ધર્મ પૃથ્વી ઉપર પ્રવર્તાવવા માટે તેમને ભાગવતી દીક્ષા આપી આત્માનંદ સ્વામી નામ પાડ્યું.

"આ આત્માનંદ સ્વામીના શિષ્ય ગોવિંદમુનિ, તેમના શિષ્ય આનંદમુનિ, તેઓ પણ ખૂબ પ્રતાપી હતા. આનંદમુનિના શિષ્ય ગોપાળમુનિ, તેમના શિષ્ય આત્માનંદ સ્વામી. આત્માનંદ સ્વામી મારા પિતા અને તેમના શિષ્ય રામાનંદ સ્વામી જેમને આપે ગુરુ તરીકે સ્વીકાર્યા હતા.[૩૩] ત્યારપછીનો ઇતિહાસ તો સૌને વિદિત છે."[૩૪]

---

૩૩. ગુરુપરંપરાની હકીકત શ્રીહરિચરિત્રામૃતસાગર; ગ્રંથ-૨, પૂર-૨૦, તરંગ ૧૨-૧૩માં પણ મળે છે તેમજ 'શ્રીજીના પ્રસાદીના પત્રો' પાન-૨૭માં પણ છે.

૩૪. શ્રીહરિએ આ હકીકત પોતે લખાવી છે તે મતલબનો પત્ર તેમણે જ લખાવ્યો હતો, તે ઉમરેઠના શ્રીહરિના શિષ્ય નરભેરામ માણેકજી દવે પાસે હતો, પત્ર તેમના વારસદારો પાસે આજે પણ હયાત છે. શ્રીહરિ તેમાં જણાવે છે : "...સં. ૧૮૫૮ની સાલમાં કારતક સુદિ ૧૧ને દિવસે રામાનંદ સ્વામીએ અમને શીશ કરા. તે જે અમારા ગુરુ રામાનંદ સ્વામી તેમના ગુરુનું નામ આતમાનંદ સ્વામી ને તેમના ગુરુનું નામ ગોપાળાનંદ સ્વામી ને તેમના ગુરુનું નામ આનંદાનંદ સ્વામી ને તેમના ગુરુનું નામ આતમાનંદ સ્વામી ને તે આતમાનંદ સ્વામીને બદરિકાશ્રમને વીસે ઉદ્ધવનું દરશન સંવત ૧૪૮૫ની જેઠ સુદિ ૧૧ને દિવસે થયું ને તે આતમાનંદ સ્વામી ઉદ્ધવના શીશ થયા...."

ગોપી ભટ્ટની વાત સાંભળી મહારાજ પ્રસન્ન થયા. ગોપી ભટ્ટે કહ્યું : "રામાનંદ સ્વામીની ગુરુપરંપરા ઉદ્ધવજીથી શરૂ થાય છે તેથી આ સંપ્રદાય ઉદ્ધવ સંપ્રદાય તરીકે ઓળખાયો."

મહારાજે ગોપી ભટ્ટને વસ્ત્રો, અલંકારો આપ્યાં અને એક અશ્વ પણ દાનમાં આપી રાજી કર્યા.

પરમહંસોને હવે વૈષ્ણવી રીત રાખવાની આજ્ઞા

પછી શુકમુનિને બોલાવીને કહ્યું : "તમે આપણા સર્વે પરમહંસોને પત્ર લખો. તેમાં લખજો કે હવે અંગ્રેજોનું રાજ્ય થયું છે એટલે દેશકાળ સારા થયા છે, તો હવે તમારે સૌએ શુદ્ધ વૈષ્ણવી રીત પ્રમાણે આજથી વર્તવું. આપણા ઉદ્ધવ મત પ્રમાણે શિખા, સૂત્ર અને તિલક રાખવાં."

શુકમુનિએ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે જ્યાં જ્યાં પરમહંસો વિચરતા હતા ત્યાં પત્રો લખી દીધા.

આ.સં. ૧૮૬૩માં વેરાગી બાવાઓની ઉપાધિથી મહારાજે કાલવાણીમાં પાંચસો સંતોને પરમહંસની દીક્ષા આપી હતી. શિખા, સૂત્રનો ત્યાગ કરી અલક્ષ્યપણે વર્તવાની આજ્ઞા કરી હતી. તે પ્રકરણ બાર વર્ષ પછી મહારાજે આજે બંધ કરાવ્યું. સૌને વૈષ્ણવી રીત પ્રમાણે વર્તવાની આજ્ઞા કરી.

ગઢપુરમાં રંગોત્સવ

હુતાશનીનો દિવસ નજીક આવતો જતો હતો. મહારાજની આજ્ઞાને શિરોમાન્ય કરી કેવળ મહારાજની પ્રસન્નતા મેળવવા સારુ, દેશોદેશમાં વિચરતાં સંતમંડળોને શ્રીહરિએ પત્ર લખાવી બોલાવી લીધાં.

શ્રીહરિ દાદાખાચરના દરબારમાં નિત્ય વાસુદેવ નારાયણની મંગળા આરતીમાં પધારતા. સૂર્યનાં કિરણો અનેરું સામ્રાજ્ય વિસ્તારવા માંડે ત્યાં સુધી સંતો શ્રીહરિને પ્રસન્ન કરવા વિવિધ આલાપ ને રાગમાં કીર્તનો ગાતા. શ્રીહરિ સંગીતપ્રિય હતા. ક્યારેક સંતો ગાતા હોય ત્યારે ચપટી વગાડી તાલ પુરાવતા, તો ક્યારેક તાળી પાડી પોતે પણ સાથે ગાવા માંડતા.

આ.સં. ૧૮૭૬ની ફાગણી પૂર્ણિમા આવી. ગામોગામથી હરિભક્તો આવી પહોંચ્યા. સૌએ શ્રીહરિની પૂજા કરી, સાકરના હાર પહેરાવ્યા. આજે શ્રીહરિ પ્રસન્ન જણાતા હતા. કેસરિયાં વસ્ત્રો પહેરીને ભક્તોની પૂજા અંગીકાર

કરતા શ્રીહરિ મધ્યરાત્રિ સુધી દર્શન આપતાં બેઠા.

બીજે દિવસે ફૂલદોલના પર્વ પર ઢોલ-ત્રાંસાંના ઘોષ વચ્ચે શ્રીહરિએ અપાર રંગ-ગુલાલ ઉડાડ્યો. સૌ સંતો મહારાજને રંગથી ભીના કરવા ચારે બાજુથી પિચકારીઓ ઉડાડવા લાગ્યા. પ્રેમાનંદ મુનિએ ઝાંઝ-મૃદંગ લઈને હરિભક્તોને સાથે રાખી કીર્તનોની રમઝટ બોલાવી. સર્વત્ર ગુલાબી ને કેસરી રંગની સાથે દિવ્યનાદ પ્રસરી ગયો.

પછી શ્રીહરિ ગુલાલ ને રંગનો છંટકાવ કરતાં કરતાં રાજબજારમાં થઈને જીવાખાચરના દરબારમાં પધાર્યા. ત્યાં બિછાવેલ પલંગ પર શ્રીહરિ બિરાજમાન થયા. જીવાખાચરે શ્રીહરિને હાથ જોડીને વિનંતી કરી : "મહારાજ ! આપે આખા ગઢડા ગામને રંગથી તરબતર કરી દીધું પણ મારો દરબાર જ કોરો રહી ગયો."

આ સાંભળી શ્રીહરિ બોલ્યા : "ભગવાન મળ્યા પછી કોઈ કોરો રહે જ નહીં અને રહી જાય તો એ ભક્તની કચાશ છે. પણ તમારાં તો ધન્યભાગ્ય છે કે તમને આવો અવસર મળ્યો છે !" એટલું કહીને શ્રીહરિએ રંગ અને ગુલાલ મંગાવ્યો. બધા આનંદમાં આવી ગયા. સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ આજે આટલા બધા સોંઘા બનીને મનુષ્યલીલાનું આચરણ કરતા હતા. શ્રીહરિએ ફરીથી બધાને રંગ્યા. જીવાખાચરની ઓસરી, ભવન, ચોક બધું જ રંગમય બની ગયું. જીવાખાચરના આનંદની અવધિ ન રહી.

શ્રીહરિ પછી ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા પધાર્યા. ઘેલામાં સૌ ખૂબ નાહ્યા, પાણીની છોળો ઉછાળી. બધું જ પાણી રંગમય બની ગયું. પછી સ્વચ્છ જળથી સ્નાન કરી શ્રીહરિએ જરિયાની સુરવાળ, જામો અને જરીદાર પાઘ પહેરી શેલું બાંધ્યું. ઘોડા પર વિરાજી દાદાખાચરના દરબાર તરફ ચાલ્યા. ત્યાં ગોપી ભટ્ટે શ્રીહરિની કુમકુમનો ચાંદલો કરી પૂજા કરી. ગોપી ભટ્ટને સો વર્ષ પૂરાં થયાં હતાં, છતાં હજી તેઓની આંખ એટલી જ સતેજ હતી. દાંત પણ કઠણ હતા. શ્રીહરિએ એમને સાત રૂપિયા દક્ષિણા આપી અને વસ્ત્રાભૂષણ આપ્યાં.

દાદાખાચરના દરબારમાં સૌ પધાર્યા. જીવુબાએ રસોઈ તૈયાર રાખી હતી. વર્ણીએ શ્રીહરિને જમાડ્યા પછી શ્રીહરિ પીરસવા પધાર્યા. સંતોને પીરસીને આરામમાં પધાર્યા.

સાંજ ઢળી. શ્રીહરિ પરમહંસોની જાયગાએ પધાર્યા. અહીં બિરાજ્યા. શ્વેત ધોતી, શ્વેત ચાદર અને શ્વેત પાઘ પહેરેલા શ્રીહરિ ખૂબ શોભતા હતા. પાઘમાં ધોળાં પુષ્પના તોરા લટકતા હતા. કંઠમાં ધોળાં પુષ્પના હાર પહેર્યા હતા.

થોડી વાર સુધી શ્રીહરિએ ભગવાનના ભક્તને વિઘ્ન કરતી વાસના ટાળવાની વાત કરી. પછી મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને પ્રશ્ન પૂછ્યો કે "હે મહારાજ ! એ વાસના શો ઉપાય કરે તો ટળે ?"

શ્રીહરિ આજે આનંદમાં હતા. એમણે અક્ષરધામની પ્રાપ્તિનું સાધન બતાવતાં કહ્યું : "ભગવાનનો અપરિમિત મહિમા, આત્મનિષ્ઠાની દૃઢતા અને પંચવિષયનું તુચ્છપણું – આ ત્રણ જેનામાં હોય તો તેની વાસના ટળે."

એટલું સમજાવી શ્રીહરિએ વધુ છણાવટ કરી કે "આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય છે, પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહીં. માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે."[૩૫]

મુક્તાનંદ સ્વામી સમજ્યા. ભગવાનને પામવા માટે જે એવા ભગવત્-સ્વરૂપ સંત છે, જે ભગવાનને અખંડ ધારી રહ્યા છે તેનો પ્રસંગ હોવો જ જોઈએ; અન્યથા એકાંતિક ધર્મની સિદ્ધિ ન થાય.

આમ, એકાંતિક ધર્મને પામવા એવા એકાંતિક પુરુષની જરૂર પડે એવો ફૂલદોલના ઉત્સવનો સંદેશ લઈ સૌ હરિભક્તોએ મહારાજની વિદાય લીધી. દેશદેશાવરથી આવેલા સંતોને ફરીથી વિચરણમાં જવાની આજ્ઞા કરી. ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરેને પાસે રાખ્યા. અભ્યાસ કરતા સંતોને બોટાદ અને કારિયાણી ભણવા મોકલ્યા. સૌ સંત-હરિભક્તો શ્રીહરિની મૂર્તિને હૃદયમાં ધારીને સ્વસ્થાને જવા રવાના થયા.

---

૩૫. ગ.પ્ર. ૬૦મું વચનામૃત.
શ્રીહરિલીલામૃત; કળશ ૭-૮૩માં આ ઉત્સવ પંચાળામાં કરે છે એવો ઉલ્લેખ છે, પરંતુ ગઢડા પ્રથમ પ્રકરણનાં વચનામૃત જોતાં જણાય છે કે શ્રીહરિ આ સમયે ગઢડામાં જ હતા. શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૨૧, તરંગ-૨૯માં આ ઉત્સવ આ.સં. ૧૮૭૬માં ગઢડામાં જ ઊજવાયો છે, એવો ઉલ્લેખ છે અને પૂર-૨૦, તરંગ-૭ થી ૪૨માં એવો પણ ઉલ્લેખ છે કે શ્રીહરિએ આ.સં. ૧૮૭૬નો આ ફૂલદોલ ઉત્સવ મછિયાવ કરેલો. પરંતુ વચનામૃતમાં જોતાં ૨૦મા પૂરનો ઉલ્લેખ યોગ્ય જણાતો નથી.



ઉદ્‌ગીથ ૧૧

મહારાજના શરીરમાં ટૂંટિયું પ્રવેશે છે

(આ.સં. ૧૮૭૬-૭૭, ઈ.સ. ૧૮૨૦)

બ્રહ્માનંદ સ્વામી માંદા થાય છે

આ અરસામાં એક દિવસ બ્રહ્માનંદ સ્વામી માંદા પડ્યા. મહારાજ તેમને કાયમ પોતાની સાથે જ રાખતા. બ્રહ્માનંદ સ્વામી પણ મહારાજ ક્યારેક ઉદાસ થાય તો પોતાની આગવી ચારણી રીતથી મહારાજની ઉદાસીનતા ટાળી દેતા.

બ્રહ્માનંદ સ્વામીને એકાએક મંદવાડ વધી ગયો. મહારાજ તેમની બહુ જ સંભાળ રાખતા. છતાં હરજી ઠક્કરને સ્વામીનો મંદવાડ જોઈ લાગ્યું કે સ્વામીનો મંદવાડ થોડા દિવસમાં અસાધ્ય બની ગયો છે. તેમને ચિંતા થવા લાગી. તેમણે બાપુ દાદાખાચરને તથા બહેનોને વાત કરી. સૌએ મહારાજને વિનંતી કરી. મહારાજે ઊંચું જોઈને કહ્યું : "દાદાખાચર ! બ્રહ્માનંદ સ્વામીનું આયુષ્ય પૂરું થઈ ગયું છે એટલે હવે ધામમાં જશે."

આ સાંભળી સૌ શોકાતુર બની ગયાં. બાપુ દાદાખાચરે મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! સ્વામીને રાખવા તે આપના હાથમાં છે. તેમના દ્વારા સત્સંગમાં ઘણો સમાસ થાય છે, તો આપ તેમને હમણાં ધામમાં ન લઈ જશો."

મહારાજે કહ્યું : "દાદા ! સ્વામીનું આયુષ્ય પૂરું થઈ ગયું છે. કાળ તો કાળનું કામ કરશે જ. પરંતુ તમારે સૌને જો સ્વામીને રાખવાની ઇચ્છા હોય, તો સૌ પોતાની આવરદામાંથી થોડી થોડી આવરદા સ્વામીને આપે; તો સ્વામી રહે."

તે સાંભળી દરબારમાં બહેનોએ તરત જ સંકલ્પ કર્યો. પોતાના આયુષ્યમાંથી કોઈએ બે વર્ષ તો કોઈએ પાંચ વર્ષ, કોઈએ મહિના અને કોઈએ દિવસો આપ્યા. સરવાળે કુલ ૧૨ વર્ષનું આયુષ્ય થયું. મહારાજ તેમની સૌની સ્વામી પ્રત્યેની આવી આત્મબુદ્ધિ જોઈ પ્રસન્ન થયા. પછી બોલ્યા : "તમારો સૌનો આવો ભાવ છે તો સ્વામીને હવે અમે રાખીશું."

મહારાજના સંકલ્પથી બ્રહ્માનંદ સ્વામી સાજા થવા માંડ્યા. થોડા દિવસ પછી તો પૂર્વવત્ એકદમ સ્વસ્થ થઈ ગયા.[૩૬]

✧

ગઢપુરમાં મહારાજ પ્રાગજી દવે પાસે રોજ શ્રીમદ્‌ભાગવત વંચાવતા. વળી, ઉત્તમ રાજાના ઉગમણા બારનાં બે ભવન નવેસરથી બનાવવાનો પણ મહારાજે પ્રારંભ કરાવ્યો. આ કામ માટે માણસાથી ગંગારામ સુથારને બોલાવ્યા ને ઉનાવાથી હરખા સુથારને બોલાવ્યા. ગોંડળના કડિયા દેવરાજ તો ગઢપુરમાં જ રહેતા હતા. તેમને પણ આ સેવામાં મહારાજે લગાડી દીધા.

આ.સં. ૧૮૭૬ના ચૈત્ર સુદ નવમીનો ઉત્સવ મહારાજે ગઢપુરમાં જ કર્યો.[૩૭] ઉત્સવ પછી મહારાજે નિત્યાનંદ સ્વામીને તથા ચૈતન્યાનંદ સ્વામીને સુરત જવા કહ્યું અને પાર્ષદને કહ્યું : "હમણાં ને હમણાં દાદાખાચરને બોલાવો."

પાર્ષદ તરત જ ત્યાંથી ગયા. દરબારમાં તપાસ કરી પણ દાદા બાપુ ત્યાં ન હતા. પછી ડેલીએ આવ્યા. ત્યાં દાદા બાપુ ડેલીમાં બેસી વતું કરાવતા હતા. પાર્ષદે કહ્યું : "બાપુ ! મહારાજ આપને હમણાં ને હમણા જ બોલાવે છે."

તે સાંભળી દાદાખાચરે પોતાનો સાફો મોઢા ઉપર વીંટી દીધો અને તરત જ અડધી હજામતે ઊઠીને મહારાજ પાસે ગયા. મહારાજે તેમને આ રીતે આવેલા જોઈ પૂછ્યું : "દાદા, શું કરતા હતા ?"

"મહારાજ ! વતું કરાવતો હતો, પણ આપે બોલાવ્યો એટલે આવી ગયો છું. શી આજ્ઞા છે મહારાજ ?"

મહારાજ તેમને આ રીતે આવેલા જોઈ હસવા લાગ્યા. તેમની આંખો હર્ષનાં અશ્રુથી ભીની થઈ ગઈ. તેમણે કહ્યું : "દાદા ! વતું પૂરું કરાવી સ્નાન કરીને પછી જ આવવું હતું ને ! એવડી કાંઈ ઉતાવળ ન હતી."

"મહારાજ ! એટલો વિલંબ થાય ને આપને રાહ જોવી પડે ને !"

---

૩૬. આ પ્રસંગ શ્રીહરિલીલામૃતમાં આ.સં. ૧૮૭૧ના વર્ષનો છે – એવો ઉલ્લેખ છે. પરંતુ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી આ.સં. ૧૮૮૮માં ધામમાં પધાર્યા હતા. તેથી અહીં આ પ્રસંગમાં બાર વર્ષની આયુષ્ય મહારાજે વધારી આપી હતી એ વર્ણન જોતાં આ પ્રસંગ આ.સં. ૧૮૭૬માં બન્યો હોય એ વધુ પ્રમાણભૂત જણાય છે.

૩૭. શ્રીહરિલીલામૃત; કળશ ૭ વિશ્રામ ૮૩માં જૂનાગઢમાં હરિનવમી કરી એવો ઉલ્લેખ છે. પરંતુ આ વખતે શ્રીહરિ ગઢડામાં હતા અને આ જ દિવસે શ્રીહરિએ ગઢડા પ્રથમ પ્રકરણનું ૬૮મું વચનામૃત સંબોધ્યું હતું.

દાદાખાચરે હાથ જોડી કહ્યું.

મહારાજની પાસે જ શુકમુનિ, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી સૌ બેઠા હતા. મહારાજે તેમના તરફ જોઈ કહ્યું : "અમારી અનુવૃત્તિને આધીન થવાની દાદાખાચરની તત્પરતા જોઈ ને ?"

"મહારાજ ! આપની મૂર્તિ સિવાય એમના અંતરમાં બીજું કાંઈ જ નથી." મુક્તાનંદ સ્વામીએ કહ્યું.

"તેથી તો અમારે તેની, તેના કુટુંબની, તેના ગરાસની ચિંતા રાખવી પડે છે !" મહારાજે કહ્યું. દાદાખાચર હજુ હાથ જોડીને જ ઊભા રહ્યા હતા. મહારાજે તેમને કાંઈક કામ માટે બોલાવ્યા હશે તો તે શું હશે તેના વિચારમાં તેઓ સ્થિર થઈને ઊભા હતા.

મહારાજ દાદાખાચરને રાજનીતિ સમજાવે છે

મહારાજે કહ્યું : "દાદા ! જાણે છે ? બાપુ જીવાખાચર હવે છેલ્લો દાવ રમી રહ્યા છે. તારો ગરાસ તેમને ઝૂંટવી લેવો છે. તારા દરબારમાં તેમને પોતાના નેજા ફરકાવવા છે. તમને સૌને ભૂંડા હાલે રઝળતા કરી દેવા છે."

"મહારાજ ! મને કાંઈ જ ખબર નથી. બાપુ એવું કરે એ મારા માન્યામાં આવતું નથી." દાદાખાચરે હાથ જોડી કહ્યું.

"દાદાખાચર ! તમે રાજા છો. એક રાજવી તરીકે તમારા રાજ્યનું, તમારી પ્રજાનું રક્ષણ કરવું તે તમારી ફરજ છે. તેને માટે રાજનીતિના પાઠ ભણવા પડે. સામ, દામ, ભેદ અને દંડની નીતિ અપનાવવી પડે. માણસો એવા રાખવા પડે કે જે ગુપ્તચરનું કામ કરે અને તમને ક્ષણે ક્ષણે રાજ્યમાં શું બની રહ્યું છે તેની ખબર આપે. તમે તો જાણે રાજ્યમાં કાંઈ બનતું જ નથી એવા નિશ્ચિંત ભાવે ફક્ત સેવા ને ભજનમાં જ રચ્યાપચ્યા રહો છો. પરંતુ રાજાનો તમારો ધર્મ સમજો અને સંભાળો." મહારાજે જરા સખતાઈથી કહ્યું.

દાદાખાચર હજી હાથ જોડી નીચું જોઈ ઊભા હતા. મહારાજ આ જોઈ વધારે ગુસ્સે થયા : "રાજ્ય જશે તો રઝળી જશો. પછી ક્યાં જશો, શું ખાશો, તેની કાંઈ ચિંતા મનમાં થાય છે ?"

પરંતુ દાદા બાપુ એ જ સ્થિરતાથી મૌન સેવી ઊભા હતા.

મુક્તાનંદ સ્વામીએ ધીરેથી કહ્યું : "મહારાજ ! એમના અંતરમાં તો કેવળ આપની મૂર્તિ જ છે, પછી તેમને શેની ચિંતા હોય ? રામ હોય ત્યાં કામ

ન હોય ને કામ હોય ત્યા રામ ન હોય. એમણે તો આપને જ અતરમા રાખ્યા છે, આપના વચને ઊભા સુકાય છે, પછી ચિંતા એ શા માટે કરે ? ચિંતા તો આપને જ કરવાની હોય ને !''

મહારાજ શાંતિથી સાંભળતા હતા. તેમનું હૈયું દાદાખાચરની આ આત્મ-સમર્પણની અપૂર્વ ભક્તિથી ઉલ્લાસતું હતું. પરંતુ તે ભાવ તેમણે અંતરમાં છુપાવી રાખ્યો હતો. મુક્તાનંદ સ્વામીએ ફરી મહારાજને કહ્યું : ''મહારાજ ! ભીષ્મપિતાએ જ્યારે અર્જુનનો વધ કરવાની પ્રતિજ્ઞા કરી ત્યારે પાંડવોની છાવણીમાં હાહાકાર પ્રવર્તી ગયો હતો. શ્રીકૃષ્ણ પણ ચિંતાતુર બની અર્જુનની છાવણીમાં તેને આશ્વાસન આપવા ગયા. પરંતુ ત્યાં તો તેમણે જોયું કે અર્જુનજી તો ગાઢ નિદ્રામાં હતા. તેમને આશ્ચર્ય થયું. અર્જુનને ઢંઢોળ્યા. અર્જુન જાગ્યા. સામે શ્રીકૃષ્ણને જોઈ એકદમ બેઠા થઈ ગયા : 'અહો પ્રભુ ! આપ અત્યારે ?' તેમણે કહ્યું : 'હા, અત્યારે. અર્જુન ! ભીષ્મની પ્રતિજ્ઞા સાંભળી ? તમારી છાવણીમાં બધે હાહાકાર પ્રવર્તી ગયો છે અને તું કેમ ઊંઘે છે ?' આ સાંભળી અર્જુન હસ્યા. તેમણે કહ્યું : 'પ્રભુ ! આપ જાગો છો એટલે જ હું ઊંઘી શકું છું.''

મહારાજ સાંભળતા હતા. તેમણે કહ્યું : ''સ્વામી ! સમજાયું. દાદાની ચિંતા અમારે માથે છે એમ જ ને ?''

''હા, મહારાજ ! આપ જ તેમની ચિંતા રાખો છો ને !'' મુક્તાનંદ સ્વામીએ કહ્યું.

''તો સાંભળો સ્વામી ! બાપુ જીવાખાચરે બે હજાર માણસો ભેગા કર્યા છે. મોટું ધિંગાણું થવાનું છે. એ બહાને ભાવનગરથી પણ આરબો બોલાવ્યા છે. કાલે તો તે આંહીં હલ્લો કરશે. કદાચ દાદાના ભાગનાં ગામોનો પણ કબજો લઈ લ્યે !'' મહારાજે કહ્યું. તેમના મુખ ઉપર ચિંતાના, દુઃખના ભાવ હતા.

દાદાનો શેરડીનો વાઢ સળગાવ્યો

એટલામાં મેઘજી અને હસન ત્યાં આવ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! ગજબ થઈ ગયો ! લક્ષ્મીવાડીમાં આપણો આખો શેરડીનો વાઢ કોઈએ સળગાવી દીધો છે. અમે હમણાં જ જોઈને આવ્યા. બધું ભડકે બળે છે.''

આ વાત સાંભળી મહારાજની આંખો લાલ થઈ ગઈ. તેઓ એકદમ ઊભા થઈ ગયા. તેમણે એક હાથની હથેળીમાં બીજા હાથની મુઠ્ઠી જોરથી મારતાં કહ્યું : ''બાપુ જીવાખાચરને અમારે નૃસિંહ સ્વરૂપ બતાવવું પડશે. તેમણે

અમારી સેવા કરી છે તે સેવાનાં પુણ્ય અમને આડાં આવતાં હતાં. પણ આજે અમારા પરમ ભક્ત દાદાખાચરના દ્રોહથી એ પુણ્ય બળી ગયાં. જીવાખાચરના સત્સંગના સંસ્કાર પરવારી બેઠા છે.'' એટલું કહ્યું ત્યાં તો સોમબા ફુઈ, સારંગપુરના જીવાખાચર, સોમલોખાચર અને બીજા પાર્ષદો આવી ગયાં. તેમણે કહ્યું : ''મહારાજ ! દરબારગઢની ડેલીએ કાઠીઓ તથા આરબોનું ટોળું હોકારા ને પડકારા કરે છે માટે ઝટ હુકમ કરો.''

અત્યારે અમે જે કહીએ તે જ તમારો ધર્મ !

મહારાજ તરત જ ઊભા થયા. પોતે કસુંબલ વસ્ત્રો પહેર્યાં. તલવાર-ઢાલ બાંધ્યાં. દાદાખાચરને કહ્યું : ''તમે હમણાં સારંગપુર જાઓ. અહીંનો મામલો અમે સંભાળી લઈશું.''

તે સાંભળી દાદાખાચરે કહ્યું : ''મહારાજ ! ક્ષત્રિયનો ધર્મ છે કે આવો પ્રસંગ આવે ત્યારે સામી છાતીના ઘા લેવા, પણ ભાગી ન જવું. સાચો ક્ષત્રિય તો આવા ધિંગાણાની રાહ જોઈને બેઠો હોય અને આપ મને સારંગપુર જવાનું કહો છો ?''

મહારાજે તરત જ કહ્યું : ''દાદા ! અત્યારે અમે જે કહીએ તે જ તમારો ધર્મ ! માટે અમારી આજ્ઞા પાળીને, બે સારા પાર્ષદો લઈ તમે સારંગપુર ચાલ્યા જાવ.''

દાદાખાચરને મહારાજની આજ્ઞા માનવી પડી. ભાંગેલે હૈયે, પોતાના જ રાજ્ય ઉપર આવેલી આફતને અવગણીને, આ લોકની દૃષ્ટિએ પોતાની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચાડીને, તેમને ગઢડા છોડવું પડ્યું.

એટલામાં મહારાજ શસ્ત્રસજ્જ થઈ તૈયાર થઈ ગયા. ત્યારે સોમલા ખાચરે કહ્યું : ''મહારાજ ! આપને બહાર નીકળવાની જરૂર નથી. ફક્ત અમને આશીર્વાદ આપો.''

એટલે મહારાજે કહ્યું : ''સોમલા ! તમે બધા તો નિમિત્ત છો. તમારા દ્વારા અમારે દાદાનું રક્ષણ કરવું છે. તમને સૌને અમારા આશીર્વાદ છે. સમરાંગણમાં પટા ખેલતા શત્રુઓનાં માથાં તમારી તલવારોના ઝાટકાથી ટપોટપ ઊડવા માંડશે. માટે કરો કંકુના. જય સ્વામિનારાયણ !''

સૌએ 'જય સ્વામિનારાયણ'નો ઘોષ ઝીલ્યો. કાઠી શૂરવીરો તૈયાર થઈ ગયા. સચ્ચિદાનંદ સ્વામીએ હળ લીધું. બીજા સંતો ધોકા, ગેડીઓ, લાકડીઓ

લઈને તૈયાર થઈ ગયા. તે જોઈ મહારાજે કહ્યું : "તમારામાં બ્રહ્મચર્ય છે, અમારા સ્વરૂપની નિષ્ઠા છે, ભક્તિ છે તેનું બળ રાખજો. સામાવાળા તો સૌ ચીંથરેહાલ છે. દારૂ, ગાંજો અને અફીણના કેફમાં મરેલાં મડદાં જેવા છે." એમ કહી મહારાજે તેમને રણસંગ્રામમમાં જવા વિદાય આપી.

કાઠી, શૂરવીરો દરવાજે આવ્યા અને 'જય સ્વામિનારાયણ' કહી દરવાજાનાં તોતિંગ બારણાં ઉઘાડ્યાં. બારણાં ઊઘડવાનો અવાજ થયો અને આરબ સૈનિકો એકીસાથે બંધૂકો ફોડવાની તૈયારી કરવા જામગરી સળગાવવા માંડ્યા. એટલામાં તો કાઠીઓ 'જય સ્વામિનારાયણ'નો ઘોષ કરતા તેમના ઉપર તૂટી પડ્યા. આરબોની બંધૂકોની જામગરી સળગી નહીં અને સૌના હાથમાંથી બંધૂકો પડી ગઈ. આ અચાનક હલ્લાથી તે બધા ગભરાયા. બંધૂકધારી કાઠી ભક્તો જામગરી સળગાવી તૈયાર જ ઊભા હતા. તેમણે બંધૂકો છોડી. આરબો કાઠીઓની બંધૂકોમાંથી તડાતડ છૂટતી ગોળીઓથી વીંધાવા માંડ્યા. તે જોઈ કાઠી ભક્તો હસતાં હસતાં બોલ્યા : "તમારા ધણીના રાજ્ય આમ સાચવો છો ને ? આ કાંઈ ટપાટપી કરવાની નથી. માથાં વાઢીને ખાતર પૂરેલ જમીનનાં મૂલ ચૂકવવાનાં છે."

આરબો તથા તેમની સાથેના સૈનિકોને ભાગતા જોઈ સચ્ચિદાનંદ સ્વામી હળ લઈને તેમની પાછળ પડ્યા. આવડા મોટા હળને ખભે રાખીને ફેરવતા, સાડા છ હાથ ઊંચા અને શરીરે કદાવર આ સાધુને જોઈ, ભાગતા શૂરવીરોના રામ રમી ગયા. કાઠી ભક્તોએ પણ તેમની રમત બતાવી. બધા આરબો વેરવિખેર થઈ ગયા. સૌ ભાગ્યા, કોઈક સંતાઈ ગયા અને કોઈક માફી માગવા કાઠી ભક્તોના પગમાં પડી ગયા.

કદાચ સો બસોનાં માથાં વધેરાઈ ગયાં હોત તોપણ દાદાની રક્ષા માટે એ ઓછું ન હતું

તેમને સૌને જીત કરીને પાછા આવેલા જોઈ મહારાજ અતિ પ્રસન્ન થયા. તેમણે પૂછ્યું : "પેલા ભાવરોનું શું થયું ?"

સોમલાખાચરે તરત જ કહ્યું : "મહારાજ ! એકે સામો થઈ શક્યો નથી. તેમની બંધૂકોનું બરિયાન સળગ્યું જ નહીં. એમાં અમે હલ્લો કર્યો એટલે તેમના હાથમાંથી બંધૂકો પડી ગઈ અને તેમનામાં ભંગાણ પડ્યું."

મહારાજ તરત જ ઊભા થયા. બધા કાઠી ભક્તો અને પાર્ષદોનાં શરીર

જોયાં. મહારાજે કહ્યું : "કોઈને એકે ઘા વાગ્યો નથી ?"

ત્યારે સોમલાખાચરે કહ્યું : "મહારાજ ! આ ભગુજીની તલવારના ઝપાટામાં જે આવી ગયા તે કોઈ સામો ઘા કરવા ઊભા જ ન રહ્યા."

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "એ તો ઠીક, પણ કદાચ સો બસોનાં માથાં વધેરાઈ ગયાં હોત તોપણ દાદાખાચરની રક્ષા માટે એ ઓછું હતું."

પરંતુ સૌ જાણતા હતા કે મહારાજની કૃપાથી કોઈનો પણ વાંકો વાળ થાય તેવું ન હતું. આ ઉપદ્રવ શમતાં મહારાજે દાદાને ગઢપુર પાછા બોલાવી લીધા.

દાદાને તો અમારાં રખવાળાં છે

એટલામાં જીવાખાચર દોડતા આવ્યા : "મહારાજ ! બચાવો, બચાવો. આ વજેસંગ ઠાકોરે આ ભાવર મોકલ્યા અને ધિંગાણું અમારા આંગણામાં જ થયું."

એ સાંભળી મહારાજ ઊભા થઈ ગયા. નાજા જોગિયાને કહ્યું : "ઘોડી લાવો !" ઘોડી આવી એટલે મહારાજ તે ઉપર બિરાજી જીવાખાચરના દરબારમાં પધાર્યા. જીવાખાચર તરત જ પાછળ આવ્યા. અહીં તેમણે ભાવરોને જોયા. તે જોઈ મહારાજે તેમને કહ્યું : "બાપુ ! આ ભાવર બધા તો તમારે આંગણે જ મહેમાન થઈને બેઠા છે અને તમે કહો છો કે ધિંગાણું તમારે ત્યાં થયું ?"

એટલામાં અમૂલાબા ત્યાં આવી ગયાં. તેમણે કહ્યું : "મહારાજ ! માફ કરો, પણ આ બધાં બાપુનાં જ કામાં છે. તેમની મતિ બગડી છે અને દાદા બાપુનો ગરાસ પડાવી લેવાની પેરવી કરી રહ્યા છે."

જીવાખાચર કાંઈ બોલી શક્યા નહીં. તેમણે મહારાજ તરફ આડી નજરે જોયું. મહારાજે પણ પોતાની ભ્રૂકુટી વાંકી કરી તેમને કહ્યું : "બાપુ ! હિરણ્યકશિપુ, રાવણ, કંસ, શિશુપાળ, કૌરવો એ બધાનું ભગવાન પાસે ન ચાલ્યું અને તમારું ચાલશે ? દાદાને તો અમારાં રખવાળાં છે. તેનો કોઈ વાંકો વાળ કરી શકે તેમ નથી. તો તમારા સંકલ્પો પૂરા થશે ?" એટલું કહીને મહારાજ માણકી ઉપર ચડ્યા.

અમૂલાબાએ કહ્યું : "મહારાજ ! છાશ પીતા જાઓ. અહીં પધાર્યા છો તે એમ ને એમ તો નહીં જવા દઉં."

મહારાજે માણકીની લગામ પકડી રાખી. પછી બોલ્યા : "અમૂલા ! દાદાના દરબારમાં આવજે; ત્યાં છાશ પીશું. અમે તો બાપુનાં કારસ્તાન જોવા આવ્યા હતા." એટલું કહી મહારાજ ત્યાંથી નીકળી ગયા.

બીજે દિવસે દાદાખાચર આવ્યા. તેમને લઈને મહારાજ ગઢપુરથી નીકળી

ગયા. મહારાજ ઝીંઝાવદર પધાર્યા ત્યારે ખબર પડી કે મિ. બોલ્ટનનો પણ ત્યાં મુકામ હતો. મહારાજે દાદાખાચરને કહ્યું : "તમે બોલ્ટન સાહેબને મળીને આવો. અમે કારિયાણી જઈએ છીએ." એમ કહી મહારાજ પાર્ષદો સાથે કારિયાણી પધાર્યા.

દાદાખાચર મહારાજની આજ્ઞા પ્રમાણે બોલ્ટન સાહેબને મળ્યા. તેમને ઝીંઝાવદરમાં ખબર મળ્યા હતા કે દાદાખાચરના ગરાસ ઉપર હુમલો આવ્યો હતો. તેથી તેમણે દાદાખાચરને પૂછ્યું : "તમારા ગરાસ ઉપર શાથી હુમલો આવ્યો હતો ? કાંઈ આગળ-પાછળનું વેર હતું કે લેણું વસૂલ કરવા માટેનો તકાદો હતો ?"

દાદાખાચરે કહ્યું : "લેણું તો હવે અમારી પાસે કોઈનું રહ્યું નથી. જે ઓઘાછૂટ હતી, તે પૂરી ભરપાઈ થઈ ગઈ છે. છતાં ગરાસની કેટલીક ઊપજનો હજુ નિકાલ થતો નથી. પરંતુ તે માટે હુમલો આવ્યો હતો એવું કહેવાય નહીં. અંદર અંદરના વિઘ્નસંતોષીઓએ ઈર્ષાથી કર્યું હોય તેવું લાગે છે."

દાદાખાચરની સરળતાથી મિ. બોલ્ટનને તેમની સત્યનિષ્ઠા ઉપર ભરોસો બેઠો. તેમણે કહ્યું : "આ બાબતમાં ઊંડા ઊતરી હું યોગ્ય તજવીજ જરૂર કરીશ."

પછી દાદાખાચર તરત જ કારિયાણી ગયા. ત્યાં મહારાજને બોલ્ટન સાહેબ સાથે થયેલી બધી વાત કરી.

રામદાસ સ્વામી ધામમાં જવાનો સંકલ્પ કરે છે

મહારાજે વૈશાખ શુક્લમાં મુક્તાનંદ સ્વામીને વિચરણ કરવાની આજ્ઞા આપી. એટલે મુક્તાનંદ સ્વામી મહારાજની રજા લઈ નીકળ્યા. રામદાસ સ્વામી પાસે આવ્યા. તેમને દંડવત્ કર્યા અને કહ્યું : "સ્વામી ! મહારાજે આજ્ઞા કરી છે એટલે હું હવે વિચરણ કરવા જઉં છું."

એટલે રામદાસ સ્વામીએ કહ્યું : "સ્વામી ! હવે મારા દેહનો ભરોસો નથી. ફરી વખત મળીએ કે ન મળીએ. આ છેલ્લા જય શ્રી સ્વામિનારાયણ છે."

મુક્તાનંદ સ્વામીની આંખમાં આ સાંભળી આંસુ આવી ગયાં. તેમણે કહ્યું : "સ્વામી ! આપ એવો સંકલ્પ ન કરશો. આપ છો તેથી મહારાજને પણ અનુકૂળતા છે. પ્રસંગે પ્રસંગે મહારાજને આપ આપના અનુભવની વાતોથી, સલાહથી રાજી રાખો છો; તેથી સત્સંગમાં સૌને શાંતિ છે."

રામદાસ સ્વામીએ કહ્યું : "દેહ રાખવું કે ન રાખવું એ તો મહારાજની

ઈચ્છાને આધીન છે.''

મુક્તાનદ સ્વામી સમજી ગયા કે સ્વામીને હવે દેહ તજવાની ઈચ્છા છે. તેઓ પણ ઉદાસ થઈ ગયા. સ્વામીએ તેમને આશીર્વાદ આપ્યા અને કહ્યું : ''હવે બધી જવાબદારી તમારી. માટે ધીરજ રાખજો.''

મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતોને મહારાજે રજા આપી.

સ્વામી રામદાસ અશક્ત હોવાથી ગઢપુરમાં જ રહ્યા. તેમને જેઠ સુદ પાંચમને દિવસે સખત તાવ આવ્યો. છઠ્ઠને દિવસે તો અચાનક તેઓ અવાક બની ગયા ! આથી નાજા જોગિયાને મહારાજને તેડી લાવવા કારિયાણી મોકલ્યા. નાજા જોગિયા સાંજે કારિયાણી પહોંચ્યા ત્યારે મહારાજ જમતા હતા. તેમને અચાનક આવેલા જોઈ મહારાજે તરત જ પૂછ્યું : ''નાજા ! કેમ એકાએક ?''

તેણે કહ્યું : ''મહારાજ ! ભાઈ રામદાસ એકદમ માંદા થઈ ગયા છે. બે દિવસ પહેલાં તાવ આવ્યો અને કાલથી તો સૂનમૂન થઈ ગયા છે. તેથી આપને તેડવા મને મોકલ્યો છે.''

મહારાજે કહ્યું : ''આપણે વહેલી સવારે નીકળીએ.''

મહારાજ પાર્ષદો સાથે વહેલી સવારે કારિયાણીથી મારતે ઘોડે નીકળ્યા અને છ વાગે ગઢપુર પહોંચી ગયા. તરત જ મહારાજ સ્વામી રામદાસ પાસે આવ્યા. સ્વામી પલંગમાં સૂતા હતા.

મહારાજ રામદાસ સ્વામી પાસે પધાર્યા. તે વખતે તેઓ ઊંડા ઊતરી ગયા હતા. મહારાજે તેમને બોલાવ્યા કે તરત જ તેઓ જાગૃત થઈ ગયા. મહારાજને સમીપમાં જ જોઈ તેમની આંખોમાં હર્ષનાં અશ્રુ આવી ગયાં. તેમણે મહારાજને કહ્યું : ''મહારાજ ! હવે મારો સમય નજીક આવી ગયો છે તેથી સર્વ સંતો તથા હરિભક્તોનાં દર્શન મારે કરવાં છે. મારા અંતરમાં આપની ઝંખના હતી. તે દર્શન હવે થઈ ગયાં.''

મહારાજે સૌને બોલાવ્યા. પછી તેમણે રામદાસ સ્વામીની નાડી જોઈ. નાડીના ધબકારા ધીમા હતા. વળી, થોડી થોડી વારે નાડી બંધ પણ પડી જતી હતી. મહારાજે જાણી લીધું કે હવે સ્વામી રહેશે નહીં.

મારે મહારાજની પૂજા કરવી છે

સૌ સંતો-હરિભક્તો આવ્યા એટલે રામદાસ સ્વામીએ કહ્યું : ''મારે મહારાજની પૂજા કરવી છે માટે ઉન્મત્ત ગંગાનું જળ મંગાવો. એક સુંદર રેશમી

પીતાંબર લાવો અને ચંદન લાવો.''

તે પ્રમાણે બધી સામગ્રી આવી ગઈ. તેમણે મહારાજનાં ચરણારવિંદ ઉન્મત્ત ગંગાના જળથી ધોયાં. મહારાજને રેશમી પીતાંબર પહેરવાની પ્રાર્થના કરી. પછી મહારાજના કપાળમાં ચંદનની અર્ચા કરી પુષ્પના હાર પહેરાવ્યા. દાડમ, દ્રાક્ષ, કેળાં વગેરે મહારાજને અર્પણ કર્યાં અને મહારાજની આરતી ઉતારી. આટલી વિધિ કરી એટલે તેઓ થાકી ગયા.

મહારાજે તેમને કહ્યું : ''સ્વામી ! હવે સૂઈ જાઓ. અમે અહીં જ છીએ.''

તેમણે કહ્યું : ''મહારાજ ! આપની મૂર્તિ અંતરમાં ઉતારવી છે અને આ સંતો-હરિભક્તોને મારે છેલ્લી શીખ આપવી છે.''

મહારાજ તેમનો ભાવ જોઈ હસ્યા. તેમણે કહ્યું : ''ભલે, તમારે જે કહેવું હોય તે કહો.''

આ શ્રીહરિ સર્વોપરી છે તેમનાથી પર કોઈ નથી

એટલે રામદાસ સ્વામી ત્યાં બેઠેલા સર્વે સંતો, હરિભક્તોને ઉદ્દેશીને બોલ્યા : ''સંતો ! હરિભક્તો ! સૌ સાંભળો. મને ઘણી વખત સંતો પૂછતા કે 'આ મહારાજ એ જ શ્રીકૃષ્ણ છે કે કેમ ?' પરંતુ એ પ્રશ્નનો હું ઉત્તર આપતો ન હતો, કારણ કે હું કહું અને મારી વાત મનાય નહીં અને અનાદર થાય તેનું પાપ તેમને લાગે. પણ આજે હવે મારો સમય નજીક આવી ગયો છે. મહારાજ પણ મને અક્ષરધામમાં લઈ જવા માટે પધાર્યા છે તો તમો હવે મારી આ વાત સાંભળી લ્યો અને સમજીને અંતરમાં ઉતારી લ્યો, નહીં તો સત્સંગમાં રહેવા છતાં પ્રાપ્તિમાં મોટી ખોટ આવી જશે.'' એટલું બોલતાં તેઓ થાકી ગયા.

મહારાજે તેમને કહ્યું : ''સ્વામી ! તમે જે સમજો છો તે વખત આવે જે મુમુક્ષુ હશે તેને સમજાશે. તમને થાક ઘણો લાગ્યો છે તેથી સૌ સંતો હવે ભજન કરે.''

એટલે સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આપનું સ્વરૂપ યથાર્થ સમજીને ભજન કરશે તો જ એ ભજનનું ફળ તેમને મળશે, નહીં તો તેમની સમજણ પ્રમાણે ગતિ થશે. માટે આજે તો મને કહેવા દ્યો.''

એટલું કહીને તેમણે શરૂ કર્યું : ''સાંભળો, સંતો ! આ શ્રીજીમહારાજ આપણી સમક્ષ મનુષ્ય જેવા દેખાય છે પરંતુ સાક્ષાત્ પરાત્પર પુરુષોત્તમ નારાયણ સર્વોપરી અને સર્વ અવતારોના અવતારી છે. રામકૃષ્ણાદિક સર્વે

અવતારોના પણ કારણ છે. કાળ અને માયાના નિયંતા છે. અલૌકિક શક્તિએ યુક્ત છે. કલ્યાણકારી ગુણોના સમુદ્રરૂપ છે. તેથી મહારાજને જો તમે સર્વ અવતારના અવતારી સમજશો, તો જ તમારું આત્યંતિક કલ્યાણ થશે. આ શ્રીહરિ સર્વોપરી છે. તેમનાથી પર કોઈ નથી એમ હું જાણું છું. આમાં જો હું લગારે પણ અસત્ય બોલતો હોઉં, તો આ પાંચસો પરમહંસોના મને સમ છે; એટલું જ નહીં, પરંતુ આ બ્રહ્માંડ ભાંગ્યાનું પણ પાપ મારે માથે છે."[૩૮]

રામદાસ સ્વામી ધામમાં જાય છે

રામદાસ સ્વામી આટલું બોલ્યા ત્યાં એકદમ થાકી ગયા. તેઓ શ્વાસ લેવા સ્થંભ્યા. પછી મહારાજને કહ્યું : "પ્રભુ ! આપનાં ચરણારવિંદ મારી છાતીમાં આપો."

ત્યારે મહારાજે તેમને કહ્યું : "તમે તો સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ છો અને વળી મારા ગુરુભાઈ છો. માટે તમારી છાતીમાં મારાં ચરણારવિંદ ન અપાય."

રામદાસભાઈએ તરત જ મહારાજનાં ચરણારવિંદનો સ્પર્શ કર્યો અને બોલ્યા : "આપ તો ગુરુના પણ ગુરુ છો. માટે જેમ બીજા સંતો-હરિભક્તોને તેમની છાતીમાં ચરણારવિંદ આપો છો, તેમ મને પણ આપો."

મહારાજે તેમની ભક્તિ જોઈ તેમની છાતીમાં પોતાનાં ચરણારવિંદ પધરાવ્યાં. સ્વામીને શાંતિ થઈ. પછી સાકરનું પાણી મંગાવી મહારાજે થોડું પીધું. તે પ્રસાદીનું પાણી રામદાસ સ્વામીને પાયું. મહારાજે પછી કીર્તન શરૂ કરાવ્યાં.

આ.સં.૧૮૭૬ના પ્રથમ જેઠ સુદ એકાદશીને દિવસે મહારાજની સ્મૃતિ કરતાં કરતાં રામદાસ સ્વામી ધામમાં પધાર્યા.[૩૯]

મહારાજે રામદાસ સ્વામીના દેહને શુદ્ધ જળથી સ્નાન કરાવરાવ્યું. તેમના શરીરે મહારાજે કેસર મિશ્રિત ચંદનનો લેપ કર્યો. તેમની આરતી ઉતારી.

---

૩૮. अत्रासत्यं यदा स्याच्येत्तर्हिमे शपथः सताम् ।
अस्ति ब्रह्मांड भंगस्य पातकं मे तथा महत् ॥ – દુર્ગપુર માહાત્મ્ય, અ. ૭૮;
લેખક : આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ

૩૯. શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર; પા. ૨૨-૨૩. લે : બ્ર. આત્માનંદ શાસ્ત્રી (વરતાલ)
શોધક : સ. બ્ર. પુ. શાંતિપ્રિયાનંદજી (વરતાલ)
શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૨૦, તરંગ-૫૫માં જેઠ સુદ ૬ના દિવસે મધ્યાહ્ને રામદાસ સ્વામી ધામમાં જાય છે એવો ઉલ્લેખ છે.

ત્યારબાદ તેમનો દેહ વિમાનમાં પધરાવીને સૌ સંતો-હરિભક્તો ઉત્સવ કરતા ચાલ્યા. તેમના દેહને અગ્નિસંસ્કાર કર્યો.

અંત્યેષ્ટિવિધિ બાદ ઘેલામાં સ્નાન કરી સૌ દરબારમાં આવ્યા. મહારાજે રામદાસ સ્વામીની સત્સંગ સેવાને અંજલિ આપી.

નિર્જીવ સત્સંગમાં મોક્ષ કરવાની શક્તિ રહેતી નથી

લગભગ એક મહિનાથી વિચરણમાં નીકળેલા મુક્તાનંદ સ્વામીને રામદાસ સ્વામી ધામમાં પધાર્યા તે સમાચાર ઈટોલામાં મળ્યા. આ સમાચાર સાંભળી તેઓ બહુ જ દિલગીર થઈ ગયા. તેમણે પોતાના સંતમંડળને કહ્યું : "રામદાસ સ્વામી સત્સંગના સ્તંભ સમાન હતા. સત્સંગની મર્યાદાનું તેઓ યથાર્થ પાલન કરતા. સત્સંગમાં મહારાજે બાંધેલી મર્યાદા જે યથાર્થ રાખે અને રખાવે તે સંત હોય કે હરિભક્ત હોય પણ સત્સંગના સ્તંભ સમાન ગણાય. મર્યાદા તૂટી એટલે સત્સંગ નિર્જીવ થઈ જાય છે. એ પ્રકારના નિર્જીવ સત્સંગમાં મોક્ષ કરવાની શક્તિ રહેતી નથી."

મુક્તાનંદ સ્વામી તરત ત્યાંથી નીકળી ગયા અને અટલાદરા આવ્યા. અહીં ભક્તો જીજીભાઈ, વિઠ્ઠલભાઈ, નરહરિદાસ, કાશીદાસ તેમજ બારૈયા જોરાભાઈ વગેરે સ્વામી પધાર્યા તેથી ખૂબ પ્રસન્ન થયા. પરંતુ સ્વામીને રોકાવું ન હતું. ગઢપુર જવાની ઉતાવળ હતી તેથી તેમની રસોઈ જમી તરત જ સ્વામી ત્યાંથી નીકળી ગયા. સાંકરદા થઈ ઉમરેઠ પધાર્યા. ત્યાંથી વરતાલ થઈ પાંચ દિવસે ગઢપુર પધાર્યા. તે વખતે વરસાદ ખૂબ થયો.

મુક્તમુનિ આવ્યા છે તે સાંભળી મહારાજ અક્ષર ઓરડીમાંથી એકદમ બહાર પધાર્યા. સ્વામી તેમને દંડવત્ કરવા લાગ્યા. પરંતુ મહારાજે તેમને પકડી લીધા અને ખૂબ ભાવથી ભેટ્યા. પોતાના કંઠમાં ફૂલનો હાર હતો તે મુક્તાનંદ સ્વામીને પહેરાવ્યો. મુક્તમુનિએ રામદાસભાઈના અક્ષરવાસ અંગે શ્રીહરિ પાસે દિલગીરી વ્યક્ત કરી. શ્રીહરિએ રામદાસભાઈની શુદ્ધ નિષ્ઠાના ગુણ ગાઈ તેમની સ્મૃતિ કરી.

પછી મહારાજે મુક્તાનંદ સ્વામીના વિચરણ અંગે પૃચ્છા કરી. સુરતના સત્સંગના સમાચાર પણ પૂછ્યા. મુક્તાનંદ સ્વામીએ વિગતવાર સમાચાર આપ્યા. ત્યાંના અરદેશર કોટવાલના ગુરુ મુનિબાવાને સત્સંગ પ્રત્યે દ્વેષ છે, તેથી કોટવાલ ભાવિક હોવા છતાં સત્સંગ તરફ વળી શકતા નથી તે વાત પણ કહી.

મહારાજે કહ્યું : "આપણે બ્રહ્મમુનિને સુરત મોકલીશું. તે તેમની ચારણી-વિદ્યાના બળથી મુનિબાવાને સત્સંગ કરાવશે. મુનિબાવા ભાવિક છે પરંતુ બીજાના શબ્દોથી ભરમાયા છે અને સત્ય શોધવાની દૃષ્ટિ રાખી નથી પરંતુ બ્રહ્મમુનિ તેમને સત્ય સમજાવી દેશે."

મુક્તાનંદ સ્વામી આ સાંભળી રાજી થયા. તેમણે કહ્યું : "મહારાજ ! તો તો ગઢ પડે."

"આપણે પાડવો જ છે." મહારાજે હસતાં હસતાં કહ્યું.

દેહ રહે તેવું લાગતું નથી

આ વખતે વૈશાખ-જેઠનો તાપ આકરો હતો. સૂર્ય જાણે પ્રલયના અગ્નિ જેવો તપતો હતો. તેથી મહારાજ અક્ષર ઓરડીની બહાર નીકળ્યા નહીં. અક્ષર ઓરડીનાં બારણાં અને બારીઓ ઉપર વીરણના પડદા ગોઠવી દીધા હતા. તેના ઉપર પાર્ષદો પાણી છાંટીને ભીના રાખતા હતા એટલે અંદર ઠંડક રહેતી.

જેઠ સુદ બારસના દિવસે મહારાજની અસ્વસ્થતા વધી ગઈ. મહારાજની અકળામણ જોઈ સેવકો અને સંતો પણ અકળાયા. મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા. મુક્તાનંદ સ્વામીએ મહારાજના કપાળ ઉપર હાથ મૂક્યો. ધગેલ લોઢીના જેવો તાપ મહારાજના કપાળ ઉપર જણાયો. સ્વામી મહારાજની આ પ્રકૃતિથી એકદમ ઢીલા થઈ ગયા. બ્રહ્મમુનિ પણ પોતાની અખૂટ ધીરજ સાચવી શક્યા નહીં.

એટલામાં મહારાજે કહ્યું : "સ્વામી ! હવે દેહ રહે એવું લાગતું નથી. આ જેઠ તપે છે તેમાં કપરા કાળની આગાહી છે. ઘણાના પ્રાણ લેશે."

"પણ મહારાજ ! આપની પાસે તો કાળનું કાંઈ ચાલતું નથી. આપ શા માટે ઉદાસ થાઓ છો ?" સ્વામીએ વિનંતી કરતાં કહ્યું. પરંતુ મહારાજ કાંઈ બોલ્યા નહીં. એટલે સંતો સૌ સ્વામિનારાયણની ધૂન કરવા લાગ્યા. મહારાજ પડખું ફરીને પોઢી ગયા. ધીરે ધીરે સૌ સંતો બહાર નીકળી ગયા.

એ દિવસે એકાએક મહારાજને ઝાડા અને ઊલટી થવા લાગ્યાં. પેટમાં પાણી પણ ટકે નહીં અને ઝાડા પણ બંધ થાય નહીં. આ અચાનક ઉપાધિથી સૌ મૂંઝાયા. મુક્તાનંદ સ્વામી રામાનંદ સ્વામી પાસેથી વૈદું શીખ્યા હતા. તેમણે ગોળીઓ આપી પણ મહારાજે તે ફેંકી દીધી. એટલે સ્વામી મહારાજ પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની આ પ્રકારની ઉદાસીનતાથી

સત્સંગ આખો વીંખાઈ જશે અને અસુરોનું જોર વધી જશે. મુમુક્ષુઓ બીચારા રખડી પડશે.'' મહારાજે કાંઈ જ જવાબ ન આપ્યો. મહારાજ એવાં ચરિત્રો કરવા લાગ્યા કે સૌ મૂંઝાયા, કેટલાકને મનુષ્યભાવ પણ આવવા લાગ્યો.

સેવામાં મુકુન્દવર્ણી હતા તેમને મહારાજે કહ્યું : ''અમારી સેવામાં તમે, નિર્ગુણાનંદ, વૈષ્ણવાનંદ, નિત્યાનંદ, શુકાનંદ અને નિષ્કુળાનંદ આટલા રહેજો. બીજાને આવવા દેશો નહીં. તેમને અમારી ક્રિયામાં મનુષ્યભાવ આવશે.''

મહારાજને તાપ ખૂબ જ લાગતો. શરીરમાં તાવ પણ રહેતો, છતાં શરીરે ભીનાં કપડાં વીંટળાવી રાખતા. સુકાઈ જાય તો પાણીમાં પલાળી ભીનાં કરાવતા. એક દિવસે નિત્યાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! અહીં તાપ બહુ જ લાગે છે. ક્યાંય બીજે રહેવાની વ્યવસ્થા કરો.'' તરત નિત્યાનંદ સ્વામીએ દાદાખાચરને વાત કરી.

દાદાખાચરના દરબારની પાછળ ખુલ્લી જમીન હતી. ત્યાં વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું. એટલામાં મહારાજે ફરી નિત્યાનંદ સ્વામીને કહ્યું : ''દાદાના દરબારની પાછળની જમીનમાં લીંબડાની ઘટા છે ત્યાં રહેવાનું ગોઠવો. ઘેલા નદીનું પાણી ત્યાં સુધી આવે તેમ તેનું વહેણ બદલાવી નાંખો.''

આ સાંભળી સ્વામી પણ મૂંઝાયા. મહારાજના આ શબ્દો કેવળ તેમની અસ્વસ્થતાના ન હતા પરંતુ ગંભીર માંદગીના સૂચક હતા. તેમણે લીંબડાની નીચે મહારાજનો ઢોલિયો ઢળાવ્યો. આજુબાજુ જાડાં કપડાં બાંધી દીધાં. ઘેલા નદીની રેતી લાવી ચારે તરફ ઢગલો કર્યો. તેના ઉપર પાણી અખંડ પડે અને રેતી ભીની રહે એવી ગોઠવણ કરી. વીરણના વીંઝણા મંગાવ્યા. તે ભીંજાવીને વારાફરતી સેવામાં રહેલા સંતો મહારાજને પવન નાખે તેવી ગોઠવણ કરી દીધી.

આ વ્યવસ્થા થઈ એટલે મુકુંદાનંદ વર્ણી મહારાજને તેડીને ત્યાં લઈ આવ્યા. મહારાજે ફક્ત એક કૌપીન જ પહેરી હતી. મહારાજને ઢોલિયામાં સુવાડ્યા. શરીર ઉપર ભીનાં વસ્ત્રો વીંટાળી દીધાં. એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજના અંગમાં તાવ છે તેથી આખો વખત ભીનાં કપડાં શરીર ઉપર વીંટાળી રાખવાથી શરદી થઈ જશે. માટે થોડી થોડી વારે કાઢી નાખતા જાઓ.''

મહારાજ તે સાંભળી બોલ્યા : ''અમે તાવને ગાંઠીએ એવા નથી.''

કામ બહુ મોટું છે ને શરીર હવે અર્ધું થઈ ગયું છે

આ સાંભળી બ્રહ્માનંદ સ્વામીને હિંમત આવી. તેમણે કહ્યું : ''તો પછી

આ ટૂંટિયાને કેમ પેસવા દીધું ?"

ત્યારે મહારાજે કહ્યું : "તેનાં પરાક્રમ જોવા. તે જેના શરીરમાં પેસે તેની નાડીઓ તૂટે, લોહીનું પાણી થઈ જાય." એટલું કહીને મહારાજ અટક્યા. તેમને એકદમ ઊલટી થઈ અને સાથે ઝાડા પણ થયા. મહારાજ ઢોલિયામાં આળોટવા લાગ્યા. બંને હાથ પછાડવા લાગ્યા. આજુબાજુ મળના છાંટા ઊડતા હતા. પણ સંતો ધીરજથી મહારાજની સેવા કરવા લાગ્યા. મહારાજની આ પ્રકારની ગંભીર માંદગીથી સૌ ગંભીર થઈ ગયા. એટલામાં મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! હવે દેહ નહીં રહે. દેહ રાખવાનો પ્રયત્ન પણ કરવો નથી."

એટલે બ્રહ્માનંદ સ્વામી રડતાં રડતાં બોલ્યા : "મહારાજ ! ધામમાં પધારશો તોપણ ત્યાંથી પાછા લાવીશું, પણ જવા તો નહીં જ દઈએ. સત્સંગનાં મૂળ દૃઢ કરવાના સંકલ્પ કર્યા છે તે અમને સૌને છેતરવા કર્યા છે ?"

"સ્વામી ! એ થતાં થઈ ગયું, પણ કામ બહુ મોટું છે અને શરીર હવે અર્ધું થઈ ગયું છે. હવે હિંમત રહેતી નથી." મહારાજે ધીરેથી કહ્યું.

સંતોએ મહારાજનું શરીર સાફ કર્યું. મુક્તાનંદ સ્વામી પણ વરિયાળી ચોળી તેમાં ખાંડ નાંખીને લઈ આવ્યા. મહારાજને ઝાડા-ઊલટી મોળા પડે એટલે તેમાં એક ગોળી પણ તેમણે નાખી હતી.

મહારાજ પાસે પ્યાલો લાવ્યા ત્યારે મહારાજે પૂછ્યું : "શું છે ?"

સ્વામીએ કહ્યું : "વરિયાળીનું પાણી છે. પી જાઓ એટલે ઠંડક થઈ જાય."

"અંદર ગોળી નાખી છે તે કાઢી નાખો." મહારાજે તરત જ કહ્યું.

સ્વામી આ સાંભળી લાચાર બની ગયા. તેમણે રડતાં રડતાં કહ્યું : "મહારાજ ! આપ જેમ કહેશો તેમ કરીશું. સત્સંગની પ્રથા બાંધવાનો અમારો હવે કોઈ આગ્રહ નથી. અમારે તો આપ દેહ રાખો, સ્વસ્થ થઈ જાઓ અને વર્તમાનકાળે ભક્તોને સુખ આપો તેવી જ ઇચ્છા છે."

"તો ભવિષ્યના સત્સંગનું શું ? કલ્યાણનો માર્ગ સાવ બંધ કરી દેવો છે ?" મહારાજે ધ્રૂજતાં ધ્રૂજતાં પૂછ્યું. તેમની આંખોમાં અગ્નિ હતો.

નિત્યાનંદ સ્વામીએ તરત જ કહ્યું : "હવે કોઈ કાંઈ બોલશો નહીં. એમને આરામ કરવા દો."

એટલે મહારાજ તરત જ બોલ્યા : "સ્વામી ! આરામ તો આપણે સાલેમાળના ડુંગરામાં જઈને કરવો છે. અમારી ગાડી ત્યાં લઈ જાવ. ભવિષ્યના સત્સંગનો વિચાર ત્યાં જઈને કરીશું."

આ સાંભળી બધા શાંત થઈ ગયા. કોઈ કાંઈ બોલ્યું નહીં. મહારાજ પણ સૂનમૂન બની ગયા. વીરણના વીંઝણાના ઠંડા પવનથી મહારાજની આંખ ઘેરાવા લાગી એટલે સૌ આજુબાજુ બેસી ગયા. બહાર પાર્ષદો મહારાજના તંબૂની આજુબાજુ ચકલું પણ ન ફરકે તેનું ધ્યાન રાખતા હતા. જીવુબા, લાડુબા, દાદાખાચર તેમજ સત્સંગીઓ તમામ મહારાજની આ માંદગીથી ઉદાસ થઈ ગયા હતા. કોઈએ અન્ન લીધું ન હતું. સૌ અખંડ માળા ફેરવતાં હતાં. મહારાજના તંબુ પાસેની રેતી ભીની રહે અને મહારાજને ઠંડક રહે તે માટે ભક્તો પાણી રેડતા હતા. બહેનો ઘેલામાંથી પાણીની હેલો લઈ આવતી હતી. સૌનું ચિત્ત મહારાજના સ્વરૂપમાં ચોંટી ગયું હતું. ભૂખ-તરસ બધું જ વિસરાઈ ગયું હતું.

અમારે સાલેમાળના ડુંગરામાં જવું છે

મહારાજ અર્ધનિદ્રામાં હતા. તે જ અવસ્થામાં તેમણે બૂમ મારી : "નિષ્કુળાનંદ ક્યાં ગયા ?" તરત જ સ્વામી ઊભા થઈ ગયા. મહારાજ પાસે હાથ જોડી કહ્યું : "આ રહ્યો મહારાજ !"

"અમારે સાલેમાળના ડુંગરામાં જવું છે તો ગાડી બનાવો." મહારાજે એ જ અવસ્થામાં કહ્યું.

"ભલે મહારાજ !" એમ કહી નિષ્કુળાનંદ સ્વામી બહાર ગયા.

થોડી વારે નિત્યાનંદ સ્વામી આવ્યા. તેમણે પૂછ્યું : "નિષ્કુળાનંદ સ્વામી ક્યાં ગયા ?"

એટલે મુકુંદાનંદ વર્ણીએ કહ્યું : "મહારાજે ગાડું બનાવવા કહ્યું છે એટલે લાકડા ભેગા કરવા ગયા છે."

આ સાંભળી નિત્યાનંદ સ્વામી બહાર ગયા. નિષ્કુળાનંદ સ્વામીને મળ્યા અને કહ્યું : "સ્વામી ! મહારાજ તો લીલા કરે છે માટે સેવામાં જોડાઈ જાઓ. આપણે મહારાજને સમજાવી દઈશું."

અમારામાં તમે અજ્ઞાન પરઠ્યું ?

નિત્યાનંદ સ્વામી નિષ્કુળાનંદ સ્વામીને લઈને અંદર આવ્યા. મહારાજ પોઢ્યા હતા. તેમની બાજુમાં પોતે બેઠા અને બે સંતો ઓસીકા પાસેથી અને બે સંતો પાંગતેથી ઢોલિયો ઊંચો કરવા લાગ્યા. ઢોલિયો થોડો હલાવ્યો. એટલે મહારાજ જાગી ગયા. મુખ ઉપરથી વસ્ત્ર ખસેડી બોલ્યા : "આ શું થાય છે ?"

એટલે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! સાલેમાળના ડુંગરામાં ગાડું ચાલે છે. રોદા આવે છે તેથી આવું થાય છે."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "સારું, ત્યાં જઈને તપ કરીશું અને પછી અક્ષરધામમાં જઈશું."

એટલે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! અક્ષરધામ તો આપની ભેગું જ છે એમ આપે સમજાવ્યું છે, તો ત્યાં જવાનું ક્યાં રહ્યું ? જે અક્ષરધામમાં જવાની વાત કરે છે તે તો અજ્ઞાની છે."

"અમારામાં તમે અજ્ઞાન પરઠ્યું ?" મહારાજે સ્વામી સામું જોઈને કહ્યું.

"ના મહારાજ ! આપનું જ્ઞાન પ્રગટ કર્યું."

મહારાજ હસ્યા. પછી કહ્યું : "સ્વામી ! તમે ગપ્પાં મારો છો કે સાલેમાળના ડુંગરામાં જઈએ છીએ. આપણે તો અહીં જ છીએ !"

નિત્યાનંદ સ્વામીને હિંમત આવી. તેમણે કહ્યું : "મહારાજ ! એવું તો આપે જ શિખવાડ્યું છે. અમે કહીએ કે આપ માંદા છો ત્યારે તમે કહો છો કે મનુષ્યભાવ આવ્યો ને ! અને અમે જ્યારે કહીએ કે આપને શરીરે સારું છે, ત્યારે આપ કહો છો ક્યાં સારું છે ? ખવાતું નથી, પચતું નથી. એટલે અમારે તો બંને વાતે સંકડામણ થાય છે. માટે અત્યારે આપ ખરું કહો કે આપ ખરેખર માંદા છો ?"

"માંદા પણ છીએ અને સાજા પણ છીએ. જ્યારે માંદા પડવું હોય ત્યારે માંદા થઈએ અને સાજા થવું હોય ત્યારે સાજા થઈએ." સહેજ હસતાં હસતાં ધીમે અવાજે મહારાજે કહ્યું.

"તો આ સમગ્ર સત્સંગને સુખ દેવા સાજા થઈ જાઓ ને ! દરેકનાં અંતર આપની આવી ભારે માંદગી જોઈ રડે છે. કોઈ અન્નજળ લેતું નથી. સૌના ઉપર કાંઈક દયા કરો."

આ સાંભળી મહારાજે કહ્યું : "મને બેઠો કરો."

તરત જ સેવકોએ મહારાજને બેઠા કર્યા. મહારાજે કહ્યું : "ઘઉંની રાબ બનાવીને લાવો. અમે પીએ અને સાજા થઈએ."

તરત મોટીબાને ખબર મોકલી. મોટીબા ઉતાવળાં ઉતાવળાં દોડ્યાં અને ચૂલો સળગાવી, તપેલી ભરીને રાબ એકદમ બનાવી દીધી. અંદર તજ, લવિંગ, એલચી નાખ્યાં. સહેજ ઠારીને મહારાજને મોકલી. મહારાજને વાટકામાં થોડી રાબ આપી. મહારાજે તે પીધી. પછી સૌના સામું જોઈ હસતાં હસતાં મુક્તાનંદ

સ્વામીને પૂછ્યું : "સ્વામી ! રાબ પિવાય ને ?"

સ્વામીએ કહ્યું : "હા, મહારાજ ! રાબ પીવાથી તો ટૂંટિયું જલદી ભાગે."

મહારાજે થોડી રાબ પીધી એટલે વર્ણી વાટકામાં બીજી રાબ નાખવા ગયા પણ મહારાજે ના કહી. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! લ્યો ને અમને પ્રસાદી મળશે. ઘણા દિવસના ભૂખ્યા છીએ."

એટલે મહારાજે થોડી રાબ લીધી. પોતે સહેજ પીધી અને પછી સૌને પ્રસાદી આપી દીધી. પછી બોલ્યા : "અમે હવે સાજા થઈ ગયા છીએ માટે અક્ષર ઓરડીમાં અમને લઈ જાવ." મહારાજને બ્રહ્મચારી અક્ષર ઓરડીમાં તેડીને લઈ ગયા.

મહારાજ રોજ થોડી થોડી રાબ પીતા. લગભગ દસ દિવસે ઊભા થઈને ચાલવા લાગ્યા. પાણી ઠંડું રહે તે માટે મોટા મોટા તાસમાં પાણી નાખી તેમાં સૂરોખાર નાખીને તે તાસમાં મહારાજ માટે પીવાના પાણીના ઘડા રાખતા. મહારાજ તે પીતા. શેરડીનો રસ પણ નિષ્કુળાનંદ સ્વામી આપતા. રૂપાભાઈ તથા રાજાભાઈ તેમજ શ્રીમાળી વિપ્ર ઝીણાભાઈએ મહારાજ માટે સુરતથી સોનેરી કેળાં મંગાવીને ગઢડે મોકલ્યાં હતાં. તે કેળાં પણ મહારાજ જમતા. સૂર્યાસ્ત પછી રાત્રે બહાર લીંબડા નીચે ઢોલિયામાં બિરાજતા. તે વખતે સંતો પાણી છાંટી ચોકની ધગેલી ધરતીને ટાઢી કરી દેતા. કોઈ વખત મહારાજ નિત્યાનંદ સ્વામીને કહેતા : "સંતો બહાર ફરતા હોય તેમને કહેવરાવો કે તાપમાં બહાર ફરે નહીં. મૃત્યુ થઈ જાય તેવો કાળ વર્તે છે. એકાદ વરસાદ થાય પછી અહીં અમારાં દર્શને આવવું હોય તો ભલે આવે."

આ.સં. ૧૮૭૬ના દ્વિતીય જેઠની ભીમ એકાદશીના ઉત્સવને દિવસે મહારાજે દાદાખાચરના દરબારના ચોકમાં સભા કરી. અહીં ઘેલા નદીની રેતી પાથરી દીધી હતી. તે ઉપર પાણીનો છંટકાવ કરી તેને ટાઢી રાખતા એટલે હવા ઠંડી રહેતી. વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીથી તે લીમડાના વૃક્ષ સુધી મંડપ બાંધી છાંયો કર્યો હતો. આજુબાજુ વીરણના પડદા બાંધ્યા હતા. વરિયાળી ઘૂંટી દસ-બાર ઘડા પાણી ભરી રાખ્યું હતું. મહારાજ જ્યારે માગે ત્યારે ગાળીને તે પાણી આપતા.

સભામાં ઊંઘવું નહીં

તે દિવસે સવારે સભા કરી. સંતો પાસે ગરબીનાં પદો ગવરાવ્યાં. મોટેરા

સંતોએ વાતો પણ કરી. મહારાજે સૌને આદેશ આપ્યો હતો કે "જેને સભામાં ઊંઘ આવે તેણે સભાની પાછળ જઈ ઊભા રહેવું. તેમ છતાં ઊંઘ આવે તો દસ દંડવત્ કરવા અને તોપણ ઊંઘ આવે તો ઉન્મત્ત ગંગામાં જઈ સ્નાન કરી આવવું. જો એમ કરતાં પણ ઊંઘ હઠે જ નહીં, તો સભામાં ન આવવું. પણ સભામાં આવીને તો ઊંઘવું નહીં જ."

ધીરે ધીરે મહારાજની તબિયત સારી થવા લાગી. હરિભક્તો કેરીઓ લાવતા. મહારાજ સંતોને કેરીઓ આપીને પછી પોતે જમતા. જેઠ વદિ ૧૧ને દિવસે પુષ્કળ કેરીઓ આવી. મહારાજે બારસને દિવસે રસ-રોટલી કરાવી. પોતે અલ્પ જમ્યા પણ સંતોને રસ ખૂબ પીરસ્યો. ત્યારપછી જીવાખાચર તથા દાદાખાચરે પણ રસ-રોટલીની રસોઈ આપી. મહારાજ હવે પ્રસન્ન હતા. સ્વાસ્થ્ય પણ સુધરતું હતું. બધાનો આગ્રહ હતો કે ચાતુર્માસ ગઢપુરમાં જ કરવો, જેથી સંપૂર્ણ આરામ મળે અને શરીર પહેલાંના જેવું સંપૂર્ણ સ્વસ્થ થઈ જાય.

અક્ષર ઓરડીમાં ગીતાભાષ્યની કથા : આ.સં. ૧૮૭૭

ગઢપુરમાં મહારાજ સવાર-સાંજ હરિભક્તોની સભા ભરીને કથાવાર્તા તો કરતા હતા, રાત્રે તેમણે શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ઉપર રામાનુજ-ભાષ્ય વંચાવવાનું શરૂ કર્યું. આ કથા અક્ષર ઓરડીમાં જ ચાલતી અને ફક્ત વિદ્વાન સંતો જ તેમાં ભાગ લેતા. પરંતુ જેમ જેમ સંતોને ખબર પડતી ગઈ તેમ તેમ કથામાં વિશેષ પ્રમાણમાં સંતો આવતા ગયા. અક્ષર ઓરડી સાંકડી અને શ્રોતાજનોની સંખ્યા મોટી, એટલે કથામાં ભીડ થવા લાગી. મહારાજે તેથી મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! જે સમજતા હોય તેમને જ આવવા દેવા. બીજાને સવાર-સાંજની કથામાં આવવું."

મુક્તાનંદ સ્વામી બીજે દિવસે રાત્રે જેમ જેમ સંતો આવવા માંડ્યા તેમ તેમ પૂછવા લાગ્યા : "કથામાં સમજણ પડે છે ?" જે સંતોએ ના કહી તેમને કહ્યું : "તમે સવારની કથામાં આવજો." સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી આવ્યા. તેમને પણ પૂછ્યું : "સ્વામી ! કથા સમજાય છે ?"

સ્વામીએ તરત જ કહ્યું : "સ્વામી ! કથા તો ન ભૂતો ન ભવિષ્યતિ – એવી અદ્‌ભુત થાય છે."

તે સાંભળી મહારાજે તરત જ કહ્યું : "સ્વામી ! તેમને આવવા દ્યો. તે સમજે છે."

રાધાવાવ મહારાજ પ્રસાદીની કરે છે

આ અરસામાં રાધાવાવ પૂરી ગળાઈને તૈયાર થઈ ગઈ હતી. વરસાદ ખૂબ થવાથી તેમાં પાણી પણ ઉપર સુધી આવી ગયું હતું. તેથી સચ્ચિદાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! રાધાવાવમાં ઉપર સુધી પાણી આવી ગયું છે. આપ જો સ્નાન કરવા પધારો, તો પ્રસાદીની થાય."

તે સાંભળી મહારાજે તરત જ દાદાખાચર તથા બીજા પાર્ષદો, નિત્યાનંદ સ્વામી વગેરેને તૈયાર કર્યા.

મહારાજ રાધાવાવે પધાર્યા અને પાણી ઉપર સુધી જોઈ પ્રસન્ન થયા. મહારાજે સંતો તથા પાર્ષદોને કહ્યું : "જેને તરતાં આવડતું હોય તે આમાં પડો અને તરવાની વિદ્યા બતાવો." પછી સૌ તેમાં પડ્યા. અનેક દાવ રમ્યા અને મહારાજ તે જોઈ પ્રસન્ન થયા. મહારાજે કહ્યું : "રાધાવાવનો તાગ કોઈ લઈ આવો." એટલે પાર્ષદો ફરી પડ્યા પણ કોઈ તાગ લાવી શક્યું નહીં.

પછી મહારાજ આથમણી કોરના ઢોરા પાસે લીંબડો તથા આંબલીનાં વૃક્ષો હતાં તે લીમડા ઉપર ચઢ્યા અને ત્યાંથી વાવમાં ધૂબકો માર્યો, પાછળ દાદાખાચર પણ પલાંઠી વાળીને પડ્યા. મહારાજ ઠેઠ તળિયે પહોંચ્યા અને ઉપર આવતા હતા ત્યાં દાદાખાચરને વચમાં પલાંઠી વાળીને તરતા જોયા. મહારાજ પાણી ઉપર આવ્યા. તેમના હાથમાં સ્ફટિકનો સુંદર પથ્થર હતો. મહારાજે સૌને તે બતાવ્યો. પછી બોલ્યા : "આ પથ્થરમાંથી સૂર્યનારાયણની સુંદર મૂર્તિ થશે."

પછી તે પથ્થર સચ્ચિદાનંદ સ્વામીને આપીને કહ્યું : "આ પથ્થર લાડુબાને મોકલાવજો."

વાવને તળિયે બેસી આપનું ધ્યાન કરતો હતો !

એટલામાં નિત્યાનંદ સ્વામી વાવમાંથી નીકળ્યા. મહારાજે તેમને પૂછ્યું : "આટલો વખત ક્યાં હતા ?"

તેમણે હસતાં હસતાં કહ્યું : "વાવને તળિયે બેસીને આપનું ધ્યાન કરતો હતો."

મહારાજે કહ્યું : "અમને તે વિદ્યા ફરી બતાવો." એટલે નિત્યાનંદ સ્વામી ફરી વાવમાં પડ્યા. બરાબર અડધા કલાક પછી તેઓ બહાર નીકળ્યા. મહારાજે તેમના વાંસામાં આશીર્વાદનો હાથ મૂકતાં કહ્યું : "સ્વામી ! શાસ્ત્ર-

વિદ્યામાં પણ પારંગત છો અને તરવાની વિદ્યામાં પણ પ્રવીણ છો. તમારાં શાસ્ત્રો દ્વારા અનેકને તરવાનો માર્ગ જડી જશે."

પછી ત્યાં જ સંધ્યા આરતી કરી સૌ દરબારમાં આવ્યા.

રાત્રે મહારાજે લિંબતરુ નીચે સભા કરી. તે વખતે મુક્તાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું : "મહારાજ ! આપને લીમડો બહુ જ પસંદ જણાય છે. અહીં પણ આ લિંબતરુ નીચે સભા કરો છો અને રાધાવાવ પધાર્યા તો ત્યાં પણ લીંબડાના વૃક્ષ ઉપરથી આપે વાવમાં ધૂબકો માર્યો. આંબલીનું વૃક્ષ પણ પાસે જ હતું."

મહારાજ આ સાંભળી હસ્યા. મહારાજે કહ્યું : "લીંબડો છે કડવો, પણ રોગ કાઢે તેવો છે. તેથી અમને તે બહુ જ પ્રિય છે. અમારાં વચન પણ લીમડાના રસની પેઠે કડવાં છે, તે પાળવાં કઠણ છે, પણ દેહ મૂક્યા પછી તે અક્ષરધામનું સુખ આપે તેવાં છે. પરંતુ જે અમારાં વચન લોપીને વિષયસુખ ભોગવે છે, તે સુખ હમણાં તો તેમને સાકર જેવાં મીઠાં લાગે છે પણ ભવરોગ કાઢી શકતાં નથી અને દેહ મૂક્યા પછી ઘોરતમ નરકની યાતના ભોગવાવે છે."

વેદરસનો ગ્રંથ રચવાની આજ્ઞા

તે વખતે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આષાઢ બેઠો છે. આપની તબિયત બરોબર રહેતી નથી તો આપ થોડો સમય ગઢપુરમાં જ રહો અને અહીં રહીને, સંતો શુદ્ધ વર્તે તે માટે આપણે જે પંચવ્રતનો પ્રબંધ કર્યો છે તે ઉપર અમે એક મોટો પત્ર લખ્યો છે. તેના આધારે એક ગ્રંથ ચોપાઈ છંદમાં તમો તૈયાર કરો. તે ગ્રંથને 'વેદ રહસ્ય'નું નામ આપજો."

મુક્તાનંદ સ્વામી મહારાજની રુચિ સમજી ગયા.[૪૦]

સત્શાસ્ત્રોના શ્રવણથી જીવની જીવદશાનું પરિવર્તન

આ.સં. ૧૮૭૭ની સાલ બેસી ગઈ હતી. મહારાજ ગઢપુરમાં જ બિરાજતા હતા. આથી સારંગપુરથી જીવાખાચર, તેમની પુત્રી દેવકુબા તેમજ પુત્રો વાઘાખાચર, અમરાખાચર તથા રાઠોડ ધાધલ, તેની પુત્રી માલુબા, પૂજાખાચર વગેરે ગઢપુર આવી ગયાં હતાં. તેમને લોભ હતો મહારાજને

૪૦. આજ્ઞા પ્રમાણે મુક્તાનંદ સ્વામીએ મહારાજે લખાવેલ પત્ર ઉપરથી ચોપાઈ છંદમાં ગ્રંથ તૈયાર કર્યો. તેઓ બોલતા અને સિદ્ધાનંદ સ્વામી લખતા.

સારંગપુર તેડી જવાનો અને ત્યાં પણ ઉત્સવો ઊજવાય, દેશદેશના હરિભક્તો આવે અને સેવા-ભક્તિનો તેમને લાભ મળે. મહારાજે તેમને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું : "પ્રભુ ! આપને સારંગપુર પધારવા આમંત્રણ આપવા આવ્યા છીએ."

મહારાજે તેમને કહ્યું "સારંગપુર અમે જરૂર આવીશું. કૃષ્ણ જન્માષ્ટમીનો ઉત્સવ ત્યાં કરીશું. પરંતુ અહીં હમણાં પુરાણોની કથા ચાલે છે તેથી હમણાં તો આવી શકાશે નહીં."

જીવાખાચર આ સાંભળી ઉદાસ થઈ ગયા. એટલે મહારાજે તેમને કહ્યું : "બાપુ ! તમે પણ અહીં રોકાવ અને પુરાણોની કથાનો લાભ લ્યો. સત્શાસ્ત્રોના શ્રવણનું બંધાણ થઈ જાય તો જીવની જીવદશા ટળી જાય અને સહેજે બ્રહ્મનો દેહ બંધાઈ જાય !"

મહારાજની આજ્ઞા સાંભળી બાપુએ તેમના મનના તમામ સંકલ્પો બંધ કરી દીધા. તેમની આવી સરળતા જોઈ મહારાજ પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું : "અંતરમાં ઉદ્ભવેલા શુભ સંકલ્પો પણ અમારા વચને બાપુએ ટાળી દીધા, તેથી તેમનું હૈયું ઠરીને હીમ જેવું થઈ ગયું. ભક્તોમાં આવી સરળતા હોય તો હૈયાના વલોપાત બંધ થઈ જાય અને અંતરમાં અખંડ શાંતિ વર્તે. અમને પણ ભીડો ઓછો પડે."

જીવાખાચરનું ભક્તહૃદય, તેમની સરળતા, નમ્રતા તથા અંતરમાં કેવળ મહારાજ સિવાય અન્ય સંકલ્પોને હઠાવી દેવાનું આત્મવિચારનું બળ, આવા તેમના ગુણોથી સમગ્ર સત્સંગ પરિચિત હતો. મહારાજે જીવાખાચરને રોક્યા, તેથી દાદાખાચર તથા તેમના પરિવારને પણ અત્યંત આનંદ થયો.

સારંગપુરમાં જન્માષ્ટમી ઉત્સવ

શ્રાવણ વદ પંચમીને દિવસે સવારે મહારાજ સારંગપુર જવા તૈયાર થઈ ગયા. સંતો, પાર્ષદો પણ તૈયાર થઈ ગયા.[૪૧] દેશ-પરદેશથી જે જે હરિભક્તો આવ્યા હતા તેમને મહારાજે સારંગપુર આવવા આજ્ઞા કરી હતી. તેથી તે બધા પણ મહારાજની સન્નિધિમાં ઊજવાતા ઉત્સવોનો દિવ્ય આનંદ અનુભવી, જીવનને ઉન્નત કરવા, બ્રહ્મભાવ સિદ્ધ કરવા, આ લાભ લેવા સારંગપુર જવા

૪૧. ગઢડામાં આ.સં. ૧૮૭૭, અષાઢ સુદ ત્રીજના દિવસે ગઢડા પ્રથમ પ્રકરણનાં વચનામૃત પૂરાં થયાં અને આ.સં. ૧૮૭૭, શ્રાવણ વદ પાંચમથી સારંગપુર પ્રકરણનાં વચનામૃત શરૂ થયાં.

તૈયાર થઈ ગયા.

મહારાજનું સામૈયું કરવા સારંગપુરના નગરજનો તેમજ દેશ-પરદેશથી આવેલા સત્સંગીઓ પુરની બહાર આવી ગયા હતા. ઢોલ, શરણાઈ, ત્રાંસાં તથા અન્ય વાજિંત્રોના ઘોષ થતા હતા. કાઠી દરબારો તેમના રજવાડી પોશાકમાં, રાંગમાં ઘોડીઓ રમાડતા, ઊંચા-નીચા થતા મહારાજના આગમનની રાહ જોતા હતા. બંધૂકોના અવાજ પણ થતા હતા.

એટલામાં મહારાજની પાઘનું છોગલું ફરકતું દેખાયું. ધીરે ધીરે રેવાળ ચાલમાં ચાલતી માણકી ઉપર શ્વેત વસ્ત્રધારી મહારાજનાં દર્શન થયાં. સાથે કાઠી અસવારો પોતપોતાની ઘોડીઓને જુદી જુદી ચાલમાં ચલાવતા, ધૂળની ડમરી ઉડાડતા નજરે પડ્યા. પાછળ સંતો કીર્તનોની રમઝટ બોલાવતા આવતા હતા. તેમની પાછળ અશ્વો ઉપર દાદાખાચર, નાગમાલ વગેરે હતા. પાછળ ગાડામાં હરિભક્તો, માફા અને રથમાં બેઠેલ બહેનો વગેરે ભક્તોનો સંઘ દેખાયો. સૌના આનંદનો, ઉત્સાહનો પાર ન રહ્યો. વાજિંત્રો જોરથી વાગવા લાગ્યાં. બંધૂકોના અવાજ પણ જાણે આકાશમાં આષાઢી મેઘનો ગડગડાટ થતો હોય તેમ સંભળાવા લાગ્યા. મહારાજ હરિભક્તોનો પ્રેમ, ઉત્સાહ અને આવી અખંડ શ્રદ્ધા જોઈ પ્રસન્ન થયા. સૌના દેહભાવ જાણે ટળી ગયા હોય તેમ મહારાજનાં દર્શન કરવા, તેમની વાતો સાંભળવા, સેવા કરવા સૌ તત્પર બની ગયા હતા. શ્રદ્ધાનું આ મૂળભૂત અંગ છે. મહારાજના સંબંધે હરિભક્તોમાં આ પ્રકારની તીવ્ર શ્રદ્ધાના સંસ્કારો જાગૃત થઈ ગયા હતા.

મહારાજે સારંગપુરમાં પ્રવેશ કર્યો અને સીધા જ જીવાખાચરના ભવનમાં પધાર્યા. અન્ય કાઠી દરબારો તથા હરિભક્તોના ઉતારા માટે તમામ વ્યવસ્થા જીવાખાચરે કરી રાખી હતી. તેઓ સૌ પોતપોતાને ઉતારે ગયા.

જન્માષ્ટમી આવી. જન્માષ્ટમીના વ્રતનો ઉપવાસ હતો. તેથી આગલી રાત્રે સંઘના તમામ હરિભક્તોને જમાડવાની વ્યવસ્થા કરી દીધી. મહારાજ માટે પણ દેવુબા તથા રાઠોડ ધાધલની પુત્રી માલુબાએ થાળ તૈયાર કરી રાખ્યો હતો. મહારાજ થાળ જમ્યા અને પ્રસાદી જીવાખાચરને તથા રાઠોડ ધાધલને આપી.

જમ્યા પછી સભાની કેવી વ્યવસ્થા કરી હતી તે જોવા મહારાજ પધાર્યા. સારંગપુર નગરની બહાર વહેતી ફલ્ગુ નદી અને પાદરે વહેતી ઉતાવળી નદી વચ્ચેના વિશાળ પટાંગણમાં મહારાજની આજ્ઞા અનુસાર મંડપ બાંધી દીધો હતો. સ્ત્રી, પુરુષોને બેસવાની અલગ વ્યવસ્થા કરી હતી. મહારાજની આજ્ઞા

હતી કે – સંતોમાં જે વૃદ્ધ હોય, વિદ્વાન હોય તેમને આગળ બેસાડવા. હરિભક્તોમાં જે પ્રતિષ્ઠિત હોય કે વૃદ્ધ હોય, તેમને પણ આગળ બેસાડવા. શાસ્ત્ર મર્યાદા અનુસારનો આ વિવેક હતો. તેનું ઉલ્લંઘન કદી ન કરવું. આ મર્યાદાનું ઉલ્લંઘન જો થઈ જાય તો વિઘ્ન આવે.

રામાનંદ સ્વામીનો જન્મોત્સવ ઊજવવો છે

મહારાજ રાત્રે સભામાં પધાર્યા અને મંચ ઉપર બિરાજ્યા. સંતો, હરિભક્તો પણ જ્યાં જેને ઘટે તે પ્રમાણે બેસી ગયા. સભામાં શાંતિ પ્રવર્તી એટલે મહારાજે વાત કરી : "આવતી કાલે ઉષા કાળમાં આપણા ગુરુ અને આ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક શ્રી રામાનંદ સ્વામીનો જન્મોત્સવ ઊજવવાનો છે. તેથી સૌએ નિત્યકર્મથી પરવારી એ ઉત્સવમાં આવવું. રામાનંદ સ્વામીનાં ચરિત્રોનું ગાન કરીશું અને ત્યારપછી કીર્તન-ભક્તિ થશે. કૃષ્ણજન્મના વ્રતનો સૌને ઉપવાસ હોવાથી આ વિશાળ મંડપમાં સંતો કથા કરશે, કીર્તન કરશે અને રાત્રીએ શ્રીકૃષ્ણના જન્મનો ઉત્સવ થશે."

જન્માષ્ટમી ઉત્સવનો મહારાજે આ પ્રકારે કાર્યક્રમ આપ્યો. પછી સભા વિસર્જન કરી પોતે ઉતારે પધાર્યા.

જન્માષ્ટમી ઉત્સવ

અષ્ટમીની વહેલી સવારે નિત્યવિધિથી પરવારી મહારાજ સભામંડપમાં પધાર્યા. સભાજનો પણ સૌ આવી ગયા હતા. ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક સદ્‌ગુરુ રામાનંદ સ્વામીની પ્રતિમાનું પૂજન મહારાજે કર્યું. સર્વ સંતોએ પણ પૂજન કર્યું. ત્યારબાદ નૈવેદ્ય ધરાવી આરતી કરી. મહારાજે વિસ્તારથી રામાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું.

પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "રામાનંદ સ્વામીએ પોતાના સમગ્ર શિષ્યોમાંથી નવા આવેલા આ નીલકંઠ વર્ણીને પસંદ કરી પોતાની ધર્મધુરા સોંપી. તેમની આ પસંદગીથી તેમની ચિકિત્સક બુદ્ધિનો આપણને ખ્યાલ આવે છે. એટલું જ નહીં પરંતુ અંતર્દષ્ટિથી નીરખવાની તેમને શક્તિ હતી, તેની પ્રતીતિ પણ થાય છે. તે શક્તિના પ્રતાપે જીવનમુક્તાના પંથની પ્રબળતા વધી."

પંથના ટૂંકા શબ્દમાં, ટૂંકી દૃષ્ટિની ભાવના ઘણાને દેખાતી. પરંતુ તેમાં ભાગવત ધર્મનું સ્થાપન અને પ્રસારણ હતું. તે સમયે માનવજીવનનાં મૂલ્યોનો

હ્રાસ સમગ્ર ગુજરાતમાં થયેલો દેખાતો હતો. તે મૂલ્યોનું પુનરુત્થાન કરી, ફરી તેને તેના ઉચ્ચ સ્તરે સ્થાપી, અધોગતિ પામેલા માનવજીવનને ઉન્નત કરવાનું કાર્ય ભગવાન સ્વામિનારાયણને કરવાનું હતું. તે તેમણે કર્યું. તેઓ કહેતા કે માનવીના અંતરની દરેક વૃત્તિનું શુદ્ધીકરણ થયા સિવાય તે કદી આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરી શકતો નથી. તેમને મન સમાજોન્નતિ અને આધ્યાત્મિક પ્રગતિ એ જુદા વિભાગ ન હતા. પરંતુ ઉન્નત સમાજ જ આધ્યાત્મિક જીવનનું પ્રથમ સોપાન હતું. તેથી સમાજજીવનની શુદ્ધિ એ મુમુક્ષુની આધ્યાત્મિક પ્રગતિ માટેનું અનિવાર્ય સાધન હતું. એ બંને એકબીજાના અંગભૂત હતા.

રામાનંદ સ્વામીના સમગ્ર શિષ્યોને સહજાનંદ સ્વામીના કાર્યનું નિર્મળ દર્શન હતું. તેથી જ તેમણે તેમને પ્રથમ ગુરુ તરીકે સ્વીકાર્યા, પછી ભગવાન તરીકે અને અંતે પૂર્ણ પુરુષોત્તમ તરીકે પોતાના ઉપાસ્ય સ્વરૂપ અને આત્યંતિક મોક્ષના દાતા તરીકે સ્વીકાર્યા. સમજણના આ ક્રમાન્તરમાં 'જેને કુશાગ્ર બુદ્ધિ હોય તેને જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે' એ મહારાજના શબ્દોમાં તેમને રૂપાંતર પામતી પોતાની દૃષ્ટિ અને બુદ્ધિમાં આ શબ્દોનું રહસ્ય સમજાઈ ગયું હતું.

રામાનંદ સ્વામીના જન્મોત્સવની પૂજા બાદ રાત્રીના ઉત્સવની તૈયારીઓ થવા લાગી. શ્રીકૃષ્ણ, બલરામ, નંદ, યશોદા, વસુદેવ, દેવકીની પ્રતિમાઓ તૈયાર કરી. તે માટે જ ખાસ બનાવેલ મંડપમાં તે મૂર્તિઓનું સ્થાપન કર્યું. રાત્રે ફલ્ગુ નદીના પવિત્ર જળે મૂર્તિઓને સ્નાન કરાવી પંચામૃતથી અભિષેક કર્યો. ત્યારબાદ મહાપૂજાનો મંગલવિધિ શરૂ કર્યો. બ્રાહ્મણો વેદમંત્રોનો પાઠ કરતા હતા. સંતો પણ કીર્તન-ભક્તિ કરતા હતા. રાત્રીના બરાબર બારના સમયે શ્રીકૃષ્ણની મૂર્તિને પારણામાં પધરાવી જન્મોત્સવની આરતી મહારાજે ઉતારી. સમગ્ર મંડપમાં આ દિવ્ય ઘોષની ગર્જના થઈ. આરતી બાદ નૈવેદ્ય માટે અનેક પ્રકારની સામગ્રીઓનો અન્નકૂટ કર્યો હતો, તે ઠાકોરજી સમક્ષ ગોઠવી દીધો. સંતો જન્મોત્સવનાં પદો ગાવા લાગ્યા. મહારાજ બાલકૃષ્ણને પારણામાં ઝુલાવતા હતા.

આ સમગ્ર વિધિ બાદ મહારાજે પ્રાગજી પુરાણીને બોલાવી શ્રીમદ્-ભાગવતના દશમ સ્કંધમાંથી શ્રીકૃષ્ણનાં બાલ-ચરિત્રોની કથા વંચાવી. આવા દિવ્ય વાતાવરણમાં કૃષ્ણ-જન્મોત્સવની પૂર્ણાહુતિ કરી. મહારાજે સભા વિસર્જન કરતાં કહ્યું : "આવતી કાલે સવારે ફલ્ગુ નદીના વિશાળ તટ ઉપર સભા થશે. સૌ પ્રાતર્વિધિથી પરવારીને સભામાં આવજો."

ભાગવત ધર્મનું રહસ્ય

બીજે દિવસે સભામાં સૌ સંતો, હરિભક્તો આવી ગયા. મહારાજ પણ શ્વેત વસ્ત્રો ધારણ કરી પધાર્યા અને ખાસ તૈયાર કરેલા મંચ ઉપર બિરાજમાન થયા. ઉત્સવને અંતે હરિભક્તોને જ્ઞાનામૃતરૂપી ભોજન પીરસવું જોઈએ. તેથી મહારાજે શરૂઆત કરતાં કહ્યું : "અમે પૃથ્વી ઉપર ભાગવત ધર્મનું પ્રસ્થાપન કરવા માટે જ પ્રગટ થયા છીએ. આ ભાગવત ધર્મને 'એકાંતિક ધર્મ' પણ કહે છે અને તેના બે પ્રકાર છે : એક નિવૃત્તિધર્મ અને બીજો પ્રવૃત્તિધર્મ. બંને પ્રકારના ધર્મ જો ભગવાનના સંબંધે સહિત હોય અર્થાત્ નિવૃત્તિમાં કે પ્રવૃત્તિમાં ભગવાન સંબંધી જ કાર્ય થતું રહેતું હોય તો તે ભાગવત ધર્મ કહેવાય. તે ધર્મના આચરણથી જ જીવનો મોક્ષ થાય. પરંતુ ભગવાનનો સંબંધ જો ન રહે તો તે કેવળ બાહ્યાચારરૂપી ધર્મ કહેવાય. તે પ્રકારના ધર્મના પાલનથી લોકોમાં પ્રતિષ્ઠા વધે, પરંતુ આત્યંતિક કલ્યાણ તો ન જ થાય. જે વિદ્વાન હોય, બુદ્ધિશાળી હોય, તેને જ આ રહસ્ય સમજાય. તે સિવાય તો નિવૃત્તિધર્મ સ્વીકારેલા સંતોને મંદિર નિર્માણની પ્રવૃત્તિ કરતા જોઈને તેમના ત્યાગમાં દોષ દેખાય અને જે કેવળ નિવૃત્તિ પકડીને બેસી રહેતા હોય તેને વિષે તેમને ભાવ થાય. આવું વિચારનારા બુદ્ધિશાળી નથી અને સાચા કર્મયોગનું રહસ્ય પણ સમજતા નથી."[૪૨]

સંગ્રહમાં વિગ્રહ છે

મહારાજના શબ્દો સબીજ હતા. તેમની વાતમાં ભગવાનનો સંબંધ હતો. તે સંબંધથી જ કર્મમાત્ર નિર્ગુણ બની જતાં અને અન્ય લૌકિક કર્મની જેમ જીવને બંધનરૂપ થતાં નહીં. વિદ્વાનોને મહારાજની વાતનું રહસ્ય સમજાયું કે સાચો કર્મયોગ ભગવાન સંબંધી કર્મ કરવાં એ જ છે.

પછી મહારાજે કહ્યું : "કૃષ્ણ-જન્મોત્સવ પૂરો થયો. પરંતુ જન્મોત્સવને અંતે શ્રીકૃષ્ણની પૂજા સૌએ કરવી જોઈએ. માટે સૌ પૂજા કરી આવતી કાલે ભોજન લઈ વિદાય થજો. અમે તો અહીં ઋષિપંચમી સુધી રોકાવાના છીએ. તેથી જેમને વિશેષ સમાગમનો લાભ લેવો હોય તેમને રોકાવાની છૂટ છે."

---

૪૨. कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः।
स बुद्धिमान् मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥ ગીતા; અ. ૪-૧૮

આ સાંભળી કેટલાક ભાવિક ભક્તોએ પ્રાર્થના કરતાં કહ્યું : "હે મહારાજ ! આ કૃષ્ણ-જન્મોત્સવનો સમગ્ર ખર્ચ બાપુ જીવાખાચરે ઉપાડ્યો અને આપને પ્રસન્ન કરી લીધા છે. હવે આપ જ્યાં સુધી અહીં રોકાવ ત્યાં સુધીના તમામ ખર્ચની સેવામાં જો અમને ભાગ આપો તો અમે પણ કૃતાર્થ થઈએ."

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા અને દરેકની એક એક દિવસની રસોઈ ગોઠવી દીધી. હરિભક્તોએ પૂજન કર્યું અને રૂપિયાના ઢગલા થયા. તે જોઈ મહારાજે કહ્યું : "આપણે અહીં રહેશું ત્યાં સુધી બ્રહ્મભોજન પણ થશે. તો બ્રાહ્મણોને દક્ષિણા આપવામાં આ નાણાં ઉપયોગમાં આવશે."

મહારાજને સંગ્રહ ગમતો નહીં. સંગ્રહમાં વિગ્રહ છે એવું તેઓ કહેતા. છતાં જેને જરૂરિયાત છે તેને પૂરતું મળી રહે તે પ્રકારની વ્યવસ્થા કરવી, તેમાં જ સાચી માનવતા છે. વળી, બ્રાહ્મણો ભગવાનનું મુખ કહેવાય; તેથી તેમને જમાડવા, દક્ષિણા આપવી એ મહારાજને ગમતું.

આનંદ સ્વામીને અમદાવાદમાં મંદિર કરવાની આજ્ઞા

બીજે દિવસે મહારાજે આનંદ સ્વામીને બોલાવીને કહ્યું : "સ્વામી ! તમો અમદાવાદ જાઓ અને આપણને અંગ્રેજ સરકાર તરફથી જે જગ્યા મળી છે તે ઉપર શિખરબદ્ધ મંદિર તૈયાર કરો. આપણે તેમાં નરનારાયણ દેવ પધરાવવા છે. આ બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ તેમાં પ્રથમ નરનારાયણનો અવતાર થયો. પરંતુ નરનારાયણ દેવને કોઈ નર-નારી જાણતાં નથી કે તે કેવા છે ? અમારે તેમને પ્રસિદ્ધ કરવા છે. ભરતખંડમાં તે મુખ્ય દેવ છે. તેમને અમારે ભરતખંડમાં સ્થાપવા છે."

આનંદાનંદ સ્વામી મહારાજની આજ્ઞા સાંભળી રહ્યા. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞા છે તેથી અમદાવાદ તો જાઉં પણ નાણાં વગર મંદિર કેમ કરવું ?"

મહારાજ તેમની મૂંઝવણ જોઈ હસ્યા. તેમણે કહ્યું : "એ તો અમદાવાદના હરિભક્તો સેવા કરશે અને મંદિર થઈ જશે."

પરંતુ આનંદ સ્વામીના મુખ ઉપર આ ખુલાસાથી કંઈ તાજગી દેખાણી નહીં. તેથી મહારાજે ત્યાં બેઠેલા ભગા દોશીને કહ્યું : "શેઠ ! તમે તો બોટાદના નગરશેઠ છો. ભાવનગર રાજ્યના દરબારમાં તમારું સારું એવું માન છે. તમારી આ લોકની મોટાઈમાં અમારી ભક્તિથી પરલોકની મોટાઈ પણ ભળી છે. તમે

ભક્તોમાં અગ્રેસર છે.''

મહારાજ એકધારું બોલ્યે જતા હતા તે સાંભળી ભગા દોશી હસ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! અમારા કાઠિયાવાડમાં એવો રિવાજ છે કે કોઈ કામ કઢાવવું હોય ત્યારે મોણ નાખીને વાતની શરૂઆત કરે. એટલે મારે આપને વિનંતી કરવાની કે આપને શી આજ્ઞા કરવાની છે તે કહો.''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''વાણિયા ચતુર જાત કહેવાય એટલે થોડામાં સમજી જાય. આપણે આનંદ સ્વામીને અમદાવાદ મંદિર કરવા મોકલીએ છીએ પણ તે નાણાં વગર મૂંઝાય છે. એટલે થોડાં નાણાંની સગવડતા હમણાં કરી આપો. પછી મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા વખતે હરિભક્તો તરફથી ભેટ આવશે તેમાંથી તમારી રકમ ચૂકવી દેશું.''

વાણિયામાં ચતુરાઈ ભગવાન પાસેથી આવી છે

ભગા દોશી આ સાંભળી ગળગળા થઈ ગયા. તેમણે મહારાજના પગ પકડી લીધા અને કહ્યું : ''કૃપાળુ ! મારી પાસે જે કંઈ છે તે આપનું જ છે, માટે આપે તો આજ્ઞા કરવાની હોય.''

એટલું કહીને તેમણે તરત જ અમદાવાદના વેપારી ઉપર રૂપિયા દસ હજારની હૂંડી લખી દીધી અને મહારાજને તે આપી. મહારાજે પૂછ્યું : ''આમાં કાંઈ મહોર, છાપ કે સિક્કો મારવાનો હોય ખરો ?''

મહારાજની આવી ચોકસાઈથી શેઠ હસ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! વાણિયામાં ચતુરાઈ ભગવાન પાસેથી આવી છે.'' પછી કહ્યું : ''આમાં સિક્કો તો મારવાનો હોય પરંતુ વેપારી મારા દસ્કત ઓળખશે એટલે વાંધો નહીં આવે.''

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. આનંદ સ્વામીને પચાસ પાર્ષદો આપી શ્રાવણ વદિ દશમીને દિવસે અમદાવાદ જવા રવાના કર્યા.

અમદાવાદમાં બ્રહ્માનંદ સ્વામીએ જમીન અંગેનો લેખ ત્યાંના કલેક્ટર મિ. ગોર્ડન પાસે સહી કરાવી તૈયાર રાખ્યો હતો. તેઓ હવે આજ્ઞાની જ રાહ જોઈને બેઠા હતા. મહારાજે તેમની મૂંઝવણ જાણી અને આનંદ સ્વામીને અમદાવાદ મોકલ્યા.

મહારાજે વિચાર કર્યો કે સત્સંગનું બંધારણ હવે દૃઢ થઈ ગયું છે. ચારે દિશામાં સત્સંગ પાંગર્યો છે. સંતો પણ દેશ-પરદેશમાં સત્સંગ પ્રસારણ અર્થે ફરે છે. પરંતુ સત્સંગના હિતાર્થે સંતોને નિયમની દૃઢતા વિશેષ અને વિશેષ જો થતી

રહેશે તો જ સત્સંગના પાયા પાતાળે જશે, નહીં તો આખી ઈમારત કડડભૂસ કરતી હેઠે પડશે અને ફક્ત નિર્જીવ ખોખા સમાન સત્સંગ રહેશે. તેમણે તેથી પ્રેમાનંદ સ્વામીને 'વર્તમાન વિવેક'નો ગ્રંથ રચવા આજ્ઞા કરી તેમજ હરિભક્તોએ પણ પાળવાના નિયમ અંગેનો પત્ર લખાવ્યો. તેમાં ધર્મ તથા અધર્મના સર્ગની સવિસ્તર વાત લખાવી.

આ નિયમોમાંથી દૃઢતા થતી જ રહે, તેનું જાણપણું કદી ચુકાય નહીં તે માટે જ્યારે સંતોની પંક્તિમાં મહારાજ પીરસવા પધારતા, ત્યારે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ વર્તમાન સંબંધી રચેલાં પદોમાંથી એક એક પદ સંતોએ અચૂક બોલવું તેવો નિયમ તેમણે કર્યો હતો. તે પદ સંતો બોલે પછી જ મહારાજ પીરસવાની શરૂઆત કરતા. નિયમોના દૃઢ પાલનથી આંતર અને બાહ્ય સત્સંગની દૃઢતા સહેજે જ રહે.

ખાંભડાના હરિભક્તોના આગ્રહથી મહારાજ સારંગપુરથી નીકળી કુંડળ થઈને ખાંભડા પધાર્યા. અહીં હરિભક્તોને ઉપદેશ આપી સાંજે પાછા સારંગપુર પધાર્યા.

ઋષિપંચમીના વ્રતનું રહસ્ય

મહારાજ સારંગપુરમાં ઋષિપંચમી - ભાદરવા સુદ પાંચમ સુધી રોકાયા. ઋષિપંચમીના વ્રતનું રહસ્ય સમજાવતાં મહારાજે કહ્યું : "આ વ્રત મુખ્યત્વે સ્ત્રીઓએ જ કરવાનું હોય છે. સ્ત્રીઓને તેમના રજસ્વલા સમય દરમ્યાન જે જે દોષ થયા હોય તેના નિવારણને અર્થે દર વર્ષે આ વ્રત કરવાની આપણા ઋષિમુનિઓની આજ્ઞા છે. સર્વ સ્ત્રીઓએ સપ્તર્ષિનું પૂજન કરીને આ વ્રત કરવાનું હોય છે. એ રીતે આ વ્રતના પાલનથી સ્ત્રીઓ રજસ્વલા સમયમાં થયેલા દોષોના પાપથી મુક્ત થઈ જાય છે તથા નિર્મળ અને ધર્મવતી બને છે."

✧

સારંગપુરમાં કારિયાણીથી વસ્તાખાચર તેમની બે પત્ની સાથે આવ્યા. સાથે તેમના પુત્રો માનસૂર અને વેલાખાચર પણ હતા. તે સિવાય અન્ય ભક્તો પણ આવ્યા હતા. તેમણે સૌએ મહારાજને કારિયાણી પધારવા આમંત્રણ આપ્યું.

મહારાજે તેમને કહ્યું : "અમો રાધાષ્ટમી અહીં કરીને બીજે દિવસે નીકળી તમારે ત્યાં આવીશું."

મહારાજે પોતાનું આમંત્રણ સ્વીકાર્યું, તેથી તેઓ ખૂબ જ રાજી થઈ ગયા.

મહારાજે તેમને કહ્યું : "તમે સાંજે જમીને નીકળજો અને ત્યાં તમારી તૈયારી કરજો. દીપોત્સવ અને અન્નકૂટોત્સવ આપણે તમારે ત્યાં કરીશું."

મહારાજે કારિયાણીમાં આ ઉત્સવો કરવાનું નક્કી કર્યું, તેથી આ ભક્તોના આનંદનો પાર ન રહ્યો. તેમને થયું કે મહારાજે ખૂબ કૃપા વર્ષાવી ! તેઓ બધા સાંજે જ કારિયાણી જવા નીકળી ગયા.

ચાર પ્રકારના પ્રલયની વાત

તે રાત્રે પોતાના ઉતારામાં સંતો, હરિભક્તો બેઠા હતા તેમને નિત્ય પ્રલય, નિમિત્ત પ્રલય, પ્રાકૃત પ્રલય અને આત્યંતિક પ્રલયની વાત મહારાજે સમજાવી. પછી કહ્યું : "આ પ્રકારના પ્રલયની વાત જો સમજાઈ જાય તો જીવમાં વૈરાગ્ય ઉદય થાય."

આ સભામાં બરોળ ગામના ચારણ હરિભક્તનો અઢાર વર્ષનો પુત્ર મહારાજની આ વાત એકાગ્રચિત્તે સાંભળતો હતો. મહારાજ વાત કરતાં કરતાં તેના તરફ દૃષ્ટિ કરતા હતા. તેની સ્થિરવૃત્તિ જોઈ મહારાજ મનમાં બહુ જ પ્રસન્ન થયા. સભા મોડી રાત્રે પૂરી થઈ એટલે સૌ ઊઠ્યા. ચારણ હરિભક્ત પણ તેને ઉતારે બાવાખાચરના ભવનમાં ગયો.

અહીં રોજકા ગામના ગઢવી ઊતર્યા હતા. મોડી રાતની કથામાં તે આવી શક્યા ન હતા. પરંતુ ચારણ ભક્ત આવ્યો એટલે તે જાગી ગયા. તેણે તેને પૂછ્યું : "આટલી મોડી રાત સુધી ક્યાં હતો ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજના ભવનમાં સંતો, હરિભક્તોને મહારાજ વાત કરતા હતા તે સાંભળતો હતો. હમણાં જ મહારાજે વાતો પૂરી કરી અને અમે સૌ વીખરાયા એટલે મોડું થયું."

ગજા ગઢવીને આ ચારણ ભક્તની શ્રદ્ધા જોઈ આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું : "મહારાજે શી વાતો કરી ?" તે ચારણ ભક્તે તરત જ મહારાજે કરેલી ચાર પ્રકારની પ્રલયની વાત વિસ્તારથી કરી.

રાત્રીની નીરવ શાંતિમાં મહારાજના ભવનની પાછળ જ આવેલા આ ભવનમાં થતી વાતો મહારાજ પણ સાંભળવા લાગ્યા. મહારાજને થયું કે ચારણ હરિભક્તે એકાગ્રવૃત્તિથી વાતો સાંભળી છે. તેથી બધી વાત તેના અંતરમાં ઊતરી ગઈ છે. ગજા ગઢવીને ચાર પ્રકારના પ્રલયની વાત તેણે યથાર્થ સમજાવી.

બીજે દિવસે મહારાજ પાસે ગજા ગઢવી આવ્યા. તે વખતે મહારાજ

સભામાં વાતો કરતા હતા. ગજા ગઢવીને જોઈ મહારાજે તેમને પૂછ્યું : "ગઢવી ! રાત્રે તમને કોણ વાતું કરતું હતું ?"

ગજા ગઢવીએ પોતાની પાછળ બેઠેલા ચારણના છોકરાને બતાવીને કહ્યું : "મહારાજ ! આપે કરેલી ચાર પ્રકારના પ્રલયની વાત મને વિસ્તારથી આ છોકરો સમજાવતો હતો."

આ સાંભળી મહારાજ પ્રસન્ન થયા. તેમણે તે ચારણના છોકરાને પોતાની પાસે બોલાવ્યો. તેને પાઘ બંધાવી, છાતીમાં ચરણારવિંદ આપ્યાં અને પાંચ રૂપિયા ભેટના આપ્યા. સભામાં બધા જ સંતો, હરિભક્તો મહારાજની આવી અતિ અપાર કરુણાનો ભાવ જોઈ ગદ્‌ગદ થઈ ગયા.

મહારાજે સભામાં વાત કરી : "અમે ચાર પ્રકારના પ્રલયની જે વાત કરી હતી તે પ્રથમ તો સમજવી અઘરી હતી. સમજ્યા પછી તે યાદ રાખવાનું કાર્ય કપરું હતું અને યાદ કરે તોપણ યથાર્થ કહેતાં આવડે જ નહીં. પરંતુ આ છોકરે અમારી વાત એકાગ્રવૃત્તિથી, મનને બરોબર સ્થિર કરી, વાતમાં મન પરોવીને સાંભળી, તેથી જ તે ગજા ગઢવીને તે વાત સમજાવી શક્યો. અંતઃકરણની વૃત્તિઓ સ્થિર કરી કથામાં જો મન પરોવ્યું હોય તો જ આવી સૂક્ષ્મ વાત જીવમાં ઊતરે. એવી રીતે જે અમારી વાતો સાંભળે કે દર્શન કરે તે હરિભક્ત ઉપર અમને સહેજે જ હેત થાય છે."

શ્રીજીમહારાજની પ્રસન્નતાનું રહસ્ય સભાજનો સમજી ગયા.

બ્રહ્મમુનિના મુક્તાનંદ સ્વામી સાથે અબોલા

તે વખતે બ્રહ્માનંદ સ્વામી ત્યાં આવ્યા. મહારાજને પગે લાગી મહારાજની બાજુમાં બેસી ગયા. તેથી મહારાજે તેમને પૂછ્યું : "સ્વામી ! આ આપણા સદ્‌ગુરુ મુક્તમુનિ બેઠા છે તેમને પગે લાગ્યા ?"

પરંતુ તેઓ કંઈ બોલ્યા નહીં. એટલે નિર્વિકારાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! બ્રહ્મમુનિએ મુક્તાનંદ સ્વામી સાથે અબોલા લીધા છે."

આ સાંભળી મહારાજ ચમક્યા ! તેમનું મુખ રતુંબડું થઈ ગયું ! તરત જ તેમણે ઊંચા અવાજે પૂછ્યું : "ગુરુએ એવો શો અપરાધ કર્યો છે કે તેમની સાથે તમારે અબોલા લેવા પડ્યા ?" બ્રહ્મમુનિ નીચું મોં રાખી બેસી રહ્યા હતા. તેઓ કાંઈ પણ બોલી શક્યા નહીં.

ત્યારે નિર્વિકારાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! બ્રહ્માનંદ સ્વામીના

લહિયા વાસુદેવાનંદ મુનિ હતા. તેમને બ્રહ્મમુનિ સાથે અણબનાવ જેવું થયું. તેથી તે એકડમલ થઈને સત્સંગ છોડી ચાલ્યા જવાના હતા. મુક્તાનંદ સ્વામીને આ ખબર પડી એટલે તેમણે તેમને બોલાવ્યા અને બ્રહ્માનંદ સ્વામીનો ઘણો જ મહિમા કહ્યો. સત્સંગમાં રહેવા ખૂબ સમજાવ્યા પરંતુ તે માન્યા નહીં. તેથી છેવટે મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : 'એવું જો લાગતું હોય, તો અમારા મંડળમાં રહો. પરંતુ સત્સંગ છોડીને તો જશો જ નહીં.'

"વાસુદેવાનંદ મુનિને મુક્તાનંદ સ્વામીના મંડળમાં રહેવાનું રુચ્યું. તેથી તે મુક્તાનંદ સ્વામીના મંડળમાં રહેવા તૈયાર થયા. અત્યારે મુક્તમુનિના મંડળમાં જ તે રહ્યા છે. તેથી બ્રહ્માનંદ સ્વામીને ખોટું લાગ્યું છે."

મહારાજ આ વાત સાંભળી અકળાયા. તેમણે કહ્યું : "સ્વામી ! તમે આવા મોટા સદ્‌ગુરુ, મોટા મોટા રાજાઓની મહોબત છોડી, રાજ્ય-વૈભવ જેવું સુખ છોડ્યું, લગ્ન માટે કન્યાઓનાં માગાં આવતાં હતાં તે પાછાં ઠેલ્યાં. આવો તીવ્ર વૈરાગ્ય બતાવ્યો, આવી સમજણ કેળવી અને છતાં આવી એક ક્ષુદ્ર બાબતમાં આપણા સૌના સદ્‌ગુરુ જેવા ગણાતા મુક્તાનંદ સ્વામી જેવા મોટેરાનો શિષ્યના મમત્વ માટે અવગુણ લીધો ? તેમણે તો એક જીવ સત્સંગ છોડી જતો અટકાવ્યો અને તેનું રૂડું કર્યું. તમને તેમાં તેમનો કયો વાંક દેખાયો ?"

બ્રહ્મમુનિ મૂંઝાયા. એટલામાં દૂર બેઠેલા જીવુબાએ હસતાં હસતાં કહ્યું : "સાધુમાં પણ ચેલા માટે આવું મમત્વ હોય છે ! મુક્તાનંદ સ્વામી જેવા સદ્‌ગુરુનો અવગુણ તેથી જ આવે. એવાને તો સાધુ જ કેમ કહેવાય ?"

બ્રહ્માનંદ આ સાંભળી ચમક્યા. તેમને થયું કે આ ટોણાંનો હવે જવાબ તો આપવો જ જોઈએ. તેમણે મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! આમાં મારો કાંઈ જ વાંક નથી. મને ગઢપુરમાં મંદવાડ આવ્યો તે પહેલાં મારી સાધુતામાં મેં કોઈ એબ આવવા દીધી ન હતી. દરેકનો મહિમા મારા અંતરમાં હતો. પરંતુ મારા અસાધ્ય મંદવાડથી આપે જ કહ્યું કે મારું આયુષ્ય પૂરું થઈ ગયું છે. મને વધુ રાખવાની ઇચ્છા હરિભક્તોને હતી. તેથી આપની આજ્ઞા અનુસાર સૌએ મને થોડું થોડું આયુષ્ય પોતાની આવરદામાંથી આપ્યું. તેમાં કોઈ વઢકણી બાઈનું આયુષ્ય મને મળી ગયું હશે એટલે મારા ભાવમાં ફેર પડી ગયો અને સાધુતા લજવાણી."

બ્રહ્માનંદ સ્વામીના આ શબ્દો સાંભળી સૌ હસી પડ્યા. જીવુબાને લાગ્યું કે સ્વામીએ ટોણાનો ઉત્તર ભારે આપી દીધો. બ્રહ્માનંદ સ્વામીએ એમ કહી

શ્રીહરિને અને મુક્તાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ કરી ક્ષમા માગી લીધી. મહારાજ ખૂબ પ્રસન્ન થઈ ગયા.[૪૩]

કારિયાણીમાં

મહારાજ કારિયાણીમાં[૪૪] પધાર્યા. અહીં વસ્તાખાચરના દરબારમાં ઉતારો કર્યો. મહારાજ સાથે મોટેરા સંતો તથા હરિભક્તો હતા; પ્રાગજી પુરાણી તથા દીનાનાથ ભટ્ટ પણ હતા. દીનાનાથ ભટ્ટને ઘણાં વર્ષથી સત્સંગનો યોગ હતો. પ્રાગજી પુરાણી અને દીનાનાથ ભટ્ટ - બંને મહારાજ પાસે પુરાણોની કથા વાંચતા. તેઓ મહારાજના ઐશ્વર્ય-પ્રતાપના જાણકાર પણ હતા. છતાં દીનાનાથ ભટ્ટને મહારાજનું સ્વરૂપ યથાર્થ સમજાતું ન હતું, તેથી ક્વચિત્ ક્વચિત્ તેમના અંતરમાં ઉદ્વેગ થઈ જતો.

મહારાજ ઉપદેશમાં કહેતા કે "ભગવાનનું સ્વરૂપ સદા દિવ્ય જ છે. પરંતુ મનુષ્યદેહ ધારણ કરે ત્યારે તેમની ક્રિયા મનુષ્ય સદૃશ જ હોય. અન્ય મનુષ્યોની

---

૪૩. *પછી બ્રહ્મમુનિ બોલ્યા વાણી, કહું સાંભળો સારંગપાણી;*
નથી મારો એમાં કાંઈ વાંક, હું તો છું સત્સંગમાં રાંક.
પણ માંદો થયો હતો જ્યારે, સૌએ આવરદા આપી ત્યારે;
કોઈ બાઈ હશે વઢકારી, ખરી હોય જેવી બલા ખારી.
એની આયુષ્યના દિન સાત, આ મેં ભોગવીયા નરભ્રાત;
થયો બુદ્ધિમાં તેથી બગાડ, ઊપજ્યું ઈર્ષાતણું ઝાડ.
એમ ઊચરીને ઊભા થઈ, મુનિ મુક્તની આગળ જઈ;
કર્યો પ્રેમથી દંડપ્રણામ, વળી વિનતી કરી એહ ઠામ.

– શ્રીહરિલીલામૃત; ૭/૪૭/૩૨-૩૫

આ પ્રસંગમાં એવું પણ આખ્યાન જાણવા મળે છે કે જ્યારે બ્રહ્માનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામી સાથે અબોલા લીધા તે શ્રીહરિને જાણવામાં આવ્યું તે સમયે નિત્યાનંદ સ્વામી શ્રીમદ્ભાગવતના પંચમ સ્કંધની કથા વાંચતા હતા. તેમાં ભરતજીનું આખ્યાન આવ્યું. તે કથા પૂરી થયા પછી મહારાજે તે પ્રસંગે ઉપર વાત કરતાં કહ્યું : "જેમ જડભરતજી વર્ત્યા, તેમ સાધુએ તો સદા રાગ-દ્વેષનો ત્યાગ કરી સરળપણે વર્તવું. ખોટું અહં-મમત્વ ન રાખવું. તો જ સાધુતા શોભે."

બ્રહ્માનંદ સ્વામી સમજી ગયા કે મહારાજે આ ઉપદેશ તેમને ઉદ્દેશીને જ કર્યો છે. તેથી તેઓ તરત જ મુક્તમુનિ પાસે જઈ તેમને દંડવત્ કરી પગે લાગ્યા.

૪૪. સારંગપુર પ્રકરણનાં વચનામૃત પૂરાં થયાં અને આ.સં. ૧૮૭૭ ભાદરવા સુદ ૧૨થી કારિયાણી પ્રકરણનાં વચનામૃત શરૂ થયાં.

સાથે એ પ્રકારનો સમાન ભાવ બતાવે ત્યારે જ મુમુક્ષુઓને તેમની સાથે હેત થાય, પ્રીતિ થાય. પછી તેમનાં ગુણ અને કાર્ય જોઈ ધીરે ધીરે તેમના સ્વરૂપમાં દિવ્યતા જણાય. અંતે જ્યારે અનુભવજ્ઞાન થાય ત્યારે મનુષ્યરૂપ ભગવાન એ જ અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે એ ભાવ થાય."

દીનાનાથ ભટ્ટ મહારાજની વાત સાંભળતા, શાસ્ત્રોમાં પણ આવા જ શબ્દો આવતા તે પણ વિચારતા, છતાં મહારાજમાં સર્વોપરી સ્વરૂપની નિષ્ઠાના ભાવ તેમના અંતરમાં ઉદય થતા ન હતા.

અંતે સ્વરૂપનિષ્ઠાની જીત થશે

પ્રાગજી દવે સરળ હતા, વિશ્વાસુ હતા. તેથી તેમને મહારાજના સ્વરૂપની નિષ્ઠા અંતરમાં દૃઢ હતી. પરંતુ તેમના અંતરમાં સંસાર પ્રત્યે આસક્તિ હતી. ગૃહસ્થાશ્રમ માણવાની ઇચ્છા હતી. તેથી ઘણી વાર એવા વિચારોમાં તે ચડી જતા. તેમની રસના ઇન્દ્રિય પણ તીવ્ર હતી. સંસારના આ બે વિષમ વિષય તેમને વિહ્વળ બનાવી દેતા. મહારાજ ઘણી વાર રમૂજમાં ટકોર કરી દેતા, પરંતુ પુરાણીના અંતરમાં આસક્તિના આ ભાવ રૂઢ બની ગયા હતા. મહારાજ કહેતા : "પુરાણીના અંતરમાં નિષ્ઠા પણ છે અને આ પ્રકારની આસક્તિ પણ છે. પરંતુ અંતે સ્વરૂપનિષ્ઠાની જીત થશે."

મહારાજ માટે અહીં સુરતના હરિભક્ત જાદવજી છપ્પર પલંગ લાવ્યા હતા. તે ઉપર રેશમી ગાદલું બિછાવ્યું હતું. સફેદ ચાદર પાથરી હતી, સફેદ તકિયો ગોઠવ્યો હતો. લાલ મશરૂનાં ઢીચણિયાં મૂક્યાં હતાં અને પલંગની ચારેકોર સોનેરી કસબના સેજબંધ લટકતા હતા. આવો સુરતી ઠાઠ જોઈ મહારાજ પ્રસન્ન થયા. પછી બોલ્યા : "પોતાનો રજોગુણ કાઢવો હોય તો ભગવાનને રજોગુણી ઠાઠ ધરાવવો. ભગવાન એ અંગીકાર કરે એટલે ભક્તના અંતરમાંથી રજોગુણના ભાવ તરત જ નીકળી જાય." એટલું કહીને મહારાજે પોતાના સ્વરૂપના જ્ઞાનના સિદ્ધાંતની ગહન વાતો કરી.[૪૫]

ભાવ હશે તો મહારાજ પધારશે જ

મહારાજ કારિયાણી પધાર્યા તે સમાચાર સાંભળી ઝમરાળાથી જીવા દવે મહારાજનાં દર્શને આવ્યા. મહારાજને પગે લાગ્યા. મહારાજે તેનો વાંસો થાબડી

૪૫. વચનામૃત : કારિયાણી પ્રકરણ-૧.

હસતાં હસતાં પૂછ્યું : "ગંગારામ કેમ ન આવ્યો ?"

જીવા દવેએ કહ્યું : "મહારાજ ! આપને ઝમરાળા પધારવા વિનંતી કરવા આવ્યો છું. તેથી ગંગારામ ત્યાં આપને માટે બધી તૈયારી કરવામાં રોકાયો છે."

મહારાજ આ ભોળા ભક્તની વાત સાંભળી હસ્યા. મહારાજે પૂછ્યું : "તેણે કેમ જાણ્યું કે અમે ત્યાં આવશું જ ?"

જીવા દવેએ કહ્યું : "મહારાજ ! એ કહેતો હતો કે આપણો ભાવ હશે તો મહારાજ પધારશે જ."

મહારાજ તેની સરળતાથી પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું : "અમે કાલે ઝમરાળા આવીશું. જમીને પાછા સાંજે અહીં આવી જઈશું. પણ જો જો આગળની જેમ બહુ જમાડતા નહીં, નહીં તો ગાડું અને બળદ અમને આપી દેવા પડશે."

જીવા દવેએ કહ્યું : "મહારાજ ! આપનું જ બધું આપેલું છે. આપ તે લઈ લ્યો તેમાં તો અમારાં ધન્યભાગ્ય કહેવાય ! આ મનુષ્યદેહે આપની સેવા કરવાનો લાભ મળે એ જ સાચી કમાણી !"

મહારાજે કહ્યું : "ભલે, તો તમે જમીને ઝમરાળા જાઓ. બધી તૈયારી કરો."

મહારાજ બીજે દિવસે ઝમરાળા પધાર્યા. ઝમરાળામાં હરિભક્તોનાં ફક્ત ત્રણ જ ઘર હતાં. ત્રણેયને મહારાજના સર્વોપરી સ્વરૂપની અંતરમાં નિષ્ઠા હતી. જીવા દવેના ભવનમાં મહારાજ ઊતર્યા. ફળિયામાં મંડપ બાંધી છાંયો કર્યો હતો એટલે ગામના ભાવિકો પણ આવ્યા અને મહારાજનાં ઉપદેશનાં વચનો સાંભળ્યાં.

જીવા દવેએ ગામના તમામ ભાવિકોને આ પ્રસંગે જમવાનું આમંત્રણ આપ્યું હતું. તેથી મહારાજ થાળ જમ્યા પછી સૌ સંતોને તથા કાઠી હરિભક્તોને પીરસવા પધાર્યા. લાડુની ઉત્તમ રસોઈ હતી. મહારાજ પીરસતા હતા તેથી જાણે અમૃત જમતા હોય તેવા આનંદનો સૌને અનુભવ થયો ! ગ્રામજનો પણ સ્વામિનારાયણ ભગવાન પોતે પીરસવા પધાર્યા તેથી આશ્ચર્ય અનુભવવા લાગ્યા ! તેમને લાગ્યું કે જે ભગવાન હોય તેમનામાં જ આવી સેવાભાવના હોય, નિર્માનીપણું હોય; અન્યમાં તો આડંબર વિશેષ હોય !

મહારાજ પછી વેલા સુતરિયા તથા પાંચા કોળીને ઘેર પધરામણી કરી સાંજે પાછા કારિયાણી પધાર્યા.

કચ્છના હીરજીભાઈ કારિયાણીમાં

બીજે જ દિવસે કચ્છથી સુંદરજી સુથારના ભાઈ હીરજી સુથાર

મહારાજનાં દર્શને આવ્યા. મહારાજ તેમને જોઈ બહુ રાજી થયા. મહારાજે કહ્યું : "હીરજીભાઈ ! આટલે છેટેથી આવવાનો દાખડો બહુ કર્યો ?"

હીરજીભાઈએ કહ્યું : "મહારાજ ! આપ કચ્છમાં ઘણાં વરસથી પધાર્યા નથી એટલે અમારે તો અંતરમાં આપનાં લીલા-ચરિત્રોનું સ્મરણ કરીને જ દિવસો વિતાવવાના રહ્યા. આપનાં દિવ્ય લીલા-ચરિત્રોના ભાવ અંતરમાં આપની દિવ્ય મૂર્તિની સ્મૃતિ કરાવતા, તેથી અંતર ઘણા વખતથી ખેંચાતું હતું. છેવટે રહેવાયું નહીં એટલે ઘેરથી નીકળી ગયા."

મહારાજ તેમની વાત શાંતિથી સાંભળતા હતા. પછી મહારાજે કહ્યું : "જેમ છેટું પડે તેમ દર્શનની તાણ વધુ રહે, પ્રેમ પણ વધે. માટે આવ્યા છો તો હવે પૂરેપૂરો લાભ લઈને જ જજો. અમે અહીં દશેરા, દિવાળી અને અન્નકૂટના ઉત્સવો કરવાના છીએ. એટલે તે બધા ઉત્સવો કરીને જ પછી કચ્છમાં જવાનું રાખજો."

આપ અંતર્ધાન થશો પછી મોક્ષની આ રીત ચાલુ રહેશે ?

હીરજીભાઈ મહારાજની વાત સાંભળી અત્યંત રાજી થઈ ગયા. તેમણે નક્કી કરી લીધું કે આવા દિવ્ય ઉત્સવોનો લાભ લઈ મહારાજનાં નવીન ચરિત્રોથી અંતર સભર બનાવી દેવું. તેમણે મહારાજને પૂછ્યું : "મહારાજ ! આપની અપાર દયાનો અમે તો તાગ કાઢી શકીએ તેમ નથી. આપની એ દયાના ભાવથી જ અમે જીવી રહ્યા છીએ. આપ તો અંતર્યામી સ્વરૂપે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે વ્યાપીને રહ્યા છો અને અત્યારે મુમુક્ષુ જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થઈને પ્રગટ થયા છો. તેથી અમને સૌને આપના સ્વરૂપનું અમારા અંતરમાં સુખ આવે છે. આપના શરણે જે જે જીવો આવ્યા છે તેમનો આપે મોક્ષ કર્યો છે. પરંતુ મોક્ષની આ રીત આપ અંતર્ધાન થશો પછી પણ ચાલુ રહેશે કે કેમ ?"

હીરજીભાઈનો આ પ્રશ્ન મુદ્દાનો હતો. મહારાજને તે ગમ્યો. ગુરુ-પરંપરાથી જ સંપ્રદાય જીવંત રહે. તેમને થયું કે હીરજીભાઈ કચ્છના રાજ્યનું કારભારું કરે છે એટલે તેમનામાં વ્યાવહારિક બુદ્ધિ તો છે જ પરંતુ મોક્ષમાર્ગમાં પણ તેમની બુદ્ધિ પહોંચે છે.

મહારાજે કહ્યું : "હીરજીભાઈ ! અત્યારે મોક્ષમાર્ગની જે રીત અમે ચલાવી છે, તે રીત ચાલુ રહે તો જ અમે પૃથ્વી ઉપર પ્રગટ થયા તે સાર્થક થયું કહેવાય. કલ્યાણનો માર્ગ અખંડિત ચાલુ રહેશે જ. એવા સમર્થ ગુરુ અમારા પછી પણ સત્સંગને જીવંત રાખશે. અમે અહીં આવી અક્ષરધામની વાટ વહેતી

મૂકી છે. જો કલ્યાણની રીત ન સચવાય, તો તે માર્ગ બંધ થઈ જાય. માટે અમારી બાંધેલી જે મર્યાદા તે અનુસાર જો જીવો વર્તશે અને મોક્ષના દ્વારરૂપ સંતમાં આત્મબુદ્ધિ કરશે તો બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી કલ્યાણની જે રીત અમે પ્રગટ કરી છે તે પરંપરાગત ચાલશે જ. અમે અમારા પ્રગટ સ્વરૂપની ઉપાસનાનો ઉપદેશ કરીએ છીએ તે ચાલુ રહેશે જ. પરંતુ અમારી બાંધેલી મર્યાદાની બહાર જે વર્તશે, તેનો મોક્ષ તો તે આ સત્સંગમાં હશે તોપણ નહીં જ થાય."[૪૬]

એટલું કહીને મહારાજ અટક્યા. પછી ફરી બોલ્યા : "હીરજીભાઈ ! આ સત્સંગમાં જેને પ્રતીતિ આવી છે અને મોટા સંત આગળ જે પોતાને તે સંતના ચરણની રજ તુલ્ય સમજતો હશે અને સંત, હરિભક્તોનો મહિમા સમજશે તો તે હરિભક્તનું કલ્યાણ જરૂર થશે. સત્સંગમાં ભગવાન પ્રગટ છે તેમ તેમના પરમ ભાગવત સંતના આશ્રયે મોક્ષ પણ પ્રગટ જ છે. માટે તેની ચિંતા તમે રાખશો નહીં."

અમારો કસબ કામ આવી ગયો

બીજે દિવસે મહારાજે હીરજીભાઈને બોલાવીને કહ્યું : "અમે શ્રી નરનારાયણની છાપ નારણજીભાઈ પાસે કરાવી છે. તે તમે જોઈ લ્યો." એમ કહીને તે છાપ મંગાવી.

હીરજીભાઈએ તે જોઈને કહ્યું : "મહારાજ ! આ તો અમારા જ હાથનો કસબ છે. તમારી કૃપાથી જ નરનારાયણના યથાર્થ સ્વરૂપનું આ છાપમાં આલેખન નારણજીભાઈ કરી શક્યા છે. નારણજીભાઈના ભાઈ દેવરામ તથા

---

૪૬. *તુમ પીછે એસી રીત, કિસબિધ રહહિ કહો તુમ*
કલ્યાણ કી રીત પુનિત, એસી ન સૂને શ્રવણ કબહિ ૧૬
ભોમિ પર હમ આયે તાકે
કલ્યાણ કી પરંપરા વિત હિ, પ્રગટ ભયે ન ભયે જ્યો તિતહી ૧૭
કલ્યાણ કે પ્રવાહ ચલત હિતા, સડક નિયમ તાકી પુનિતા
તત્ત્વમેં તત્ત્વ જોઈ કો હિ લહેરી, જીતને ભોમિ પર ગ્રંથ રહેરી ૨૧
તામે બચન મોક્ષ પર જીતનાં, જામેં મમત કારા હૈ જીતના
સુવર્ણ શુદ્ધ કરને જીમી, સોધત રહે અનલમેં તીમી ૨૨
સત્સંગરૂપ અનુપમ અબ, સડક હમ બાંધેઉ
બ્રહ્માંડ રહે તાહિ લગ, જેતે ચલત રહેઉ ૨૬
– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૨૩, તરંગ-૫૮

મારા ભાઈ સુંદરજીના દીકરા રાઘવજી બંને સુંદરજીભાઈ પાસેથી આ કસબ શીખ્યા હતા. દેવરામ પાસે નારણજીભાઈ શીખ્યા અને આપની સેવામાં અમારો કસબ કામ આવી ગયો. ડભાણના યજ્ઞ વખતે આપના ઘોડાનું કાઠું અમે બનાવીને લાવ્યા હતા. તેને નાના પ્રકારનાં સોનેરી ચિત્રોથી અંકિત કર્યું હતું. અમારો એ કસબ પણ આપની સેવામાં કામમાં આવી ગયો."

એટલું કહીને હીરજીભાઈ અટક્યા. પછી બોલ્યા : "મહારાજ ! હવે તો વૃદ્ધાવસ્થા આવી છે તેથી કાંઈ ભારે કામ થઈ શકતું નથી. ઘડિયાળ સમી કરવાનું કામ કરું છું અને આપની દયાથી ગુજરાન સારી રીતે ચાલે છે."

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા અને કહ્યું : "હીરજીભાઈ ! તમારા થકી અને સુંદરજીભાઈ થકી કચ્છમાં સત્સંગ થયો છે તે જ તમારી મોટી સેવા છે. માટે અંતરમાં તે સેવાનો કેફ રાખવો, તેથી અખંડ આનંદ અનુભવાશે અને જગતના સંકલ્પનું બળ ઘટી જશે."

જે અનિર્દેશ છે તે કેવી રીતે સમજાય ?

મહારાજે કારિયાણીમાં શરદોત્સવ કર્યો.[૪૭] જ્યારે જ્યારે આ ઉત્સવ ઊજવાતો ત્યારે મહારાજના મુખારવિંદ ઉપર અલૌકિક પ્રસન્નતા દેખાતી હતી. પરંતુ મહારાજની આ પ્રકારની પ્રસન્નતાનું કારણ કોઈ પૂછતું નહીં અને મહારાજ કોઈને કહેતા પણ નહીં. મહારાજ સમજતા કે પ્રસંગ આવશે એટલે આ ઉત્સવનું રહસ્ય સૌને સમજાશે. અત્યારે તો અમારા પુરુષોત્તમ સ્વરૂપની જ નિષ્ઠા હજુ ઘણાના અંતરમાં દઢ થઈ નથી તો પછી આ ઉત્સવનું ગૂઢ રહસ્ય અત્યારે પ્રગટ થાય તોપણ કોઈના હૈયામાં તે ઊતરશે નહીં.

મહારાજને વિચાર કરતા જોઈ મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : "મહારાજ ! આપ શું વિચાર કરી રહ્યા છો ?"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "અનિર્દેશનો."

સ્વામી કાંઈ સમજ્યા નહીં. તેમણે કહ્યું : "મહારાજ ! કાંઈ સમજાયું નહીં."

મહારાજે કહ્યું : "સ્વામી ! જે અનિર્દેશ છે તે કેવી રીતે સમજાય ? છતાં એનો નિર્દેશ અમારી વાતમાં ક્વચિત્ ક્વચિત્ આવી જાય છે."

સ્વામી આગળ પૂછવા જતા હતા એટલામાં એક કાઠી ભક્ત કેરીનો ટોપલો લઈને આવ્યા અને મહારાજ પાસે તે મૂક્યો. મહારાજ કેરી જોઈ

---

૪૭. આ શરદોત્સવ ગઢડામાં કર્યો એવો શ્રીહરિલીલામૃત, ૭-૮૩માં ઉલ્લેખ મળે છે.

આશ્ચર્ય પામ્યા. તેમણે પૂછ્યું : "ઋતુ વિના કેરીનો ફાલ ક્યાંથી ?"

એટલે તે હરિભક્તે કહ્યું : "મહારાજ ! અમારે અહીં એક આંબો છે તે બારે માસ ફળે છે. તેની કેરી પણ મીઠી મધ જેવી હોય છે."

પાંચ કેરી સાટે જૈતો સોનાની ઊતરી આપી દે છે !

મહારાજે ટોપલામાંથી બે-ત્રણ કેરી લીધી. તે બરાબર જોઈ, સૂંઘી. પછી બોલ્યા : "ફળ તો સરસ છે."

તે વખતે ત્યાં વસ્તાખાચરના નાના પુત્ર જૈતાખાચર આવ્યા. કેરી જોઈ તે મહારાજની પાસે બેસી ગયા. મહારાજે તેને પૂછ્યું : "જૈતા ! કેરી જોઈએ છે ?" તેણે માથું હલાવી હા કહી. એટલે મહારાજે કહ્યું : "તારા ગળામાં આ ઊતરી પહેરી છે તે અમને આપી દે તો તને કેરી આપીએ."

તેણે તરત જ તેના ગળામાંથી સોનાની ઊતરી કાઢીને મહારાજને આપી દીધી. મહારાજે તે લઈ લીધી. તેને પાંચ કેરી આપી. જૈતો રાજી થઈ ગયો અને ત્યાંથી ઊઠવા જતો હતો, પણ મહારાજે તેને પોતાની પાસે બેસાર્યો.

પછી સંતોની પાસે બેઠેલા સભાજનોને મહારાજે કહ્યું : "જુઓ, આ જૈતાને પાંચ તોલાની સોનાની ઊતરીનો મહિમા છે ? પાંચ કેરી તેને આપી અને તેણે ઊતરી આપી દીધી. પણ પાંચ તોલાની સોનાની ઊતરીની કિંમતમાં કેટલી કેરી આવે, તેનું તેને જ્ઞાન નથી. કારણ તેને ઊતરીનો મહિમા નથી. તેમ ભગવાન કે તેમના સંતનો મહિમા અંતરમાં સમજાયો ન હોય ત્યાં સુધી તેમનો પ્રગટ સંબંધ થયો હોય તોપણ તેની મહત્તા સમજાય નહીં. પરંતુ જ્યારે તેમના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય, મહિમા સમજાય, ત્યારે જ તે સ્વરૂપની પ્રાપ્તિની મહત્તા સમજાય. આ જૈતો મોટો થશે ને ઊતરીની કિંમતનું તેને જ્ઞાન થશે, પછી આમ પાંચ કેરીના બદલામાં ઊતરી તે આપી દેશે ?" એક સામાન્ય પ્રસંગમાંથી જ્ઞાનની ગહનતા મહારાજે સમજાવી દીધી. મહારાજે ફરી કહ્યું : "ભગવાન અને તેમના સંતના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન જીવમાં જ્યારે થાય ત્યારે જગતના તમામ પંચવિષયો કાકવિષ્ટા તુલ્ય મનાઈ જાય. પછી તેમાં વૃત્તિ જાય જ નહીં."

મહારાજના ઉપદેશમાંથી સદા એક જ સૂર નીકળતો : જગતમાંથી વૃત્તિ તોડી ભગવાનમાં વૃત્તિ જોડવી. સાધનાનો આ અંત હતો, સિદ્ધદશાની એ સિદ્ધિ હતી, જે સિદ્ધિમાં ભગવાનનું સ્વરૂપ સિદ્ધ થઈ જાય. આ જ્ઞાન અક્ષરધામનું હતું. જલદી સિદ્ધ થાય તેમ ન હતું. છતાં મહારાજનો પ્રતાપ હતો, તેમની

ઈચ્છા હતી અને કૃપા પણ હતી. કાઠિયાવાડના ભોળા અને સરળ કાઠીઓને પણ આ જ્ઞાન સિદ્ધ થઈ ગયું હતું. મહારાજ તેથી તેમના ઉપર પ્રસન્ન હતા.

મારા વા'લા ! તું સ્વામિનારાયણ ભણ્યો !

વસ્તાખાચરના દરબારમાં પોતાના ઉતારાના ઓરડામાંથી મહારાજ બહાર નીકળી વસ્તાખાચર પાસે જતા હતા. ત્યાં વચ્ચેના ઓરડામાં એક ડોશી છોકરાને ખોળામાં લઈ વહાલ કરતી હતી. મહારાજ તે જોવા ઊભા રહ્યા. એટલામાં છોકરો 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' શબ્દો બોલ્યો. આ સાંભળી ડોશીમા રાજી થઈ ગયાં. છોકરાને ઊંચો કરી બચીઓ ભરી અને પછી બોલ્યાં : "મારા વા'લા ! તું સ્વામિનારાયણ ભણ્યો ! તો પરસે હું મરુ જાઉં."[૪૮]

મહારાજે આ શબ્દો સાભળ્યા. મહારાજ મદમદ હસવા લાગ્યા.

એટલામાં વસ્તાખાચર આવ્યા. મહારાજને હસતા જોઈ તેમણે પૂછ્યું : "મહારાજ ! આપ કેમ આટલા બધા મલકાવ છો ?"

મહારાજે તે કાંઈ સાંભળ્યું નહીં, પરંતુ એટલું બોલ્યા : "આ ડોશીમાનું અમારે મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ કરવું પડશે."

ડોશીમાએ મહારાજનો અવાજ સાંભળ્યો એટલે એકદમ ઊભાં થઈ ગયાં. માથે ઓઢેલ સાડલાનો છેડો જરા આઘો કર્યો. મહારાજે વસ્તાખાચરને કહ્યું : "વસ્તા ! તમારા દરબારમાં આ ડોશીમાને પણ અમારા નામનો કેટલો મહિમા છે ! તમારો દરબાર તો અક્ષરધામ તુલ્ય છે."

વસ્તાખાચર આ સાંભળી ધન્ય બની ગયા ! તેમણે કહ્યું : "મહારાજ ! એ બધો આપનો પ્રતાપ છે. આપના ઉપદેશના શબ્દો નાના-મોટા સૌના અંતરમાં સોંસરા ઊતરી જાય છે."

વડોદરાથી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પધારે છે

આ ઉત્સવ ઉપર વડોદરાથી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી આવે છે તે સમાચાર મહારાજને વડોદરાના એક હરિભક્તે આપ્યા. મહારાજ તે સમયે અક્ષર ઓરડીમાં દક્ષિણ તરફ ઢોલિયો ઢળાવીને બિરાજમાન થયા હતા અને શુકમુનિ પાસે પત્ર લખાવતા હતા. મહારાજે તે હરિભક્તને પૂછ્યું : "તમે ક્યાંથી આવો છો ?"

---

૪૮. *તારા ઉપર હું વારી જાઉં, બધું ઓળઘોળ કરી દઉં.*

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! હું વડોદરાથી આવું છું અને આપની આજ્ઞા આવી એટલે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પણ ચાલ્યા આવે છે. આપને તે સમાચાર આપવા હું જરા ઉતાવળે આવ્યો." મહારાજ આ સાંભળી રાજી થયા અને તે ભક્તને માથે બે હાથ મૂક્યા.

પછી મહારાજે શુકમુનિને કહ્યું : "શુકમુનિ ! સ્વામી પધારે છે એટલે ચાલો આપણે સામા જઈએ." એટલે શુકમુનિ તરત જ ઊઠ્યા.

મહારાજ તથા શુકમુનિ અને અન્ય પાર્ષદો હાલ જ્યાં મંદિરનો દરવાજો છે ત્યાં આવ્યા. ત્યાં તેમણે ગોપાળાનંદ સ્વામીને સામેથી આવતા જોયા. સ્વામી પણ મહારાજનાં દર્શન થતાં જ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. મહારાજે તરત જ તેમનો હાથ પકડી ઊભા કર્યા અને કહ્યું : "લાંબો પંથ કરીને આવો છો તે થાકી ગયા હશો. માટે રાખો." એમ કહી સ્વામીને ભેટ્યા અને પછી પૂછ્યું : "સ્વામી ! સુખી છો ને ?"

ત્યારે સ્વામીએ કહ્યું : "હા, મહારાજ ! આપના પ્રતાપે સુખી છું."

મહારાજ સ્વામી પ્રત્યે સ્થિર નેત્રે જોઈ રહ્યા. સ્વામી પ્રત્યેનો અગાધ પ્રેમ તેમનાં નેત્રમાં જણાતો હતો. સ્વામીનાં આ દર્શનથી જાણે મહારાજ અત્યંત પ્રસન્ન થઈ ગયા હોય તેવો મહારાજનાં નેત્રમાં પણ ભાવ હતો.

તે વખતે સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી કૂવા પાસે મહારાજને નહાવા માટે ચોકડી તૈયાર કરતા હતા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! સ્વામી શહેરમાંથી આવે છે તે સુખી તો એવા જ હશે ને ?"

તે સાંભળી મહારાજે તરત જ કહ્યું : "સ્વામી ! તેમને શહેર બાધ કરે તેમ નથી. તે તો શહેરમાં વન સર્જે એવા પ્રતાપી પુરુષ છે."

નિષ્કુળાનંદ સ્વામી આ સાંભળી સ્થંભી ગયા ! વડોદરા શહેરની પાકી રસોઈનો તેમને જોગ થઈ ગયો હતો અને તે છોડીને તેઓ ત્યાંથી ભાગ્યા હતા તેની તેમને સ્મૃતિ થઈ આવી. તે વખતે તેમને લાગ્યું હતું કે શહેરની આવી પાકી રસોઈઓ જમીને વૃત્તિઓ કેમ ઠેકાણે રહેતી હશે ? પરંતુ મહારાજે આજે સ્વામીનો મહિમા કહ્યો ત્યારે તેમને સમજાયું કે સ્વામીને શહેરના પંચવિષયો બાધ કરી શકે તેમ નથી. ઊલટા તેમાં ફસાયેલા જીવોને તેના બંધનમાંથી છોડાવે એવા સ્વામી સમર્થ છે.

સ્વામીને લઈને મહારાજ અક્ષર ઓરડીમાં પધાર્યા. પોતે ઢોલિયા ઉપર બિરાજ્યા. શુકમુનિએ સ્વામીને ધાબળી પાથરી દીધી એટલે સ્વામી તેના ઉપર

બિરાજ્યા. પછી વડોદરાના હરિભક્તોના સમાચાર મહારાજે તેમને પૂછ્યા. એટલામાં બ્રહ્મચારી થાળ લાવ્યા એટલે મહારાજ જમવા ઊભા થયા. સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે હવે પરવારો." એટલે સ્વામી પણ ઊઠ્યા.

મહારાજ જમતા જાય અને સ્વામીને સંભારતા જાય. જમી રહ્યા પછી મહારાજે બ્રહ્મચારીને કહ્યું : "આ પ્રસાદી સ્વામીને આપજો."

એટલે બ્રહ્મચારીએ સ્વામીના શિષ્ય પુરુષાનંદને મહારાજની પ્રસાદીનો થાળ આપ્યો. સ્વામી પણ પરવારીને મહારાજે મોકલાવેલ થાળની પ્રસાદી જમ્યા.

સાંજે મહારાજે શુકમુનિને કહ્યું : "સ્વામીને બોલાવી લાવો."

ત્યારે સોમલાખાચરે કહ્યું : "સ્વામી ! તમે લખો. હું ગોપાળાનંદ સ્વામીને બોલાવી લાવું છું." તે સાંભળી રતનજી ત્યાં આવ્યા. મહારાજે તેમને કહ્યું : "રતનજી ! તમે જાઓ અને સ્વામીને એકલાને બોલાવી લાવજો."

થોડી વારે સ્વામી આવ્યા. ત્યારે મહારાજે શુકમુનિને કહ્યું : "તમે બહાર જાઓ." એટલે શુક સ્વામી તરત જ ઊઠ્યા.

તે વખતે નિષ્કુળાનંદ સ્વામી દાડિયા પાસે ચોકડી અને કૂંડી ટિપાવતા હતા. તેમને લાગ્યું કે સ્વામીને ખાસ બોલાવીને મહારાજ વાત કરવા માગે છે એટલે કાંઈક રહસ્યની વાત હશે. તેથી તે એકદમ કામ પડતું મૂકીને ઓરડીમાં આવી ગયા. તેમને જોઈ મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમે દાડિયા ઉપર નજર રાખો, નહીં તો કામ બરાબર થશે નહીં." એટલે સ્વામી ઊઠ્યા અને બંદોબસ્ત કરીને પાછા આવ્યા ત્યારે મહારાજે ફરી કહ્યું : "સ્વામી ! જાત-દેખરેખ વગર કામ બરોબર થાય નહીં. માટે ઊઠો અને કામ બરાબર કરાવો."

સ્વામી સમજી ગયા. મહારાજે સ્વામી ઊઠ્યા પછી બારણું બંધ કરાવ્યું. પરંતુ સ્વામીને લાગ્યું કે જરૂર મહારાજ કાંઈક રહસ્યની વાત ગોપાળાનંદ સ્વામીને કરવાના છે. એટલે તેમનું મન ઝાલ્યું રહ્યું નહીં. તે બારણા આગળ આવીને બેસી ગયા. અંદર મહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! અમે અક્ષરધામમાંથી અમારું અક્ષરધામ અને તમો બધા મુક્તોને લઈને અહીં આવ્યા છીએ તેનો હેતુ જાણો છો ?"

સ્વામીએ હાથ જોડીને કહ્યું : "ના, મહારાજ ! હું કાંઈ જ જાણતો નથી."

ત્યારે મહારાજે કહ્યું : "સાંભળો, અમે છ હેતુ લઈને આ પૃથ્વી ઉપર આવ્યા છીએ. તે તમને આજે કહેવા માટે બોલાવ્યા છે. તે જાણીને તે પ્રમાણે સત્સંગમાં કાર્ય કરવા પ્રવૃત્ત થઈ જવાનું છે."

આવી ખૂબ જ રહસ્યની વાત સાંભળી સ્વામી એકાગ્ર થઈ ગયા.

મહારાજ બોલવા લાગ્યા : "સ્વામી ! સાંભળો, પહેલો હેતુ : અમારી સર્વોપરી ઉપાસના અને જ્ઞાન આ પૃથ્વી ઉપર પ્રવર્તાવવું. બીજો : પૂર્વે થયેલા અવતારોને તથા તેમના ભક્તોને અમારા સ્વરૂપનું જ્ઞાન કરાવી અક્ષરધામમાં લઈ જવા. ત્રીજો : આ પૃથ્વી ઉપર એકાંતિક ધર્મનું સ્થાપન કરવું. ચોથો : ભક્તિદેવી તથા ધર્મદેવને અમારી મૂર્તિનું સુખ દેવું. પાંચમો : આ લોકમાં તીર્થ, વ્રત, દાન, તપ વગેરે કરતા કેટલાક યોગભ્રષ્ટ જીવોને અમારો સંબંધ કરાવી અક્ષરધામમાં લઈ જવા. અને છઠ્ઠો હેતુ : અમારા ભક્તના સંબંધે અનંત જીવને અક્ષરધામમાં લઈ જવા. આ છ હેતુઓ લઈને અમે અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર આવ્યા છીએ. તે હેતુઓ આપણે સિદ્ધ કરવાના છે."

આ સાંભળી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપના પ્રતાપથી થઈ જશે."

એટલામાં નિષ્કુળાનંદ સ્વામી બારણું ઉઘાડી અંદર આવ્યા અને મહારાજને કહ્યું : "મહારાજ ! આ વાત આજે સમજાણી. કડી મળી ગઈ !"

એટલે મહારાજે પૂછ્યું : "કઈ વાત ?"

"તમારા પુરુષોત્તમપણાની. બીજી વળી કઈ ?" સ્વામીએ તરત જ કહ્યું. પછી બોલ્યા : "હું જ્યારે રામાનંદ સ્વામી પાસે કચ્છમાં ગયો, ત્યારે તેમણે મને ઠપકો આપ્યો અને આપનાં દર્શન કરવા લોજ જવા આજ્ઞા કરી. ત્યારે મેં તેમને પૂછ્યું કે 'વર્ણી એવા તે કેવા મોટા છે કે આપ મને એમનાં દર્શને મોકલો છો ?' ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું : 'લાલજી ! તમને આજે નહીં મનાય, પરંતુ સર્વ અવતારના અવતારી સર્વોપરી પુરુષોત્તમ નારાયણ એ વર્ણી સ્વરૂપે પધાર્યા છે. અમારા જેવા અનંતની એમની પાસે ગણતરી નથી. ભવિષ્યમાં જ્યારે સમજાશે, ત્યારે તમે જ તેમનો મહિમા ગાવામાં ઝાલ્યા નહીં રહો.'"

મહારાજ અને ગોપાળાનંદ સ્વામી આ સાંભળી હસ્યા. મહારાજે કહ્યું : "આ વાત સમજવી અને અંતરે ઉતારવી તે ઘણી કઠણ છે."

એટલે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! ગુરુ રામાનંદ સ્વામીએ સમજાવ્યું અને આજે આપે સહી કરી દીધી. હવે સમજવું શું કઠણ છે ? અમારે કાંઈ ભડકો જોવો નથી. જેને મનાશે તેનાં ભાગ્ય જાગશે અને જેને નહીં મનાય તેનાં કરમ ફૂટ્યાં જાણવાં."

મહારાજ નિષ્કુળાનંદ સ્વામીની વાત સાંભળી ગંભીર થઈને બોલ્યા :

"સ્વામી ! પણ હજુ અમારું ભગવાનપણું જ લોકોને મનાતું નથી, ત્યાં આ સર્વોપરી વાત તો લોકોને માથે વીજળી પડ્યા જેવી લાગશે. માટે ધીરા રહીને જેને હેત હોય તેને કહેતા જવું."

કારિયાણીમાં દીપોત્સવ : આ.સં. ૧૮૭૭

વસ્તાખાચરના આગ્રહથી કારિયાણીમાં મહારાજે દીપોત્સવ કરવાનું નક્કી કર્યું હતું. મહારાજ કારિયાણીમાં દીપોત્સવ કરવાના છે તે સમાચાર ગામોગામ પહોંચી ગયા હતા. તેથી ઘણા હરિભક્તો આ ઉત્સવ ઉપર મહારાજનાં દર્શન કરવા કારિયાણી આવી ગયા હતા.

દીપોત્સવની રાત્રિએ વસ્તાખાચરના દરબારમાં ઉતરાદા દ્વારના ઓરડાની આગળ દીપમાળા પૂરી હતી. તે દીપમાળાની વચ્ચે મહારાજ માટે મંચ બાંધ્યો હતો અને તે મંચ ઉપર સુરતના હરિભક્ત જાદવજીભાઈ જે છપ્પર પલંગ લાવ્યા હતા તે ગોઠવ્યો હતો. સૌ હરિભક્તોને પ્રસન્ન કરવા આજે મહારાજે શણગાર પણ અલૌકિક ધારણ કર્યા હતા. સોનેરી બુટ્ટાદાર રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો, તે ઉપર 'નરનારાયણ' 'સ્વામિનારાયણ' શબ્દોથી અંકિત કાળા કિનખાબની ડગલી પહેરી હતી, આસમાની રંગનો રેંટો કમરે કસીને બાંધ્યો હતો. કંઠમાં ભક્તોએ ધરાવેલા પીળા પુષ્પના હાર ધારણ કર્યા હતા. મહારાજના મુખારવિંદની શોભા અલૌકિક દેખાતી હતી. સૌ હરિભક્તો મહારાજના સ્વરૂપનાં દર્શન કરી જાણે મૂર્તિમાં લીન થઈ ગયા હોય તેમ ચિત્રવત્ મહારાજની સન્મુખ બેઠા હતા.

તે સમયે સભામાં દીવ બંદરથી આવેલ હરિભક્ત પ્રેમીબાઈ ત્યાં સ્ત્રીઓની સભામાં બેઠાં હતાં. તેણે તેના પગ નીચે એક પોટલું દબાવીને રાખ્યું હતું. તેનું જાણે જીવની જેમ જતન કરતાં કરતાં તે મહારાજનાં દર્શન કરતાં હતાં. સાથે સાથે પોતાની પાસેના પોટલા ઉપરથી પણ નજર ખસેડતી ન હતી. મહારાજે મંચ ઉપરથી આ જોયું. તેઓ તરત જ ત્યાંથી ઊભા થયા અને મંચ ઉપરથી નીચે સભામાં આવવા લાગ્યા. સૌને મહારાજની આ ચેષ્ટા જોઈ આશ્ચર્ય થયું.

મહારાજ સીધા જ્યાં બહેનો બેઠી હતી ત્યાં પધાર્યા અને પ્રેમીબાઈ સામું જોઈને બોલ્યા : "બહેન ! તું અમારાં વસ્ત્રો, આભૂષણો લાવી છો ને ?"

પ્રેમીબાઈને આ સાંભળી આશ્ચર્ય થયું. તેણે તરત જ પોતાના પગ નીચે દબાવેલ પોટલું હાથમાં લીધું. તે ઊભી થઈ ગઈ અને મહારાજને હાથ જોડી

કહ્યું : "લાવી છું મહારાજ ! જીવની જેમ જતન કરીને લાવી છું. આપને અર્પણ કરવા અધીરી થઈ હતી. સંકલ્પો થતા હતા કે આપની પાસે કેમ પહોંચવું. ત્યાં મહારાજ ! આપ સામેથી પધાર્યા. લ્યો સ્વીકારો આ ગરીબની ભેટ !"

મહારાજે તેના હાથમાંથી પોટલું હાથોહાથ લઈ લીધું. પોતાને માથે ચડાવ્યું. છાતીએ અડાડ્યું અને પછી પ્રેમીબાઈ તરફ અમીભરી દૃષ્ટિ કરી મહારાજ મંચ ઉપર આવી પલંગમાં બિરાજી ગયા. સભામાં સૌ સ્તબ્ધ બની મહારાજની આ અલૌકિક લીલા જોઈ રહ્યા. પ્રેમીબાઈના ભાવનાં પણ સૌને દર્શન થયાં. પણ કોઈનેય સમજાયું નહીં કે પ્રેમીબાઈ કેવા ભાવથી આ ભેટ લાવ્યાં હશે કે મહારાજ ઊભા થઈને તેની ભેટ હાથોહાથ લેવા પધાર્યા !

દીવ બંદરનાં પ્રેમી હરિભક્ત પ્રેમીબાઈ

એટલામાં મહારાજનો અવાજ સંભળાયો : "સાંભળો, હરિભક્તો ! સંતો ! આટઆટલાં વર્ષ થયાં, તેમાં અમારે અર્થે કેટલાય હરિભક્તો વસ્ત્ર તથા હજારો રૂપિયાના અલંકાર લાવે છે, પણ અમે આવી રીતે કોઈની સામા જઈને લેતા નથી." એટલું કહીને મહારાજે મયારામ ભટ્ટને કહ્યું : "ભટ્ટજી ! આ પોટલું છોડો, વસ્ત્રો કાઢો, અલંકારો પણ કાઢો."

મયારામ ભટ્ટે પોટલું છોડીને વસ્ત્રો તથા અલંકારો કાઢ્યાં. મહારાજે પોતાના હાથમાં લઈ સર્વે વસ્ત્રો પોતાના શરીરે અડાડ્યાં, અલંકારો પહેર્યા. પછી બોલ્યા : "અને સાંભળો. આવી રીતે કોઈનાં વસ્ત્ર, અલંકારો પહેરીને અમે રાજી પણ થયા નથી. આજે તો અમારે એ હરિભક્ત ઉપર અતિશય રાજીપો થયો."[૪૯]

એ વસ્ત્રાલંકારો શ્રીહરિએ દીનાનાથ ભટ્ટને આપી દીધાં. શ્રીહરિની આ

૪૯. રાજુલાના રાજગર બ્રાહ્મણ મૂળજીને સમાચાર મળ્યા હતા કે દીવ બંદરમાં પ્રેમીબાઈએ સ્વામિનારાયણ માટે અમૂલ્ય વસ્ત્રો અને આભૂષણો તૈયાર કર્યાં છે. તે ઠગવિદ્યામાં પ્રવીણ હતો, તેથી સ્વામિનારાયણ ભગવાનનો વેશ લઈ ઘોડી ઉપર બેસી દીવ આવ્યો. અમે જ સ્વામિનારાયણ છીએ તે પ્રમાણે કહી પ્રેમીબાઈને ભોળવીને વસ્ત્રો તથા ઘરેણાં ઉપાડી ગયો. પાછળથી પ્રેમીબાઈને ખબર પડી કે તે તો ઠગ હતો અને ઠગવિદ્યાથી બધું પડાવી ગયો. પરંતુ તેને મહારાજ પ્રત્યે અતિશય પ્રેમ હતો. તેથી નિરાશાનો ત્યાગ કરી ફરીથી શ્રદ્ધાપૂર્વક તેણે વસ્ત્રો તથા આભૂષણો તૈયાર કરાવ્યાં અને પોતે તે બધું મહારાજને અર્પણ કરવા જાતે આવી. તેની આવી શ્રદ્ધા અને ભક્તિથી મહારાજે સામેથી આવી તેની ભેટ સ્વીકારી.

નિઃસ્પૃહિતાનાં દર્શન સૌએ અનેક વખત કર્યાં હતાં. પરંતુ આજે સૌને તેનાં વિશેષ દર્શન થયાં. સૌ કૃતાર્થ થયા. પછી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિકે શ્રીહરિને પ્રશ્નો કર્યા.

ત્યારબાદ શ્રીહરિએ મત્સરને ટાળવાની વાત કરતાં કહ્યું : "સર્વે વિકારમાત્રનો આધાર મત્સર છે. એટલે જ શ્રીમદ્‌ભાગવતમાં નિર્મત્સર એવા જે સંત તેને જ ભાગવત ધર્મના અધિકારી કહ્યા છે. જેને એ સંતને માર્ગે ચાલવું હોય તેનો મત્સર ટળે. સ્ત્રી, ધન અને સારું સારું ભોજન એ ત્રણ મત્સરના હેતુ છે. અને જેને એ ત્રણ વાનાં ન હોય તેને માન છે તે મત્સરનો હેતુ છે. જે મત્સરવાળો હશે તેને તો અમે આ ભટ્ટને વસ્ત્ર આપ્યાં તેમાં પણ મત્સર આવ્યો હશે. પણ મત્સરવાળાને એવો વિચાર ન આવે જે, 'વસ્ત્ર લાવ્યાં હતાં તેને ધન્ય છે જે, આવાં ભારે વસ્ત્ર મહારાજને પહેરાવ્યાં' અને મહારાજને પણ ધન્ય છે જે, 'તરત બ્રાહ્મણને દઈ દીધાં.' કોઈક લે અને કોઈક દે તો પણ મત્સરવાળો હોય તે ઠાલો ઠાલો વચમાં બળી મરે. પરંતુ અમારે તો કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષ્યા એ સર્વેનો ક્યારેય હૈયામાં લેશપણ આવતો નથી અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ જે પંચવિષય તેનો તો હૈયામાં અતિશય અભાવ વર્તે છે. જેટલું કાંઈક અન્ન-વસ્ત્રાદિકનું ગ્રહણ કરતા હઈશું તે તો ભક્તની ભક્તિને દેખીને કરતા હઈશું, પણ પોતાના દેહના સુખને અર્થે નથી કરતા. અમારે જે ખાવું-પીવું, ઓઢવું-પહેરવું છે તે સર્વે સંત અને સત્સંગીને અર્થે છે અને જો એમને અર્થે ન જણાય ને પોતાને અર્થે જણાય તો અમે એનો તત્કાળ ત્યાગ કરી દઈએ. અને અમે તો જે મન, કર્મ, વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે. માટે અમારે તો સર્વ પ્રકારે જે કોઈ ભગવાનના ભક્ત છે તે સંગાથે સંબંધ છે અને ભગવાનના ભક્ત વિના તો અમારે ચૌદ લોકની સંપત્તિ તે ત્રખલા જેવી છે."[૫૦]

આમ, દીપોત્સવી તથા અન્નકૂટના ઉત્સવો[૫૧] મહારાજે કારિયાણીમાં ધામધૂમથી કર્યા. દેશદેશના સંઘ આવ્યા. મહારાજે સૌને ઉત્સવનો આનંદ લૂંટાવ્યો, પોતાની મૂર્તિનું સુખ આપ્યું અને ઉપદેશનાં વચનો પણ કહ્યાં.

---

૫૦. વચનામૃત : કારિયાણી, પ્રકરણ-૬.

૫૧. આ અન્નકૂટોત્સવ ધોલેરામાં કર્યો એવો પણ ઉલ્લેખ શ્રીહરિલીલામૃત(૭-૮૩)માં છે. પરંતુ આ દિવસે શ્રીહરિએ કારિયાણીમાં કારિયાણી પ્રકરણનું સાતમું વચનામૃત સંબોધેલું છે.



ઉદ્‌ગીથ ૧૨

લોયામા ધર્મકુળનું આગમન

(આ.સં. ૧૮૭૭, ઈ.સ. ૧૮૨૦-૧૮૨૧)

મહારાજે દીપોત્સવ કારિયાણીમાં કર્યો. પ્રબોધિની એકાદશી પણ શ્રીહરિને અહીં જ કરવાની ઇચ્છા હતી. એકાંતના આ સ્થળમાં મહારાજ સગુણ-નિર્ગુણપણાની અતિ ગહન વાતો કરતા હતા. પૃથ્વીનું આ ખોબા જેવડું ગામ પુરુષોત્તમ નારાયણના કૃપાપ્રસાદથી ધન્ય થઈ ગયું.

આ.સં. ૧૮૭૭ના કાર્તિક સુદ દશમીના દિવસે મહારાજની તબિયત જરા અસ્વસ્થ બની. ઠંડીનો ચમકારો વધુ હતો. મહારાજને શરીરે ઝીણો ઝીણો તાવ આવતો હતો. રાત્રે ઠંડીનું જોર વધ્યું. મહારાજે વર્ણી પાસે સગડી મંગાવી. સેવામાં તત્પર અને સદા મહારાજની સમીપે રહેતા મુકુંદાનંદ વર્ણી તરત દોડ્યા. ઘડીકમાં તો સગડી લાવીને મહારાજ પાસે મૂકી દીધી. મહારાજ સહેજ નજીક સર્યા અને તાપવા લાગ્યા.

મુક્તાનંદ સ્વામી મહારાજની આ બધી લીલા નિહાળી રહ્યા હતા. તેમના તરફ જમણો હાથ લંબાવીને મહારાજે કહ્યું : "સ્વામી ! અમારી નાડી જુઓ. શરીરમાં કાંઈક કસર જણાય છે."

મુક્તાનંદ સ્વામીએ ઋજુતાથી મહારાજના જમણા હાથનું કાંડું પોતાના જમણા હાથમાં પકડ્યું અને મહારાજનો પંજો પોતાના ડાબા હાથની હથેળીમાં રાખ્યો. મહારાજની નાડી થોડી ક્ષણ જોઈને મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "હે મહારાજ ! કસર તો બહુ છે." અને વળી એમ કહ્યું : "હે મહારાજ ! હમણાં સત્સંગીને કઠણ કાળ વર્તે છે. કેમ કે, હે મહારાજ ! આપ તો સર્વે સત્સંગીના જીવનપ્રાણ છો."

મુક્તાનંદ સ્વામી કુશળ નાડી-પરીક્ષક પણ હતા. મહારાજ અને સમગ્ર સત્સંગ સમાજની આત્મીયતાની તેમને ખબર હતી. તેથી તો "આપના શરીરે

કસર જેવું છે એ જ સર્વે સત્સંગીને કઠણ કાળ છે'' એમ તેમણે કહ્યું.

મહારાજે આ સાંભળી તપની વાત કરી અને પોતાના ત્યાગી સ્વભાવની વાત કરી : ''અમે એકવીસ વર્ષ થયાં શ્રી રામાનંદ સ્વામી પાસે આવ્યા છીએ. તેમાં અનંત ભાતનાં વસ્ત્ર તથા અલંકાર તથા ખાન-પાનાદિક તેણે કરીને સેવાના કરનારા અનંત ભક્ત મળ્યા છે, પણ અમારું મન કોઈ પદાર્થમાં લોભાણું નથી, શા માટે જે અમારે ત્યાગનો જ ઈશક છે.''

પછી મહારાજે ભગવાનને સર્વકર્તાહર્તા જાણીને સ્વામી-સેવકભાવે કરીને ભગવાનની ભક્તિ કરવાનો સિદ્ધાંત ઉપદેશ્યો.

થોડા સમયમાં મહારાજને શરીરે સારું થઈ ગયું.

કાર્તિકી પૂનમનો સમૈયો કરી મહારાજ કારિયાણીથી લોયા જવા નીકળ્યા. રસ્તામાં બોટાદ આવ્યું.

મહારાજ બોટાદમાં હમીરખાચરના દરબારમાં ઊતર્યા. તે જ દિવસે લોયાથી સુરાખાચર પણ ત્યાં આવ્યા. તેમને જોઈ મહારાજે પૂછ્યું : ''સુરા-ખાચર ! કેમ એકાએક આવવું થયું ?''

સુરાખાચરે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આપનાં દર્શન સારુ જ આવ્યો છું. બીજી વાત છે, એ તો એકાંતમાં કહીશ.''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''અહીં બધાં ઘરનાં જ છે, એકાંત જેવું જ છે, તો કહી નાંખો ને.''

સુરાખાચર મૂંઝાયા. તેમણે અચકાતાં અચકાતાં કહ્યું : ''મહારાજ ! અહીં કહેવામાં મને વાંધો નથી પણ આપ કદાચ મારી વાત ન રાખો તો મારે આપત્કાળ આવે એવું છે.''

સુરાખાચરની આપત્કાળની વાત સાંભળી મહારાજને ગમ્મત પડી. તેમણે કહ્યું : ''બાપુ ! કેવા પ્રકારનો આપત્કાળ આવશે તે તો કહો.''

સુરાખાચરનો આપત્કાળ

સુરાખાચરે વાતમાં મોણ નાખતાં તેમની અસલી રીત પ્રમાણે વાત શરૂ કરી : ''મહારાજ ! આપને લોયા તેડી લાવવા સારુ જ મને મોકલ્યો છે.''

''કોણે ?'' મહારાજે હસતાં હસતાં પૂછ્યું.

''ઘરનાંએ વળી, બીજો કોણ મને કહી શકે ?''

''તેમાં શું આપત્કાળ જેવું છે તે સમજાયું નહીં.'' મહારાજે કહ્યું.

"આપત્કાળ તો મહારાજ મોટો છે. આપ રહ્યા ભગવાન. અમારી વાત કદાચ ન રાખો તો ?" સુરાખાચર ઠાવકું મોઢું રાખીને વાત કરતા હતા.

"તે એમાં શું ? કદાચ હમણાં ન અવાય તો પછી આવીશું. એમાં ક્યાં લોયા ઉજ્જડ થઈ જવાનું હતું ?" મહારાજે ઝીણી આંખ કરી સુરાખાચર સામું જોતાં કહ્યું.

"તો તો મહારાજ ! ગજબ થઈ જાય ! એ જ આપત્કાળની મને બીક હતી." સુરાખાચરે ધીમે રહીને કહ્યું.

"પણ એમાં શું ગજબ થઈ જાય ? કયો આપત્કાળ આવે તે અમને સમજાતું નથી." મહારાજે વાત લંબાવતાં કહ્યું.

"અરે મહારાજ ! મારી દશા ભૂંડી થઈ જાય."

ડાયરો બધો આતુરતાથી આ સાંભળી રહ્યો હતો. પણ સુરા આપાની મૂંઝવણનો કોઈ તાગ કાઢી શક્યા નહીં.

મહારાજને પણ આજે ગમ્મત કરવી હતી. તેમણે કહ્યું : "પહેલાં આપત્કાળની વાત કરો. બીજી વાત પછી કરીશું."

સુરાખાચરે માથેથી ફેંટો ઉતારી મહારાજના ખોળામાં નાખ્યો અને કહ્યું : "મહારાજ ! જો આપ લોયા ન પધારો, તો તો મારે સાધુ થઈ જવું પડે. 'મહારાજ લોયા ન પધારે તો સાધુ થઈ જજો પણ એમ ને એમ ઘેર પાછા આવતા નહીં,' - એમ ઘરનાંની આજ્ઞા છે." અને આખો ડાયરો હસી પડ્યો.

મહારાજ પણ હસવા લાગ્યા. મહારાજે હસતાં હસતાં કહ્યું : "તો તેમાં ખોટું શું ? અમે તો કાતર લઈને તૈયાર જ બેઠા છીએ !"

"પણ મહારાજ ! એક વખત મૂંડીને ભૂંડે હાલે પાછા ઘરભેગા કર્યા અને ફરી એવો ધંધો કરો તો એમાં અમારી આબરૂ શું ?" સુરાખાચરે વીલે મોઢે કહ્યું. સભા એકદમ હસી પડી.

એટલામાં મોટીબાએ મહારાજને દાદાખાચર મારફત કહેવરાવ્યું કે બોટાદથી ગઢડા જ પધારવાનું છે. લક્ષ્મીવાડીમાં રીંગણાં બહુ સારાં થયાં છે એટલે મહારાજ જમે અને સંતોને જમાડે.

દાદાખાચર દ્વારા મોટીબાનો સંદેશો સાંભળી મહારાજે કહ્યું : "ભલે, અહીંથી ગઢડા જ આવશું."

એટલે સુરાખાચરે નિસાસો નાખતાં પૂછ્યું : "ત્યારે લોયાનું તો આળસ્યું ને ? હવે આ વપત્ય મારે માથે તો આવી ને ? તો લ્યો મને હવે સાધુ કરી દ્યો."

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "સુરાખાચર ! તમે તમારાં ઘરનાંને વશ છો કે તમારા ઘરનાં માણસ તમને વશ છે ?"

આ પ્રશ્ન સુરા આપાએ સાંભળ્યો, પણ તે ગાંજ્યા જાય તેવા ન હતા. મહારાજે જ્યારે ભરડાયરામાં આવો કપરો સવાલ પૂછ્યો, ત્યારે તેમણે નક્કી કરી લીધું કે આપણે પણ વાત હવે ચોખ્ખી જ કરવી રહી. તેમણે ધીમેથી કહ્યું : "મહારાજ ! આપ અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ અને લક્ષ્મીપતિ છો એટલે આપે મોટીબાને વશ થઈને ગઢડા જવાની હા કહી, તો અમે તો જીવજાતિ કહેવાઈએ, અમે ઘરનાંને વશ હોઈએ તેમાં શી નવાઈ ?"

આ સાંભળી આખો ડાયરો ખડખડાટ હસી પડ્યો. મહારાજ પણ સુરાખાચર સામું હસતાં હસતાં જોઈ રહ્યા. મહારાજે તરત જ દાદાખાચરને કહ્યું : "સાંભળ્યું દાદા ! આ સુરા આપાએ મહેણું માર્યું. હવે મોટીબાને કહેજો કે ગઢડા નહીં અવાય. લોયા જ જવું પડશે."

મોટીબા ચમક્યાં. તેમણે એકદમ કહેવરાવ્યું : "મહારાજ ! લક્ષ્મીવાડી જેવાં રીંગણાં આ આખા પંથકમાં ક્યાંય થતાં નથી. આપને રીંગણાં ઉપર રુચિ છે એટલે જ આગ્રહ છે. સુરા આપા પણ ગઢડા આવશે અને હમીર બાપુ, દાહા બાપુ બધા જ ગઢડા આવશે."

તરત જ મહારાજે કહ્યું : "મોટીબા ! આ સુરાખાચર ગમે એટલું દામ પડશે તોપણ સારાંમાં સારાં રીંગણાં લાવશે. માટે હવે તો લોયામાં જ શાકોત્સવ કરવો છે અને તમારે સૌએ પણ ત્યાં જ આવવાનું છે. વસંતનો ઉત્સવ પણ ત્યાં જ કરશું."

મોટીબા સમજી ગયાં કે મહારાજ તો પૃથ્વીના પેટાળમાં સોનું, રૂપું, હીરા પેદા કરી શકે છે તો આ રીંગણાંનો તો તેમને શો હિસાબ ! તેમણે તરત જ સરળતાથી કહ્યું : "મહારાજ ! અમારી ભૂલ થઈ ગઈ. આપ તો સમર્થ છો. ગમે ત્યાંથી ગમે તે વસ્તુ ઉત્પન્ન કરી શકો. આપને સુરા આપા તથા શાંતિબાને સુખ આપવું છે તો ખુશીથી લોયા પધારો. અમે પણ ગઢડા જઈને લોયા આવી જઈશું. શાકોત્સવ માટેની સામગ્રી પણ લેતાં આવીશું."

મહારાજ પ્રસન્ન થયા. તેમને સરળતા ગમતી. અંદર અંદર હરિભક્તો એકબીજાનો મહિમા સમજે તે તેમને ગમતું. તે જ તેમને કરાવવું હતું. તે માટે જ તેઓ સમૈયા-ઉત્સવો કરતા, ભક્તોની ભક્તિની પ્રશંસા કરતા અને તેમનો મહિમા વધારતા.

બોટાદમાં અદા શેઠની રસોઈ મહારાજ જમે છે

મહારાજ ભગા શેઠના ભવનમાં પધાર્યા. હરિભક્તો સૌ માતરા ધાધલની વાડીમાં ઊતર્યા. આ પ્રસંગે બોટાદના હરિભક્તોએ મહારાજની પોતાને ઘેર પધરામણી કરાવી, પૂજનનો અને સેવાનો લાભ લઈ લીધો. અદા શેઠે મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! સવારે વહેલાં રસોઈ કરાવીશું તો આપ સૌ જમીને લોયા પધારો."

મહારાજે તેમની વિનંતી સ્વીકારી. સંઘમાં સૌ સંતો, હરિભક્તોને કહેવરાવી દીધું કે "સવારે વહેલા લોયા જવા નીકળવાનું છે તો સૌ વખતસર તૈયાર થઈ જજો."

મહારાજ પણ સવારે વહેલા ઊઠ્યા. ક્ષૌર કરાવી શૌચવિધિ પતાવી. પછી સ્નાન કર્યું. બાળમુકુંદને થાળ ધરાવી વર્ણી જમવા માટે મહારાજને બોલાવવા આવ્યા. મહારાજ તેમની સાથે પધાર્યા. અદા શેઠે આખી રાત જાગી વિવિધ પકવાનો તથા અન્ય સામગ્રીઓનો થાળ મહારાજ માટે કરાવ્યો હતો. આટલા વહેલા આટલી બધી સામગ્રીઓ તૈયાર કરેલી જોઈ મહારાજને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું : "શેઠ ! આટલી બધી સામગ્રી ક્યારે બનાવડાવી ?"

શેઠે કહ્યું : "મહારાજ ! રાત માથે લીધી હતી. આપ પધાર્યા, સંતો-પાર્ષદો પધાર્યા એટલે અમને સહેજે સેવાનો લાભ મળી ગયો."

મહારાજે ફરી પૂછ્યું : "અન્ય હરિભક્તો અને સંતો માટે શું રસોઈ બનાવી છે ?"

શેઠે હસતાં હસતાં કહ્યું : "મહારાજ ! આ જ બધી સામગ્રી સૌને પીરસવાની !" મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા.

મહારાજ જમી રહ્યા પછી સંતોને પીરસવા પધાર્યા. સૌને સારી રીતે પકવાનો પીરસીને જમાડ્યા. સંતો ઉપરાંત લગભગ સાઠ પાર્ષદો સાથે હતા. તે બધાને મહારાજે પીરસ્યું. હરિભક્તોને પણ સારી રીતે જમાડ્યા.

ગાડામાં ન બેસવાનું નિયમ

થોડા દિવસ બોટાદમાં રોકાઈ મહારાજ સુરાખાચર સાથે લોયા જવા નીકળ્યા. મહારાજે સૌને કહ્યું : "હવે સૌ લોયાના માર્ગે રવાના થાવ. મોટેરા સંતો ગાડામાં બેસે, નાના સંતો ચાલીને આવે." એમ કહીને સંતોને કહ્યું :

''ગાડામાં ન બેસવાનો નિયમ જેણે લીધું હોય તે ઊભા થાય.''

એટલે નિર્માનાનંદ સ્વામી ઊભા થયા. તેમણે કહ્યું : ''મહારાજ ! આ દેહ રહે ત્યાં સુધી ગાડામાં નહીં બેસું. માંદો થઈ જાઉં અને બેભાન થઈ જાઉં પછી કોઈક મને ગાડામાં નાંખે, પણ ભાન આવશે કે તરત જ ગાડામાંથી ઊતરી જઈશ.''

મહારાજ આ સાંભળી ખૂબ હસ્યા. તેમણે કહ્યું : ''આવું શૂરવીરપણું હોય તો જ નિયમો પળે.''

મહારાજ લોયામા

લોયાના હરિભક્તો ભદ્રાવતી નદી સુધી મહારાજનું સ્વાગત કરવા આવ્યા હતા. નાગડકાથી પણ કાઠી ભાયાતો ભદ્રાવતી નદી પાસે આવી પહોંચ્યા હતા. સૌના અંતરમાં ઉત્સાહ હતો. મહારાજ પધારશે. વસંતનો ઉત્સવ થશે. સેવા અને ભક્તિનો લહાવો મળશે.

શ્રીહરિ પધાર્યા. આગળથી આવેલા સંતો ભદ્રાવતીને આ કિનારે મહારાજની રાહ જોઈને બેઠા હતા. ગાડાવાળાએ ગાડાં છોડ્યાં હતાં. મહારાજ પધાર્યા અને સૌનાં અંતરમાં નવું જોમ આવી ગયું. મહારાજની આજ્ઞા થઈ એટલે ગાડાવાળાએ ગાડાં જોડ્યાં. વૃદ્ધ સંતો તેમાં બેસી ગયા. બીજા બધા ચાલવા તૈયાર થઈ ગયા. ભદ્રાવતી નદી ઓળંગીને સામે કિનારે સૌ ગયા. ત્યાં લોયા-નાગડકાના હરિભક્તો દંડવત્ કરવા લાગ્યા. વાજિંત્રોના ઘોષ પણ શરૂ થયા.

મહારાજ પુરમાં આવીને સીધા સુરાખાચરના દરબારમાં પધાર્યા. અહીં સુરાખાચરના જે કુટુંબીજનો હતા તે બધા બીજા દરબારમાં ગયા. સંતોના ઉતારા માટે જગ્યા સાંકડી હતી. પરંતુ મહારાજે સંતોને કહ્યું : ''સાંકડી જગ્યામાં પણ સૌ સંતોએ સમાસ કરી લેવો. કોઈએ જુદા ઊતરવું નહીં.''

સંતો માટે આ ભીડો હતો. પરંતુ મહારાજની બાજુમાં જ સંતોનો ઉતારો હતો તેથી તેમને આનંદ પણ હતો.

સંતો અને મહારાજના ઉતારા વચ્ચે એક વંડી હતી. તેથી સંતોને મહારાજનાં દર્શન થતાં ન હતાં. નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજને બેસવા માટે મોટો મંચ બનાવ્યો, જેના ઉપર મહારાજ બિરાજે એટલે બાજુના ઉતારામાં ઊતરેલા સંતોને અને દૂરથી સ્ત્રીઓને પણ મહારાજનાં દર્શન થાય. સૌ સંતો તથા હરિભક્તો સ્વામીની આ કળાથી રાજી થઈ ગયા.

સુરાખાચર તથા તેમનાં પત્ની શાંતિબાએ સંતો, હરિભક્તોને કોઈ

પ્રકારની અગવડ ન પડે તેનો ખ્યાલ રાખ્યો હતો. શિયાળાની ઠંડી અસહ્ય હતી. સંતોને ઠંડી ન લાગે તેથી સુરાખાચરે સંતોના ઉતારા પાસેના ફળીમાં મંડપ બંધાવી દીધો હતો. મહારાજ માટે અમદાવાદના શેઠ બેચર મણકીના પુત્ર ગિરધરભાઈ ગરમ પોસની રાતી ડગલી તૈયાર કરાવી લાવ્યા હતા. મહારાજ તે રોજ પહેરતા. તેની ઉપર અંગરખું પહેરતા અને તેના ઉપર સફેદ ચાદર અને ચોફાળ ઓઢતા.

અમારી ગાદી ઉપર આખું જગત જાણે તેવા કોઈ ત્યાગી કે વર્ણી જ રહે

સવાર-સાંજ મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો કીર્તન-ભક્તિ કરતા. મહારાજ પણ વાતો કરતા. વાસુદેવાનંદ વર્ણી મહારાજની સેવામાં હતા. તેમને જોઈ મહારાજ કહેતા : "આ વર્ણી નાના છે પણ બહુ જ સમજુ છે. અમારી મરજી પ્રમાણે જ વર્તે છે અને સૌ સંતો, હરિભક્તોનો પણ જેવો સમજવો જોઈએ તેવો મહિમા સમજે છે. તેમને અમારી સેવાનો લાભ મળ્યો છે તેનો કેફ તેમના અંતરમાં છે પણ તેનો ગર્વ નથી. જે વિપ્ર હોય તેમાં સહેજે ગર્વ હોય જ, પણ આ તો નિર્માની સેવક છે. તેથી અમારી તેમના ઉપર દૃષ્ટિ પડી ગઈ છે." એમ કહીને વાસુદેવાનંદ વર્ણીને બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : "તમે નાના છો અને નાના થઈને વર્તો છો, તેથી અમારી દૃષ્ટિમાં તમે મોટા છો. આજે તમને અમારે ગાદી ઉપર બેસારવા છે." એમ કહીને ગાદી મંગાવી, તે ઉપર તેમને બેસાડ્યા. પછી મહારાજે કહ્યું : "અમે હોઈએ કે ન હોઈએ, પરંતુ અમારી ગાદી ઉપર આખું જગત જાણે તેવા કોઈ ત્યાગી કે વર્ણી હોય તે જ રહે."

મહારાજની આ વાતમાં પરમ રહસ્ય હતું. પોતે સ્થાપેલ સંપ્રદાયની વૃદ્ધિ માટે મહારાજને પોતાની પરંપરા જાળવવી હતી. તે પરંપરા સાચા ત્યાગથી જ જળવાશે અને તેમના દ્વારા જ સત્સંગ સદા નવપલ્લવિત રહેશે, એવું તેમના આ શબ્દોથી સૌને પ્રતીત થયું.

પરંતુ વાસુદેવાનંદ વર્ણી મૂંઝાયા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! હું તો સાવ નાનો છું. મારાથી આ ગાદી ઉપર કેમ બેસાય ?"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "જે મોટા હોય તેનાથી ગાદી શોભે નહીં. નાના હોય તે જ ગાદી શોભાવી શકે." વર્ણીને ગાદી ઉપર બેસતાં

અત્યંત સંકોચ થયો, પરંતુ મહારાજે તેમને પરાણે બેસાર્યા.

તમે વર્તમાન લોપ્યા ને ?

બીજે દિવસે મહારાજ સવારમાં સભામાં બિરાજ્યા હતા. મહારાજે સભાજનો તરફ દૃષ્ટિ કરી પણ સુરાખાચરને દેખ્યા નહીં. તેથી મહારાજે પૂછ્યું : "સુરાખાચર ક્યાં ગયા છે ?" એટલે નાથાખાચરે કહ્યું : "મહારાજ ! બાપુ વાડીએ ગયા છે. હમણાં આવી જશે."

એટલામાં સુરાખાચર આવી ગયા. મહારાજે પૂછ્યું : "બાપુ ! કેમ મોડું થયું ?"

સુરાખાચરે કહ્યું : "મહારાજ ! આપણા બે બળદ કો'ક લૌ ગ્યો."

તે સાંભળી મહારાજ ચપટી વગાડતાં 'હરે હરે' બોલ્યા. પછી કહ્યું : "બાપુ ! ત્યારે તો કોસ છૂટી ગયા હશે !"

એટલે સુરાખાચરે કહ્યું : "એમ કોસ છૂટે તો તો મહારાજ ! ઊભો મોલ સુકાઈ જાય ! હું બીજાના ચાર બળદ લઈ આવ્યો."

મહારાજ આ સાંભળી હસ્યા. પછી તેમને ઠપકો આપતા કહ્યું : "તમે વર્તમાન લોપ્યા ને !"

સુરાખાચરે તરત જ કહ્યું : "પણ મહારાજ ! પહેલાં મારા બે બળદ લૌ ગ્યો ઈ વર્તમાન ચૂક્યો. એને ઠપકો દ્યો ને ! મેં તો ઈ ફરી વર્તમાન ન ચૂકે એટલે તેને પાઠ શિખવાડ્યો."

સુરાખાચરના આ શબ્દો સાંભળી સૌ હસી પડ્યા. પરંતુ મહારાજે કહ્યું : "બાપુ ! એવું આપણે સત્સંગીથી ન થાય. માટે હમણાં ને હમણાં તેના ચાર બળદ તેને પહોંચાડી દ્યો. તમારા બળદ તમને મળી જશે."

કેવળ કંઠી બાંધ્યે સત્સંગી થઈ જવાતું નથી

સુરાખાચર તરત જ ઊઠ્યા. શાંતિબાને તથા તેના પુત્ર નાથાખાચરને ભલામણ કરી કે "મહારાજને અને સંતોને બરાબર જમાડજો." એમ કહીને તેઓ ઊપડ્યા.

મહારાજે કહ્યું : "સત્સંગીથી વર્તમાન ચુકાય જ નહીં. બીજાને આપણો ગુણ આવે અને એ સત્સંગી થાય એવું આપણું વર્તન હોવું જોઈએ. નહીં તો કેવળ કંઠી બાંધ્યે સત્સંગી થઈ જવાતું નથી." આમ, સભામાં થોડી વાતો

મહારાજે કરી. એટલામાં વાસુદેવ વર્ણી મહારાજને જમવા તેડવા આવ્યા. મહારાજ તેની સાથે જમવા પધાર્યા. સૌ સંતો-હરિભક્તો પણ જમવા ઊઠ્યા.

સાંજે મહારાજ સુરાખાચરની વાડીએ પધાર્યા. ત્યાં જઈને જોયું તો કોસ ચાલતો હતો. સાથીએ મહારાજને કહ્યું : "બાપુ ઘેર પહોંચ્યા હશે ત્યાં જ આપણા બંને બળદ વાડીએ આવી ગયા. એટલે બાપુ બીજાના ચાર બળદ લઈ આવ્યા હતા તે પાછા દેવા ગયા છે."

મહારાજે તેને કહ્યું : "બાપુએ તેનો ધર્મ પાળ્યો તો ભગવાને તેમની રક્ષા કરી."

અમારા સંતના આધારે સત્સંગીઓ તરી જશે

અહીં પાતાળિયે કૂવે બાવળિયા નીચે સભા કરી મહારાજ બિરાજમાન થયા. બાવળિયા નીચે સભા બેઠેલી જોઈ ગામનો એક કણબી ત્યાં આવ્યો. મહારાજને તે પગે લાગ્યો. પછી તેણે કહ્યું : "મહારાજ ! આ તમારા સાધુ તો તરી ગયા પણ તમારા સત્સંગી કૂડકપટિયા છે, તે નહીં તરે."

ત્યારે મહારાજે તેને પૂછ્યું : "પટેલ ! અમારા કોઈ સત્સંગીએ તમારો શેઢો દબાવ્યો છે કે તમને કંઈ દુ:ખ દીધું છે ?"

"ના રે, શેઢો શું દબાવે ? પણ ઈ તો બધા એવા જ છે."

એટલે મહારાજે કહ્યું : "પટેલ ! આ તમારા હાથમાં પરોણો છે તે આ કૂવામાં નાંખો જોઈએ." તરત જ પટેલે પરોણો કૂવામાં નાંખ્યો. મહારાજે પૂછ્યું : "પટેલ ! પરોણો તરે છે કે ડૂબી ગયો ?"

એટલે તેણે કહ્યું : "એ તો લાકડું છે તે તરે જ ને !"

પછી મહારાજે તે પરોણો બહાર કઢાવ્યો. પછી પટેલને કહ્યું : "આ પરોણાની આર છે તે કૂવામાં નાંખો અને જુઓ કે તે તરે છે કે નહીં ?"

પટેલ આ સાંભળી વિચારમાં પડી ગયા. તેણે કહ્યું : "લોખંડની આર તે કાંઈ પાણીમાં તરતી હશે ? એ તો ડૂબી જ જાય !"

મહારાજે તેમને સમજાવ્યું : "જુઓ, પટેલ ! આ લાકડાને આધારે લોખંડની આર પાણીમાં તરી ગઈ. તેમ અમારા સંત છે તેમના આધારે અમારા હરિભક્તો તરી જશે."

પટેલ આ સાંભળી મૂંગા થઈ ગયા. તે મહારાજના પગમાં પડી ગયા અને બોલ્યા : "મહારાજ ! આપે ખરું સમજાવી દીધું."

અમારા હરિભક્તો એ અમારા નાના દીકરા છે

થોડી વારે મહારાજે તે પટેલને પૂછ્યું : "પટેલ ! તમારે કેટલા દીકરા છે ?"

પટેલે કહ્યું : "મહારાજ ! ચાર દીકરા છે."

ફરી મહારાજે તેને પૂછ્યું : "તેમાં તમને કોની ઉપર વધુ હેત છે ?"

એટલે પટેલે કહ્યું : "હેત તો મહારાજ ! સૌથી નાનો છે એના ઉપર વધુ છે."

મહારાજ આ સાંભળી હસ્યા. પછી બોલ્યા : "પટેલ ! અમારા મોટા દીકરા છે તે આ સાધુઓ છે ને હરિભક્તો તે અમારા નાના દીકરા છે. માટે પહેલાં અમે અમારા હરિભક્તોનું કલ્યાણ કરીશું, પછી સાધુનું. સમજ્યા ને ?"

પટેલને મહારાજના આ શબ્દોથી મહારાજનો મહિમા સમજાયો.

✧

મહારાજ લોયા પધાર્યા તે દિવસે આ.સં. ૧૮૭૭ના કાર્તિકની વદ નવમી હતી.[૫૨] મહારાજને લોયામાં, એકાંત સ્થાનમાં, પોતાના સ્વરૂપનાં દિવ્ય જ્ઞાનની, યોગની, સાંખ્યની વાતો કરવી હતી. મહારાજની સાથે નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે મોટેરા સંતો હતા. તેથી મહારાજને પોતાના સિદ્ધાંતો આ વિદ્વાન સંતોને સમજાવી, તેમના દ્વારા તે સિદ્ધાંતોનું પ્રસારણ થાય તેવી ઇચ્છા હતી. સંતો પણ એ રીતે જ્ઞાન ઝીલવા તત્પર થઈ ગયા હતા.

ઝીણાભાઈ દિલગીર થાય છે

કાર્તિક વદ ૧૪ને દિવસે પંચાળાથી દરબાર ઝીણાભાઈ આવ્યા. મહારાજ દર વર્ષે પંચાળા પધારતા, પરંતુ આગલે વર્ષે મહારાજ પંચાળા જઈ શક્યા ન હતા. તેથી ઝીણાભાઈ મહારાજને પંચાળા પધારવા માટે આગ્રહભરી વિનંતી કરવા આવ્યા હતા. મહારાજ તેમને જોઈ પ્રસન્ન થયા. આવા એકાંત સ્થળમાં દરબાર પણ જો આ જ્ઞાનગોષ્ઠી સાંભળે તો તેમના અંતરમાં પણ પોતાના સ્વરૂપની વિશેષ દૃઢતા થાય. પરંતુ દરબારને તો મહારાજને પંચાળા લઈ જવા હતા. તેમણે મહારાજને એ વાત કરી. મહારાજે તરત જ કહ્યું : "ઝીણાભાઈ ! હમણાં પંચાળા અમારાથી અવાશે નહીં. અહીં જ્ઞાનસત્ર ચાલે છે. અમારાં વચનોનું અમૃત ઝીલવા આ મોટેરા સંતો અહીં આવ્યા છે. તો હમણાં તમે

---

૫૨. લોયા વચનામૃતની શરૂઆત આ.સં. ૧૮૭૭ કાર્તિક વદ દશમીથી થઈ.

ધીરજ રાખો. વખત આવે પંચાળા જરૂર આવીશું.''

પરંતુ ઝીણાભાઈને મહારાજના આ શબ્દોથી આઘાત લાગ્યો. તે તરત જ ઊંડા ઊતરી ગયા. મુક્તાનંદ સ્વામી ઝીણાભાઈનો ભાવ સમજી ગયા. તેમને સત્સંગ અને સત્સંગી પ્રત્યે અપાર હેત હતું. તેથી સત્સંગની 'મા' કહેવાતા. ઝીણાભાઈને તેમણે સાંત્વન આપતાં કહ્યું : ''બાપુ ! તમો શાંતિ રાખો. આપણે મહારાજને ફરી વાત કરીશું. મહારાજ દયાળુ છે તે જરૂર પધારશે.''

પરંતુ ઝીણાભાઈના મનનું સમાધાન થયું નહીં.

તે દિવસની જ્ઞાનસભામાં શ્રીજીમહારાજને મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! ઝીણાભાઈ તો આજ બહુ દિલગીર થયા અને એમ બોલ્યા કે જ્યારે મહારાજ અમારે ઘેર આવ્યા નહીં ત્યારે અમારે પણ ઘરમાં રહ્યાનું શું કામ છે ?''

સ્વામીની આ વાત સાંભળી મહારાજે તરત જ કહ્યું : ''મૂંઝાઈને, રીસે કરીને જે પ્રેમ કરે, તે પ્રેમ અંતે નભવાનો નહીં અને રીસવાળાની ભક્તિ તથા પ્રેમ એ સર્વે અંતે ખોટાં થઈ જાય છે. માટે મૂંઝાઈને ઝાંખું મુખ કરવું તે તો અતિ મોટી ખોટ છે.''

એટલે ઝીણાભાઈએ તરત જ હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! ભગવાન ને ભગવાનના સંત તે પોતાને ઘેર આવે ત્યારે મુખ પ્રફુલ્લિત થયું જોઈએ અને જ્યારે ભગવાન ને સંત ન આવે ત્યારે તો મુખ ઝાખુ થયુ જ જોઈએ અને હૈયામાં શોક પણ થયો જોઈએ.''

તેમની વાત સાંભળીને મહારાજે કહ્યું : ''ભગવાન ને સંત તે આવે ત્યારે રાજી થવું પણ શોક તો ક્યારેય પણ કરવો જ નહીં. અને જો શોક કર્યાનો સ્વભાવ હોય, તો અંતે જરૂર કાંઈક ભૂંડું થયા વિના રહે નહીં. માટે પોતપોતાના ધર્મમાં રહીને જે રીતની ભગવાનની આજ્ઞા હોય તેને રાજી થકા પાળવી, પણ પોતાનું મનગમતું કરવા સારુ મૂંઝાવું નહીં. અને ભગવાન ક્યાંઈક જવાની આજ્ઞા કરે ને જો શોક કરીને મૂંઝાય તો પ્રથમ જે ભગવાને પ્રસાદ આપ્યો હોય તથા દર્શન આપ્યાં હોય તથા અનંત પ્રકારની જ્ઞાનવાર્તા કરી હોય ઈત્યાદિક ક્રિયાએ કરીને જે પોતાને સુખ પ્રાપ્ત થયું હોય તે જતું રહે અને મૂંઝવણે કરીને બુદ્ધિમાં એકલો તમોગુણ છાઈ જાય. તેણે કરીને કેવળ દુખિયો થકો જ જ્યાં મૂકે ત્યાં જાય. પછી એ મૂંઝવણે કરીને આજ્ઞા પણ યથાર્થ પળે નહીં. માટે ભગવાનના ભક્તને તો સદા અતિ પ્રસન્ન રહેવું અને પ્રસન્ન મને કરીને ભગવાનનું ભજન કરવું પણ ગમે તેવો ભૂંડો દેશકાળ હોય તોપણ હૈયામાં

લેશમાત્ર મૂંઝવણ આવવા દેવી નહીં."[૫૩]

ઝીણાભાઈએ મહારાજની આ વાત સાંભળી. તેમનું જ્ઞાનનું, સમજણનું અંગ હતું તેથી મહારાજના શબ્દો તેમના અંતરમાં ઊતરી ગયા અને મૂંઝવણ ટળી ગઈ. પરંતુ મહારાજ પંચાળા ન પધારે ત્યાં સુધી ત્યાં જ મનોમન પ્રતિજ્ઞા લીધી કે ગળ્યું, ચીકણું ખાવું નહીં અને માથે પાઘ બાંધવી નહીં.

'વચનામૃત'નો ગ્રંથ મહારાજ પ્રસાદીનો કરે છે

માગશર સુદ ૩ને દિવસે શ્રીજીમહારાજ સુરાખાચરના દરબારમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. તે વખતે તે સમય સુધીના મહારાજનાં વચનામૃતો ગ્રંથબદ્ધ કરી તે ગ્રંથ મહારાજ પાસે આવીને નિત્યાનંદ સ્વામીએ મહારાજને અર્પણ કર્યો. મહારાજે આખો ગ્રંથ ખૂબ જ ઝીણવટથી જોયો. પછી તે ગ્રંથ પોતાના મસ્તક ઉપર મૂકી તેના ગૌરવની, તેની પવિત્રતાની સૌને પ્રતીતિ કરાવી. આ રીતે વચનામૃતનો પ્રથમ ગ્રંથ શ્રીજીમહારાજે જોઈને પ્રસાદીભૂત કર્યો અને પ્રમાણિત પણ કર્યો.[૫૪]

સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન સમજવા મહારાજની વાણી જેમાં શબ્દશઃ ગૂંથાયેલી છે તેવો આ ગ્રંથ સર્વ શાસ્ત્રોમાં અદ્વિતીય અને અતિ પ્રમાણભૂત કહી શકાય.

શ્રીહરિ લોયામાં બિરાજતા હતા તે દરમ્યાન તેમની સાથે રહેલા નાના વિદ્યાર્થી સંતો પાસે રોજ કથા કરાવતા. તેમાં ખાસ કરીને સંસ્કૃત ભાષાના ગ્રંથોની કથા કરાવવાનો શ્રીહરિ વિશેષ આગ્રહ રાખતા. આત્માનંદ, ભગવદાનંદ, યોગાનંદ, કપિલેશ્વરાનંદ, અચિંત્યાનંદ, લક્ષ્મણાનંદ, દહરાનંદ[૫૫] વગેરે સંતો મહારાજ પાસે કથા વાંચતા. જેમને સંસ્કૃત શબ્દોનું ઉચ્ચારણ બરોબર ન આવડતું તેમને તેઓ પોતે શિખવાડતા અથવા નિત્યાનંદ સ્વામીને કહેતા. શ્રીહરિ રોજ કથા કરનારા સંતોને પોતાની પ્રસાદીના હાર પહેરાવતા. તેમને પ્રોત્સાહન આપતા. શ્રીહરિ તેમને કહેતા : "શાસ્ત્રોનો અભ્યાસ હશે તો તમારો સત્સંગ ટકશે અને તમારા દ્વારા સત્સંગની વૃદ્ધિ પણ થશે."

---

૫૩. વચનામૃત : લોયા-૪.

૫૪. વચનામૃત : લોયા-૭.

૫૫. ગામ સૂત્રેજના હરિભક્ત પીતાંબરભાઈએ બે પુત્રો મહારાજને પંચાળા આવી અર્પણ કર્યા હતા. એકનું નામ પ્રસાદાનંદ સ્વામી રાખ્યું, બીજાનું નામ દહરાનંદ સ્વામી રાખ્યું હતું.

શાકોત્સવની પરંપરા

સુરાખાચરના દરબારની પાછળ સંઘા પટેલનાં ઘર હતાં. ત્યાં સંતો રસોઈ કરતા. મહારાજે તેમને આજ્ઞા કરી હતી કે પરમહંસની દીક્ષા છોડ્યા પછી વૈષ્ણવી દીક્ષા ગ્રહણ કરી છે, માટે સંતોએ હાથે જ રસોઈ કરીને, ઠાકોરજીને નૈવેદ્ય ધરાવી નિયમ પ્રમાણે જમવું. તેથી નિષ્કુળાનંદ સ્વામી ભાત અને ખીચડી બનાવતા; નિત્યાનંદ સ્વામી, વૈષ્ણવાનંદ સ્વામી ઘઉંની રોટલી બનાવતા; આ પ્રમાણે વિવિધ વાનગીઓ સૌ સંતો બનાવતા.

તેમનો આવો ઉત્સાહ જોઈ એક દિવસ મહારાજે કહ્યું : "તમે સૌ કાંઈક કાંઈક વાનગીઓ બનાવો છો તેથી અમને પણ વિચાર થયો કે અમે પણ કાંઈક બનાવીને તમને સૌને જમાડીએ."

તે સાંભળી સુરાખાચરે પૂછ્યું : "મહારાજ ! તમે શું બનાવશો ?"

એટલે મહારાજે કહ્યું : "જો ગઢપુરથી રીંગણાં મંગાવો, તો સરસ શાક બનાવીએ. શાકમાં દહીં, ચણાનો લોટ, ધાણાજીરું, હળદર વગેરે નાખીને અમૃત જેવું બનાવીશું."

એટલે સુરાખાચરે કહ્યું : "મહારાજ ! તમારા હાથે બનેલું હોય એટલે અમૃત જ હોય."

તે વખતે ત્યાં મોટીબા તથા લાડુબા હતાં. તેમણે કહ્યું : "મહારાજ ! કેટલાં રીંગણાં મંગાવીએ ?"

મહારાજે કહ્યું : "પચ્ચીસ મણ રીંગણાં મંગાવો."

એટલે ફરી મોટીબાએ પૂછ્યું : "વઘારમાં ઘી કે તેલ ?"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "અમે તો ઘી જ ખાઈએ. એટલે વઘાર માટે પાંચ મણ ઘી મંગાવો. બીજી રસોઈમાં દસ મણનો લોટ અને ત્રણ મણની ખીચડી. આટલી સામગ્રી હોય તો પાકી રસોઈ થાય."

મહારાજની ઇચ્છા પ્રમાણે બધી સામગ્રી આવી ગઈ. સંઘા પટેલના ઘરના ચોકમાં રસોઈ કરવાનું નક્કી કર્યું.

બીજે દિવસે રીંગણાં આવી ગયાં. મહારાજે તે ધોવરાવ્યાં. દરેક રીંગણામાં ઊભી બે ચીરી કરી મસાલો ભર્યો. દહીં મેળવીને ચણાનો લોટ નાખ્યો. એક એક ચરુમાં એક એક મણ ઘી નાખી તેમાં રીંગણાં વઘાર્યાં. આ રીતે પચ્ચીસ મણ રીંગણાંનું મહારાજે શાક બનાવ્યું. બીજી સામગ્રી પણ સંતોએ બનાવી તૈયાર કરી

દીધી. પછી મહારાજ જમવા પધાર્યા. બ્રહ્મચારીએ મહારાજ માટે થાળ તૈયાર કરી બાજોઠ ઉપર મૂક્યો હતો. મહારાજ પાટલા ઉપર આવી બિરાજ્યા. સંતોએ બનાવેલી રસોઈ તેમજ રીંગણાનું શાક જમ્યા. જાણે તૃપ્ત થઈ ગયા હોય તેમ પેટ ઉપર હાથ ફેરવતા જાય, પાણી પીતા જાય અને શાકનાં વખાણ કરતા જાય. સુરાખાચર વચ્ચે બોલી ઊઠ્યા : "મહારાજ ! એ તો આપ જમીને ઊઠો અને અમને શાક પીરસો ત્યારે અમને શાકના સ્વાદની ખબર પડે."

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "ધીરજ રાખો. અમે જમી રહીશું પછી સંતોને પીરસીશું. પછી તમારો વારો."

મહારાજ જમી રહ્યા પછી સંતો તથા હરિભક્તોની પંક્તિમાં પીરસવા નીકળ્યા. સૌને પોતે શાક જ પીરસતા હતા. બીજા સંતો બીજી વાનગીઓ પીરસતા હતા. સૌ સંતો, હરિભક્તો ફક્ત શાક જમીને જ તૃપ્ત થઈ ગયા.

પછી મહારાજ હાથ ધોઈને પોતાના ઢોલિયા પાસે પધાર્યા. એવામાં બ્રહ્મચારી આવ્યા. તેમણે કહ્યું : "આ ધોતિયું બદલી નાખો. હળદરના, મરચાંના ને ઘીના ડાઘ પડી ગયા છે."

મહારાજે ધોતિયું જોયું. પછી કહ્યું : "રસોઈ કરી હોય તે ડાઘ તો પડે ને ! એમ કોરા ને કોરા ફરીએ તો રસોઈમાં સ્વાદ શેનો આવે ? માટે હમણાં ભલે ધોતિયું રહ્યું. સાંજે નહાવા જઈશું ત્યારે બદલાવીશું."

બે-ત્રણ દિવસ પછી ખોલડિયાદથી હરિભક્તો મહારાજનાં દર્શને આવ્યા. તેમાંના લેઉવા કણબી મૂળા અડાળે મહારાજને કહ્યું : "મહારાજ ! અમારે રસોઈ આપવી છે અને ઘરનું તાજું અઢાર મણ ઘી અમે લાવ્યા છીએ, તો આપ કહો તે રસોઈ બનાવીએ."

મહારાજે તરત જ કહ્યું : "બીજાં પકવાનોની રસોઈ તો હરિભક્તો ઘણી આપે છે. પણ જો રીંગણાં મંગાવો તો તેની રસોઈ અમે જાતે કરીએ."

એટલે તેણે પૂછ્યું : "રીંગણાં કેટલાં મંગાવીએ ?"

"સાઠ મણ." મહારાજે તરત જ કહ્યું.

સુરાખાચરને રીંગણાં મંગાવી આપવા કહ્યું. તેમણે ચૂડા અને રાણપુરથી સાઠ મણ રીંગણાં મંગાવ્યાં. ગાડાં ભરીને રીંગણાં આવવા લાગ્યાં.

અઢાર મણ ઘીનો વઘાર

આ વખતે પણ અઢાર મણ ઘીનો વઘાર કરીને મહારાજે શાક બનાવ્યું.

સાથે રોટલા અને ખીચડી પણ બનાવરાવ્યાં. મહારાજે સુરાખાચરને કહ્યું : "બાપુ ! આ સંતોને અમે ખૂબ તાવ્યા છે અને સંતો પણ ખરા ખપવાળા, તે એ કસણીમાં પણ ટકી રહ્યા. એટલે ધર્મનું પોષણ કરે એવા સૌ બની ગયા છે. સત્સંગના પાયા અમે આમ ઊંડા નાંખ્યા છે. પૃથ્વીનું પટ રહેશે ત્યાં સુધી આ સત્સંગ સજીવ રહેશે અને સત્પુરુષ દ્વારા કલ્યાણનો માર્ગ સદાને માટે ચાલુ રહેશે. તેમને સૌને રમાડી-જમાડી પ્રસન્ન રાખીએ, એમાં અમારી તેમના પ્રત્યેની ભક્તિ છે."

સુરાખાચરની આંખમાં મહારાજના આ શબ્દો સાંભળતાં ઝળઝળિયાં આવી ગયાં. આજે અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ આવા સોંઘા બની ગયા ! પોતે પાળીને પછી પોતાના સંતો પાસે પળાવ્યું છે. પોતે કષ્ટ વેઠીને સંતોની ધીરજની કસોટી કરી છે. પોતાનું ઐશ્વર્ય દબાવી મનુષ્ય જેવા બનીને રહ્યા, છતાં કરુણા કરી મુમુક્ષુઓને પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું પણ ખરું.

સુરાખાચરને વિચાર કરતા જોઈ મહારાજે તેમને કહ્યું : "સુરાખાચર ! ભગવાનની એ અનાદિની રીત છે. કદી પોતાના ભગવાનપણાનું પ્રદર્શન તેઓ કરતા નથી. છતાં પ્રસંગ આવ્યે તેનું દર્શન કરાવે પણ છે. હારે, જીતે, બીએ અને નિર્ભય પણ રહે છે. પંચવિષયનો ત્યાગ કરે છે અને નિઃશંકપણે પંચવિષય ભોગવે છે, છતાં તેમની આ બધી ક્રિયા અલૌકિક છે. સામાન્ય જનને સમજાય તેવી નથી."

જેને સત્સંગ પ્રત્યે આત્મબુદ્ધિ નથી, તે સત્સંગમાં છે તોપણ બહાર જ છે

"તેથી જ તો મહારાજ ! આજે દુષ્ટ લોકો આપને વિષે ગમે તેમ બોલે છે અને અમારું અંતર વલોવાય છે." સુરાખાચરે ધ્રૂજતા અવાજે કહ્યું.

"બોલે, બાપુ ! દુષ્ટજનોનો એ સધિયારો છે. અમે તો અમારી ન્યાત, જાત, કુળ-કુટુંબ બધું જ એક નહીં પણ અનેક વખત જાહેર કર્યું છે. છતાં જેને સત્સંગ પ્રત્યે દ્વેષ છે તે તો બોલવાના જ." મહારાજે કહ્યું.

"મહારાજ ! એવા દ્વેષીઓના શબ્દોનું તો દુઃખ નથી થતું, પણ અંદર અંદરના બોલે છે એટલે અમારા અંતરમાં ઝાળ લાગે છે." સુરાખાચરે વરાળ કાઢી.

"બાપુ ! એવું બોલનારા સત્સંગની અંદર છે તોપણ બહાર જ છે. જેને સત્સંગ પ્રત્યે આત્મબુદ્ધિ નથી તેણે કદાચ ભગવાં વસ્ત્રો પહેર્યાં હોય કે કંઠી-તિલક ધારણ કર્યાં હોય તોપણ તેને અમે સત્સંગી જ કહેતા નથી." એટલું

કહીને મહારાજે કહ્યું : "ચાલો, શાક બનાવવાની તૈયારી કરીએ."

શાંતિબા, જીવુબા, લાડુબા તથા અન્ય ભક્તોએ રોટલા બનાવ્યા, ખીચડી બનાવી અને મહારાજ માટે કેસરિયા દૂધ અને બિરંજ પણ બનાવ્યો.

અમને તમારા જેવી રસોઈ બનાવતાં ન આવડે

મહારાજ જમવા બિરાજ્યા. બધી જ વાનગી જમ્યા. પછી બોલ્યા : "બિરંજ જેવો સ્વાદ શાકમાં નહીં."

ત્યારે લાડુબાએ કહ્યું : "મહારાજ ! અમને તો શાકના જેવો સ્વાદ બિરંજમાં ન આવે. આપે જાતે શાક બનાવ્યું છે તેથી તેમાં અમૃત જ ભર્યું છે."

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "પણ મુક્તાનંદ સ્વામી કહેતા હતા કે 'બૈરાંઓને તો રોજની ટેવ હોય એટલે બધું માપસર હોય.' પહેલાં અમે અહીં શાક બનાવ્યું હતું ત્યારે તેમણે પણ ખૂબ વખાણ્યું, જમ્યા પણ સારી રીતે, પણ પછી કહ્યું : 'મહારાજ ! મીઠું જરા ચડિયાતું હતું.' એટલે અમને તમારા જેવી રસોઈ બનાવતાં ન આવડે."

સંતો તો આપણું ઘર કહેવાય

મહારાજની વાતમાં બહેનોને રસ પડ્યો. તેમણે કહ્યું : "મહારાજ ! અમને પણ બુદ્ધિ તો તમે જ આપી છે ને ?"

"તે તો સાચું. પણ અમારી આપેલી બુદ્ધિ અમને જ કામમાં ન આવી તેનું શું ?" મહારાજે કહ્યું અને સૌ હસી પડ્યાં.

એટલામાં બ્રહ્મચારી આવ્યા. તેમણે કહ્યું : "બહાર સંતોની પંગત પડી ગઈ છે. આપ પીરસવા પધારો છો કે અમે પીરસી દઈએ ?"

આ સાંભળી મહારાજ તરત જ ઊભા થઈ ગયા. તેમણે કહ્યું : "ચાલો, સંતો તો આપણું ઘર કહેવાય. તેમના રાજીપામાં જ સત્સંગની વૃદ્ધિ છે."

મહારાજે સંતોને, પાર્ષદોને, હરિભક્તોને – સૌને સારી રીતે શાક પીરસ્યું. કોઈએ શાક વિના બીજી વાનગી લીધી જ નહીં. મહારાજે કહ્યું : "આ બિરંજ જમવા જેવો છે, માટે થોડો લ્યો. અમે હમણાં એના બહુ વખાણ કરીને આવ્યા છીએ. એટલે જો તમે બિરંજ નહીં જમો, તો અમે ખોટા પડશું."

બહેનો દૂરથી આ લીલાનાં દર્શન કરી રહી હતી. મહારાજના શબ્દો સાંભળી બધી બહેનો હસી પડી. મહારાજ હાથ ધોઈ દરબારની ઓસરીમાં

આવ્યા, ત્યારે બહેનોએ કહ્યું : "મહારાજ ! તમારી વાત કોઈએ ન માની, જ્યારે અમે કહ્યું તે સાચું પડ્યું !"

મહારાજ નેતરાં તાણે છે

શ્રીહરિ દર બે-ચાર દિવસે નાગડકા પધારતા અને પાછા લોયા આવી જતા. આજે પણ શ્રીહરિ સૌ સાથે નાગડકા પધાર્યા. બીજે દિવસે વહેલી સવારે મહારાજ પ્રાતર્વિધિથી પરવારીને સુરાખાચરના દરબારની ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. સામે શાંતિબા છાશ વલોવતાં હતાં. વલોણું કરતાં શાંતિબા થાકી ગયાં અને મુખ ઉપર પરસેવો વળી ગયો. તે જોઈ મહારાજે પૂછ્યું : "શાંતિબા ! કેમ એકલાં વલોણું કરો છો ?"

એટલે તેમણે કહ્યું : "મહારાજ ! દીકરી વલુ પાણી ભરવા ગઈ છે તેથી એકલાં કરવું પડે છે. માખણ હજી નીતરતું જ નથી."

તે સાંભળી મહારાજ ઊભા થઈ ગયા અને શાંતિબાને કહ્યું : "લાવો, અમે વલોણું કરાવીએ." શાંતિબા મહારાજને ના પાડે તે પહેલાં તો મહારાજે હાથમાં નેતરાં પકડી લીધા. શાંતિબાને પણ આ લહાવો લેવો હતો એટલે તેમણે પણ નેતરાં પકડ્યાં. બંને સામસામા નેતરાં તાણતા હતા ત્યાં સુરાખાચર આવ્યા. આ દિવ્ય લીલાનાં દર્શન કરતાં તેમની આંખમાંથી હર્ષનાં આંસુ પડવા લાગ્યાં. તેમને થયું આ સ્થાન, આ પ્રસંગ, આ શાંતિબા, બધું કેટલું દિવ્ય છે ! એટલામાં શાંતિબાએ કહ્યું : "મહારાજ ! માખણ ઉપર આવી ગયું. હવે રાખો." શાંતિબાને મહારાજની દિવ્ય મૂર્તિ અંતરમાં જડાઈ ગઈ ! તે ધન્ય બની ગયાં !

નાગડકા થોડું રોકાઈને શ્રીહરિ લોયા પધાર્યા. તે વખતે ભાવાનંદ અને સગુણાનંદે આવીને મહારાજને ખબર આપ્યા : "મહારાજ ! અયોધ્યાથી આપના નાના ભાઈ ઇચ્છારામભાઈ આવી ગયા છે. વડોદરાથી અમારી સાથે થઈ ગયા. પણ મહારાજ ! અસલ આપના જેવું જ તેમનું મુખ છે."

આ સાંભળીને મહારાજ કાંઈ બોલ્યા નહીં. પરંતુ સંતો અને હરિભક્તોને બહુ જ આનંદ થયો. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, સુરાખાચર સૌ આ સાંભળી અત્યંત પ્રસન્ન થયા.

ઇચ્છારામભાઈ લોયા આવે છે

એટલામાં ઇચ્છારામભાઈ હરિભક્તો સાથે આવી પહોંચ્યા. સૌએ તેમનાં

દર્શન કર્યાં. અસલ મહારાજના જેવું જ મુખારવિંદ ! શરીરે સહેજ નીચા, પાતળા છતાં શરીરનું હલનચલન, વાણી બધી જ જાણે મહારાજના જ જેવી હોય તેવી સૌમ્ય મુખાકૃતિવાળા ઇચ્છારામભાઈને સંતો અને હરિભક્તો દંડવત્ કરવા લાગ્યા. તેમને સૌને દંડવત્ કરતા જોઈ ઇચ્છારામભાઈ મૂંઝાયા. તેઓ થોડા દૂર ખસી ગયા.

મહારાજ તો સંઘા પટેલના ડેલામાંથી દરબારમાં આવ્યા જ નહીં. એટલે ઇચ્છારામને મહારાજ પાસે મુક્તાનંદ સ્વામી લઈ ગયા. મહારાજનાં દર્શન કરતાં જ તેઓ સ્થિર થઈ ગયા ! આ જ ઘનશ્યામ ભૈયા ! આ જ મારી ભક્તિના લાલ ! મારી ભાભીના લાડલા ! મને તેડીને ફરતા તે આ જ ! આ જ આ જ મારા ઘનશ્યામ ! તે બોલી ઊઠ્યા : "ભૈયા !" તે દોડ્યા. એકદમ મહારાજના ચરણારવિંદમાં પડી ગયા, ચરણારવિંદ પકડી લીધા. "ઘનશ્યામ ભૈયા ! ભૈયા ! ભૈયા !" તેમની આંખોમાંથી ચોધાર આંસુ પડવા લાગ્યાં.

મહારાજે પગ છોડાવીને પૂછ્યું : "કોણ છે આ !"

પરંતુ ઇચ્છારામભાઈ તો હજુ એ જ સ્થિતિમાં બેસીને બોલી જ રહ્યા હતા : "ભૈયા ઘનશ્યામ ! ઘનશ્યામ ! હમારા સંગ છોડકે આપ ચલે ગયે."

મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીએ ઇચ્છારામભાઈને ઊભા કર્યા. સૌની આંખો આ મંગલ મિલનનું દૃશ્ય જોઈ હર્ષનાં અશ્રુથી ભીંજાઈ ગઈ હતી. કોઈ કાંઈ બોલી શક્યું નહીં. પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! આ આપના નાના ભાઈ ઇચ્છારામભાઈ આવ્યા છે. આપ આ ઓશરીમાં ઢોલિયો ઢાળ્યો છે ત્યાં બિરાજો."

મહારાજ હજુ પણ મૌન જ હતા. મુક્તાનંદ સ્વામીએ તથા નિત્યાનંદ સ્વામીએ મહારાજનો હાથ પકડી તેમને ઢોલિયા ઉપર બેસાર્યા. ઇચ્છારામને પણ ત્યાં લઈ આવ્યા. હજુ તેઓ તો રડતા જ હતા. મહારાજે પૂછ્યું : "આ રડે છે શા માટે ?"

એટલે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! રડે તો ખરા ને ! તમે ભગવાન છો તે નમેરા થઈને સૌનો પ્રેમ વિસારીને ચાલી નીકળ્યા. પણ એ તો મનુષ્ય છે ને ! એને આટલાં વર્ષોનો આપનો વિરહ ન સાલે ? એ વિરહના અંતે આ મિલનથી તેમનું હૈયું ભરાઈ આવ્યું છે. આપ જરા મૌન તોડીને તેમની સાથે બોલો તો ખરા ! આપ ક્યાં ત્યાગી છો ? આપ તો ભગવાન છો."

"પણ અમારો સ્વભાવ ત્યાગીના જેવો છે. અમે જેનો ત્યાગ કરીએ તેને

ફરી સંભારતા નથી.'' મહારાજ ધીરગંભીર સ્વરે બોલ્યા.

નિત્યાનંદ સ્વામીએ તરત જ કહ્યું : ''ભગવાનની એ અનાદિની રીત છે. વગર વાંકે સીતાનો ત્યાગ કર્યો, ગોપીઓનો ત્યાગ કર્યો અને પોતાના અંતરના પ્રેમથી જેણે પાળી-પોષીને મોટા કર્યા તે સંબંધીનો પણ ત્યાગ કર્યો, તો પછી ભવિષ્યમાં ભક્તો ભગવાનનો વિશ્વાસ કેમ કરશે ?''

''જેને મોક્ષનો ખપ હશે તે વિશ્વાસ કરશે.'' મહારાજ હજુ એ જ ભાવમાં બોલતા હતા.

હવે બ્રહ્માનંદ સ્વામીથી રહેવાયું નહીં. તેમણે કહ્યું : ''ભગવાનને પણ ભક્તોનો મોક્ષ કરવાનો ખપ છે તેથી પ્રગટ થાય છે. વનમાં એકલા ફરતા હતા તો પછી આ બધો ઠાઠ કેમ ભેગો કર્યો ?''

આ સાંભળી મહારાજ સહેજ હસ્યા. તેમણે કહ્યું : ''આ બ્રહ્મમુનિ રંગમાં આવી ગયા.''

તરત જ બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''ના, મહારાજ ! હજુ અમારી અસલી જાતના રંગમાં તો નથી આવ્યો. નહીં તો કાંઈનું કંઈ સંભળાવી દેત.''

બ્રહ્મમુનિના આ શબ્દોથી મહારાજ હસી પડ્યા. ''ચારણ ખરા ને ! દેવીપુત્તર !'' મહારાજે કહ્યું.

''ના, મહારાજ ! હવે બ્રહ્મપુત્ર ! એટલે તો જાત વીસરાઈ ગઈ છે. નહીં તો આટલું લાંબું ચાલવા ન દેત.''

મહારાજ એકદમ ઊઠ્યા અને બ્રહ્મમુનિને ભેટી પડ્યા. તેમણે કહ્યું : ''મહારાજ ! આમને ભેટો. અમને તો આપ લાભ આપો છો, પણ આજ અઠ્ઠાવીસ વરસનાં વહાણાં વહી ગયાં ત્યારે આ ભાઈને આપનાં દર્શન થયાં. તેમને ભેટો અને શાંતિ કરી દ્યો.''

સૌની વિનંતીથી મહારાજ તરત જ ઇચ્છારામભાઈને ભેટ્યા. આ શાંતિકર દિવ્ય આશ્લેષથી ઇચ્છારામભાઈના ત્રિવિધ તાપ ટળી ગયા. પછી મહારાજે કહ્યું : ''અણસાર ઉપરથી તો અમારા નાનાભાઈ હોય તેમ લાગે છે, છતાં અમારા કુટુંબની બધી વિગત કહે તો મનાય. કોણે તેમને અમારા સમાચાર આપ્યા ? ક્યાંથી આવ્યા ?''

ઇચ્છારામભાઈએ કહ્યું : ''હું, મોટાભાઈ તથા માયાજિતાનંદ સ્વામી – જેમણે અમને આપના સમાચાર આપ્યા હતા – અમે ત્રણે છપૈયા પાસે લોહગંજરી ગામથી નીકળ્યા. અમે બે ભાઈઓ બે ટટ્ટુ ઉપર બેઠા અને સ્વામી

ચાલતા આવતા હતા. રામપ્રતાપભાઈ લોહગંજરી રહેતા હતા અને હું આંબલિયા ગામે રહેતો હતો. છપૈયામાં વારંવાર ઉપાધિ આવતી એટલે તે ગામ અમે છોડી દીધું હતું. લોહગંજરીથી અમે અયોધ્યા આવ્યા. ત્યાંથી કર્તારામ વિપ્ર અમારી સાથે થયા. મોટાભાઈ અને કર્તારામ બંને કીર્તન-ભક્તિ કરતા આવતા હતા. તીર્થમાં પાંચ રાત રોકાતા. અયોધ્યાથી લખનૌ આવ્યા. અહીં જ્ઞાનાનંદ સ્વામીના બે ભાઈઓ રહેતા હતા. એક વણિક હરિભક્ત વેણીરામચરણ પણ હતા. તેમણે ગ્વાલિયર સુધીની અમારી મુસાફરીની વ્યવસ્થા કરી દીધી. ગ્વાલિયરની આજુબાજુનાં ગામોમાં મોટા સુખાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો હતો. તેથી અમારી સૌએ સારી સરભરા કરી. ત્યાંથી ધૂવા, બરાઈ થઈને ઉજ્જૈન આવ્યા. મોટાભાઈ ત્યાં રોકાઈ ગયા અને હું અહીં ઉતાવળો આવી ગયો."[૫૬]

આટલી વાત સાંભળ્યા પછી મહારાજે તેમને કહ્યું : "હવે બીજી વાત જમ્યા પછી કરજો."

ઇચ્છારામભાઈને લીલાધર સોનીના ઘરમાં ઉતારો આપ્યો. ઘી, સાકર, ઘઉંનો લોટ, ચોખા, રીંગણાં, દૂધ વગેરે ત્યાં મોકલાવ્યું. તેઓ જાતે રસોઈ બનાવીને જમ્યા. એટલામાં મહારાજ પણ જમીને સંતોની પંક્તિમાં પીરસીને લીલાધર સોનીના મકાનમાં પધાર્યા. સંતો-હરિભક્તો પણ સૌ સાથે જ આવ્યા.

મહારાજે તેમને કહ્યું : "હવે આગળ વાત કરો."

ઇચ્છારામભાઈએ કહ્યું : "અમો વડોદરાથી બોચાસણ આવ્યા. ત્યાંથી ધંધુકા, રાણપુર થઈને અહીં લોયામાં આવી ગયા. આપનાં દર્શન કર્યાં અને આટલાં વર્ષોના વિયોગનું દુઃખ ટળ્યું." એટલું કહેતાં તેમની આંખમાં આંસુ આવી ગયાં.

ફરી તેમણે મહારાજનાં ચરણારવિંદ પકડી ગદ્‌ગદ કંઠે કહ્યું : "અમારા કુળમાં આપ ભગવાન પ્રગટ્યા. અમારાં મોટા ભાગ્ય ! પણ હવે આપનો વિયોગ થવા દેશો મા." મહારાજે કેવળ આછું સ્મિત કર્યું.

તે દિવસે સંધ્યા સમયે મહારાજ મંચ ઉપર બિરાજમાન થયા હતા. આરતી બાદ નારાયણ ધૂન થઈ રહી હતી. તે વખતે ખોલડિયાદથી ક્ષત્રિય ભક્ત જીવા સિંધવના પુત્ર ખેંગારભાઈ ત્યાં આવ્યા. તેમણે મહારાજને કહ્યું :

---

૫૬. સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી આ પ્રસંગે તે સભામાં જ બેઠા હતા. એટલે તેમણે મુખોમુખ સાંભળેલી વાત તેમના 'હરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં તેમણે લખી છે.
- તરંગ-૪૧, પૂર-૨૪.

"મહારાજ ! હું નવ મણ ઘી લાવ્યો છું તો આપ કાલે મારી રસોઈ રાખો."

મહારાજે કહ્યું : "કાલે નહીં. બે-ચાર દિવસ પછી રાખીશું. તમો ત્યાં સુધી રોકાવ ને દર્શનનો, સમાગમનો લાભ લ્યો." એટલું કહીને તેમને તથા તેમના બે ભાઈઓને પ્રસાદીના હાર આપ્યા.

બરોબર પાંચમે દિવસે ખબર આવ્યા કે રામપ્રતાપભાઈ આવે છે. આ સમાચાર સાંભળી સૌ સંતો, હરિભક્તોને ખૂબ આનંદ થયો. મહારાજે સૌને કહ્યું : "તમો સૌ સંતો, હરિભક્તો મોટાભાઈની સન્મુખ જાઓ. બાઈઓ કોઈ ન જાય. અમે અહીં બેઠા છીએ. ભાઈ આવશે એટલે સામા આવીશું."

સૌ સંતો, હરિભક્તો મહારાજની આજ્ઞા પ્રમાણે રામપ્રતાપભાઈની સન્મુખ ગયા. સુરાખાચરે ઢોલ, શરણાઈ, વાજિંત્રો તૈયાર જ રાખ્યાં જેથી મોટાભાઈને સન્માનપૂર્વક લાવી શકાય. ઇચ્છારામભાઈ તો મહારાજની પાસે જ બેસી રહ્યા.

રામપ્રતાપભાઈ આવે છે

લોયા એક ગાઉ દૂર હતું ત્યાંથી રામપ્રતાપભાઈ અશ્વ ઉપરથી ઊતરીને ચાલવા લાગ્યા. તેમની સાથે રસ્તામાં આવતા ગામના હરિભક્તો હતા. તેમને આવતા જોઈ મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા સર્વે સંતો દંડવત્ કરવા લાગ્યા. રામપ્રતાપભાઈ પાસે આવ્યા અને સંતોને કહ્યું : "સંતો ગૃહસ્થોને દંડવત્ કરે તે યોગ્ય ન કહેવાય."

એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "તમે તો ભગવાનના મોટાભાઈ છો એટલે અમારે દંડવત્ કરવા જ જોઈએ."

રામપ્રતાપભાઈને ઘનશ્યામનો પ્રતાપ દેખાયો. ધર્મપિતાનાં વચનો યાદ આવ્યાં. પોતે ઘનશ્યામ સાથે જે રીતે વર્તતા હતા તે પણ યાદ આવ્યું. તેમની આંખમાં આંસુ આવી ગયાં. તે વિચાર કરવા લાગ્યા : "ભગવાન અમારે ઘેર પ્રગટ્યા અને અમે તેમને ઓળખી ન શક્યા અને દૂર દેશાવરના આ ગુજરાતના હરિભક્તોએ તેમને ઓળખી લીધા !"

કીર્તન ગાતાં ગાતાં સંતમંડળ સાથે રામપ્રતાપભાઈ ચાલતા હતા. આગળ ઢોલ, ત્રાંસાં, શરણાઈ વાગતાં હતાં. સુરાખાચર તથા અન્ય કાઠી દરબારો આ અપૂર્વ પ્રસંગનો આનંદ અનુભવતા હતા. ભગવાનના ભાઈ પધાર્યા છે, કેવા હશે ? કૃષ્ણ-બળરામની વાતો સાંભળી હતી, પરંતુ બળરામ જરા સ્વભાવે ઉગ્ર

હતા. રામપ્રતાપભાઈના મુખ ઉપર પણ એવા ભાવની રેખાઓ દેખાય છે ખરી, પરંતુ આજે ભાઈના મિલન પ્રસંગના આનંદમાં એ રેખા ઉપસી નથી. સૌ ઉતારે આવી પહોંચ્યા.

મહારાજ મંચ ઉપરથી એકદમ ઊઠ્યા અને નીચે ઊતરી મોટાભાઈની સામે આવ્યા. નજીક આવીને તેઓ રામપ્રતાપભાઈને પગે લાગ્યા. પરંતુ રામપ્રતાપભાઈ તો મહારાજને ભેટી પડ્યા. એ મિલન ગાઢ હતું. આટલાં વર્ષોના વિરહની વેદનાથી બળતા અંતરમાં, આ ગાઢ આશ્લેષથી, પ્રેમના અમીનો ઝરો પ્રગટ્યો. રામપ્રતાપભાઈ મહારાજને પોતાના બાહુપાશમાંથી છોડતા ન હતા. તેમની આંખોમાં આંસુ હતાં. રડતાં રડતાં તેમણે કહ્યું : "ઘનશ્યામ ભૈયા ! સબકા પ્રેમકો ઠુકરાકર ચલે ગયે ? કભી કીસીકુ યાદ ભી નહીં કિયા ? ક્યા ભગવાન એસે નગુને હોતે હૈં ?"

મહારાજ શાંતિથી સાંભળી રહ્યા.

"કભી ભાભી યાદ આતી થી ? નહીં આતી હોંગી. તુમ તો ભગવાન હો ને ? ભગવાનકો કભી ભાઈ, ભાભી હોતે હૈં ?" હજુ એ જ સ્થિતિમાં તે બોલતા હતા.

તેમને શાંત કરવા મહારાજે તેમને મંચ ઉપર લઈ જઈને પોતાની ગાદી ઉપર બેસારી દીધા. સભા દિગ્મૂઢ બની આ જોઈ રહી ! આ આદર મળ્યો એટલે રામપ્રતાપભાઈને પણ કળ વળી.

થોડી વારે રામપ્રતાપભાઈ શાંત થયા. પછી મોં લૂછીને તેમણે તમામ સગાં-સંબંધીઓનાં નામ લઈને કહ્યું : "ઘનશ્યામ ! સબ તેરેકુ યાદ કરતે હૈં. કબ મિલેંગે ઐસે સોચકર રાહ દેખકર બૈઠે રહે હૈં. તેરા સમાચાર સૂનકર તેરી ભાભી તો પાગલ હો ગઈ. કહતી થી મુઝે લે ચલો. મેરે ઘનશ્યામકી પાસ મુઝે લે ચલો."

મહારાજ હજુ શાંત હતા. શ્રીહરિ તો નિઃસ્પૃહ હતા પરંતુ મોટાભાઈના સ્વભાવને તેઓ બરાબર ઓળખતા હતા. આથી ધીરે રહીને તેમણે કહ્યું : "ભૈયા ! ભાભીને જરૂર બોલાવીશું. બધાંને બોલાવવાં છે."

રામપ્રતાપભાઈને મહારાજના આ શબ્દોથી શાંતિ થઈ. પછી ભાભી શું કરે છે, વશરામ મામા તથા અન્ય સંબંધીઓ, છપૈયાનાં સ્થળો, અયોધ્યાનાં સ્થળો જ્યાં પોતે ફરતા, જેમને પોતે મળતા તેમના સમાચાર પૂછ્યા. મોટાભાઈએ વિગતવાર બધી વાત કરી.

રામપ્રતાપભાઈ પોતાના કુળની વાત કરે છે

પછી સભાને સંબોધીને રામપ્રતાપભાઈએ કહ્યું : "અમારા દાદાને ઈટારના શિરનેત્ર રાજાએ તેમને ઇનામમાં ઈટાર ગામ આપ્યું હતું. તેથી ઈટારના પાંડે કહેવાતા. છપિયા અમારા મામાના ગરાસનું ગામ છે. અમે સામવેદી બ્રાહ્મણ; અમારું ગોત્ર સાવર્ણિ અને શાખા કૌથુમી; ભાર્ગવ, વૈતહવ્ય અને સાવેતસ એ ત્રણ પ્રવર. અમારો પરિવાર બહુ બહોળો છે, જમીન બહુ હોવાથી મુખ્યત્વે ખેતીનું કામકાજ કરીએ છીએ. અમારા પિતા ધર્મદેવે અમને તેમના મૃત્યુ સમયે કહ્યું હતું કે 'ઘનશ્યામ ભગવાન છે, ઘરમાં રહેશે નહીં તેથી તમો તેને સાચવજો.' પરંતુ અમે ઘનશ્યામને સાચવી ન શક્યા. અમે તેમને ગુમાવ્યા અને તમે સૌએ તેમને ઓળખી લીધા.[૫૭]

---

૫૭. સદ્‌ગુરુઓ થકી પરંપરાગત એવી વાતો પણ પ્રચલિત બની છે કે વામી બ્રાહ્મણોને – શ્રીજીમહારાજ તથા તેમણે દીક્ષા આપેલ ધન અને સ્ત્રીના સાચા ત્યાગી સંતો, તેમજ તેમણે સ્થાપેલા શુદ્ધ ભાગવતધર્મ – આ બધા પ્રત્યે એક પ્રકારના દ્વેષની ભાવના હતી. શ્રીજીમહારાજે સ્થાપેલ ભાગવતધર્મનું વિશેષ પ્રસારણ થાય તો માંસ, મદિરા અને મૈથુનમાં ચકચૂર રહેનારા તે બધા વામીઓ તેમજ તેમનો વામપંથ બધું જ પડી ભાંગશે એવી બીકથી, તેમણે સ્વામિનારાયણ ભગવાન નથી, તાંત્રિક છે, બ્રાહ્મણ નથી પણ અન્ય જાતિના છે એવી વાતો વહેતી મૂકી હતી. આ વાતોનો પ્રવાહ એટલો પ્રચંડ બની ગયો કે સત્સંગમાં મોટેરા સંતો પણ અકળાવા લાગ્યા. તેમને થયું કે મહારાજના કુટુંબને અહીં તેડાવી સૌને સાચી વાતની પ્રતીતિ કરાવવી જોઈએ. તેથી તેમણે ધર્મકુળને તેડાવવા મહારાજને વિનંતી કરી. મહારાજે તે ઉપર કાંઈ ધ્યાન ન આપ્યું. ત્યારે તેમણે ફરીથી પ્રાર્થના કરતાં કહ્યું : "પ્રભુ ! આપને તો કુળ અને કુટુંબ કાંઈ જ નથી. પરંતુ આ દ્વેષીઓનાં મોઢાં બંધ થાય અને આપણા સત્સંગ પ્રસારણને પુષ્ટિ મળે તે માટે તેમને સૌને અહીં બોલાવવા તે જરૂરી છે."

સૌની ખૂબ વિનંતીથી મહારાજે માયાજિતાનંદ સ્વામીને ઉત્તર ભારતમાં જવા સંમતિ આપી. પોતાના ગામ છપૈયાની, અયોધ્યાની તેમજ આજુબાજુનાં ગામો તરગામ, લોહગંજરી, આંબલિયા વગેરે ગામોની નિશાની આપી. આ યાત્રામાં મોટા સુખાનંદ સ્વામી (જેઓ મહારાજને પ્રથમ લોજમાં મળ્યા હતા તે) પણ તૈયાર થયા. તેમણે એ દેશમાં ફરીને સત્સંગ કરાવ્યો હતો. તેમનું વતન પણ એ દેશમાં જ હતું. મહારાજે તેમને ના કહી. પરંતુ તેમણે જવાનો આગ્રહ રાખ્યો. મહારાજે કહ્યું : "ભલે જાવ, પણ તમે પાછા નહીં આવો." ➤

બંને ભાઈઓ આવ્યા તેથી સત્સંગમાં સૌને ખૂબ જ આનંદ થયો, આ તો ધર્મનું કુળ અને પ્રથમ પેઢી તેથી તેમની દિવ્યતા - મહિમા સૌનાં અંતરમાં ઊતરી ગયા.

બીજે દિવસે મહારાજે ખોલડિયાદના જીવા સિંધવના દીકરા ખેંગારને બોલાવ્યા. તેમને કહ્યું : "તમે રસોઈ આપવાની વાત કરતા હતા તો કેટલા મણ ઘી લાવ્યા છો ?"

તેણે કહ્યું : "મહારાજ ! અમે નવ મણ ઘી લાવ્યા છીએ."

એટલે મહારાજે કહ્યું : "એટલાથી પૂરું નહીં થાય. સાઠ મણ રીંગણાં મંગાવવાં છે અને ચાલીસ મણ ઘી વઘારમાં વાપરવું છે."

તે સાંભળી સુરાખાચર તથા મોટીબા વગેરે બોલ્યાં : "મહારાજ ! બધું જ અમે મંગાવી લઈશું." મહારાજ રાજી થઈ ગયા.

મોટીબાએ જોયું કે જ્યારથી તેઓ લોયા આવ્યા હતા, ત્યારથી શાકોત્સવ

આ સંતો ફરતાં ફરતાં ઉત્તર પ્રદેશમાંના છપૈયા પાસે ઇચ્છારામભાઈના સાસરાના ગામે આંબલિયા આવ્યા. અહીં પાદરમાં જ ઇચ્છારામજીને હાથમાં લોટો લઈ દિશાએ જતાં તેમણે જોયા. અસલ મહારાજના જેવું જ તેમનું મુખ જોઈ તેમને આનંદ થઈ ગયો ! તેમની પાસે તેઓ આવ્યા. ઇચ્છારામ પણ સાધુઓને જોઈ ઊભા રહ્યા. દૂરથી પગે લાગ્યા. પછી માયાજિતાનંદ સ્વામીએ પૂછ્યું : "આપના કોઈ ભાઈ દૂર દેશાવર નીકળી ગયા છે ?"

આ સાંભળી ઇચ્છારામને ધ્રાસકો પડ્યો. તે તરત જ નીચે બેસી ગયા. તેમણે કહ્યું : "હા, હમારા ભાઈ ઘનશ્યામ હમકો છોડકે ચલે ગયે હૈ. કહાં હૈ વો હમેં માલૂમ નહીં. આપકો અગર પતા હો તો હમે બતા દીજિયે."

માયાજિતાનંદ સ્વામીને આ સાંભળી આનંદ થયો. તેમને પ્રતીતિ થઈ કે આ જ મહારાજના ભાઈ હોવા જોઈએ. પછી તેમણે મહારાજની વાત તેમને કહી. ઇચ્છારામજીના આનંદનો પાર ન રહ્યો.

પછી સાધુઓને પોતાને ઘેર લઈ ગયા. ત્યાં રસોઈ કરાવી તેમને જમાડ્યા. ત્યારબાદ સાધુઓને લઈને લોહગંજરી ગયા. ત્યાં રામપ્રતાપભાઈને મળ્યા. ત્યાંથી ગુજરાત આવવા તેઓ સાધુઓ સાથે નીકળ્યા. મોટા સુખાનંદ સ્વામી રસ્તામાં ધામમાં ગયા.

શ્રીહરિલીલામૃત, કળશ ૮, વિશ્રામ ૫૮માં આ પ્રસંગ બીજી રીતે વર્ણવ્યો છે :

માયાજિતાનંદ સ્વામી મહારાજના પ્રેર્યા અયોધ્યામાં ગયા. અહીં તેમને રામપ્રતાપભાઈ અને ઇચ્છારામભાઈ મળ્યા અને મહારાજ સંબંધી વાત કરી. પછી સૌ કુટુંબ સાથે નીકળી વરતાલ આવ્યા. મહારાજને વરતાલમાં આ.સં. ૧૮૭૨ના

શરૂ થયો હતો. કૂણાં માખણ જેવાં રીંગણાં ગાડેગાડાં ભરીને ક્યાંથી આવતાં હતાં તે તેમને સમજાતું ન હતું. સુરાખાચર તો મહારાજની પાસે જ બેસી રહેતા હતા. તેમણે તેમને એક વખત પૂછ્યું : "સુરા આપા ! આ બધાં રીંગણાં ક્યાંથી આવે છે ? આ પંથકમાં તો રીંગણાં થતાં જ નથી."

એટલે તેમણે હસીને કહ્યું : "બા ! એ તો બધું નાથાને પૂછો. બધો કારભાર નાથાનો અને એની માનો છે. હું તો આ ભારે શરીર લઈને ક્યાં ફરું ?"

મોટીબા વાત સાંભળી હસ્યાં. પરંતુ તેમને આ કૌતુકનો ખુલાસો તો જોઈતો જ હતો. તેમણે નાથાખાચરને પૂછ્યું : "નાથા ! આ રીંગણાં ક્યાંથી લાવો છો ?"

તેણે તરત જ કહ્યું : "બા ! એ તો મહારાજ જ મોકલે છે ! અમે તો ગાડાં લઈને જઈએ ત્યાં રસ્તામાં રીંગણાંનાં ગાડાં સામે મળી જાય છે. કેટલાક દામ લઈને આપી દે છે અને કેટલાક મહારાજનું નામ લઈએ એટલે પરાણે

વસંતપંચમી પછી મળ્યા.

વળી, કળશ ૭, વિશ્રામ ૮૩માં પાછો એવો ઉલ્લેખ છે કે રામપ્રતાપભાઈ તથા ઇચ્છારામભાઈ પોતાને દેશ ગયા હતા. તે પાછા મહારાજનાં દર્શને આ.સં. ૧૮૭૬માં લોયામા આવ્યા.

પ્રભુદર્શન ચિત્ત ચહાઈ, આવ્યા તે સમે તે લોયામાંઈ.'

આ પ્રસંગને ભક્તચિંતામણિ, પ્ર.૮૭માં સમર્થન મળે છે.

આથી સ્પષ્ટ થાય છે કે રામપ્રતાપભાઈ તથા ઇચ્છારામભાઈ મહારાજને પ્રથમ લોયામાં જ મળ્યા હતા. વળી, તેમના આવવાથી ધર્મકુળ સંબંધી વિગતવાર સૌને જાણ થવાથી મહારાજ વિષે દુષ્ટ લોકો ગમે તેમ બોલતા હતા તે બધા શરમિંદા થઈ ગયા. સંતો-હરિભક્તોને પણ આ સ્પષ્ટતાથી આનંદ થયો.

સત્સંગિજીવન, પ્ર.૩, અ.૪૯ પ્રમાણે, ધર્મકુળ મહારાજને આ.સં. ૧૮૭૫માં વરતાલમાં મળે છે. ભક્તચિંતામણિ, પ્ર.૯૦ પ્રમાણે, ધર્મકુળ સંવત ૧૮૭૭ના કાર્તિક સુદ ચોથને દિવસે મહારાજને વરતાલમાં મળે છે એવો ઉલ્લેખ છે. જો કે વચનામૃત પ્રમાણે આ વખતે મહારાજ કારિયાણીમાં બિરાજમાન હતા. સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતોના પ્રમાણ મુજબ, ધર્મકુળ મહારાજને કારિયાણીમાં મળે છે. (વાત-૪૫૬, પા. ૨૯૪)

પ્રથમ રામપ્રતાપભાઈ તથા ઇચ્છારામભાઈ મહારાજને લોયામાં મળે છે અને ત્યારબાદ સમગ્ર ધર્મકુળ આવે છે અને મહારાજને કારિયાણીમાં મળે છે તે હકીકત બંધબેસતી જણાય છે. વળી, અઠ્ઠાવીસ વર્ષ પછી મળે છે એટલે સં. ૧૮૭૭ની સાલ નક્કી થાય છે.

એમ ને એમ આપી દે છે અને કહે છે અમારાંય મોટાં ભાગ્ય કે મહારાજ અમારી સેવા અંગીકાર કરશે !"

મોટીબા સમજી ગયાં. તેમને થયું મહારાજ ગઢપુરના છે અને ગઢપુર મહારાજનું છે તે સાચું, પરંતુ મહારાજ તો જે અનન્ય ભક્તો હોય તે સૌના છે. તેમને તો સૌ ભક્તોને તેમની ભક્તિના ભાવ પ્રમાણે સુખ દેવું હોય છે.

આ દેખાય છે તે ભગવાન છે ?

સુરાખાચરના દરબારની પાછળ ચાલીસ ચૂલ્યો મહારાજે ગળાવી, પછી તે ઉપર કડાઈઓ મૂકી ઘી નંખાવ્યું. હવેજ મસાલાથી ભરેલાં રીંગણાં નખાવ્યાં. ઉપર દહીંમાં મસળેલો લોટ નખાવ્યો. પછી પોતે હળદર, મરચું, મીઠું વગેરે જે પ્રમાણે જોઈએ તે પ્રમાણે નાખ્યાં. મહારાજે ટૂંકી પોતડી પહેરી હતી. ચૂલામાં સળગતા અગ્નિને લઈને શરીરે પરસેવો નીતરતો હતો. હાથ હળદર અને મરચાંવાળા હતા. એક હાથમાં કડબનો પૂળો લઈ બધી કડાઈઓમાં શાક હલાવતા હતા. તે વખતે બુવા ગામના કાનદાસ અને બોચાસણના કાશીદાસ દોઢસો હરિભક્તોનો સંઘ લઈને ત્યાં આવ્યા. કાશીદાસ મહારાજને દંડવત્ કરવા લાગ્યા. તે જોઈને કાનદાસે તેમને પૂછ્યું : "મોટા ! કોને દંડવત્ કરો છો ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજને વળી, બીજા કોને દંડવત્ થતા હશે !"

કાનદાસને આ સાંભળી આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : "આ દેખાય છે એ ભગવાન છે ?" એટલું કહીને તે ત્યાંથી બહાર નીકળી ગયા.

એ જોઈ મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! ગંગાજીને કાંઠે આવે અને તરસ્યો જાય તેને કેવો કહેવો ?"

એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! એ તો મૂરખ જ કહેવાય."

કાનદાસે આ શબ્દો સાંભળ્યા. કોણ આ શબ્દો બોલ્યું છે તે જોવા તેમણે પાછળ જોયું. તે જ વખતે તેમને મહારાજનાં દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં ! આ દિવ્યતા, પ્રકાશ તેઓ જીરવી ન શક્યા અને ત્યાં જ સમાધિસ્થ થઈ ગયા !

થોડી વારે તેઓ જાગ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામી તથા કાશીદાસ તેમની પાસે બેઠા હતા. સ્વામીને પગે લાગ્યા. મહારાજ ક્યાં છે તે પૂછ્યું. પછી મહારાજ પાસે તેમને લઈ ગયા. મહારાજનું એ જ અલૌકિક દિવ્ય સ્વરૂપ તેમણે ફરી જોયું. તેમના આનંદનો પાર ન રહ્યો. ત્યારે મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : "કાનદાસ ! ભગવાન જ્યારે પૃથ્વી ઉપર પ્રગટ થાય, ત્યારે મનુષ્ય જેવા

જ ભાવ ગ્રહણ કરે. પોતાના સ્વરૂપની દિવ્યતા છુપાવી રાખે. પરંતુ જે મુમુક્ષુ હોય, તે ભગવાનને તેમના મનુષ્ય સ્વરૂપમાંથી પણ ઓળખી લે છે. વળી, પોતાનું સ્વરૂપ ઓળખાવવા ભગવાન કૃપા પણ કરે છે. માટે ભગવાનના સ્વરૂપમાં કદી મનુષ્યભાવ લાવવો નહીં.''

મહારાજના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરીને તેમજ મુક્તાનંદ સ્વામીના ઉપદેશના શબ્દો સાંભળીને કાનદાસને મહારાજના ભગવત્સ્વરૂપની નિષ્ઠા થઈ.

મહારાજ જમવા બેઠા ત્યારે કાશીદાસને અને કાનદાસને પોતાની પાસે જમવા બેસાર્યા. તેમને પ્રસાદી આપી. કાનદાસના અંતરમાં મહારાજની મૂર્તિ પેસી ગઈ. મહારાજે સૌને પીરસ્યું. સૌ સંતો, હરિભક્તો મહારાજે બનાવેલ શાક જમીને જ તૃપ્ત થઈ ગયા !

જમ્યા પછી મહારાજ આરામ કરી ફરી સુરાખાચરના ભવન પાસેના વિશાળ ચોકમાં પધાર્યા. અહીં વેદી ઉપર બિછાવેલ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. તે વખતે થોડા સંતો, બ્રહ્મચારીઓ અને હરિભક્તો ત્યાં હતા. તેઓ સર્વે મહારાજ સન્મુખ બેસી ગયા.

આજનો પોષી પૂનમનો મહાપવિત્ર દિવસ

પછી મહારાજે કહ્યું : ''આજનો પોષી પૂનમનો દિવસ પણ મહાપવિત્ર છે. અમે ડભાણમાં મહાવિષ્ણુયાગ કર્યો હતો તેની આજે પૂર્ણાહુતિ કરી હતી.

''આજના જ શુભ દિવસે અમારા અક્ષરધામના અવતાર ભાદરાના મૂળજી શર્માને અમે ભાગવતી દીક્ષા આપી 'ગુણાતીતાનંદ' એવું નામાભિધાન કર્યું હતું. એ પ્રસંગની, એ પુરુષની મહત્તા આજે નહીં સમજાય, પરંતુ સમય પાકશે ત્યારે સમગ્ર જગતને તેમની મહત્તાનો ખ્યાલ આવશે. તેથી આજનો દિવસ પણ અતિ માંગલિક છે. સ્વામી પોતે અત્રે પધાર્યા છે એટલે તેમની હાજરીમાં તેમના ગુણગાન ગાવા તેમને રુચે પણ નહીં. આ તો ફક્ત તમારી જાણ માટે જ વાત કરી.'' એટલું કહી મહારાજ મંદમંદ હસવા લાગ્યા.[૫૮]

---

૫૮. શ્રીહરિ પોષ મહિનાના દિવસોમાં અહીં લોયામાં બિરાજમાન છે, પરંતુ એ દરમ્યાન થોડા દિવસો ગઢપુરમાં વીતાવ્યા હોવાનો પણ સંભવ છે. ગઢપુરમાં કરિયાણાના મીણબાઈએ દેહ મૂક્યો તે પ્રસંગ એમ માનવા પ્રેરે છે.

કરિયાણાના મીણબાઈમા ઘણુંખરું ગઢપુરમાં જ રહેતા. મહારાજના સ્વરૂપ સાથેના આંતર-બાહ્ય સંલગ્નભાવથી મીણબાઈમાને નિરાવરણ સ્થિતિ જેવું હતું. તેમના ➤

યોગસિદ્ધિ માટે જુદી જુદી પ્રક્રિયાઓ

મહારાજ અહીં રોજ યોગ ઉપર અથવા ઉપનિષદોમાં વર્ણવેલી દહરવિદ્યા, અક્ષિવિદ્યા આદિ બ્રહ્મવિદ્યા ઉપર વાતો કરતા. યોગના વિશિષ્ટ પ્રકારો ઉપર પણ વાત કરતા. આસનસિદ્ધિ પછી નાડી શોધન નાડીઓને મળથી શુદ્ધ કરી તેમાં પ્રાણની ગતિ કરાવવાથી જ પ્રાણાયમની સિદ્ધિ થાય છે. નાડી વિશોધનના પણ જુદા જુદા પ્રકાર સમજાય તો જ તે ક્રિયા સિદ્ધ થાય. ત્યારપછી જ પ્રાણનો નિગ્રહ અર્થાત્ શરીરની અંદર ગતિ કરતા પ્રાણ ઉપર સંયમ આવી શકે છે. તે ક્રિયાને પ્રાણાયમ કહે છે. પ્રાણાયમની સિદ્ધિનું ફળ, ધ્યાનના અનેક પ્રકાર, શરીરના કયા સ્થાનમાં ધ્યાન કરવું, સુષુમ્ણા નાડીના સ્થાન વગેરે યોગના વિષયો ઉપર મહારાજ દરરોજ વાતો કરતા. શ્રીજીમહારાજ સ્વયં પૂર્ણ પુરુષોત્તમ હતા તેથી તેમને તો દરેક પ્રકારની સિદ્ધિ હસ્તગત હોય જ. પરંતુ, તેમના પરમ કૃપાપાત્ર સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીને પણ અષ્ટાંગ યોગ સિદ્ધ

અંતરમાંથી જગતના તમામ ભાવો ટળી ગયા હતા. મહારાજની મૂર્તિ સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ ન હોવાથી તેમને અંતર્વૃત્તિ રહેવા લાગી અને ધીરે ધીરે ક્રિયા કરતા પણ તે અટકી ગયા. અખંડ સમાધિ અવસ્થાને લીધે દેહને અન્ન-પાણીનું પોષણ મળતું બંધ થયું. મોટીબાએ મહારાજને આ વાત કરી. ત્યારે મહારાજે કહ્યું : "હવે મીણબાઈમા દેહ નહીં રાખે."

તે જ રાત્રે મીણબાઈમા ધામમાં પધારી ગયાં. તે વખતે મહારાજે મુક્તાનંદ સ્વામી તથા બીજા મોટેરા સાધુઓને બોલાવીને કહ્યું : "આ મીણબાઈમા દેવહૂતિનો અવતાર હતાં. તેમનાં દર્શન કરી લ્યો."

તે વખતે તેમના દેહમાંથી અપાર તેજ નીકળ્યું અને આખો ઓરડો તેજથી ઝળાંઝળાં થઈ ગયો. આ વાતનો ઉલ્લેખ વચનામૃતના જૂના ખરડાઓમાં મળે છે. સંવત ૧૮૭૭ના પોષ સુદ ૪ના ગઢપુરના વચનામૃતમાં એક હરિજન જીવા-ખાચરને શ્રીહરિની ઉપસ્થિતિમાં આમ કહે છે : "તે વખતે મહારાજ મીણબાઈ સમીપે ઊભા રહીને (તેમની) સામું જોઈ રહ્યા હતા. તે મહારાજનાં નેત્રમાંથી તેજની શેડ નીસરી તેનો મીણબાઈના શરીરને વિષે પ્રવેશ થયો તે મેં મારી નજરે દીઠું ને તે વખતે મીણબાઈનું શરીર અતિ શોભાયમાન દીઠું."

આમ, આ પ્રમાણ મુજબ આ સમયે શ્રીહરિ ગઢપુરમાં છે. પરંતુ ઇતિહાસની અન્ય કડીઓ મેળવતાં શ્રીહરિ લોયામાં જણાય છે. શક્ય છે કે શ્રીહરિએ લોયાની આ લીલાઓ દરમ્યાન થોડો સમય ગઢપુરમાં વીતાવ્યો હોય. જો કે એ સંશોધનનો વિષય છે.

હતો. એ યોગને પ્રતાપે તેમણે સત્સંગનો ઘણો વિકાસ કર્યો હતો, મોટા મોટા રાજવીઓ, વૈષ્ણવો વગેરેને સત્સંગી બનાવ્યા હતા. મહારાજને પણ યોગની સિદ્ધિની મહત્તા હતી.

એ અરસામાં વસંતનો દિન આવ્યો. મહારાજે વસંતોત્સવ લોયામાં કર્યો. આ ઉત્સવ પછી દાદાખાચરે મહારાજને પ્રાર્થના કરી : "પ્રભુ ! હવે ગઢડે પધારશો ?"

મહારાજ તેમની પૂછવાની રીતથી પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "પૂનમનું ગ્રહણ છે તે કરીને ગઢડે જઈશું." દાદાખાચર આ સાંભળી રાજી થઈ ગયા.

કેવળ પ્રણાલી રહેશે, મોક્ષ નહીં રહે

મહા સુદ પૂનમના ચંદ્રગ્રહણની રાત્રીએ મહારાજે સભા કરી. પોતે મંચ પર બિરાજ્યા. સંતો પાસે કીર્તનો ગવરાવ્યાં. સંતો કીર્તનો ગાતા હતા ત્યાં મહારાજની દૃષ્ટિ, કાનમ દેશમાં સારિંગ ગામના વણિક હરિભક્ત સભામાં બેઠા હતા, તેમના ઉપર પડી. મહારાજે તેમને પૂછ્યું : "તમે પહેલાં વૈષ્ણવ સંપ્રદાયમાં હતા. તો વૈષ્ણવ સંપ્રદાયમાં મોક્ષ પ્રાપ્તિ કઈ રીતે તમને સમજાવી હતી ?"

તે હરિભક્ત આ પ્રશ્ન સાંભળી બોલ્યા "મહારાજ ! શ્રી વલ્લભાચાર્યજીએ તેમજ તેમના પુત્ર વિઠ્ઠલનાથજીએ પ્રગટ શ્રીકૃષ્ણની ભક્તિથી જ મોક્ષ થાય તેવું કહ્યું છે. પરંતુ ત્યારબાદ એવી સમજણ એ મતમાં પેસી ગઈ કે વિઠ્ઠલનાથજીનો વંશ અને તેનો પરિવાર ગોલોકમાંથી જીવોનો મોક્ષ કરવા જ આવે છે તેથી તે બધા જ પુરુષોત્તમ કહેવાય, લાલજી કહેવાય. વિઠ્ઠલનાથજીએ સમય સમયનાં વ્રત અને ઉત્સવો બાંધ્યાં છે તે પ્રમાણે લાલજી ઉત્સવો કરે, રંગે રમે, રાસ રમે. પણ તે બધું જીવોના મોક્ષ માટે કરે છે. તેથી તેમનામાં શ્રીકૃષ્ણનો ભાવ રાખી તેમની સર્વે ક્રિયા નિર્દોષ છે એવું સમજે તો મોક્ષ થાય."

મહારાજ તેમની વાત સાંભળી રહ્યા. જીવોના અજ્ઞાન ઉપર તેમને દયા આવી. પરમાત્માની ગાદી ઉપર બેસવાનું સૌને મન થાય છે, પરંતુ એ ગાદી ધર્મની છે. તેનું પાવિત્ર્ય સતત જળવાવું જ જોઈએ. જીવોને મોક્ષ માટે માર્ગદર્શન મળે તે માટે એ ગાદીની પ્રણાલી સ્થાપી હોય, છતાં તે પ્રણાલીના નિયમોનું પણ પાલન આવશ્યક છે. એ ગાદી કાંઈ સ્થાન નથી કે કોઈ હક્ક નથી; પરંતુ પરમાત્માના સ્વરૂપનું પ્રતિનિધિત્વ તેમાં રહ્યું છે. એ પ્રતિનિધિત્વ તેના સાચા સ્વરૂપમાં સચવાય તો એ ગાદી સાચી અને એ હક પણ સાચો.

आचार्य मां विजानीयाद् એ ભાગવતના શબ્દો પણ આ જ અર્થના સૂચક છે. ભગવાન થકી જ ધર્મનું પ્રવર્તન થાય છે. એ ધર્મનો ભાવ સંપૂર્ણતઃ જેમનામાં હોય તેને જ આચાર્ય કહેવાય. પછી તે ગાદી ઉપર હોય કે ન હોય. મહત્તા ગુણમાં છે, ચારિત્ર્યમાં છે, ભગવાન સાથેના તાદાત્મ્યમાં છે, ગાદીમાં નથી.

મહારાજને લાગ્યું કે સમય આવ્યે આ વિચારો મૂર્ત કરવા જ પડશે જેથી પૃથ્વી ઉપર મોક્ષનો માર્ગ અખંડ ચાલુ રહે. આ સિદ્ધાંત નહિ સમજાય તો કેવળ પ્રણાલી રહેશે, મોક્ષ નહિ રહે.

ગ્રહણ છૂટ્યું એટલે મહારાજે સુરાખાચરને કહ્યું : "ગાડાં તૈયાર કરાવો. ભદ્રાવતીમાં સ્નાન કરવા જઈએ. વૃદ્ધો, બાળકો અને સ્ત્રીઓએ અહીં જ સ્નાન કરી લેવું."

મહારાજ અશ્વ ઉપર બિરાજ્યા. સંતો અને હરિભક્તો માટે ગાડાં તૈયાર કરાવ્યાં. મશાલો સળગાવી. ભદ્રાવતી નદી થોડે દૂર હતી, મધ્યરાત્રીનો સમય હતો તેથી સુરાખાચરે સૌ માટે ગાડાંની વ્યવસ્થા કરી દીધી. ગાડાંઓની લંગાર ચાલી. કીર્તનો બોલાતાં હતાં, વળી સ્વામિનારાયણ મંત્રની ધૂન પણ થતી હતી. ભદ્રાવતી નદી આવી. પ્રથમ મહારાજે અને સંતોએ સ્નાન કર્યું. પછી હરિભક્તોએ સ્નાન કર્યું. મહારાજ સ્નાન કરી શ્વેત વસ્ત્રો પહેરી તૈયાર થયા. એટલામાં પાર્ષદો તલસરાની ભારીઓ લાવ્યા. તે સળગાવી તાપ કર્યો. મહારાજ તાપવા બેઠા. માઘ (મહા) માસ હતો એટલે ઠંડી પણ સખ્ત હતી. એટલે સૌ નાહીને જુદા જુદા તાપણે તાપવા બેસી ગયા. મહારાજની આજ્ઞા હતી કે જે પ્રમાણે આવ્યા તે પ્રમાણે જ સૌએ સાથે જવું. કોઈ નદીએ રહી ન જાય તેનો ખ્યાલ રાખવો.

નારદ પંચરાત્રનો ગ્રંથ લખાવી લાવો

બીજે દિવસે મહારાજે નિત્યાનંદ સ્વામીને બોલાવીને કહ્યું : "જૂનાગઢમાં કોઈની પાસે નારદ પંચરાત્રનો ગ્રંથ છે, તો તમો ત્યાં જઈ તે લખાવી લાવો."

ફરી મહારાજે કહ્યું : "જમીને નીકળજો. સાથે તમારા મંડળના સંતોને પણ લઈ જજો." એટલું કહીને મહારાજ જમવા પધાર્યા. જમી રહ્યા પછી પ્રસાદીનો થાળ મહારાજે નિત્યાનંદ સ્વામીને આપ્યો. તેમના પચ્ચીસ સંતો જમે એટલી પ્રસાદી તેમાં મુકાવી હતી. સ્વામી જમ્યા અને તૈયાર થઈ ગયા. તેઓ મહારાજ પાસે આવ્યા. નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! મોટાભાઈને

દ્વારિકાની જાત્રાની ઇચ્છા છે, તો અમે જૂનાગઢ સુધી તેમને સાથે લેતા જઈએ છીએ. પછી તેમની વ્યવસ્થા કરી આપીશું. કાળીદાસ વિપ્ર તેમની સેવામાં રહેશે અને રાઠોડ ધાધલ તથા કાળો મકવાણો તેમની સાથે સેવામાં અને સરભરામાં રહેશે."

સુરાખાચરે મોટાભાઈને તેમની જરૂરિયાત કરતાં પણ વધારે રકમ ખર્ચી માટે આપી. મોટાભાઈ પ્રથમ પ્રસંગમાં જ સત્સંગીની આવી સદ્‌ભાવનાથી પ્રસન્ન થઈ ગયા.

આપના ચરણમાં જ બધી જાત્રા મનાઈ ગઈ છે

પછી મહારાજે ઇચ્છારામભાઈને પૂછ્યું : "તમારે જાત્રા કરવા જવું છે ?"

તેમણે કહ્યું : "મારે તો આપનાં ચરણમાં જ બધી જાત્રા મનાઈ ગઈ છે. છતાં આપ જેમ કહેશો તેમ કરીશ." એટલું કહીને તેમણે કહ્યું : "મહારાજ ! હવે મનમાં ઇચ્છા એવી રહે છે કે અમારા પરિવારને પણ આપનાં દર્શન થાય તો સૌ કૃતાર્થ થઈ જાય. મોટાભાઈ જરા તીખા સ્વભાવના છે તેથી તેમનાથી છેટે આંબલિયા જઈને રહ્યો છું. ત્યાંના સરવરિયા બ્રાહ્મણો બહુ જ બળિયા છે પણ અમારું માન ઘણું રાખે છે."

મહારાજ તેમની વાત સાંભળી હસ્યા. પછી તેમણે કહ્યું : "તમે આવ્યા છો પણ તમારા પરિવારને લાવવાની ઇચ્છા છે તો તમે પાછા તમારા દેશમાં જાઓ. મોટાભાઈ ભલે પાછળથી આવે." એટલું કહીને મહારાજે કાનજી પાર્ષદને બોલાવ્યા. તેમને કહ્યું : "એક સારું ઊંટ મંગાવો, એક ટટ્ટુ પણ લાવજો."

પછી સુરાખાચરે ઇચ્છારામભાઈને વસ્ત્રો આપ્યાં, જોઈએ તેથી અધિક દ્રવ્ય આપ્યું. નાના સુખાનંદ સ્વામી તથા ગુમાનજી પાર્ષદ તેમને વડોદરા સુધી વળાવવા ગયા.

મહાશિવરાત્રી ઉત્સવ

મહા વદ ૧૪નો શુભ મહાશિવરાત્રી દિન આવી ગયો. શ્રીજીમહારાજે સર્વે સંત-હરિભક્તોને આ શુભ દિવસે ઉપવાસ કરવાની આજ્ઞા કરી અને પોતે પણ આ દિવસે ઉપવાસ કર્યો. સત્સંગમાં સર્વ દેવ પ્રત્યે આદરની, ભક્તિની ભાવના મહારાજને પ્રવર્તાવવી હતી. એ ભાવના પ્રવર્તે તો જ સર્વજીવહિતાવહ એવો કલ્યાણકારી સત્સંગ સર્વને સમજાય. અનેકોપાસનામાંથી એકોપાસનામાં

આવવું તે ધીરે ધીરે સમજણથી, શાસ્ત્રના અભ્યાસથી અને સત્પુરુષના સમાગમથી સિદ્ધ થાય. મહારાજે તેથી જ એવી પ્રણાલી પાડી દીધી. પોતે પણ એ પ્રકારે વર્ત્યા અને વાત કરી, જેથી જુદા જુદા દેવોના ઉપાસકોને ઉત્તરોત્તર સર્વશ્રેષ્ઠ ઉપાસનાની મહત્તા સમજાય. મહારાજના ઉપદેશથી અને સર્વ દેવ પ્રત્યે આદરભાવથી, ધીરે ધીરે સૌને એકોપાસનાની - પૂર્ણ પુરુષોત્તમની ઉપાસનાની મહત્તા સમજાતી જતી હતી.

મહાશિવરાત્રીના દિવસે મહારાજે બ્રાહ્મણો પાસે મહારુદ્રાભિષેક કરાવ્યો. અભિષેક પછી તે બ્રાહ્મણોને યથોચિત દક્ષિણા આપી. શિવરાત્રીના ઉત્સવ ઉપર આવેલા બ્રાહ્મણોને બીજે દિવસે જમાડી તેમને ફરી દક્ષિણા આપી પ્રસન્ન કર્યા. સર્વધર્મ અને સર્વદેવ પ્રત્યે શ્રીજીમહારાજનો આદરભાવ જોઈ આ બ્રાહ્મણોને મહારાજની મહત્તાનો ખ્યાલ આવ્યો. તેમના ભક્તો તેમને ભગવાન માની પૂજે છે તે તેમને યોગ્ય જ લાગ્યું. તેમની પણ મનોવૃત્તિ ફરી ગઈ અને મહારાજના સ્વરૂપની નિષ્ઠાના બીજ તેમના અંતરમાં વવાઈ ગયા.



ઉદ્ગીથ ૧૩

પચાળામા ત્રણ સકલ્પો

(આ.સં. ૧૮૭૭-૭૮, ઈ.સ. ૧૮૨૧)

ઝીણાભાઈએ લીધેલી ટેક

શ્રીજીમહારાજે પંચાળાના દરબાર ઝીણાભાઈનું આમંત્રણ સ્વીકાર્યું નહીં તેથી ઝીણાભાઈ બહુ જ ઉદાસ થઈ ગયા હતા. છતાં તેમને જ્ઞાનનું અંગ હતું, તેથી મહારાજની મરજી જોઈ ઉદાસીનતા તેમણે ટાળી દીધી હતી. પણ મહારાજ પચાળા પધારે એવો આગ્રહ તો તેમના અંતરમાં રહ્યા જ કરતો હતો. તે માટે તેમણે વ્રત લીધું હતું કે ''મહારાજ જ્યાં સુધી પંચાળા ન પધારે ત્યાં સુધી મારે ઘી, તેલ, દૂધ, દહીં, છાશ અને સાકરનો ત્યાગ કરવો તેમજ માથે સાફો બાંધવો નહીં.''

તેમની આવી આકરી પ્રતિજ્ઞાથી ઘરમાં બધાને મૂંઝવણ થવા લાગી. વળી, ગામતરે જાય તેમજ સગાં-સંબંધીઓના શુભ પ્રસંગોમાં જાય ત્યારે માથે સાફો બાંધે નહીં એટલે તેને અપશુકન સમજી સગાં-સંબંધીઓ પણ તેમની આકરી ટીકા કરવા લાગ્યાં. તે સમયમાં એવો રિવાજ હતો કે સગાં-સંબંધીમાં કોઈનું મૃત્યુ થયું હોય તો જ માથે પાઘ અથવા સાફો કે ફેંટો પહેરાય નહીં. તેથી ઝીણાભાઈના આ નિયમથી તેમના સંબંધીનો કચવાટ વધી ગયો. પરંતુ ઝીણાભાઈની ટેક અટળ હતી. ઝીણાભાઈની ડેલીએ મહેમાનો આવે તેમની સન્મુખ પણ તેઓ ઉઘાડે માથે જ બેસવું પડવું. આથી મહેમાનોને પણ અપમાન જેવું લાગતું.

એક દિવસ વેરાભાઈ તેમને ત્યાં આવ્યા. ત્યારે તેમને ઝીણાભાઈએ લીધેલી ટેકની વાત કરી. વેરાભાઈ પોતે રાજપૂત હતા, તેથી ઝીણાભાઈના સંબંધીઓની મૂંઝવણ સમજી ગયા. તેમણે ઝીણાભાઈને એકાંતમાં બોલાવી કહ્યું : ''બાપુ ! તમે તો જ્ઞાની છો એટલે મહારાજની ઇચ્છામાં જ રાજી રહેવું જોઈએ. આવી આકરી ટેક લીધી છે તેથી સંબંધીઓમાં કેટલી ટીકા થાય છે તે જાણો છો ?''

"જાણું છું વેરાભાઈ ! પરંતુ મહારાજનો વિરહ હવે સહન થતો નથી. અંતરમાં આગ પ્રગટી છે. મહારાજ અહીં પધારશે ત્યારે જ તે આગ ઓલાશે." આટલું બોલતાં તો ઝીણાભાઈના મુખ ઉપર ઉદાસીનતાના ભાવ છવાઈ ગયા.

વેરાભાઈ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "બાપુ ! મારાથી નાને મોઢે મોટી વાત થાય નહીં. મહારાજની કૃપાથી હું તો હજુ હમણાં જ માણસના નો'રમાં આવ્યો છું પરંતુ આપ તો જૂના સત્સંગી છો, વળી, જ્ઞાની પણ છો. મહારાજનો વિરહ સાલતો હોય તો મહારાજ જ્યાં બિરાજતા હોય ત્યાં દર્શને જાઓ ને વિરહનો અગ્નિ બુઝાવો, પણ મહારાજ પંચાળા જ પધારે અને તમારો વિરહ શાંત કરે એવો આગ્રહ કેમ હજુ રાખો છો ?"

જો મહારાજ નહીં પધારે, તો હું દેહત્યાગ કરીશ

વેરાભાઈના શબ્દો ઝીણાભાઈના અંતરમાં ઊતરી ગયા. તેમને લાગ્યું કે મહારાજની મરજીમાં જ રાજી રહેવું જોઈએ. પરંતુ મહારાજ પંચાળા પધારે એવું તો તેમના મનમાં રહેતું જ હતું. તેમણે કહ્યું : "વેરાભાઈ ! તમે કહો તેમ કરું."

વેરાભાઈ તેમની સરળતાથી રાજી થઈ ગયા. તેમણે કહ્યું : "બાપુ ! આ ટેક છોડો. માથે સાફો બાંધવા માંડો. લોકો તમારી ટીકા કરે છે અને મહારાજનું પણ વાંકું બોલે છે."

"પણ મેં ટેક લીધી છે તેનું શું ?" ઝીણાભાઈ હજુ મૂંઝવણમાં હતા.

વેરાભાઈએ કહ્યું : "હું મહારાજને લોયાથી સીધા અહીં તેડી લઈ આવીશ અને જો મહારાજ નહિ પધારે તો હું દેહત્યાગ કરીશ."

આ શબ્દોથી ઝીણાભાઈને શાંતિ થઈ. વેરાભાઈની આકરી પ્રતિજ્ઞાથી તેમને ખાતરી થઈ કે તે મહારાજને જરૂર પંચાળા લઈ આવશે. તેમણે કહ્યું : "ભલે, જેમ તમે કહો તેમ કરું. પણ મહારાજ આવવા જોઈએ."

વેરાભાઈને આનંદ થયો. તેમણે કહ્યું : "જેમ તમારી ટેક અટળ, તેમ મારી પણ એવી જ અટળ ટેક છે. તમે હવે ચિંતા ન કરશો."

ઝીણાભાઈએ તે જ દિવસથી પોતાની ટેક મૂકી.

અમારે ટેકીલાઓની ટેક મુકાવવી છે

વેરાભાઈ તે જ દિવસે લોયા જવા નીકળી ગયા. અહીં આવી તેમણે મહારાજને ઝીણાભાઈએ લીધેલી ટેકની વાત કરી. મહારાજ સાંભળી રહ્યા પરંતુ

કાંઈ જ બોલ્યા નહીં. એટલે વેરાભાઈએ કહ્યું : "મહારાજ ! અહીંથી સીધા પંચાળા પધારવું પડશે, નહીં તો મારે પેટમાં કટારી ભોંકી દેવી પડશે. મેંય એવી ટેક લીધી છે."

આ સાંભળી મહારાજ વધુ ગંભીર બની ગયા. તેમણે કહ્યું "ઝીણાભાઈએ ટેક લીધી, તમે ટેક લીધી, એટલે મેં પણ ટેક લીધી છે કે ટેકીલાઓની ટેક મુકાવવી. મનનું ધાર્યું મુકાવવું. અમે પંચાળા આવવાના જ નથી. તમારે પેટમાં કટારી ભોંકવી હોય તો અમે આડા નહીં આવીએ."

વેરાભાઈ મહારાજના શબ્દો સાંભળી વીલા પડી ગયા. તેમણે મહારાજને ફરી અરજ કરતાં કહ્યું : "મહારાજ ! આ વેરાભાઈની ટેક છે હો !"

મહારાજે તરત જ બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે સંતોને કહ્યું : "સૌ સંતો તૈયાર થઈ જાઓ. આપણે ગઢપુર જવું છે." એમ કહી નાજા જોગિયાને બોલાવ્યા. તેમને પણ કહ્યું : "જલદી તૈયાર થઈ જાઓ. હાલ ને હાલ ગઢપુર જવું છે. બધા પાર્ષદોને તૈયાર થવાનું કહી દ્યો."

પછી વેરાભાઈને કહ્યું : "વેરાભાઈ, તમારે પણ અમારી સાથે આવવાનું છે. માટે તૈયાર થઈ જાઓ." વેરાભાઈ કાંઈ બોલી શક્યા નહીં.

અમે સદા ભક્તોની પાસે જ છીએ

મહારાજ સંતો અને પચ્ચીસ પાર્ષદો સાથે લોયાથી નીકળી ગયા. સુરાખાચરને પણ લઈ લીધા. સૌ રસ્તે પડી ગયા. પણ વેરાભાઈ એકલા જ પાછળ રહ્યા. તેમણે વિચાર કર્યો હવે તો પેટમાં કટારી માર્યા સિવાય છૂટકો જ નથી. મહારાજની હઠ તો જોગીહઠ કહેવાય. બ્રહ્માનંદ કે સુરા આપા વાળે તો જ વળે. તે પણ હવે ગયા. આમ વિચારમાં ને વિચારમાં એક ઝાડ નીચે આવી ઘોડી ઉપરથી ઊતરી ગયા. ઘોડીને ઝાડ સાથે બાંધી અને પછી તરત જ મ્યાનમાંથી તલવાર કાઢી પેટમાં ભોંકવા હાથ ઊંચો કર્યો. એટલામાં એકાએક તેમનો હાથ ઉપરથી કોઈએ પકડી લીધો. તેમણે ઉપર જોયું તો કોઈ હતું નહીં, પાછળ જોયું ત્યાં મહારાજને જોયા. તેમને આશ્ચર્ય થયું ! મહારાજ તો ચાલ્યા ગયા હતા. માણકીના વેગે તો મહારાજ ત્રણ-ચાર ગાઉ દૂર નીકળી ગયા હોય અને અહીં ક્યાંથી ?

"એવો કોઈ વિચાર કરવાની જરૂર નથી વેરાભાઈ ! અમે સદા સર્વદા ભક્તોની પાસે જ છીએ. ઝીણાભાઈ પ્રત્યેની તમારી ભક્તિ જોઈ અમે અમારી

ટેક છોડી દીધી છે. તમે હમણાં જ પંચાળા જાઓ. અમે પંચાળા આવીશું. ફૂલદોલનો ઉત્સવ પંચાળામાં કરીશું."[૫૯]

બરાબર મહારાજના જ શબ્દો ! એ જ અવાજ ! હવે શું કરવું ? પંચાળા સીધા જવું કે મહારાજની પાછળ જવું ? તેમણે તરત જ નક્કી કરી લીધું : મહારાજની પાછળ જ જવું. તેમણે ઘોડી દોડાવી. પૂરપાટ દોડતી ઘોડી સંઘને આંબી ગઈ. મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી અને બીજા બે સંતો ગાડામાં હતા. તેમણે વેરાભાઈને જોયા. તેમણે વેરાભાઈને કહ્યું : "વેરાભાઈ ! તમારે ભેગા આવવાની જરૂર નથી. મહારાજે કહ્યું છે કે તમે સીધા પંચાળા જાઓ. અમે પણ બધા પંચાળા જ આવીએ છીએ."

મહારાજ પંચાળા પધારે છે

વેરાભાઈના આનંદનો પાર ન રહ્યો. ભગવાન ભક્તવત્સલ છે, ઝીણાભાઈનો પક્ષ રાખ્યો એટલે મહારાજ રાજી થઈ ગયા. તેમણે ત્યાંથી જ સંતોને નમસ્કાર કરી પંચાળા તરફ પ્રયાણ કર્યું.

મહારાજ પીપરડી, હાથસણી, જસદણ, આટકોટ થઈને ગોંડળ પધાર્યા. અહીં વાડીમાં ઊતર્યા.

એ અરસામાં ગોંડળ નરેશ તરીકે મોતીજી ગાદીએ આવ્યા હતા. તેમને મુક્તાનંદ સ્વામી દ્વારા સત્સંગ થયો હતો. મહારાજ પધાર્યા છે તે સમાચાર તેમને મળ્યા એટલે તરત જ તેઓ વાડીએ આવ્યા. મહારાજનાં અને સૌ સંતોનાં દર્શન કરી કૃતાર્થ થઈ ગયા ! તેમાં વળી, પોતાના ગુરુ મુક્તાનંદ સ્વામી પણ સાથે હતા તેથી તેમને વિશેષ આનંદ થયો. તેમણે તરત જ દરબારમાંથી ભાતભાતનાં પકવાનો માટે સામગ્રી મોકલી દીધી. રાજ્યના રસોઈયા પણ મોકલ્યા. મુકુન્દ બ્રહ્મચારી મહારાજ માટે થાળ તૈયાર કરવા લાગ્યા.

થોડી વારમાં અનેક પ્રકારનાં પકવાનો તેમજ શાક, ફરસાણ, ચટણી, અથાણાં વગેરે તૈયાર થઈ ગયાં. મહારાજ માટે પણ બ્રહ્મચારીએ થાળ તૈયાર કરી દીધો. મહારાજ જમવા બિરાજ્યા. જમીને દરબારને પ્રસાદનો થાળ આપ્યો. પછી સંતોને પીરસવા નીકળ્યા. મહારાજે તેમને કહ્યું : "સંતો ! રસ્તામાં કાચું-પાકું ખાધું હશે એટલે આ રાજ્યની રસોઈ ખૂબ જમો." એમ કહી સૌને ખૂબ

૫૯. ઠાકોર શ્રી ઝીણાભાઈ; લે. રાજ્યકવિ માવદાનજી રત્નુ. તેમાં આલેખેલા પ્રસંગને આધારે.

પીરસીને તૃપ્ત કરી દીધા.

ગોંડળથી મહારાજ નીકળી કંડોરડા, ઝાંઝમેર થઈને ગણોદ પધાર્યા. અહીં ભાદરને કાંઠે આંબાવાડીમાં ઊતર્યા. અહીં એક રાત રહ્યા. ગણોદ નરેશનો ભાવ પૂરો કરી, બીજે દિવસે ત્યાંથી નીકળી મહારાજ પંચાળા પધાર્યા.[૬૦] મહારાજ પધાર્યા તેને આગલે દિવસે જ જૂનાગઢથી સંતો પંચાળા આવી ગયા હતા.

મહારાજ પંચાળા પધાર્યા તે અગાઉ ત્રણ-ચાર દિવસ પહેલાં વેરાભાઈ પંચાળા આવી ગયા હતા. તેમણે મહારાજ પંચાળા પધારે છે તે સમાચાર દરબાર ઝીણાભાઈને આપ્યા. ઝીણાભાઈને કહ્યું : "મહારાજ તમારી ભક્તિને વશ થઈને જ પધારે છે. તમારી તો કસોટી કરી, સાથે મારી પણ કસોટી કરી. કસોટી એ આપણી ભક્તિને નાણવાનું ભગવાનનું સાધન છે. માટે મહારાજની મરજીમાં રાજી રહેવું." ઝીણાભાઈને પણ લાગ્યું કે મહારાજ પાસે પોતાનું ધાર્યું કરાવવા કદી રાજહઠ કરવી નહીં.

પંચાળામાં ફૂલદોલોત્સવ : આ.સં. ૧૮૭૭

ઝીણાભાઈએ ફૂલદોલના ઉત્સવ માટે માંગરોળથી ગાડાં ભરી ગુલાલ મંગાવ્યો. કેસૂડા તો ત્યાં પુષ્કળ હતા, તેથી તેનાં ફૂલ પણ પુષ્કળ પ્રમાણમાં મંગાવ્યાં. વાંસની પિચકારીઓ માટે નિષ્કુળાનંદ તથા આધારાનંદ સ્વામીને વાંસ લેવા જવા કહ્યું. બધી સામગ્રી આવી ગઈ અને રંગોત્સવનો દિવસ પણ આવ્યો. શ્રીહરિએ ઝીણાભાઈને પોતાના સ્વરૂપના દિવ્ય સુખથી, પોતાની દિવ્ય લીલાથી તૃપ્ત કરી દેવા નક્કી કર્યું હતું. મહારાજે પંચાળા આવીને ઝીણાભાઈને કહ્યું હતું : "ઝીણાભાઈ ! અહીં તો અમે મહિનો રહેશું. બધા સંતોને બોલાવી જ્ઞાનગોષ્ઠી કરવી છે. સત્સંગનો પાયો જ્ઞાનથી, સ્વરૂપનિષ્ઠાના બળથી મજબૂત થાય. માટે કથાવાર્તામાં ખબરદાર થઈને બેસવું."

ધૂંવાબરાઈના કાશીરામ મહારાજનું પૂજન કરે છે

આ ઉત્સવ પ્રસંગની આમંત્રણ પત્રિકાઓ હરિભક્તોને મળી. તેથી સમગ્ર સત્સંગ પંચાળામાં ઉમટ્યો હતો. મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશથી પણ હરિભક્તો આવી ગયા હતા. સૌને મહારાજનું પૂજન કરવાની ઇચ્છા હતી. એમાં મહારાજ પાસે જલદી પહોંચવા સૌ ઉતાવળા થયા હતા. તેથી થોડી

૬૦. આ.સં. ૧૮૭૭, ફાગણ સુદ ચોથથી પંચાળા પ્રકરણનાં વચનામૃત શરૂ થયાં.

અવ્યવસ્થા પણ થઈ ગઈ. પરંતુ મંચ ઉપરથી જ સમશ્યા કરતાં મહારાજે કહ્યું : "સૌને લાભ મળશે, પરંતુ પહેલા પરદેશી હરિભક્તોને આવવા દ્યો." એમ કહી એક હરિભક્ત તરફ મહારાજે આંગળી ચીંધી તેને પોતાની પાસે આવવા કહ્યું.

સૌ પાછળ જોવા લાગ્યા. ત્યાં તો પરદેશી દેખાતા ધૂંવાબરાઈના હરિભક્ત કાશીરામ જમાદાર મહારાજ પાસે ધીરે ધીરે આવવા લાગ્યા. તેના હાથમાં એક પેટી હતી. મહારાજ પાસે તે પહોંચ્યા એટલે મહારાજે તેને પૂછ્યું : "કાશીરામ ! પૂજા કરવી છે ને ?"

કાશીરામ આ વાત સાંભળી એકદમ થંભી ગયા ! ભગવાન અંતર્યામી તો હોય જ, એ તો તે જાણતા હતા; પરતુ આટલા બધા સમૂહમાં, આવા મોટેરા દરબારો-હરિભક્તો સૌ હજુ મહારાજનું પૂજન કરવા તત્પર બનીને બેસી રહ્યા હતા તેમાં મહારાજે મને ઓળખી લીધો ? તેણે હાથ જોડી કહ્યું : "હા, મહારાજ ! ઇચ્છા તો છે, પરંતુ આ મોટેરા હરિભક્તોના સમૂહમાં આપની પાસે એકદમ કેમ અવાય ? અને કદાચ આજે રહી જાઉં તો કાલે પણ એ જ દશા થાય. મારે વળી ઘેર જવાની પણ ઉતાવળ છે. તેથી મનમાં મૂંઝવણ થતી હતી."

મહારાજે હસતાં હસતાં કહ્યું : "કાશીરામ ! અમે કોઈને મૂંઝાવા દેતા નથી. આવો, તમે પહેલાં પૂજન કરી લ્યો."

કાશીરામે તરત જ કેસર મિશ્રિત ચંદનથી મહારાજના વિશાળ ભાલમાં અર્ચા કરી. તે મધ્યે કુમકુમનો ચાંદલો કર્યો, અક્ષત ચોડ્યા. પછી પોતાની પેટી ખોલી. સૌ જોઈ રહ્યા હતા. મહારાજ હસતા હતા. મહારાજે કહ્યું : "કાશીરામ ! આ પેટીમાં શું ભર્યું છે ?"

તેણે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપના માટે અમારા દેશના શણગાર લાવ્યો છું." મહારાજ આ સાંભળી એકદમ ઊભા થઈ ગયા.

સૌ સંતો-હરિભક્તો આ દિવ્ય લીલા અતૃપ્ત નયને નિહાળી રહ્યા. મહારાજનાં દર્શન તો સૌ કરતાં હતાં, પરંતુ આજે દૂરથી આવેલ આ પરદેશી હરિભક્તોના ભાવનાં પણ સૌ દર્શન કરી રહ્યા હતા. મહારાજના આવા વાત્સલ્ય ભાવથી કાશીરામની આંખોમાંથી મહારાજનું પૂજન કરતાં હર્ષનાં અશ્રુની ધારા ચાલવા લાગી. મહારાજના સ્વરૂપને સર્વાંગ શણગારવા તે અમૂલ્ય પોષાક તૈયાર કરાવીને લાવ્યા હતા. મહારાજે તત્કાલ તે પહેરી લીધો. કાશીરામે મહારાજની ભેટમાં સોનેરી મૂઠવાળી કટાર બાંધી, હાથમાં ધનુષ્ય આપ્યું, વાંસામાં તીરનો ભાથો બાંધ્યો. આ નવીન પરદેશી પોષાકમાં મહારાજના

સ્વરૂપનાં દર્શન સૌ નિર્નિમિષ નેત્રથી કરી રહ્યા હતા.

કાશીરામ પેટીમાંથી વસ્તુઓ કાઢ્યે જતા હતા. મહારાજના મસ્તક ઉપર લાલ સોરંગી પાઘ પહેરાવી, પાઘ ઉપર સાચા નંગજડિત કલગી ગોઠવી, બંને હાથમાં ફૂલના ગજરા આપ્યા. મહારાજ શાંતિપૂર્વક સસ્મિત વદને કાશીરામની પૂજા અંગીકાર કરી રહ્યા હતા. વિધિ પૂરી થઈ એટલે કાશીરામને મહારાજે પૂછ્યું : "કાશીરામ ! હવે કાંઈ બાકી છે ?"

કાશીરામે હાથ જોડ્યા. તેના મુખ ઉપરના ભાવમાં કાંઈક અતૃપ્તિ હતી. તેથી મહારાજે પૂછ્યું : "હજુ કાંઈ ઇચ્છા છે ?"

કાશીરામે તરત જ કહ્યું : "આપના આશીર્વાદની અને બીજી ઇચ્છા મહારાજ ! આ કમાન ઉપર આપ તીર ચડાવો. આપની એવી દિવ્ય મૂર્તિનાં મારે દર્શન કરવાં છે. પોષાક બનાવરાવ્યો, તીર કમાન સાથે લીધાં ત્યારથી મનમાં આ સંકલ્પ હતો. આપે બધા જ સંકલ્પ પૂરા કર્યા છે તો આ સંકલ્પ પણ પૂરો કરો, મહારાજ !"

'લીધી લટકાળે નંદલાલ કે હાથ કબાણને'

મહારાજે તરત જ ધનુષ્ય હાથમાં લીધું. પાછળ બાંધેલ ભાથામાંથી જમણા હાથે એક તીર ખેંચ્યું અને નીચે બેસી વીરાસનવાળી, કમાન ખેંચીને તીર ચડાવ્યું. મહારાજની આ અલૌકિક મૂર્તિ જોઈ સૌ સભાજનો દિવ્યાનંદમાં આવી ગયા. આવાં દર્શન કોઈએ કદી કર્યાં ન હતાં. સૌને લાગ્યું કે આ પરદેશી ભક્ત પણ ખરો ભાવ લઈને આવ્યા છે. રામપ્રતાપભાઈ મહારાજની સામે જ બેઠા હતા. તે એકાએક બોલી ઊઠ્યા : "દેખો દેખો, ભૈયા ઘનશ્યામ કી મૂર્તિ કૈસી અચ્છી લગતી હૈ !" તે જ સમયે તેમને મહારાજના સ્વરૂપમાં ધનુર્ધારી રઘુનંદનનાં દર્શન થયાં ! તેઓ મહારાજને સાષ્ટાંગ દંડવત્ કરવા લાગ્યા.

એટલામાં એક પહાડી સૂર સંભળાયો :

લીધી લટકાળે નદલાલ કે હાથ કબાણને,
એની ચટક રંગીલી ચાલ, હરે મન પ્રાણને;
કાજુ મોતીડે જડિત કટાર, કમર કસી લીધલો,
નિરખી બ્રહ્માનંદ કે'[૬૧] જનમ સુફલ મારો કીધલો.

આ પહાડી સૂર આકાશમાં પથરાયો અને જાણે સાગર ઘૂઘવતો હોય તેમ

૬૧. કહે.

ગડગડાટ કરતો ફરી સભામાં સંભળાયો. સભામાં એકે એક હરિભક્ત બોલી રહ્યા હતા : *"લીધી લટકાળે નંદલાલ કે હાથ કબાણને."* સર્વત્ર હર્ષોન્માદ ફેલાયો હતો. કોઈની આંખની પાંપણ પણ હાલતી ન હતી. સ્થિર નેત્રે સૌ મહારાજની મનોહર મૂર્તિનાં દર્શન કરી રહ્યા હતા.

કાળ થંભી જશે

બ્રહ્માને લાગ્યું કે "મેં પાંપણ બનાવી તે ભલે પાપ કર્યું, પરંતુ આજે પૂર્ણ પુરુષોત્તમ નારાયણે સૌ ભક્તોની પાંપણ સ્થિર કરી દીધી છે અને પોતાના દિવ્ય સ્વરૂપનાં દર્શન અવિક્ષિપ્ત કરાવી મારું એ પાપ ધોઈ નાંખ્યું છે."

હજુ બ્રહ્માનંદ સ્વામીના શબ્દો ગાજતા હતા. પંચાળા નગર અને તેના ઉપનગરોની શાખામાં આ શબ્દોના પડઘા પડતા હતા. સૌને સંકલ્પ થયો કે કાળ અત્યારે સ્થિર થઈ જાય. તેમનો સંકલ્પ જાણી મહારાજે હસતાં હસતાં કહ્યું : "કાળ સ્થંભી જશે. શ્રીકૃષ્ણે છ માસની રાત્રી કરી હતી, પરંતુ અમે એક જ રાતમાં છ માસની રાત્રીનું દિવ્ય સુખ તમને આપીશું. ચિંતા કરશો નહીં. આત્યંતિક કલ્યાણનો ધૂધૂબાજ માર્ગ આજે ચલાવ્યો છે. અક્ષરધામની વાટ વહેતી મૂકી દીધી છે, તેથી જે કોઈ આવા પ્રસંગે રંગાઈ જશે તેને અન્ય લોકમાં રહેવું નહીં પડે."

મહારાજના શબ્દોમાં રહસ્ય હતું. એ જ સ્વરૂપમાં કોઈને ભગવાન રામચદ્રજીનાં પણ દર્શન થતાં. જે જે ભક્ત જે ભાવે મહારાજના દર્શન કરતા હતા, તેના તે ભાવ મહારાજ પૂર્ણ કરતા હતા. છતાં મહારાજના સ્વરૂપના જે શુદ્ધ ઉપાસકો હતા તે સમજતા કે મહારાજ તે તે સ્વરૂપથી વ્યતિરેક છે અને પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે પર થકી પર એવા પોતાના દિવ્ય અક્ષરધામમાં સ્વરાટ થકા બિરાજમાન છે અને છતાં પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપે પણ ભક્તોને આજે પ્રગટ દર્શન દે છે.

ભક્ત અને ભગવાનનું તાત્ત્વિક ઐક્ય

સભા સ્થિર થઈ ગઈ હતી. સભાનાં દર્શન કરતા તમામ ભક્તો પણ જાણે મહારાજના જ સ્વરૂપરૂપ હોય તેવાં દર્શન થતાં હતાં. અખંડાનંદ સ્વામીને આવાં દિવ્ય દર્શન થયાં. તે આનંદ વિભોર બની ગયા ! ભક્તનું ભગવાન સાથે આવું ઐક્ય ! આં ખરેખર અદ્વૈત છે કે પછી દ્વૈતભાવ અદ્વૈતમાં પરિણમ્યો છે !

તેમની દ્વિધા જાણી મહારાજે હસતાં હસતાં કહ્યું : "સ્વામી ! સૌ અમારા સંબંધે આજે એકરસ ચૈતન્ય અક્ષરબ્રહ્મરૂપ બની ગયા, તેથી જ સૌનાં ઇન્દ્રિયો-અંતઃકરણ પુરુષોત્તમરૂપ થઈ ગયાં છે. ભક્તને ભગવાન સાથે આવી તાત્ત્વિક એકતા છે."

આ સાંભળી અખંડાનંદ સ્વામીએ તરત જ પૂછ્યું : "મહારાજ ! શ્રુતિમાં કહ્યું છે કે ब्रह्मविद् ब्रह्मैव भवति । એટલે કે બ્રહ્મને જાણનારો બ્રહ્મરૂપ થાય છે. ત્યારે તો આ અદ્વૈત જ થયું. પરંતુ આપ ઘણી વખતે કહો છો કે પુરુષોત્તમનું સાધર્મ્યપણું તો પમાતું જ નથી. તો આવું ઐક્ય કેમ બને ? આ રહસ્ય સમજાવો."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "અહીં જે બ્રહ્મ કહ્યા છે, તે અક્ષરબ્રહ્મને કહ્યા છે. જે અક્ષરબ્રહ્મને જાણે, તે અક્ષરબ્રહ્મરૂપ થાય છે. પછી તે ભક્તમાં અમારા તમામ કલ્યાણકારી ગુણો આવે છે. તેથી એવા ભક્તને ભગવાન સાથે ગુણોનું સામ્ય છે. તે પ્રકારનું સાધર્મ્ય છે. છતાં તે ભક્તની દૃષ્ટિમાં તો ભગવાન અપાર ને અપાર જ રહે છે. તેથી ભક્ત અને ભગવાન અથવા અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ એ બે સ્વરૂપો વચ્ચે આધ્યાત્મિક ભેદ, સેવક અને સ્વામીમાં જે પ્રકારનો ભેદ હોય તેવો ભેદ પણ છે. પુરુષોત્તમ નારાયણ સૌના સ્વામી છે, આધાર છે, નિયંતા છે; જ્યારે અક્ષરબ્રહ્મ પર્યંત તમામ ભક્તો પુરુષોત્તમના સેવક છે ને નિયામ્ય છે. પ્રેમના આધિક્યથી ભાવવિભોર બનેલી ગોપીઓ શ્રીકૃષ્ણના વિરહથી વ્યાકુળ બની શ્રીકૃષ્ણનું ચિંતવન કરતાં કરતાં કૃષ્ણમય ચેષ્ટા કરવા લાગી. ભગવાન પ્રત્યેના પ્રેમના આવા ભાવથી ભક્ત ભગવાનમય બની જાય છે.[૬૨] અર્થાત્ ભગવાન ભક્તનું સ્વરૂપ ઢાંકી પોતે સ્વરાટ થકા એ ભક્ત દ્વારા પ્રકાશે છે."

આ દિવ્ય પ્રસંગથી સભાજનો શૂન્યવત્ બની ગયા હતા ! પોતાના દેહનો ભાવ ભૂલી ગયા હતા. તેથી મહારાજે સમજાવેલ ભક્ત અને ભગવાનના સ્વરૂપની આધ્યાત્મિક એકતાનું રહસ્ય આજે સૌને અનુભવગમ્ય બની ગયું !

મહારાજે પછી હાથમાં પકડેલી કમાન અને તીરનો ભાથો રામપ્રતાપ-ભાઈને આપી દીધો. ભેટે બાંધેલી નંગજડિત સુવર્ણ કટાર ઝીણાભાઈના ભાઈ ગગાભાઈને આપી. પોષાક પોતે જ પહેરી રાખ્યો.

---

૬૨. लीला भगवतस्तास्ता ह्यनुचक्रुस्तदात्मिकाः

— શ્રીમદ્‌ભાગવત; દશમ સ્કંધ, અ. ૩૦-૧૪.

હવેથી તિલક-ચાંદલો કરવાનું શરૂ કરો

મહારાજે પંચાળામાં રંગોત્સવ ધામધૂમથી કર્યો. સૌ સંતોને રંગ્યા. પોતે પણ સંતોની, હરિભક્તોની ભક્તિથી રંગાયા. ભક્તિના રંગથી રંગાયેલા સંતો-હરિભક્તોના રંગ ઘેરા બને, કદી ઝાંખા ન થાય તે માટે સવાર-સાંજ ઝીણાભાઈના દરબારમાં કથાવાર્તા, પ્રશ્ન-ઉત્તર પણ કરતા.[૬૩]

મહારાજને લાગ્યું કે ભાગવત ધર્મનું પ્રસારણ થતું હતું. ઉપાધિના ઓળા હવે ઝાંખા પડી ગયા હતા. સંતો નિયમ-ધર્મમાં પણ કુશળ વર્તતા હતા. હવે બાહ્ય ચિહ્નો, સંપ્રદાયની વૈષ્ણવી છાપ વગેરે છતાં કરવાં જોઈએ. તેમણે ઝીણાભાઈને કહ્યું : "અહીં જે તળાવ છે તેની માટી ચંદન જેવી છે, તો તે મંગાવી આપો તો સંતોને તિલક કરવામાં ઉપયોગી થાય."

ઝીણાભાઈએ તરત જ સૂંડલા ભરીને માટી મંગાવી આપી. મહારાજે તેમાંથી સોપારી જેવડી ગોટીઓ કરાવી સંતોને વહેંચી અને કહ્યું : "હવે સૌ આપણાં વૈષ્ણવી ચિહ્નોની છાપો અંગમાં દેખાય તે પ્રમાણે તિલક-ચાંદલો કરવાનું શરૂ કરો."

બીજે દિવસે સવારમાં જ્યારે સંતો મહારાજ પાસે આવ્યા, ત્યારે મહારાજે તેમનાં કપાળ જોઈ પૂછ્યું : "તિલક ન કર્યાં ?"

સંતોએ પૂછ્યું : "મહારાજ ! તિલક શા વડે કરીએ ?"

આ સાંભળી મહારાજને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : "કેમ કાલે તો સૌને એક એક ગોટી આપી હતી, તે ઘસીને તેનાથી તિલક કરવાનાં હતાં."

સંતો આ સાંભળી આશ્ચર્ય પામ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! અમે તો આપની પ્રસાદી જાણી તે ગોટી ખાઈ ગયા."

મહારાજ આ સાંભળી રહ્યા. તેમને થયું કે સંતો ભોળા છે, જગતનો કોઈ અંશ તેમનામાં નથી. તેમણે કહ્યું : "ભલે, હવે આજે બીજી વાર ગોટીઓ આપીશું. કાલથી બરોબર તિલક-ચાંદલા કરવાં. કપાળમાં, છાતીમાં અને બંને ભુજાઓમાં. આ આપણી વૈષ્ણવી છાપ !" એમ કહી સૌ સંતોને ફરી ગોટીઓ વહેંચી.

ત્રીજે દિવસે સૌ સંતો ધીરે ધીરે સભામાં આવવા લાગ્યા. મહારાજ સૌ સંતોનાં કપાળ નીરખી નીરખીને જોતા હતા અને મનમાં મંદમંદ હસતા હતા.

---

૬૩. જુઓ પંચાળા પ્રકરણનાં વચનામૃતો.

મહારાજને હસતા જોઈ સંતોને મનમાં થયું : ફરી વળી કાંઈ ભૂલ તો નથી થઈ ને ! પણ કોઈ કાંઈ બોલ્યું નહીં.

એટલામાં મહારાજે હસતાં હસતાં કહ્યું : "ભેંસ ભડકી જાય તેવા તિલક કેમ કર્યાં ? કંઈક સરખું તિલક કરતાં શીખો." સંતો કાંઈ સમજ્યા નહીં.

જુઓ, અમારા તિલક !

પછી મહારાજે સૌ સંતોની પંક્તિ કરી તેમને વ્યવસ્થિત બેસાર્યા. તેમાંથી ગુણાતીતાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા. તેમના કપાળમાં મહારાજે તિલક કર્યું, વચ્ચે ચાંદલો કર્યો. પછી તેમને લઈ મહારાજ સંતોની પંક્તિમાં ફરવા લાગ્યા. સ્વામીનું કપાળ બતાવી સૌ સંતોને મહારાજે કહ્યું : "સંતો ! જુઓ અમારા તિલક !" એટલું કહીને પછી ફરી બોલ્યા : "સંતો ! સહુ સાંભળો, હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી." આમ કહી પોતાનો અને પોતાના વરિષ્ઠ સેવક શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા આ પ્રસંગે સૌને કહ્યો : "આવા સાધુ વાંસે લાખો માણસો ફરશે ત્યારે જાણીએ કે સત્સંગ થયો."[૬૪]

પરતુ સ્વામી તો સેવક તરીકે જ મોટેરા સંતોના મંડળમાં અને અત્યારે મુક્તાનંદ સ્વામીના મંડળમાં સૌની સેવા કરતા હતા. કથાના સમયે કીર્તનો બોલતા અને ગુરુની આજ્ઞા હોય તો વાતો પણ કરતા. મહારાજે પોતાના સ્વરૂપની અને પોતાના અનન્ય સેવક મૂળ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના મહિમાની વાત વહેતી મૂકી દીધી. પરંતુ તેમના મનુષ્ય સ્વરૂપમાં તેમનો અતિ અપાર મહિમા સમજવો એ મનુષ્યના નાના મન માટે બહુ મોટી વાત હતી.

બીજે દિવસે મહારાજે નિત્યાનંદ સ્વામી પાસે શ્રીમદ્‌ભાગવતના પ્રથમ સ્કંધની કથાની શરૂઆત કરાવી. પ્રથમ શ્લોક जन्माद्यस्य यतः એ ચરણનો અર્થ નિત્યાનંદ સ્વામીએ કર્યો. પરંતુ तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा । धाम्ना स्वेन[૬૫] सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥ એ બંને ચરણનો અર્થ મહારાજે સમજાવતાં કહ્યું : "માયાના ત્રણ ગુણનો સર્ગ જે પંચભૂત, ઇન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા તે ભગવાનના સ્વરૂપને વિષે ત્રિકાળમાં છે જ નહીં.

---

૬૪. શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૧, વાર્તા-૧૮૩.

૬૫. स्वेनेति। स्वेनात्मीयेनैव। धाम्ना प्रभावेण। धाम देहे गृहे रश्मौ स्थाने जन्मप्रभावयोः इति विश्वः ॥ – ભક્તમનોરંજની ટીકા; ટીકાકાર : આચાર્ય ભગવત્‌પ્રસાદજી.

પરંતુ ભગવાનના એ પરમ સત્ય સ્વરૂપનું જ્ઞાન, પોતાના ધામના સંબંધથી જ જ્યારે માયાનું કપટ ટળે ત્યારે થાય.''

અહીં પણ મહારાજે પોતાનું સ્વરૂપ સમજાવ્યું, જે મનુષ્ય સ્વરૂપ હોવા છતાં સદા દિવ્ય જ છે તેમાં માયાનો લેશપણ ભાવ નથી. વળી, મહારાજના સ્વરૂપની એ દિવ્યતા સમજવા, એ પરમ સત્ય સ્વરૂપને યથાર્થ ઓળખવા પોતાના ધામને પણ ઓળખવાની, તેનો સંબંધ કરવાની આવશ્યક્તા મહારાજે સમજાવી.

ઝીણાભાઈને આનંદ આનંદ થઈ ગયો. મહારાજના સ્વરૂપને સદા દિવ્ય સમજવાનું રહસ્ય પણ તેમને સમજાયું. મહારાજે સમજાવ્યું હતું કે અમારા મનુષ્ય સ્વરૂપમાં અને ધામમાં રહેલા અમારા દિવ્ય સ્વરૂપમાં સદા એકતા છે એવું જે સમજે છે તેણે તત્ત્વે કરીને અમારું સ્વરૂપ જાણ્યું છે. પછી તેને કાંઈ સમજવાનું રહેતું નથી. ઝીણાભાઈ આ મર્મ પરખી ગયા. મહારાજ હસે, વઢે, અવગણના કરે, તિરસ્કાર કરે તોપણ તેમની તે દરેક ચેષ્ટા દિવ્ય છે. તેમાં ભક્તની ભક્તિની કસોટી છે. તેનું માપ તે ચરિત્રોનાં મૂલ્યાંકનમાં થઈ જાય છે.

બીજે દિવસે મુનિબાવાએ[૬૬] મહારાજને ફરિયાદ કરી : ''આ હર્યાનંદ અને વિશ્વાસચૈતન્યાનંદ સદ્‌ગુરુ બની ગયા છે અને હરિભક્તો પાસે પદાર્થો મંગાવી તેમને લૂંટે છે.''

મહારાજે તરત જ કહ્યું : ''તે બનેને બોલાવો.''

તે બંને સંતો મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને પૂછ્યું ત્યારે તેઓ કાંઈ બોલી શક્યા નહીં. મહારાજે પછી કહ્યું : ''સેવા કરવા માટે પણ અમારા

---

૬૬. મુનિબાવા મહાસમર્થ વિદ્વાન હતા. ષડ્દર્શનાચાર્ય, વેદાંતાચાર્ય અને વ્યાકરણાચાર્યની ઉપાધિ તેમણે પ્રાપ્ત કરી હતી. આબુમાં પચ્ચીસ વર્ષ મૌનવ્રત પાળીને તપશ્ચર્યા તેમણે કરી હતી. તેથી મુનિબાવાને નામે જાણીતા થયા હતા. સૂરતના અરદેશરજી કોટવાલ (કોતવાલ) તેમજ ત્યાંના તે સમયના નવાબ પણ તેમના શિષ્ય હતા. સ્વામિનારાયણ પ્રત્યે તેમને અણગમો હતો. તેથી બ્રહ્માનંદ સ્વામી મહારાજની આજ્ઞાથી તેમની પાસે છૂપા વેષમાં રહ્યા. ધીરે ધીરે મુનિબાવાને સ્વામીના ચારિત્ર્યથી, વિદ્વત્તાથી અને સાધુતાથી તેમનો ગુણ આવ્યો. પછી બ્રહ્માનંદ સ્વામીએ તેમને મહારાજનો મહિમા સમજાવ્યો અને પોતાની સાથે ગઢપુર લઈ આવ્યા. મહારાજનાં દર્શન કરાવ્યાં. મહારાજનાં દર્શનથી તેમને તરત જ સમાધિ થઈ ગઈ અને પચ્ચીસ વર્ષના તપથી જે નહોતું સધાયું, તે અહીં એક ક્ષણમાં સધાઈ ગયું. ત્યારથી તેઓ મહારાજના અગ્રગણ્ય પરમહંસ તરીકે રહ્યા. વિસ્તાર માટે જુઓ : 'બ્રહ્મસંહિતા'; લેખક-પ્રકાશક : રાજ્યકવિ માવદાનભાઈ રત્નુ.

ત્યાગીઓએ હરિભક્તો પાસે કાંઈ પણ માગવું નહીં. જે સંત અમારી આ આજ્ઞા લોપશે, તે ગુરુદ્રોહી અને વચનદ્રોહી ગણાશે.''

આ સત્સંગના નિયમ તમે ધાર્યા એટલે સાચા ધર્મવંશી થયા

રામપ્રતાપભાઈ દ્વારિકાની યાત્રા કરીને અહીં આવી ગયા. આ ઉત્સવ ઉપર ગ્વાલિયર, ઉજ્જૈન વગેરે રાજસ્થાનના હરિભક્તો પણ આવ્યા હતા. તેમણે મહારાજની પૂજા કરી. બુંદેલખંડી પાઘ, શેલુ અને સ્ફટિકની માળા ધરાવી. રામપ્રતાપભાઈ પોતાના ભાઈનો આ પ્રતાપ જોઈ રહ્યા. તેમને છપૈયાની લીલા યાદ આવતી ત્યારે તે રડતા. 'ઘનશ્યામને હમે નહિ પેછાણ્યા' – એવા શબ્દો વારંવાર બોલતા. હવે તેમને લગની લાગી ગઈ – ઘનશ્યામની સેવા કરવાની. મહારાજ માટે તેઓ જ રસોઈ બનાવતા. પોતે શોખીન હતા તેથી વાનગીઓ પણ પુષ્કળ અને સ્વાદિષ્ટ બનાવતા. પરંતુ વારંવાર રડતા તેથી મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : ''તમે જો સત્સંગનો જોગ રાખો તો તમારાં દુઃખમાત્ર દૂર થઈ જાય.''

રામપ્રતાપભાઈના અંતરમાં આ વાત ઊતરી ગઈ. તેમણે તરત જ મહારાજ પાસે નિયમ લીધા. મહારાજે તેમને કહ્યું : ''હવે તમારાં બધાં દુઃખ દૂર થઈ ગયાં. આ સત્સંગના નિયમ તમે ધાર્યા એટલે સાચા ધર્મવંશી થયા. સત્સંગના નિયમોનું યથાર્થ પાલન કર્યા સિવાય ધર્મવંશી કહેવાતા હોય પણ લોકો તેવું માને નહીં.''[૬૭]

રામપ્રતાપભાઈ શૂરવીર હતા એટલે શિર સાટે મહારાજે આપેલા નિયમોનું પાલન કરવા તેમણે નિશ્ચય કરી લીધો. તેમનો મહારાજ માટેનો પ્રેમ, તેમની કીર્તન-ભક્તિમાં દેખાતો. મહારાજની સન્મુખ સ્થિર દૃષ્ટિ કરી તે દુક્કડ વગાડતાં વગાડતાં ગાતા અને મહારાજની દૃષ્ટિ તેમની દૃષ્ટિમાં એક થતી ત્યારે તેમની આંખોમાંથી હર્ષનાં આંસુ પડતાં.

ભગવાનમાં દિવ્યભાવ હોય એ જ સાચો સ્થિતપ્રજ્ઞ

માંગરોળથી આણંદજી સંઘેડિયા આવ્યા. તે કાષ્ટનાં પાત્રો લાવ્યા હતા. તે

૬૭. *સત્સંગ કે નિયમ ધરે જ બહુ, સાચ ધર્મવંશી ભયે તબહું,*
સત્સંગ કે નિયમ બિન જેતા, ધર્મવંશી હોય વરતે તેતા...૧૨
– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૨૫, તરંગ-૨૩.

તેમણે મહારાજને આપ્યાં. મહારાજ પાત્રો જોઈ રાજી થયા. પછી જે સંત પાસે પાત્રો ન હતાં તેમને બોલાવીને પાત્રો આપ્યાં. જેમનું પાત્ર ફૂટી ગયું હતું તે પોતે જોઈને તેમને નવું આપ્યું. વધેલાં પાત્રો ઝીણાભાઈને આપ્યાં અને કહ્યું : "હમણાં રાખી મૂકો, સંતો આવશે એટલે તેમને જરૂરિયાત પ્રમાણે આપીશું."

મહારાજ માટે નિષ્કુળાનંદ સ્વામીએ મંચ બાંધ્યો હતો તે ઉપર મહારાજ બિરાજતા. ગુણાતીતાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી વગેરે સંતો ગરબીનાં પદો ગાતા. સાથે વાજિંત્રો પણ વાગતાં એટલે કીર્તન-ભક્તિનો રંગ જામતો. પ્રસાદમાં દેશદેશના હરિભક્તો ખારેક, ખજૂર અને ટોપરાં, ધાણી, પતાસાં લાવતા તે સૌને વહેંચી દેતા.

ઝીણાભાઈનો આનંદ સમાતો ન હતો. તેમને લાગ્યું કે મહારાજે તેમના તમામ મનોરથો પૂરા કર્યા છે. રસોઈઓ આપી મહારાજને વસ્ત્રાભૂષણો ધરાવ્યાં, સંતોની સેવા કરી અને મહારાજની દિવ્ય અને માનુષી લીલાનાં દર્શન પણ કર્યાં. તેમાં સમભાવ રાખવાના પ્રયત્નનો યોગ હવે તે સાધવા લાગ્યા. મહારાજે સમજાવ્યું હતું કે માન-અપમાન, સુખ-દુઃખ, હાણ-વૃદ્ધિ આ બધા દ્વંદ્વોમાં તો સમભાવ સિદ્ધ કરી શકાય, પરંતુ ભગવાનનાં મનુષ્ય ચરિત્ર અને દિવ્ય ચરિત્રોમાં જ્યારે સમભાવ સિદ્ધ થાય ત્યારે જ તે સાચો સ્થિતપ્રજ્ઞ બને છે.

રામપ્રતાપભાઈની વિદાય

પંચાળામાં થોડા દિવસ રહ્યા બાદ રામપ્રતાપભાઈને થયું કે છપૈયા જવું અને સંબંધીઓને લઈ આવવા. સૌને આ લાભ મળે એવી તેમના મનમાં ભાવના હતી. તેમણે મહારાજને આ વાત કરી. મહારાજે સંમતિ આપી. એટલે તેમણે છપૈયા જવા માટે તૈયારી કરી. સાથે નિર્ગુણમુનિ વગેરે સંતો-પાર્ષદોને પણ લઈ જવાની આજ્ઞા માંગી.

સૌ તૈયાર થયા. જતી વખતે રામપ્રતાપભાઈની આંખોમાં આંસુ આવી ગયાં. મહારાજે તેમને શાંત કરતાં કહ્યું : "આ તો થોડા મહિનાનો વિયોગ છે. માટે ધીરજ રાખો."

તેમની સાથે જનારા સંત-પાર્ષદોને પણ મહારાજ મળ્યા. બે-ત્રણ સંતો મહારાજની આજ્ઞા વગર સાથે જવા તૈયાર થયા. નવીન દેશ જોવાની મનમાં ઇચ્છા હતી એટલે એ ભાવને રોકી શક્યા નહીં. મહારાજે પણ તેમને રોક્યા નહીં.

મહારાજ ઉદાસ થાય છે

પંચાળામાં સંતો હતા. હરિભક્તોનો સમૂહ હતો. ઝીણાભાઈ સેવામાં ખડે પગે હતા. પરંતુ મહારાજના મુખ ઉપર ઉદાસીનતાના ભાવો જણાવા લાગ્યા. શરીરે મંદવાડ પણ દેખાયો. મોટેરા સંતોને મહારાજની ઉદાસીનતાનું કારણ સમજાયું નહીં. શું રામપ્રતાપભાઈના વિયોગથી મહારાજ ઉદાસ થયા હશે ? આમ વિચારતાં તેમણે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! આજકાલ મહારાજ ઉદાસ કેમ જણાય છે ?"

મુક્તાનંદ સ્વામી પણ ઉદાસ દેખાતા હતા. તેમાં સંતોના આ પ્રશ્નોથી તેમની ઉદાસીનતા વધી. તેમણે કહ્યું : "મહારાજની ઉદાસીનતાનું કારણ હું જાણું છું. તેમને તો કોઈ સગાં-સંબંધી છે જ નહીં. એટલે કોઈનાય વિયોગમાં મહારાજ ઉદાસ થઈ જાય તેવું તો કલ્પી પણ કેમ શકાય ?"

મુક્તાનંદ સ્વામીના આ શબ્દોથી મોટેરા સંતોને તેમની ભૂલ સમજાણી. મહારાજના સ્વરૂપમાં આવા ભાવો દેખવા, તેથી તો તેમને મનુષ્ય જેવા જ જાણ્યા કહેવાય. મુક્તાનંદ સ્વામીએ વાત કરતાં કહ્યું : "મને અત્યારે રામાનંદ સ્વામીની વાત યાદ આવે છે. તેઓ કહેતા કે મહારાજ સ્વભાવે ત્યાગી જ છે.[૬૮] તેથી જો તેમના સંબંધીઓ તેમની ભેગા થશે, તો મહારાજ ઉદાસ થઈ જશે. ત્યાં સુધી તેઓ સંતો, હરિભક્તોને અપાર સુખ આપશે. પણ સંબંધીઓ આવશે

---

૬૮. *રામાનંદ સ્વામી હિ જબહી, રહાયે બોલત તબહી,*
શ્રીહરિ કે સંબંધી જેતે, ભેગે ન ભયે તિયાં લગ તે તે. ૭
શ્રીહરિ સંત હરિજન તાકું, સુખ દેવહિ અપાર જો વાકુ,
સંબંધી કે જોગ વહ જબહૂ, શ્રી હરિકો હોવાહિ તબહૂ. ૮
શ્રીહરિ ભયે ત્યાગી તિનકે કરીકે, ઉદાસ હો જાવ હિ ઈન કરીકે,
ઉપરસે સંત હરિજન તિનકું, હિત દેહી બોલાવ હિ ઈનકું. ૯
અંતરમેં વરતન ઈસ રીતા, કબુ યહ તન ત્યાગ કરીતા,
ભગવાનકે ભક્તપનાં જીતનાં, ધર્મ રખવેમેં પ્રીતિ તિતના. ૧૦
શ્રીહરિ સંબંધી માનત તેહી, ત્યાગ ન કરત તાકે કબુ તેહી,
ભગવાન કે ભક્તપનેમેં જાકુ, જીતના કસર રખત વાકું. ૧૧
ધર્મમેં કસર જીતનાં જીનહિ, ભક્ત હોઈ રખત તિનહી,
શ્રી હરિ યહ જાનત રહેઉ. બિન જાને રતિભર રહે ન તેઉ. ૧૨
— શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૨૫, તરંગ-૪૮.

એટલે ઉપર ઉપરથી સંતો, હરિભક્તોને બોલાવશે પણ અંતરમાં દેહત્યાગ કરવાની ભાવના તીવ્ર બની જશે. તેમના સાચા સંબંધી તો જેમના અંતરમાં ધર્મ અને ભક્તિ છે તે જ છે."

મુક્તાનંદ સ્વામીની આ વાત સાંભળી સૌ સંતો, હરિભક્તો પણ ઉદાસ થઈ ગયા. સૌ વિચારવા લાગ્યા કે હવે શું કરવું ? સંબંધીઓ તો હવે પાછા આવવાના જ અને મહારાજ તેમના સંકલ્પ પ્રમાણે ઉદાસ થઈ જશે, દેહત્યાગ કરી દેશે તો સમગ્ર સત્સંગની ઇમારત ભાંગીને ભુક્કો થઈ જશે. સૌએ વિચાર કર્યો. મહારાજ પાસે જઈ પ્રાર્થના કરવી, ધર્મસંકટ આવ્યું છે તેનું નિવારણ કેમ કરવું તે ઉપાય મહારાજને જ પૂછવો. સંતો, હરિભક્તો સૌ જો ભક્તિમાં દૃઢ રહેશે, તો મહારાજ કદાપિ તેમનો ત્યાગ કરશે નહીં.

ઝીણાભાઈના દરબારની પાછળ વાડામાં મહારાજ માટે ખાસ શમિયાણો બાંધ્યો હતો. મહારાજ ત્યાં જ રહેતા. રામપ્રતાપભાઈ પંચાળા આવ્યા પછી કથા પ્રસંગ સિવાય મહારાજ બહાર આવતા નહીં. આજે પણ મહારાજ શમિયાણામાં જ પલંગમાં પોઢ્યા હતા. એટલામાં મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો ત્યાં આવ્યા.

મહારાજ પોઢ્યા હતા. મહારાજના શરીરમાં ધ્રુજારી જોઈ મુક્તાનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા. તેમના હાથનો સ્પર્શ કર્યો તો ધાણી ફૂટે એવો તાવ હતો. સ્વામીએ મહારાજની નાડી તપાસી. મહારાજના મંદવાડથી મુક્તાનંદ સ્વામીની આંખમાં આંસુ આવી ગયાં અને એ અશ્રુનું એક ટીપું મહારાજના ગાલ ઉપર પડ્યું. મહારાજ ચમક્યા ! તેમણે સ્વામી સામું જોયું : "સ્વામી ! તમે રડો છો કેમ ?"

સ્વામીએ આંખો લૂછતાં કહ્યું : "મહારાજ ! આપની ઉદાસીનતા જોઈ કોણ ઉદાસ ન થાય ? આપનો વિષમજ્વર અમારાં કાળજાં ભાગી નાંખે છે."

મહારાજે આ સાંભળી એક ઊંડો નિઃશ્વાસ મૂક્યો. મુક્તાનંદ સ્વામી પણ એ જ ભાવમાં બોલતા હતા : "મહારાજ ! આપ પરાત્પર પુરુષોત્તમ નારાયણ પૃથ્વી ઉપર પધાર્યા. પૃથ્વીના અધર્મ સર્ગનો નાશ કરી, એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું. જગતે કદી ન જોયેલાં એવાં સ્ત્રી અને ધનના પાંચસો ત્યાગી બનાવી, સાધુઓ માટે એક શુદ્ધ આદર્શ સ્થાપી દીધો. આ બધું જ આપનું કાર્ય, આપ જો ઉદાસ થઈ જશો તો જગત ભૂલી જશે અને મુમુક્ષુ માટે કલ્યાણનો માર્ગ બંધ થઈ જશે."

મહારાજ સાંભળતા હતા. તેમણે ધીરેથી પૂછ્યું : "સ્વામી ! તો શું કરવું ?"

સ્વામીએ તરત જ કહ્યું : "મહારાજ ! આ લોકમાં કોઈ સંન્યાસી મહાત્મા હોય છે તે પણ પોતાનો મઠ કે આશ્રમ બાંધી પોતાની સ્મૃતિ રાખી જાય છે અને આપ આપના પ્રાગટ્યની, આપના સ્વરૂપની શુદ્ધ ઉપાસનાની એવી કોઈ સ્મૃતિ રાખ્યા સિવાય આમ ઉદાસ થઈ જાઓ તેમાં સમગ્ર સત્સંગને તો ખોટ પડશે જ, પરંતુ સમગ્ર વિશ્વને પણ એ ખોટ ભવિષ્યમાં સાલશે. આપના કાર્યનું મૂલ્યાંકન કદાચ આજે લોકો નહીં કરી શકે, પરંતુ બસો વર્ષ પછી લોકોને સમજાશે કે પરાત્પર પુરુષોત્તમ નારાયણ પૃથ્વી ઉપર પધાર્યા હતા અને ભાગવત ધર્મનું સંસ્થાપન કર્યું હતું. થોડા દિવસ પહેલાં જ આપે આપનું તિલક બતાવીને સૌને કહ્યું હતું કે 'હું જેવો કોઈ ભગવાન નથી.' તો એ ભગવાનનો અણસાર ભવિષ્યની મુમુક્ષુ જનતાને આવવા દેવો છે કે નહીં ?"

મહારાજ હજુ સ્થિરતાથી સાંભળતા જ હતા. મુક્તાનંદ સ્વામી આટલા શબ્દો કહી મહારાજ સામું જોઈ રહ્યા. ત્યારે મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમે જે કહ્યું તેનો મોટેરા સંતો મળી વિચાર કરો અને અમને કહો. તે પ્રમાણે અમે કરીશું." સૌ સંતોએ ત્રણ-ચાર દિવસ ભેગા મળી વિચાર કર્યો. મહારાજનો મંદવાડ પણ ઓછો થયો નહીં. મહારાજની અકળામણ સૌ સંતો સમજી ગયા હતા, પરંતુ હવે કોઈ છૂટકો ન હતો.

મુક્તાનંદ સ્વામી ત્રણ વિનંતી કરે છે

પાંચમે દિવસે બધા ભેગા મળીને મહારાજ પાસે ગયા. મહારાજ તેમને જોઈ પ્રસન્ન થયા. તેમણે પૂછ્યું : "શું નિર્ણય કર્યો ? સંપ્રદાયનું બંધારણ સારું થાય તેવું વિચાર્યું ?"

એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! અમે સૌએ એમ નિર્ણય કર્યો છે કે સંપ્રદાયનું મૂળ પૃથ્વીનું પીઠ રહે ત્યાં સુધી જળવાય તે માટે મોટાં શિખરબદ્ધ મંદિરો કરવાં; તેના વહીવટ માટે આચાર્ય કરવા અને સંપ્રદાયની પુષ્ટિ માટે સત્ શાસ્ત્રો રચાવવાં."[૬૯]

મુક્તાનંદ સ્વામી આટલું બોલી મહારાજ સામું જોવા લાગ્યા. સૌ સંતોની

---

૬૯. આ સંકલ્પો સત્સંગિજીવન, ૪-૨૪માં; શ્રીહરિદિગ્વિજય, ઉલ્લાસ-૩૯માં તથા શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૨૫, તરંગ-૫૩માં ગઢડામાં કર્યા એવો ઉલ્લેખ છે. જ્યારે હરિચરિત્રચિંતામણિમાં તથા પરંપરાગત સંપ્રદાયમાં પંચાળામાં કર્યા એવી વાત પ્રચલિત છે.

દૃષ્ટિ પણ મહારાજના મુખારવિંદ ઉપર સ્થિર હતી. મુક્તાનંદ સ્વામીના આ સૂચનોનો મહારાજ શું પ્રત્યુત્તર આપે છે તે જાણવા સૌ આતુર હતા. થોડી વારે મહારાજે ધીરેથી કહ્યું : "તમે સૌએ મળીને સંકલ્પો કર્યા છે. તેનાથી સંપ્રદાયની પ્રથા બંધાશે. પરંતુ એટલું જાણજો કે અમારે તો સંબંધીઓમાં હેત નથી, દેહના સંબંધીઓને અમે સગા માનતા જ નથી. પરંતુ રામાનંદ સ્વામીએ એમના ચરણસ્પર્શ કરાવી અમને કહ્યું હતું કે 'સંતોનું સદાય શુભ થાય એવું કરજો.' સંપ્રદાયમાં, જે મોટેરા હોય તેની સારપે સંપ્રદાયની સારપ છે. તેમના વર્તનથી આશ્રિત જનો તેમને અનુસરે છે અને તેમના જેવું વર્તન રાખવા પ્રેરાય છે. તમારી ઇચ્છાને આધીન અમે છીએ એટલે તમને સૌને સુખ થાય એવું અમારે કરવું જોઈએ." એટલું કહીને મહારાજ અટક્યા. બોલવામાં થાક જણાતો હતો. શ્વાસ પણ ચડતો હતો.

તેથી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! અમારા સૌની નહીં, પરંતુ સમગ્ર સત્સંગની એવી ઇચ્છા છે કે આપ આ ઉદાસીનતા ટાળો, માંદગીનો ત્યાગ કરો અને સંપૂર્ણ સ્વસ્થ થઈને સૌને શાંતિ અને આનંદ થાય તેવું કરો."

સાચા ત્યાગી

એક નિઃશ્વાસ નાખતાં મહારાજે કહ્યું : "ભલે, તમારી ઇચ્છા પ્રમાણે વર્તીશું." એટલું બોલીને મહારાજે ધીરેથી કહ્યું : "રામનવમીનો ઉત્સવ અહીં કરીને દશમીને દિવસે અહીંથી નીકળી ગઢપુર જઈશું. તમારા સૌના સંકલ્પથી મંદવાડ આજથી જ ગયો."

પોતાના ભક્તોએ સત્સંગના હિત અર્થે સંકલ્પો કર્યા હતા. તેથી ભક્તોના આનંદ માટે મહારાજે પોતાની ઉદાસીનતા ટાળી. છતાં તેઓના આ વર્તનથી શુદ્ધ ત્યાગની ઝલક સૌને ઓળખાઈ ગઈ ! દેહ ને દેહના સંબંધીઓ વિશે અહં-મમત્વની ભાવનાનો ત્યાગ કરે એ ત્યાગી. પંચવર્તમાનમાં દૃઢ રહે એ ત્યાગી. વર્ણ અને આશ્રમનું માન મૂકે એ ત્યાગી અને બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરે એ સાચો ત્યાગી ! સાચા ત્યાગીનાં આ લક્ષણો છે. વિશ્વના મુમુક્ષુ જીવોએ પોતાના કલ્યાણ માટે આવા ત્યાગીના પ્રાગટ્યને પિછાણવું જ પડશે.

મહારાજે સાજા થવાનો સંકલ્પ કર્યો તેથી સૌના જીવમાં જીવ આવ્યો. દરબાર ઝીણાભાઈને પણ અત્યંત આનંદ થયો. આ ખુશાલીમાં તેમણે તે દિવસે મોતીચૂર લાડુની રસોઈ કરાવી. રસોઈ તૈયાર થઈ. પાંચ થાળમાં લાડુ ભરીને

તેઓ મહારાજ પાસે લાવ્યા. મહારાજે દરેક સંતને બબ્બે લાડુ આપ્યા. પછી હસતાં હસતાં કહ્યું : ''અમે સાજા થયા તેની ખુશાલીમાં ઝીણાભાઈએ આવી ઉત્તમ રસોઈ કરાવી છે.''

મહારાજ ગઢપુર પધારે છે

આ.સં. ૧૮૭૭ના હરિજયંતીનો ઉત્સવ મહારાજે પંચાળામાં કર્યો.[૭૦] ઝીણાભાઈના સમગ્ર કુટુંબનો ભક્તિભાવ જોઈ મહારાજ પંચાળામાં એક માસથી વધુ રોકાયા. ઝીણાભાઈને સંતોષ થયો. આત્યંતિક કલ્યાણના સાધનમાં મહારાજે એક જ સાધન બતાવ્યું છે : પ્રગટ ભગવાનની ભક્તિ અને તેમના સ્વરૂપમાં ચિત્તની વૃત્તિ ! આવો યોગ થાય ત્યારે એ ભક્તિ વૃદ્ધિ પામે, ચિત્તમાં નિર્મળતા આવે અને પ્રગટ પ્રભુના સ્વરૂપની દિવ્યતા વિશેષ ને વિશેષ સમજાય.

પંચાળાથી મહારાજ ચૈત્ર સુદ ૧૦ને દિવસે નીકળ્યા.[૭૧] માણાવદર પધાર્યા અને મયારામ ભટ્ટને ત્યાં રાત રહ્યા. ત્યાંથી નીકળી ગણોદ થઈ જાળિયા હીરાભાઈ ઠક્કરને ત્યાં પધાર્યા. સાત વર્ષ પહેલાં મહારાજે અહીં પધારી મંદવાડ ગ્રહણ કર્યો હતો. મદવાડ દરમ્યાન મહારાજે અનેક પ્રકારના મનુષ્યભાવ બતાવ્યા હતા. પરંતુ હીરાભાઈનો મહારાજના સ્વરૂપ પ્રત્યેનો દિવ્યભાવ લેશમાત્ર ઓછો થયો ન હતો. મહારાજ તેમની નિષ્ઠાની દૃઢતાથી તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા હતા. અહીં આવીને હસતાં હસતાં તે બધી સ્મૃતિ તાજી કરી.

જાળિયાથી ઉપલેટા, ઝાંઝમેર, દૂધીવદર, બંધિયા, નવાગામ, પીપળિયા, રાયપુર, વાંકિયા અને ખંભાળા થઈને મહારાજ માંડવધાર પધાર્યા.

ગઢપુરના હરિભક્તો મહારાજનું સામૈયું કરવા માંડવધાર આવી ગયા હતા. જીવાખાચર, દાદાખાચર તથા તેમનો પરિવાર સૌ મહારાજનાં દર્શન કરી કૃતકૃત્ય થઈ ગયા. વાજતે-ગાજતે મહારાજ ગઢપુર પધાર્યા અને સીધા જીવાખાચરના દરબારમાં આવ્યા.

વેદધર્મની પ્રતિષ્ઠા કરવા અમે સાજા થયા છીએ

મહારાજ લગભગ આઠ મહિના બાદ પધાર્યા. વળી, પંચાળામાં મંદવાડ પણ ગ્રહણ કર્યો હતો, તેનો ત્યાગ કરી સ્વસ્થ થઈ પધાર્યા તેની વધામણીમાં

૭૦. શ્રીહરિલીલામૃત : ૮-૧માં આ ઉત્સવ જૂનાગઢમાં કર્યો એવો ઉલ્લેખ છે.

૭૧. પંચાળાનાં વચનામૃત પૂરાં થયાં.

જીવાખાચર સાકરના થાળ ભરીને લાવ્યા. મહારાજે પોશે પોશે સૌને સાકર વહેંચી. પછી ત્યાંથી નીકળી દાદાખાચરના દરબારમાં પધાર્યા. અહીં ઉગમણા ભવનની ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજ્યા. આજુબાજુ તથા ચોકમાં સંતો, હરિભક્તોની સભા થઈ ગઈ. અહીં મહારાજે પંચાળામાં કરેલા ઉત્સવની વાત કરી. પછી કહ્યું : "અમે મંદવાડ ગ્રહણ કર્યો હતો, પરંતુ આ સંતોએ સંકલ્પ કર્યો તેથી વેદધર્મની પ્રતિષ્ઠા કરવા સાજા થયા. વેદપુરાણમાં કહેલા ધર્મોના વિકાસનું, તેની સ્થિરતાનું મૂળ મંદિરો છે. મંદિરો હશે, સાચા ત્યાગીઓ હશે અને જ્ઞાનવાર્તાનો ઉપદેશ હશે તો વેદપુરાણોમાં લખેલા ધર્મો સચવાશે. નહીં તો તે ધર્મો કેવળ ગ્રંથોમાં જ પુરાયેલા રહેશે. આપણે આ પ્રવૃત્તિ પણ હવે શરૂ કરવી જોઈએ."

બોચાસણથી કાશીદાસ મુખી આવે છે

મહારાજે પંચાળામાં મંદવાડ ગ્રહણ કર્યો હતો અને હવે સાજા થઈ ગઢપુર પધાર્યા છે તે સમાચાર જાણી ગુજરાતમાંથી હરિભક્તો મહારાજનાં દર્શન કરવા આવવા લાગ્યા. બોચાસણથી મુખી કાશીદાસ પટેલ પણ આવ્યા. મહારાજે તેમને પૂછ્યું : "તમે શી રીતે આવ્યા ?"

ત્યારે તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! કેવળ આપની કૃપાથી અવાયું છે. સરકારી મહેસૂલ ભરવાનો ઈજારો રાખ્યો હતો. પણ ગઈ સાલ દુકાળ જેવું હતું. તેથી મહેસૂલ ભરી શક્યા નહીં. એટલે સરકારે અટકમાં નાખી દીધો."

મહારાજ આ સાંભળી હસવા લાગ્યા. તેમણે પૂછ્યું : "તમારા જેવા મુખીને પણ છોડ્યા નહીં ?"

"ના, મહારાજ ! અત્યારે તો કાયદાનું નામનિશાન રહ્યું નથી. બોલાવીને પૂછે તો કોઈના જામીન પણ આપીએ, મહેસૂલની રકમ જેટલી જમીન પણ લખી આપીએ, પણ આ તો સીધા જ પૂરી દીધા." કાશીદાસે કહ્યું.

"પછી શું થયું ?" મહારાજે પૂછ્યું. સભા બધી આતુરતાપૂર્વક આ વાત સાંભળી રહી હતી.

"સવાર પડી ને મેં સિપાઈઓને કહ્યું : 'મારે નાહીને, પૂજા કરીને, જમવાનું નિયમ છે. તો જો વાત્રકમાં નાવા લઈ જાવ તો નિયમ પળાશે અને જમાશે.' તેના અંતરમાં આપ વસ્યા અને મને વાત્રક નદીએ લઈ ગયા. હું નહાવા પડ્યો ને પછી શું થયું તે કાંઈ ખબર પડી નહીં. બહાર નીકળીને જોયું તો ગુજરાતનું ઝાડવું જ દેખાયું નહીં. પછી પૂછ્યું, ત્યારે ખબર પડી કે હું તો

ગઢડાની નજીકમાં જ છું. એટલે ચાલતો ચાલતો આપની પાસે આવ્યો. આપનાં દર્શન થયાં અને તાપમાત્ર શમી ગયાં.''

મહારાજે તેમને કહ્યું : ''હવે તમે જશો ત્યારે ઉપાધિ ટળી ગઈ હશે. અંગ્રેજ સરકારનો અમલ શરૂ થઈ ગયો છે અને કાયદાનું ચલણ વ્યવસ્થિત થવા લાગ્યું છે.''

મહારાજના શરીરે મંદવાડનાં ચિહ્નો હજુ હતાં એટલે મહારાજ સભામાં ઝાઝું બેસતા નહીં. અક્ષર ઓરડીમાં બિરાજતા હોય ત્યારે રજા સિવાય કોઈને આવવા દેતા નહીં. હરિભક્તો સૌ દરબારના ચોકમાં કે વાસુદેવ નારાયણના ઓરડા પાસે કે સાધુની જગ્યામાં બેસતા અને સંતો સાથે ગોષ્ઠિ કરતા.

બાવળ આવે, લીમડા આવે તો આંબો કેમ ન આવે ?

ઝિંઝુડાથી મોદી આંબા શેઠ મહારાજનાં દર્શને આવ્યા. પણ બહાર ઊભેલા પાર્ષદે તેમને અટકાવ્યા. શેઠે પાર્ષદને હાથ જોડીને કહ્યું : ''મારે તો મહારાજના સ્વરૂપની ઝાંખી જ કરવી છે; તરત પાછો વળી જઈશ. તો મહારાજને જરા પૂછી જુઓ.''

પાર્ષદ તરત જ મહારાજ પાસે ગયો અને કહ્યું : ''મહારાજ ! ઝિંઝુડાથી મોદી આંબા શેઠ દર્શને આવ્યા છે. આપ આજ્ઞા આપો તો મોકલું.''

એટલે મહારાજે કહ્યું : ''ભલે આવે. આંબા શેઠને આવવા દ્યો. બાવળ અને લીમડા આવે તો આંબાને ના કેમ પડાય ?''

પાર્ષદ આંબા શેઠને મહારાજ પાસે લઈ ગયા. મહારાજનાં તેમણે દર્શન કર્યાં. મહારાજે તેમને કહ્યું : ''આંબા શેઠ ! કેવળ ઝાંખી કરવાથી આ સ્વરૂપ અંતરમાં નહીં ઊતરે. માટે નીરખી નીરખીને દર્શન કરી લ્યો. અમે આ બ્રહ્માંડમાં કદી આવ્યા નથી અને આવશું પણ નહીં. માટે છેટેથી આવ્યા છો તો પાંચ દિવસ રોકાજો અને દર્શનનો લાભ લેજો.'' એટલું કહીને મહારાજે તેમના મસ્તક ઉપર બે હાથ મૂક્યા. શાંતિનો શેરડો પડ્યો હોય એવું આંબા શેઠનું હૈયું ટાઢું થઈ ગયું !

કાશીદાસના ઘર ઓલવવા અમારે જવું પડ્યું

સાંજે મહારાજ સભામાં બિરાજ્યા હતા. એવામાં એકાએક મહારાજે બ્રહ્મચારીને બોલાવ્યા. બ્રહ્મચારી દોડતા આવ્યા. મહારાજે તેમને કહ્યું : ''બ્રહ્મચારી ! ઝટ તેલ લઈ આવો. અમારા આ બંને હાથ દાઝી ગયા છે.''

બ્રહ્મચારી આ સાંભળી મૂંઝાયા. એટલે મહારાજે તેમને પોતાના હાથ બતાવ્યા. બંને હાથે ફોડલા પડી ગયા હતા. ચામડી લાલ લાલ થઈ ગઈ હતી. બધા સંતો અને હરિભક્તો એકદમ ઊભા થઈ ગયા. મુક્તાનંદ સ્વામીએ ચિંતિત થતાં મહારાજને પૂછ્યું : "મહારાજ ! એકાએક આ શું થયું ? આપ તો અહીં બિરાજો છો અને અહીં ક્યાંય અગ્નિ નથી તો પછી દાઝ્યા કેમ ?"

મહારાજે કહ્યું : "પહેલાં તેલ તો ચોપડવા દ્યો !"

મુકુન્દ બ્રહ્મચારીએ મહારાજના બંને હાથે ધીરેથી તેલ ચોપડ્યું. હાથ બરોબર મૂકી શકાય તે માટે ખોળામાં નરમ ઓસીકું મૂક્યું, ઉપર એક વસ્ત્ર પાથરી દીધું. મહારાજ બ્રહ્મચારીની સેવાથી પ્રસન્ન થઈ ગયા. મહારાજના શરીરની તેઓ ખૂબ જ કાળજી રાખતા. મહારાજની દરેક પ્રકારની સગવડ સાચવવાની, અનુકૂળતા જાળવવાની તેઓ પળે પળે ચિંતા કરતા.

પછી મહારાજે બધાને બેસી જવા આજ્ઞા કરી. સૌ બેઠા એટલે મહારાજે કહ્યું : "આ કાશીદાસ મોટા, બોચાસણના મુખી અહીં અમારાં દર્શન કરવા સારુ આવ્યા છે. પણ બોચાસણમાં તેમના ઘરને આગ લાગી એટલે તે ઓલવવા અમારે ત્યાં જવું પડ્યું. અગ્નિદેવતાએ બંને હાથનો સ્પર્શ કરી લીધો. અમારા સ્પર્શની શાંતિ તેણે લીધી અને તેની ગરમી અમને આપી."

સૌને આ સાંભળી આશ્ચર્ય થયું ! કાશીદાસ મોટાની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં : "અહો પ્રભુ ! આપ અમારી આટલી બધી સંભાળ રાખો છો ! અમે તો આપને માટે કાંઈ જ કરી શકતા નથી." મહારાજનાં ચરણમાં મસ્તક મૂકી તે રડી પડ્યા.

મહારાજે કહ્યું : "મોટા ! એ તો અમારું બિરુદ છે. તમે અમારું ભજન કરો અને અમે તમારું ભજન કરીએ. ભક્તને ને ભગવાનને આવો સંબંધ સદા હોય છે. તેમાં અમે કાંઈ નવીન કર્યું નથી." એમ કહીને પછી કાશીદાસને કહ્યું : "હવે તમે કાલે બોચાસણ જાઓ. બળેલો કાટમાળ કાઢી નાખજો. બારી ઉપર અમે બેઠા હતા એટલે તે બળી નથી, પણ ધુમાડાથી કાળી થઈ ગઈ છે. એટલે તે એમ ને એમ રહેવા દેજો."[૭૨]

---

૭૨. આ જ સમયે બોચાસણમાં મહારાજ કાશીદાસ મોટાના ઘરની બારીએ બિરાજ્યા હતા અને અગ્નિને સ્પર્શ કરી આગ ઓલવી નાખી હતી. ઘણા ભક્તોને મહારાજનાં દર્શન થયાં હતાં. તેમના ઘરની બળેલી બારી હજુ પણ એ જ સ્થિતિમાં દીવાલમાં મોજૂદ છે.

બીજે દિવસે કાશીદાસ મહારાજનાં દર્શન કરી, આશીર્વાદ લઈ, ઘેર જવા નીકળી ગયા.

મહારાજે ભીમ એકાદશીનો સમૈયો અહીં જ કર્યો. દેશાંતરથી આવેલા હરિભક્તોના સંઘ વીખરાયા. મહારાજ જેઠ સુદ ૧૪ની અડધી રાત્રે જાગી ગયા. થોડી વાર પછી ઉત્તરાદિ દિશા સામું મુખ કરીને સૂતા, ત્યાં ધ્રુવનો તારો મહારાજે જોયો. એટલે મહારાજને વિચાર આવ્યો કે આ તો ઉત્તર ધ્રુવ છે પણ દક્ષિણ ધ્રુવ કહ્યા છે તે ક્યાં હશે ? પછી મહારાજે દક્ષિણ ધ્રુવ પણ જોયો. પછી સર્વે તારા, દેવતા ગ્રહોનાં સ્થાન વગેરે જોયાં. ત્યારબાદ મહારાજે અંતર્દષ્ટિ કરી. સ્વસ્વરૂપમાં વૃત્તિ જોડી સ્વરૂપના ધ્યાનમાં લીન થઈ ગયા. ઘણી વાર પછી કોઈક ભક્તે આવીને બહુ પ્રકારની સ્તુતિ કરી એટલે મહારાજ યોગસમાધિમાંથી જાગ્યા.[૭૩]

બીજે દિવસે પૂર્ણિમાની સભામાં મહારાજે રાત્રિની બધી વાત કરી મોહનું સ્વરૂપ સમજાવ્યું.

✧ ✧ ✧

આ પ્રાપ્તિ અવાંતર બીજા કોઈ લોકના મુક્તોને નથી

આષાઢી સંવત ૧૮૭૮નું વર્ષ બેઠું અને પૃથ્વી ઉપર વરસાદ પડ્યો. મહારાજના શરીરે હવે સુવાણ થવા લાગી હતી. અક્ષર ઓરડીમાં શ્રીહરિ બિરાજતા ત્યારે જીવુબા, લાડુબા, પાંચુબા, નાનીબા તેમજ દરબારમાં રહેતી બહેનો મહારાજ સન્મુખ બેસી મહારાજનાં દર્શન કરતી. લાડુબા, જીવુબા પોતાનાં પરમ ભાગ્ય માનતાં અને એ આનંદમાં 'અહો અહો' કરતાં. ત્યારે મહારાજ તેમને કહેતા : "તમને પરાત્પર પુરુષોત્તમ નારાયણની આજે પ્રગટ પ્રાપ્તિ થઈ છે. તે સ્વરૂપમાંથી રામ-કૃષ્ણાદિક અનંત અવતારો પ્રગટ થાય છે અને પાછા તે સ્વરૂપમાં લીન થઈ જાય છે."

મહારાજના જ શ્રીમુખે તેમના સર્વોપરી સ્વરૂપની વાત સાંભળી બહેનોને આનંદ થતો. તેઓ ઘણી વાર કહેતા : "આ પ્રાપ્તિ તમને છે ને અક્ષરમુક્તોને છે પણ અવાંતર બીજા કોઈ લોકના મુક્તોને આ પ્રાપ્તિ થઈ નથી."

જીવાખાચર દાદાખાચર વિરુદ્ધ ફરિયાદ કરવા ભાવનગર જાય છે

મહારાજ હવે સંપૂર્ણપણે સાજા થઈ ગયા હતા. સવાર-સાંજ સભામાં

---

૭૩. ગઢડા મધ્ય પ્રકરણના વચનામૃતની શરૂઆત આ.સં. ૧૮૭૭ જેઠ સુદ ૧૫થી થઈ.

પધારતા. જ્ઞાનવાતો પણ કરતા હતા. અહીં જન્માષ્ટમીનો ઉત્સવ કરી મહારાજને સારંગપુર, કારિયાણી જવાની ઇચ્છા હતી. પરંતુ હાલ તે સંકલ્પ તેમણે મનમા જ રાખ્યો હતો.

આ અરસામાં જીવાખાચરને દાદાખાચર સાથે વ્યવહાર સંબંધી કાંઈક તકરાર થઈ. તેથી જીવાખાચરના દ્વેષે માઝા મૂકી. તેણે દાદાખાચર વિરુદ્ધ ભાવનગર નરેશને ફરિયાદ કરવાનું નક્કી કર્યું. મહારાજ તેનો આ વિચાર જાણી ગયા. તેમણે જીવાખાચરને કહ્યું : "બાપુ ! દાદો તો તમારો દીકરો કહેવાય. માટે તમારે મોટું મન રાખવું જોઈએ."

પરંતુ જીવાખાચર કાંઈ બોલ્યા નહીં. એટલે મહારાજે કહ્યું : "બાપુ ! તમે તેના વિરુદ્ધ ભાવનગર જઈ ફરિયાદ કરવા ધારો છો પણ ફાવશો નહીં. માટે એ મનસૂબો મૂકી દેજો."

પરંતુ જીવાખાચરનો અગ્નિ પ્રજ્વલિત થઈ ગયો હતો. તેમણે કહ્યું : "મહારાજ ! મારે તો ભાવનગર બીજા કામે જવું છે, એટલે ગયા વિના છૂટકો નથી."

મહારાજ આ સાંભળી રહ્યા. તેમણે ધીમેથી કહ્યું : "ભલે ત્યારે, તમારી મરજીમાં આવે તેમ કરો, પણ ફાવશો નહીં."

જીવાખાચરે સાંભળ્યું ન સાંભળ્યું કરી ત્યાંથી ચાલવા માંડ્યું.

જીવાખાચર પોતાની ડેલીએ જઈને ભાવનગર જવા તૈયાર થઈ ગયા. અમૂલાબાએ પૂછ્યું : "બાપુ ! ભાવનગર જાઓ છો ?"

બાપુએ તરત જ કહ્યું : "હા, બેટા ! દાદાની ફાટ્ય બંધ કરવા જાઉં છું."

અમૂલાબા કાંઈ બોલ્યાં નહીં. પણ બાપુની જીદથી, દાદાખાચર પ્રત્યેના દ્વેષભાવથી તે કંટાળી ગયાં હતાં. તેના અંતરમાંથી નિઃશ્વાસ નીકળી ગયો. બાપુના કાન સુધી તેનો અવાજ પહોંચ્યો, ત્યારે જીવાખાચરે ઘોડી ઉપર પલાણ સરખું કરતાં કહ્યું : "અમૂલા ! તને ગમે કે ન ગમે પણ દાદાને તો હું જોઈ લઈશ. મહારાજ એનું જ ઉપરાણું લે છે. પણ હવે એમનું પણ કેટલું ચાલે છે તે પણ હું જોઈ લઈશ." એટલું બોલી ઘોડી ઉપર બેસી તેમણે ઘોડીનું ચોકડું મરડ્યું. ઘોડી જોતજોતામાં દરબારમાંથી અલોપ થઈ ગઈ !

જીવાખાચર ઘોડી ઉપરથી પડી જાય છે

દાદાના દરબારમાં મહારાજને ખબર મળ્યા કે જીવાખાચર ભાવનગર

જવા રવાના થઈ ગયા છે. મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''હમણાં પાછા ફર્યા જાણો ને !''

બરાબર આ જ વખતે માંડવધારને રસ્તે જતાં બાપુની ઘોડીને ઠેસ વાગી અને ઘોડી એકદમ ઊથલી પડી. બાપુ પણ નીચે પડી ગયા. પેંગડામાં પગ ભરાઈ ગયો હતો એટલે ઘસડાયા. શરીર છોલાયું. વાંસામાં ને માથામાં ખૂબ મૂઢ માર વાગ્યો.[૭૪]

મોટી ડેલીમાં આ ખબર કોઈકે આપ્યા એટલે તરત જ માણસો ત્યાં ગયા. બાપુને ઝોળીમાં સુવાડીને તેમના દરબારમાં લઈ આવ્યા.

મહારાજને આ સમાચાર મળ્યા એટલે તરત જ મહારાજ મુક્તમુનિને તથા બે પાર્ષદોને લઈને જીવાખાચરની ડેલીએ પધાર્યા. જીવાખાચરને ખાટલામાં સુવાર્યા હતા. મહારાજ પધાર્યા. બાપુ નિસ્તેજ થઈ ગયા હતા. અમૂલાબાએ મહારાજને પલંગ ઢાળી દીધો, ઉપર રેશમી ધડકી પાથરી દીધી. પછી ઓરડામાં ચાલ્યા ગયા.

મહારાજ પલંગ ઉપર બિરાજ્યા. મુક્તમુનિ બાપુના ખાટલાની પાંગત્યે બેઠા. જીવાખાચરે મહારાજને બે હાથ જોડ્યા. મહારાજે તેમના આખા શરીરે હાથ ફેરવ્યો અને કહ્યું : ''બાપુ ! અમે તમને વાર્યા હતા પણ તમે ન માન્યા. હવે વ્યવહારમાંથી પાછી વૃત્તિ કરી નાખો. કામ, ક્રોધ, ઈર્ષાના વેગને મોળા પાડી દ્યો. તો જ સત્સંગનું સુખ આવશે.''

જીવાખાચર સાંભળતા હતા પરંતુ કાંઈ બોલ્યા નહીં. મહારાજે કહ્યું : ''બાપુ ! માનવીનું ધાર્યું જો થતું હોય તો આ બ્રહ્માંડનું રાજ્ય લેવાના મનસૂબા તે કરે, પરંતુ ભગવાને પોતાના હાથમાં જ બધી દોરી રાખી છે. જ્યાં જેનું જેટલું ચાલવા દેવું હોય, ત્યાં તેટલું જ ચાલવા દે.'' એટલું કહીને મહારાજ ઊઠ્યા.

બાપુ જીવાખાચર ત્રાંસી નજરે મહારાજને જતા જોઈ રહ્યા.

---

૭૪. શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૨, વાર્તા-૬૮ના આધારે.

ઉદ્‌ગીથ ૧૪



ગઢપુરમા ઉત્સવો

(આ.સં. ૧૮૭૮, ઈ.સ. ૧૮૨૧-૧૮૨૨)

પ્રત્યક્ષ ભગવાનને અવતાર જેવા જાણે તે દ્રોહ છે

રક્ષાબંધનનો દિવસ નજીક આવતો હતો. ચૌદશના દિવસે મહારાજ દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવ નારાયણના મંદિર આગળ બિરાજમાન હતા. બેસવા માટે ચાકળો પાથર્યો હતો. આ વખતે આનંદાનંદ સ્વામી મહારાજની પૂજા કરવા આવ્યા. આનંદાનંદ સ્વામીએ મહારાજને રાતા કિનખાબનો સુરવાળ, રાતા કિનખાબની ડગલી પહેરાવી. મસ્તક ઉપર સોનેરી ફરતા છેડાનો ફેંટો બાંધ્યો અને કમરે જરકશી શેલું ધારણ કરાવ્યું. ખભા ઉપર ગૂઢા આસમાની રંગનો રેંટો ધરાવ્યો અને મહારાજના જમણા હાથે રાખડીઓ બાંધી. બધા સંત-હરિભક્તો સભાના રૂપમાં ગોઠવાઈ ગયા હતા. આજે મહારાજે પોતાના પુરુષોત્તમ સ્વરૂપની વાત કરી અને એ સ્વરૂપનો દ્રોહ થઈ જાય નહીં એની સતત તકેદારી રાખવાનું જાણપણું આપ્યું.

મહારાજે કહ્યું : "પોતાને સાક્ષાત્‌ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વે અવતારોનું કારણ અવતારી એવું જાણવું અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય."

બીજે દિવસે રક્ષાબંધન પર્વ પ્રસંગે બધાએ મહારાજને રાખડીઓ બાંધી અને મહારાજે પણ હરિભક્તોને કાંડે અભયદાનનું વરદાન આપતી રાખડી બાંધી.

સંતો-ભક્તોનું આગમન

મહારાજની આજ્ઞા હતી તેથી જન્માષ્ટમીના ઉત્સવ ઉપર સંતો આવ્યા. કાઠી ભક્તો તો મહારાજે માંદગી ગ્રહણ કરી હતી ત્યારથી ગઢપુરમાં જ હતા.

દાદાખાચરના મામા ઘેલા ધાધલ, અલૈયાખાચર તથા તેના ભાઈ અમરાખાચર, તેના પુત્રો જીવાખાચર અને મેપાખાચર, નાજા જોગિયાના પુત્ર દાહાખાચર તેમજ ઉકાખાચર અને તેના પુત્ર વાલેરાખાચર, તેના ભાઈઓ વાલેરાખાચર તથા નાનાખાચર જે મહારાજની સેવામાં ખડે પગે રહ્યા હતા. ઝીંઝાવદરના અલૈયા-ખાચરના ભાઈ જેઠસુરખાચર તથા સુરાખાચર મહારાજના સખા જેવા હતા. તે વિનોદ કરી મહારાજને હસાવતા. તેમની સાથે વાંકિયાના મોકાખાચર તથા માતરા ધાધલ પણ મહારાજને પ્રસન્ન રાખવા કાઠીની રીત પ્રમાણે ગમ્મત કરતા.

આ ઉત્સવ ઉપર મહારાજે કારિયાણીમાં તથા બોટાદમાં ભણતા સંતોને પણ બોલાવી લીધા. પરમાનંદ મુનિ સંતોને સારસ્વત ભણાવતા; કાવ્ય તથા કોષ ભજનાનંદ સ્વામી ભણાવતા; નિત્યાનંદ સ્વામી સંતોને રામાનુજાચાર્યના ગ્રંથો તથા પુરાણના ગ્રંથો, સિદ્ધાંત કૌમુદી તથા તે ઉપર ટીકાના ગ્રંથો ભણાવતા; ગોપાળાનંદ સ્વામી યોગ, સ્મૃતિશાસ્ત્રો અને જ્યોતિષ ભણાવતા.

ગઢપુરમાં રહીને પણ કેટલાક સંતો ભણતા. આ બધા જ સંતો મહારાજની આજ્ઞાથી વિદ્યાભ્યાસ કરતા. વળી, આજ્ઞાથી ગામડામાં સત્સંગ પ્રસારણ અર્થે વિચરણ પણ કરતા. તેમની બધી જ ક્રિયાનું લક્ષ્ય મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટેનું હતું.

મહારાજે જૂનાગઢથી નારણજીભાઈ સુથારને તેડાવ્યા હતા. તેમને પણ મહારાજનાં દર્શનની ઇચ્છા હતી એટલે ગઢપુર આવવાની તૈયારી કરતા હતા. ત્યાં મહારાજનો સંદેશો આવ્યો. તેઓ ગઢપુર આવી ગયા. મહારાજે તેમને બોલાવ્યા. નારણજીભાઈએ મહારાજને દંડવત્ કર્યા. પછી બે હાથ જોડી કહ્યું : "કૃપાનાથ ! આપને દર્શને જ હું આવવાની તૈયારી કરતો હતો. એટલામાં આપનો સંદેશો આવ્યો. શી આજ્ઞા છે ?"

નરનારાયણ દેવની પ્રથમ છાપ કરાવી

મહારાજે તેમને કહ્યું : "અમદાવાદમાં આપણે મંદિર કરવાનું છે. તે માટે જગ્યા અંગ્રેજ સરકારે આપણને આપી છે. તેમાં નરનારાયણ દેવ પધરાવીશું. તે ભરતખંડના રાજા છે. તેમનો આ દેશ કહેવાય તેથી પ્રથમ તેમની મૂર્તિ આપણે પધરાવવી જોઈએ. તે મૂર્તિની પૂજા સૌ કરે તે માટે તમે છાપો તૈયાર કરો."

એટલે નારણજીભાઈએ કહ્યું : "મહારાજ ! કેવી મૂર્તિ બનાવવી છે ?"

ત્યારે મહારાજે કહ્યું : "તે મૂર્તિઓ અમે પ્રત્યક્ષ જોઈ છે. નરની મૂર્તિ

ગૌર છે. માથે પીળી જટા છે. નારાયણની મૂર્તિ અતસીના ફૂલ જેવી શ્યામ છે. બંને મૂર્તિઓ દ્વિભુજ છે."

શ્રીહરિની આજ્ઞા પ્રમાણે નારણજીભાઈએ નરનારાયણ દેવની છાપો તૈયાર કરવા માટે લાકડાનું બીબું તૈયાર કર્યું. કાગળમાં તે છાપી. તેમાં ચતુર્ભુજ સ્વરૂપ બનાવ્યું. શંખ, ચક્ર, પદ્મ અને ગદા ધારણ કરાવ્યાં. વૈજયંતીમાળા પહેરાવી, મકરાકૃતિ કુંડળ પહેરાવ્યાં. મહારાજને બતાવી. મહારાજ તે જોઈ પ્રસન્ન થયા, પરંતુ કહ્યું : "લોકોની કલ્પનામાં હોય તેવું ચીતરે."

સિદ્ધાનંદ સ્વામીએ તે બીબા ઉપરથી છાપો તૈયાર કરી.

જન્માષ્ટમીનો ઉત્સવ : આ.સં. ૧૮૭૮

જન્માષ્ટમીની સવારે મહારાજ સખાઓ તથા સંતો સાથે ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા પધાર્યા. સંતો તેમજ સખાઓ સાથે અનેક પ્રકારની જળક્રીડા કરી મહારાજ બહાર નીકળ્યા. એટલે બ્રહ્મચારીએ મહારાજનું શરીર લૂછ્યું. સફેદ વસ્ત્રો પહેરાવ્યા.

પછી મહારાજ અશ્વ ઉપર બિરાજી જીવાખાચરના આગ્રહથી તેમના દરબારમાં પધાર્યા. જીવાખાચરના અંતરમાં સત્સંગ દૃઢ હતો, મહારાજ પ્રત્યે પ્રેમ પણ હતો પરંતુ વ્યવહારમાં આસક્તિ અને દાદાખાચરનો ગરાસ પડાવી લેવાની ઇચ્છાથી દાદાખાચર પ્રત્યે તેમને સદા દ્વેષ રહેતો. તેથી મહારાજના સ્વરૂપમાં પણ તેમને મનુષ્યભાવ આવતો. ઘણી વખત તો કાંઈનું કાંઈ કરી નાખવાના સંકલ્પો પણ થતા. પરંતુ રજોગુણ, તમોગુણના વેગ શમી જતા ત્યારે પાછા સ્વસ્થ થઈ જતા. મહારાજ તેમને જોઈ ઘણી વખત ગમ્મત કરતાં કહેતા : "क्षणे रुष्टा क्षणे तुष्टा रुष्टा तुष्टा क्षणे क्षणे – એવા જે હોય તેનો વિશ્વાસ ન કરવો."

મહારાજ તેમના દરબારની ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજ્યા. હરિભક્તો સૌ ચોકમાં બેસી ગયા. જીવાખાચરે મહારાજનું તથા સંતોનું પૂજન કર્યું. પછી થાળ ભરીને સાકર ભેટ આપી. સંતો કીર્તનનાં પદો બોલ્યા.

પછી મહારાજ ઊઠ્યા અને વાજતે-ગાજતે દાદાના દરબારમાં પધાર્યા. અહીં લીંબડા નીચે ઓટા ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર મહારાજ બિરાજ્યા. સુરત, વડોદરા તેમજ શ્રીનગરના હરિભક્તો આવ્યા હતા તેમને મહારાજનું પૂજન કરવું હતું. સુરતનાં વણિક મહાલક્ષ્મીબેન સુરતી હરિભક્તોના કાયમી રિવાજ પ્રમાણે મહારાજ માટે જરિયાન વસ્ત્રો તથા સુવર્ણનાં આભૂષણો

લાવ્યાં હતાં. તે તેમણે મહારાજનું પૂજન કરી ધરાવ્યાં. વડોદરાનાં નાગર હરિભક્ત રેવાબહેન જરીનું શેલું લાવ્યાં હતાં. તે મહારાજને ઓઢાડ્યું. તેમજ શ્રીનગરથી પણ નાગર બહેનો ગંગાબેન તથા જમુનાબેન જરીનાં શેલાં લાવ્યાં હતાં. તે તેમણે મહારાજને ઓઢાડ્યાં. અન્ય હરિભક્તોએ પણ મહારાજનું પૂજન કરી સેવા કરી. ગોપી ભટ્ટે શ્રીહરિના ભાલમાં કુંકુમનો ચાંદલો કર્યો. મહારાજને જે જે શેલાં ભેટમાં આવ્યાં હતાં તે તેમણે ગોપી ભટ્ટને આપી દીધાં.

મહારાજે સિદ્ધાનંદ સ્વામીને કહ્યું : "સાંજે ઉત્સવ માટે વાસુદેવ-નારાયણના ઓરડાની ઓસરીમાં ઉત્તર મુખે પારણું બાંધજો, તેમાં લાલજી પધરાવીશું. જન્મ સમયની આરતી થાય ત્યાં સુધી કીર્તન-ઉત્સવ કરવો. આવતી કાલે સવારે બ્રાહ્મણોની ચોરાશી કરવી છે. આજુબાજુનાં ગામોમાં માણસો મોકલાવી આજે જ ખબર પહોંચાડી દ્યો."

મહારાજની આજ્ઞા પ્રમાણે દાદાખાચરે સર્વે વ્યવસ્થા કરવાનું માથે લઈ લીધું. જીવુબાએ દાદાને બોલાવીને કહ્યું : "મહારાજ બ્રાહ્મણોને જમાડીને દક્ષિણા આપશે. માટે રૂપિયા તૈયાર રાખજો."

દાદાખાચરે હરજી ઠક્કરને આ સૂચના આપી દીધી.

જન્માષ્ટમીના ઉત્સવ પર ઘણા સંતો-હરિભક્તો ગઢપુર આવ્યા હતા. ઉત્સવના દિવસે મહારાજ લિંબતરુ નીચે વેદિકા ઉપર બિરાજમાન હતા. મહારાજે શરૂઆતમાં સત્સંગની આવશ્યકતા ઉપર વાતો કરી : "જેને સંત અને હરિભક્ત વિના રહેવાય નહીં તે જ ખરો સત્સંગી. માટે એવી રુચિ રાખવી કે સંતો અને હરિભક્તો સાથે જ રહેવાય. વિષમ દેશકાળમાં એ સંગ જ સહાય કરશે."

ત્યારબાદ સંતોએ ઝાંઝ-પખવાજ સાથે કીર્તન-ભક્તિ કરી. તે વખતે નિષ્કુળાનંદ સ્વામી પાસે મહારાજે છાપેલી મૂર્તિઓ મંગાવી. મહારાજે નારણજીભાઈને પણ બોલાવ્યા. તેમને પહેરામણી કરી. નિષ્કુળાનંદ સ્વામી તથા સિદ્ધાનંદ સ્વામીને પણ ફૂલના હાર પહેરાવ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

જન્મ સમય થયો એટલે મહારાજે તે મૂર્તિ પારણામાં લાલજી સાથે પધરાવી. અનેક પ્રકારની વાનગીઓના થાળ ધરાવ્યા. પંચાજીરી પણ ધરાવી. ત્યારબાદ મહારાજે સ્વહસ્તે જન્મોત્સવની આરતી ઉતારી. આરતી પછી સૌ સંતોને મહારાજે કીર્તન-ભક્તિ કરવાની આજ્ઞા કરી. કીર્તનોના નાદથી વાતાવરણમાં દિવ્યતા પ્રસરી ગઈ. ગઢપુરની પુણ્યવતી ભૂમિ શ્રીહરિના સંબંધે સમગ્ર તીર્થોની સામ્રાજ્ઞી જેવી બની ગઈ !

બીજે દિવસે બ્રાહ્મણોની ચોરાશી કરી. દૂધપાક પૂરીની રસોઈ કરાવી. લાલજીને થાળ ધરાવી મહારાજ જમ્યા. પછી સંતોને પોતે પીરસ્યું. બ્રાહ્મણોને પણ દરબારગઢના વિશાળ પ્રાંગણમાં જમવા બેસારી દીધા. બ્રાહ્મણોને અતિ તૃપ્ત કરી મહારાજે દરેક બ્રાહ્મણને એક એક રૂપિયો દક્ષિણા આપી. વિપ્રો રાજી થઈ ગયા. જ્યાં જમવા જતા ત્યાં તેમને એક ત્રાંબિયું દક્ષિણામાં મળતું, પણ આજે તો રૂપિયો મળ્યો. મહારાજની આ ઉદારતાથી તેમને મહારાજના સ્વરૂપમાં ભગવાન દેખાયા.

નરનારાયણની મૂર્તિઓ કરાવવા સંતો ડુંગરપુર જાય છે

પછી મહારાજે હીરાજી સલાટ, કમા ભગત તથા ચાર સંતોને ડુંગરપુર જઈ અમદાવાદમાં નવા થતા મંદિર માટે નરનારાયણની મૂર્તિઓ તૈયાર કરાવવા જવાની આજ્ઞા કરી. મહારાજે તેમને કહ્યું : "આપણે ચાર મૂર્તિઓ કરાવવી છે. તેમાં નારાયણની બે મૂર્તિઓ સવા બે ગજની કરાવવી અને નરની બે મૂર્તિઓ બે ગજની કરાવવી. તે પ્રમાણે પથ્થર કઢાવજો અને હીરાજી સલાટ અને ગુલાબ સલાટ પાસે મૂર્તિઓ કરાવજો. અત્યારથી આદર કરશો ત્યારે ચાર મહિને મૂર્તિઓ તૈયાર થશે." એમ કહી મહારાજે તેમને સૌને પોતાની પ્રસાદીનો થાળ અપાવ્યો અને હાર આપ્યા. તેઓ ત્યાંથી નીકળતી વખતે મહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજે તેમને કહ્યું : "મૂર્તિઓ તૈયાર થાય એટલે શ્રીનગર પહોંચાડી દેજો."

આ વાતને નિત્ય નવી ને નવી રાખજ્યો

શ્રાવણી અમાસના દિવસે મહારાજ વાસુદેવ નારાયણના મંદિરની ઓસરીએ ચાકળા ઉપર બેઠાં બેઠાં વિચાર કરતા હતા. આજે સત્સંગની ધર્મધુરા સંભાળ્યાને વીસ-વીસ વર્ષોનાં વહાણાં વાઈ ગયેલાં. આગળના અનંત અવતારો કરતાં પોતાનું અવતારી કાર્ય જુદું અને વિશેષ હતું. પોતે પોતાના પુરુષોત્તમ સ્વરૂપની જીવોને ઓળખ કરાવીને, મૂળ અજ્ઞાનનો નાશ કરી, અક્ષરધામની પ્રાપ્તિ કરાવવા પધાર્યા હતા. સત્સંગમાં આવીને છૂટે હાથે ઐશ્વર્ય વાપર્યું હતું. પોતાના પરસ્વરૂપની ઝાંખી અનેકવાર અનેકને કરાવી હતી. નિયમ-ધર્મની કસણીમાં સૌને રાખ્યા હતા અને શુદ્ધ એકાંતિક ધર્મની સિદ્ધિ માટેનો સંપૂર્ણ સાજ સર્વને ધરાવ્યો હતો. પૂર્વે કોઈએ પણ ન કર્યું હોય એવું અજોડ કાર્ય કર્યું હતું, છતાં હજી કેટલાકને પોતાના સર્વોપરી સ્વરૂપની પ્રતીતિ આવતી ન હતી. એથી

આજે તો જેમ છે એમ સ્પષ્ટ વાત કહી જ દેવાનો મહારાજે નિશ્ચય કરી લીધો. કારણ કે જ્યાં સુધી આ વાત નહીં સમજાય ત્યાં સુધી જીવનો મોક્ષ થઈ શકે નહીં.

મહારાજ વિચારમાંથી જાગ્યા ને જોયું તો એમની સન્મુખ સંતો-હરિભક્તો બેસી ગયા હતા. સૌ મહારાજની ગંભીર મુખમુદ્રાની અંદરોઅંદર ચર્ચા કરી રહ્યા હતા. ત્યાં બે ભુજ ઊંચા ઉપાડીને મહારાજે વાત કરવાની શરૂઆત કરી :

"હે સંતો ! જે મોટેરા મોટેરા હો ને વાતમાં સમજતા હો, તે આગળ બેસો ને આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળજો અને આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટપ વધારવા સારુ નથી કરવી. એ તો એમ જાણીએ છીએ જે : 'આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય.' તે સારુ કરીએ છીએ. અને આ જે વાત છે તે મારી દીઠેલ છે અને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે. અને તે એ વાત સભામાં કર્યા જેવી નથી તોપણ સભામાં કરીએ છીએ."

આ સાંભળી સૌ સાવધાન થઈ ગયા. પછી મહારાજે પોતાને જેમ સહજ સ્વભાવે વર્તતું હતું એ વિષે વાત કરી. મહારાજના એક એક શબ્દ પાછળ સૌને મહારાજના જીવનની દિવ્યતા પરખાતી જતી હતી. મહારાજે ત્યારબાદ તેજોમય અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ છે તે અંગે વાત કરી કે "જે તેજને વિષે મૂર્તિ છે, તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો."

અને અંતે મહારાજે આ વાતને નિત્ય નવી રાખવાની આજ્ઞા આપી સર્વને સાવધાની રાખવા ટકોર કરી : "આ વાતને નિત્ય નવી ને નવી રાખજો. પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા. આજ છે તેવી જ કાલ નવી રાખજ્યો, અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો. અને જે જે ભગવાનની વાત કરો, તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો એમ અમારી આજ્ઞા છે. અને આ વાર્તા તો એવી જીવનદાર છે જે દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે. અને આ જે અમે તમને વાત કહી તે સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે. અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે. અને જો પ્રત્યક્ષ જોઈને ન કહી હોય, તો અમને સર્વ પરમહંસના સમ છે."

મહારાજ ગંભીરતાપૂર્વક દરેક વાત પર ખૂબ વજન મૂકી વેણ ઉચ્ચારી રહ્યા હતા. છેલ્લે મહારાજને પોતાના પ્રાણથી પણ પ્યારા એવા પરમહંસોના

સમ ખાતા સાંભળી સૌ આશ્ચર્યમાં પડી ગયા. બધાને સમજાયું કે મહારાજે જે વાત કરી એની કેટલી બધી અનિવાર્યતા અને મહત્તા છે ! સભામાં બેઠેલા સર્વ સંત-હરિભક્તોને મહારાજના પરસ્વરૂપની વિશેષ પ્રતીતિ દૃઢ થઈ.

જળઝીલણી ઉત્સવ : આ.સં. ૧૮૭૮

જળઝીલણી ઉત્સવને દિવસે ઠાકોરજીને જળ ઝિલાવવા માટે મહારાજ સર્વે સંતો, પાર્ષદો અને હરિભક્તો સાથે ધામધૂમથી નીકળ્યા. ઠાકોરજીને પાલખીમાં પધરાવ્યા હતા. સાથે ગણપતિની મૂર્તિ પણ હતી. ઉન્મત્ત ગંગામાં ઠાકોરજીને જળ ઝિલાવવા માટે ત્યાં સંતોએ અગાઉથી બધી તૈયારીઓ કરી રાખી હતી. મહારાજ ઠાકોરજી તથા ગણપતિ સાથે માણેકચોકમાંથી નીકળ્યા. ઢોલ, ત્રાંસાં અને શરણાઈઓનો ધ્વનિ થતો હતો. ગામેગામથી આવેલી ભજન-મંડળીઓ પણ ભજનના સૂર રેલાવતી હતી. પુરવાસીઓ આ દિવ્ય દર્શન માટે આતુર બની બજારમાં બંને બાજુએ ઊભા હતા. કેટલાક તેમનાં મકાનોના ઝરૂખાઓમાં, તો કેટલાક અટારીઓમાં પણ ઊભા હતા. મહારાજની સવારી નીકળી અને સૌ અતૃપ્ત નયને દર્શન કરવા લાગ્યા. એ અમૃતને આંખોમાં ભરી દેવા સૌ સવારી સાથે ઉન્મત્ત ગંગા ગયા.

ભગવાનની મૂર્તિનું સન્માન સચવાય તે ધ્યાન રાખવું

પુરુષોત્તમ ઘાટ પાસે પાણી ઊંડું હતું. સંતોએ એક નાની હોડી તેમાં મૂકી દીધી હતી. ઠાકોરજીને તથા ગણપતિને તે હોડીમાં પધરાવ્યા. પાંચ આરતી કરી. ગણપતિને ગંગામાં પધરાવ્યા. લાલજીની મૂર્તિને સ્વચ્છ વસ્ત્રથી લૂછી વાઘા પહેરાવ્યા. મહારાજે પણ ઉન્મત્ત ગંગામાં સ્નાન કર્યું. શરીર લૂછી, સફેદ વસ્ત્રો પહેરી મહારાજ બિરાજ્યા હતા. એટલામાં એક સંત દસ-બાર ફૂલના હાર તથા ફૂલના ગુચ્છા લઈ મહારાજને ધરાવવા લાગ્યા. મહારાજે તેમને પૂછ્યું : "લાલજીને હાર ધરાવ્યા ?"

ત્યારે તે સંતે કહ્યું : "ના, મહારાજ !"

એટલે મહારાજે તે હાર તથા ગુચ્છા લઈ તોડીને ફેંકી દીધા. પછી બોલ્યા : "ભગવાનની મૂર્તિ આપણે સેવા-ભક્તિ કરવા સાથે રાખીએ છીએ. તો મૂર્તિનું સન્માન સચવાય તે ધ્યાન રાખવું. મૂર્તિની અવગણના થાય તો ભક્તિમાં ખામી આવે. ભગવાનને મૂકીને આપણે જ પદાર્થો ભોગવવાની ઇચ્છા રાખીએ

તેમાં ભગવાનનો દ્રોહ થાય છે. પૃથુ ભગવાન સામર્થ્યવાન હતા, છતાં ભગવાનની મૂર્તિનું સન્માન સાચવતા."

એટલું કહીને મહારાજે પોતાની વાત કરતાં કહ્યું : "અમે પણ અયોધ્યામાં જ્યારે હતા ત્યારે મંદિરોમાં જઈ રામ, સીતા અને લક્ષ્મણની મૂર્તિઓને પૂજતા. હનુમાનગઢીમાં જતા ત્યાં હનુમાનજીની પૂજા કરતા. ત્યાં ખાખીઓના અખાડા હતા તેમાં બેસી તુલસીકૃત રામાયણ એકાગ્રતાથી સાંભળતા. ધર્મદેવે જ્યારે દેહ મૂક્યો ત્યારે રામપ્રતાપભાઈએ શ્રીમદ્ભાગવતની કથા વંચાવી. તે અમે ધ્યાનથી સાંભળી. શ્રીકૃષ્ણ ભગવાનનાં અદ્ભુત ચરિત્રોમાં મનને એકાગ્ર કરી દીધું."

સત્પુરુષ જે મૂર્તિ પૂજવા આપે છે તેની સેવાથી મોક્ષ થાય છે

એટલું કહી મહારાજ અટક્યા. પછી આગળ વાત કરી : "જે સાચા સત્પુરુષ છે, તે પોતે મોક્ષને માર્ગે ચાલે છે અને અન્ય મુમુક્ષુઓને પણ એ માર્ગે દોરે છે. ભગવાનની જે આઠ પ્રકારની મૂર્તિ છે તેમાંથી ગમે તે પ્રકારની મૂર્તિ તે પોતાના શિષ્યોને આપે, ત્યારે તે મૂર્તિમાં, પ્રગટ હરિની બુદ્ધિ રાખી, તેની સેવા કરવી જોઈએ. તો મોક્ષ નિશ્ચય થાય છે.[૭૫] માટે એવા ગુરુ, જે નિયમો બતાવે તે નિયમો પાળવામાં જે તત્પર રહે, ગુરુના ઉપદેશને પરમ પ્રસાદ જે માને તે સાચા શિષ્યો છે. મોક્ષની પ્રથા ક્યારેય ન તૂટે તેવો અમારો સંકલ્પ છે. જેમ ખેતરમાં વાડ ન હોય તો ઢોર ખેતરના મોલને ચરી જાય છે, તેમ રખેવાળ વિના નિયમ પાળવાની દૃઢતા ન રહે અને અંતે પશુ જેવા થઈ જવાય."

મહારાજ પછી ત્યાંથી સંતો સાથે લાલજીને પાલખીમાં પધરાવી નીકળ્યા. પ્રથમ જીવાખાચરના દરબારમાં લાલજીની પધરામણી કરાવી હતી.

વિજયા દશમીનો ઉત્સવ

વામન દ્વાદશીનો ઉત્સવ પણ મહારાજે ગઢપુરમાં જ કર્યો. ત્યારબાદ એભલ-ખાચરનું શ્રાદ્ધ મહારાજે દાદાખાચર પાસે વિધિપૂર્વક કરાવ્યું.

---

૭૫. *ભગવાન તાકી મૂર્તિ જેહા, અષ્ટ પ્રકારકી કરેઉ તેહા,*
પોતાકે ગુરુ જે હુ, મોક્ષ મગ પર ચલવંત તે હુ....૧૭
મૂર્તિ જેસી દેવત રહેતાઈ, પ્રગટ હરિ કી બુદ્ધિલાઈ,
સેવા કરત રહે જનતા કે, મોક્ષ હોવત હિ નિશ્ચય વાકે....૧૮

– શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૨૨, તરંગ-૩૯.

વિજયા દશમીને દિવસે મહારાજે સુંદર વસ્ત્રો તથા સુવર્ણના અલંકાર ધારણ કર્યાં અને દરબાર દાદાખાચર, જીવાખાચર તથા અન્ય કાઠી ભક્તો સાથે મહારાજ વાજતે-ગાજતે શમીપૂજન કરવા, ગઢપુરની પશ્ચિમ દિશામાં જ્યાં ખીજડાનું વૃક્ષ હતું ત્યાં પધાર્યા.

મહારાજે વિધિપૂર્વક શમી વૃક્ષનું પૂજન કર્યું અને દાદાખાચર, જીવાખાચર તથા કાઠી ભક્તો પાસે પણ પૂજન કરાવ્યું. મહારાજે કહ્યું : "વૃક્ષનું પૂજન એટલા માટે કરવાનું છે કે તેના પ્રત્યે પૂજ્યભાવ થાય અને તેની અવગણના કદી થાય નહીં. વૃક્ષોથી પ્રકૃતિનું સૌંદર્ય વધે છે, ઋતુઓનું નિયમન થાય છે અને મનુષ્યોને ફળ, ફૂલ અને આશ્રય મળે છે. ધરતીનો રસકસ વૃક્ષોમાં આવે છે, તેમાં સચવાય છે અને તેથી ધરતીને પણ પોષણ મળે છે."

એટલું કહી મહારાજ ઊઠ્યા અને ત્યાંથી ઉગામેડીના માર્ગે જવા નીકળ્યા. અહીં ખુલ્લું મેદાન, તેની મોકળાશ જોઈ મહારાજે તેમનો ઘોડો દોડાવ્યો. તે સાથે કાઠી દરબારોએ પણ પોતપોતાના ઘોડા દોડાવ્યા. પરંતુ મહારાજને કોઈ આંબી શક્યા નહીં. ફક્ત મૂળુખાચરના પુત્ર રામખાચર એક જ મહારાજની પાછળ રહી શક્યા. મહારાજ તેના ઉપર પ્રસન્ન થયા અને પોતાના કંઠમાં પુષ્પનો હાર હતો તે મહારાજે તેના અશ્વને પહેરાવ્યો. પોતાના અશ્વનું મહારાજે સન્માન કર્યું તેથી રામખાચર અત્યંત રાજી થયા. તેણે તેના અશ્વને થાબડ્યો. મહારાજ પુરમાં થઈને દરબારમાં પધાર્યા.

મહારાજની ક્રિયાની દિવ્યતા

દશેરા પછી શરદપૂનમનો ઉત્સવ પણ મહારાજે ગઢપુરમાં ધામધૂમથી ઊજવ્યો. સૌને શરદપૂનમની રાતે આનંદોત્સવ કરાવી અદ્ભુત સ્મૃતિ આપી. મહારાજની ક્રિયા ઝડપી હતી. સહેતુક હતી. તેમની ક્રિયાથી ભક્તોના ભાવ પોષાતા, પ્રાણીઓની સંભાવના થતી અને ભૌતિક તત્ત્વોનાં મૂલ્યો વધતાં. પોતે કરાવેલી આ પ્રાકૃતિક રચનામાં દરેક તત્ત્વનું મૂલ્ય હતું. કેટલાક જડ દેખાતા પદાર્થો પોતાના સંબંધથી ચિદ્ભાવનો અનુભવ કરી લેતા. પછી ધીરે ધીરે ઉત્ક્રાંત થતાં ચૈતન્યમય થઈ જતા. જગતનાં દરેક તત્ત્વો પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયાં હોવા છતાં, જે જે તત્ત્વોને મહારાજના સ્વરૂપનો સંબંધ થઈ જતો, તે તત્ત્વો માયાના ભાવથી પર થઈ ચૈતન્યમય બની જતાં. જે તત્ત્વો એમના સંબંધથી રહિત રહેતાં તે માયાના ભાવમાં પાછાં લીન થઈ જતાં. જગતના જડ અને

ચેતન સમગ્ર જીવોને પૂર્ણતા પમાડવા માટે જ પોતે પધાર્યા હતા. તેથી જ એ પૂર્ણ ચૈતન્યનો સંબંધ કે સ્પર્શ જેને જેને થયો, તેનામાં તે ચેતનાનો અંશ પ્રવેશી ગયો અને ઉત્ક્રાંતિને માર્ગે તેણે મજલ શરૂ કરી દીધી.

મહારાજ ગાયોનું પૂજન કરે છે

ધનતેરસને દિવસે વહેલી સવારે મહારાજે જોધા ભરવાડને તથા અરજણને બોલાવ્યા. બને દોડતા મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને કહ્યું : ''જોધા ! અરજણ ! આજે તમારી ગાયોને શણગારો, કંઠે ઘૂઘરમાળ બાંધો, પગમાં ઘૂઘરા પહેરાવો. આજે બધી ગાયોનું અમારે પૂજન કરવું છે. પછી ગાયોની રમત જોવી છે.''

તે સાંભળી જોધાએ કહ્યું : ''મહારાજ ! ધન ઘડી, ધન ભાગ્ય ! મારાં ને મારી ગાયોનાં. પણ મહારાજ ! જો ગાયુંની રમત જોવી હોય, તો તમારે સંતાઈ જવું પડશે.''

મહારાજ જોધાની વાણી સાંભળી હસ્યા. તેમણે પૂછ્યું : ''કાં જોધા ? એમ કેમ બોલે છે ?''

''મહારાજ ! ગાયું બધી તમને જોઈને પૂંછડાં ઊંચાં કરીને ભાંભરતી તમારી પાંહે જ આવશે. એટલે રમત જોવાની મઝા નહીં આવે.'' જોધાએ તરત જ કહ્યું.

મહારાજે કહ્યું : ''ભલે, અમે ઝાડ ઉપર ચડી જઈશું.''

સૂરજ ઊગ્યો અને ગઢપુર ગામને ગોંદરે જોધાએ અને અરજણે ગાયોનાં ટોળાં જમા કરી દીધાં. દરેક ગાયને પુષ્પમાળાથી શણગારી હતી, કંઠમાં ઘૂઘરા અને પગમા ઘૂઘરા પહેરાવ્યા હતા. કપાળમા ચાલ્લા કર્યા હતા.

મહારાજ પોતાના સખા સાથે ત્યાં પધાર્યા અને જોધાની ગાયો જોઈ મહારાજ રાજી થઈ ગયા. મહારાજે તેને પૂછ્યું : ''જોધા ! આ બધો ઠાઠ તું ક્યાંથી લાવ્યો ?''

તેણે તરત જ કહ્યું : ''મોટીબા પાંહેથી, બીજું વળી કોણ આપે ? મેં એમને વાત કરી, ત્યારે મને કહ્યું : 'જોધા ! બધું દરબારમાંથી લઈ જા. ગાયોને બધી રીતે શણગારજે. કોઈ વાતની ખામી રાખતો નહીં. મહારાજ રાજી થઈ જશે,'' જોધો એકધાર્યું બોલ્યે જ જતો હતો.

મહારાજ બધી જ ગાયોની વચ્ચે ફર્યા. મહારાજને જોઈ ગાયો ભાંભરવા લાગી. મહારાજે દરેક ગાયનું પૂજન કર્યું. દરેકના ઉપર પુષ્પ છાંટ્યાં. પછી

કહ્યું : "જોધા ! જો આ ગાયો છે ને, એ આપણું ખરું ધન કહેવાય. આજે ગાયમાતાનું પૂજન કર્યું તે ધનનું પૂજન થઈ ગયું."

જોધાને તો આ ગાયોનું ધણ એ જ ખરું ધન હતું. તેની આંખમાં મહારાજના આ શબ્દો સાંભળી આંસુ આવી ગયાં. તેણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આ તો બધી મારી માતાજીયું છે. આજે આપે એમને નજરમાં લીધી તે બધીનું કલ્યાણ થઈ ગયું."

પછી જોધો તથા અરજણ મહારાજને ગાયોની રમત બતાવવા ગાયોને જુદાં જુદાં ટોળાંમાં ગોઠવવા લાગ્યા. પરંતુ ગાયો તો પૂંછડાં ઊંચાં કરી ભાંભરતી ભાંભરતી મહારાજ પાસે જઈ તેમને જ વીંટળાઈ વળતી. એટલે જોધો થાક્યો. તેણે કહ્યું : "મહારાજ ! કાનુડો જ્યારે હોય ત્યારે ગાયો અમારા કબજામાં રહેતી નથી." મહારાજ આ સાંભળી હસ્યા. જોધો ગાયો પાછી વાળી ઝોકમાં લઈ ગયો.

મહારાજ જીવાખાચરને ઘેર પધાર્યા. અહીં પલંગ ઉપર બિરાજ્યા. અમૂલાબા તથા અમરીબાએ મહારાજ તથા સર્વે સંતો અને હરિભક્તો માટે માલપૂડા, દૂધપાકની રસોઈ તૈયાર કરાવી હતી. મહારાજ જમ્યા. સર્વે સંતોને પણ પોતે પીરસીને જમાડ્યા. ત્યારબાદ જીવાખાચરે મહારાજનું પૂજન કર્યું અને રૂપિયા ભરી થાળ મહારાજનાં ચરણ પાસે મૂક્યો. સર્વે સંતોની પણ પૂજા કરી. સૌને એક એક વસ્ત્ર ઓઢાડ્યું અને આરતી કરી.

મહારાજ ત્યાંથી દાદાખાચરના દરબારમાં પધાર્યા.

અન્નકૂટોત્સવ : આ.સં. ૧૮૭૮

દિવાળીપર્વના ઉત્સવો પણ મહારાજે ગઢડામાં ધામધૂમથી કર્યા. અન્નકૂટ પણ ગઢડામાં જ કરવાનો હોવાથી જીવુબા-લાડુબાની દેખરેખ હેઠળ સૌ વાનગીઓ બનાવવાની તૈયારીમાં પડી ગયાં હતાં. લખુ કંદોઈ અને જેચંદ પણ વાનગીઓ બનાવવા આવી ગયા હતા. બધાનો ઉત્સાહ અમાપ હતો. ગઢડા પર મહારાજ અઢળક ઢળ્યા હતા. એટલે તો વારંવાર આવી રીતે ઉત્સવોનો લાભ આપતા હતા. અન્નકૂટના દિવસે મહારાજ બધી રસોઈ સામગ્રી નિહાળવા પધાર્યા.

લખુ કંદોઈ તથા જેચંદે બધાં જ પ્રકારનાં પકવાનો શુદ્ધ રીતે બનાવ્યાં હતાં. ગોપી ભટ્ટ તથા તેમના પુત્રો લાલજી તથા બેચર તેમજ વાસુદેવાનંદ વર્ણી, પીઠવડીના વિપ્ર જીવાભાઈ, ધ્રોળના કચરાભાઈ, આખાના વાલજીભાઈ, ગોડલના કાનજી તથા જેઠા ભટ્ટ અને માણાવદરના મયારામ ભટ્ટ તથા તેમના

ભાઈ ગોવિંદરામ, જૂનાગઢના નાગર બ્રાહ્મણો ભીમજીભાઈ, રામજીભાઈ, વૃંદાવન, હિંમતરામ, માણેકલાલ તથા રૂપશંકર વગેરે બ્રાહ્મણ ભક્તોએ અન્નકૂટની અનેક વાનગીઓ બનાવવામાં સેવા કરી હતી.

અન્નકૂટની તમામ વાનગીઓ વાસુદેવ નારાયણની મૂર્તિ સમક્ષ કલાત્મક રીતે ગોઠવાઈ ગઈ. તે સમયે ભાવનગર રાજ્યના નાગર દીવાન પરમાનંદ મહેતા બીજા એક અમલદાર સાથે રાજાના કામ પ્રસંગે ગઢપુર આવ્યા હતા. તેઓ અહીં દર્શને આવ્યા. મહારાજને પગે લાગ્યા. તેમણે ઝીણવટથી અન્નકૂટની વિવિધ વાનગીઓનું નિરીક્ષણ કર્યું. ભક્તિભાવથી બનાવેલી અનેક પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓ ઠાકોરજી સમક્ષ સુંદર રીતે ગોઠવેલી જોઈ તેઓ પ્રસન્ન થયા. મહારાજે તેમને કહ્યું : "તમે તો રાજ્યના કામ પ્રસંગે આવ્યા હશો, પરંતુ અહીં દર્શન કરવા આવ્યા તો હવે પ્રસાદ લઈને જ જજો."

ભક્તિમય વાતાવરણ જોઈ, તેમને પણ અહીંથી ઊઠવાની ઇચ્છા થતી ન હતી. તેમણે તરત જ મહારાજનું આમંત્રણ સ્વીકારી લીધું. વડનગર, વીસનગર તેમજ શ્રીનગર અને ભુજથી પણ ઘણા નાગર ભક્તો આ પ્રસંગે અહીં આવ્યા હતા. મહારાજે તેમાંના એક ભક્તને બોલાવી તેમને જાતે જ દીવાનજીને પીરસવાની સૂચના આપી દીધી. દીવાનજી મહારાજનો વ્યવહાર જોઈ વિસ્મય પામી ગયા !

અહીં ભક્તિ છે પણ ધર્મ સહિત છે

ભાવનગરના નાગર દીવાન વિચક્ષણ હતા. તેમણે સ્વામિનારાયણ ભગવાન વિરુદ્ધ ઘણી વાતો સાંભળી હતી. પણ અહીં તેમણે જે જોયું તેથી તેમને પ્રતીતિ થઈ કે અહીં ભક્તિ છે પણ ધર્મ સહિત છે. ધર્મની મર્યાદાનું અહીં જ યથાર્થ પાલન થાય છે. જ્યાં ભગવાન બિરાજતા હોય, ત્યાં જ ધર્મ સંપૂર્ણપણે પ્રવર્તી શકે. તેમણે મહારાજને હાથ જોડી કહ્યું : "આપની જેમના ઉપર કૃપા થાય છે તેમનામાં જ ધર્મ અને ભક્તિના સંસ્કારો ઉદય થાય છે. તેમને જ સત્સંગ કરવાનું બળ મળે છે."

એટલે મહારાજે કહ્યું : "કૃપા તો થાય પરંતુ સત્પુરુષના સમાગમ વિના એ કૃપા સમજાતી નથી. શ્રીકૃષ્ણના સમયમાં ઋષિપત્નીઓ ઉપર શ્રીકૃષ્ણની કૃપા ઊતરી તો તેમને શ્રીકૃષ્ણનું સ્વરૂપ ઓળખાયું. જ્યારે ઋષિઓને જ્ઞાનનું અહં હતું તેથી એ સ્વરૂપને તેઓ ઓળખી શક્યા નહિ."

એટલે દીવાનજીએ પૂછ્યું : "ભગવાન મળ્યા પછી પણ સત્પુરુષની જરૂર રહે છે ?"

મહારાજે હસીને કહ્યું : "સત્પુરુષ ભગવાનનું સ્વરૂપ યથાર્થ ઓળખાવે છે. તેથી શાસ્ત્રોમાં સત્પુરુષને મોક્ષનું દ્વાર કહ્યું છે. વળી, સત્પુરુષ મોક્ષની કૂંચી છે, એવું પણ શાસ્ત્રકારોએ કહ્યું છે."

દીવાનજીને લાગ્યું કે મહારાજની વાણીમાં જ્ઞાનનું મૂળ છે. મહારાજે દીવાનજીને સમજાવતાં કહ્યું : "પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની શુદ્ધ ઉપાસના કર્યા વિના બ્રહ્મરૂપ થવાતું જ નથી. છતાં જે પોતાને મિથ્યા બ્રહ્મ માની લે છે તેનું તો મૂળ વિનાના વૃક્ષ જેવું છે. રાજા કહેવાથી જેમ રાજા થવાતું નથી, તેમ अहं ब्रह्मास्मि કહેવાથી બ્રહ્મરૂપ થવાતું નથી. બ્રહ્મના સંબંધથી જ બ્રહ્મરૂપ થવાય છે."

આરતીનો સમય થઈ ગયો હતો. મહારાજ વાસુદેવ નારાયણની આરતી ઉતારવા પધાર્યા. શંખ, ભેરી, ઘંટાનાદ અને નગારાના ઘોષથી સમગ્ર ગઢપુર નગર ગાજી ઊઠ્યું. વાસુદેવ નારાયણ સમક્ષ ગોવર્ધન પૂજાનો ઉત્સવ શરૂ થયો. મહારાજના સંબંધથી વાતાવરણમાં દિવ્યતા સર્વત્ર પ્રસરી ગઈ હતી. સૌ બ્રહ્માનંદમાં મસ્ત બની ગયા.

આજથી પૂનમ સુધી મારી રસોઈ

એટલામા જીવાખાચર ત્યા દર્શને આવ્યા. મહારાજને પ્રણામ કર્યા અને સન્મુખ બેઠા. ભાવનગરના દીવાનને જોઈ તેમને થોડી અસ્વસ્થતા થઈ ગઈ. દીવાનજીએ તેમના તરફ સૂચક દૃષ્ટિથી જોયું એટલે તરત જ તેમણે દૃષ્ટિ ખેંચી લીધી અને મહારાજ તરફ જોવા લાગ્યા. મહારાજને તેમણે કહ્યું : "મહારાજ ! કાર્તિક પૂનમ સુધી તમામ સંતો-હરિભક્તોને રોકજો. ત્યાં સુધી મારી જ રસોઈ. આજ સુધી તો દાદાએ પોતે જ સંતો-હરિભક્તોને જમાડવાનો આગ્રહ રાખ્યો. મેં પણ તેનો ભાવ હતો એટલે ધીરજ રાખી. કારણ દાદાની અને તેની ચાર બહેનોની, તેની માતાની રસોઈઓ ચાલતી હોય, એટલે અમારાથી કાંઈ બોલી શકાય નહિ. પરંતુ હવે અમને પણ લાભ મળવો જોઈએ."

મહારાજે તરત જ કહ્યું : "ભલે, કાલથી જ તમારી રસોઈ ચાલુ કરીશું. પૂનમ સુધી સૌ સંતોને રોકશું. હરિભક્તોમાં જેને અનુકૂળતા હશે તે રોકાશે."

મહારાજે આ સમાધાન કર્યું તેથી જીવાખાચર રાજી થઈ ગયા. પરંતુ દીવાનજી તેમના બોલવાનો અર્થ સમજી ગયા.

ગઢપુરમાં અન્નકૂટનો ઉત્સવ પૂરો થયો. દાદાખાચર તથા તેમના સમગ્ર પરિવારના ભક્તિભાવથી, તેમની સરળતાથી મહારાજ તેમના તમામ ભાવો પૂરા કરતા. દાદાખાચર પ્રત્યેના મહારાજના અસાધારણ પ્રેમને જોઈને ઘણાને મનમાં થતું કે મહારાજ જાણે દાદાખાચર માટે જ પૃથ્વી ઉપર પ્રગટ થયા હતા.

પ્રબોધિનીના ઉત્સવ બાદ પૂર્ણિમાનો ઉત્સવ આવ્યો. ત્યાં સુધી સર્વે સંતો-હરિભક્તો રોકાયા. મહારાજે બાપુ જીવાખાચરનો સંકલ્પ પૂરો કર્યો. ત્યારબાદ સૌને રજા આપી.

ગઢપુરમાં શ્રીમદ્‌ભાગવતની કથા

માગશર માસની શુભ શરૂઆત પહેલાં મહારાજે પુરાણોની કથા સાંભળવાનું નક્કી કર્યું અને તદ્અનુસાર મયારામ ભટ્ટે શુભ મુહૂર્ત કાઢી આપ્યું. મહારાજે પ્રાગજી પુરાણી પાસે શ્રીમદ્‌ભાગવતની કથાનો આરંભ કરાવ્યો.

કથાના આરંભમાં મહારાજે કહ્યું : ''આ માગશર માસ એ ભગવાનની વિભૂતિ સ્વરૂપ છે. તેથી એ ઉત્તમ માસ કહેવાય. આ માસમાં પુરાણોનું શ્રવણ કરવું તે શ્રેષ્ઠ છે. અમારા આશ્રિતો, ચારે વર્ણ તેમજ ચારે આશ્રમના સર્વેએ, પુરાણોનું શ્રવણ કરવું. પુરાણ શ્રવણ કરવાનો સૌને અધિકાર છે. કારણ પુરાણ શ્રવણથી સર્વે અર્થ સિદ્ધ થાય છે તેમજ તે શ્રવણથી પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થાય છે. તેથી ભગવાન વેદવ્યાસે રચેલાં સર્વે પુરાણો તેમજ મહાભારત અને રામાયણનું પણ સૌએ શ્રવણ કરવું. ભગવાન વિષ્ણુના સ્વરૂપનાં જ્ઞાનરૂપ આ પુરાણોનું શ્રવણ કરવાથી જીવના હૃદયમાંથી અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામે છે અને મોક્ષનો માર્ગ પ્રાપ્ત થાય છે.''

એટલી વાર્તા કરી મહારાજે સભા સમક્ષ જોયું. સૌનાં મુખ ઉપર અપાર આનંદ હતો. મહારાજની સન્નિધિમાં આ કથાશ્રવણના લાભથી સૌનું અંતર ઉત્સાહથી થનગની રહ્યું હતું.

મહારાજે કહ્યું : ''પુરાણો બે પ્રકારનાં છે. મહત્ અને લઘુ. મહત્ અઢાર છે. તેના કર્તા ભગવાન વેદવ્યાસ છે. લઘુ પુરાણ જેને ઉપપુરાણ પણ કહે છે તે પણ અઢાર છે. તે ઋષિમુનિઓએ બનાવ્યાં છે. જ્યારે બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે જીવોનાં કલ્યાણ અર્થે તેમણે વેદની ઉત્પત્તિ કરી. સત્યુગમાં માત્ર એક જ વેદ હતો. તેમનુ અર્થ સાથે સમગ્રપણે અધ્યયન કરાવવામાં આવતું. દ્વાપરમાં નારાયણના અવતારરૂપ દ્વૈપાયન મુનિએ એ વેદના ચાર વિભાગ કર્યા. દરેક

વેદના જુદા જુદા આચાર્ય નીમ્યા. આ પ્રમાણે સરસ્વતી નદીના કિનારે શમ્યાપ્રાસ આશ્રમમાં રહી દ્વૈપાયન મુનિએ સર્વે રચના કરી. પરંતુ તે કર્યા પછી પણ તેમને અંતરમાં શાંતિ થઈ નહિ. તેથી નારાયણે નારદ મુનિને તેમની પાસે મોકલ્યા. તેમણે વ્યાસ મુનિને અશાંત મનોદશામાં બેઠેલા જોઈ કહ્યું : 'આપનો અવતાર જીવોનું કલ્યાણ કરવા માટે થયો છે. માટે વાસુદેવ ભગવાન તથા તેમના ભક્તોના યશોગાન ગાશો અને એવુ પુરાણ રચશો ત્યારે તમારા અતરમા શાંતિ થશે.' નારદજીના આ વચન અનુસાર ભગવાન વેદવ્યાસે ત્યારપછી શ્રીમદ્‌ભાગવત પુરાણની રચના કરી, જેમાં વેદ, શ્રુતિ, સ્મૃતિ અને સર્વે ઇતિહાસનો સાર મૂક્યો. તે પુરાણની કથા હવે આપણે સાંભળીએ."

આ પ્રમાણે કથાનો પ્રારભ થયો.

મૂર્તિ એ સત્સંગનું બીજ છે

મહારાજે અગાઉ નારાયણજીભાઈ સુથાર પાસે નરનારાયણની છાપ કરાવી હતી. અન્નકૂટના ઉત્સવ પ્રસંગે તે ગઢપુર આવ્યા ત્યારે મહારાજે તેમને નરનારાયણ દેવની બીજી છાપ બનાવવા કહ્યું. મહારાજે કહ્યું : "નરનારાયણ દેવનાં ચરણ પાસે ગરુડજી ચીતરજો અને જમણી તથા ડાબી બાજુએ સૂર્ય-ચંદ્રનાં બિંબ બતાવજો."

નારાયણજીભાઈએ મહારાજની આજ્ઞા પ્રમાણે છાપ બનાવી. મહારાજે તે જોઈ. પછી મુક્તાનંદ સ્વામીને બતાવી અને કહ્યું : "સ્વામી ! મૂર્તિ એ સત્સંગનું બીજ છે. મૂર્તિ હશે તો ઉપાસના ટકશે અને તેથી સત્સંગ વૃદ્ધિ પામશે. ભગવાનની મૂર્તિ એ મુમુક્ષુઓ માટે સાચું આલંબન છે. તે નહીં હોય તો લોકો ગમે તે આલંબન શોધશે અને અંતે ભગવાનના માર્ગથી ચ્યુત થઈ જશે."

મુક્તાનંદ સ્વામી આ સાંભળી રાજી થયા. તેમની તો ઇચ્છા હતી જ કે મહારાજ મંદિરો કરે, જેથી ઉપાસનાનો માર્ગ અખંડ જળવાઈ રહે.

પછી મહારાજે એ છાપ બીજા સંતોને પણ બતાવી. સૌ જોઈ રાજી થયા. મહારાજે નારણજીભાઈને કહ્યું : "હવે આવી બીજી છાપો છાપી નાખો. દરેક સંતને એક એક છાપ પૂજવા આપવી છે."

ધર્મદેવ અને ભક્તિમાતાની છાપો પણ તૈયાર કરાવી

શ્રીહરિની આજ્ઞા સાંભળી નારણજીભાઈ પ્રસન્ન થયા. તેમને મનમાં થયું

કે મહારાજ રાજી છે તો આવી સેવા આપે છે. તેમણે મહારાજની આજ્ઞા શિરે ચઢાવી. પછી મહારાજનું પૂજન કર્યું. મહારાજે તેમને આશીર્વાદ આપ્યા અને પોતે પહેરેલાં સુંદર વસ્ત્રો ઉતારીને નારણજીભાઈને અર્પણ કરી દીધાં. નારણજીભાઈ આ કૃપાથી કૃતકૃત્ય થઈ ગયા. તેમણે ગદ્ગદ ભાવે કહ્યું : "મહારાજ ! આવો જ રાજીપો સદા રાખજો અને આવું ને આવું સ્વરૂપ અંતરમાં પણ રહે એવી દયા કરજો."

મહારાજે તરત કહ્યું : "અંતરમાં પણ રહેશે અને તમારી કલા દ્વારા બહાર પણ આવશે. હજારો ભક્તોને તે લાભ મળશે."

એટલે નારણજીભાઈએ મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ પ્રગટ થયા અને આપના સંબંધે લાખો મુમુક્ષુઓ મોક્ષને પંથે ચાલ્યા. આપે શુકજી, નારદ અને સનકાદિક જેવા સંતો બનાવ્યા. લોકોને વહેમ અને વ્યસનની બદીમાંથી બહાર કાઢ્યા. તેથી આપના પુરુષોત્તમ સ્વરૂપને તો હવે સૌ જાણતા થઈ ગયા છે, પરંતુ આપનાં માતા-પિતાની કોઈને પિછાણ નથી. તેથી તેમની મૂર્તિ બનાવીએ તો સૌને તેમની પૂજાનો પણ લાભ મળે."

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "અમારાં પિતા ધર્મદેવ અને માતા ભક્તદેવી - એ બંનેની છાપો બનાવો અને વચ્ચે અમારું સ્વરૂપ ગોઠવો. એટલે અમારા સંબંધે સૌ ભક્તોને ધર્મ અને ભક્તિની પૂજાનો પણ લાભ મળે."

મહારાજ એટલું કહીને સ્વસ્થ થયા એટલે સિદ્ધાનંદ સ્વામી, વૈષ્ણવાનંદ સ્વામી તથા નિર્ગુણાનંદ સ્વામીએ પણ મહારાજની વિવિધ ઉપચારોથી પૂજા કરી.

શ્રીનગરના મંદિરનિર્માણમાં રઘુનાથદાસનાં વિઘ્નો

ગઢપુરમાં શ્રીમદ્ભાગવતની કથા સવારે ચાલતી હતી. ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા અન્ય સંતોને મહારાજ ભાગવતનું રહસ્ય સમજાવતા હતા. સાંજે મહારાજ લિંબતરુ નીચે ચોકમાં બિરાજતા અને સંતો કીર્તન-ભક્તિ કરતા. મહારાજ જ્ઞાનવાર્તા કરતા. તેમાં મુખ્યપણે સ્વરૂપનિષ્ઠા અને ધર્મનિષ્ઠાની વાતો આવતી.

મહારાજના સાંનિધ્યમાં મળતો આવો દિવ્ય લાભ છોડીને હરિભક્તોને પણ કોઈને ઘેર જવાનું કે વ્યવહારમાં મન પરોવવાની ઇચ્છા થતી ન હતી. વાંકિયાનાં રાજબાઈને તો મહારાજે દાદાખાચરના પાંચમા બહેન તરીકે ગણ્યાં

હતાં. તેઓ પોતાના પરણેલા ધણીનો ત્યાગ કરીને સેવામાં રહ્યાં હતાં. દાદાખાચરે તેમને માટે એક અલાયદો ઓરડો કાઢી આપ્યો હતો.[૭૬]

એક દિવસ સાંજની સભામાં મહારાજ વાતો કરતા હતા, ત્યાં પાર્ષદે આવી મહારાજને ખબર આપ્યા કે "શ્રીનગરથી કુબેરસિંહ સંદેશો લઈને આવ્યા છે."

મહારાજે કહ્યું : "તેમને જલદી બોલાવો." કુબેરસિંહ મહારાજ પાસે આવી દંડવત્ કરીને મહારાજની સન્મુખ બેઠા. મહારાજે તેમને પૂછ્યું : "કેમ એકાએક આવવાનું થયું ?"

એટલે તેમણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! રઘુનાથદાસે ઈડરના મહારાજા ગંભીરસિંહને આપણા વિરુદ્ધ બહુ વાતો કરી છે. આપણે તેમના રાજ્યની ખાણમાંથી પથ્થર લાવીએ છીએ, તેથી તેણે રાજાને કહ્યું કે 'સ્વામિનારાયણ તો બહુ મોટું મંદિર અમદાવાદમાં કરે છે, એટલે જો તેમને પથ્થર લેવા દેશો તો તમારી ખાણ અર્ધી થઈ જશે. માટે કાં તો તેમને પથ્થર લેતા અટકાવો અથવા તો પથ્થર ઉપર દાણ લ્યો; તો આપોઆપ તે મોળા પડી જશે.' આથી રાજાએ પથ્થર લેવાની મનાઈ કરી છે. અમે એન્ડરસન સાહેબને મળ્યા એટલે તેમણે કહ્યું કે 'ગંભીરસિંહ અમારું માનશે નહીં. માટે તમે નારાયણ સ્વામી પાસે જઈ તેમને જ વાત કરો.' એટલે આપની પાસે આવવું પડ્યું છે."

મહારાજ આ સાંભળી વિચારમાં પડી ગયા : રઘુનાથદાસનો સખત પરાભવ થયો છે, તેણે જબ્બર પછડાટ ખાધી છે, છતાં તેની ઈર્ષાએ તેના આસુરભાવને અડીખમ ઊભો રાખ્યો છે. પરંતુ ભગવાનના કાર્યમાં તો કોઈનું

---

૭૬. રાજબાઈને સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં ગઢડાના જીવાખાચરનાં સાળી તરીકે ઓળખાવ્યાં છે, જ્યારે કેટલાક ગ્રંથોમાં તેમને જીવુબાની માસીની દીકરી બહેન તરીકે પણ ઓળખાવ્યાં છે. તેમણે મહારાજનાં પ્રથમ દર્શન ગઢપુરમાં કર્યાં અને તે ક્ષણથી જ તેમની વૃત્તિ મહારાજના સ્વરૂપમાં તણાઈ ગઈ હતી. ત્યારપછી પુરુષમાત્ર તેમને ભાઈ-બાપ જેવા થઈ ગયા હતા. તેમનાં લગ્ન લીધાં અને સાસરેથી ચૂંદડી આવી ત્યારે તેમની માતાએ કહ્યું : "રાજુ ! તારી ચૂંદડી આવી." એટલે રાજબાઈએ કહ્યું : "બળી તારી ચૂંદડી." તરત જ ચૂંદડી ભડકો થઈને બળી ગઈ ! ત્યારબાદ તેમનાં લગ્ન કર્યાં. પરંતુ પોતાને અખંડ બ્રહ્મચર્ય પાળવાની દૃઢ ઈચ્છા હતી તેથી મહારાજે તેમના દેહની રક્ષા કરી. તેમના સાસરિયાઓએ પણ તેમની ભક્તિમય સ્થિતિ જોઈ તેમને ગઢપુરમાં મહારાજ પાસે જવાની રજા આપી. તેમના સંબંધથી પાછળથી તેમના સાસરિયાઓને પણ સત્સંગ થયો.

– શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૨, વાર્તા ૧૮૯.

ચાલવાનું નથી. મહારાજે તરત જ પાર્ષદને કહ્યું : "ગુરુચરણરતાનંદ સ્વામીને[૭૭] બોલાવી લાવો."

તરત જ ગુરુચરણરતાનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા અને દંડવત્ કરી મહારાજ સન્મુખ બેઠા. મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમે અહીંથી સીધા ઈડર જાઓ, ત્યાંના રાજાને મળો અને સત્સંગની વાત કરો. તેમને સમજાવો કે અમે તો પરોપકારનું કામ કરીએ છીએ અને તમારા રાજ્યના પથ્થર વપરાશે તેનું પુણ્ય તમને મળશે અને તમારી પ્રજા પણ સુખી થશે."

ગુરુચરણરતાનંદ સ્વામી મહારાજની વાત સાંભળી રહ્યા. પછી તેમણે હાથ જોડી પૂછ્યું : "મહારાજ ! રાજા મારું માનશે ?"

એટલે મહારાજે ભ્રૂકુટી ચડાવી કહ્યું : "કેમ નહીં માને ? ભગવાનને અંતરમાં ધારીને જશો અને તેમને સંભારીને બોલશો તો રાજાનું અંતર પીગળી જશે. આપણે ક્યાં આપણા સ્વાર્થની વાત કરવી છે ? તેમનો હાથ પકડશો એટલે અંતરમાં ભગવાનનો પ્રવેશ થઈ જશે. પછી વર્તમાન ધરાવીને વાતો કરજો."

મહારાજની આજ્ઞા પ્રમાણે સ્વામી તૈયાર થયા. મહારાજે તેમને પ્રસાદીનો હાર આપ્યો. કુબેરસિંહને પણ સ્વામી સાથે મહારાજે ઈડર જવાનું કહ્યું.

સ્વામી ઈડર આવ્યા અને રાજમહેલમાં જઈ અનુચર સાથે કહેવરાવ્યું કે સ્વામિનારાયણના સાધુ આવ્યા છે. રાજાએ તરત જ તેમને બોલાવ્યા. સ્વામી અંદર ગયા અને ગંભીરસિંહજી એકદમ ઊભા થઈ ગયા. બે હાથ જોડી તે સ્વામીની સન્મુખ આવ્યા. એટલે સ્વામીએ તેમના બંને હાથ પકડી લીધા. ગંભીરસિંહજીના અંગમાં આ સ્પર્શથી એક મીઠી ધ્રુજારી છૂટી ગઈ ! આનંદના સ્પંદનથી અંતર પુલકિત થઈ ગયું. સ્વામી તેમના સામું સ્થિર દૃષ્ટિ કરીને જોઈ રહ્યા. થોડી વારે ગંભીરસિંહજીએ પૂછ્યું : "સ્વામી ! પથ્થરના કામ માટે આવ્યા છો ?"

તરત જ સ્વામીએ કહ્યું : "ના, બાપુ ! અમે તો આપને સત્સંગની વાતો કરવા આવ્યા છીએ. મહારાજે આજ્ઞા કરી કે મહારાજા ભાવિક છે, તેમના રાજ્યમાંથી આપણને મંદિર કરવા માટે પથ્થર લેવા દે છે તો આપણે પણ તેમને કાંઈક આપવું જોઈએ ને ?"

આ સાંભળી ગંભીરસિંહ હસ્યા. તેમણે કહ્યું : "બોલો સ્વામી ! શું મૂલ્ય ચૂકવશો ?"

---

૭૭. તેઓ ખાસ કરીને ક્ષત્રિયોના ગુરુ કહેવાતા હતા.

સ્વામીએ હજુ તેમના બંને હાથ પકડી જ રાખ્યા હતા. તેમણે કહ્યું : "બાપુ ! અમે તો ધન અને સ્ત્રીના ત્યાગી કહેવાઈએ. અંતરમાંથી જગત કાઢ્યું છે ને ભગવાન રાખ્યા છે એટલે અમે તમને ભગવાનની મૂર્તિ સિવાય બીજું શું આપી શકીએ ?"

"એમ ? ભગવાનની મૂર્તિ આપતા હો તો આપો. હું લેવા તૈયાર જ છું." રાજાએ મક્કમતાથી કહ્યું.

સ્વામી આ સાંભળી તેમના બંને હાથ છોડી બોલ્યા : "બાપુ ! એમ એ મૂર્તિ ન મળે. એટલું એ સહેલું નથી. પણ સ્વામિનારાયણ ભગવાને ઉપદેશેલા નિયમો ધારણ કરો, તે પ્રમાણે જીવન જીવવાનો આદર કરો તો જે મૂર્તિ અંતરમાં છે તે પ્રગટ થશે, તમારી સાથે વાતો કરશે અને તમારું જીવન એમની આજ્ઞાનુસાર ભક્તિમય થઈ જશે."

ગંભીરસિંહજી વિચારમાં પડી ગયા. થોડી વારે તેમણે કહ્યું : "ભલે સ્વામી ! આપો નિયમ." એમ કહી તેમણે તેમનો જમણો હાથ સ્વામી સન્મુખ ધર્યો. સ્વામીએ તુંબડીમાંથી જળ લઈ તેમની હથેળીમાં મૂક્યું અને કહ્યું : "બાપુ ! આજથી દારૂ ન પીવો, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, માંસ ન ખાવું અને વટલવું નહિ તેમજ વટલાવવા નહિ."

આ નિયમો સાંભળી થોડી વાર તો ગંભીરસિંહ વિચારમાં પડી ગયા. પણ તરત જ બોલ્યા : "ભલે સ્વામી ! તમારા આપેલા ચાર નિયમો તો હું પાળીશ, પણ માંસ ન ખાવાનો નિયમ મારાથી પળાશે નહીં. જો આટલાથી મને સ્વીકારતા હો, તો હું તૈયાર છું."

તરત જ સ્વામીએ કહ્યું : "ભલે બાપુ ! ગરુડજી ભગવાનના ભક્ત કહેવાય છે છતાં અભક્ષ્ય ખાય છે. અમે તેમની પંક્તિમાં તમને ગણીશું." એમ કહી સ્વામીએ તેમને ચાર વ્રત પાળવા નિયમ આપ્યા.

પછી ગંભીરસિંહજીએ કહ્યું : "સ્વામી ! તમારા મંદિર માટે જતા પથ્થર મેં અટકાવ્યા છે. પણ હવે હું પણ સત્સંગી થયો એટલે એ હુકમ મારે પાછો ખેંચવો પડશે !" એટલું કહી તેમણે અનુચરને બોલાવીને કહ્યું : "વસૂલાતી કારભારીને બોલાવી લાવ."

થોડી વારે કારભારી આવ્યા. બાપુએ તેને કહ્યું : "અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ નવાવાસમાં જે મંદિર તૈયાર કરાવે છે, તેમાં જોઈતા પથ્થર વગર દાણે આપવા. આગળનો મનાઈહુકમ આથી રદ કરવો."

કુબેરસિંહ આ બધું આશ્ચર્યવત્ જોઈ રહ્યા હતા. તેમને મહારાજનો પ્રતાપ પળે પળે દેખાતો હતો. સ્વામી પણ મહારાજને અંતરમાં ધારી ભારે કરામત કરી રહ્યા હતા.

થોડો સમય ગુરુચરણરતાનંદ સ્વામી ઈડરમાં રહ્યા. મહારાજા પાસે ઉપદેશ નિમિત્તે તેઓ રોજ જતા. ધીરે ધીરે મહારાજાને સત્સંગની દિવ્યતા સમજાવા લાગી.

કુબેરસિંહ ઈડરથી બીજે જ દિવસે નીકળી અમદાવાદ પહોંચી ગયા. અહીં તેમણે આનંદ સ્વામીને બધી વાત કરી. મહારાજને પણ સમાચાર પહોંચાડી દીધા.

આ મંદિર નિર્માણના કાર્યમાં મહારાજે આનંદાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી બંનેને મોકલ્યા હતા. ભગા દોશીએ આપેલ દસ હજાર રૂપિયાની હૂંડીથી કામ શરૂ કર્યું હતું. ધીરે ધીરે ત્યાંના હરિભક્તોની પણ સેવા આવતી ગઈ અને કામ ધમધોકાર ચાલવા લાગ્યું. એમાં વળી ઈડર રાજ્યમાંથી પથ્થર આવતા અટક્યા હતા તે પણ હવે આવવા શરૂ થઈ ગયા, તેથી મહારાજની ઇચ્છાનુસાર ફાગણમાં પ્રતિષ્ઠાવિધિ થઈ જશે તેની પ્રતીતિ સૌને થઈ ગઈ.

મહારાજને ભાવ ખપતો હતો, ભોગ નહીં

મહારાજે આ.સં. ૧૮૭૮નો વસંતનો ઉત્સવ ગઢપુરમાં કરવાનું નક્કી કર્યું. ત્યારપછી અમદાવાદમાં થતાં મંદિરનું કામકાજ જોવા ગુજરાત તરફ જવાનું ગોઠવ્યું.

વસંતના ઉત્સવ ઉપર પણ ઘણા હરિભક્તો આવ્યા. હળવદથી શંભુ શુક્લ તથા શિવશંકર જાની આવ્યા. શિયાણીથી શિવરામ ભટ્ટ આવ્યા, મેથાણથી ગોવિંદરામ તથા ત્યાંના દરબારો આવ્યા. દાદાખાચરે વસંતના પ્રતીક રૂપ કેસર-મિશ્રિત જળનો ઘડો તૈયાર કરાવ્યો હતો. શિવરામ ભટ્ટે તથા ગોવિંદરામે વસંતનું પૂજન કર્યું. વસંતના પૂજન બાદ નિત્યાનંદ સ્વામીએ મહારાજને આ કેસરિયા પાણીથી સ્નાન કરાવ્યું. ગુલાલ છાંટ્યો. મહારાજે પણ સંતો, હરિભક્તોને ખૂબ રંગે રમાડ્યા.

ત્યારબાદ મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા. અહીં પણ મહારાજ સૌ સાથે રંગે રમ્યા. મહારાજના સ્વરૂપ વિષે પ્રસંગે પ્રસંગે જીવાખાચરના બદલાતા ભાવોની મહારાજ સદા ઉપેક્ષા કરતા. તેમને તો ગમે તે પ્રકારે તેમને

મોક્ષના માર્ગ ઉપરથી પડવા દેવા ન હતા. મહારાજની આવી અપાર કરુણાનો ભાવ જીવાખાચર, દાદાખાચર પ્રત્યેની ઈર્ષ્યાના ભાવથી સમજી શક્યા ન હતા. પોતે મહારાજને પોતાના દરબારમાં પધરાવી ઉત્સવો કરાવતા, રસોઈઓ પણ જમાડતા. પરંતુ આ બધું વ્યવહારના ભાવથી કરતા : દાદો કરે છે તો તેનું ઢંકાઈ જાય એવું હું કરું. પણ તેમાં મહારાજની પ્રસન્નતા ન હતી. મહારાજને ભાવ ખપતો હતો, ભોગ નહોતો ખપતો. છતા મહારાજ તેમને રાજી રાખતા.

અહીંથી મહારાજ સર્વ સંતો-હરિભક્તો સાથે નારાયણ ધરે સ્નાન કરવા પધાર્યા. રંગથી રંગાયેલા મહારાજ અને સંતો-હરિભક્તોના રંગથી નારાયણ ધરાનું પાણી પણ રંગમય બની ગયું. પૂર્ણ પુરુષોત્તમ નારાયણની આવી અનેક જળક્રીડાના સંબંધથી ઉન્મત્ત ગંગાનું દર્શન અને તેનો સંબંધ મોટા મોટા દેવો અને મુનિવરો પણ ઝંખતા.

મહારાજ સ્નાન કરી દાદાખાચરના દરબારમાં પધાર્યા. અહીં હરિભક્તો ખારેક, ધાણી પુષ્કળ પ્રમાણમાં લાવ્યા હતા. વાસુદેવ નારાયણને ધરાવી મહારાજ તેમાંથી થોડું જમ્યા અને પ્રસાદી હરિભક્તોને વહેંચી દીધી.

આજે ખંભાળાના મોકાખાચરની રસોઈ હતી. તેમણે મહારાજ પાસે આવીને કહ્યું : "મહારાજ ! થાળ તૈયાર થઈ ગયો છે. આપ પધારો."

મહારાજ તરત જ ઊઠ્યા. ઊઠતાં ઊઠતાં તેમણે સભામાં સૌને કહ્યું : "ફાગણ સુદ ત્રીજને દિવસે શ્રીનગરમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા થશે. મંદિર ત્યાં તૈયાર થઈ ગયું છે, તો સૌ હરિભક્તો આ પ્રસંગે શ્રીનગર જરૂર આવે. અમે પણ મહા વદમાં અહીંથી નીકળીશું." એટલું કહીને મહારાજ થાળ જમવા પધાર્યા.

પોતે જમી રહ્યા પછી મહારાજ સૌ સંતોને પીરસવા પધાર્યા. ત્યારે મુક્તમુનિએ કહ્યું : "મહારાજ ! આજે આપ રંગે રમ્યા છો, વળી જળક્રીડા પણ ઘણી કરી છે તેથી થાક લાગ્યો હશે. માટે આપ કહો તો અમે સૌને પીરસીએ."

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. પછી કહ્યું : "સ્વામી ! તમે કહો છો તે સાચું. પરંતુ સંતોને ભાવ છે, આ રીતે પણ તેમને દર્શન થાય, પ્રસાદી મળે; તેની સ્મૃતિ રહે તો અનંત સાધન કર્યાનું ફળ મળી જાય. અમારી દરેક ક્રિયામાં અમે અમારી મૂર્તિ આપીએ છીએ. જેને શ્રદ્ધા છે તે મૂર્તિનું સુખ લઈ લે છે." એટલું કહીને મહારાજ સંતોને પીરસવા માંડ્યા.

મુક્તાનંદ સ્વામી મનમાં વિચારવા લાગ્યા. આગળ અનંત અવતારો થયા

છે, પણ કોઈએ આ પ્રકારે પોતાના ભક્તોને પોતાની મૂર્તિનું સુખ આપ્યું નથી, આ રીતે ભક્તોને લાડ લડાવ્યા નથી. મહારાજનું અતિ દિવ્ય સ્વરૂપ, માયાના ભાવથી પર ન થઈએ ત્યાં સુધી ધ્યાનમાં આવતું જ નથી. એ ભાવથી સૌને પર કરવાનાં આ સાધનો છે. આ પ્રમાણે વિચારમાં ને વિચારમાં મહારાજનાં દર્શન કરતા, મોટા મોટા દેવોને કે મુનિવરોને પણ ન મળે એવી આ દિવ્ય પ્રસાદી તેઓ જમવા લાગ્યા.

બીજે દિવસે મહારાજ પીપળિયા પધાર્યા. અહીંના વેલા ભક્તનો ખાસ આગ્રહ હતો. મહારાજ સમૈયામાં આવેલા સંતો, હરિભક્તો સાથે ત્યાં ગયા. વેલા ભક્તે ધામધૂમથી મહારાજનું સામૈયું કર્યું. પોતાના વિશાળ પ્રાંગણમાં તેમણે મંડપ બાંધ્યો હતો. મહારાજ માટે ઓસરી ઉપર પાટ બિછાવી હતી. મહારાજ અહીં આવીને પહેલા જ રસોડામાં પધાર્યા. સૌને આથી આશ્ચર્ય થયું. વેલા પટેલ મહારાજની સાથે જ હતા. મહારાજે તેમને કહ્યું : "વેલા પટેલ ! અમે તો આખા સમૈયાને લઈને અહીં આવ્યા છીએ. રસોઈનું કેમ છે ?"

વેલા પટેલે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની દયાથી કાંઈ વાંધો આવશે નહીં. આપ દૃષ્ટિ કરી લ્યો."

મહારાજે રસોઈની બધી જ સામગ્રી ઉપર દૃષ્ટિ કરી, પછી બોલ્યા : "પટેલ ! તમારો ભાવ છે એટલે ખૂટશે નહીં. સૌને ખૂબ જમાડો."

પછી મહારાજ મંડપમાં પધાર્યા અને પાટ ઉપર બિરાજમાન થયા. એટલામાં બ્રહ્મચારી આવ્યા. મહારાજે તેમને કહ્યું : "અમારે સ્નાન કરવું છે તો તૈયારી કરો." મહારાજ તરત જ ઊઠ્યા. બ્રહ્મચારીએ પણ તૈયારી કરી દીધી હતી એટલે મહારાજ સ્નાન કરી, પીતાંબર પહેરી, જમવા પધાર્યા. સંતોને જમવા બેસારી દીધા.

મહારાજ જમી રહ્યા પછી ઓસરીમાં આવી પાટ ઉપર બિરાજ્યા. થોડી વાર સુધી જ્ઞાનવાર્તા કરી. પરંતુ કેટલાકને શીરા-પૂરીની ભારે રસોઈ જમવાથી ઊંઘ આવતી હતી. તેથી મહારાજે પ્રેમાનંદ સ્વામીને કહ્યું : "ગરબીનાં પદો ગાવ તો હરિભક્તોની ઊંઘ ઊડી જાય." પ્રેમાનંદ સ્વામીએ ગરબીનાં પદો ગાવાનાં શરૂ કર્યાં અને તાળીના તાલે સૌમાં જાગૃતિ આવી ગઈ.

સાંજે મહારાજ પાછા ગઢપુર પધાર્યા.

બીજે દિવસથી મહારાજે પ્રાગજી દવે પાસે મોક્ષધર્મનો ગ્રંથ વંચાવવાનો પ્રારંભ કર્યો. ગ્રંથમાં જે કોઈ રહસ્યના શ્લોકો આવતા તે શુકમુનિ પાસે

લખાવી લેતા.

બ્રહ્માનંદ સ્વામી તથા મુક્તમુનિને શ્રીનગર મોકલે છે

થોડા દિવસ પછી મહારાજે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને તેમના મંડળ સાથે શ્રીનગર જવા માટે આજ્ઞા કરી. વાહનનો બંદોબસ્ત કરાવી તેમને રજા આપતાં મહારાજે કહ્યું : "અમે પણ મહા વદિમાં આહીંથી નીકળી શ્રીનગર આવીશું. તમે ત્યાં બધી તૈયારીઓ કરાવો."

બંને સદ્ગુરુઓ તથા તેમના મંડળના સાધુઓ મહારાજને પગે લાગીને શ્રીનગર જવા નીકળી ગયા.

ગઢપુરમાં મહારાજ લગભગ દસ મહિના સુધી રહ્યા.[૭૮] ગઢપુરવાસીઓને સેવાનો લાભ આપ્યો; ઉત્સવોની પરંપરા યોજી ભક્તોને ઉત્સવભીના કરી દીધા. જ્ઞાનવાર્તા કરી સૌને પોતાના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરાવી. ગઢપુરમાં મહારાજ દાદાખાચર તથા તેમની બહેનોના પ્રેમને વશ થઈને રહ્યા. તેમની અનેક પ્રકારે કસોટી કરી, ભીડામાં લીધા, મનુષ્યભાવ પણ બતાવ્યા. ક્યારેક પ્રેમ વરસાવ્યો, ક્યારેક કડવા શબ્દો પણ કહ્યા, ક્યારેક રિસાયા, તે ભાવમાં દાદાખાચરનો તિરસ્કાર પણ ખૂબ કર્યો. છતાં મહારાજ પ્રત્યેની તેમની ભક્તિ ઉત્તરોત્તર વૃદ્ધિ જ પામતી ગઈ. મહારાજ કહેતા : "આવી કસણી કોઈ ખમી શકે નહીં. અમારી મનુષ્યલીલાના ભાવો જોઈ કોઈને અમારા સ્વરૂપમાં દિવ્યતા રહે નહીં."

પરંતુ દાદાખાચર અને તેમના સમગ્ર પરિવારની વાત અનોખી હતી. મહારાજની અને તેમના સંતો, ભક્તોની સેવા ન મળે તો તેઓ મૂંઝાતા; મહારાજ તેમની પ્રશંસા કરે તો તેમનાં મુખ ઝાંખાં પડી જતાં; મહારાજ ગઢપુરમાં રહે તેથી અતિ પ્રસન્ન રહેતા. ગઢપુર છોડીને વિચરણ કરવા મહારાજ પધારતા, ત્યારે તેમની રુચિ જોઈ તેમાં પણ પ્રસન્નતા અનુભવતા. તેથી મહારાજને થતું કે દાદાના આ સમગ્ર પરિવારને હું શું આપી દઉં ? અને મહારાજે તેમને પોતાની મૂર્તિ આપી દીધી.

મહારાજ ગઢપુરમાં સ્થાયી થઈને રહેતા. ગઢપુરને પોતાનું નિવાસસ્થાન માનતા. મહારાજના સંબંધે ગઢપુર અક્ષરધામ તુલ્ય બની ગયું હતું.

---

૭૮. ગઢડા મધ્ય પ્રકરણનાં વીસ વચનામૃત આ.સં. ૧૮૭૮ના પોષ વદ ૧૪ સુધીમાં પૂરાં થયાં.



ઉદ્‌ગીથ ૧૫

શ્રીનગરમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા

(આ.સં. ૧૮૭૮, ઈ.સ. ૧૮૨૨)

મહા વદની છઠ્ઠને[૭૯] દિવસે મહારાજ ગઢપુરથી પોતાના સંતમંડળ તથા કાઠી ભક્તો સાથે શ્રીનગર જવા નીકળ્યા. કૌકા થઈને મહારાજ જેતલપુર પધાર્યા. તેમની સાથે દાદાખાચર, સુરાખાચર, માણસિયાખાચર, ડોસાખાચર, વાઘાખાચર, માતરા ધાધલ, રાઠોડ ધાધલ, વસ્તાખાચર વગેરે ભક્તો હતા. રસ્તામાં આવતાં ગામોના કાઠી ભક્તો તથા અન્ય ભક્તો પણ મહારાજની સાથે થઈ ગયા. મહારાજ જેતલપુર પધાર્યા અને સંઘ મોટો થઈ ગયો. મહારાજે પોતાની સાથે આવેલા સર્વે ભક્તોને જેતલપુરમાં રાખ્યા અને પોતે પચાસથી સાઠ પાર્ષદો લઈ મહા વદ ૧૧ને દિવસે શ્રીનગર પધાર્યા. અહીં તેમને પ્રતિષ્ઠા મહોત્સવની સર્વે વ્યવસ્થાનું નિરીક્ષણ કરવું હતું. હરિભક્તોના ઉતારાની વ્યવસ્થા પણ જોવી હતી. યજ્ઞશાળા, ભોજનશાળા, તે અંગેની સીધા-સામગ્રી, આ તમામ વ્યવસ્થા તેમને જોઈ લેવી હતી. ઉત્સવમાં આવેલા સર્વે ભક્તોને સર્વ પ્રકારે આનંદ થાય. તેમના અંતરમાં ભક્તો માટે કાળજી હતી.

મહારાજ કાંકરિયે ડેરા નાખે છે

મહારાજ માંડવીની પોળમાં થઈ માણેકચોકમાં પ્રવેશ્યા અને ત્યાંથી દિલ્હી દરવાજા બહાર શાહીબાગને રસ્તે શાહીમહેલની જગ્યામાં પધાર્યા. અહીં તે સમયના અંગ્રેજ કલેક્ટર મિ. ડનલોપ રહેતા હતા.[૮૦] તેમણે શાહીમહેલની

૭૯. શ્રીહરિલીલામૃત; ૮-૧માં મહા વદ ૭નો ઉલ્લેખ છે.

૮૦. મિ. જ્હૉન જે. ડનલોપ ખેડાના કલેક્ટર હતા, પરંતુ ગાયકવાડ પાસેથી તેમણે અમદાવાદનો કબજો તા. ૩૦-૧૧-૧૮૧૭ના દિવસે લીધો. એટલે તેઓ શાહી-મહેલમા રહેતા હતા.

આજુબાજુની તમામ જગ્યા આ ઉત્સવ માટે હરિભક્તોના ઉતારા માટે આપી હતી. મહારાજે તે જગ્યા જોઈ. પરંતુ તે જગ્યામાં સુંદર વૃક્ષો રોપેલાં હતાં અને સીતાફળનાં ઝાડ વગેરે રોપી સુંદર બગીચો બનાવ્યો હતો. તેથી તે જગ્યાએ ઊતરવાથી વૃક્ષોને અને બગીચાને નુકસાન થાય એટલે મહારાજે તે જગ્યાએ ઉતારા કરાવવાની ના કહી.

ત્યાંથી ફરતા કાંકરિયા સરોવર પધાર્યા. અહીં વિશાળ જગ્યા હતી, વૃક્ષોની છાયા પણ હતી અને સરોવરનું મીઠું પાણી પણ હતું. મહારાજને આ જગ્યા પસંદ આવી ગઈ. પછી મિ. ડનલોપને મહારાજ મળ્યા. તેમના સદ્ભાવથી પ્રસન્ન થયા. ત્યાંથી રાત્રે નીકળી મહારાજ જેતલપુર પધાર્યા.

શ્રીનગરમાં મહારાજની દિવ્ય નગરયાત્રા

જેતલપુરથી મહારાજ બારસને દિવસે સંઘના તમામ હરિભક્તોને લઈને શ્રીનગર જવા નીકળ્યા. મહારાજે શ્રીનગરમાં આગલે દિવસે જ કહ્યું હતું તેથી મહારાજના તથા સંઘના હરિભક્તોના સ્વાગતની તમામ તૈયારી શ્રીનગરના હરિભક્તોએ કરી હતી. મહારાજ સંઘ સાથે રાયપુર દરવાજે પધાર્યા. અહીં હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. સોનેરી કસુંબલ ફેંટો શિરે ધરાવ્યો, પાઘમાં મોતીના તોરા ખોસ્યા, પુષ્પના હાર પહેરાવ્યા. માણકીને પણ નવા સોનેરી સાજથી શણગારી. શ્રીનગરના હરિભક્તોએ ધરાવેલ શણગાર પહેરી મહારાજ માણકી ઉપર બિરાજ્યા અને સવારી ત્યાંથી વાજતે-ગાજતે નીકળી.

આગળ ઘોડા ઉપર સવારો હતા, ઊંટ ઉપર ડંકા-નિશાન હતાં. પછી દેશી વાજિંત્રો, ઢોલ, ત્રાંસાં, શરણાઈ વગેરે હતાં. તેની પાછળ હરિભક્તો, સંતો કીર્તનો બોલતા ચાલતા હતા. ત્યારબાદ સંસ્કૃત ભણેલા વિદ્વાન સંતો વેદસ્તુતિ, ગોપિકાગીત, યુગલગીત, વેણુગીત, ભ્રમરગીતના પ્રેમલક્ષણા ભક્તિના સુંદર શ્લોકો ગાતા ચાલતા હતા. પાછળ સોનાની છડીઓ હાથમાં લઈને દસ ચોપદારો જય જય કરતા ચાલતા હતા. પાછળ પાર્ષદોથી વીંટાયેલા મહારાજ માણકી ઉપર બિરાજમાન થઈને આવતા હતા. સ્ત્રીઓનાં જૂથ પણ મંગળ ગીતો ગાતાં ગાતાં આવતાં હતાં. આ રીતે શ્રીનગરમાં શ્રીજીમહારાજની ભવ્ય સવારી નીકળી. આ દિવ્ય શોભા નિહાળવા નગરજનો બજારમાં, મેડીઓમાં, ઝરૂખાઓમાં ટોળાબંધ જમા થઈ ગયા હતા.

મહારાજનાં દર્શન કરવા મિ. ડનલોપ તેમની 'મેડમ' સાથે ખુલ્લી

ઘોડાગાડીમાં બેસીને સામેથી આવતા હતા. તેમણે તેમની ગાડી એક બાજુ ઊભી રાખી. સવારીને શિસ્તબદ્ધ આવતી જોઈ તે રાજી થયા. તેમણે દૂરથી મહારાજનાં દર્શન કર્યાં. હાથમાં ટોપી લઈ મહારાજને નમસ્કાર કર્યા. સવારી આગળ ચાલી અને ડનલોપ ત્યાંથી કાંકરિયા તળાવે મહારાજ તથા સંઘના ઉતારાની જ્યાં વ્યવસ્થા કરી હતી તે જોવા ગયા. અહીં રથ, ઘોડા, ગાડીઓ, ગાડાંઓ ન ગણી શકાય એટલી સંખ્યામાં હતાં. પરંતુ હરિભક્તો નગરયાત્રામાં ગયા હતા એટલે તેમણે ફક્ત ચોકિયાતોને જ ત્યાં જોયા. વ્યવસ્થા જોઈ તેઓ રાજી થયા.

સવારી મુખ્ય બજારમાં આવી. રઘુનાથદાસે આ બધું જોયું. મહારાજ કદાચ રામાનંદ સ્વામીએ બનાવેલ મંદિરમાં દર્શન કરવા આવે તેથી તેણે તે મંદિરનાં બારણાં બંધ કરી દીધાં. શ્રીહરિ દર્શન કરવા ઊતર્યા, પરંતુ મંદિરનાં દ્વાર અંદરથી બંધ હતાં તેથી પાછા વળ્યા. તેમણે કહ્યું : "ઠાકોરજીનાં દર્શન કરવામાં જે વિક્ષેપ કરે છે તે મહાપાતકી બને છે."

નાગર ભક્તોએ મહારાજના આ શબ્દો સાંભળી મહારાજની ક્ષમા માગી અને કહ્યું : "અમને સૌને રઘુનાથદાસે ઊંધા પાટા બંધાવ્યા હતા. આપની વિરુદ્ધ ઘણું કહ્યું હતું તેથી અમે આપની નજીક આવી શક્યા નહીં અને આપના દિવ્ય સત્સંગનો લાભ લઈ શક્યા નહીં."

મહારાજે આ સાંભળી હસતાં હસતાં કહ્યું : "તમે સૌ મડદામાં જીવ છે તેમ જાણી તેને બાઝી રહ્યા હતા, પણ હવે સત્સંગ અને કુસંગ ઓળખી, કુસંગનો ત્યાગ કરી સત્સંગમાં આવો. સત્ય સમજાયું છે તો હવે તમારું કલ્યાણ થશે." એમ કહી મહારાજ માણકી ઉપર બિરાજી ગયા.

આગળ અંબાબાએ મહારાજનું પુષ્પહારોથી સ્વાગત કર્યું. માણેકચોકમાં શેઠ હિમાશાની હવેલી આવી ત્યાં પણ શેઠના પરિવારે મહારાજનું પુષ્પહારોથી સ્વાગત કર્યું. આ પ્રમાણે ઠેરઠેર ભક્તો તરફથી સ્વાગત સ્વીકારતા, સૌને પ્રસન્ન મુખે આશીર્વાદ આપતા મહારાજ નવા વાસ પાસે થતા મંદિરના ચોકમાં પધાર્યા.

મંદિરની સેવા કરનારાઓને મહારાજ આશીર્વાદ આપે છે

મહારાજ અશ્વ ઉપરથી ઊતર્યા. મંદિરનું કામકાજ નિહાળ્યું. ત્રણે શિખરો, સિંહાસનો તૈયાર થઈ ગયાં હતાં તે જોયાં. મંદિરનું કામ સુંદર થયેલું જોઈ મહારાજ પ્રસન્ન થયા. આનંદાનંદ સ્વામીને કહ્યું : "મંદિરનું કામ બહુ જ સુંદર અને શિલ્પશાસ્ત્રના નિયમો પ્રમાણે થયું છે. માટે આમાં જેમણે જેમણે સેવા કરી

હોય તે સૌને બોલાવો. તેમને સૌને હમણાં જ મળીને આશીર્વાદ આપીએ. પછી સમય રહેશે નહીં !" એટલું કહીને પોતાના કંઠમાં જેટલા હાર હતા તે તમામ કાઢીને આનંદાનંદ સ્વામીને પહેરાવ્યા.

પછી જેમણે જેમણે મંદિર કરવામાં સેવા કરી હતી તે સૌને આનંદ સ્વામીએ બોલાવ્યા. મહારાજ તેમને સૌને મળ્યા, આશીર્વાદ આપ્યા. કુબેર તથા અંબારામ બંનેએ પોતાને આવી દુર્લભ સેવા મળી તેથી પોતાનાં મોટાં ભાગ્ય માની રાત-દિવસ જોયા સિવાય ચણતરકામ કર્યું હતું. તે બંને કડિયાઓને મહારાજ મળ્યા. પાઘડી બંધાવી, દુપટ્ટાઓ આપ્યા અને સોનાની બે સેરની કંઠી બંનેને પહેરાવી. મહારાજની આવી અપાર કૃપાથી બંને ભક્તો કૃતકૃત્ય થઈ ગયા. તેમની આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયાં.

આનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! મૂર્તિઓ જોવા પધારો."

એટલે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ વગેરે સંતોને લઈને મહારાજ મૂર્તિઓ જોવા પધાર્યા. મૂર્તિઓ જોઈ મહારાજ બહુ જ પ્રસન્ન થયા. બધી જ મૂર્તિઓ ઉપર મહારાજે હાથ ફેરવ્યા. આનંદાનંદ સ્વામીને સૂચના આપતાં કહ્યું : "મંદિરની પીઠોનું જે કામ બાકી છે તે જલદી પૂરું કરાવી લ્યો. કારણ આપણે લીધેલા મુહૂર્તે, ત્રણે મંદિરમાં મૂર્તિઓ એકીસાથે પધરાવવી છે." આ પ્રમાણે સર્વ વ્યવસ્થા નિહાળી, સૌને યોગ્ય સૂચનાઓ આપી મહારાજ ઉતારે પધાર્યા.

આજે ચોકસી ભક્તોની દૂધપાક-પૂરીની રસોઈ હતી. મહારાજે સ્નાન કરી, પીતાંબર પહેર્યું અને સુંદર સુશોભિત બાજોઠ ઉપર બિરાજ્યા. મહારાજ રુચિ અનુસાર જમ્યા. ત્યારબાદ ચોકસી ભક્તો રણછોડભાઈ, ત્રિકમભાઈ, ગોકુળભાઈ, હીરાચંદભાઈ, મોહનલાલ, કેવળભાઈ વગેરેએ મહારાજની પૂજા કરી આરતી ઉતારી. સર્વેએ જુદી જુદી ભેટો મહારાજનાં ચરણારવિંદમાં મૂકી. મહારાજે કેસર મિશ્રિત ચંદનમાં પોતાનાં ચરણ ભીનાં કરી પોતાની અતિ પ્રસન્નતાના પ્રતીક રૂપે તે ભક્તોની છાતીમાં પોતાનાં ચરણારવિંદની છાપો આપી. પુરુષોત્તમ નારાયણની આવી અપાર પ્રસન્નતા જોઈ સર્વે ભક્તો ગદ્‌ગદ થઈ ગયા.

કાંકરિયા ઉપર ડનલોપ સાહેબે જે જોયું તેથી તેમને લાગ્યું કે જે જે સંતો કે હરિભક્તો વૃક્ષોની છાયામાં ઊતરશે, તેઓ જ ફાગણના તાપથી બચશે. બીજા ભક્તોને તાપનો ત્રાસ વેઠવો પડશે. વળી, સવારની ઠંડી પણ ઓછી ન હતી.

આ બધો વિચાર કરી તેમણે તંબુઓની વ્યવસ્થા કરી કાંકરિયે તંબુઓ, રાવટીઓ વગેરે મોકલાવ્યાં. આ રીતે ઉતારાનો પ્રશ્ન ઊકલી ગયો. તેથી મહારાજ પ્રસન્ન થયા. પરંતુ હજુ સંઘના ભક્તોની સલામતીનો પ્રશ્ન પણ હતો. મહારાજે મહાનુભાવાનંદ સ્વામીને સૂચના આપી કે "ધનાઢ્ય ભક્તોને વચ્ચે ઉતારો આપો, બીજાને આજુબાજુ. જે શસ્ત્રધારીઓ હોય તેમને સંઘની આજુબાજુ ઉતારો આપો. સૌને સૂચના આપજો કે સૌ સાવધાન રહે."

પરમાત્માને પરોક્ષ નહીં પણ પ્રત્યક્ષ સમજે છે, એટલે સૌમાં સુહૃદભાવ છે

મહા વદ ચૌદશને દિવસે મહારાજને ડનલોપ સાહેબે ભદ્રમાં પોતાના આવાસમાં પધારવા આમંત્રણ આપ્યું. મહારાજ થોડા સંતો અને મુખ્ય મુખ્ય હરિભક્તો લઈને ભદ્રમાં પધાર્યા. સાહેબે પ્રવેશદ્વારમાં જ હરિભક્તો તથા મહારાજનું સ્વાગત કર્યું. મહારાજ ઉપર પધાર્યા. ત્યાં બ્રાહ્મણ પાસે રાજોપચારથી તેમણે મહારાજનું પૂજન કરાવ્યું. મેવા, મીઠાઈ, ફળો ભેટ આપ્યાં. મહારાજ સાથે આવેલા સંઘની શિસ્ત તેમજ અંદર અંદર સૌ પ્રત્યેનો સુહૃદભાવ જોઈ સાહેબને આશ્ચર્ય થયું. ત્યારે મહારાજે કહ્યું : "જેમ સૂત્રમાં મણિ જોડાયેલા રહે છે તેમજ એક જ પરમાત્માને આશરે સૌ તે પરમાત્માના સ્વરૂપને પિછાણીને જોડાયા છે. તેથી સૌને સૌ હરિભક્તો પ્રત્યે સુહૃદભાવ છે. તે પરમાત્માને તેઓ પરોક્ષ નહીં પણ પ્રગટ સમજે છે અને વળી અંતર્યામી સમજે છે, તેથી તે પરમાત્માને પ્રસન્ન કરવા સૌ આ રીતે સહજભાવે વર્તી શકે છે."

મહારાજની હિન્દી વાણીમાં આ વાત સાંભળી ડનલોપ મુગ્ધ બની ગયા. તેમને લાગ્યું કે આ પુરુષની વાણીમાં પણ કેટલો જાદુ છે. શબ્દ સાંભળીએ અને જાણે અંતરના તમામ ઊભરા શમી જાય છે. તેમની વાણીમાં એવું ઐશ્વર્ય છે કે જે તે સાંભળે છે તેમનાં અંતર બદલાઈ જાય છે.

તેમણે મહારાજને તેમના જન્મસ્થાનની વિગત પૂછી. ત્યારે મહારાજે કહ્યું : "અયોધ્યા પાસે સરયૂ નદીની પાર સાત ગાઉ દૂર બમનિયાહર ગામના અદ્‌ભુતસિંહ રાજાનું છપૈયા ગામ છે. ત્યાં અમારો જન્મ સરવરિયા વિપ્ર જ્ઞાતિમાં થયો હતો. ઇટારના અમે પાંડે કહેવાઈએ છીએ. અમારી જ્ઞાતિમાં ત્રણ, તેર અને સોળ ઘર ઉત્તમ ગણાય છે. તેમાં અમારું ઘર તેરમાં ગણાય છે. અમે અમારા પિતા હરિપ્રસાદ પાંડેના વચલા પુત્ર છીએ. અમારા ભાઈઓ હજુ એ

પ્રદેશમાં જ રહે છે.''

મહારાજના શબ્દો સહજ હતા, સરળ હતા. તેમાં પોતાનું કુળ કે ઘરની મોટાઈ બતાવવાની કોઈ ભાવના હતી નહીં, પરંતુ સત્ય કહેવાની દૃષ્ટિ હતી.

મહારાજ ઊઠ્યા. પછી નીચે આવી અશ્વ ઉપર બિરાજ્યા. સાહેબ પણ મહારાજને વળાવવા નીચે સુધી આવ્યા.

કાંકરિયે રોજ સાંજે સભા થાય. સવારે મહારાજ મંદિરનું કામ જોવા પધારે, પ્રેમી ભક્તોને ઘેર પધરામણીએ પણ પધારે. હરિભક્તો નિત્ય નવીન રસોઈઓ આપે. આ પ્રમાણે દિવસો વીત્યા અને આ.સં. ૧૮૭૮ના ફાગણની શુક્લ તૃતીયા - પ્રતિષ્ઠાવિધિનું શુભમુહૂર્ત આવી ગયું !

મહારાજ યજ્ઞશાળામાં પધારે છે

યજ્ઞશાળા તથા સભાના મંડપો કલાત્મક રીતે સંતોએ તૈયાર કર્યા હતા. એકસો ને આઠ વેદપાઠી બ્રાહ્મણોને યજ્ઞમાં વરુણી તરીકે બેસાર્યા હતા. તેમાં મુખ્ય શ્રીનગરના વેદપાઠી નાગર બ્રાહ્મણ હિંમતરામ શાસ્ત્રી, રણછોડ શાસ્ત્રી, નારાયણ શાસ્ત્રી, મહાદેવ શાસ્ત્રી, ગૌરીશંકર શાસ્ત્રી, કેશવરામ, ઉત્તમરામ તેમજ ગણપતરામ, નથુ ભટ્ટ તથા હરિશંકર વગેરે વિદ્વાનો હતા. હળવદના શિવશંકર જાની તથા શંભુભાઈ શુક્લ હતા. શિયાણીના શિવરામ ભટ્ટ હતા તેમજ મહારાજના અંગત પુરાણીઓ પ્રાગજી દવે, દીનાનાથ ભટ્ટ પણ હતા. વડોદરાના શોભારામ શાસ્ત્રી પણ આવી ગયા હતા. મહારાજના સંબંધમાં આવેલા અનેક વિદ્વાનો આ પ્રસંગે આવી ગયા હતા. મહારાજે આ વિદ્વાન શાસ્ત્રીઓનું પૂજન કર્યું. પુષ્પના હાર પહેરાવ્યા. દરેકને નાડાછડી બાંધી.

શુદ્ધ ઉપાસનાનો માર્ગ પ્રવર્તાવવા પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સ્વયં પ્રગટ થયા. શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી, ભક્તે સહિત ભગવાનની ઉપાસનાના માર્ગે મુમુક્ષુઓને પ્રેરી, તેમને કલ્યાણની કેડી ઉપર ચડાવવા પોતે કેવા અલ્પ બની ગયા હતા ! તેમના આ અલ્પ સ્વરૂપમાં, તે સ્વરૂપને અનુરૂપ તેમની સર્વ ક્રિયામાં, તેમના સર્વાવતારી સ્વરૂપનો ખ્યાલ તો કોઈક વિરલાને જ આવી શકે. મહારાજે પણ બહુજનહિતાય એ ભાવને પ્રચ્છન્ન રાખી સૌને ગુણ આવે તે પ્રમાણે ઉપાસનાનો માર્ગ આ રીતે શરૂ કર્યો.

યજ્ઞવિધિની શરૂઆત કરાવી મહારાજ મંદિરમાં પધાર્યા. મંદિરના ત્રણે ખંડોને ફરી નિહાળ્યાં. ત્રણે ખંડોમાં મૂર્તિઓ માટે તૈયાર કરેલા સિંહાસન ઉપર

પોતે વારાફરતી બિરાજ્યા. પછી યજ્ઞશાળામાં પધાર્યા.

વૈદિક મંત્રોના ઉચ્ચારણ સાથે મૂર્તિઓની[૮૧] ષોડશોપચારથી પૂજા કરી. વિપ્રોએ વેદમંત્રોનો ઘોષ કર્યો. પછી મૂર્તિઓ સિંહાસનમાં પ્રતિષ્ઠિત કરી. મધ્ય મંદિરમાં શ્રી નરનારાયણ દેવની શ્રીજીમહારાજની સૂચના અનુસાર તૈયાર થયેલી મૂર્તિઓ પધરાવી. અંગન્યાસનો વિધિ થયો. મંદિરનું પ્રાંગણ નરનારાયણ દેવના જયઘોષથી ગાજી ઊઠ્યું. મહારાજ આ સાંભળી મંદમંદ હસવા લાગ્યા.

આ નરની મૂર્તિ અક્ષરનો અંશ છે, નારાયણની મૂર્તિ પુરુષોત્તમનો અંશ છે

મહારાજે આરતી બાદ નરનારાયણની મૂર્તિઓ સમક્ષ આંખો સ્થિર કરી દૃષ્ટિ કરી. બે ઘડી પર્યંત આ રીતે મૂર્તિઓ સમક્ષ દૃષ્ટિ કરી પોતાનું ઐશ્વર્ય મૂર્તિઓમાં મૂક્યું. મૂર્તિઓ પણ આ દિવ્ય સંબંધથી તેજાયમાન થઈ ગઈ ! ફરી મહારાજે દ્વારના ઉંબરા પાસે ઊભા રહી મૂર્તિ સમક્ષ દૃષ્ટિ કરી. બંને મૂર્તિઓમાંથી અપાર તેજ નીકળ્યું. સૌએ તે દર્શન કર્યાં. સાહેબના હુકમથી બરાબર આ જ સમયે શ્રી નરનારાયણ દેવની મૂર્તિઓને સો તોપનું સન્માન અપાયું !

પ્રતિષ્ઠાવિધિ પૂર્ણ કરીને શ્રીહરિએ મોટા મોટા સૌ સંતોને કહ્યું : "આ નરનારાયણ ભરતખંડના રાજા છે, એટલે અમે ઘણા જીવોના સમાસ અર્થે અહીં પધરાવ્યા છે. પણ કોઈ ભરમાશો નહીં. બદરિકાશ્રમમાં એ અમારું ધ્યાન ધરે છે." એટલામાં કોઈક હરિભક્ત નરવીરની મૂર્તિ લઈને મહારાજના હાથમાં પ્રસાદીની કરવા મૂકવા લાગ્યો. ત્યારે મહારાજે ઊભા થઈને પોતાના તરફ નિર્દેશ કરીને કહ્યું : "આ મૂર્તિનું બદરિકાશ્રમમાં ધ્યાન ધરાય છે."

મોટા મોટા સંતો સૌ સ્તબ્ધ બની સાંભળી રહ્યા.[૮૨]

---

૮૧. એક ઇતિહાસ મુજબ નરનારાયણ દેવની મૂર્તિઓની સાથે જ શ્રીહરિએ અન્ય બે ખંડમાં પણ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી દીધી હતી. એ પૈકી પ્રથમ દેરામાં હરિકૃષ્ણ મહારાજ તરીકે પોતાની મૂર્તિ અને ધર્મ-ભક્તિની મૂર્તિઓ તેમજ અંતિમ દેરામાં રાધાકૃષ્ણ દેવની મૂર્તિઓની પ્રતિષ્ઠા શ્રીહરિએ સ્વહસ્તે કરી હતી.
– અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ; લે. મહંત શાસ્ત્રી ઘનશ્યામસ્વરૂપ-દાસજી, સને ૧૯૭૮, પૃ. ૨૧૩-૨૫૬.

૮૨. નિર્ગુણદાસ સ્વામીની વાતો, આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી પ્રકાશિત, સને ૧૯૯૬, પૃ. ૭૯.

મહારાજ ફરી યજ્ઞશાળામાં પધાર્યા. આ પ્રસંગે બોચાસણથી કાશીદાસ પટેલ આવ્યા હતા. તે મહારાજને પહેરામણી કરવા યજ્ઞમંડપમાં આવ્યા. મહારાજે યજ્ઞમાં નારિયેળ હોમ્યું. પછી કાશીદાસની પૂજા અંગીકાર કરી. તેમણે મહારાજને કિંમતી જરિયાન વસ્ત્રો ધરાવ્યાં અને આભૂષણો પણ ધરાવ્યાં.

એટલામાં ફરી નરનારાયણ દેવની જયનો ઘોષ થયો. કાશીદાસે આ સાંભળી મહારાજ સન્મુખ સૂચક દૃષ્ટિથી જોયું. ત્યારે મહારાજે તેમને કહ્યું : "મોટા ! મૂંઝાશો નહીં. આ નરની મૂર્તિ છે તે અક્ષરનો અંશ છે અને નારાયણની મૂર્તિ છે તે અમારો પુરુષોત્તમનો અંશ છે." આટલી વાતમાં કાશીદાસ મર્મ સમજી ગયા.

મહારાજ આનંદ સ્વામીને પોતાનું સ્વરૂપ સમજાવે છે

મહારાજ આનંદાનંદ સ્વામીનો હાથ પકડીને ચોકમાં પધાર્યા. મહારાજને જોઈ સૌએ ફરી શ્રી નરનારાયણ દેવની જયનો ઘોષ કર્યો. મહારાજે આનંદ સ્વામી સામું જોયું. પછી તેમનો હાથ પકડી મહારાજ દરવાજા પાસે ઉગમણી દિશાએ જે જગ્યાએ જ્ઞાનવાર્તા કરવા બિરાજતા હતા[૮૩] ત્યાં પધાર્યા. અહીં ઊભા રહી તેમને કહ્યું : "સ્વામી ! કાંઈ સમજ્યા ?"

આનંદાનંદ સ્વામી કાંઈ સમજ્યા નહીં. મહારાજ સામું જોઈ રહ્યા.

મહારાજે તેમને કહ્યું : "અનંત નરનારાયણ, કૃષ્ણનારાયણ, લક્ષ્મી-નારાયણ અને વાસુદેવ નારાયણ આ પ્રગટ સ્વામિનારાયણની ઉપાસના કરે છે. અમારા સ્વરૂપની એ મહત્તા અત્યારે સૌ ભૂલી ગયા. સૌને સહેજે પરોક્ષ સ્વરૂપમાં પ્રીતિ થાય. પરંતુ એ વિભૂતિ સ્વરૂપ છે, ભરતખંડના દેવ છે. તેમણે દુર્વાસાનો શાપ સાંભળી અમારા સ્વરૂપનું ધ્યાન કર્યું. અમે તેમને કહ્યું કે 'અમે જ સ્વયં પૃથ્વી ઉપર પ્રગટ થઈ ભાગવત ધર્મની પ્રતિષ્ઠા કરીશું.' આ રહસ્ય અમે ઘણી વાર સંભળાવ્યું છે, પરંતુ સૌ કારણને ભૂલી ગયા, કાર્યમાં જોડાઈ ગયા."

આનંદાનંદ સ્વામીને મહારાજના આ શબ્દોમાં ઉદાસીનતાનો ભાવ જણાયો. એટલે તેમનો ઉત્સાહ અને આનંદ અદૃશ્ય થઈ ગયાં ! મહારાજે તેમને માથે હાથ મૂક્યો, હસ્યા. પછી કહ્યું : "સ્વામી ! મૂંઝાશો નહીં. આત્યંતિક કલ્યાણ માટે અમારા સ્વયં સ્વરૂપનો પ્રતાપ પ્રવર્તશે ને સારા વિશ્વમાં દિગ્વિજય થઈ જશે." આનંદ સ્વામીને મહારાજના આ શબ્દોથી શાંતિ થઈ !

---

૮૩. આ જગ્યાએ અત્યારે રૂપચોકી પ્રસાદીરૂપે બનાવી છે.

તે દિવસે આખા સંઘ માટે શીરા-પૂરીની રસોઈ બનાવી હતી. રસોઈ થઈ અને મહારાજને જમવા બોલાવવા બ્રહ્મચારી આવ્યા. એટલે મહારાજે પૂછ્યું : "શ્રી નરનારાયણ દેવને થાળ મોકલાવ્યો ?"

બ્રહ્મચારીએ કહ્યું : "મહારાજ ! તપાસ કરી આવું છું."

બ્રહ્મચારી તપાસ કરવા ગયા અને થાળ મોકલવાની વ્યવસ્થા કરાવી પાછા મહારાજ પાસે આવ્યા. મહારાજને કહ્યું : "મહારાજ ! થાળ ગયો છે. આપ પધારો." મહારાજ જમવા પધાર્યા. જમીને મહારાજ મંદિરના ચોગાનમાં આવી પાટ ઉપર બિરાજ્યા. તે વખતે સઘળો સંઘ જમતો હતો.

નવાવાસના હરિભક્તો પુરુષોત્તમભાઈ, રાયજીભાઈ, હીરાભાઈ વગેરેએ મહારાજનું પૂજન કર્યું. પુષ્પોના હાર પહેરાવ્યા, આરતી કરી અને પછી ભેટ મૂકી. મહારાજે કહ્યું : "આ ભેટ હવે નરનારાયણ દેવના કોઠારમાં આપી દ્યો. હવે જે સેવા કરવી તે દેવની કરવી."

સંઘ જમી રહ્યો એટલે મહારાજ ઉતારે પધાર્યા.

શેઠ બેચરભાઈ મણકીવાળા મહારાજની પધરામણી કરાવે છે

સાંજે ત્યાંના શેઠ બેચર મણકીવાળાની વિનંતીથી મહારાજ સંતો, હરિભક્તોને લઈને તેને ઘેર પધાર્યા. શણગારેલી પાટ ઉપર મહારાજ બિરાજ્યા. તેમણે તથા તેમના પુત્રોએ મહારાજનું પૂજન કર્યું. સંતોનું પણ પૂજન કર્યું. મહારાજને પુષ્પહાર ધરાવ્યા, આરતી કરી. મહારાજ તેના તરફ સ્થિર દૃષ્ટિથી જોઈ રહ્યા. પૂજનવિધિ બાદ તેમણે મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "પ્રભુ ! આપને વિષે કદી મનુષ્યભાવ ન આવે તેવા આશીર્વાદ આપો !"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "તેમાં તો જ્ઞાનદૃષ્ટિ જોઈએ, જાણપણું અખંડ રાખવું જોઈએ. અમને અમારા યથાર્થ સ્વરૂપમાં ઓળખ્યા હોય તો બીજો કોઈ પણ પ્રકારનો સંકલ્પ થાય તો જ્ઞાનદૃષ્ટિથી અથવા જાણપણામાં રહી તેને હઠાવી દેવો જોઈએ. તે સાધન તો તમારે કરવાનું છે. મનનો સંગ છોડી તેથી જુદા વર્તવાનો પ્રયત્ન કરશો ત્યારે તે બનશે. અમે તો આશીર્વાદ આપીએ, પણ મનને વશમાં રાખવું તમારા હાથમાં છે."

બેચર શેઠ સમજી ગયા. ભગવાનના સ્વરૂપમાં અખંડ દિવ્યતા રાખવા માટે જ્ઞાનસ્વરૂપી વિચાર દૃઢ રાખવો જોઈએ. તે આશીર્વાદથી નહીં, પણ આજ્ઞાપાલનથી સિદ્ધ થાય છે. બેચરભાઈને મહારાજના સ્વરૂપની નિષ્ઠા હતી

અને તે આજ્ઞાપાલક પણ હતા.[૮૪] મહારાજની તેમના ઉપર દષ્ટિ હતી, તેથી તેઓ મહારાજની વાતનો મર્મ સમજી ગયા.

ત્યાંથી મહારાજ સીધા મંદિરે પધાર્યા. શ્રી નરનારાયણ દેવનાં દર્શન કરી ચોકમાં તૈયાર કરેલા સિંહાસન ઉપર આવી બિરાજ્યા. પછી આનંદાનંદ સ્વામીને બોલાવ્યા. જે જે સંતો અને પાર્ષદોએ મંદિરની સેવા કરી હતી તેમને સૌને પણ બોલાવ્યા. સૌને પ્રસાદીના હાર આપ્યા. માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને આનંદાનંદ સ્વામીની આજ્ઞામાં રહી દેવની સેવા કરવાનું કહ્યું.

ત્યારબાદ શહેરના તેમજ બહારગામના જે જે હરિભક્તોએ સેવા કરી હતી તે ભક્તોને બોલાવ્યા. નથુ વિપ્ર, ચોપદાર કુબેરસિંહ, દામોદર પટેલ, બેચર શેઠ, લાલદાસ ગોરા, હીરાચંદ ચોકસી, કુબેરભાઈ, કેવળરામ, પુરુષોત્તમ પટેલ, પુરુષોત્તમ સોની, ગણપતભાઈ, હિંમતરામ વગેરે આવ્યા. મહારાજે તેમને સૌને પ્રસાદીના હાર પહેરાવ્યા, આશીર્વાદ આપ્યા. દરેકને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી તેમને કહ્યું : "અમે તમારા સૌના ઉપર ખૂબ રાજી છીએ, કારણ કે દેવોને પણ દુર્લભ એવી સેવા તમે સૌએ કરી છે. અનેક જન્મનાં સુકૃત ઉદય થાય ત્યારે આવી સેવા મળે. તેમાં દેહની સેવા ભગવાન બહુ જ માની લે છે !"

સૌ હરિભક્તો મહારાજની પ્રસન્નતાથી અતિ પ્રસન્ન થઈ ગયા.

અમદાવાદમાં બ્રાહ્મણોની ચોરાશી

મહારાજે આનંદાનંદ સ્વામીને બોલાવ્યા અને પૂછ્યું : "કોઠારમાં સિલક કેટલી છે ?"

---

૮૪. હાલ જે નીલકંઠના અખાડાની જગ્યા છે તે જગ્યા બતાવી, મહારાજે તેમને કહ્યું હતું કે "તે જગ્યામાં શિવલિંગ દટાયેલું પડ્યું છે. ત્યાં ખોદાવીને બરાબર તે જ સ્થળે મંદિર કરાવજો અને તે શિવલિંગની તેમાં પ્રતિષ્ઠા કરાવજો."
બેચર શેઠે મહારાજની આજ્ઞા પ્રમાણે ત્યાં ખોદાવ્યું તો શંકરનું બાણ નીકળ્યું. પછી ત્યાં મંદિર કરાવી તે બાણની પ્રતિષ્ઠા તેમાં કરી અને તેનું 'નીલકંઠ મહાદેવ' એવું નામ રાખ્યું. આ હકીકતને પ્રાધ્યાપક હરિપ્રસાદ શાસ્ત્રીએ લખેલા સૂર્યનારાયણ મંદિર નામના પુસ્તકમાંથી પણ સમર્થન મળે છે. ત્યાં ખોદકામ કરતાં ત્યાંથી દસ ભુજની શ્રી ગણપતિની મૂર્તિ, હનુમાનજીની મૂર્તિ, ચંદન ઘસવાનો ઓરસિયો અને મહાદેવનું લિંગ મળ્યાં હતાં. તેમણે લખ્યું છે કે શ્રીજીએ બેચર મણકીવાળાને આ જગ્યાએ મહાદેવનું મંદિર કરવા આજ્ઞા કરી હતી, તે મંદિર કરાવતાં ઉપર જણાવેલી મૂર્તિઓ મળી હતી.

તેમણે કહ્યું : "મહારાજ ! સાડી ઓગણચાલીસ રૂપિયા સિલકમાં છે."

એટલે મહારાજે કહ્યું : "આપણે દેવ પધરાવ્યા એટલે બ્રાહ્મણોને જમાડવા તો જોઈએ. આપણે આખા અમદાવાદ શહેરના બ્રાહ્મણોની ચોરાસી કરવી છે."

આનંદ સ્વામી આ સાંભળી મૂંઝાઈ ગયા. ત્યાં તો વળી મહારાજે કહ્યું : "આપણે સુદ પાંચમના દિવસે ચોરાસી રાખીશું. કાલે સૌને નોતરાં અપાવી દેજો."

બીજે દિવસે મહારાજે રાજ્ય પુરોહિત શ્રી હરિદત્ત શાસ્ત્રીને તેડાવ્યા. તે આવ્યા એટલે મહારાજે તેમને કહ્યું : "અમારે આવતી કાલે આ શહેરની ચોરાસી કરવી છે તેમાં દક્ષિણ દશકોશીના બ્રાહ્મણોને પણ આમંત્રણ આપવું છે."

આ સાંભળી હરિદત્ત શાસ્ત્રી થોડી વાર તો કાંઈ બોલી શક્યા નહીં. પછી તેમણે કહ્યું : "પ્રભુ ! આપ તો યોગેશ્વર છો તેથી સમર્થ છો. પરંતુ આ શહેરમાં કોઈ રાજાને પણ જો બ્રાહ્મણોની ચોરાસી કરાવવી હોય તો તેને લગભગ છ મહિના અગાઉથી બધી તૈયારીઓ કરવી પડે અને આપ તો આવતી કાલે જ ચોરાસી કરવાની વાત કરો છો !"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "આ શહેરના તથા તેની આજુબાજુના વિસ્તારના તમામ બ્રાહ્મણો જમવા આવે તેવો બંદોબસ્ત તમે કરાવો. આવતી કાલે સાંજે કાંકરિયા સરોવરને કાંઠે અમે બધો જ બંદોબસ્ત કરી દઈશું."

હરિદત્ત શાસ્ત્રીના મનમાં આ વાત બેઠી નહીં. મહારાજે તેથી તેમને ફરી કહ્યું : "શાસ્ત્રી, અમે જેતલપુરમાં અને ડભાણમાં મોટા મોટા યજ્ઞો કર્યા છે એટલે અમારા સંતો અને હરિભક્તો સૌ કાર્યદક્ષ છે. અમે જોતજોતામાં બધી જ વ્યવસ્થા કરી દઈશું. માટે બ્રાહ્મણો કાલે સાંજે જમવા આવે એટલી જવાબદારી તમારે માથે."

હરિદત્તે કહ્યું : "ભલે મહારાજ ! હમણાં જ તે ગોઠવણ હું કરી દઉં છું."

મહારાજે લાલચંદ ગોરા[૮૫] તથા હીરાચંદ ચોકસીને બોલાવ્યા. તેમને કહ્યું : "આવતી કાલે સાંજે કાંકરિયા પર બ્રાહ્મણોની ચોરાસી કરવાનું નક્કી કર્યું છે. નોતરાં સૌને હમણાં પહોંચી જશે. માટે બજારમાં ચોરાસીની વાત જો બહાર પડશે તો વેપારીઓ ઘી, ગોળ અને અનાજના ભાવ વધારી દેશે. એટલે હમણાં

---

૮૫. મહારાજે લાલચંદ ગોરા પાસે ચોરાસીના ખર્ચમાં સેવા કરવા રકમ માગી હતી. પરંતુ તેણે કહ્યું કે "ઘરનાં માણસને પૂછીને કાલે કહીશ." તેઓ ઘરે પૂછવા ગયા ત્યારે તેમનાં પત્નીએ તેમને ઠપકો આપતાં કહ્યું : "મહારાજની જ આપેલી આ સંપત્તિ છે તેમાં મને પૂછવા શું આવ્યા ?" લાલદાસે પછી સેવા કરી.

જ જઈને તેમની પાસે ઘી, ગોળ તથા ઘઉં, દાળ, ચોખાના સોદા કરી લ્યો અને તેમને સૌને કહેજો કે આ સીધા-સામગ્રીમાંથી દસ મણ સામગ્રી જો વધે તો તેમણે તે પાછી લઈ લેવી. એવું પાકું લખાણ કરીને પછી જ સોદા કરજો.''

બંને પાકા અમદાવાદી હતા. પણ તેમને થયું કે મહારાજ તો આપણી બુદ્ધિને પણ ઝાંખી પાડી દે તેવા છે. તેમણે તરત જ બજારમાં જઈ વેપારીઓ સાથે સીધાની તમામ સામગ્રી, મસાલા વગેરે ચીજોના સોદા કરી લીધા; પાકાં લખાણ કરી તેના ઉપર વેપારીની અને પોતાની સહીઓ કરી અને પછી સામગ્રી કાંકરિયે મોકલવાનો બંદોબસ્ત કર્યો.

એટલામાં ભગવાન સ્વામિનારાયણ અમદાવાદ શહેરમાં બ્રાહ્મણોની ચોરાસી કરે છે તે વાત વહેતી વહેતી બજારમાં આવી. વેપારીઓ આ સાંભળી છક્કડ ખાઈ ગયા ! તેમને થયું કે સ્વામિનારાયણવાળા ભારે પાકા. આપણને અંધારામાં રાખી સોદા કરી ગયા.

બીજે જ દિવસે ચોરાસી છે તે વાત સાંભળીને બ્રાહ્મણોની ન્યાતના જુદા જુદા ગોળના પટેલિયાઓને પણ આશ્ચર્ય થયું ! તેમને લાગ્યું કે સ્વામિનારાયણ આપણી મશ્કરી તો નથી કરતા ને ! પરંતુ રાજ્ય પુરોહિત તરફથી કહેણ હતું એટલે વાત નક્કી હશે. તેઓ સૌ રસોઈનાં વાસણો એકઠાં કરવા લાગ્યા. બધી જ પેટાજ્ઞાતિઓના ચોકા જુદા કરવાના હતા, જેથી સૌ સૌને તેમની જ્ઞાતિ-બંધુઓની ઓળખાણ હોય; એટલે અજાણ્યા કે પરજ્ઞાતિના કોઈ પેસી જાય નહીં. મહારાજે આવો ખ્યાલ રાખી પાકો બંદોબસ્ત કરાવ્યો હતો.

ચોથને દિવસે મંદિર તરફથી જ લાડુની રસોઈ હતી. શ્રીહરિ પણ ત્યાં જ જમ્યા. પછી મહારાજે મોટેરા સંતોને બોલાવ્યા. તેમને કહ્યું : ''બ્રાહ્મણોની પેટા-જ્ઞાતિના દરેક ચોકા ઉપર એક મોટેરા સંત અને તેમની મદદમાં પાંચ બીજા સંતો રહે. તેમને જે જોઈતું હોય તે અપાવે, પણ બગાડ ન થાય તેનું ધ્યાન રાખે. જેતલપુર અને ડભાણના પ્રસંગો લક્ષ્યમાં રાખજો.''

એટલું કહીને મહારાજે તેમને કહ્યું : ''સીધા-સામગ્રીનો તમામ સામાન કાંકરિયે પહોંચાડો.''

ત્યારે આનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! જો હમણાં ત્યાં સામાન મોકલીશું તો ત્યાં કીડી, મંકોડા, સમળા, કાગડા અને બીજાં અનેક જીવડાં છે તેથી સામાન બગાડશે.''

મહારાજે તરત જ કહ્યું : ''આપણે જેટલી જગ્યા વાપરવાની છે તેમાં

કોઈ જીવ આવશે નહીં. માટે બીજો સંકલ્પ કર્યા સિવાય ત્યાં સામગ્રીઓના ગંજ એકઠા કરવા માંડો. બ્રાહ્મણોને હજુ વિશ્વાસ નથી બેસતો એટલે રાત્રે ત્યાં જોવા જશે અને કાંઈ નહીં દેખે તો બધે જઈને કહી આવશે કે કાંકરિયે તો કાંઈ ઠેકાણું નથી અને સ્વામિનારાયણ તો આપણને મૂરખ બનાવવા માગે છે."

સૌ મહારાજની વાત સમજી ગયા.

કાંકરિયે સીધાની સામગ્રી એકઠી થવા લાગી. દરેક સામગ્રીના મોટા ગંજ થયા. બધી જ સામગ્રી વ્યવસ્થાપૂર્વક ગોઠવી સંતો તથા પાર્ષદો તે તે સ્થાને બેસી ગયા. રાત્રે બ્રાહ્મણો જોવા આવ્યા. તેમણે દીવાના પ્રકાશમાં સંતોની અવરજવર જોઈ, સામગ્રીઓના પણ ઢગલા જોયા. તેમને સૌને આશ્ચર્ય થયું કે હજુ કાલે તો નોતરાં ફેરવ્યાં અને આજે તો સામગ્રી તૈયાર કરી દીધી ! સ્વામિનારાયણ મહાચમત્કારી પુરુષ છે ! પણ તેમના ચમત્કારમાં હજુ પણ તેમને જાદુ લાગતું હતું. પરમતત્ત્વનો ભાવ દેખાતો નહોતો. તેમને તેમની પ્રતિષ્ઠા ધૂળમાં મેળવવાની ઇચ્છા થઈ. તેમણે વિચાર કર્યો : સ્વામિનારાયણના લાડુ જરૂર ખાવા પણ સાથે સાથે સામગ્રી ચોરી જવી, તેનો બગાડ કરવો. આવા કાંઈક ખ્યાલો તેમના અંતરમાં ઘોળાવા લાગ્યા.

રાત્રે બધી જ પેટાજ્ઞાતિના મુખ્ય મુખ્ય બ્રાહ્મણો ત્યાં આવી ગયા. તેમને જે જગ્યા બતાવી ત્યાં તેમણે ચોકા કર્યા. ચૂલો ગાળી અને પછી સીધાની સામગ્રી લેવા ગયા. પોતાના ગોળમાં જેટલા બ્રાહ્મણો હોય તેનાથી વિશેષ બતાવે અને તે પ્રમાણે સીધું લઈ જાય. નિષ્કુળાનંદ સ્વામીને ઘીના કોઠાર ઉપર મૂક્યા હતા. બ્રાહ્મણોની આ દોંગાઈ તે જાણી ગયા. તેમણે મહારાજને વાત કરી. ત્યારે મહારાજે કહ્યું : "અહીં જેટલું ઘી જમવું હોય તેટલી છૂટ છે, પણ આ હદની બહાર કાંઈ પણ લઈ જવા દેવું નહીં. તેનો બંદોબસ્ત પાકો રાખવો."

નિષ્કુળાનંદ સ્વામી મહારાજની આજ્ઞા સમજી ગયા. બ્રાહ્મણો જેટલું માગે તેનાથી અર્ધું સીધું જોખીને આપવા લાગ્યા.

એટલામાં કેટલાક બ્રાહ્મણો બે ગાડાંમાં સીધાની સામગ્રી ભરી અમદાવાદ શહેર તરફ જવા લાગ્યા. સંતોએ તેમને રોક્યા તો તેમની સાથે તેમણે તકરાર કરી. તેમણે મહારાજને આ વાત કરી. મહારાજ તરત જ અશ્વ ઉપર સવાર થયા અને ચાલીસ પાર્ષદો તથા નારુપંત નાના અને ચીમનરાવજીને લઈને ગયા. થોડા સરકારી સિપાઈઓ પણ સાથે લીધા. બ્રાહ્મણો ગાડાં લઈને જતા હતા ત્યાં રસ્તામાં જ તેમને આંતર્યા. ચાલીસ પાર્ષદો અને સરકારી સૈનિકો જોઈ

બ્રાહ્મણો ડઘાઈ ગયા ! મહારાજે તેમને કહ્યું : "તમારે ચોકે તમારે જેટલું જમવું હોય તેટલું જમો, સગાં-સંબંધીને આપવા માટે કદાચ થોડું લઈ જવું હોય તો લઈ જાવ, પણ સીધા-સામગ્રીની ચોરી કરીને તમો જશો તો તે અમે ચલાવી લેશું નહીં. આ સરકારી સૈનિકો સાથે આવ્યા છે. ચોરીનો માલ પકડાયો છે. પાછા વળો તો ઠીક, નહીં તો સરકારી સિપાઈઓ તમને પકડીને લઈ જશે. તેના અમે જવાબદાર નહીં ગણાઈએ."

બ્રાહ્મણો સમજી ગયા. વીલે મોઢે ગાડાં પાછાં વાળ્યાં. સ્વામિનારાયણને છેતરવાના, તેમનું ખોટું દેખાડવાના તેમના મનસૂબા અત્યાર સુધી ખોટા થયા હતા. છતાં તેમાંથી તેમણે કોઈ બોધપાઠ લીધો નહીં, એટલે આ પ્રસંગે પણ ભૂંડા દેખાયા.

✧

સંવત ૧૮૭૮ના ફાગણ સુદ પાંચમને દિવસે મધ્યાહ્નને કાંકરિયાને કાંઠે બ્રાહ્મણોની પંક્તિઓ થઈ. હરહર મહાદેવ અને નરનારાયણ દેવનો જયઘોષ બોલાવી સૌ જમવા લાગ્યા. પીરસનારા હરિભક્તો ઘીની તાંબડિયો ફેરવતા હતા. દરેકને પડિયામાં દાળને બદલે ઘી પીરસતા હતા. બ્રાહ્મણો તે ઘીમાં લાડુ બોળી જમતા હતા. તેમને થયું કે ચોરાસી તો ઘણી જમ્યા, પણ આવી ચોરાસી કોઈએ હજુ સુધી કરી નથી. પડિયામાં ગરમ ઘી પીરસવાનો ચાલ તો સ્વામિનારાયણે જ શરૂ કર્યો. તેમણે એકાએક જયઘોષ કર્યો : "ભગવાન સ્વામિનારાયણનો જય."

મહારાજે આ સાંભળ્યું. તેમણે હસતાં હસતાં કહ્યું : "આ તો ગરમાગરમ ઘીનો સ્વાદ બોલે છે."

મહારાજે તમામ પીરસનારાને સૂચના આપી હતી કે સૌને ખૂબ પીરસો, ખૂબ જમાડો. બ્રાહ્મણો પણ દાળ, ભાત છોડીને લાડુ જ 'ઉદરાય સ્વાહા' કરવા લાગ્યા. મહારાજ સફેદ વસ્ત્રો ધારણ કરી માણકી ઉપર બિરાજી પંક્તિનાં દર્શન કરવા નીકળ્યા. સૌ મહારાજ પ્રત્યે જુએ અને બોલે : "જોયા ? આ સ્વામિનારાયણ ભગવાન ! ભારે પ્રતાપી છે."

મહારાજે સમગ્ર ચોરાસીની પંક્તિઓની પાંચ પ્રદક્ષિણા કરી, પછી આંબલીઓ નીચે તૈયાર કરેલા મંચ ઉપર આવી બિરાજ્યા.

પંક્તિ જમીને ઊઠી એટલે બ્રહ્મચારીએ મહારાજને થાળ જમવા બોલાવ્યા. મહારાજ પધાર્યા. પોતે જમ્યા. સૌ સંતો, પીરસનારા હરિભક્તો, વ્યવસ્થાપકો વગેરે બધા જ જમ્યા. અભ્યાગતોને પણ જેટલું માગ્યું તેટલું આપ્યું.

પછી મહારાજે કહ્યું : "હવે કોઈ જમનારા બાકી નથી, માટે નવી રસોઈ કરવાની નથી. તો સીધાની સામગ્રી કેટલી વધી છે તે ગણતરી કરી લ્યો," એમ કહી મહારાજ બ્રાહ્મણોના જુદા જુદા ચોકે પધાર્યા. દરેક ચોકે લાડુ ખૂબ વધ્યા હતા. મહારાજે કહ્યું : "બ્રાહ્મણોએ જોઈએ તે કરતાં વધુ લાડુ બનાવ્યા તેથી આટલા બધા વધ્યા છે. માટે આ બધા જ લાડુ સંઘના માણસોને બોલાવી સૌને જમાડી દેજો. તેમ કરતાં પણ લાડુ વધે તો બહારગામથી આવેલા હરિભક્તોને ભાતામાં આપી દેજો."

સંતોએ સીધાની તમામ સામગ્રીની ગણતરી કરી લીધી. કરાર પ્રમાણે વેપારીઓને તે તે માલ પાછો મોકલાવી દીધો. આટલી વ્યવસ્થા કરાવી મહારાજ પોતાના તંબુમાં પધાર્યા. ત્રણ દિવસ ખૂબ શ્રમ લીધો હતો, તેથી તરત જ પોઢી ગયા.

બીજે દિવસે સુરતના ભાઈચંદ શેઠ તથા લાલદાસ ગોરા વગેરે ભક્તો મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને મૂર્તિપ્રતિષ્ઠા તથા ચોરાસીના ખર્ચની વાત કરી. તેમણે તરત જ મહારાજની ઇચ્છા પ્રમાણે સેવા કરી. પછી મહારાજે આનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : "અહીં ચોકમાં પાટ ઢાળો અને સંઘમાં સૌને કહેવરાવો કે જેમને મહારાજનું પૂજન કરવું હોય તે સૌ આવી જાય. બાઈઓ પણ પૂજન કરી શકશે."

તે પ્રમાણે સંઘમાં સાદ પડાવ્યો એટલે સૌ આવવા લાગ્યા. મહારાજનું પૂજન કરી ભેટ મૂકવા લાગ્યા. લગભગ મોડી બપોર સુધી પૂજન ચાલ્યું. ધનનો ઢગલો થઈ ગયો.

મહારાજે અમદાવાદના મુખ્ય કાર્યકર્તાઓને બોલાવ્યા. તેમને કહ્યું : "આ રકમ બધી ગણી લેજો, તેમાંથી વેપારીઓને તેમનાં નાણાં ચૂકવી દેજો. બધું જ સરભર થઈ જશે." આ સાંભળી આનંદ સ્વામી મહારાજ સામું જોઈ રહ્યા. મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! મંદિરના ખર્ચની જવાબદારી હવે દેવને માથે છે. તમે ચિંતા કરશો નહીં." આનંદ સ્વામી સમજી ગયા કે મહારાજે તેમના અંતરની વાત કરી દીધી.

લાધા ઠક્કર હિસાબનો આ બધો તાલ જોઈ રહ્યા હતા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! પાછા વળતાં ભાતા માટે તો કાંઈક રાખવું હતું !"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "અમે ભેળા છીએ તોય ભાતાની ચિંતા રહે છે ?"

લાધા ઠક્કર સમજી ગયા. મહારાજને સંગ્રહ કરાવવો ન હતો. કેવળ પોતાના જ આશરે વ્યવહારનાં તમામ કાર્યો કરાવવાં હતાં અને તે થતાં હતાં એવો અનુભવ પણ તેમને થયો હતો. છતાં જીવની બુદ્ધિમાં સંગ્રહખોરીનો કીડો સળવળ્યા કરતો જ હોય છે.

મહારાજે શ્રી નરનારાયણ દેવની છાપો તથા શ્રી રાધાકૃષ્ણ દેવની છાપો સૌને પૂજવા આપી. આધારાનંદ સ્વામીએ મહારાજની મૂર્તિ તૈયાર કરી હતી તે મૂર્તિની છાપો પણ સૌને પૂજવા આપી. નારાયણજીભાઈની સેવાથી મહારાજ પ્રસન્ન થઈ ગયા અને તેમને સોનાનાં કડાં તથા કિંમતી વસ્ત્રો ભેટ આપ્યાં.

મહારાજ મંદવાડ ગ્રહણ કરે છે

આ.સં. ૧૮૭૮ ફાગણ સુદ આઠમને દિવસે મહારાજ શ્રીનગરથી નીકળ્યા. કાંકરિયા સુધી સમગ્ર શહેરના હરિભક્તો તથા સરકારી અમલદારો મહારાજને વળાવવા આવ્યા. મહારાજ શહેરમાં જે રીતે શોભાપૂર્વક પધાર્યા હતા તે જ પ્રમાણે શહેરમાંથી તેવી જ શોભા સાથે નીકળ્યા. કાંકરિયાથી સૌ હરિભક્તોને આશીર્વાદ આપી પાછા વાળ્યા. મહારાજ થોડા સંત-પાર્ષદો લઈને ચંડોળા તળાવે થઈને જેતલપુરને રસ્તે ચાલ્યા.

શ્રીહરિ આગળ ચાલતા હતા. પાછળ કાઠી ભક્તો, પાર્ષદો વગેરે હતા. અચાનક ઝાડીમાંથી એક ચિત્તો ધસી આવ્યો અને દાદાખાચર ઉપર તરાપ મારી. પણ તેમનો ઘોડો ભડક્યો અને ઊછળ્યો તેથી તે ચિત્તાની તરાપમાંથી દાદાખાચર બચી ગયા ! એટલામાં તો પાર્ષદો અને કાઠી ભક્તો હાથમાં ભાલા, તલવારો લઈને તેની પાછળ પડ્યા એટલે તે ઝાડીમાં ભરાઈ ગયો. મહારાજે કહ્યું : "આજે દાદાનો કાળ આવ્યો હતો પણ અમે રક્ષા કરી."

દાદાખાચરને નવું જીવન મળ્યું તેથી તેમણે અંતરમાં ગૂઢ સંકલ્પ કરી લીધો. મહારાજે બીજી વખત તેમની રક્ષા કરી હતી.

મહારાજ જેતલપુરમાં પધાર્યા. અહીં આવ્યા પછી મહારાજને શરીરે મંદવાડ[૮૬] જણાયો. સૌને લાગ્યું કે આટલા દિવસના શ્રમને લઈને મહારાજના

---

૮૬. અમદાવાદમાં પ્રતિષ્ઠા પ્રસંગે તથા ચોરાસી પ્રસંગે લાખો મનુષ્યો ભેગા થયા અને તે અંગે શ્રીજીમહારાજને પ્રવૃત્તિ કરવી પડી તેના સંકલ્પો હૈયામાં થયા અને તેનો મંદવાડ તેમને આવી ગયો એ તો તેમના સ્વરૂપમાં મનુષ્યભાવના ભાવ તેમણે દેખાડ્યા. પોતે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ, મૂળ પુરુષ અને મૂળ પ્રકૃતિથી પર

શરીરે કસર જણાય છે. મહારાજને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું : "શ્રીનગરમાં આટલા દિવસોમાં બહુ જ પ્રવૃત્તિ થઈ. લાખો મનુષ્યો આવ્યા. તે બધું જ અમારા અંતરમાં ભરાઈ ગયું છે. તેને વિસારવા માટે, મનમાંથી પ્રવૃત્તિમાત્રને ભૂંસાડી દેવા માટે સંકલ્પ કર્યો છે. તે સંકલ્પના અતિક્રમથી શરીરમાં કસર જેવું જણાય છે."

બીજે દિવસે સવારે મહારાજ ગાડીમાં બેસી ત્યાંથી નીકળ્યા. ગણેશ ધોળકાની રાણ્યોમાં આવ્યા. અહીં મંદવાડ વધી ગયો. તેથી ત્યાં ગણપતિજીના મંદિરમાં ત્રણ પહોર સુધી પોઢી રહ્યા. પરંતુ લૂ સખત વાતી હતી તેમજ મંદિર જૂનું અને ખંડિયેર જેવું હતું, તેથી કબૂતરોએ ત્યાં વાસ કર્યો હતો. તેના અવાજથી મહારાજને નિદ્રામાં વિક્ષેપ પડ્યો. સાંજે રાણ્યોની ઘટામાં સંતોએ મોઘો બાંધી તંબુ જેવું કર્યું. ત્યાં પલંગ ઢાળ્યો. મહારાજ ત્યાં આવી પોઢી ગયા. મહારાજ તેમજ તેમની સાથે જેટલા સંતો તથા પાર્ષદો હતા તેમને માટે ગામના હરિભક્તો ગોરસ, ઘી, ગોળ, બાજરાના રોટલા વગેરે લઈ આવ્યા. પરંતુ મહારાજ કાંઈ જમ્યા નહીં. સૌ સંતો તથા સેવકોને જમાડી દીધા.

અક્ષરધામ - તેના અધિપતિ, તેમને તો અનંત કોટિ બ્રહ્માંડો પણ ગણતરીમાં નથી તો આ નાની સરખી પ્રવૃત્તિ તે શી ગણતરીમાં હોય ? પરંતુ મહારાજના શબ્દો સમજવા જેવા છે : અમારુ મન દેવલોક, બ્રહ્મલોક પર્યંત ક્યાંય લોભાયું નહીં તેમજ મન, બુદ્ધિ, ચિત્તને પણ કહ્યું કે ભગવાન સિવાય બીજા સંકલ્પ જો કર્યા છે તો તારા ભુક્કા કાઢી નાખીશ. (વચનામૃત ગ.મ. ૨૨). મહારાજના આ શબ્દોમાં રહસ્ય છે. પોતે તો સ્વયં ભગવાન હતા તેથી તેમના સ્વરૂપ સિવાય દેવતાઓ કે તેમના લોકનો સંકલ્પ જો ભક્તના હૈયામાં થાય તો તે ભક્તને આવું કષ્ટ થવું જોઈએ. નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કર્યા પછી સૌને એ જ દેવ મુખ્ય થઈ ગયા અને મહારાજનું સ્વરૂપ ગૌણ બની ગયું ! આથી મહારાજને અંતરમાં દુઃખ થયું કે મારા સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા વિના મુમુક્ષુઓનું આત્યંતિક કલ્યાણ થશે નહીં અને આ તો બધા થડ મૂકીને ડાળે બાઝ્યા છે. ભગવાનનું મૂળ ઊર્ધ્વ છે, અક્ષરબ્રહ્મને અપાર, ઊર્ધ્વ કહ્યા છે. ત્યાં ભગવાનનું મૂળ છે. ઉત્પત્તિ સમયે તેની શાખાઓ નીચે વિસ્તરી. તેમાંથી અનંત અવતારો, દેવતાઓ, મરિચ્યાદિક પ્રજાપતિ વગેરે થયા અને જેમને જેમને જે જે મળ્યા તે તેમના મુખ્ય ઉપાસ્ય સ્વરૂપો બની ગયા. અલ્પ ઉપાસનાના આ દોષમાંથી મહારાજને જીવોને મુક્ત કરવા હતા. પરંતુ તે તો તેમની પ્રકૃતિ અનુસાર બંધાયા તેનું મહારાજને દુઃખ હતું, તે વિચારનો મંદવાડ હતો !

સાંજ સારી પેઠે ઢળી અને ઠંડક થઈ ત્યારે મહારાજને નિદ્રા આવી. તાવ ઊતરી ગયો. બે ઘડી રાત ગઈ એટલે પોતે ઊઠ્યા, સ્નાન કર્યું અને ખીચડી કરાવી થોડી જમ્યા. પછી પોતાની સાથેના સંતોને અને પાર્ષદોને મહારાજે કહ્યું : "અમદાવાદમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા પ્રસંગે તથા ચોરાસીમાં જેટલાં મનુષ્યો દીઠાં અને જેટલી પ્રવૃત્તિ કરી તે અંતરમાંથી વિસાર્યાને અર્થે હૈયામાં અતિશય દુઃખ થયું, તેણે કરીને શરીરમાં મંદવાડ આવી ગયો, દેહની પણ સ્મૃતિ રહી નહીં. પછી વિચારતાં વિચારતાં સર્વે પ્રવૃત્તિને વિસારી દીધી અને જાણે કાંકરિયે તળાવે ઊતર્યા નહોતા ને મેળો પણ ભરાયો નહોતો ને ત્યારે કોઈ જાતનો ઘાટ નહોતો તેવું અંતર ચોખ્ખું થઈ ગયું, ત્યારે લૌકિક ઘાટ મટીને અંતર્દષ્ટિ રહેવા માંડી. પછી એમ થયું કે ભગવાન વિના બીજા ભોગ સુખ સર્વે તુચ્છ છે. તેથી દેવલોક, બ્રહ્મલોક પર્યંત અમારું મન ક્યાંય લોભાયું નહીં."

આ પ્રમાણે મહારાજે સૌને વાત કરી પોતે સ્વસ્થતા બતાવી. સૌને હિંમત આવી. પછી મહારાજે કહ્યું : "હવે ગાડી લાવો, ગઢપુર જઈએ." ગાડી તૈયાર કરી અને મહારાજ બળોલ, અડવાળ, રોજકા થઈને ગઢપુર પધાર્યા.



ઉદ્‌ગીથ ૧૬

સંતોના વિશિષ્ટ ગુણો

(આ.સં. ૧૮૭૮, ઈ.સ. ૧૮૨૨)

મહારાજ ગઢપુર પધાર્યા ત્યારે ફૂલદોલના ઉત્સવને ગણતરીના દિવસ બાકી હતા. આ વખતે આ ઉત્સવ ઉપર સંતો, હરિભક્તોને ગઢપુર આવવાની મહારાજે ના કહી હતી. મહારાજ સાથે જેટલા સંતો, હરિભક્તો, પાર્ષદો હતા તેમને જ આ ઉત્સવનો લાભ મળવાનો હતો.

હુતાશનીને દિવસે પૂર્ણાનંદ સ્વામી તથા કૃપાનંદ સ્વામી આવ્યા. મહારાજ તેમને જોઈ પ્રસન્ન થયા. બ્રહ્મચારીને કહ્યું : "આ સંતોને જમાડવા છે. માટે અક્ષર ઓરડીમાં બધી વાનગીઓ લાવો." બ્રહ્મચારી તે પ્રમાણે રસોઈની વાનગીઓ લઈ આવ્યા.

મહારાજે બંને સંતોને પૂર્વ મુખે જમવા બેસાર્યા. પોતે તેમની સન્મુખ સાંગામાંચી ઉપર બિરાજ્યા. પછી બ્રહ્મચારીને કહ્યું : "તમે સંતોને કંસાર પીરસો, અમે ઘી પીરસીશું."

બ્રહ્મચારીએ સંતોના પત્તરમાં કંસાર પીરસ્યો, મહારાજે ઘી પીરસી પત્તર ભરી દીધું. બંને સંતો આ જોઈ રહ્યા. મહારાજે કહ્યું : "ઝાલાવાડના કણબીઓ એક એક તાંબડી ઘી પાણીની પેઠે પી જાય છે ત્યારે આ તો કાંઈ નથી. માટે ચોળીને જમી જાવ. પ્રેમી ભક્તની રસોઈ છે." એમ કહી સામે બેઠેલાં જીવુબા તરફ જોઈ મહારાજ હસ્યા. પછી વળી કહ્યું : "હરિભક્તોને જમાડવાનો પ્રેમ છે તેથી રસોઈ ઉપર રસોઈ આવ્યે જ જાય છે. માટે દેહ હું નથી એમ માનીને જમો."

કૃપાનંદ સ્વામી તપસ્વી હતા. તેમનું શરીર કૃશ હતું. તેથી તેઓ હજુ મહારાજ સામે જ જોઈ રહ્યા હતા. મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! જમાય એટલું જમો, બીજું ભલે પત્તરમાં વધે. તમારી પ્રસાદી માટે તો દેવો આંટા મારે છે."

આ વાત સમજ્યે જ છૂટકો છે

તે દિવસે વાસુદેવ નારાયણના મંદિર આગળ ગાદી-તકિયા બિછાવ્યા હતા. તે ઉપર મહારાજ બિરાજ્યા હતા. સર્વે શ્વેત વસ્ત્રો પહેર્યાં હતાં. પ્રેમાનંદ સ્વામી તથા અન્ય સંતો વિષ્ણુપદ બોલતા હતા. મહારાજે આ પ્રસંગે વ્યાસજીએ રચેલા ગ્રંથો અંગે ઘણી વાત કરતાં કહ્યું : "આ સર્વે શાસ્ત્રોમાં ભગવાનનાં ચરિત્ર છે કાં ભગવાનના સંતનાં ચરિત્રો છે. માટે તે પરોક્ષ ભગવાન રામ-કૃષ્ણાદિક તથા પરોક્ષ ભક્તો નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાનજી, ઉદ્ધવજી વગેરેનું જેટલું માહાત્મ્ય અંતરમાં સમજાય છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય અંતરમાં સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈ સમજવું બાકી રહ્યું નહીં. આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો કે લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે. એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વ મુદ્દો હાથ આવ્યો અને તે કોઈ કાળે કલ્યાણના માર્ગ થકી પડે નહીં."[૮૭]

મહારાજને પોતાના જ સ્વરૂપની તેમજ પોતાના ઉત્તમ ભક્ત સાધુની, ઉપાસના પ્રવર્તાવવાનું રહસ્ય સમજાવવું હતું. પરોક્ષ ભગવાન અને સંતમાં તો સૌને પ્રીતિ છે જ, તેમનું માહાત્મ્ય સૌ સમજે પણ છે, પરંતુ પ્રત્યક્ષ ભગવાન સ્વયં મહારાજ અને તેમના ઉત્તમ ભક્ત અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી; તેમનું માહાત્મ્ય સમજવું કઠણ હતું. તે સમજવામાં મન અને બુદ્ધિ બંને આડાં આવે તેમ હતું. મન અનેક પ્રકારના તર્કો કરે, બુદ્ધિ પોતાના ઘડેલા નિશ્ચયના બીબામાં ભગવાન કે તેમના સંતનાં ચરિત્રો બેસે તેટલું જ માને તેથી અધિક માની શકે નહીં. તેથી શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહેવું પડ્યું : सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ॥ આ અનાદિની રીત છે. ભગવાનના પરોક્ષ સ્વરૂપમાં પ્રતીતિ આવે, પ્રત્યક્ષમાં ન આવે. કારણ તે સ્વરૂપ મનુષ્ય સદૃશ હોય ! તેથી તેમનાં ચરિત્ર જોઈ અનેક સંકલ્પ-વિકલ્પો થઈ આવે. પરંતુ કલ્યાણ તો ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપનાં જ્ઞાન અને તેમના પ્રસંગથી જ થાય છે.

પડવાને દિવસે મહારાજે ફૂલદોલનો ઉત્સવ કર્યો. વાસુદેવ નારાયણની પ્રસાદીનો રંગ લઈ સર્વે સંતો, હરિભક્તો સાથે રંગક્રીડા કરી. જીવાખાચર, મૂળુખાચર તથા દાદાખાચર વગેરે ભક્તોને રંગ રમાડી રસબસ કરી દીધા. પછી

---

૮૭. વચનામૃત ગ.મ. ૨૧.

ઉન્મત્ત ગંગામાં સ્નાન કરવા પધાર્યા. મહારાજે સ્નાન કરી કિનખાબનાં વસ્ત્રો તથા બુરાનપુરી શેલું ધારણ કર્યાં. પછી કીર્તન-ભક્તિ કરતા સૌ જીવાખાચરના દરબારમાં આવ્યા. અહીં જીવાખાચરે તથા તેમના પુત્ર મૂળુખાચરે મહારાજનું પૂજન કર્યું. સાકરના હાર પહેરાવ્યા. મહારાજે પ્રસાદીના હાર તેમને પાછા આપ્યા. ત્યાંથી દાદાખાચરના દરબારમાં પધાર્યા.

દાદાખાચરે તેમજ તેમના સર્વે સંબંધીઓએ મહારાજનું પૂજન કર્યું. સાકરના હાર પહેરાવ્યા. ખજૂર, ખારેક, ધાણી વગેરે ફગવા મહારાજને ધરાવ્યા. જીવાખાચરની પુત્રીઓ અમરીબા તથા અમૂલાબા પણ મહારાજ સાથે અહીં આવ્યાં હતાં. તેમણે જીવુબા, લાડુબા વગેરે બહેનોની સાથે મહારાજનું પૂજન કર્યું. પોતાના પતિનો ત્યાગ કરી તે બહેનો મહારાજનું ભજન કરતી હતી. જીવુબા, લાડુબા સાથે તેમને અતિ સ્નેહ હતો. તે દિવસે લાડુબાની રસોઈ હતી. મહારાજ વાસુદેવ નારાયણને થાળ ધરાવી જમ્યા અને સર્વે સંતોને, પાર્ષદોને સારી રીતે જમાડ્યા.

બીજને દિવસે દાદાખાચરની રસોઈ હતી. પછી પાંચુબા, નાનીબા, સૂરપ્રભાદેવી, સોમાફૂઈ, અદીબા, જીવાખાચર તથા તેમની પુત્રીઓ અમરીબા તથા અમૂલાબાની રસોઈઓ શરૂ થઈ. સૌને ઈચ્છા હતી કે મહારાજને હવે ગઢપુરથી જવા દેવા નથી. તેથી એક પછી એક હરિભક્તો રસોઈઓ આપ્યે જ જતા હતા. મહારાજને તેમની ભક્તિ સ્વીકારવી હતી.

વડોદરાના રાજવૈદ્ય ગઢપુર આવે છે

મહારાજે હરિજયંતીનો ઉત્સવ પણ ગઢપુરમાં જ કરવાનું નક્કી કર્યું. એ અરસામાં વડોદરાથી વૈદ્યરાજ રામચંદ્ર ત્યાં પધાર્યા. વડોદરાના તેઓ રાજ્યવૈદ્ય હતા. આ તરફ કોઈ દિવસ આવેલ નહીં તેથી કોઈ તેમને ઓળખતું નહીં. પરંતુ તેમની પ્રતિભા અછતી ન રહી. તેમને મહારાજ પાસે લઈ ગયા. મહારાજે તેમને જોઈ પ્રેમથી કહ્યું : "પધારો, આવા પ્રખર તાપમાં આપ ક્યાંથી પધાર્યા ?"

વૈદ્યરાજે મહારાજનાં દર્શન કર્યાં. આ મુખારવિંદ તેમને અલૌકિક લાગ્યું. મનુષ્યમાં ન હોય તેવું મહારાજના મુખારવિંદમાં કામણ હતું, તેમની વાણીની મીઠાશ અંતર ઠારી દે તેવી હતી. તેમને મનમાં લાગ્યું કે આ મનુષ્ય ન હોય.

તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! હું વડોદરાથી આવું છું. ત્યાંનો હું રાજવૈદ્ય છું."

તે આગળ બોલવા જતા હતા ત્યાં મહારાજે તેમને પૂછ્યું : "ગોપાળાનંદ સ્વામીએ મોકલ્યા છે ?"

તેમણે તરત જ કહ્યું : "ના, મહારાજ ! તમારા આ નવા સંપ્રદાય વિષે હું કાંઈ જ જાણતો નથી. થોડાં વર્ષો પહેલાં શહેરમાં કાંઈક શાસ્ત્રાર્થ થયો હતો. તેનો ઉદ્‌ઘોષ થયો હતો. પરંતુ મારા અંતરમાં તો ડાકોરના રણછોડજી સિવાય અન્ય નવા ફૂટી નીકળતા સંપ્રદાયો પ્રત્યે રુચિ ન હતી. તેથી તેમનો પરિચય હું કરી શક્યો નહીં. વળી, અમારા રાજ્યમાં પણ રાજ્યના દીવાનજીના પ્રસંગે આ સંપ્રદાય પરત્વે મને સૂગ હતી."

"તો પછી વડોદરાથી આટલે દૂર આવા તાપમાં શાથી આવ્યા ?" મહારાજે તેમના તરફ આંખો સ્થિર કરી પૂછ્યું.

વૈદ્યરાજ મહારાજની આંખો સામે તેમની આંખો સ્થિર કરી શક્યા નહીં. મહારાજની દૃષ્ટિ ઝીલવાની તેમની શક્તિ ન હતી. તે તરત જ નીચું જોઈ ગયા. એ જ સ્થિતિમાં તેમણે કહ્યું : "પ્રભુ ! રણછોડજીનાં દર્શને હું દર પૂનમે જતો. કેટલાંય વર્ષનો મારો આ નિયમ હતો. ત્યાં સેવા પણ યથાશક્તિ કરતો. પરંતુ અંતરમાં શાંતિ થતી ન હતી. એવામાં એક દિવસ મેં મંદિરના પ્રાંગણમાંના એક ઘરમાં અનીતિમય ક્રિયા જોઈ. આ કૃત્ય જોઈ મારા મનમાં જુગુપ્સા ઊપજી. ત્યારથી મનમાં વિશેષ અશાંતિ રહેવા લાગી. અંતરમાં પરિતાપ થવા લાગ્યો કે દિવસો, મહિના અને વર્ષો વીત્યાં અને હજુ વીતી જશે અને આયુષ્યનો અંત આવી જશે, પરંતુ મોક્ષનો માર્ગ મળશે નહીં તો મનુષ્યજીવન વ્યર્થ જશે."

મહારાજ ઉત્સુકતાપૂર્વક તેમની વાત સાંભળી રહ્યા હતા. મહારાજે કહ્યું : "અંતરમાં સાચી મુમુક્ષુતા હોય તો જ મનુષ્યદેહ સાર્થક કરવાનું સૂઝે." એટલું કહીને પછી પૂછ્યું : "પછી શું થયું ?"

સ્વામિનારાયણના સંતો પાસે અમદાવાદ જાઓ

વૈદ્યરાજને લાગ્યું કે દેખાવમાં, વાણીમાં આ પુરુષ અલૌકિક છે, છતાં તેમના મનુષ્ય સદૃશ ભાવથી જીવ ભ્રમમાં પણ પડી જાય તેવું છે. તેમણે એ વિચારોને અટકાવીને કહ્યું : "પ્રભુ ! આ વિચારમાં મારી ઊંઘ ઊડી ગઈ. રાત્રીઓ તે રીતે જ પસાર થવા લાગી. તેમાં એક રાત્રે મને અવાજ સંભળાયો. 'સ્વામિનારાયણના સંતો અમદાવાદમાં છે તેમની પાસે જાઓ.' મેં આજુબાજુ જોયું. પણ ત્યાં કોઈ હતું નહીં. છતાં એ અવાજ આવ્યા જ કર્યો. મને લાગ્યું કે

અંતરના અંતર્યામી તો સાદ નહીં કરતા હોય ! અવાજ સાંભળી મને શાંતિ થઈ ગઈ ! નિદ્રા આવી ગઈ ! બીજે દિવસે સવારે ત્યાંથી નીકળી અમદાવાદ ગયો. ત્યાં આપના પ્રખર વિદ્વાન સંત શ્રી નિત્યાનંદ સ્વામીનાં દર્શન થયાં. તેમનાં દર્શનથી જ મારા અંતરમાં એકદમ શાંતિ થઈ ગઈ ! મેં તેમને મારી બધી જ વાત અંતર ખોલીને કરી. તેમણે કહ્યું : 'તમને મહારાજે જ મોકલ્યા છે. મહારાજ હાલ ગઢપુર બિરાજે છે. તમો ત્યાં જાઓ.' તેમણે મને માર્ગદર્શન આપ્યું એટલે હું અહીં આપની પાસે આવ્યો છું. હવે આપનું જ શરણું સ્વીકારવું તેવું મન સાથે નક્કી કરી લીધું છે."

મહારાજ પાસે મુક્તમુનિ તથા બ્રહ્માનંદ સ્વામી બેઠા હતા. મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! વૈદ્યરાજનું નામ તો વડોદરામાં હું હતો ત્યારે સાંભળ્યું હતું. પ્રખર વૈદ્ય છે એવું ત્યાંના લોકો કહેતા હતા. આજે દર્શન થયાં."

આ સાંભળી રામચંદ્રભાઈએ કહ્યું : "સ્વામી ! હું મારી વૈદકીય-વિદ્યામાં પ્રખર હઈશ, પરંતુ આધ્યાત્મિક-વિદ્યામાં જડ જેવો છું. આટલાં વર્ષો નકામાં ગુમાવ્યાં. આપ વડોદરા પધાર્યા હતા છતાં દર્શનનો લાભ ન લઈ શક્યો. નિત્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીની અદ્‌ભુત ચમત્કારી પ્રતિભાની વાત પણ મને કરી, છતાં તેમનાં દર્શન કરવા પણ હું ભાગ્યશાળી થયો નથી."

તે સાંભળી મહારાજે કહ્યું : "મૂંઝાશો નહીં વૈદ્યરાજ ! ગોપાળ સ્વામી પણ અહીં આ હરિનવમીના ઉત્સવ ઉપર પધારવાના છે."

વૈદ્યરાજને કલ્યાણનો માર્ગ જડી જાય છે

મહારાજે વૈદ્યરાજને માથે બે હાથ મૂક્યા. આ શીતળ સ્પર્શથી વૈદ્યરાજનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં. તેમને મહારાજના સ્વરૂપમાં દિવ્યતા દેખાણી. આકાશ-વાણીના શબ્દો, નિત્યાનંદ મુનિના શબ્દો તેમને સત્ય લાગ્યા. તેમને લાગ્યું કે આ દર્શનથી, આ પ્રસંગથી જીવન ધન્ય બની ગયું ! કલ્યાણનો માર્ગ જડી ગયો !

તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! કાલે મારી રસોઈ રાખો !"

મહારાજે કહ્યું : "બે દિવસ પછી ગોપાળ સ્વામી પધારશે ત્યારે તમારી રસોઈ રાખીશું. ત્યાં સુધી અહીં રહો અને સમાગમ કરો." વૈદ્યરાજને પણ આ સ્થાન છોડવાની ઇચ્છા ન હતી.

થોડા જ સમયમાં ગોપાળ સ્વામી પધાર્યા. બીજે જ દિવસે મહારાજે વૈદ્યરાજની રસોઈ સ્વીકારી. તેમને પોતાની પાસે બેસારી પોતાની સાથે જ

જમાડ્યા. ગોપાળ સ્વામીની ઓળખાણ કરાવી અને વડોદરામાં તેમનો સમાગમ કરવાની આજ્ઞા કરી. પછી તેમને કહ્યું : "આપ રાજ્યવૈદ્ય છો તેથી પરોપકારનાં કાર્યો આપને ઘણાં કરવાનાં હોય છે. માટે કાલે આપ વડોદરા પધારો."

વૈદ્યરાજને આ આજ્ઞા સાંભળી મૂંઝવણ થઈ. પરંતુ મહારાજની આજ્ઞા હતી એટલે ગયા સિવાય છૂટકો પણ ન હતો. મહારાજે બીજે દિવસે તેમની સાથે ભજનાનંદ સ્વામી તથા જયાનંદ વર્ણીને વડોદરા સુધી મોકલ્યા. પૂજા કરવા માટે નરનારાયણ દેવની છાપ વૈદ્યરાજને આપી. તેમને અંતરમાં થયું કે અલૌકિક કમાણી કરીને હવે હું ઘેર જાઉં છું. આ મૂડી, મહારાજનું આ દિવ્ય સ્વરૂપ, અંતરમાં જતન કરીને હવે રાખવું. મહારાજને દંડવત્ કરીને, આશીર્વાદ લઈને, તેઓ વડોદરા જવા નીકળી ગયા.

મોક્ષધર્મની કથાનો આરંભ

પછી બીજા દિવસથી મોક્ષધર્મની કથાનો આરંભ કરાવ્યો. પ્રાગજી દવે કથા કરે, મહારાજ તે ઉપર વાતો કરે અને શાસ્ત્રોમાં પુરાયેલું રહસ્ય સંતો સમક્ષ ખુલ્લું કરે. ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને આ શાસ્ત્રનું રહસ્ય મહારાજના અર્થઘટક શબ્દોથી સમજાયું. તેથી તેમને પ્રતીતિ થઈ કે શાસ્ત્રોના અર્થો કેવળ વિદ્વત્તાથી યથાર્થ સમજી શકાતા નથી, તેમાં આત્માની અનુભૂતિની જરૂર પડે છે. એ અનુભવ વડે જ અથવા તો ભગવાન કે તેમના સંબંધવાળા સંતની કૃપાથી જ શાસ્ત્રોમાં પુરાયેલું દિવ્ય રહસ્ય યથાર્થ સમજી શકાય છે.

તમારામાં કયો વિશિષ્ટ ગુણ છે ?

મહારાજ સમક્ષ સંતો, હરિભક્તો બેસતા અને મહારાજ જ્ઞાનવાર્તા કરતા. પોતાના પરમહંસોની સ્થિતિનો હરિભક્તોને ખ્યાલ આપવા એક દિવસ મહારાજે ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું : "સંતો ! તમે સર્વે તમામ વાતમાં કુશળ છો છતાં તમારામાં જે વિશિષ્ટ ગુણ હોય તે અમને કહો, જેથી એવું કામ પડે તો અમારે કોને તે કામ બતાવવું તે ખબર પડે."

આ સાંભળી સંતો એકબીજા સામું જોવા લાગ્યા પણ કોઈ કાંઈ બોલ્યા નહીં. તેથી મહારાજે તેમને કહ્યું : "અમે તમને પૂછ્યું છે ને તમારે તે કહેવાનું છે. તમારામાં જે વિશિષ્ટ ગુણ હોય તે કહેશો તેમાં આત્મશ્લાઘા ગણાશે નહીં,

પરંતુ અમને પ્રસંગ આવ્યે એ પ્રકારનાં કામ સોંપવાની સૂઝ પડે તેથી પૂછ્યું છે."

આથી, સર્વપ્રથમ મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! કોઈ ગમે તેટલો ક્રોધે ભરાઈને આવ્યો હોય પરંતુ હું જો તેની સન્મુખ જઉં તો તેનો ક્રોધ શમી જાય."

મહારાજ આ સાંભળી હસ્યા. પછી કહ્યું : "સ્વામી ! તમારી તો સાધુતા જ એવી છે કે તમારાં દર્શનમાત્રથી અન્યનાં હૃદય શાંત પડી જાય. રામાનંદ સ્વામીના સમયથી અમે એ જોતા આવ્યા છીએ; તેથી તો તમને સત્સંગની મા સમાન સૌ ગણે છે. પરંતુ એ સિવાય બીજો કોઈ વિશિષ્ટ ગુણ હોય તે પણ કહો."

મુક્તાનંદ સ્વામીને હવે મૂંઝવણ થવા લાગી. મહારાજ આગળ પોતાના ગુણ પ્રકટ કરવા તે તેમને અજુગતું લાગ્યું તેથી તેઓ કાંઈ બોલ્યા નહીં. એટલે મહારાજે કહ્યું : "સ્વામી ! કહો. તમે તે કહેશો તો અમે તમને તેવી ક્રિયામાં પ્રેરશું, જેથી ઘણાને તમારા તે વિશિષ્ટ ગુણનો લાભ મળશે."

એટલે સ્વામી નીચું જોઈ બોલ્યા : "મહારાજ ! ગમે તેવા કઠણ હૃદયનો માણસ હોય પણ મારી વાત સાંભળે તો તેનું અંતર પીગળી જાય."

મહારાજે કહ્યું : "સાચું કહ્યું સ્વામી ! તમારામાં એ ગુણ છે જ, તેથી તો અમદાવાદના જૈન વણિકોને તમારી વાતોથી સત્સંગનું રહસ્ય સમજાયું."

પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! હવે તમે કહો."

એટલે સ્વામીએ કહ્યું : "મહારાજ ! આ મુક્તાનંદ સ્વામી જેટલી વાર હું નહીં લગાડું. અમારી વાણીમાં, કવનમાં અને જાતમાં એ ગુણ છે કે અમારા બધા ગુણો બતાવી દેવા. તેમાં વળી આજે આપે પૂછ્યું એટલે એ લહાવો લઈ જ લેવો છે."

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "આટલાં વર્ષોથી સત્સંગમાં આવ્યા છો તોપણ જાતના ગુણ ભૂલ્યા નથી ?"

તરત જ બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! ભૂલવા પ્રયત્ન તો કરતો હતો પણ આપે આજે સંભારી દીધું એટલે જાતના ગુણ પાછા આગળ આવી ગયા !"

મહારાજ હસી પડ્યા. પછી કહ્યું : "ભલે સ્વામી ! તમારી જાતના ગુણ હવે છતા કરો."

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "હું જે કાવ્યોની રચના કરું તેમાં એકનો એક શબ્દ ફરી ફરી ન આવે છતાં બીજા શબ્દો ગોતવા ન પડે. વળી કાવ્યમાં

ઝડઝમક તો એવી આવે કે તેમાં કોઈ દોષ જણાય નહીં. એવી ઝડઝમક બીજો કોઈ કવિ લાવી શકે નહીં."

એટલે મહારાજે કહ્યું : "હા, તે ગુણ તમારી કાવ્યરચનામાં છે તે સાચું."

પછી નિત્યાનંદ સ્વામીનો વારો આવ્યો ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! ભારતભરના શ્રેષ્ઠ વિદ્વાનો શાસ્ત્રાર્થમાં કોઈ રીતે મને જીતી ન શકે એવી વિદ્વત્તા આપના પ્રતાપે મારામાં છે. તેથી શાસ્ત્રાર્થમાં પરાજયનો મને કદી ડર નથી રહેતો. એવો પ્રસંગ જો આવે તો સામી છાતીએ શાસ્ત્રાર્થમાં ભાગ લેવા આપની કૃપાથી હિંમત રહે છે."

મહારાજ આ સાંભળી રાજી થયા. તેમણે કહ્યું : "તમો વિદ્વત્તામાં અજોડ છો તેથી અજેય પણ છો !"

છેવટે મહારાજે ગોપાળાનંદ સ્વામી તરફ દૃષ્ટિ કરી ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આ તો આપ પૂછો છો એટલે કહેવું પડે છે."

મહારાજ હસ્યા. પછી કહ્યું : "કહો, આજ તો અમારે અમારા પરમહંસોની વિશિષ્ટતા જાણવી છે. અમને એનું ગૌરવ રહે."

એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! અનંત કોટિ બ્રહ્માંડોમાં આપની ઈચ્છા વિના એક તરણું પણ હાલતું નથી તે હું જાણું છું, પણ કદાચ હું જો ધારું તો આપની કૃપાથી, હું પણ હલાવી શકું."

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "ખરું કહ્યું યોગીરાજ ! તમારામાં એ સામર્થ્ય છે, કારણ કે તમે અક્ષરધામના ઉત્તમ મુક્ત છો."

તમે તો વૈકુંઠનાથના પાર્ષદો છો

આ પ્રસંગ પછી બીજે જ દિવસે ગઢપુરમાં બસો ખાખીઓની જમાત આવી. ગઢપુરમાં ભગવાન સ્વામિનારાયણ બિરાજે છે એટલે દૂધપાક અને માલપૂઆની રસોઈ મળશે તે લોભથી તે સૌ દાદાખાચરના દરબારમાં આવ્યા. તેમાં કેટલાક તો નાગા બાવા હતા. તેમને જોઈ સાધુ તથા હરિભક્તો સૌ આઘાપાછા થઈ ગયા. બાઈઓએ કમાડ વાસી દીધાં. આ જોઈ બાવાઓ ઉશ્કેરાયા. ચીપિયા પછાડતા બોલવા લાગ્યા : "કહાં ગયે ભગવાન કહેલાનેવાલે સ્વામિનારાયણ ? હમકો દેખ કર યહ સબ નાસભાગ હો રહી હૈ તો હમારી દેખભાલ કૌન કરેંગે ?"

એક પાર્ષદે મહારાજ પાસે જઈને વાત કરી કે "મહારાજ ! બસો

ખાખીઓ ચોકમાં આવ્યા છે. ચીપિયા પછાડે છે અને એસીતેસી બોલે છે. આપ આજ્ઞા આપો તો એમને રવાના કરી દઈએ."

મહારાજ આ સાંભળી રહ્યા. તેમણે કહ્યું : "આપણે આંગણે અભ્યાગત આવે તેને કાઢી ન મુકાય. દાદાખાચરને બોલાવો." એટલે તરત જ દાદાખાચર મહારાજ સમક્ષ આવી ગયા. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! શી આજ્ઞા છે ?" એટલે મહારાજે કહ્યું : "બસો ખાખી આવ્યા છે તેમને સીધાં આપવાની વ્યવસ્થા કરો."

એટલે પાર્ષદે કહ્યું : "પણ મહારાજ ! એ તો ધોળી દાળ ને કાળી રોટી માગે છે."

મહારાજ આ સાંભળી રહ્યા. "એમ ! દૂધપાક-પૂરી તેમને જમવાં છે ? તો તો પછી મુક્તાનંદ સ્વામીને તેમની પાસે મોકલો. પછી આપણે તેમને માટે વ્યવસ્થા કરીશું."

એટલે પાર્ષદ મુક્તાનંદ સ્વામી પાસે ગયો અને કહ્યું : "મહારાજ કહે છે કે બસો ખાખીઓ શંકરના ત્રિનેત્રના અગ્નિની જેમ લાલઘૂમ આંખો કરી બેઠા છે અને દૂધપાક-પૂરીની રસોઈ માગે છે. તેમને શાંત કરો."

તરત જ મુક્તાનંદ સ્વામી હાથમાં માળા લઈને દાદાખાચરના ચોકમાં પધાર્યા. વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરી ઉપર આવીને ઊભા રહ્યા એટલે એક પાર્ષદે ખાખીની જમાતના મહંતને કહ્યું : "બાવાજી ! આ અમારા મોટા સ્વામી છે."

બાવાજીએ મુક્તાનંદ સ્વામી સામું જોયું. સ્વામી તેને પગે લાગ્યા અને કહ્યું : "તમે તો સૌ વૈકુંઠનાથના પાર્ષદો છો. અહીં પધાર્યા તે અમારાં અહોભાગ્ય કહેવાય. કહો અમે તમારી શી સેવા કરીએ ?"

બાવાજી મુક્તાનંદ સ્વામીની વાણી સાંભળીને, તેમના સૌમ્ય સ્વરૂપનાં દર્શન કરીને શાંત થઈ ગયા ! તે કાંઈ બોલી શક્યા નહીં ! એટલે સ્વામીએ ફરી કહ્યું : "કહો મહંતજી ! આપની શી સેવા અમે કરીએ ?"

ત્યારે તેણે કહ્યું : "સ્વામીજી ! કુછ ખાના ચાહીએ, દાળ-રોટલા મિલેંગે ?"

સ્વામીએ તરત જ કહ્યું : "જરૂર મળશે. તમારા મુકામે અમે સીધાની સામગ્રી મોકલી દઈશું. પણ અહીં સ્વામિનારાયણ ભગવાન છે તેમનાં દર્શન કરો."

પછી તેમણે એક પાર્ષદને કહ્યું : "જરા મહારાજને બોલાવી લાવો તો."

પાર્ષદ તરત જ અક્ષર ઓરડીમાં ગયો. તેણે મહારાજને હાથ જોડી કહ્યું :

"મહારાજ ! સ્વામીએ તો ચમત્કાર કર્યો. તેમનાં દર્શન કર્યાં અને બધા બાવા શાંત થઈ ગયા !"

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "પણ સ્વામીએ તેમને શું કહ્યું ?"

"સ્વામીએ તો તેમને જોઈને કહ્યું : અહો, તમો તો સૌ વૈકુંઠનાથના પાર્ષદો છો. અમારાં ધન્યભાગ્ય કે અમારે આંગણે પધાર્યા."

મહારાજે કહ્યું : "સ્વામીના સ્વરૂપમાં તો જાદુ છે, પણ તેમની વાણીમાં પણ જાદુ છે. આવા શબ્દોથી કોનું અંતર ન પીગળે ?"

પછી પાર્ષદે કહ્યું : "મહારાજ ! આપ ખાખીઓને દર્શન દેવા પધારો એવું સ્વામીએ કહેવરાવ્યું છે." તરત જ મહારાજ તૈયાર થઈ દરબારમાં પધાર્યા.

ખાખીઓને મહારાજના સ્વરૂપમાં નૃસિંહ ભગવાનનાં દર્શન થાય છે

મહારાજને જોઈ ખાખી બાવાની જમાતના મહંતે મહારાજને પૂછ્યું : "સ્વામિનારાયણ ! આપ ભગવાન હો ?"

મહારાજે હસીને કહ્યું : "હા, અમે ભગવાન છીએ."

એટલે તે મહંતે કહ્યું : "તો હમ સબકુ હમારા ઈષ્ટદેવ નૃસિંહજીકા દર્શન કરાઈએ. તબ હમકુ માલૂમ પડેગા કે આપ ભગવાન હૈ."

મહારાજે તરત જ તેમના પ્રત્યે દૃષ્ટિ કરી અને એક જ ક્ષણમાં સૌની દૃષ્ટિ ફરી ગઈ. મહારાજના સ્વરૂપમાં બસો ખાખીઓને નૃસિંહજીનાં દર્શન થયાં ! એક ક્ષણ આ દિવ્ય દર્શનના આનંદનો અનુભવ કરી તેઓ તેમની સ્થિતિમાં આવ્યા ત્યારે તેમણે મહારાજને હાથ જોડ્યા અને કહ્યું : "સ્વામિનારાયણ ! આપ સચમુચ ભગવાન હૈ, આજ હમારા ભી ભાગ્ય ખૂલ ગયા."

મહારાજે તેમને કહ્યું : "તમો સૌ તમારા મુકામે જાઓ. હમણાં રસોઈ માટે સામગ્રી મોકલીએ છીએ."[૮૮]

તે પછી નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! કાલે તો વાત કરી અને આજે મુક્તમુનિના વિશિષ્ટ ગુણની આપે પ્રતીતિ પણ કરાવી દીધી. હવે બ્રહ્માનંદ સ્વામી માટે એવો કોઈ પ્રસંગ યોજાય તો તેમના વિશિષ્ટ ગુણનો ખ્યાલ આવી જાય."

એટલે મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! સિદ્ધપુરના સમૈયાનો પ્રસંગ

---

૮૮. શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૨, વાર્તા-૨૨.

ભૂલી ગયા ? પંડિત ચન્દ્રમણિ શર્મા જેવા વિદ્વાન પણ સ્વામીને મુખેથી ખટવિધાની છંદ સાંભળી ઊભા થઈ ગયા અને સ્વામીને દંડવત્ કરીને કહેવા લાગ્યા કે આવા વિદ્વાન કે પ્રભાવશાળી સાધુ કાશી સુધીના સંતોમાં કે સંન્યાસીઓમાં હજુ મેં જોયા નથી. અમને એ બરોબર યાદ છે.''

આ સાંભળી નિત્યાનંદ સ્વામીએ તેમની સ્મૃતિ તાજી કરી. પછી કહ્યું : ''હા મહારાજ ! યાદ આવ્યું. સ્વામીનો છંદ સાંભળી ચંદીલાલજી પૂરા પ્રભાવિત થઈ ગયા હતા.''[૮૯]

આપનામાં કયો વિશેષ ગુણ છે ?

તરત જ બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું : ''મહારાજ ! આપે અમને બધાને પૂછીને અમારામાં શું વિશેષતા છે તે જાણી લીધું. પણ આપનામાં શું

---

૮૯. સિદ્ધપુરના સમૈયામાં કાશીક્ષેત્રના વિદ્વાન શાસ્ત્રી ચંદ્રમણિ શર્મા અર્થાત્ ચંદીલાલજી પધાર્યા હતા. તે વખતે સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી સત્સંગરૂપી કલ્પવૃક્ષ વિષે સવૈયો બોલ્યા :

કોમલ ભૂમિસો ઉદ્ધવ કે ઉર, કૃષ્ણ કૃપાનિધિ બીજ દઢ્યો હૈ ।
ભક્તિ રૂ ગ્યાન વિરાગ પિયો જલ, ધર્મ કે રક્ષણ પેડ ગઢ્યો હૈ ।।
પ્રીત સુનીત ભુજા મુક્તિફલ, આગમ બેદસે પત્ર મઢ્યો હૈ ।
બ્રહ્મમુનિ કહે યા જગમેં, સત્સંગ સુરતરુ જોર બઢ્યો હૈ ।।

અર્થ : શ્રી રામાનંદ સ્વામીના અંતઃકરણરૂપી કોમળ ભૂમિમાં અક્ષરધામના વાસી, દયાના સાગર શ્રી હરિકૃષ્ણ ભગવાનના સ્વરૂપરૂપી બીજ મજબૂત રોપાયું. તેણે ભક્તિ, જ્ઞાન ને વૈરાગ્યરૂપ જળ પીધું તેથી ધર્મની રક્ષા કરનારું ઝાડ ઘડાયું. (ઝાડનાં મૂળિયાં દૃઢ થયાં) તેથી પ્રેમ અને નીતિરૂપી ડાળીઓ થઈ અને તેને મુક્તિરૂપી ફળ થયું. તે ફળ વેદ અને શાસ્ત્રોરૂપી પાંદડામાં વીંટાયેલું છે. એ રીતે બ્રહ્મમુનિ કહે છે કે આ જગતમાં સત્સંગરૂપ કલ્પવૃક્ષનું જોર વધ્યું છે.

ચંદીલાલજી આ સવૈયો સાંભળી બહુ જ પ્રસન્ન થઈ ગયા. પછી સ્વામીના વિશેષ જ્ઞાનની કસોટી કરવા તેમણે કહ્યું : ''સ્વામી ! પિંગળશાસ્ત્રમાં ખટવિધાની અને અષ્ટવિધાની એવા કાવ્યના ભેદ છે. એટલે એક વસ્તુને છ અથવા આઠ પ્રકારનાં વિશેષણોથી ગૂંથી શકાય.'' બ્રહ્માનંદ સ્વામી તરત જ ખટવિધાની કાવ્ય મનહર છંદમાં બોલ્યા. તેનાથી ચંદીલાલજી અત્યંત પ્રસન્ન થયા.

(વિગત માટે વાંચો : સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીનું જીવનચરિત્ર - બ્રહ્મસંહિતા; પ્ર.૪, અ.૪, પાન-૨૩૫. સંપાદક, લેખક, પ્રકાશક : રાજ્યકવિ માવદાનજી ભીમજીભાઈ રત્નુ)

વિશેષતા છે એ તો કહો. આપ ભગવાન છો એટલે ઘણું છૂપું રાખો છો."

મહારાજ આ સાંભળી હસ્યા. પછી બોલ્યા : "જાણવું છે ?"

બ્રહ્મમુનિએ હસીને કહ્યું : "હા, જાણવું છે તે સારુ તો પૂછ્યું છે."

મહારાજે કહ્યું : "તો સાંભળો. કોઈ છ મહિના સુધી પ્રશ્ન ગોઠવે ને એવો આંટીઘૂંટીવાળો પ્રશ્ન અમને પૂછે અને એ વખતે અમે માણકી ઉપર સવારી કરવા તેના એક પેંગડામાં પગ રાખ્યો હોય અને બીજા પેંગડામાં પગ મૂકવા જઈએ અને જેટલી વાર લાગે તેટલી વારમાં અમે તે પ્રશ્નનો ઉત્તર કરી દઈએ."

મહારાજની આ વાત સાંભળી સૌ આશ્ચર્ય પામી ગયા. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "એમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. એ તો પોતે ભગવાન છે તે એમનામાં તો ક્યાં અજ્ઞાન હોય ? એ તો ઉત્તર કરી જ દે ને ! અજ્ઞાન તો આપણામાં ભર્યું હોય છે જેથી પ્રશ્ન ગોઠવવા છ મહિના સુધી મથવું પડે !"

✧

મહારાજ અનુકૂળતા પ્રમાણે સવાર-સાંજ પોતે જ્ઞાનવાર્તા પણ કરતા.[૯૦] ગઢપુરવાસીઓનો પ્રેમ મહારાજને બાંધી રાખતો. મહારાજ ગઢપુરમાં રહેતા છતાં વૃત્તિદ્વારે પોતાના દૂર રહેલા ભક્તોને પણ સેવતા અને તેમના મોક્ષમાર્ગની અખંડ રક્ષા કરતા. પોતાના સંતો દ્વારા સત્સંગ પ્રસારણનું કાર્ય પણ અવિરતપણે કરાવતા. હવે ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ આ નવા ધર્મ પ્રત્યે લોકોને ભાવના થવા લાગી. તેમને લાગ્યું કે આ ધર્મ નવો નથી પણ જૂનો છે. વેદ, ઉપનિષદ અને ગીતાના સિદ્ધાંતો અનુસારનો છે, સનાતન છે. ભગવાન સ્વામિનારાયણે તેને તેના મૂળ સ્વરૂપમાં લોકો સમક્ષ મૂક્યો, પરંતુ શાસ્ત્રોમાં લખાયેલાં વ્રત-નિયમોનું પાલન, બ્રહ્મભાવ પામવા માટેના વિશિષ્ટ સાધન - પ્રગટ ભગવાન અથવા તેમની સાથે તાદાત્મ્ય પામેલા પરમ ભાગવત સતનો સમાગમ તેમજ અનેકોપાસનામાંથી એકોપાસનાનું લક્ષ્ય વગેરે સિદ્ધાંતો, દઢ થયેલી કલ્પિત માન્યતાઓ સાથે બંધબેસતા ન લાગ્યા. તેથી આ નવો સંપ્રદાય છે તેવું લોકોમાં ઠસી ગયું હતું. તે ભ્રમ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય વ્યક્તિત્વ, તેમના કૃતનિશ્ચયી સ્વભાવથી તેમજ પ્રેમ અને કરુણાના ભાવથી ટળી ગયો. તેમના પરમહંસોનું પણ શુદ્ધ ચારિત્ર્ય, સ્ત્રી અને ધનનો અષ્ટ પ્રકારે ત્યાગ, દેહ તથા દેહના સંબંધીઓ પ્રત્યેની અહં-મમત્વની ભાવનાની વિસ્મૃતિ, પંચવ્રતના પાલનની દઢતા તેમજ બ્રહ્મભાવ પામવા છતાં

---

૯૦. જે ગઢડા મધ્ય પ્રકરણનાં વચનામૃતમાં ગૂંથાયેલી છે.

'અહં બ્રહ્માસ્મિ'ના મિથ્યા ભાવમાં પરમાત્માના સ્થાન ઉપર ન બેસી જતાં અનાદિ પરબ્રહ્મ પરમાત્માની ભક્તિ સેવકભાવે કરવાની ભાવના; આ બધા વિશિષ્ટ ગુણો દેખાયા. એટલે લોકોને સહેજે પ્રતીતિ થઈ કે આ જ સાચા સાધુ છે અને તેમના દ્વારા જ મુમુક્ષુઓનું કલ્યાણ થશે, સમાજનું શુદ્ધીકરણ થશે અને સમાજ ઉન્નત બનશે.

આ રીતે ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલા ભાગવત ધર્મના પાયા ઊંડા જવા લાગ્યા. તેનું વિસ્તૃતીકરણ થવા લાગ્યું. મહારાજને હજુ તેનો વિશેષ વિસ્તાર કરવો હતો. તેમનું લક્ષ્ય વિશાળ હતું. તે અનુસાર કાર્યનો વિસ્તાર તેમને કરવો હતો. તેમના સંકલ્પથી આ ભાગવત ધર્મના પ્રસારણનું અને મુમુક્ષુ જીવોના કલ્યાણનું કાર્ય અખંડિત ચાલુ જ રહ્યું હતું અને વિસ્તરતું જતું હતું.

ઉદ્‌ગીથ ૧૭



ગઢપુરમા પુરાણોની કથા

(આ.સં. ૧૮૭૮-૭૯, ઈ.સ. ૧૮૨૨-૧૮૨૩)

સત્સંગ એ બ્રહ્મસ્થિતિ પામવાનો આચારધર્મ છે

આ.સં. ૧૮૭૮ના ફૂલદોલના ઉત્સવ પછી તરત જ મહારાજે કૃપાનંદ સ્વામી તથા પૂર્ણાનંદ સ્વામીને વાળાક દેશમાં જવા આજ્ઞા કરી. મહારાજે તેમને કહ્યું : "મુમુક્ષુઓને સત્સંગ પ્રત્યે ભાવ થાય છે, કારણ કે આપણા સત્સંગમાં વર્તમાનની જે રીત આપણે પ્રવર્તાવી છે તે સનાતન છે, શાસ્ત્ર અનુસાર છે. આવી રીત અગાઉ કોઈએ પ્રવર્તાવી નથી. તેથી કલ્યાણના માર્ગમાં ઘણાં વિઘ્નો આવ્યાં છે. આપણે પ્રવર્તાવેલા બ્રહ્મચર્ય સંબંધી નિયમો તે જ સાચો ધર્મ છે. અક્ષરધામને પામવાનું સાચું સાધન છે. માટે ધર્મે સહિત ભક્તિ પ્રવર્તે અને જ્ઞાન તથા વૈરાગ્યને પણ પોષણ મળે તેવી વાત કરવી. જેથી મુમુક્ષુઓને કોઈ પ્રકારે બંધન ન થાય."

સંતો મહારાજના ઉપદેશનો મર્મ સમજી ગયા. સત્સંગ એ બાહ્યાચાર નથી પરંતુ બ્રહ્મસ્થિતિ પામવાનો શુદ્ધ આચારધર્મ છે. મહારાજને દંડવત્ પ્રણામ કરી બંને સંતો પોતાના મંડળના સાધુઓ સાથે વાળાક દેશમાં જવા નીકળી ગયા.

બીજે દિવસે મહારાજ ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીમાં હાથમાં રૂમાલ લઈ ચટકંતી ચાલે ફરતા હતા. ચોકમાં સંતો-હરિભક્તો મહારાજની આ દિવ્ય લીલાનાં દર્શન કરતા હતા. પરંતુ મુક્તાનંદ સ્વામીને મહારાજની દરેક લીલાનું રહસ્ય જાણવાની તીવ્ર ઇચ્છા હતી. તેથી તેમણે હાથ જોડી મહારાજને પૂછ્યું : "મહારાજ ! કોઈ દિવસ નહીં અને આજે આપ એકલા ઓસરીમાં ફરો છો તેમાં શું રહસ્ય છે ?"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમને થયું કે મુક્તાનંદ સ્વામી મર્મજ્ઞ પુરુષ છે. અમારી કોઈ ક્રિયા નિરર્થક નથી તેવું તે જાણે છે તેથી તેમને આ પ્રશ્ન

સૂઝ્યો. મહારાજે થોડી વારે કહ્યું : "સ્વામી ! ભગવાનની ક્રિયામય મૂર્તિ ધ્યાનમાં જેટલી સુલભ છે એટલી સ્થિર મૂર્તિ સુલભ નથી. તેથી ક્રિયાશીલ મનને સ્થિર કરવાનું સાધન તેને ભગવાનની મૂર્તિમાં પરોવી દેવું એ જ છે. એ રીતે મન જો નવરું ન પડે તો જગતના સંકલ્પોથી વાસિત થયેલું તે મન શુદ્ધ થઈ જાય."

મુક્તાનંદ સ્વામી મહારાજની આ દિવ્ય લીલાનું હાર્દ સમજી ગયા. તેમને થયું કે મહારાજની પ્રત્યેક ક્રિયા કેવળ મુમુક્ષુઓના કલ્યાણ માટે જ છે.

વિદુરનીતિ ભણવાની આજ્ઞા

એટલામાં બોટાદથી ભવાનભાઈ કામદાર ત્યાંના હરિભક્તો સાથે મહારાજનાં દર્શન કરવા દરબારમાં આવ્યા. મહારાજને દંડવત્ કરી, હાથ જોડી ઓસરીના કિનારા પાસે ઊભા રહ્યા. મહારાજે તેમના સામું જોયું. ભવાનભાઈએ મહારાજને 'જય સ્વામિનારાયણ' કહ્યા અને ચરણસ્પર્શ કરવા હાથ લંબાવ્યો. એટલે મહારાજ ઓસરીના છેડે પધાર્યા. ભવાનભાઈ તથા અન્ય હરિભક્તોએ મહારાજનાં ચરણારવિંદનો સ્પર્શ કર્યો. પછી મહારાજે કહ્યું : "ભવાનભાઈ ! તમે તો રાજ્યના કારભારી છો એટલે તમારે રાજાનું, રાજ્યનું, બ્રાહ્મણોનું કઈ રીતે હિત થાય તે જાણવું જોઈએ."

ભવાનભાઈ તો મહારાજનાં વચનો સાંભળતા હાથ જોડી ઊભા જ હતા. તેમણે કહ્યું : "મહારાજ ! અમે તો આપની આપેલ બુદ્ધિથી કામદારુ કરીએ છીએ. બીજું કાંઈ અમને આવડતું નથી."

મહારાજ તેમની સરળતા જોઈ પ્રસન્ન થયા. પછી કહ્યું : "સાંભળો ભવાનભાઈ ! વિદુરજીએ પોતાના ભાઈ ધૃતરાષ્ટ્રને જે ઉપદેશ આપ્યો છે તે વિદુરનીતિ[૯૧] કહેવાય છે. તે તમારે ભણવી, જેથી રાજ્ય-કારભારમાં પાવરધા

૯૧. મહાભારતમાં ઉદ્યોગપર્વના ઉપપર્વ પ્રજાગર પર્વમાં રાજા ધૃતરાષ્ટ્રને વિદુરજી ઉપદેશ આપે છે. જ્યારે પાંડવોએ તેર વર્ષ વનવાસ ભોગવી, હસ્તિનાપુર આવી, દુર્યોધન પાસે રાજ્યમાંથી પોતાનો ભાગ માંગ્યો અને દુર્યોધને તે આપવાની ના કહી, ત્યારે પાંડવોએ યુદ્ધ કરી પોતાનો ભાગ લેવાની પ્રતિજ્ઞા કરી. આ વાત સાંભળી ધૃતરાષ્ટ્ર વિહ્‌વળ થઈ ગયા અને તરત જ વિદુરજીને બોલાવ્યા.

વિદુરજીએ આ પ્રસંગે ધૃતરાષ્ટ્રને જે ઉપદેશ આપ્યો તેમાં ધર્મ, નીતિ, જ્ઞાન, ચારિત્ર્ય તેમજ પંડિત અને મૂર્ખનાં લક્ષણો, મનુષ્યે ગ્રહણ કરવા યોગ્ય અને ➤

બની જાઓ. વળી, ધર્માખ્યાન[૯૨] પણ ભણવું. તેમાં અમારાં ચરિત્રો છે એટલે સ્વરૂપનિષ્ઠાનું પણ અનુસંધાન રહે."

ભવાનભાઈ હાથ જોડી મહારાજની વાણી સાંભળી રહ્યા હતા. તેમણે કહ્યું : "ભલે મહારાજ ! આપની આજ્ઞા પ્રમાણે તે બંને ગ્રંથો હું ભણીશ."

મહારાજ તેમના ઉપર પ્રસન્ન થયા. પછી બોલ્યા : "અહીં દરબારમાં પ્રસાદ લઈને પછી બોટાદ જજો."

વેરાભાઈને પ્રાયશ્ચિત આપ્યું

ચૈત્ર માસ આવ્યો. શ્રીહરિએ વરતાલ જવા માટે તૈયારી કરી. વરતાલમાં ભવિષ્યમાં થનારા શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્ત કરવાનો એમનો વિચાર હતો. મહારાજે સર્વ સાજસમાજ લઈને પ્રયાણ આદર્યું. જીવાખાચરે પોતાના તાબાના ઉગામેડી ગામમાં મહારાજને એક રાત રાખ્યા. મહારાજ રાત્રીએ ગાડા પર પોઢી ગયા. પાછલી રાતે ઊઠીને સૌ પ્રભાતમાં કારિયાણી પહોંચ્યા. રાત રહી સવારે ચાલવાની તૈયારી કરી ત્યારે વસ્તાખાચર તથા રાઘવ પટેલે રસોઈ જમીને જવાની પ્રાર્થના કરી. મહારાજે બેયનાં નોતરાં સ્વીકાર્યાં. બંનેએ રસોઈની તૈયારી કરી. આ વખતે વેરાભાઈએ વસ્તાખાચરના ઘરમાં પાણિયારેથી પૂછ્યા વિના દાતણ લીધું. દાતણ લઈ સરોવર કિનારે જઈ સ્નાનાદિ ક્રિયા કરીને પાછા આવતાં એમના મનમાં પૂછ્યા વિના દાતણ લીધું એનો પસ્તાવો થવા લાગ્યો. મહારાજની આજ્ઞાનો ભંગ થયો. એમણે મહારાજ પાસે આવી પ્રાયશ્ચિત્ત માગ્યું : "મહારાજ ! મારાથી ચોરીનું કાર્ય થયું છે. મેં પૂછ્યા વિના વસ્તા બાપુના ઘેરથી દાતણ લીધું."

મહારાજ એમનો આજ્ઞાપાલનનો ખપ અને નિષ્કપટ ભાવ જોઈ રાજી થયા. છતાં મહારાજને તો દાખલો બેસાડવો હતો. એટલે પ્રાયશ્ચિત્તરૂપે સંતો પાસે જઈને દસ-દસ દંડવત્ તથા હરિભક્તો આગળ પાંચ-પાંચ દંડવત્ કરવાની આજ્ઞા આપી. વેરાભાઈએ આજ્ઞા પાળીને મહારાજને રાજી કર્યા.

ત્યાગ કરવા યોગ્ય શું ? તેમજ બુદ્ધિની શક્તિ, કોણ બ્રહ્મહત્યારો કહેવાય, શુદ્ધ બુદ્ધિનું ફળ, ઉત્તમ પુરુષનાં લક્ષણ, ધનનું મૂળ ધર્મ, આતિથ્ય-ધર્મ, મિત્ર કોણ ? વગેરે વ્યવહાર અને પરમાર્થને સ્પર્શતા અનેક વિષયો તેમના આ ઉપદેશમાં સમાઈ જાય છે. તેથી સુજ્ઞજનોને તે અભ્યાસ કરવા યોગ્ય છે.

૯૨. મુક્તાનંદ સ્વામી રચિત.

વરતાલમાં શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્ત

બપોરે જમીને મહારાજ કારિયાણીથી નીકળી સુંદરિયાણા, વ્રજલકા, ધોળકા, જેતલપુર, મહેમદાવાદ થઈ વરતાલ પધાર્યા.

અહીં હરિજયંતીના સમૈયા પ્રસંગે હજારો હરિભક્તો આવ્યા હતા. હરિજયંતીનો સમૈયો મહારાજે ધામધૂમથી કર્યો. સમૈયા બાદ સૌ હરિભક્તો વીખરાયા એટલે જોબન પગી, કુબેરભાઈ, રણછોડભાઈ વગેરે મહારાજ પાસે આવ્યા અને વરતાલમાં પણ મોટું મંદિર કરવાનો કોલ મહારાજે અમદાવાદમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા પ્રસંગે આપેલો એ યાદ કરાવ્યો. મહારાજને મંદિરની જગ્યાનો ખ્યાલ તો હતો જ. જ્ઞાનકૂપથી પૂર્વની ઓરડીમાં જ્યાં પ્રથમ નરનારાયણની મૂર્તિઓ સ્થાપેલી ત્યાં જ ખાતમુહૂર્ત કરવાનું મહારાજે નક્કી કર્યું. ખાતમુહૂર્તનું નક્કી થતાં વડનગરના શિલ્પી પુરુષોત્તમને બોલાવ્યા અને મંદિરનો નકશો તૈયાર કરવાનું કહ્યું. આ સાંભળી પુરુષોત્તમ સલાટે કહ્યું : "મહારાજ ! નડિયાદમાં એક નારાયણ દેવનું મંદિર છે. એના જેવું જો આ સ્થળે રચાય તો આ સ્થળ એક દર્શનીય સ્થળ બની જશે."

તેથી મહારાજે નડિયાદ જઈ એ મંદિર જોવા જવાનો નિર્ણય કરી લીધો.

નડિયાદના હરિભક્તોને ખબર મળતાં સૌ સામા આવ્યા. મહારાજ સીધા નારાયણ દેવનું મંદિર જોવા પધાર્યા, પણ મહારાજનું મન ન માન્યું. એમણે પુરુષોત્તમ સલાટને કહ્યું કે "આપણે તો આનાથી પણ ઉત્તમ અને મોટું મંદિર કરવું છે."

નડિયાદથી મહારાજ પાછા વરતાલ પધાર્યા. ગોવિંદરામ જોશી પાસે ખાતવિધિનું મુહૂર્ત જોવરાવ્યું. ચૈત્ર સુદ તેરસનું મુહૂર્ત આવ્યું.

તેરશના દિવસે મહારાજે ખાતવિધિ કર્યો. ઉમરેઠના નરોત્તમ દવેએ બધો વિધિ કરાવ્યો.[૯૩] આમ, વરતાલ મંદિરના શ્રીગણેશ થયા.

અઢાર માંદા સંતોની સેવામાં ગુણાતીતાનંદ સ્વામી

અહીં રોગચાળાને કારણે અઢાર સંતો માંદા પડ્યા. તેમની ચાકરી કરવા

---

૯૩. સંવત ૧૮૭૮ના ચૈત્ર સુદ ૧૩ના દિવસે મહારાજે વડતાલમાં લક્ષ્મીનારાયણના મંદિરનું ખાતમુહૂર્ત કર્યું હતું. મહારાજ પોતે પાટલે બિરાજ્યા હતા. ખાતની સર્વે વિધિ ઉમરેઠના નરોત્તમ દવે પાસે કરાવી હતી. – ઉમરેઠ લીલાચિંતવની; પા. ૩૫૮

કોઈ તૈયાર ન થયું ત્યારે અંતે મહારાજે પોતાના અનાદિના સેવક ગુણાતીતાનંદ સ્વામીને બોલાવી લાવવા આજ્ઞા કરી. સ્વામી આવ્યા. મહારાજે સ્વામીને અઢાર માંદા સાધુની વાત કરી એટલે સ્વામી તરત જ માંદાની સેવામાં જોડાઈ ગયા.

સ્વામી આ અઢાર માંદા સાધુની સેવા હંમેશાં કરતા. જેને જે જોઈએ તે જમવાનું કરી આપે. વળી તેમને નવરાવે. વળી તેમની ગોદડીઓ ધૂએ. એમ અનેક પ્રકારે સેવા કરે.

એક વખત સ્વામી ગોમતીમાં ગોદડીઓ ધોઈને આવતા હતા. તેવામાં મહારાજ પણ વાસણ સુથારને ઘેરથી જમીને હનુમાનવાળે દરવાજેથી આવતા હતા. મહારાજ અને સ્વામી બંને ત્યાં ભેગા થઈ ગયા. સ્વામીએ મહારાજને વૃત્તિ દ્વારા ખેંચ્યા. એટલે મહારાજ ત્યાંના ત્યાં જ ઊભા રહ્યા. પછી સ્વામી મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે કહ્યું : ''સાધુરામ ! હવે જઈએ ?''

એટલે સ્વામીએ હાથ જોડી કહ્યું : ''હા, મહારાજ ! પધારો.'' એમ વૃત્તિ ખેંચી લીધી એટલે મહારાજ ચાલ્યા.

ચોકમાં સભાજનો સૌ મહારાજને આવતા જોઈ ઊભા થઈ ગયા હતા. પરંતુ મહારાજને તો સ્વામીએ વૃત્તિ દ્વારા ખેંચ્યા હતા, તેથી મહારાજ ચાલી શક્યા નહીં અને સભાજનો પણ આ લીલા જોઈ રહ્યા. પછી મહારાજ સભામાં પધાર્યા પરંતુ બહુ જ અકળાઈ ગયા હતા. તેથી ભગુજી તથા બાપુ રતનજી મહારાજને પંખો નાખવા લાગ્યા. મહારાજ તે બંધ રખાવીને એકદમ અકળાઈ જઈને બોલ્યા : ''મારે કશાયનું કામ નથી. ઓલ્યા સાધુએ મારે માથે ભાર મૂક્યો છે તે લઈ લ્યો.''

તે સાંભળી ભગુજી તરત દોડ્યા અને સ્વામીના બંને ખભા ઉપરથી ધોયેલી ગોદડીઓ લઈ લીધી અને મહારાજ પાસે લાવીને મૂકી. પછી મહારાજે કહ્યું : ''જાઓ, ધર્મશાળામાં જઈને કહો કે જેની ગોદડીઓ હોય તે અહીં આવીને લઈ જાય.''

તેથી માંદા સાધુ તો એક પછી એક આવીને પોતાની ગોદડી લઈ ગયા, પરંતુ જે સાજા સાધુઓએ ધોવા આપી હતી તે મૂંઝાયા. શું મોઢું લઈને ગોદડી લેવા આવે ?

પછી મહારાજે સ્વામીને મુક્તાનંદ સ્વામી પાસે બેસાર્યા અને તેમને તથા બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું : ''આ સાધુ કેવા છે ?''

ત્યારે તે બંને સદ્‌ગુરુઓએ કહ્યું : ''એ તો બહુ સારા સાધુ છે. કીર્તનો

બહુ જ કંઠે છે અને વાતું પણ બહુ કરે છે. સેવા પણ સૌની કરે છે અને ખરેખરા તપસ્વી છે."

તે સાંભળી મહારાજ થોડું હસ્યા અને પછી કહ્યું : "એ તો તમે એમના ઉપલ્યા ગુણ કહ્યા પણ એમના ખરા ગુણ તો હજુ તમેય નથી જાણતા."

એમ કહીને ફરી બોલ્યા : "આ સાધુ તો બહુ સમર્થ છે. કાં જે જેમ સાણસામાં સાપ પકડે, તેમ આ સાધુ અમારી મૂર્તિને માતાના ગર્ભમાં આવ્યા પહેલાં, ગર્ભમાં હતા ત્યારે અને અત્યારે પણ ત્રણે અવસ્થામાં ઝાલી રાખે છે."

તે સાંભળી સભામાં બેઠેલા મહાનુભાવાનંદ સ્વામી એકદમ બોલી ઊઠ્યા : "બેટીકા બાપ ! મહારાજકો ક્યું પકડા હૈ ? છોડ દો !"

મહારાજ આ અડબંગી શબ્દો સાંભળી હસ્યા. પછી બોલ્યા : "સ્વામી ! તેનું અમને દુઃખ નથી. એ તો અમને એમ અખંડ દેખે છે. પરંતુ બીજાને અમારી મૂર્તિ તે પ્રમાણે અખંડ દેખવી તે કઠણ છે. આ સાધુ તો અમારા અનાદિના સેવક મૂળ અક્ષરબ્રહ્મ છે. તેથી આજ અમારી કેડે જેટલા મનુષ્ય ફરે છે તેટલા મનુષ્ય આ સાધુ કેડે ફરશે અને આ સાધુ દ્વારા જ અમારી સર્વોપરી ઉપાસના આખા સત્સંગમાં પ્રવર્તશે. આ સાધુ અમારો જેવો અદ્‌ભુત મહિમા જાણે છે, તેવો બીજા કોઈ જાણતા નથી. માટે આવા સર્વોપરી સાધુ પાસે સાજા સાધુ સેવા કરાવે તે કેવું કહેવાય ?" આ પ્રમાણે સ્વામીનો અદ્‌ભુત મહિમા મહારાજે સભામાં કહ્યો.

મુક્તાનંદ સ્વામી વગેરે સંતો આ સાંભળી ઘણા જ રાજી થયા. પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "હે મહારાજ ! આ સાધુ મારી સાથે ઘણા વખતથી રહે છે, મારી સેવા કરે છે પણ તેમની આવી મોટપ મેં જાણી નહોતી. આપે આજે દયા કરીને એમની મોટપ જણાવી તે બહુ ઠીક કર્યું. કારણ અમે તો તેમને સેવક જાણીને તેમની પાસે અત્યાર સુધી સેવા કરાવતા."

પછી મહારાજે બીજી કેટલીક વાતો કરી સભા વિસર્જન કરી.

બીજે દિવસે મુક્તાનંદ સ્વામી જમવા બેઠા હતા. ત્યાં પાસે બેઠેલ સ્વામી તેમની પાસે પત્તર લઈને આવ્યા ને મુક્તાનંદ સ્વામી પાસે પ્રસાદી માગી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "ભા, બહુ દિવસ છેતર્યા. હવે એ દિવસ ગયા, હવે પ્રસાદી ન અપાય." એમ સ્વામીનો મહિમા સમજીને પ્રસાદી ન આપી.

પછી વડતાલથી નીકળતી વખતે મંદિર અંગેની સૂચના આપી મહારાજ ગઢપુર પધાર્યા.

આજ તો ચમકનો પર્વત આવ્યો છે

મહારાજ ગઢપુરમાં બિરાજતા અને હરિભક્તોનાં ટોળેટોળાં ગઢપુરમાં મહારાજનાં દર્શન કરવા આવતાં. સમૈયામાં દર્શન કર્યાં હોય, ઉત્સવોમાં દર્શન કર્યાં હોય, પોતાને ગામ પધાર્યા હોય ત્યારે દર્શન કર્યાં હોય; છતાં જાણે દર્શનની તૃપ્તિ જ ન થતી હોય એવો તેમનો અપ્રતિમ પ્રેમ જોઈ મહારાજ મંદમંદ હસતા. અક્ષરધામમાં પહોંચવાનું આ જ એક સાધન હતું. મહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા અને તેમના સ્વરૂપમાં અવિચ્છિન્ન પ્રીતિ !

મહારાજના સ્વરૂપનું આવું અપૂર્વ આકર્ષણ જોઈ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી સભામાં બોલતા : "આજ તો ચમકનો પર્વત આવ્યો છે તેથી આખો દેશ ખેંચાય છે."

સ્વામીશ્રીના આ શબ્દોનો મર્મ કોઈને સમજાતો નહીં. એટલે તે બધા પૂછતા : "આ તમે શું કહો છો ?"

ત્યારે સ્વામીશ્રી હસીને કહેતા : "થોડો ચમકપહાણ હોય તો થોડા લોઢાને તાણે, પણ જ્યારે ચમકનો પહાડ જ પૃથ્વી ઉપર આવ્યો હોય ત્યારે આખા દેશના લોઢાને તાણે. એમ આજે દેશોદેશથી હરિભક્તો મહારાજના સ્વરૂપમાં ખેંચાઈને આવે છે."

મૂળો રાજગોર નરનો વેશ લે છે

એ અરસામાં દીવ બંદરથી એક હરિભક્ત મહારાજને મળવા ગઢડા આવ્યા. મહારાજને તેણે સમાચાર પહોંચાડ્યા એટલે મહારાજે તરત જ તેને બોલાવ્યા. મહારાજને દંડવત્ કરી મહારાજના ઢોલિયા સન્મુખ તે બેસી ગયા. મહારાજે તેને પૂછ્યું : "કેમ એકાએક આવવું પડ્યું ?"

તેણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમારા ગામમાં એક ઠગ આવ્યો છે. તે કહે છે - હું નરનો અવતાર છું અને નારાયણ સહજાનંદ સ્વામી તે મારા ભાઈ છે. આપણા સંપ્રદાયના તમામ સંતોનાં નામ તે જાણે છે તેમજ આપણા સંતોને તથા હરિભક્તોને પાળવાના નિયમો પણ તે જાણે છે. તેથી ભોળા માણસોને તેના વચનમાં શ્રદ્ધા બેસી ગઈ છે. તે કહે છે કે - સાંખ્યયોગી સ્ત્રીઓ તથા અન્ય સ્ત્રીઓએ સાધુની વાત ન સાંભળવી અને તેમનો સંબંધ પણ વર્જવો. પણ અમારી વાત સાંભળવામાં કે સેવા કરવામાં બાધ નથી. આથી સ્ત્રીઓ તેની

સેવા કરે છે પરંતુ આમાંથી અનિષ્ટ થવા સંભવ છે. મને થોડા વખત પહેલાં જ જાણવા મળ્યું કે તે રાજુલાનો રાજગોર બ્રાહ્મણ મૂળો છે.''

મહારાજે તેની વાત ધ્યાનથી સાંભળી. થોડી વારે મહારાજે તેને પૂછ્યું : ''તે કેટલા વખતથી ત્યાં આવ્યો છે ?''

ત્યારે તે હરિભક્તે કહ્યું : ''મહારાજ ! લગભગ મહિનો થઈ ગયો હશે. પરંતુ દીવમાં ફિરંગીનું રાજ્ય છે. પરવાનગી વગર કોઈથી ત્યાં આવી શકાતું નથી. એટલે સંતો ત્યાં આવતા નથી. તેથી સત્સંગ સંબંધી સાચી હકીકત લોકો જાણતા નથી.''

મહારાજે તરત જ કહ્યું : ''આ મૂળો રાજગોર તો અગાઉ પ્રેમીબાઈને છેતરી ગયો હતો તોપણ તમે તેને ઓળખી ન શક્યા ?''

તે હરિભક્તે કહ્યું : ''મહારાજ ! એ જુદા જુદા વેશ ધારણ કરે છે અને બોલી પણ જુદી જુદી બોલે છે. તેથી તો અમે સૌ ભરમાઈ ગયા. પણ મને ખબર પડી ગઈ કે તે મૂળો રાજગોર છે તેથી હું આપને ખાસ ખબર આપવા જ આવ્યો છુ.''

મહારાજે તરત જ કહ્યું : ''કાંઈ ચિંતા કરશો નહીં. અમે કૃપાનંદ સ્વામી તથા પૂર્ણાનંદ સ્વામીને સંદેશો મોકલીએ છીએ. તેઓ હાલ વાળાક દેશમાં ફરે છે. ત્યાંથી સીધા ઊના જશે અને ઊનાથી હંસરાજ શેઠને લઈને દીવ આવશે. તેમને તે ઠગ જોશે કે તરત જ ત્યાંથી રવાના થઈ જશે.''

''પરંતુ મહારાજ ! હંસરાજ શેઠને પણ ફિરંગી લોકો આવવા દેશે નહીં.''

''તેની તમે ચિંતા કરશો નહીં. ત્યાં હરિભાઈ વાળંદ છે તે ફિરંગીનો માનીતો છે. અમારી તેણે એક વખત સેવા કરી હતી. તેને અમારા નામે કહેજો કે તે ઘોઘલા જાય અને ત્યાંથી હંસરાજ શેઠને તથા સંતોને દીવ લઈ આવે. ફિરંગી પાસે સંતોને દીવ આવવાની તે રજા લઈ આપશે.''

મહારાજના આ શબ્દોથી તે હરિભક્તને શાંતિ થઈ. તે ઊઠ્યા, મહારાજને કહ્યું : ''પ્રભુ ! ત્યારે હું રજા લઉં ?''

મહારાજે તેને કહ્યું : ''પ્રસાદ લઈને તમે જાઓ. ત્યાં જઈને બાઈઓને તેની ઠગવિદ્યાથી ચેતાવી દેજો, નહીં તો તે બહુ અનિષ્ટ કરી બેસશે.''

મહારાજે તરત જ ઘોડેસવાર મોકલી સંતોને પત્ર મોકલી દીધો કે તેમણે ઊના જઈ, હંસરાજ શેઠને મળી, તેમની સાથે ઘોઘલા જવું. ત્યાંથી દીવ જવું.

સંતોને આ પત્ર મળ્યો એટલે તેઓ તેમના મંડળ સાથે ઊના પહોંચી

ગયા. હંસરાજ શેઠને તમામ વાત કરી. તે તરત જ તૈયાર થઈ ગયા અને સંતોને લઈને ઘોઘલા ગયા. અહીં હરિભાઈ વાળંદ સંતો માટે વાહન લઈને આવી ગયા હતા. તેમની સાથે તેઓ દીવ પહોંચી ગયા. સંતો દીવમાં આવ્યા છે તે સમાચાર મૂળા રાજગોરને મળ્યા એટલે તેણે ત્યાંથી ઉચાળા ભર્યા, કોઈને મળવા પણ રહ્યો નહીં. દીવ બંદરેથી સીધો વહાણમાં બેસી મુંબઈ જવા નીકળી ગયો.

ભગવાનનો વેશ ધારણ કરી પાપી જનો વિષય ભોગવે છે

કૃપાનંદ સ્વામી તથા પૂર્ણાનંદ સ્વામી દીવમાં રોકાયા. તેમણે ત્યાં હરિભક્તોને સત્સંગમાં પાળવાના નિયમો, સ્ત્રીઓના ધર્મ-નિયમ સમજાવ્યા : “સંતો અષ્ટ પ્રકારે સ્ત્રી અને ધનના ત્યાગી કહેવાય તેથી તેમના પ્રસંગથી તો દૂર જ રહેવું. એટલું જ નહીં પરંતુ પોતાના નિકટના સંબંધી સિવાય હરિભક્તો સાથે પણ બેસવાનો અને તેમની વાતો સાંભળવાનો પ્રસંગ રાખવો નહીં. વિધવા સ્ત્રીઓએ તથા સાંખ્યયોગી સ્ત્રીઓએ તો પુરુષમાત્રનો સ્પર્શ પણ વર્જવો. મહારાજના ભાઈ તો રામપ્રતાપભાઈ તથા ઇચ્છારામભાઈ છે અને તેઓ હજુ હમણાં જ અયોધ્યાથી આવ્યા છે. તેઓ પણ મહારાજના કહેલા ધર્મો યથાર્થ પાળે છે અને પરસ્ત્રી સાથે વાતો કરવાનો પણ પ્રસંગ રાખતા નથી. માટે આવા ઠગ સત્સંગને નામે પોતાની વિદ્યા અજમાવવા ફરતા જ હોય છે, સત્સંગનો વેશ રાખી વિશ્વાસુ સ્ત્રીઓને ધર્મભ્રષ્ટ કરે છે અને સ્ત્રીઓ પણ મહિમા સમજી આ પ્રકારના દૈહિક વ્યવહાર કરવામાં પાપ સમજતી નથી.”

સંતોની વાતોથી હરિભક્તોને શાંતિ થઈ ગઈ. બહેનોને પણ લાગ્યું કે જો સંતો આવ્યા ન હોત અને આપણને સત્સંગમાં મહારાજે સ્ત્રી અને પુરુષોએ પરસ્પરના વ્યવહારમાં પાળવાની મર્યાદા સમજાવી ન હોત તો આપણે પણ ભોળવાઈને શીલભ્રષ્ટ થઈ ગયાં હોત.

કૃપાનંદ સ્વામી તથા પૂર્ણાનંદ સ્વામી દીવ બંદરમાં થોડા દિવસ રહ્યા. પછી ત્યાંથી ઘોઘલા આવી હંસરાજ શેઠની સાથે ઊના ગયા.

હંસરાજ શેઠે મહારાજને દીવ બંદરની તમામ હકીકત પત્રમાં લખીને મોકલાવી. મહારાજે તે પત્ર સભામાં વંચાવ્યો અને પછી કહ્યું : “વિષયની વાસના પૂરી કરવા ભગવાનનો વેશ ધારણ કરીને પણ પાપી જનો વિષય ભોગવે છે અને અંતે ઘોરતમ નરકની યાતના ભોગવે છે. માટે ભગવાન સ્વયં આવે અને કહે કે ‘હું ભગવાન છું’ છતાં તેમનાં લક્ષણ ઓળખવાં. સત્ય,

શૌચાદિક જે કલ્યાણકારી ગુણો છે તે પોતાના સ્વરૂપમાં બતાવે છે, પોતાના સંબંધથી જ હરિભક્તોનાં અંતરમાં રહેલી વિષયવાસના દૂર થઈ જાય છે અને અંતરમાં શાંતિનો અનુભવ થાય છે. માટે સત્સંગ કરવામાં ડહાપણ રાખવું પણ અતિ ભોળપણનો ત્યાગ કરવો.''

જેના સેવકોમાં પરમાર્થની ભાવના હોય તે ધર્મ અવિચળ રહે છે

એક રાત્રે અક્ષર ઓરડીની પાછળ બજારમાં વાણિયો દુકાન વધાવતી વખતે દીવો ઓલવવો ભૂલી ગયો. તેથી રાત્રે દીવો પડ્યો અને દુકાનમાં કાપડ હતું તે સળગવા માંડ્યું. શ્રીહરિ એકાએક જાગી ગયા અને પાર્ષદોને ઉઠાડ્યા. પાર્ષદોને કહ્યું : ''ગમે તેમ કરો પણ આગ જલદી ઓલવી નાખો, નહીં તો આજુબાજુની દુકાનો પણ સળગશે.''

પાર્ષદો તરત જ દરબારમાંથી પાણીના ઘડા લઈ, છાપરા ઉપર ચઢી, દુકાન ઉપર રેડવા લાગ્યા. મહામહેનતે આગ વધુ પ્રસરતી બંધ કરી. ફક્ત તે વાણિયાની દુકાન બળી ગઈ. શ્રીહરિની આવી સાવચેતીથી તેમજ પાર્ષદોની સેવાથી મહાજનને થયું કે શ્રીહરિ પરોપકારની ભાવના પોતાના સેવકોમાં દૃઢ કરે છે. જેના સેવકોમાં કે શિષ્યોમાં સેવા અને પરમાર્થની ભાવના હોય તે ધર્મ પૃથ્વી ઉપર અવિચળ રહે છે.

જ્યારે જ્યારે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ જેવી આપત્તિઓ આવી પડતી ત્યારે શ્રીહરિએ પોતે તથા તેમના સંતોએ તે આપત્તિમાંથી લોકોનું સદા રક્ષણ કર્યું હતું. તે પ્રકારની સેવા કરવામાં આ સત્સંગી છે કે વૈષ્ણવ, શૈવ કે જૈન છે તેવો ભેદભાવ તેમણે તેમના સંતોમાં કે શિષ્યોમાં આવવા દીધો ન હતો. તેમનું કાર્ય સર્વ જીવોનાં કલ્યાણ માટે જ હતું !

દરબારગઢમાં કૂવો ગળાવ્યો

બીજે દિવસે સવારે મહારાજે દાદાખાચર તથા મોટેરા સંતો-પાર્ષદોને બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : ''બજારમાં વાણિયાની દુકાનમાં આગ લાગી ત્યારે જણાયું કે દરબારગઢમાં પ્રજાની રક્ષા માટે પાણીની કાયમી વ્યવસ્થા હોવી જોઈએ. આ વખતે તો દરબારમાં જેટલું પાણી હતું તે બધું જ ખાલી કરી દીધું અને આગને આગળ વધતી અટકાવી. પરંતુ ભવિષ્યમાં એવો પ્રસંગ આવે તો પાણીની કાયમી વ્યવસ્થા હોય તો કોઈ મુશ્કેલી નડે નહીં. માટે આપણે અહીં

એક પાકો કૂવો ગળાવીએ.'' એટલું કહીને વૃદ્ધ યોગાનંદ મુનિને કહ્યું : ''સ્વામી ! તમે જાણકાર છો તે જગ્યા બતાવો કે ક્યાં મીઠું પાણી મળશે.''

યોગાનંદ મુનિએ તરત જ જગ્યા બતાવી. બીજે જ દિવસે મહારાજે કૂવો ગળાવવાનું કામ શરૂ કરાવી દીધું. દસ હાથ ખોદ્યું ત્યાં કૂવામાં ગંગાજળ જેવું મીઠું પાણી નીકળ્યું. મહારાજે તે પાણી ગાળીને પીધું. પછી બોલ્યા : ''આ તો ગંગાજળ જેવું મીઠું પાણી છે.''

તે સમયે ગોંડળના દેવરાજ કડિયા ગઢડામાં જ રહેતા હતા. મહારાજે તેમને બોલાવ્યા અને કૂવો પાકો ચણી લેવા સૂચના આપી. માંડવધારના કણબી ગોવા પટેલ ગાડા જોડી પથ્થર લાવવા માંડ્યા. થોડા દિવસમાં કૂવામાં ચણતરનું કામ પૂરું થઈ ગયું. મહારાજે તે કૂવાની ધાર ઉપર બેસી તે પાણીથી સ્નાન કર્યું. તેથી તે પ્રસાદીના પાણીથી કૂવો તીર્થભૂત બની ગયો !

'ક્યારેક અચાનક રે જમતાં હરે બોલાય'

આ.સં. ૧૮૭૮ ભીમ એકાદશીનો ઉત્સવ મહારાજે ગઢપુરમાં કર્યો. દરમ્યાન પ્રાગજી દવે પાસે મોક્ષધર્મની કથા કરાવતા હતા. મહારાજ કથાપ્રેમી હતા. તેથી કથાના રસામૃતનું સૌને પાન કરાવવાના તેઓ આગ્રહી હતા. પોતે પણ કથા વંચાતી હોય ત્યાં પુરાણીને પ્રેરણા આપવા અને શ્રોતાઓને જાગ્રત રાખવા વારંવાર 'હરે' 'હરે' બોલતા. આ પ્રમાણે વારવાર 'હરે' 'હરે' બોલવાની ટેવથી કેટલીક વખત જમતી વખતે પણ મહારાજ 'હરે' બોલી જતા. ત્યારે બ્રહ્મચારી હસતાં હસતાં કહેતા : ''અત્યારે ક્યાં કથા ચાલે છે ?''

તે સાંભળી મહારાજ પણ મંદમંદ હસતા અને સેવકોને કહેતા : ''કથામૃતના રસથી ભગવાનની મૂર્તિમાં હંમેશાં વૃત્તિ રહે. ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે ત્યારે જમતી વખતે પણ ભગવાનની સ્મૃતિ રહે પણ જમવાની જુદી જુદી સ્વાદિષ્ટ વાનગીઓમાં વૃત્તિ ન રહે.''

મહારાજની રીત અલૌકિક હતી. ભક્તો માટે તે અનુકરણીય હતી.

અવતાર ધર્યાનું પ્રયોજન

બીજે દિવસે મહારાજ ગંગાજળિયે કૂવે સ્નાન કરી અક્ષર ઓરડીમાં પધાર્યા. તે વખતે લાડુબા તથા જીવુબાએ મહારાજ માટે બદામ, પિસ્તા, એલાયચી, કેસર નાંખી કઢેલું દૂધ તથા પેંડા, બરફી મોકલ્યાં. મહારાજ તે જમીને

લક્ષ્મીવાડીએ પધાર્યા. અહીં સચ્ચિદાનંદ સ્વામીએ રીંગણાં મોકલ્યાં હતાં. તેનું મહારાજે શાક કરાવ્યું. દરબારમાંથી રોટલા, દહીં, દૂધ, માખણ વગેરે આવ્યાં. મહારાજ જમ્યા. પછી સંતોની પંક્તિ કરી. મહારાજ શાક પીરસવા લાગ્યા અને સંતો રોટલા, દહીં, છાશ, દૂધ, માખણ – જેને જે જે જોઈતું હોય તે પીરસવા લાગ્યા. સૌને જમાડી મહારાજ આસોપાલવના ઝાડ નીચે ઢોલિયો ઢળાવી તે ઉપર બિરાજમાન થયા. મહારાજ સન્મુખ સંતો, હરિભક્તો બેસી ગયા.

એટલામાં વડોદરાથી નાથ ભક્ત હરિભક્તોનો સંઘ લઈને ત્યાં આવ્યા. મહારાજનાં દર્શન કરી અત્યંત પ્રસન્નચિત્ત થઈ ગયા. હરિભક્તોનો સંઘ લઈને તેઓ આવ્યા તેથી મહારાજ પણ તેમના ઉપર ખૂબ પ્રસન્ન થયા અને ઊભા થઈને ભેટ્યા. પછી પૂછ્યું : "ઉતારા કર્યા ?"

ત્યારે તેમણે હાથ જોડી કહ્યું : "હા, મહારાજ ! દરબારમાં ઉતારા કર્યા પછી તપાસ કરી તો ખબર પડી કે આપ અહીં બિરાજો છો એટલે અહીં આવ્યા."

મહારાજે તરત જ સંતોને કહ્યું : "આ સંઘને જમાડી ઘો."

નાથ ભક્ત તથા તેમની સાથેના સંઘના હરિભક્તો જમ્યા. પછી નાથ ભક્ત મહારાજ પાસે આવ્યા અને કહ્યું : "મહારાજ ! અમારે આપનું પૂજન કરવું છે. આ વસ્ત્રો તથા અલંકારો લાવ્યા છીએ તે ધરાવવાં છે."

તે સાંભળી મહારાજે પૂછ્યું : "બસ, એટલું જ કે એથી બીજો કોઈ સંકલ્પ છે ?"

નાથ ભક્ત આ સાંભળી રાજી થઈ ગયા. તેમણે કહ્યું : "હા, મહારાજ ! આપને આ વસ્ત્રો પહેરાવી ઝુલાવવાનો પણ સંકલ્પ છે."

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "અમારે તો અમારા ભક્તોના તમામ શુભ સંકલ્પો પૂરા કરવાની જ ભાવના છે. એ હેતુ લઈને જ અમે અક્ષરધામમાંથી અહીં પ્રગટ થયા છીએ."

નિષ્કુળાનંદ સ્વામીએ નાથ ભક્તને કહ્યું : "તમે મહારાજનું પૂજન કરી શણગાર ધરાવો એટલામાં હું હિંડોળો તૈયાર કરું છું." એમ કહી બે આમલિયો[૯૪] વચ્ચે નિષ્કુળાનંદ સ્વામીએ હિંડોળો તૈયાર કરીને બાંધી દીધો.

નાથ ભક્તે તથા સંઘના હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. મહારાજને મૂલ્યવાન વસ્ત્રો-અલંકારો ધરાવ્યાં. મહારાજે તેમની ભાવના જોઈને વસ્ત્રો અને અલંકારો ધારણ કર્યાં. પછી પોતે હિંડોળા ઉપર બિરાજ્યા. વડોદરાના ભક્તોએ

---

૯૪. આ પ્રસાદીની આમલીનાં બંને વૃક્ષો લક્ષ્મીવાડીમાં હજુ મોજૂદ છે.

મહારાજને ઝુલાવવાનો લહાવો લીધો. સાથે સાથે સંતો અને અન્ય ભક્તોએ પણ આ અમૂલ્ય રસલહાણ લૂંટી. સંતોએ કીર્તન-ભક્તિ કરી. મહારાજે સૌને અક્ષરધામના દિવ્ય સુખનો અનુભવ કરાવ્યો !

પુરુષોત્તમ નારાયણ આટલા સોંઘા બની ગયા છે !

મોક્ષધર્મની કથા ચાલતી હતી તે દરમ્યાન સમાચાર આવ્યા કે બ્રહ્માનંદ સ્વામી સંતો સાથે પધારે છે. તે સાંભળી મહારાજે કહ્યું : "આપણે સ્વામીને તથા સંતોને તેડવા સામા જવું જોઈએ. આ કથા પ્રસંગ હમણાં બંધ રાખો અને સૌ તૈયાર થાવ." એમ કહી મહારાજે નાજા જોગિયાને માણકી ઘોડી તૈયાર કરી લાવવાનું કહ્યું. માણકી આવી અને મહારાજે સવારી કરી. દાદાખાચર આદિ કાઠી દરબારો પણ તૈયાર થઈ ગયા. સંતો પણ તૈયાર થઈને આગળ ચાલ્યા.

બ્રહ્માનંદ સ્વામી તથા તેમની સાથેના સંતો ખોપાળાને માર્ગે ચાલ્યા આવતા હતા. સ્વામીએ મહારાજને માણકી ઉપર સામા આવતા જોયા અને તેમનું હૈયું ગદ્‌ગદ થઈ ગયું ! આજ અક્ષરાધીશ પુરુષોત્તમ નારાયણ આટલા બધા સોંઘા બની ગયા છે !? પરંતુ તેઓ જાણતા હતા કે મહારાજ પોતાના સેવકોને લાડ લડાવવા, તેમની ભક્તિને, પ્રેમને પોષણ આપવા, તેમનો સત્સંગ દૃઢ કરાવવા જ પોતે આ પ્રકારની વહાલપ વરસાવે છે ! આ વિચારથી તેમની આંખોમાંથી હર્ષાશ્રુ ટપકવા લાગ્યાં. એટલામાં તો મહારાજ સામા આવી ગયા.

બ્રહ્માનંદ સ્વામી મહારાજને દંડવત્ કરવા લાગ્યા. પરંતુ મહારાજે તેમને પકડીને પોતાના ભુજપાશમાં જકડી લીધા. આ પ્રેમનું બંધન સ્વામીને ગમ્યું, એટલું ગમ્યું કે તેમાંથી છૂટવાનું તેમને મન ન થયું. ધીરે રહીને મહારાજે તેમને મુક્ત કર્યા. પછી બધા સંતોને મળ્યા. સૌના કુશળ પૂછ્યા. ત્યાંથી સીધા દરબારમાં પધાર્યા. મહારાજ અક્ષર ઓરડીમાં પધાર્યા. તેમની પાછળ બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે ગયા.

એટલામાં મહારાજ માટે થાળ આવ્યો, મહારાજ થાળ જમ્યા. પછી પ્રસાદીનો થાળ બ્રહ્માનંદ સ્વામીને આપ્યો.

✧ ✧ ✧

મહારાજ શાસ્ત્રોની કથા વંચાવે છે

આ.સં. ૧૮૭૯ની સાલ બેસી ગઈ હતી. મહારાજે શાસ્ત્રોનું શ્રવણ શરૂ

કર્યું. મોક્ષધર્મની કથા પછી પંચમ સ્કંધ, દશમ સ્કંધની કથા પ્રાગજી પુરાણી પાસે વંચાવી. ત્યારબાદ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા તથા તે ઉપરનું શ્રી રામાનુજાચાર્યે કરેલું ભાષ્ય તેની કથા સાંભળી. પ્રાગજી પુરાણી મહારાજની કૃપાથી વિદ્યાવિશારદ બની ગયા હતા. તેમની વાણીમાં પીયૂષ હતું. તેથી સૌને સાંભળવી ગમતી. કથામાં આવતા અતિ સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો પણ તેઓ સરળતાપૂર્વક સમજાવતા ત્યારે વિદ્વાન સંતો પણ મંત્રમુગ્ધ બની જતા.

મહારાજે સર્વ શાસ્ત્રોના સારનું દોહન કર્યું હતું. તેમનાં વચનામૃતોમાં આ સાર આવી જતો. સૌને પ્રતીતિ આવે તેથી સર્વ શાસ્ત્રોની કથામાંથી સારનું સાર કાઢી મહારાજ સમજાવતા. પુરાણી પણ મહારાજની રહસ્યવાર્તા સાંભળી સ્તબ્ધ બની જતા !

રામાનુજાચાર્યકૃત ભગવદ્‌ગીતા ઉપરના ભાષ્યની મૂળ ગ્રંથ સાથેની કથા સાંભળી. પછી રામાનુજાચાર્યના કૃપાપાત્ર શિષ્ય પરાશર ભટ્ટે રચેલ વિષ્ણુ-સહસ્રનામ ઉપરની ટીકાની કથા વંચાવવાનો મહારાજે આરંભ કરાવ્યો. તે સમાપ્તિ પછી સ્કંદ પુરાણના વિષ્ણુખંડમાંથી વાસુદેવ માહાત્મ્યની કથાનો પ્રારંભ કરાવ્યો. મહારાજના સાંનિધ્યમાં કથાનો આનંદ સૌને આવતો હતો. જ્યારે પુરાણી મહાશય અટકતા ત્યારે મહારાજ વાતો શરૂ કરી દેતા. આમ, કથામૃતના રહસ્યનું અવિરત પાન કરવાનું સૌને મળતું. ભોજનના સમય સિવાય કથા અખંડ ચાલતી. મહારાજ કોઈની શ્રદ્ધા મોળી પડવા દેતા નહીં.

ત્યારબાદ સમજાવવામાં અને સમજવામાં કઠણ એવા સામવેદની કથાની શરૂઆત કરી, જેની પૂર્ણાહુતિ અષાઢ ઊતરતાં કરી. મહારાજ જે સામવેદી શાખાના કુળમાં પ્રગટ્યા હતા એ વિભૂતિરૂપ સામવેદ[૯૫] પણ તેના ઉચ્ચારણ સાથે મહારાજે સંભળાવ્યો. મહારાજની વાક્‌છટા અને સ્વર-માધુર્ય તથા આરોહ-અવરોહ અને લયના સૂરોની જમાવટથી સભા મંત્રમુગ્ધ બની ગઈ ! સામવેદની કથા પૂરી થઈ અને સૌને વિશ્રાંતિ લેવાનો સંકલ્પ થયો. પરંતુ, મહારાજે બીજા જ દિવસથી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ ઉપર વિજ્ઞાનેશ્વરે રચેલી મિતાક્ષરા ટીકાની કથાનો પ્રારંભ કરાવ્યો. આ કથાની પૂર્ણાહુતિ શ્રાવણ સુદ તૃતીયાના દિવસે કરી.

શ્રાવણ સુદ ચતુર્થીને દિવસે વારાહ ભગવાનનો પ્રાદુર્ભાવ થયો હોવાથી મહારાજે તે દિવસે બ્રાહ્મણોને મિષ્ટ ભોજન જમાડી તૃપ્ત કર્યા. બ્રહ્મભોજન પછી

---

૯૫. वेदानां सामवेदोऽस्मि ।

સૌને લાગ્યું કે હવે કથાની સમાપ્તિ થઈ ગઈ. તેથી કેટલાક હરિભક્તો પોતાને ગામ જવા તૈયાર થયા. મહારાજ પાસે રજા લેવા ગયા ત્યારે મહારાજે તેમને કહ્યું : "હજુ આવતી કાલથી વિદુરનીતિની કથાનો પ્રારંભ કરાવવો છે. માટે સૌ રોકાઈ જાઓ. સૌને ગઢપુરમાં કૃષ્ણજન્મનો ઉત્સવ કરાવીને રજા આપીશું."

શાસ્ત્રોનું રહસ્ય ભગવાન અથવા તત્સ્વરૂપ સંતના સંબંધથી જ સમજાય. શ્રીજીમહારાજે શ્રાવણ સુદ પંચમીની સવારે પ્રાગજી પુરાણી પાસે વિદુરનીતિ ગ્રંથની કથાનો પ્રારંભ કરાવ્યો. વિદુરનીતિની કથા દસ દિવસ ચાલી. શ્રાવણ સુદ પૂર્ણિમાને દિવસે તેની પૂર્ણાહુતિ કરી. આ રીતે મહારાજે સમગ્ર શાસ્ત્રોમાં જેટલા ગ્રંથો પોતાના આશ્રિતોને જાણવા યોગ્ય હતા તેનું રહસ્ય સમજાવી દીધું.

મહારાજે કથાને અંતે કહ્યું : "એક વેદમાંથી વ્યાસજીએ વિભાગ કરી ચાર વેદ કર્યા. તેમાંથી ઉત્તર મીમાંસા (બ્રહ્મસૂત્રો અર્થાત્ વ્યાસસૂત્રો), ભગવાન વેદવ્યાસે રચી. પૂર્વ મીમાંસા (કર્મકાંડ) તેમના શિષ્ય જૈમિનિ મહર્ષિએ રચી. ઉત્તર મીમાંસામાંથી બ્રહ્મસૂત્રોની રચના થઈ, પુરાણો થયાં. તે સર્વના સારરૂપ ભક્તિ અને ઉપાસનાનો માર્ગ બતાવતું શ્રીમદ્ભાગવત પુરાણ થયું. મહાભારતના ગ્રંથમાંથી શ્રીમદ્ભગવદ્ગીતાનું ઉદ્ધરણ થયું. પરંતુ, આ બધાં જ શાસ્ત્રો સમગ્રપણે વાંચવાથી કે તેનું અધ્યયન કરવાથી મુમુક્ષુઓને તેનું રહસ્ય જાણવા મળતું નથી. તેથી સમગ્ર શાસ્ત્રોમાં મનુષ્યજીવનનું કલ્યાણ થાય એવાં શાસ્ત્રોનું દોહન કરી તેનું રહસ્ય સમજાવવા આપણે આ કથા પ્રસંગ યોજ્યો હતો. શાસ્ત્રોમાં અંતર્ગત રહેલું આ રહસ્ય ભગવાન અથવા તો તત્સ્વરૂપ સંત જ્યારે પ્રગટ થાય ત્યારે જ યથાર્થ સમજાય. તે સિવાય તો આ બધાં શાસ્ત્રોનું કેવળ અધ્યયન કરવાથી બુદ્ધિમાં ઊલટો ભ્રમ ઉત્પન્ન થાય છે. માટે આ કથાનું રહસ્ય સમજી અંતરમાં ઉતારશો તો અમારા સંબંધે તમારા સૌનું આત્યંતિક કલ્યાણ થશે. કદાચ એ શાસ્ત્રોનું રહસ્ય યથાર્થપણે કોઈને ન સમજાયું હોય તો કેવળ અમારા સ્વરૂપમાં અને શબ્દોમાં વિશ્વાસ હશે તોપણ તમારા સૌનું કલ્યાણ થશે."

✧

મહારાજે જન્માષ્ટમી, જળઝીલણી, શરદપૂનમ, અન્નકૂટ અને પ્રબોધિનીના ઉત્સવો ગઢડામાં જ કર્યા. મકરસંક્રાંતિના દિવસે ભુજથી હીરજીભાઈ આવ્યા હતા. મહારાજે તેમને પૂછ્યું : "હીરજીભાઈ ! ભુજમાં મંદિરનું કાર્ય ક્યાં સુધી પહોંચ્યું ?"

તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! આપની દયાથી ત્રણ-ચાર માસમાં

પ્રતિષ્ઠા થઈ શકે એટલું કાર્ય પૂરું થઈ જશે. બધા હરિભક્તોને પણ મનમાં એમ રહે છે કે પ્રતિષ્ઠાવિધિ જલદી થાય તો સૌને આપનાં દર્શનનો લાભ મળે."

મહારાજે કહ્યું : "ત્યાં જઈને ખબર મોકલજો એટલે વૈશાખ માસમાં પ્રતિષ્ઠાનો મહોત્સવ ગોઠવીશું."

હીરજીભાઈને પ્રતીતિ થઈ કે વૈશાખ સુધીમાં મંદિરનું કાર્ય પૂરું થઈ જશે.

આજે મકરસંક્રાંતિ હતી એટલે મહારાજે તલના લાડુમાં પૈસાના સિક્કા મુકાવી વળાવેલા, તે વિપ્રોને દાનમાં આપ્યા.

વરતાલમાં વસંતોત્સવ

થોડા દિવસ પછી મહારાજે વરતાલ તરફ જવાનું નક્કી કર્યું. સર્વ સાજસમાજને લઈને મહારાજ વરતાલ પધાર્યા. અહીં વસંતપંચમી આવી. મહારાજે વસંતનું પૂજન કરી સૌને કેસરના રંગથી રંગી દીધા. સમૈયા પર આવેલા સૌ સંત-હરિભક્તો મંદિરની સેવામાં જોડાઈ ગયા. મહારાજ આ જોઈ બહુ રાજી થયા. ભગવાનની ઉપાસના માટેનાં મંદિરો હશે તો ઉપાસના ટકશે ને અનંત જીવોનો ઉદ્ધાર થશે. એવાં મંદિરોની સેવા કરી મનુષ્યજીવન સાર્થક કરી લેતા સર્વને જોઈ મહારાજે પ્રસન્નતા દર્શાવી.

એ વખતે ત્યાં બામણોલીથી તખા પગી આવેલા. એમણે મહારાજને બામણોલી પધારવા વિનંતી કરી. મહારાજ વરતાલથી બામણોલી પધાર્યા. અહીં પણ રંગોત્સવ કર્યો. પછી સ્નાન કર્યું. તખા પગીએ એ પ્રસાદીનું જળ પોતાના કૂવામાં નાખ્યું. આ જોઈ મહારાજ મર્માળુ હસતાં બોલ્યા : "વાહ પગી ! આજથી આ તમારો કૂવો ગંગાતુલ્ય તીર્થરૂપ થયો." પગી આ સાંભળી રાજી થઈ ગયા.

બપોરે જમ્યા બાદ સાંજે મહારાજ મહુડિયા પરામાં જાલમ પગીના ઘરે પધાર્યા. ત્યાંથી સવારે પુનઃ વરતાલ પધાર્યા.

વરતાલમાં થોડા દિવસ નિવાસ કરીને મહારાજ ગઢડા આવ્યા.

મૂળીના ભક્તોને રાધા-કૃષ્ણની મૂર્તિ અર્પણ

થોડા દિવસ પછી મૂળીથી પરમાર અમાભાઈ તથા જેઠાભાઈ આવ્યા. મહારાજનાં દર્શન-સમાગમનો લાભ લઈ તેઓ પાછા મૂળી જતા હતા ત્યારે એમણે મહારાજને વિનંતી કરી : "મહારાજ ! જેની આપ પૂજા કરો છો અને

રોજ થાળ ધરાવો છો તે આ રાધા-કૃષ્ણની મૂર્તિ અમને આપો અને આપ મૂળી પધારો ત્યારે તેની પ્રતિષ્ઠા કરો, જેથી આપની પ્રસાદીની મૂર્તિઓના પ્રતાપથી મૂળીમાં સત્સંગ વધે.''

મહારાજે તેમની માગણી સ્વીકારી, તે મૂર્તિઓ તેમને આપી અને કહ્યું : ''અમે પંચાળા જઈશું ત્યારે મૂળી આવી, આ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરીશું.''

મહારાજની ઈચ્છા પંચાળામાં ફૂલદોલ કરવાની હતી. ફૂલદોલ નજીક આવતો હતો એટલે મહારાજે પ્રયાણની તૈયારી કરી. સંતો, પાર્ષદો, હરિભક્તો બધા જ તૈયાર થઈ ગયા. સ્ત્રીભક્તો માટે મહારાજે ગાડાં, રથ, સિગરામ જોડવાનું કહી દીધું. તેમની આસપાસ કાઠી અસવારો ચાલે એવી સૂચના આપી દીધી. કાઠી અસવારો તથા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો અને તેમનાં મંડળો સાથે મહારાજ પંચાળા જવા ગઢડાથી વહેલી સવારે નીકળી ગયા.

વર્તમાન પાળવામાં શૂરવીર થઈ જાઓ

મહારાજ પીપરડી થઈને હાથસણી ગામે રાત રહ્યા. ત્યાંથી બીજે દિવસે સાંજે નીકળી સવારે જસદણ પહોંચ્યા. અહીં દરબાર ચેલાખાચરે મહારાજનું સ્વાગત કર્યું. તેમણે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આપ તો મારા પિતાના ગુરુ છો. આપ અહીં પધાર્યા એ લાભ અમને મોટો થયો. માટે આપ તથા સર્વે સંતો, હરિભક્તો જમીને પછી અહીંથી ચાલવાનું રાખો એવી વિનંતી છે.''

મહારાજે કહ્યું : ''હજુ સવાર થાય છે અને જમીને ચાલવામાં બહુ મોડું થાય. માટે અમારે તો હમણાં જ નીકળવાનું છે.''

ચેલાખાચર આ સાંભળી દિલગીર થઈ ગયા. મહારાજે તરત જ કહ્યું : ''બાપુ ! દિલગીર ન થશો, જે કાંઈ તૈયાર હોય તે લઈ આવો. અમે રસ્તામાં ટીમણ કરી લઈશું.'' એટલે ચેલાખાચર બરફી, પેંડા વગેરે પુષ્કળ પ્રમાણમાં લઈ આવ્યા. પછી મહારાજે કહ્યું : ''બાપુ ! વર્તમાન ધરાવ્યા છે તે નિયમો તો બરાબર પળાય છે ને ?''

બાપુ આ સાંભળી ઝંખવાણા પડી ગયા. તેમણે કહ્યું : ''મહારાજ ! બે નિયમો - દારૂ ન પીવો, ચોરી ન કરવી - એ પળાય છે. બીજા નિયમોમાં જરા મોળપ આવી ગઈ છે.'' એમ કહી ગળગળા થઈ બોલ્યા : ''મહારાજ ! અમારું કલ્યાણ તો આપના સંબંધે છે. આપે હાથ પકડ્યો છે તે હવે છોડશો નહીં.''

''નિયમ-ધર્મ પાળ્યા સિવાય કેવળ સંબંધે કરીને કલ્યાણ કરવાનું કહો

છો, પરંતુ સંબંધનો મહિમા સમજાયો હોય તો આજ્ઞા પાળવામાં મોળપ આવે જ નહીં. તમે તો રાજપૂત છો તે જેમ ધિંગાણામાં સામી છાતીના ઘા લ્યો છો, તેમ વર્તમાન પાળવામાં પણ શૂરવીર થઈ જવું જોઈએ." મહારાજે કહ્યું.

ચેલાખાચર આ સાંભળી રહ્યા. મહારાજ તેમની મૂંઝવણ પારખી બોલ્યા : "બાપુ ! અમારા પ્રત્યે અને અમારા સંત પ્રત્યે સર્વોપરી ભાવ રાખશો તો કલ્યાણ થશે, જાઓ. પણ બીજા બે નિયમો પાળવાનો આદર કરવો."

ચેલાખાચરે કહ્યું : "ભલે મહારાજ ! આપની આજ્ઞા પાળવાનો પ્રયત્ન કરીશું."

મહારાજ ત્યાંથી નીકળ્યા. ચેલાખાચર પણ સાથે નીકળ્યા. બજારમાં સુખડિયાની હાટ ખુલ્લી હતી. તે ગરમાગરમ જલેબી ઉતારતો હતો. તાજા મોતૈયા લાડુ તૈયાર હતા. ચેલાખાચરે તે બધો માલ ખરીદી લઈને કહ્યું : "મહારાજ ! આ બધું મારા વતી સંતો, પાર્ષદોને અને હરિભક્તોને જમાડજો."

મહારાજ સંઘ લઈને આગળ ચાલ્યા. રસ્તામાં નદી આવી, ત્યાં સૌએ પ્રાતર્વિધિ કર્યો. પછી ચેલાખાચરે આપેલ બરફી, પેંડા, જલેબી, મૌતેયા વગેરે સૌ જમ્યા. ત્યાં થોડો વિશ્રામ લઈ મહારાજ સંઘ સાથે નીકળ્યા અને આટકોટ પધાર્યા. અહીં થોડો સમય રોકાઈ બંધિયા આવી રાત રહ્યા. બંધિયાથી સવારે નીકળી ગોંડળ પધાર્યા.

ગોંડળમા

મહારાજ ગોંડળમાં પધાર્યા ને દરબારની વાડીમાં ઉતારો કર્યો. ગોંડળ નરેશ મોતીજીને મહારાજ પધાર્યા છે તે સમાચાર મળ્યા એટલે તરત જ તેમણે સીધાની સામગ્રી વાડીમાં મોકલી દીધી. પોતાના રસોયાઓ પણ મોકલ્યા. થોડી વારમાં તો અનેક પ્રકારનાં પકવાનો તૈયાર થઈ ગયાં. બીજી પણ ઘણી વાનગીઓ બનાવી. મહારાજ પ્રથમ જમ્યા. પછી સૌ સંતો, પાર્ષદો તથા ભક્તોને પીરસવા પધાર્યા. મોતીજીના ભાવથી મહારાજ ત્યાં રાત રોકાયા.

બીજે દિવસે સવારે ત્યાંથી નીકળી કંડોરડા, ઝાંઝમેર થઈને જાળિયા હીરાભાઈને ત્યાં પધાર્યા. હીરાભાઈને ત્યાં રસોઈ જમી મહારાજ ગણોદ પધાર્યા.

ગણોદમાં ભાદર નદીના કાંઠે સુંદર ઉપવનમાં મહારાજ ઊતર્યા. અહીંના પુરપતિનો ભાવ જોઈ મહારાજ અહીં રાત રોકાયા. બીજે દિવસે જમીને મહારાજ સંઘ સાથે નીકળ્યા. માણાવદર થોડું રોકાઈ અને પંચાળા પધાર્યા.



ઉદ્ગીથ ૧૮

પંચાળામાં ફૂલદોલ અને મહારાસ

(આ.સં. ૧૮૭૯, ઈ.સ. ૧૮૨૩)

મહારાજ પંચાળામાં

શ્રીહરિ પંચાળામાં પહોંચ્યા તે પહેલાં જે સંતો જૂનાગઢ હતા તે બધા પંચાળા આવી ગયા હતા. નિત્યાનંદ સ્વામી પણ અગાઉથી પંચાળા પહોંચી ગયા હતા. મહારાજ પંચાળાની નજીક પધારી ગયા છે તે સમાચાર દરબારમાં મળ્યા. મહારાજના સ્વાગત માટે ઝીણાભાઈ, ગગાભાઈ તથા નિત્યાનંદ સ્વામીએ અગાઉથી જ બધી તૈયારીઓ કરી રાખી હતી. એટલે આ સમાચાર મળ્યા કે તરત જ જૂનાગઢથી આવેલ સૌ સંતો, હરિભક્તો, દરબારો, ભાયાતો પંચાળાના નગરજનો મહારાજનું સ્વાગત કરવા અર્ધો ગાઉ સામે ગયા.

વાજિંત્રોના ઘોષથી તથા બંધૂકોના અવાજોથી નગરમાં સૌને સમાચાર મળી ગયા કે મહારાજ પધાર્યા છે. મહારાજનાં દર્શન કરવા સૌ આકળા થઈ ગયા હતા. સૌ પોતપોતાની નિત્યક્રમની બધી જ પ્રવૃત્તિઓ છોડી મહારાજનાં દર્શન કરવા પંચાળાના મુખ્ય માર્ગ ઉપર આવી ગયા. પાણીનો છંટકાવ કરી નગર સ્વચ્છ કર્યું હતું જેથી ફાગણનો ધીમો તાપ પણ આકરો ન લાગે. આસોપાલવનાં તોરણોથી નગર શણગાર્યું હતું. નગરજનોએ પોતાનાં ઘરો પણ રંગોળીથી, આસોપાલવનાં તોરણોથી તેમજ જળ ભરેલા ત્રાંબાના કુંભમાં આસોપાલવનાં પાન અને નારિયેળ પધરાવી મંગલમય બનાવ્યાં હતાં.

મહારાજ પધાર્યા અને સૌ મહારાજને દંડવત્ કરવા લાગ્યા. ઝીણાભાઈ તથા તેમના ભાઈ ગગાભાઈએ મહારાજનું પુષ્પહારથી સ્વાગત કર્યું. પુરજનોએ પણ મહારાજને પુષ્પોથી વધાવ્યા. દરેકનાં અંતરમાં અદમ્ય ઉત્સાહ હતો. પંચાળામાં ફૂલદોલના ભવ્ય ઉત્સવની તૈયારી ઝીણાભાઈ તથા ગગાભાઈએ સંપૂર્ણ રીતે કરી દીધી હતી. મહારાજના સંકલ્પમાં શું હશે તે કોઈને સમજાય તેમ ન હતું.

પરંતુ ઉત્સવ ભવ્ય થશે એવી ભાવનાના આનંદમાં સૌ હર્ષઘેલા બની ગયા હતા !

પંચાળાના શાખાનગરોની શોભા

મહારાજ સીધા ઝીણાભાઈના દરબારમાં પધાર્યા. ઊંચી પરથારની ઓસરીમાં મહારાજ માટે પલંગ બિછાવ્યો હતો. તે ઉપર મહારાજ બિરાજ્યા. એટલામાં ઝીણાભાઈ આવ્યા. મહારાજે તેમને સંતોનાં મંડળો તથા હરિભક્તોના ઉતારાની વ્યવસ્થા માટે પૂછ્યું. તેમણે કહ્યું : "પુરમાં જ નગરજનોનાં ભવન ખાલી કરાવી મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને તેમના મંડળ સાથે ઉતારો આપ્યો છે. હરિભક્તોને પણ નગરમાં નગરજનોનાં નિવાસસ્થાનોમાં ઉતાર્યા છે. ગામની બહાર પશ્ચિમ દિશામાં ઊંચા ટેકરા ઉપર વડના વૃક્ષની ઉત્તર તરફ સુંદર જગ્યા છે ત્યાં ઘાસની પર્ણકુટીઓ બાંધી દરેક સાધુમંડળના ઉતારા કર્યા છે. નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી તથા શુક સ્વામી માટે આ પર્ણકુટીઓની વચ્ચે મોટો તંબુ બાંધી દીધો છે. જે સંતો તેમની પાસે વિદ્યા ભણે છે તેમને પણ તેમની સાથે જ ઉતાર્યા છે."

એટલું કહીને તેઓ થંભ્યા. પછી બોલ્યા : "પંચાળા નગરની સામે મહારાજ ! આપની દયાથી બીજું નગર વસી ગયું છે. તે નગરની શોભા પણ અલૌકિક જણાય છે." મહારાજ તેમણે કરેલી વ્યવસ્થાથી ખૂબ જ પ્રસન્ન થયા.

પંચાળામાં આ ઉત્સવ અભૂતપૂર્વ ઊજવાશે તેથી સૌ હરિભક્તો તથા સંતોનાં મંડળોને ઉત્સવમાં આવવાની ભાવના સહેજે થાય; તેનો ખ્યાલ રાખી ઝીણાભાઈએ નાના નગરમાં પણ સુંદર વ્યવસ્થા કરી અન્ય ઉપનગરો વસાવી દીધાં હતાં. કોઈને કોઈ પણ પ્રકારની અગવડતા ન પડે તેનો તેમણે સંપૂર્ણ ખ્યાલ રાખ્યો હતો.

મહારાજ માટે ઝીણાભાઈના દરબારમાં વિશાળ ચોકમાં ઈશાન ખૂણામાં નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજનો પલંગ રહે તેવી સુંદર પથ્થરની વેદી તૈયાર કરી દીધી. સભામાં મહારાજ અહીં બિરાજે અને વિશાળ ચોકમાં સંત-હરિભક્તોની સભા થાય. સ્ત્રીઓ પણ દૂરથી દર્શન કરી શકે અને કથાવાર્તા પણ સાંભળી શકે એ પ્રકારની તેમને માટે પણ સગવડ કરી દીધી હતી.

સત્સંગમાં ગુપ્તપણે કુસંગ રહ્યો છે

મહારાજે અત્રે આવીને આ બધી વ્યવસ્થા સમજી લીધી. રસોઈની

વ્યવસ્થા પણ રસોડામાં જઈને મહારાજ જોઈ આવ્યા. પછી વેદી ઉપર ઢોલિયો ઢાળ્યો હતો તે ઉપર બિરાજમાન થયા. મહારાજ પધાર્યા એટલે સંતો, હરિભક્તો સૌ સભામાં આવી ગયા. જમવાનો સમય થઈ ગયો હતો. પરંતુ મહારાજને વાત કરવી હતી એટલે મહારાજે સંક્ષિપ્તમાં પણ રહસ્યની વાત કરતાં કહ્યું : "આ સત્સંગ દિવ્ય છે. જેને સમજાયો છે તેને તેનો આનંદ આવે છે. જેને સત્સંગનો મહિમા જીવમાં નથી સમજાયો અથવા જેને દેહાભિમાન, સ્વભાવ વગેરે દોષો અંતરમાં પ્રબળ હોય, તેને સત્સંગનું યથાર્થ સુખ આવતું નથી. છતાં તે દોષો સત્સંગ કરતાં કરતાં ટળી જશે અને શુદ્ધ થઈ જવાશે." મહારાજ એટલું બોલી અટક્યા.

થોડી વાર થંભી મહારાજે કહ્યું કે "સત્સંગમાં ગુપ્તપણે કુસંગ રહ્યો છે. ભોળપણમાં પણ તેનો યોગ જેને થઈ જશે તો તે આ સત્સંગમાંથી વિમુખ થઈને નીકળી જશે. માટે સત્સંગ કરતાં કરતાં કુસંગ પણ ઓળખી રાખવો. સત્સંગી કરતાં કુસંગી વધુ શાણો હોય છે. સત્સંગના અપાર મહિમાની વાત કરે, જેને વાત કરે તેના મહિમાની પણ વાત કરે એટલે સહેજે વાત કરનારામાં હેત થાય. પછી યુક્તિપૂર્વક સત્સંગના, એટલે કે ભગવાન અથવા સત્પુરુષના સ્વરૂપમાં ખોટ બતાવતા જાય. સાભળનારાને વાતમા જેમ જેમ રસ પડતો જાય, તેમ તેમ આવા શબ્દો વધુ ને વધુ કહેવા લાગે. અંતે તેમની વાતોથી ભગવાન અને સંતનો અભાવ આવે, તેમના સ્વરૂપમાં મનુષ્યભાવ આવે.

"પ્રથમ સત્સંગમાં મુમુક્ષુતાના ભાવથી જ અને કેવળ પોતાના કલ્યાણ માટે જે આવ્યા હોય તે આવા કુસંગીના પેચમાં આવી મોક્ષની ભાવના ખોઈ બેસે છે અને પોતાના જીવનું અંતે અકલ્યાણ કરે છે. આ પ્રકારનો કુસંગ સત્સંગમાં જ હોય છે. તે ઓળખવો કઠણ છે. પરંતુ કુસંગીના શબ્દોથી તેનું સ્વરૂપ ઉઘાડું થાય છે. માટે તેમને ઓળખી તેમનાથી સદા દૂર રહેવું, જેથી મોક્ષમાર્ગમાં કોઈ વિઘ્ન આવે નહીં."

આટલી વાત મહારાજે કરી ત્યાં 'વાસુદેવ હરે' થયા. આ શબ્દ સાંભળી કેટલાક ઊભા પણ થઈ ગયા. મહારાજ આ જોઈ હસ્યા. પછી બોલ્યા : "જેમ આ શબ્દ સાંભળી ઊભા થઈ જવાય છે, તેમ કથા સાંભળવામાં પણ એવી જ ઉત્સુકતા રાખવી જોઈએ. અન્નથી દેહનું પોષણ થાય છે, કથાથી જીવનું પોષણ થાય છે." એટલું કહી મહારાજ વાસુદેવાનંદ બ્રહ્મચારી સાથે જમવા માટે પધાર્યા.

ફૂલદોલનો ભવ્ય ઉત્સવ : આ.સં. ૧૮૭૯

ફૂલદોલનો ઉત્સવ[૯૬] જેમ જેમ પાસે આવતો ગયો, તેમ તેમ તે ઉત્સવ અંગેની તૈયારીઓ ઝીણાભાઈ કરવા લાગ્યા. માંગરોળથી અબીર, ગુલાલ, કંકુ, કેસર વગેરે ગાડાં ભરી મંગાવ્યાં. પિચકારીઓ માટે શ્રીહરિએ રૈયા ભગતને વાંસ લેવા માટે મોકલ્યા. નિષ્કામાનંદ સ્વામી તથા આધારાનંદ સ્વામીને પણ સાથે મોકલ્યા. આ ઉત્સવની તમામ વ્યવસ્થાનો ભાર મહારાજે પીપળાવના વિપ્ર પ્રભાશંકર ઉપર નાંખ્યો હતો. પ્રભાશંકરના બે ભાઈઓ દયારામ અને દાજીભાઈ પણ આ પ્રસંગે આવ્યા હતા. પરંતુ પ્રભાશંકરને મહારાજના સ્વરૂપની દૃઢ નિષ્ઠા હતી. તેથી મહારાજને તેના ઉપર વિશેષ હેત હતું. સૌ સંતો, હરિભક્તોને પણ તેની નિષ્ઠાને કારણે તેના ઉપર ખૂબ જ પ્રેમ હતો. આ સ્વરૂપનિષ્ઠાની દૃઢતાથી કામ અને અર્થ એ બે પ્રબળ વિષયો પ્રભાશંકરના અંતરમાંથી ટળી ગયા હતા. મહારાજની આજ્ઞા એ જ તેમનું જીવન હતું. મહારાજની આજ્ઞા અનુસાર કર્મને જ તેઓ સાચો કર્મયોગ માનતા હતા.

ઝીણાભાઈએ મંગાવેલી સમગ્ર સામગ્રી આવી ગઈ. રૈયા ભગત અને સંતો વાંસ લઈ આવ્યા. તેમાંથી પિચકારીઓ બનાવી. સૌ સંતો, હરિભક્તોને એક એક પિચકારી આપી દીધી. સંતોને ખડી તથા ચંદનની ગોટીઓ, કેસર વગેરે આપ્યાં.

નરનારાયણ ઋષિના પ્રાદુર્ભાવનો ઉત્સવ

ફાગણ સુદ પૂનમની પ્રભાતે મહારાજે સૌ સંતો, હરિભક્તોને કહ્યું : "આજે શ્રી નરનારાયણ દેવનો પ્રાદુર્ભાવ દિન છે, તેથી આજે પ્રથમ નરનારાયણ દેવનું પૂજન, અર્ચન સૌએ કરવાનું છે." મહારાજની આજ્ઞા અનુસાર સૌ સંતોએ આ પૂજનનો લાભ લેવાનો નિર્ણય કર્યો. મહારાજે આપેલ ખડી ઘસી તેમાં ચંદન અને કેસરનું મિશ્રણ કર્યું. પછી પલાશના પાનના પડિયા બનાવી તેમાં તે મિશ્રણ ભર્યું અને ઝીણાભાઈના દરબારમાં સૌ આવ્યા.

---

૯૬. પંચાળામાં કરેલા મહારાસનો સમયગાળો જુદા જુદા ગ્રંથોમાં જુદો જુદો વર્ણવ્યો છે. પરંતુ પરંપરાગત રીતે આ.સં. ૧૮૭૯ની સાલ સંભળાય છે અને ભક્તચિંતામણિનું ૮૮મું પ્રકરણ જોતાં તથા શ્રીહરિચરિત્રચિંતામણિ, ભાગ-૧, વાર્તા ૧૪૬ પ્રમાણે આ.સં. ૧૮૭૯ની સાલ નક્કી થાય છે.

શ્રી નરનારાયણ દેવની મહાપૂજા મહારાજ પોતે વિધિપૂર્વક કરતા હતા. આ શુભ પ્રસંગે બ્રાહ્મણોને પણ આમંત્રણ આપ્યું હતું. તેમને તો ઉત્સવ, ભોજન અને દક્ષિણાનો લાભ હતો. તેમાં કોઈક ભાવિકોને આવા શુભ પ્રસંગે મહારાજનાં ઐશ્વર્ય, પ્રતાપ તેમજ તેમની ક્રિયા જોઈ ગુણ આવતો અને સત્સંગી બની જતા. મહારાજ ઘણી વાર કહેતા કે ''આ વાત કોઈને પણ સમજાય તો તેના જીવનું અતિ રૂડું થાય.'' બ્રાહ્મણોને પણ સત્સંગ પ્રત્યે ગુણભાવ થતો તેથી મહારાજ પ્રસન્ન થતા. તેઓ દઢ સત્સંગી થતા ત્યારે મહારાજ કહેતા કે ''શંખ અને વળી દૂધે ભર્યો !''

આ ઉત્સવ પ્રસંગે ઠાકોર ઝીણાભાઈ તથા તેમના પરિવારે મહારાજની પૂજા કરી. સુંદર વસ્ત્રાભૂષણો ભેટ ધરાવ્યાં. રોજ તો તેઓ મહારાજનું પૂજન કરી નવાં નવાં વસ્ત્રાભૂષણો ધરાવતા પરંતુ આજે મહાપૂજાનો વિધિ કરી વિશેષ કિંમતી વસ્ત્રો-આભૂષણો ધરાવ્યાં. તેમની માતા ગંગામા તેમજ બહેન અદીબાએ પણ મહારાજનું પૂજન કર્યું. ગગાભાઈએ પણ આ લાભ જવા દીધો નહીં.

થાળનો સમય થઈ ગયો હતો. બ્રહ્મચારીજી વાટ જોઈ રહ્યા હતા કે ક્યારે પ્રસંગ પૂરો થાય અને મહારાજને બોલાવું. પરંતુ તેમને પણ સભામાં પ્રસરેલી દિવ્યતાના અનુભવમાં ઓસાણ ન રહ્યું. છેવટે પ્રસંગ પૂરો થયો ત્યારે મહારાજને તેમણે પ્રાર્થના કરી : ''મહારાજ ! થાળ તૈયાર છે.''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''વર્ણીરાજ ! આવું સરસ ભોજન સૌ જમ્યા છે. અમને પણ એ ભોજન જમાડ્યાની તૃપ્તિ થઈ ગઈ છે.''

''પરંતુ મહારાજ ! સૌના મનોરથ પૂરા કરવાના તો હોય જ ને ! ઝીણાભાઈએ એવા જ ભાવથી સમગ્ર સંઘ માટે સુંદર રસોઈ બનાવી છે તો તેમનો પણ મનોરથ પૂરો કરો.'' મહારાજ તરત જ ઊઠ્યા.

હરિભક્તોનો સમૂહ બહુ જ મોટા પ્રમાણમાં આવ્યો હતો. તેમને સૌને પીરસવા માટે ગાડામાં લાડુ ભરી બે સંતો ગાડું ખેંચતા અને જુદાં જુદાં સ્થળે લાડુના ઢગલા કરતા. તેમાંથી ટોપલા ભરીને સંતો પીરસે એવી વ્યવસ્થા કરવામાં આવી હતી. સંતો ગાડામાં લાડુ ભરીને લાવવા લાગ્યા. દરેક પંક્તિને છેડે લાડુના ઢગલા થવા લાગ્યા. મહારાજ મંચ ઉપર બિરાજમાન થયા હતા. તેમણે અગાઉથી જ સૂચના આપી હતી કે સૌ ભક્તોને સારી રીતે જમાડજો. સંતો પીરસતા જાય અને સ્વામિનારાયણ મહામંત્રની ધૂન પણ કરાવતા જાય. ભોજનમાં પણ ભગવાનની સ્મૃતિનો દોર અખંડ ચાલુ રહે એવો મહારાજનો આગ્રહ હતો.

મહારાજ ભક્તોને જમાડવાની વ્યવસ્થા જોઈ ખૂબ જ પ્રસન્ન થયા.

અમારી સાથે રાસ રમો

પછી પોતે જમવા પધાર્યા. મહારાજની સન્મુખ બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી વગેરે સંતો બેઠા હતા અને મહારાજનાં દર્શન કરતા હતા. એવામાં બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! શ્રીકૃષ્ણ ભગવાને જેમ ગોપીઓને શરદપૂર્ણિમાની રાત્રીએ મહારાસ રમાડી દિવ્ય આનંદનો અનુભવ કરાવ્યો હતો, તેવો દિવ્ય આનંદ આજે આપ કરાવો. અમારી સાથે રાસ રમો એવો અમારો સંકલ્પ છે."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "તમારો મનોરથ પૂરો કરીશું. પણ એક શરત છે. તમારે તે જ સમયે નવીન કીર્તનો રચવાં. એક કીર્તન પૂરું થાય અને બીજું તૈયાર જ હોય, તો જ મહારાસનો દિવ્ય આનંદ સૌને આવશે."

બ્રહ્માનંદ સ્વામીએ તરત જ હા કહી. એટલે મહારાજે કહ્યું : "તો પશ્ચિમ દિશામાં જે ટેકરો છે ત્યાં વિશાળ પટાંગણ છે. ત્યાં મહારાસ ગોઠવો. બાજુમાં સાબળી નદી વહે છે. પૂર્ણિમાની રાત્રી છે, એટલે ચંદ્ર પણ પૂર્ણ પ્રકાશે પ્રકાશી રહ્યો હશે. ઋતુઓમાં શ્રેષ્ઠ વસંત પણ પુષ્પોની પાવક મહેક પ્રસરાવી રહી છે. આમ, પ્રકૃતિ સર્વ પ્રકારે અનુકૂળ છે..."

"અને ભગવાન પણ સાનુકૂળ છે." બ્રહ્માનંદ સ્વામીએ ઉમેર્યું.

એટલે મહારાજે કહ્યું : "ભગવાન સાનુકૂળ છે તો જ આ બધું સાનુકૂળ થયું છે, નહીં તો કાળ અને પ્રકૃતિ - આ બંને કોઈને ભગવાન ભજવા દે તેવાં નથી. બંને સદા પ્રતિકૂળ જ છે."

સંતો સમજી ગયા કે કેવળ મહારાજની કૃપાથી જ આ સત્સંગમાં દેશકાળ શુભ વર્તે છે, સૌને ભક્તિરસના આનંદનો અનુભવ થાય છે.

પંચાળામાં મહારાસ

સાંજ ઢળી અને હરિભક્તો તથા નગરજનો સૌ સાબલી નદીના કિનારા ઉપર જ્યાં મહારાસ યોજાયો હતો ત્યાં જવા લાગ્યા. લગભગ રાત્રીના નવનો સમય થયો હશે ત્યાં તો સમગ્ર પટાંગણમાં, નદીના બંને કિનારા તેમજ આજુબાજુ ઝાડ ઉપર હજારો મનુષ્યોની ભીડ જામી ગઈ. ઝીણાભાઈએ ત્રંબાળું ઢોલ, શરણાઈ, કાંસા જોડી, કરતાલો વગેરે સાજ તૈયાર કરાવી ત્યાં મોકલી

આવ્યો હતો. સંતો પણ અહીં આવી ગયા હતા. સૌ મહારાજના પધારવાની રાહ જોઈ રહ્યા હતા. એટલામાં મહારાજ પધાર્યા અને 'સહજાનંદ સ્વામીની જય'થી સમગ્ર વાતાવરણ ગાજી ઊઠ્યું. મહારાજ ત્યાં તૈયાર કરેલા મંચ ઉપર બિરાજમાન થયા. પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : "સંતો ઘણા છે માટે એક એક ફરતા નવ કુંડાળા કરો જેથી દરેક સંત રાસ રમી શકે. પહેલા કુંડાળામાં મોટેરા સંતો પછી નાના સંતો વગેરે જેમ ઘટે તેમ વ્યવસ્થા કરો."

મહારાજની આજ્ઞા પ્રમાણે બ્રહ્માનંદ સ્વામીએ તે પ્રમાણે વ્યવસ્થા કરી દીધી. પછી બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું : "મહારાજ ! બધી જ વ્યવસ્થા થઈ ગઈ છે અને આતુરતાપૂર્વક રાસ રમણની રાહ જોઈ રહ્યા છીએ. ચંદ્ર પૂર્ણપણે પ્રકાશી રહ્યો છે. વૃક્ષો ઝૂકી રહ્યાં છે. વ્રજભૂમિ જેવી દિવ્ય ભૂમિમાં હવે આપની આજ્ઞા થાય એટલે મહારાસ શરૂ કરીએ."

મહારાજે કહ્યું : "સ્વામી ! અમે જ્યાં હોઈએ ત્યાં અક્ષરધામની જ ભૂમિ હોય, તેની જ દિવ્યતા હોય ! ત્યાં પ્રકૃતિનો ભાવ ન હોય, કાળનું નિયમન પણ ન હોય."[૯૭]

મહારાજના આ શબ્દોથી સ્વામી સમજી ગયા કે પૂર્ણ પુરુષોત્તમ નારાયણને કે તેમના અવિનાશી અક્ષરધામને અન્ય ઉપમા આપી શકાય જ નહીં.

તેમણે કહ્યું : "મહારાજ ! આપે સાચું કહ્યું, પ્રકૃતિનો ભાવ અહીં દેખાતો નથી અને કાળ પણ સ્થંભી ગયો છે."

મહારાજે કહ્યું : "તો હવે મહારાસનો પ્રારંભ કરો."

મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વગેરે સંતોના હાથમાં કરતાલો હતી. પગે ઘૂઘરા બાંધ્યા હતા. જે સંતો કુંડાળાની વચ્ચે બેઠા હતા તેમણે દુક્કડ, સરોદ, પખવાજ, સિતાર, શરણાઈ, ઝાંઝ, સારંગી, મંજિરા આદિ અનેક પ્રકારનાં વાજિંત્રો લીધાં હતાં. એક સંતે ત્રંબાળું ઢોલ કેડે બાંધ્યો હતો. તેણે તેના ઉપર દાંડી મારી અને પખવાજ તથા દુક્કડના નાદ સાથે બ્રહ્માનંદ સ્વામીએ શરૂ કર્યું :

---

૯૭. બ્રહ્માંડોની અડખેપડખે અને અંદર ચિદાકાશ સર્વત્ર વ્યાપી રહ્યો છે એટલે પ્રાકૃત પ્રલયમાં બ્રહ્માંડનો નાશ થાય છે પરંતુ ચિદાકાશ તો રહે જ છે. તેને સંકોચ અને વિકાસ અવસ્થા નથી, તેથી ચિદાકાશ અર્થાત્ અક્ષરધામ સર્વત્ર છે અને તેના ઉપર કાળનું નિયમન નથી.

'સખી ગોકુલ ગામના ચોકમાં રે,
ખાંતે માંડ્યો રસીલે ખેલ,
રમે રાસ રંગીલો રંગમાં રે.'

બ્રહ્માનંદ સ્વામીના પહાડી સૂર સાથે વાજિંત્રોના નાદથી મિલાવટ થઈ ગઈ ! સંતોએ પગમાં પહેરેલા ઘૂઘરાના અવાજ પગના ઠેકા સાથે આ સૂરમાં સુરમ્ય બની ગયા. કરતાલના નાદે પણ સૂરો સાથે ઠાવકી મહોબત જમાવી દીધી. બ્રહ્માનંદ સ્વામીની આ એક જ પંક્તિના ઉચ્ચારણ સાથે જ રાસ જામ્યો અને સંતો પોતપોતાના કુંડાળામાં ઘૂમવા લાગ્યા. સંતોનો આ દિવ્ય આનંદ મહારાજે જોયો, તેમની મસ્તી જોઈ, પોતાનું દેહભાન ભૂલીને કેવળ પોતાના ઉપાસ્ય સ્વરૂપની ભક્તિમાં જ તેમને સૌને તલ્લીન બની ગયેલા જોઈ, મહારાજ એકદમ મંચ ઉપરથી ઊઠ્યા અને બધાં જ કુંડાળાં વીંધી પહેલા કુંડાળામાં પહોંચી ગયા ! મહારાજને અંદર આવતા જોઈ સંતોના આનંદનો અવધિ ન રહ્યો. તે વખતે વેગથી રાસમંડળમાં ફરતા બ્રહ્માનંદ સ્વામીએ બીજી પંક્તિ શરૂ કરી :

ચહુ કોરે સખાની મંડળી રે,
ઊભા વચમાં છેલો અલબેલ,
રમે રાસ રંગીલો રંગમાં રે.

અને મહારાજ સંતો સાથે તાળી દઈને રાસમાં ફરવા લાગ્યા. જાણે બ્રહ્માંડ ફરતું હતું ! સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રો તેમજ સકળ લોકના અધિષ્ઠાતાઓ આજે પુરુષોત્તમ નારાયણે પૃથ્વી ઉપર સાક્ષાત્ અક્ષરધામ ઉતાર્યું છે તે દિવ્ય પ્રસંગનાં દર્શન કરવા નભમંડળમાં આવી ગયા. સંતમંડળ, હરિજનો અને નગરજનો આ દિવ્ય આનંદમાં મસ્ત બની ગયા હતા. વરાહ ભગવાન પૃથ્વીને પોતાના દાંતમાં પકડીને બહાર લાવ્યા હતા, પૃથ્વીની તે પીડાનું દુઃખ આજે પુરુષોત્તમ નારાયણનાં ચરણારવિંદના ઠેકાથી દૂર થઈ ગયું. પૃથ્વી ધન્ય બની ગઈ ! બ્રહ્માનંદ સ્વામીના મુખમાંથી તો પંક્તિઓ સરતી જ હતી :

તાળી પાડે રૂપાળી તાનમાં રે,
મુખે ગાવે મનોહર ગીત,
રમે રાસ રંગીલો રંગમાં રે.

મહારાજ સંતો સાથે તાળીના તાન દેતાં, નેણકટાક્ષોથી તેમનાં હૈયાં વીંધતા, આજે જાણે સમગ્ર દિવ્યતાથી સંતોનાં-હરિભક્તોનાં હૃદય સભર કરી દેવાં છે તેવા સંકલ્પથી ઘૂમી રહ્યા હતા. પરંતુ મહારાજ ફક્ત મોટેરા સંતો સાથે

જ રાસ રમે છે, તાળીઓના તાન આપે છે તે જોઈ બીજાં કુંડાળાંમાં ફરતા સંતોને પણ સંકલ્પ થયો : "મહારાજ અમને એ સુખ ન આપે ?" અને આશ્ચર્યવત્ તેમની પડખે મહારાજ તેમને દેખાયા. એક એક સંત અને સાથે મહારાજ ! જેટલા સંત એટલાં મહારાજનાં સ્વરૂપો ! આ દિવ્ય આનંદના ઉન્માદથી સંતોનો વેગ વધ્યો, વાજિંત્રોના ઘોષ પણ મેઘની ગર્જનાને થંભાવી દે તેવા થવા લાગ્યા. મહારાસ જામ્યો ! ચંદ્ર પણ આ દિવ્ય દર્શનનો લાભ લેવા થંભ્યો. સૂર્યને થયું કે તેને કોઈનો શાપ થયો હશે તેથી આ રાસદર્શનથી તે વંચિત રહ્યો. આ મહારાજની દિવ્ય સ્મૃતિ સૌનાં અંતરમાં ચિરસ્મરણીય રહે તેવી મહારાજની ઈચ્છા હતી. તેથી આજે તો તેમણે સૌને ઘેલા બનાવી દીધા હતા. સાબળી નદી પણ આજે ધન્ય બની ગઈ ! યમુના કરતાં પણ તેનાં અદકેરાં ભાગ્ય થઈ ગયાં ! પંચાળાની ભૂમિ સમગ્ર પૃથ્વીમાં દિવ્યતમ તીર્થ સ્વરૂપ શોભવા લાગી !

રાસની રમઝટ ચાલી. પરંતુ બ્રહ્માનંદ સ્વામીનાં કીર્તનોની કડીઓ ખૂટવા લાગી, એટલે મહારાજે રાસ રમતાં રમતાં કહ્યું : "હવે પ્રેમાનંદ સ્વામી બોલે." તે પણ થાક્યા. સમય કેટલો થયો હતો તેનો કોઈને ખ્યાલ રહ્યો નહીં. મહારાજને તો મહારાસ થંભાવવો જ નહોતો. પણ સંતોને લાગ્યું કે આવતી કાલે હજુ રંગે રમવાનું છે. મહારાજ જરૂર થાકી જશે.

બ્રહ્માનંદ સ્વામીએ તરત જ યુક્તિ કરી. ઘાસનો એક ઢગલો દૂર પડ્યો હતો તે સળગાવવા એક હરિભક્તને સમશા કરી દીધી. તે સમસ્યા મુજબ તે હરિભક્તે તે ઢગલામાં તણખો મૂક્યો અને તે સળગ્યો. એટલે બ્રહ્માનંદ સ્વામીએ બૂમ પાડી : "દોડો, દોડો, પડખે આગ લાગી હોય એવું લાગે છે."

આ સાંભળી સંતો થંભ્યા અને કેટલાક તો પોતાનાં ઝૂંપડાં ન સળગે તે સંભાળવા દોડ્યા. મહારાજ આ જોઈ રહ્યા. પછી બોલ્યા : "આ યુક્તિ નક્કી બ્રહ્માનંદ સ્વામીની લાગે છે."

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપની મરજી વિના તો તણખલું પણ ફરતું નથી તો પછી મારી યુક્તિથી આગ કેમ લાગે ?" મહારાજ હસી પડ્યા.

મહારાસ પૂરો થયો ત્યારે રાત્રી પણ લગભગ પૂરી થવા આવી હતી. સૌ સંતો મહારાજની આજુબાજુ વીંટળાઈ ગયા. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આજ તો છ માસથી પણ રાત્રી વધુ મોટી થઈ હતી એવું લાગે છે."

મહારાજે કહ્યું : "કાળ અકળાયો હતો તેથી તેને છૂટો મૂકવો પડ્યો. નહીં

તો અક્ષરધામનો આ મહારાસ કદી પૂરો થાત જ નહીં."[૯૮]

કેટલાક સંતો તરત જ સાબળી નદીમાં સ્નાન કરવા ગયા. તેમને પ્રાતર્વિધિ કરી ઝટ પરવારી લેવું હતું. મહારાજે સૌને કહ્યું હતું કે "સવારના જ્યાં રંગના હોજ ભર્યા છે ત્યાં રંગલીલા થશે. માટે મહારાસની અંતરમાં સ્મૃતિ જેમ જડી દીધી છે તેમ આ દિવ્ય રંગલીલાની પણ સ્મૃતિ અંતરમાં જડી દેવાની છે."

ઝીણાભાઈ આ સાંભળી કૃતકૃત્ય થઈ ગયા ! તેમને લાગ્યું કે જીવનનાં આટલાં વર્ષોમાં સુખ નથી મળ્યું તે આજે મહારાજે સમગ્રપણે આપી દીધું.

રંગલીલા

સૂર્યોદય પછી ગામ બહાર જ્યાં રંગના હોજ બનાવ્યા હતા ત્યાં સૌ સંતો, હરિભક્તો જવા લાગ્યા. મહારાજ પણ પાર્ષદો અને મોટેરા સંતો, હરિભક્તો સાથે ત્યાં આવી પહોંચ્યા. મહારાજે સફેદ વસ્ત્રો ધારણ કર્યાં હતાં. કપાળમાં કેસરની અર્ચા કરી હતી. ગળામાં મોગરાના સુંદર હાર શોભતા હતા. હાથમાં ગુલછડીનો ગજરો હતો. બીજા હાથમાં રૂમાલ હતો. ચટકંતી ચાલે મહારાજ ચાલતા હતા. મહારાજ મંચ પાસે આવી તે ઉપર બિરાજમાન થયા. પછી પાર્ષદોને બોલાવ્યા. તેમને કહ્યું : "ગુલાલનાં જે ગાડાં આવ્યાં છે તે અહીં ઠાલવો. તેમાંથી ટોપલા ભરીને ગુલાલ અમારી પાસે લાવો."

પાર્ષદો મહારાજની આજ્ઞાનુસાર ગુલાલના ટોપલા લઈ આવ્યા. મહારાજે ઝોળીમાં ગુલાલ લીધો. તેના બે છેડાને ગાંઠ વાળી તે ઝોળી પોતાના ડાબા હાથ ઉપર લટકાવી અને જમણા હાથે તેમાંથી ગુલાલ લઈ સંતો, હરિભક્તો ઉપર વત્સલ ભાવથી ઉડાડવાની શરૂઆત કરી. વળી, ગુલાલની ઝોળી બાજુએ મૂકી સુવર્ણની પિચકારીથી રંગ છાંટવા લાગ્યા. જે જે સંતો કે હરિભક્તો ઉપર મહારાજ તાકતા તેમના ઉપર જ પિચકારીમાંથી રંગની શેડ્યો પડતી. થોડી વારે પાસે ઊભેલા સંતો-હરિભક્તો ઉપર મહારાજ તાંસળી ભરી ભરીને રંગ છાંટવા લાગ્યા. આમ, રંગલીલાની શુભ શરૂઆત મહારાજે કરી. મહારાજના પ્રસાદીના રંગ અને ગુલાલથી સંતો-હરિભક્તો રંગાયા. પછી મહારાજે કહ્યું : "હવે બે તડ કરો. એક બ્રહ્માનંદ સ્વામીનું અને બીજું નિત્યાનંદ સ્વામીનું, અને સામસામા સૌ રમો."

૯૮. આજે પણ આ દિવ્ય ભૂમિમાં જે કોઈ ભાવિક ભક્ત જાય છે તેને આ મહારાસનાં દર્શન થાય છે, કેટલાકને વાજિંત્રોના ઘોષ સંભળાય છે અને કેટલાકને મહારાજ રાસ મંડળમાં ફરતા દેખાય છે. એટલે આ દિવ્ય રાસનું સ્વરૂપ અવિચ્છિન્ન રહ્યું છે.

મહારાજને પોતાની રમત દેખાડવા સંતોએ પણ કછોટા વાળ્યા અને જાણે યુદ્ધમાં સામસામા પક્ષો હોડ બકી રહ્યા હોય તેમ એકબીજાને મહાત કરવા તત્પર થઈ ગયા. તેમનું આવું તાન અને રંગે રમવાની મસ્તીથી આખરે હોજમાં રંગ ખૂટ્યો ! એટલે બીજો રંગ મંગાવ્યો. પછી પાણી ખૂટ્યું. એટલામાં પોઠિયા ઉપર પખાલમાં પાણી આવતું હતું તેના તરફ દોડી નિત્યાનંદ સ્વામીએ તે પખાલ લઈ લીધી અને પોતાના હોજમાં તે પાણી ઠાલવી દીધું. ત્યાં બીજો પોઠિયો દેખાયો એટલે બ્રહ્માનંદ સ્વામી અને મહાનુભાવાનંદ સ્વામી દોડ્યા અને પખાલ લઈ પોતાના હોજમાં તેનું પાણી નાંખ્યું. કેટલાકે તો પાણીનાં માટલાં પણ મંગાવ્યાં. તે જોઈ ભગવદાનંદ સ્વામી આઠ સાધુ સાથે દોડ્યા અને તે માટલાં લઈ લીધાં અને પોતાના હોજમાં રેડી દીધાં. આ પ્રમાણે અંદર અંદર ઝપાઝપી કરતા સંતો રંગ રમવાના તાનમાં દેહભાન ભૂલી ગયા.

મહારાજ પણ મંચ ઉપર ઊભા થઈ ગયા અને તાંસળી ભરી ભરીને સૌના ઉપર રંગ છાંટવા લાગ્યા. વળી, થોડી થોડી વારે પિચકારીની શેડ્યો પણ ઉડાડતા હતા. ગુલાલ પણ ગોટેગોટા ભરી મહારાજ નાંખતા હતા. ત્રંબાળું ઢોલ ધ્રિબાંગ ધ્રિબાંગ વાગતો હતો. નોબત અને ભેરીના સૂરો પણ ગાજતા હતા, જાણે પંચાળાને આંગણે યુદ્ધની નોબતો વાગતી હોય એવો ખેલ મચી રહ્યો !

રંગલીલાની રમતમાં સમય કેટલો થયો તેનો ખ્યાલ કોઈને ન રહ્યો. પંચાળા ગામની સમગ્ર ભૂમિ રંગમય બની ગઈ. સૂર્યનો અગ્નિ ઝરતાં તેનાં કિરણો ધરતીની ટાઢી લાલાશ પીને સુવર્ણમય બની ગયાં. મહારાજે જોરથી તાળી વગાડી અને સર્વ સંતોએ મહારાજ સામે જોયું. મહારાજે તેમને કહ્યું : "સંતો ! હવે રંગલીલાની રમત થંભાવો, જમવાનો સમય થયો છે તો સૌ પહેલાં સાબળી નદીમાં સ્નાન કરી લ્યો. અમે પણ ત્યાં સ્નાન કરવા આવીએ છીએ."

મહારાજની આજ્ઞા સાંભળીને રંગલીલાની રમત સર્વે સંતોએ તરત બંધ કરી. સૌનાં કપડાં અને શરીર રંગથી રંગાઈ ગયાં હતાં. રંગ ખૂટ્યો ત્યારે રંગથી રંગાયેલો ગારો લઈને સંતો એકબીજા પ્રત્યે નાંખતા હતા. એટલે વસ્ત્રો તથા શરીર ગારાથી ખરડાયાં હતાં. મહારાજની આજ્ઞા મુજબ સૌ સાબળી નદીમાં સ્નાન કરવા લાગ્યા. મહારાજ પણ મઘરીએ આરે[૯૯] સ્નાન કરવા પધાર્યા. સંતોએ મહારાજને સારી રીતે ચોળીને નવરાવ્યા. પછી મહારાજ નદીના જળમાં

૯૯. અહીં મઘરો બહુ જ રહેતા. મહારાજે આ મઘરોને અગાઉ સમાધિ કરાવી હતી. મઘરોના વાસથી તે આરો 'મઘરિયા આરા' તરીકે ઓળખાતો હતો.

પડીને નહાવા લાગ્યા. મહારાજને જોઈ અન્ય સંતો પણ ત્યાં આવ્યા. પરંતુ મહારાજે તેમને કહ્યું : "સંતો ! અહીં આવતા નહીં. મઘરો બહુ છે એટલે તમારે માટે જોખમ છે." સંતો તેથી આરે બેસીને જ નહાયા.

મહારાજ સ્નાન કરી બહાર નીકળ્યા. મૂળજી બ્રહ્મચારીએ મહારાજનું શરીર લૂછ્યું અને મહારાજને નવીન વસ્ત્રો પહેરાવ્યાં. મહારાજે ભીનાં થયેલાં તમામ વસ્ત્રો ઠાકોર ઝીણાભાઈને આપી દીધાં.[૧૦૦] આવા પુણ્ય પ્રસંગે મહારાજનાં પ્રસાદીનાં વસ્ત્રો મળ્યાં તેથી ઝીણાભાઈ પણ બહુ જ રાજી થઈ ગયા.

અક્ષર અહીં નથી દેખાતું ?

આ વખતે મઘરિયે આરે સ્નાન કરતાં બોચાસણના મુખી કાશીદાસ બોલ્યા : "આ સમે આ ઉત્સવનાં જેને દર્શન કર્યાં હશે તેને અક્ષરધામ મળશે."

તે સાંભળી પાસે જ ઊભેલા ગુણાતીતાનંદ સ્વામી સામું જોઈ સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા : "અરે ભાઈ ! આટલો બધો આ અક્ષરના હાથની પિચકારીમાંથી આપણા ઉપર રંગ ઊડ્યો, આપણાં શરીર રંગાયાં, પાવન થઈ ગયાં, તોય હજુ અક્ષરધામમાં હવે પછી જવા વિચાર કરો છો ? અક્ષરધામ અહીં નથી દેખાતું ?" કાશીદાસ સચ્ચિદાનંદ સ્વામીની આ અગમવાણી ન સમજ્યા, પણ અક્ષર આજે પૃથ્વી પર આવ્યું છે તેનો પડઘો તો પડી ગયો ! કાશીદાસને પણ નરનારાયણ દેવની પ્રતિષ્ઠા પ્રસંગે મહારાજે કહેલી વાત યાદ આવી ગઈ : "આ નરની મૂર્તિ છે તે અક્ષરનો અંશ છે અને નારાયણની મૂર્તિ છે તે અમારો પુરુષોત્તમનો અંશ છે."[૧૦૧]

આ મહાદેવની યથાવિધિ પૂજા થાય તેવો બંદોબસ્ત કરાવજો

પછી ગામથી ઉત્તરાદિ દિશામાં તરણેતરના બાવા હેમગરનો મઠ હતો ત્યાં મહારાજ પધાર્યા. અહીં પુરાતન કાળમાં પાંડવો વનવાસ દરમ્યાન આવ્યા

---

૧૦૦. આ પ્રસાદીનાં વસ્ત્રો જૂનાગઢના મંદિરમાં સચવાયાં છે.

૧૦૧. જૂનાગઢના અ.નિ. સંતવર્ય અક્ષરપુરુષદાસજી આ વાત કરતા હતા. તેમણે તેમની ગુરુપરંપરામાં ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય માધવચરણદાસ પાસેથી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જીવન પ્રસંગો આ રીતે ઘણા ભેગા કર્યા હતા. જેના પ્રમાણભૂત પ્રસંગો ઉપરથી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું ચરિત્ર આ સંસ્થાએ બહાર પાડ્યું છે. – લેખક

હતા. તે વખતે અર્જુને ત્યાં મહાદેવજીની સ્થાપના કરી હતી. તે મહાદેવ 'અર્જુનેશ્વર મહાદેવ' તરીકે ઓળખાતા હતા. ભીમસેને પણ બાજુમાં જ બીજા મહાદેવ પધરાવ્યા હતા, જેને 'ભીમેશ્વર મહાદેવ' તરીકે લોકો ઓળખતા હતા. મહારાજે અર્જુનેશ્વર મહાદેવને જળ ચડાવી સ્નાન કરાવ્યું. પછી બોલ્યા : "અહીં પાંડવો વનવાસ દરમ્યાન રહ્યા હતા અને શ્રીકૃષ્ણ પણ તેમને મળવા માટે આવ્યા હતા એવું પુરાતન ઐતિહાસિક આ સ્થાન છે." એમ કહીને દરબાર ઝીણાભાઈને કહ્યું : "આ અર્જુનેશ્વર અને ભીમેશ્વર મહાદેવની પૂજા યથાવિધિ થાય તેવો બંદોબસ્ત કરાવજો." એટલું કહીને મહારાજ ત્યાંથી ચાલ્યા.

મહારાજ સૌ સંતો અને હરિભક્તો સાથે દરબારમાં પધાર્યા. ઝીણાભાઈએ મહારાજ માટે અનેક પ્રકારની મિષ્ટ વાનગીઓ બનાવી તૈયાર રાખી હતી. સંઘને માટે પણ જુદી જુદી વાનગીઓ બનાવી હતી. આગલા દિવસની જેમ જ હરિભક્તોના સંઘને પીરસવા સંતો વાનગીઓ ગાડામાં ભરી જુદી જુદી પંક્તિઓ પાસે એકઠી કરી હરિભક્તોને પીરસવા લાગ્યા. થોડી વારમાં તો હરિભક્તોનો સમૂહ જમી રહ્યો. સંતોની આવી વ્યવસ્થા અને સેવાભાવના જોઈ નગરજનો પણ રાજી થઈ ગયા.

કમળશી ભગત

મહારાજ જમીને ઝીણાભાઈના ઓરડામાં પધાર્યા. અહીં એમણે કમળશી વાંઝાને ખાટલામાં સૂતેલા જોયા. તેથી તરત જ ઝીણાભાઈને પૂછ્યું : "બાપુ ! આ વાંઝા ભક્ત અહીં ક્યાંથી ?"

ઝીણાભાઈએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! હું કામ પ્રસંગે માંગરોળથી લોજ ગયો હતો. ત્યાં ખબર મળ્યા કે કમળશી ભક્ત માંદા છે. તેથી તેમને જોવા ગયો. પરંતુ તેમના હાલ જોઈને મારી આંખમાં આંસુ આવી ગયાં. ખાટલામાં પડ્યા હતા. માંહી પેશાબ ને વિષ્ટા હતી. તેમના શરીર ઉપર માખીઓ બણબણતી હતી. મને જોઈ કમળશી પણ રોઈ પડ્યા. મેં પૂછ્યું : 'આમ કેમ ?' ત્યારે તેણે કહ્યું : 'કોઈ ચાકરી કરતું નથી એટલે આ દશા થઈ છે. હવે તો મહારાજ ધામમાં લઈ જાય તો સારું.' એ સાંભળી મેં તેના દીકરાઓને બોલાવ્યા. તેમણે કહી દીધું કે ડોસો સ્વામિનારાયણની કંઠી કાઢી નાંખે તો અમે સેવા કરીએ, નહીં તો ભલે મરતો."

મહારાજ કમળશી ભક્તની વીતક સાંભળી રહ્યા હતા. કમળશી ભક્તની

દૃઢ નિષ્ઠાથી તેમની આંખમાં આંસુ આવી ગયાં. ઝીણાભાઈ વાત કર્યે જતા હતા : "પછી મહારાજ ! મેં કહ્યું : 'અમે કોઈ ચાકરને મૂકી જઈએ તો તેને તેમની સેવા કરવા દેશો ?' ત્યારે તેમણે સંભળાવી જ દીધું કે 'ડોસો જ્યાં સુધી સ્વામિનારાયણની કંઠી નહીં કાઢે, ત્યાં સુધી તેની પાસે કોઈને અમે જવા દેશું નહીં. ભલે સડતો.' તેમની અડબંગાઈ જોઈ મને દુઃખ થયું. એટલે મેં કહ્યું : 'અમે તેને લઈ જઈએ તો ?' ત્યારે તેમણે કહ્યું : 'તો તો સાલ જાય. તમ તમારે ઉપાડો એમને !' આ સાંભળી હું બહાર ગયો અને ડોસાનો ખાટલો ઉપાડવા માણસો શોધ્યા પણ ત્રણ જ જણા મળ્યા. ચોથો પાયો મેં ઉપાડ્યો અને અમે નીકળ્યા."

મહારાજ ઝીણાભાઈ સામું જોઈ રહ્યા હતા. તેમણે કહ્યું : "હા, આ વાત કોઈએ કરી હતી એવું યાદ આવે છે. પછી શું થયું ?"

ત્યારે ઝીણાભાઈએ કહ્યું : "અમે ગામમાં નીકળ્યા અને મારે ખભે ખાટલાનો પાયો જોઈ ત્યાંના માણસોએ ચોથો આદમી ગોતી આપ્યો. એ રીતે અમે કમળશી ભક્તને અહીં લાવ્યા."

ઝીણાભાઈએ વાત પૂરી કરી અને અદીબા ત્યાં આવ્યાં. અદીબાએ ઝીણાભાઈના છેલ્લા શબ્દો સાંભળ્યા. વાતનો વિષય સમજી ગયાં. મહારાજની તરફ તેમણે જોયું તો મહારાજની આંખોમાં પણ આંસુ હતાં. ભક્તની ભક્તિ કરતા તેમના ભાઈમાં મહારાજ પ્રત્યે ઊંડી ભક્તિ હતી. મહારાજનું આ પ્રસંગનું સ્વરૂપ જોઈ અદીબા આ કળી ગયાં. તેમની આંખમાં પણ આંસુ આવી ગયાં.

અદીબાનો પરિતાપ

મહારાજે તેમને કહ્યું : "અદીબા ! સાંભળ્યું ને ? ઝીણાભાઈએ કમળશી ભક્તની સેવા નથી કરી પરંતુ અમારી સેવા કરી છે. ભક્તના જે ભક્ત થાય છે તે જ અમારા ભક્ત બની શકે છે."

અદીબાની આંખોમાંથી ચોધાર આંસુ પડવા લાગ્યાં. મહારાજે પૂછ્યું : "તમને શું થયું તે આટલું બધું રડો છો ?"

તેમણે કપાળે હાથ દીધો. પછી રડતાં રડતાં કહ્યું : "મહારાજ ! ભાઈ તો તમારા ખરેખરા ભક્ત છે પણ હું અભાગણી તે કમળશી ભક્તની સેવા ન કરી શકી. ત્યારથી ભાઈએ મારી સાથે અબોલા લીધા છે."

મહારાજને આ સાંભળી વધુ આશ્ચર્ય થયું ! તેમણે પૂછ્યું : "એવો તે કયો મોટો અપરાધ તમે કર્યો કે ઝીણાભાઈને તમારી સાથે અબોલા લેવા પડ્યા ?"

અદીબા હજુ એ જ અસ્વસ્થ સ્થિતિમાં હતાં. તેમણે કહ્યું : "મહારાજ ! ભાઈએ કમળશી ભક્તના કપાળે ચોપડવા તીખાં માંગ્યાં અને મેં ઘરમાં તીખાં હતાં છતાં ના કહી કે તીખાં નથી. ત્યારથી ભાઈએ મારી સાથે અબોલા લીધા છે. તેમાં વાંક મારો છે પણ આપની પાસે હવે તે પાપનું પ્રાયશ્ચિત્ત હું માંગું છું. જેથી અમારે આંગણે ઊજવાતા આવા અમોલા અવસરે ભાઈ મારી સાથે લીધેલા અબોલા તોડે."

મહારાજે તેમના અંતરમાં થતો પરિતાપ જોઈ પ્રસન્નતાપૂર્વક કહ્યું : "અદીબા ! તમારો અપરાધ ભાઈ માફ કરશે. પણ હવે તમે જાતે જ કમળશી ભક્તની સેવા કરજો. ભાઈએ રાજ્ય અધિકારનું માન મૂકી ઘણા દિવસ સેવા કરી. કમળશી વાંઝા ઊતરતી જ્ઞાતિના છે તે તેમણે ન જોયું, ભક્ત છે તે જોયું. ભગવાનની ભક્તિ કરતાં કરતાં ન્યાત-જાતના, ઊંચ-નીચના આવા ક્ષુલ્લક ભેદો સહેજે ભુલાઈ જવા જોઈએ તેમાં જ સાચું ભક્તપણું છે."

એટલું કહી મહારાજે ઝીણાભાઈને કહ્યું : "બાપુ ! હવે અદીબા સાથે રૂસણું રાખશો નહીં. તેમણે પ્રાયશ્ચિત્ત કરવાનું સ્વીકારી લીધું છે. વાંઝા ભક્તની સેવા કરવી એ જ તેમનું ખરું પ્રાયશ્ચિત્ત !'[૧૦૨]

રચ્યો મનોહર રાસ

સાંજે મહારાજે મહારાસના સ્થાને[૧૦૩] જ સભા કરી. મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! ગઈ કાલના મહારાસનાં કીર્તનો ફરી સંભળાવો."

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! ગઈ કાલે ગુજરાતી ભાષામાં કીર્તનો બનાવી બોલ્યો હતો. આજે તે જ પ્રસંગ ઉપર ચારણી

૧૦૨. કમળશી વાંઝા મૂળ માંગરોળના હતા એવો ઉલ્લેખ 'ઠાકોર ઝીણાભાઈ' પુસ્તકમાં રાજ્ય કવિ શ્રી માવદાનભાઈએ કર્યો છે. તેમના ચરિત્રની હકીકત વિસ્તારથી પા. ૫ ઉપર આપી છે. જૂનાગઢના સદ્‌ગુરુ સ્વામી અક્ષરપુરુષદાસજીના શિષ્ય સ્વામી ઉત્તમચરણદાસ પાસેથી કમળશી વાંઝા લોજના હતા એ હકીકત જાણવા મળેલ છે. વાસ્તવમાં કઈ હકીકત વધુ પ્રમાણભૂત છે તે કહેવું મુશ્કેલ છે. પરંતુ ઉત્તમચરણદાસે આ આખ્યાન વિસ્તારથી કહ્યું હતું. તેથી કમળશીભાઈ લોજના હોઈ શકે એ અનુમાન કરવું રહ્યું. – લેખક

૧૦૩. આ સ્થાને આજુબાજુ દીવાલ કરી વચ્ચે છત્રી કરી શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે. આ રીતે મહાપ્રસાદીનું આ સ્થળ ભાવિક ભક્તોને દર્શન માટે સચવાઈ રહ્યું છે.

ભાષામાં એ જ રાસાષ્ટક રેણકી છંદમાં બનાવ્યું છે. આપ કહો તો તે ગાઉં."

મહારાજે કહ્યું : "ભલે ! ચારણી ભાષામાં કીર્તન સાંભળવાનો વિશેષ આનંદ આવશે, બોલો."

બ્રહ્માનંદ સ્વામીએ તરત જ શરૂ કર્યું :

એક સમય શશિ ઉદિત અતિ, હોય મન અધિક હુલ્લાસ,
યમુના તટ વ્રજનાર જુત, રચ્યો મનોહર રાસ.
ભર ભર તન સજ આભરણ, વર વન કરણ વિહાર,
કર કર ગ્રહ નટવર કૃષ્ણ, સર સર અનુસર સાર.[૧૦૪]

આ પ્રમાણે મંગળાચરણ કર્યું અને પછી રેણકી છંદમાં તેમના બુલંદ અવાજના શબ્દો સરવા લાગ્યા.

ચારણી ભાષાની મીઠાશથી અને સ્વામીના બુલંદ અવાજથી રેણકી છંદની જમાવટ શરૂ થઈ. સાંભળનારા ભક્તોને ગઈ કાલના મહારાસની સ્મૃતિ થવા લાગી : સખીભાવે મુક્તાનંદ, પ્રેમાનંદ, બ્રહ્માનંદ, નિષ્કુળાનંદ અને દેવાનંદે પગે ઘૂઘરા બાંધી, હાથમાં કરતાલ લઈને રાસનો પ્રારંભ કર્યો અને મહારાજ તેમની વચ્ચે પધાર્યા, તેમના હાથ પકડ્યા, કર તાલી દીધી.

આ રીતે સાબળી નદી કિનારે રચાયેલા નયનરમ્ય રાસની સ્મૃતિ સૌને સ્વામીના રેણકી છંદના આ બુલંદ શબ્દોથી થવા લાગી. સ્વામી રેણકી છંદની જમાવટ જેમ જેમ કરતા ગયા, તેમ તેમ ત્યાં બેઠેલા સંત-હરિભક્તોની રોમાવલિ ઊભી થવા લાગી. ગઈ કાલની રાત્રીના મહારાસનું જાણે અત્યારે પુનરાવર્તન થતું હોય તેવું જીવંત, દિવ્ય વાતાવરણ સ્વામીએ જમાવી દીધું. સૌને આનંદ આનંદ થઈ ગયો !

આપણે ગામલોકોને જમાડવા છે

પછી મહારાજે ઝીણાભાઈ તથા ગગાભાઈને બોલાવ્યા. તેમને કહ્યું : "બાપુ ! આપણા આ સમૈયામાં દેશ-પરદેશથી ઘણા હરિભક્તો આવ્યા. તેમને માટે તમામ પ્રકારની સગવડતા કરી દેવામાં ગામલોકોએ ખૂબ જ સાથ આપ્યો છે. હજારો હરિભક્તો માટે આજુબાજુનાં ગામડાંમાંથી અનાજ તથા અન્ય

૧૦૪. અર્થ : ત્યારે ગોપાંગનાઓ પોતાનાં શરીર આભૂષણોથી શણગારી વ્રજમાં વિહાર કરવા માટે ગઈ. તે સમયે નટવિદ્યામાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણ દરેક ગોપીનો હાથ પકડી જમુનાજીના કાંઠા ઉપર વિચરવા લાગ્યા.

સામગ્રીઓ લાવવી, ઝૂંપડાં બાંધવાં, પાગરણની વ્યવસ્થા કરવી, રસોઈ માટે મોટાં વાસણો ભેગાં કરવાં, રોજ સાફ કરવાં... આવી ઘણી સેવા ગામના લોકોએ કરી છે. એટલે આપણે તેમને સૌને આવતી કાલે જમાડવા છે.''

બંને ભાઈઓ આ સાંભળી રાજી થયા અને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! કામદારને હમણાં જ સૂચના આપી દઈએ.''

મહારાજે કહ્યું : ''એમ નહીં. ગામલોકોમાં જે મુખ્ય મુખ્ય હોય તેમને બોલાવીને તેમને કહો કે અમારે તમને ભાવતાં ભોજન જમાડવાં છે. માટે લાડુ, સાટા, જલેબી, મોહનથાળ, મેસૂર જે કહો તે બનાવીએ. અમારે તમને રાજી કરવા છે.'' મહારાજે એ પ્રમાણે સૂચના આપી.

આ કોરા સુખડામાં આપણું પેટ ભરાય નહીં

મહારાજની સૂચના અનુસાર કામદારે આ સેવામાં મદદ કરનાર રબારીઓ, ભરવાડો વગેરેને બોલાવ્યા અને તેમને પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : ''અમને મહારાજ પાસે લઈ જાઓ.''

એટલે કામદાર તેમને મહારાજ પાસે લઈ આવ્યા. મહારાજને પગે લાગી તે સૌ દૂર બેઠા. મહારાજે તેમને કહ્યું : ''અહીં પાસે બેસો. અમારે તમને જમાડવા છે. તે કહો શું જમશો ? સાટા, જલેબી, મગજ, મોહનથાળ, બુંદી કે મેસૂર ?''

ત્યારે તેઓ એકબીજાના મોઢા સામું જોવા લાગ્યા. પછી અંદર અંદર વાત કરવા લાગ્યા : ''આ કોરા સુખડામાં આપણું પેટ ભરાય નહીં !''

પછી મોટેરા રબારીએ મહારાજને કહ્યું : ''મહારાજ ! તમે કહ્યા એવા કોરા સુખડામાં તો અમારું પેટ ભરાશે નહીં. પણ જો અમને જમાડવા જ હોય, તો અમારી નાતના રિવાજ પ્રમાણે 'શેલણ' બનાવો, તો અમારા પેટ ભરાય અને કોઠો ટાઢો થાય.''

'શેલણ' જમાડો

આ 'શેલણ' શું કહેવાય તેની મહારાજને કાંઈ ખબર પડી નહીં. એટલે તેઓ કામદાર સામે જોવા લાગ્યા. કામદાર મહારાજની મૂંઝવણ જોઈ હસ્યા. પછી તેમણે કહ્યું : ''મહારાજ ! નાઘેરનો ઢીલો ગોળ અને ચોખા, તેમાં ધારે ઘી પીરસાય તેને 'શેલણ' કહે છે. એમની નાતમાં એ જ સારામાં સારું ભોજન કહેવાય છે.''

મહારાજ આ સાંભળી રાજી થયા. તેમણે સંતોને કહ્યું : "સાંભળ્યું ? આપણે જેને ઉત્તમ ભોજન ગણતા હતા, તેને તો આ લોકો કોરા સુખડા ગણે છે અને તેમની વાત પણ સાચી છે, નરી ખાંડની ચાસણી. ઘી તો ફક્ત શેકવામાં જ વપરાય. પણ આ 'શેલણ' ઉત્તમ ભોજન ખરું ! આપણને પણ જમવા મળશે."

મહારાજે કામદારને કહ્યું : "આજે સાંજે ગામમાં સાદ પડાવો. આવતી કાલે ગામ ધુમાડો બંધ. સૌને દરબારનું નોતરું છે. માટે સૌએ જમવા આવવાનું છે. કોઈ બાકી રહી જાય નહીં."

તે પ્રમાણે સાંજે ગામમાં સાદ પડાવી દીધો.

બીજે દિવસે મહારાજ પોતે આ રબારીઓ તથા ભરવાડોની પંક્તિમાં ઘી પીરસવા પધાર્યા. સંતો ચોખા અને ગોળ પીરસે અને મહારાજ ધારે ઘી પીરસે. વારંવાર મહારાજ પંક્તિઓમાં ફર્યા અને ઘી પીરસી સૌની થાળીઓ છલકાવી દીધી. બધા બહુ જ રાજી થઈ ગયા. એક તો પોતાનું પ્રિય ભોજન અને વળી ભગવાન પોતે પીરસનાર ! ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં ગોપબાળકોએ જે સેવા કરી હતી તેનું ફળ મહારાજે આજે તેમને આપી દીધું. સૌ તૃપ્ત થઈ ગયા !

પછી તેમનામાં મોટેરો રબારી મહારાજ પાસે આવ્યો ને હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! અમારી નાતમાં અમે શેલણ જમ્યા છીએ, પણ આવું શેલણ અમે હજુ સુધી જમ્યા નથી."

તે સાંભળી કામદારે કહ્યું : "ક્યાંથી જમો ? અહીં તો મહારાજની આજ્ઞાથી ઉત્તમ ચોખા, નાઘેરનો ઉત્તમ ગોળ અને દરબારની ભેંસોનું તાજું ઘી ! અને વળી પીરસનાર મહારાજ પંડે ! આવું ક્યારે તમને મળવાનું હતું ?"

એવા પાપીને તે વળી જમાડવાના હોતા હશે ?

મહારાજે કામદારને પૂછ્યું : "બધા જ જમ્યા ને ? હવે કોઈ બાકી નથી ને ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! બધા જમ્યા. હવે કોઈ બાકી રહ્યું નથી."

તે સાંભળી મહારાજ ઊભા થયા. તેમની દૃષ્ટિ સાબલીને સામે કાંઠે ફરતા માણસો ઉપર પડી. મહારાજે તરત જ કામદારને બોલાવી પૂછ્યું : "પેલા માણસો ફરે છે તે બધા જમ્યા ?"

કામદારે તરત જ કહ્યું : "મહારાજ ! એ તો બધા વગડાઉ વાઘરા છે. જીવ-હિંસા કરે અને તે જ ખાય, એવા પાપી છે. તેને વળી જમાડવાના હોતા હશે ?"

મહારાજ આ સાંભળી કામદાર સામું જોઈ રહ્યા. પછી બોલ્યા :

"કામદાર ! આ સૂરજ ઊગે છે તે તો પાપી હોય કે પુણ્યવાળો હોય, દરેકના ઘરમાં અજવાળું આપે છે. વરસાદ પણ બધે જ વરસે છે. દેવતાઓ એવો ભેદ જો રાખતા નથી તો તમે વળી ક્યાં આ નવું તૂત કાઢ્યું ?"

તરત ઝીણાભાઈએ કહ્યું : "કામદાર ! મહારાજની ઇચ્છા છે. તેમને સૌને બોલાવો અને આ શેલણ જમાડો."

વાઘરીઓને બોલાવ્યા. તેમને પંક્તિમાં બેસાર્યા. તેમની પાસે તો માટીની હાંડલીઓ હતી, તેમાં ચોખા અને ગોળ પીરસ્યો. મહારાજ પોતે ઘીની તાંબડી લઈને નીકળ્યા. સૌને સારી રીતે ઘી પીરસીને તૃપ્ત કરી દીધા.[૧૦૫]

અમે આવો લહાવો લીધો નથી

તે જ રાત્રે ગામમાં લગ્ન પ્રસંગ હોવાથી વરરાજા ઘોડે ચડ્યા હતા. શરણાઈઓના સૂર સાથે ઢોલ-ત્રાંસાં વાગતાં હતાં અને સ્ત્રીઓ લગ્નગીતો ગાતી હતી. મહારાજે આ સાંભળ્યું અને પોતાની પાસે મયારામ ભટ્ટ બેઠા હતા તેમને પૂછ્યું : "આ શેનાં વાજાં વાગે છે ?"

ત્યારે મયારામ ભટ્ટે બારીમાંથી જોઈને કહ્યું : "મહારાજ ! લગ્નગાળો છે તે કોઈ વરરાજાનો વરઘોડો ચડ્યો છે અને કન્યાને માંડવે પરણવા જાય છે."

મહારાજ આ સાંભળી બોલ્યા : "ભટ્ટજી ! અમે આવો લહાવો લીધો નથી. અમારે પણ વરઘોડે ચડવું છે અને લહાવો લેવો છે. માટે કોઈ કન્યા શોધી લાવો."

મયારામ ભટ્ટ આ સાંભળી મૂંઝાયા. એટલામાં પર્વતભાઈ ત્યાં આવ્યા. તેમને પણ મહારાજે આ જ વાત કરી. પછી કહ્યું : "સાંભળો, દેખાવમાં રૂપાળી અને કાઠાળી કન્યા જોઈને ઝટ મુહૂર્ત લ્યો. અમારે વરઘોડે ચડવું છે !"

૧૦૫. થોડા સમય બાદ તેમાંનો એક વાઘરી માંદો પડ્યો. તેણે માંદગીમાં ખાવાનું માંગ્યું. તો જુવારના રોટલાના ટુકડા ભેગા કરી લાવેલા તેમાંથી એક ટુકડો તેને આપ્યો. પણ તે તેને ભાવ્યો નહીં. તેને તો પંચાળામાં શેલણનું જમણ જમ્યો હતો તે યાદ આવી ગયું. સાથે સાથે ઘીની તાંબડી લઈને પીરસતી મહારાજની મૂર્તિ યાદ આવી ગઈ ! તેની વૃત્તિ મહારાજના મોહક સ્વરૂપમાં ચોંટી ગઈ. મહારાજે તેને સાક્ષાત્ દર્શન દીધાં અને કહ્યું : "ચાલ મારી સાથે."
તરત જ તેણે તેનાં સગાંઓને કહ્યું : "પંચાળામાં જેમણે ઘી પીરસ્યું હતું તે આવ્યા છે. મને બોલાવે છે એટલે હું તેમની સાથે જાઉં છું." એમ કહી તેણે દેહ છોડી દીધો. મહારાજની કેવળ સ્મૃતિથી આવા પાપીનો પણ મોક્ષ મહારાજે કર્યો.

પર્વતભાઈ પણ મહારાજના આ શબ્દો સાંભળી મૂંઝવણમાં પડી ગયા.

મયારામ ભટ્ટે તેમને કહ્યું : "હું તો વાંઢો છું."

ત્યારે પર્વતભાઈએ કહ્યું : "મારે કન્યા તો છે પણ તેને પરણાવી દીધી છે. હવે શું કરવું ?"

એટલામાં મહારાજે તેમને પૂછ્યું : "કન્યા ગોતી ? અહીં બેઠાં બેઠાં શું વિચાર કરો છો ? ગામમાં જાઓ અને ઝટ કન્યા શોધીને લાવો. વાર થશે તો મંગળ ચોઘડિયું વીતી જશે."

આ સાંભળી બંને ભક્તોને ખરેખરી મૂંઝવણ થઈ. તેઓ ઊઠ્યા. ગામમાં તો કોઈની ઓળખાણ નહીં, અને હોય તોપણ આ ઘડીએ કોણ તૈયાર થાય ? છેવટે મયારામ ભટ્ટે કહ્યું : "ઝીણાભાઈનાં બહેન અદીબા છે તે કુંવારાં છે. આપણે તેમને જ પૂછીએ."

બંને જણા અદીબા પાસે ગયા અને મહારાજે પરણવાની રઢ લીધી હતી તે વાત તેમને કહી. પછી પૂછ્યું : "બા ! તમે તૈયાર છો ?"

ત્યારે અદીબાએ કહ્યું : "અહો ! મારાં એવાં ભાગ્ય ક્યાંથી કે પુરુષોત્તમ નારાયણને વરવાનું મળે ! પણ તમે ભાઈને પૂછો."

મયારામ ભટ્ટ અને પર્વતભાઈ ઝીણાભાઈ પાસે ગયા. તેમને તેમણે વાત કરી. આ વાત સાંભળીને ઝીણાભાઈ ઊંડા ઊતરી ગયા. પર્વતભાઈ તથા મયારામ ભટ્ટ પણ આ પરિસ્થિતિ જોઈ વધુ મૂંઝવણમાં પડી ગયા. છેવટે ઝીણાભાઈએ કહ્યું : "બહેનને પૂછો, તેમની હા હોય તો મારી ના નથી."

ત્યારે પર્વતભાઈએ કહ્યું : "બાને પૂછીને જ અમે તમારી પાસે આવ્યા છીએ. તેમની તો મરજી છે, પણ તમારી મરજી શું છે તે પુછાવ્યું છે."

ઝીણાભાઈએ ઊંડો શ્વાસ મૂકતાં કહ્યું : "તો ભલે, બહેનને લઈ જાવ મહારાજ પાસે."

મયારામ ભટ્ટ અને પર્વતભાઈ બંને સમજી ગયા કે ઝીણાભાઈએ ઉમંગથી હા નથી કહી. પરંતુ મહારાજ તો હઠે ચડ્યા હતા. તેથી તેઓ અદીબા પાસે આવ્યા અને તેમને કહ્યું : "ભાઈને અમે પૂછ્યું અને ભાઈએ હા કહી છે. માટે મહારાજ પાસે આવો."

મને વિષ્ટાની ગંધ આવે છે

અદીબાને લઈને બંને ભક્તો મહારાજ પાસે આવ્યા. મહારાજ પલંગમાં

રાહ જોઈને જ બેઠા હતા. જેવાં અદીબા આવ્યાં અને મહારાજ સન્મુખ ઊભાં રહ્યાં કે તરત જ મહારાજને ઊલટી થઈ. એકાએક મહારાજ અસ્વસ્થ થઈ ગયા ! એ જ સ્થિતિમાં તેમણે કહ્યું : "આને મારી પાસેથી દૂર લઈ જાવ. મને વિષ્ટાની ગંધ આવે છે." એટલું મહારાજ બોલ્યા અને તેમને ફરી ઊલટી થઈ. બ્રહ્મચારી મૂંઝાયા. ભક્તો પણ મૂંઝાયા.

એટલામાં મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ ત્યાં આવી ગયા. મહારાજની અસ્વસ્થ સ્થિતિ જોઈ સૌને ચિંતા થવા લાગી કે મહારાજ ફરી પાછો મંદવાડ ગ્રહણ કરશે ! ઊલટી બંધ કરવા જે જે દવા મહારાજને આપે તે મહારાજ લે અને તેમને ઊલટી થઈ જાય ને દવા નીકળી જાય, પાણી પણ પેટમાં ટકતું નહીં.

પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! આ વળી શું ચરિત્ર આદર્યું ?"

મહારાજે કહ્યું : "મને સ્ત્રીની ગંધ આવે છે એટલે સ્ત્રીનો સ્પર્શ જે વસ્તુને ન થયો હોય તેવી દવા કે અનાજ લાવશો તો પેટમાં ટકશે."

આવું ક્યાં શોધવું તેનો સૌ વિચાર કરવા લાગ્યા. બ્રહ્મચારીને એકાએક સૂઝયું. તેમણે કહ્યું : "અહીં એક બ્રાહ્મણ એવો છે એ હું જાણું છું. તેની પાસે હું હમણાં જ જઉં છું."

બ્રહ્મચારી ગયા અને લગભગ મોડી રાતે બાજરો ઘંટીએ દળીને લાવ્યા. સાથે અડાયાં છાણાં લાવ્યા. પછી મહારાજને તેમણે વાત કરી કે "સ્ત્રીના દગાથી દાઝેલો એક માણસ ખેતરમાં ઝૂંપડું બાંધીને રહે છે અને સ્ત્રી જાતિના નામવાળા પદાર્થનો સ્પર્શ પણ કરતો નથી. તેને ત્યાંથી બાજરો લીધો. તેણે જ તેના ઘંટલા ઉપર બાજરો દળ્યો. બીજે તો ઘંટી હોય. રસ્તામાંથી અડાયાં છાણાં વીણી લીધાં. થાપેલાં છાણાંને તો સ્ત્રીનો સ્પર્શ થયો હોય. આવી રીતે વસ્તુઓ મેળવી આપને માટે રોટલો તૈયાર કરું છું."

મહારાજ બ્રહ્મચારીની સૂઝ જોઈ પ્રસન્ન થયા. બ્રહ્મચારીએ રોટલો ઘડ્યો. મહારાજ રોટલો ને દહીં જમ્યા. મહારાજ સ્વસ્થ થયા તેથી સૌને શાંતિ થઈ.

મહારાજે પછી પર્વતભાઈને કહ્યું : "બાને કહેજો કે તમારો સંકલ્પ કોઈ વખત પૂરો કરશું. અત્યારે તો સ્ત્રીની ગંધથી અસ્વસ્થ થઈ જવાય છે."

પર્વતભાઈ મહારાજના આ ચરિત્રનું રહસ્ય સમજી ગયા. પરંતુ કોઈને કાંઈ કહ્યું નહીં.

ઝીણાભાઈ મહારાજનું રાજોપચારથી પૂજન કરે છે

મહોત્સવની છેલ્લી સભા મહારાજે કરી. પોતાને આંગણે કેવળ મહારાજની કૃપાથી જ આવો અપૂર્વ મહોત્સવ થયો હતો તે કૃપાના ભારથી ઠાકોર ઝીણાભાઈ કૃતકૃત્ય થઈ ગયા હતા. તેમની માતા, બહેન તથા નાનાભાઈ અને પરિવારના સર્વે અત્યંત આનંદવિભોર બની ગયાં હતાં. શ્રીજીમહારાજે ખૂબ કૃપા વર્ષાવી. ઘણાં ઘણાં વર્ષોની ભૂખ ભાંગી દીધી. આ પ્રસંગે તેમને સૌને એવા મનોરથ થતા હતા કે મહારાજની કયા પ્રકારે સેવા કરવી ! ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો, આભૂષણો તેમણે અગાઉ જૂનાગઢ જઈને જાતે બનાવરાવ્યાં હતાં. આ સભામાં તેમણે તથા ગગાભાઈએ મહારાજનું રાજોપચારથી પૂજન કર્યું. તે સમયે વિદ્વાન સંતો અને બ્રહ્મચારીઓએ વેદમંત્રોનું ઉચ્ચારણ કર્યું. પૂજન કર્યા પછી ઝીણાભાઈએ મહારાજને પોશાક તથા આભૂષણો ધરાવ્યાં. થાળ ભરીને રૂપિયા ભેટમાં ધર્યા. દરેક સંતને પણ વસ્ત્રો ઓઢાડ્યાં. પછી મહારાજની આરતી ઉતારી. સભામાં સૌ એકાગ્ર દૃષ્ટિથી આ દિવ્ય દર્શન કરી રહ્યા હતા.

પૂજનનો આ કાર્યક્રમ પૂરો થયા પછી મહારાજે સભાને ઉદ્‌બોધન કર્યું : "ઠાકોર ઝીણાભાઈએ અહીં મહારાસ અને રંગલીલાના ઉત્સવો કરી સત્સંગના ઇતિહાસમાં ફૂલદોલનો અદ્વિતીય ઉત્સવ ઊજવ્યો. સૌએ આ દિવ્ય સ્મૃતિ પોતાના અંતરમાં સાચવી રાખવી. આવા ઉત્સવોમાં થયેલી લીલાનું ધ્યાન કરવું. ભગવાનના ભક્તને ભગવાનને પ્રસન્ન કરવાનુ આ મોટુ સાધન છે."

'આવા સાધુ પાછળ લાખો મનુષ્યો ફરશે ત્યારે સત્સંગ યથાર્થ થયો ગણાશે'

એટલું કહીને મહારાજે સંતોને કહ્યું : "આ સત્સંગના વિકાસમાં સંતોનો પણ ફાળો છે. તેમણે સૌએ દેહે કરીને તપ કર્યું. અપમાન અને તિરસ્કાર સહન કર્યાં, માર પણ ખાધો. છતાં તેમની ભક્તિ મોળી પડી નહીં. તેમને આ સંકટમાંથી ઉગારવા તેમને સૌને અમે પરમહંસ દીક્ષા આપી હતી. શિખા, સૂત્ર, કંઠી, પૂજા વગેરેનો ત્યાગ કરાવ્યો હતો. અલક્ષ્યપણે વિચરવાની આજ્ઞા આપી હતી. પરંતુ હવે રાજ્ય બદલાયું અને દેશકાળ સુધર્યો, તેથી તેમને સૌને પૂર્વવત્‌ શિખા-સૂત્ર રાખવાની, પૂજા કરવાની, કંઠી રાખવાની અમે આજ્ઞા આપી છે. છેલ્લો સમૈયો અહીં કર્યો ત્યારે તિલક-ચાંદલો પણ કરવાની આજ્ઞા કરી હતી.

તિલક-ચાંદલો કઈ રીતે કરવો તે પણ અમે અમારા આ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં તિલક-ચાંદલો કરીને સૌને બતાવ્યું હતું. તેઓ અતિ મોટા સાધુ છે. તેમની પાછળ લાખો મનુષ્યો ફરશે. તેમની મહત્તા સમજાશે ત્યારે સત્સંગ યથાર્થ થયો ગણાશે.''[૧૦૬]

છ માસના બાળકો મહારાજનો મહિમા કહે છે

મહારાજ આટલું કહીને સ્થંભ્યા, એટલે સભામાંથી એક પરદેશી હરિભક્ત ઊભા થયા. તેમણે હાથ જોડી સભાને સંબોધતાં કહ્યું : ''અહીં તો અમે મહારાજના અદ્‌ભુત પ્રતાપનાં દર્શન કર્યાં. પરંતુ અમારા ગામ નરવરકોટમાં[૧૦૭] ત્રીસ-પાંત્રીસ ઘેર ઘોડિયામાં સૂતેલા છ-છ મહિનાના બાળકો બોલ્યા કે 'સોરઠ દેશમાં અત્યારે ભગવાન પ્રગટ વિચરે છે. તેમનું નામ સ્વામિનારાયણ છે. મોક્ષ જોઈતો હોય તો તે પ્રગટ પ્રભુનાં દર્શન કરવાં જાઓ.' આ બાળકો દ્વારા મહારાજ જ બોલી ગયા એવું અમને લાગ્યું, નહીં તો છ મહિનાનું બાળક આવું ક્યાંથી બોલી શકે ? આવો મહારાજનો પ્રતાપ અમે ત્યાં પણ જોયો. તેથી અમે સૌ અહીં આ ઉત્સવમાં આવ્યા છીએ. મહારાજ આ પ્રમાણે આ બાળકો દ્વારા કહી ન ગયા હોત તો આ દિવ્ય ઉત્સવનો લાભ અમને મળત નહીં.''

સભામાં બેઠેલા હરિભક્તોને મનમાં થયું કે પંચાળામાં જ્યારથી આવ્યા છીએ ત્યારથી રોજ ચમત્કારો જ જોતા આવ્યા છીએ. ચમત્કાર જેવું ન લાગે છતાં પ્રસંગની મહત્તાનો વિચાર કરીએ ત્યારે મહારાજના કર્તાપણાનો ખ્યાલ આવી જાય છે.

ગોપી ભટ્ટ બરોબર સેવા કરે છે ને !

તે વખતે જયાનંદ વર્ણી તથા વાસુદેવાનંદ વર્ણી અને તેમની સાથે અમદાવાદના બે સાધુ આવ્યા. મહારાજને દંડવત્ કરી મહારાજ સન્મુખ બેઠા. એટલે મહારાજે તેમને પૂછ્યું : ''ગોપી ભટ્ટ શ્રી નરનારાયણ દેવની બરોબર સેવા કરે છે ને ?''

આ સાંભળી સંતો કાંઈ બોલ્યા નહીં. મહારાજે ગોપી ભટ્ટને અમદાવાદનો સેવાનો કારભાર સોંપ્યો હતો. છૂટક છૂટક હરિભક્તો દ્વારા મહારાજને ગોપી

---

૧૦૬. ઠાકોર ઝીણાભાઈ. લેખક : રાજ્ય કવિ માવદાનભાઈ રત્નુ.

૧૦૭. નરવરકોટ કચ્છમાં છે તેવો ઉલ્લેખ છે.

ભટ્ટના સમાચાર મળ્યા હતા. એટલે મહારાજે ફરી પૂછ્યું : "ગોપી ભટ્ટ આપણા સંતોની બરોબર સંભાળ રાખે છે ? કોઈ પ્રકારની કોઈને તકલીફ તો નથી ને ?"

મહારાજે બે વખત પૂછ્યું એટલે એક સંતે દુઃખ વ્યક્ત કરતાં કહ્યું : "મહારાજ ! ગોપી ભટ્ટ સંતોનો તો બહુ જ તિરસ્કાર કરે છે. ખાવા-પીવામાં તેમજ લૂગડાં-લત્તાં આપવામાં પણ ઘણો કકળાટ કરે છે. આથી અમે તો જેમતેમ ચલાવીએ છીએ. આપે આનંદાનંદ બ્રહ્મચારીને દેવસેવા કરવા મોકલ્યા છે તે બરોબર નરનારાયણ દેવની સેવા કરે છે. ગોપી ભટ્ટે રસોઈયો રાખ્યો છે. કેવી શુદ્ધિથી રસોઈ કરે છે તે તો અમને ખબર નથી, પરંતુ તે થાળ આપી જાય ત્યારે આનંદાનંદ બ્રહ્મચારી નરનારાયણ દેવની સ્તુતિ કરતાં કહે છે : 'પ્રભુ ! થાળ બનાવવામાં કાંઈ અશુદ્ધિ થઈ હોય તો ક્ષમા કરજો અને થાળ આરોગજો.' સ્તુતિ કર્યા પછી બ્રહ્મચારી થાળ ધરાવે છે. થાળ પછી ગોપી ભટ્ટ પીતાંબર પહેરી, હાથમાં સોનાનાં કડાં પહેરી, ચાખડીએ ચડી આરતી કરવા આવે છે. આનંદાનંદ બ્રહ્મચારીએ તેમના આવા વર્તનથી કંટાળીને દામોદરભાઈ, નથુ ભટ્ટ તથા ગોકળદાસ ચોકસીને કહ્યું : 'મારે અહીં રહેવું નથી, ગઢપુર જવું છે.' એટલે તેમણે કહ્યું : 'ગોપી ભટ્ટને પૂછીને જાવ.' તેમણે ગોપી ભટ્ટને પૂછ્યું ત્યારે તેણે કહ્યું : 'અહીં મારે કોઈની જરૂર નથી."

મહારાજ આ સાંભળી ઉદાસ થઈ ગયા ! તેમણે જયાનંદ વર્ણિ તથા વાસુદેવાનંદને કહ્યું : "આનંદાનંદ બ્રહ્મચારી ક્યાં છે ?"

તેઓ તરત જ આનંદાનંદ બ્રહ્મચારીને બોલાવી લાવ્યા. મહારાજે તેમને વિગતો પૂછી. અમદાવાદના તમામ સમાચાર આનંદાનંદ બ્રહ્મચારીએ પણ મહારાજને આપ્યા. ગોપી ભટ્ટનું સાધુઓ પ્રત્યેનું વર્તન કેવું હતું તે હકીકત પણ મહારાજને તેમણે કહી. મહારાજે તેમને કહ્યું : "આજે રાત્રે ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી એ બધા મોટેરા સંતોની સાથે વાતચીત કરી આપણે અમદાવાદના મંદિરની વ્યવસ્થાનો વિચાર કરીશું."

આ ગોપી ભટ્ટનું શું કરવું ?

રાત્રે મોટેરા સંતોને બોલાવી મહારાજે તેમને પૂછ્યું : "આ ગોપી ભટ્ટનું શું કરશું ?"

ત્યારે સૌ સંતોએ કહ્યું : "મહારાજ ! આપની શી ઇચ્છા છે ?"

મહારાજે કહ્યું : "આપણે બધા ભેગા મળી નિર્ણય લઈએ. સૌ પોત-

પોતાના વિચારો જણાવો. આપણે તો એવી યુક્તિથી કામ કરવું જેથી ગોપી ભટ્ટને તેનો અનાદર થયો છે તેવું જણાય નહીં." મહારાજની આટલી જ વાતમાં સૌ સંતો મહારાજનો અભિપ્રાય સમજી ગયા.

પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપણે કાર્ય મોટું ઉપાડ્યું છે. ભુજનું મંદિર તૈયાર થવા આવ્યું છે. બીજા હરિભક્તો પણ પોતપોતાના પ્રદેશમાં મંદિરો કરવા તત્પર છે. માટે અત્યારથી જ કજિયો થાય અને સત્સંગમાં કુસંગ જેવું દેખાય તેવું ન કરવું. મને તો એમ લાગે છે કે ગોપી ભટ્ટ ઉપર હમણાં શ્રીનગરના મોટેરા હરિભક્તોનું નિયમન મૂકી દઈએ, જેથી સંતોને કનડતો આળસે. પૂજારી તરીકે તો આનંદાનંદ બ્રહ્મચારી યોગ્ય છે."

મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામીએ પણ આ જ અભિપ્રાય આપ્યો.

તે સાંભળી મહારાજે કહ્યું : "તમે સૌએ અતિ ડહાપણપૂર્વક વિચાર કરીને કહ્યું છે. અમને પણ એમ જ લાગે છે કે તેને હમણાં છંછેડવો નહીં. એક તો રઘુનાથની ઉપાધિ ઊભી છે, તેમાં વળી આ છંછેડાય તો મંદિરના કાર્યમાં વિઘ્નો ઘણાં નાંખે અને હરિભક્તોમાં પણ અંદર અંદર વિક્ષેપ કરાવે. માટે હમણાં તો જેમ ચાલે છે તેમ ચાલવા દેવું. ફક્ત ત્યાંના મોટેરા હરિભક્તો તેની પ્રવૃત્તિ ઉપર થોડું થોડું નિયમન રાખતા જાય."

મહારાજની ઇચ્છા મુજબ નિર્ણય લેવાઈ ગયો. મહારાજે ઊઠતાં ઊઠતાં કહ્યું : "હમણાં ગોપી ભટ્ટને આ વાતની ગંધ સરખી પણ આવવા દેવી નહીં."

ભગવાન અને સત સર્વ કળાએ યુક્ત હોય. કયે સમયે કઈ કળા અજમાવવી તે સંપૂર્ણપણે તેમના ખ્યાલમાં હોય છે.

આ ચાર સંતો સનકાદિકો છે

મહારાજ સાથે મોટેરા સંતો મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી હતા. તેમને તથા હરિહર્યાનંદ સ્વામી, શ્વેતવૈકુંઠાનંદ સ્વામી[૧૦૮] તથા બ્રહ્મચારી વાસુદેવાનંદ, બ્રહ્મચારી આનંદાનંદ, બ્રહ્મચારી શ્વેતવૈકુંઠાનંદ ને બ્રહ્મચારી ગોવિંદાનંદને મહારાજે પોતાની સાથે રાખ્યા. આ ચાર વર્ણીઓની મહારાજે તે જ સમયે અને તે સ્થળે 'આ ચારે

૧૦૮. સં. ૧૮૭૭માં હરિહર્યાનંદ તથા શ્વેતવૈકુંઠાનંદને મહારાજે પંચાળામાં ઝીણાભાઈના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીમાં બેસાડી વિધિ કરી દીક્ષા આપી હતી.

સનકાદિકો છે' એમ કહી તેમની આરતી ઉતારી. સૌને ત્યારે સમજાયું કે પૂર્વના કેવા મોટા મોટા આત્યંતિક મુક્તિ માટે અહીં આવ્યા છે ! સૌ આ મહાન સંતોને નમી પડ્યા. અન્ય સંતોને ત્યાંથી જ તેમનાં મંડળો જે દેશમાંથી આવ્યાં હતાં ત્યાં તેમને પાછા ઉપદેશાર્થે વિચરણ કરવા મોકલી દીધાં.

તે દિવસે સૂત્રેજથી કુંભાર ભક્ત હમીર તથા ખોડાભાઈ મહારાજને તેડવા આવ્યા. તેથી મહારાજ કાઠી ભક્તો અને પાર્ષદોને લઈને તેમની સાથે સૂત્રેજ પધાર્યા. અહીં હમીરના ઘેર ઓસરીમાં બારણાની સાખ ઝાલીને મહારાજ ઊભા. એટલામાં હમીરની સ્ત્રી કાનુ કંકાવટીમાં કંકુ ભરી મહારાજ પાસે આવી. મહારાજના કપાળમાં તેણે ચાંદલો કર્યો, દુઃખણાં લીધાં અને પછી બોલી : "મહારાજ ! ફળીમાં ખાટલો ઢાળ્યો છે તે ઉપર બિરાજો."

મહારાજ થોડી વાર ત્યાં બેસીને ત્યાંથી નીકળ્યા. પાદરમાં વાવ છે તેમાં મહારાજે સખા સહિત સ્નાન કર્યું. પછી બોલ્યા : "આ વાવનું પાણી જે પીશે તેનું કલ્યાણ થશે." એટલું કહીને ત્યાંથી પંચાળા પધાર્યા. પંચાળાથી મહારાજ ગઢપુર જવા નીકળ્યા.

અમે ઝાઝા દિવસ રહીશું તો તમારી બાહ્ય વૃત્તિ થઈ જશે

મહારાજને મૂળી જવું હતું એટલે પંચાળાથી નીકળી જેતપુર, ગોંડળ, રાજકોટ, ચોટીલા થઈને મૂળી પધાર્યા. મહારાજ એકાએક પધાર્યા તેથી સૌને આશ્ચર્ય થયું. મહારાજે હસતાં હસતાં કહ્યું : "અમાભાઈ ! અમે તમને ગઢડામાં નહોતું કહ્યું કે અમે પંચાળા જતાં કે વળતાં મૂળી આવીશું અને એ વખતે રાધાકૃષ્ણ દેવની પ્રતિષ્ઠા કરીશું."

અમાભાઈ તથા જેઠાભાઈ અને તેમનાં બહેન કેશાબા જેમને દેવળિયા પરણાવ્યાં હતાં, તે બધાં મહારાજ પધાર્યા એટલે ખૂબ રાજી થઈ ગયાં. મહારાજે તેમને કહ્યું : "જુઓ, અમારે અહીંથી ગઢપુર જઈ ભુજમાં નરનારાયણની પ્રતિષ્ઠા કરવા જવું છે. એટલે વધુ રોકાવાય તેવું નથી. તમે મૂર્તિપ્રતિષ્ઠા માટે તૈયારી કરો. પરમ દિવસે અમે અહીંથી નીકળી જઈશું."

આ સાંભળી અમાભાઈ તથા મૂળીના ભક્તો જરા ઉદાસ થઈ ગયા. પરંતુ મહારાજે તેમને કહ્યું : "જેટલો લાભ મળ્યો એટલો લઈ લેવો. અમારી મૂર્તિનું સુખ અંતરમાં ઉતારવું. તેથી સદાય સુખિયા રહેવાશે. અમે ઝાઝા દિવસ રહીએ તો તમારી પણ બાહ્ય વૃત્તિ થઈ જશે અને અંતરમાં અમારી મૂર્તિનું સુખ નહીં

આવે. માટે વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું.''

મહારાજના આ શબ્દોથી બધાને શાંતિ થઈ.

હાલ જ્યાં સભામંડપ અને ઘનશ્યામ મહારાજની કાષ્ઠની મૂર્તિ છે તે જગ્યાની બાજુમાં મહારાજે બીજે દિવસે રાધાકૃષ્ણની મૂર્તિની પ્રતિષ્ઠા કરી.[૧૦૯]

મહારાજની સાથે નિત્યાનંદ સ્વામી તથા અન્ય મોટેરા સંતો હતા. થોડા પાર્ષદો પણ હતા. બીજા સૌને મહારાજે સીધા ગઢપુર મોકલી દીધા હતા.

અહીં પ્રતિષ્ઠા પછી મહારાજે સભામાં વાત કરતાં કહ્યું :

''જ્ઞાન તો ઘણા પાસે હોય, પરંતુ જ્ઞાનના પાત્ર થાય, તે જ્ઞાનને જીરવી શકે, તે ભગવાનને ગમે. દ્રોણાચાર્ય પાસે અર્જુન શસ્ત્રવિદ્યા શીખ્યા. પછી દ્રોણાચાર્યે અર્જુનને પૂછ્યું : 'હવે ગુરુદક્ષિણામાં શું આપીશ ?' અર્જુને તરત જ કહ્યું : 'ગુરુદેવ ! માથું માંગશો તો માથું આપી દઈશ.' અર્જુનની ગુરુભક્તિથી દ્રોણાચાર્ય પ્રસન્ન થઈ ગયા.

''અશ્વત્થામાએ દ્રોણાચાર્યની ઘણી સેવા કરી હતી, પરંતુ દ્રોણાચાર્ય જેવા અર્જુન ઉપર પ્રસન્ન હતા તેવા અશ્વત્થામા ઉપર પ્રસન્ન ન હતા. દ્રોણાચાર્યે તેને નારાયણ શસ્ત્ર તથા બ્રહ્માસ્ત્ર બંને નાંખતાં શિખવાડ્યાં હતાં. પણ બંને શસ્ત્રો વાળતાં શિખવાડ્યું ન હતું, કારણ કે તે પાત્ર ન હતો.

''તે પછી તે દ્વારિકા ગયો. અહીં શ્રીકૃષ્ણ ભગવાનને તેમણે સંદેશો કહેવરાવ્યો કે 'મને દર્શન દેવા પધારો. પણ એકલા જ આવજો.' શ્રીકૃષ્ણ તરત જ સમુદ્રને કાંઠે તેમને મળવા માટે ગયા. અશ્વત્થામાએ શ્રીકૃષ્ણને ઔપચારિક નમસ્કાર કર્યા. તેના અંતરમાં શ્રીકૃષ્ણ માટે કાંઈ ભાવ ન હતો. તેણે શ્રીકૃષ્ણને કહ્યું : 'હું નારાયણ શસ્ત્ર તથા બ્રહ્માસ્ત્રના ઉપયોગની વિદ્યા મારા પિતા પાસે શીખ્યો છું તે હું તમને આપું, બદલામાં તમે મને તમારું સુદર્શનચક્ર આપો.'

''આ સાંભળી શ્રીકૃષ્ણે હસીને કહ્યું : 'મારે તમારા નારાયણ શસ્ત્ર કે બ્રહ્માસ્ત્ર બેમાંથી એક પણ શસ્ત્રવિદ્યાની જરૂર નથી, પરંતુ તમારે સુદર્શનચક્ર જોઈતું હોય તો તે તમે લઈ જાવ.' એમ કહી સુદર્શનચક્ર તેમણે અશ્વત્થામા પાસે મૂક્યું. આ ચક્ર તેણે ભગવાન સામે જ ઉગામવાનું ધાર્યું હતું. પરંતુ તે ચક્ર તે ઉપાડી શક્યો જ નહિ. તેથી તે ભોંઠો પડી ગયો. શ્રીકૃષ્ણ તેની આ કૃતઘ્નતા ઉપર હસવા લાગ્યા.

''અર્જુનને બ્રહ્માસ્ત્ર તથા નારાયણ અસ્ત્ર બંને વિદ્યા સિદ્ધ હતી.

---

૧૦૯. મૂળી મંદિરના મહંત ગોવિંદ સ્વામી પાસેથી મળેલી હકીકત ઉપરથી. – લેખક

ધર્મરાજાએ તેમની પરીક્ષા કરવા બ્રહ્માસ્ત્ર અજમાવાની આજ્ઞા કરી ત્યારે તેમણે તે અજમાવ્યું અને તરત જ બ્રહ્માજી આવ્યા. પછી તેમણે કહ્યું : 'આ બંને શસ્ત્રો કોઈ મનુષ્ય ઉપર વાપરશો નહીં. પરંતુ જો તમારા ઉપર કોઈ વાપરે તો જરૂર વાપરજો.' એમ કહી બંને અસ્ત્રોનાં બે બાણ ભાથામાં જ રાખી મૂકવાની આજ્ઞા કરી. બ્રહ્માસ્ત્રમાં એ સિદ્ધિ હતી કે એ અસ્ત્રના ઉપયોગથી કાળ પડે અને અગ્ન્યાસ્ત્ર નાંખે ત્યારે પ્રલય થાય. પરંતુ અર્જુન ભગવાનના ભક્ત હતા અને વિદ્યાના પાત્ર હતા. તેથી દુર્યોધન તરફથી તેમને અનેક પ્રકારની મુશ્કેલીઓ આવી તોપણ આ બંને અસ્ત્રોનો તેમણે ઉપયોગ કર્યો ન હતો. એટલે વિદ્યા આવતાં વાર નથી પરંતુ પાત્ર થતાં એટલે કે તે વિદ્યા જીરવવામાં પાત્ર બનવું પડે છે."[૧૧૦]

મહારાજ બીજે દિવસે મૂળીથી નીકળી સાયલા, બોટાદ થઈને આ.સં. ૧૮૭૯ના ચૈત્રમાં ગઢપુર પધાર્યા.

---

૧૧૦. તદ્રૂપાનંદ સ્વામીની વાતું; પા. ૩૮-૩૯.



ભુજમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા

(આ.સં. ૧૮૭૯-૮૦, ઈ.સ. ૧૮૨૩)

મહારાજ ગઢપુરમાં ત્રણ દિવસ રહ્યા. ત્યાંથી નીકળી કારિયાણી પધાર્યા. વસ્તાખાચરના દરબારમાં ઊતર્યા. હરિભક્તો અને સંતો તો મહારાજની સાથે જ હતા. અહીં મહારાજે દરેક હરિભક્તને પોતપોતાને ગામ જવા આજ્ઞા કરી દીધી. મહારાજે ગઢપુરમાં પણ સૌને કહી દીધું હતું કે અમારી રજા સિવાય કોઈ કારિયાણી દર્શને આવે નહીં.

કારિયાણીથી મહારાજ સારંગપુર પધાર્યા. આ વખતે મહારાજ વાઘાખાચરના દરબારમાં ઊતર્યા. વાઘાખાચર ભક્તરાજ હતા. સૂર્યનો અવતાર કહેવાતા. તેમને મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી સાથે ઘણું હેત હતું. ગઢપુરમાં મુક્તાનંદ સ્વામીના આસને બેસી તેમની વાતો સાંભળતા. મહારાજ તેમને ત્યાં સામેથી પધાર્યા તેથી તેમને બહુ જ આનંદ થયો.

તમારી પારઠ ભેંશનું દૂધ બહુ મીઠું છે

બીજે દિવસે મહારાજ જમવા બિરાજ્યા. સામે અમરાખાચર બેઠા હતા. મહારાજે જમતાં જમતાં અમરાખાચરને કહ્યું : "અમરા ! તમારી પારઠ ભેંશનું દૂધ બહુ મીઠું છે. એક દિવસ સ્વાદ લીધો હતો ત્યારથી જીભે વળગી ગયું છે. અત્યારે લઈ આવો તો અમે જમીએ."

અમરાખાચર તરત જ ઊઠ્યા. ઘેર જઈ અમરાખાચરે દૂધની તાંબડી હાથમાં લીધી એટલે તરત જ તેમનાં ઘરવાળાંએ તાંબડી પકડી. અમરાખાચરે કહ્યું : "મહારાજે મંગાવ્યું છે માટે છોડી દે."

તેણે દાંત ભીંસીને કહ્યું : "મહારાજને પારઠ ભેંશનું દૂધ બહુ ભાવતું હોય તો અહીં આપણે ઘેર આવે તો આપું. મહારાજ વાઘા આપાને ત્યાં જમે અને

દૂધ આપણે આપવું ?"

અમરો મૂંઝાયો. તેણે કહ્યું : "કાંઈ ઘેલી થઈ છે ? મહારાજને મન તો બધાય સરખા. માટે મૂકી દે."

પણ તેણે તાંબડી મૂકી નહીં. અમરાખાચર વીલે મોઢે મહારાજ પાસે આવ્યા અને કહ્યું : "મહારાજ ! દૂધ તો ક્યારનું આખરી દીધું છે."

મહારાજ આ સાંભળી હસ્યા. પછી કહ્યું : "તો દહીં લાવો. પારઠ ભેંશનું તો દહીં પણ મીઠું હોય."

આજથી તારી સાથે મા-બેનનો સંબંધ

અમરાખાચર ફરી ઊઠ્યા. આ વખતે પણ દહીંનું દોણું તેની સ્ત્રીએ લેવા દીધું નહીં. અમરાખાચરને આથી ઝાળ લાગી ગઈ ! તેણે જોરથી તેને હડસેલો માર્યો અને તે નીચે પડી ગઈ. તે પણ માથાની હતી અને હવે પૂરી વકરી હતી. તરત ઊભી થઈ ગઈ અને દોણું ફરી પકડ્યું.

અમરાખાચરે કહ્યું : "હું જાત ઉપર જઈશ તો કાંઈનું કાંઈ કરી બેસીશ. માટે સમજી જા."

પરંતુ તેણે દોણું ન જ છોડ્યું. અમરાખાચરે કહ્યું : "જા, આજથી તારી સાથે હવે મા-બેનનો જ સંબંધ !" એમ કહીને તે વાઘાખાચરને ત્યાં આવ્યા.

મહારાજે પૂછ્યું : "અમરા ! કેમ થયું ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! દહીંની છાશ કરી નાંખી છે."

મહારાજ જમી રહ્યા હતા. હાથ ધોતાં ધોતાં બોલ્યા કે "દહીં પણ નથી કર્યું અને છાશ પણ નથી કરી, પરંતુ અમારે જે તમારી પાસે કરાવવું હતું તે કરાવી લીધું."

આ સાંભળી વાઘાખાચરનાં પત્નીએ પૂછ્યું : 'મહારાજ ! આપને શું કરાવવું હતું ?"

મહારાજે કહ્યું : "અમરાખાચરે તેની સ્ત્રીને મા-બેન કરી દીધી છે. સંસારનો તેની સાથેનો સંબંધ હવે પૂરો થયો. પણ આજથી ત્રીજે દિવસે તેને સત્સંગીની કન્યા લાવીને પરણાવીશ."

અમરાખાચર સમજી ગયા. તેને તો ઘરનું દુઃખ હતું જ. સત્સંગમાં વિક્ષેપ ન થાય તે સારુ સહન કરી રહ્યા હતા. મહારાજને તે ગમતું ન હતું. મહારાજે તેને સત્સંગીની કન્યા પરણાવી. અમરાખાચર સુખિયા થઈ ગયા.

અમને ઝટ સંતાડી દ્યો

મહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા. અહીં રાત્રે એકાએક મહારાજે જીવાખાચરને કહ્યું : "બાપુ ! વડોદરાનો દીવાન અમને પકડવા આવે છે. માટે અમને ઝટ સંતાડી દ્યો."

જીવાખાચર મૂંઝાયા, પણ તરત જ ઊઠ્યા અને મહારાજને કહ્યું : "મહારાજ ! ઓરડામાં સંતાઈ જાવ."

મહારાજ ઓરડાની અંદર ગયા. અંદરથી બારણું બંધ કરવા જતા હતા પણ અંદર બારણાને સાંકળ જ ન હતી. મહારાજે કહ્યું : "બાપુ ! આ બારણાને તો હડસેલાં મારે કે તરત ઊઘડી જાય. અંદરથી વાસવા માટે સાંકળ જ નથી. હમણાં ને હમણાં લુહારને બોલાવી સાંકળ જડાવી દ્યો."

જીવાખાચરે તરત જ લુહારને ઉઠાડ્યો. સાંકળ અને નકૂચો લઈને તે આવ્યો. અંદર સાંકળ[૧૧૧] જડી દીધી. મહારાજે અંદરથી બારણું વાસી દીધું.

થોડી વારે મહારાજ બહાર નીકળ્યા. જીવાખાચર ઓસરીમાં જ ખાટલો ઢાળીને બેઠા હતા. આજુબાજુ કાઠી પાર્ષદો હથિયાર સજ્જ કરીને બેઠા હતા. મહારાજને જોઈ જીવાખાચરે તેમને પૂછ્યું : "મહારાજ ! કેમ એકાએક બહાર નીકળ્યા ?"

મહારાજે ઠાવકું મોં રાખી કહ્યું : "બાપુ ! અમને તો ઓસાણ જ ન રહ્યું કે હવે તો અંગ્રેજ સરકારનું રાજ્ય થયું છે અને ગાયકવાડ હવે ખંડણી ઉઘરાવતા આળસ્યા છે. અંગ્રેજના રાજ્યમાં હવે દીવાનનો ભય રહ્યો નથી." એમ કહી હસવા લાગ્યા.

જેવા આવ્યા છો તેવા ને તેવા જ પાછા જાવ

આ વખતે મુક્તાનંદ સ્વામી મહારાજનાં દર્શન કરવા સારંગપુર આવ્યા. મહારાજ જીવાખાચરના દરબારમાં બિરાજતા હતા તે તેમને ખબર હતી. પરંતુ ગઢપુરમાં મહારાજે આજ્ઞા કરી હતી કે અમારાં દર્શન કરવા માટે અમારી આજ્ઞા સિવાય કોઈએ આવવું નહીં. અને પછી બધાં જ મંડળોને ફરવા જવા આજ્ઞા કરી હતી. મુક્તાનંદ સ્વામી પણ મહારાજની આ આજ્ઞા અનુસાર પોતાના મંડળ

૧૧૧. આ કમાડ અને સાંકળ હજુ પણ જીવાખાચરના પ્રસાદીના દરબારમાં સચવાઈ રહ્યા છે.

સાથે ગઢપુરથી નીકળી પ્રથમ સારંગપુર આવ્યા. મહારાજને તેમણે ખબર કહેવરાવ્યા : "આપની આજ્ઞા હોય તો દર્શન કરવા અમે આવીએ."

મહારાજે તરત જ ભગુજીને મોકલ્યા અને કહેવરાવ્યું : "જાઓ, સ્વામીને કહેજો કે જેવા આવ્યા છો તેવા ને તેવા જ પાછા જાઓ."

'બાળસનેહી રે મોહન મુજને ગમતા'

ભગુજીએ મુક્તાનંદ સ્વામીને આ સમાચાર આપ્યા. દેશાંતરમાં ફરવા જવાનું છે તેથી ફરી ક્યારે મહારાજનાં દર્શન થશે તે વિચારથી સ્વામી ઉદાસ થઈ ગયા. તેમણે ભગુજીને કહ્યું : "ભલે, મહારાજની જેવી મરજી !" એમ કહીને તેમને ફરી કહ્યું : "તમે થોડું રોકાવ તો હું મહારાજને સંદેશો લખી આપું તે લેતા જાવ."

ભગુજી જાણતા હતા કે મુક્તાનંદ સ્વામી જેવા મોટા સદ્‌ગુરુને મહારાજ કાંઈક કારણ સિવાય દર્શને આવવાની ના ન કહે. તેમણે હાથ જોડી કહ્યું : "ભલે સ્વામી ! આપ સંદેશો લખી આપો. હું મહારાજને તે પહોંચાડીશ અને મહારાજ જે કહેશે તે સમાચાર પણ અહીં આવીને આપને કહી જઈશ."

સ્વામીએ તરત જ આ પ્રસંગનું કીર્તન રચ્યું :

બાળસનેહી રે, મોહન મુજને ગમતા....ટેક.
મથુરા જઈ મોંઘા થઈ બેઠા, પે'લાં તો ભેળા ભમતા....બાળ.
આજ તો અમને દર્શન દુર્લભ, જોડે બેસીને જમતા....બાળ.
બાઈ અણતેડ્યા વાંસે આવીને, રસિયો રંગભર રમતા....બાળ.
જે કહેતા તે કામ જ કરતા, નટવર રહેતા નમતા....બાળ.
બાળ જોગી જેવો વેશ જણાવી, દેહ પ્રાણને દમતા....બાળ.
મુક્તાનંદ મોહનની લીલા, રાખતા શીલ ને શમતા....બાળ.

સ્વામીએ આવાં દસ પદ રચીને ભગુજી સાથે મહારાજને મોકલ્યા. ભગુજીએ આવીને આ કીર્તનના કાગળો મહારાજને આપ્યા. મહારાજે શુકમુનિને વાંચવાનું કહ્યું. શુકમુનિએ મુક્તાનંદ સ્વામીના ભાવ અનુસાર દસે પદો ગાઈને મહારાજને સંભળાવ્યાં. સ્વામીની પોતાના પ્રત્યેની આવી અપૂર્વ પ્રેમલક્ષણા ભક્તિથી મહારાજ ગદ્‌ગદ થઈ ગયા. તેમણે કહ્યું : "ભગુજી ! જાવ સ્વામીને તેડી આવો."

મુક્તાનંદ સ્વામી ભગુજીની સાથે મહારાજ પાસે આવ્યા. મહારાજ ઊભા

થઈને તેમને ભેટ્યા. પછી પૂછ્યું : "સ્વામી ! મંડળ સાથે ક્યાં જતા હતા ?"

સ્વામીએ કહ્યું : "દેશમાં ફરવા. આપે આજ્ઞા કરી છે ને !"

"પણ તે તમારા માટે નહીં, તમારે તો અમારી સાથે ભુજ મંદિરમાં પ્રતિષ્ઠા પ્રસંગે આવવાનું છે." એટલું કહી મહારાજે સ્વામીને પોતાની સાથે રાખ્યા.

પ્રતિષ્ઠા પ્રસંગે ભુજ જવાની તૈયારી

મહારાજ સારંગપુર થોડા દિવસ રહી ગઢપુર પધાર્યા. અહીં આવી મુક્તાનંદ સ્વામી આદિ મોટેરા સંતોને પાસે બોલાવીને કહ્યું : "ભુજનું મંદિર તૈયાર થઈ ગયું છે. ત્યાં વૈશાખ સુદ પાંચમનું પ્રતિષ્ઠાનું મુહૂર્ત રાખ્યું છે, તો આપણે સૌએ ભુજ જવું પડશે. માટે ગોપાળાનંદ સ્વામીને તેડાવો."

પછી પોતે જમવા પધાર્યા. જમીને અક્ષર ઓરડીમાં પધાર્યા અને પાર્ષદોને બોલાવી તેમને કહ્યું : "નરનારાયણની મૂર્તિઓ જે તૈયાર છે તે ગાડામાં પરાળ નાંખી બરોબર ગોઠવીને હાલ ને હાલ ભુજનગર રવાના કરો, જેથી પ્રતિષ્ઠા મુહૂર્ત પહેલાં ત્યાં પહોંચી જાય."

એટલું કહીને પછી શુકમુનિને બોલાવ્યા. તેમને કહ્યું : "ભુજનગરમાં વૈશાખની સુદ પાંચમે શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવાની છે એટલે સૌ સંતોને તેડાવવાના છે તેમજ હરિભક્તો પણ જેમને અનુકૂળતા હોય તે સૌ આવે."

મહારાજની આજ્ઞા પ્રમાણે શુકમુનિએ પત્રિકાઓ તૈયાર કરીને ગામોગામ મોકલી દીધી.

શ્રીહરિએ સં. ૧૮૭૮ના ચૈત્ર સુદ નવમી હરિજયંતીથી મહાભારતની કથાનો પ્રારંભ પ્રાગજી પુરાણી પાસે કરાવ્યો હતો. તે કથા પરિપૂર્ણ સાંભળી લેવાય તેથી મહારાજ પ્રાગજી પુરાણીને પોતાની સાથે જ રાખતા અને અવકાશને સમયે કથા વંચાવતા. ગઢપુરમાં સમગ્ર ભારત શ્રીહરિએ સં. ૧૮૭૯ની દ્વિતીય ચૈત્ર સુદ નવમી હરિજયંતીના શુભ દિવસે પૂરું શ્રવણ કરી લીધું.[૧૧૨] પૂર્ણાહુતિને દિવસે બ્રહ્મભોજન કરાવ્યું. દ્વિતીય ચૈત્ર સુદ પૂર્ણિમાના દિવસે ભુજનગરથી પ્રતિષ્ઠા માટે પધારવાનો સંદેશો લઈ દૂત આવ્યો. "ભુજ જવું પડશે માટે ગોપાળાનંદ સ્વામીને જલદી તેડાવો." મહારાજે કહ્યું.

ગોપાળાનંદ સ્વામી તેમના મંડળ સાથે ગઢપુર આવી ગયા. મહારાજ તેમની જ રાહ જોતા હતા. ગોપાળાનંદ સ્વામી પધાર્યા એટલે મહારાજે

---

૧૧૨. આ દિવસે શ્રીહરિએ ગઢડા મધ્ય પ્રકરણનું ૩૦મું વચનામૃત ઉદ્‌બોધ્યું હતું.

ગઢપુરથી ભુજનગર જવાની તૈયારી કરી. મયારામ ભટ્ટને બોલાવી મુહૂર્ત પૂછ્યું. તેમણે પ્રયાણ કરવાનું મુહૂર્ત ચૈત્ર વદ બીજનું આપ્યું.

મહારાજ તે દિવસે વહેલી સવારે ઊઠ્યા. નિત્યવિધિથી પરવારી તૈયાર થઈ ગયા. દાદાખાચરને બોલાવ્યા. તેમને કહ્યું : "તમારે તો અહીં જ રહેવાનું છે."

પછી પોતાની સાથે સંતમંડળો તેમજ સવાસો શસ્ત્રસજ્જ કાઠી અસવારો અને પાંચસો પાર્ષદો લઈને મહારાજે પ્રયાણની તૈયારી કરી. ગાડાં, રથ, વેલ્ય, માફા વગેરે જોડાવ્યાં. જેને જેમ ઘટે તેમ વાહનોમાં બેસાર્યાં. પોતે માણકી ઉપર સવાર થયા. બે બાજુ બ્રહ્મચારીઓ ચામર ઢોળતા હતા. એક પાર્ષદે મહારાજને માથે સોનાના ઈંડાવાળું છત્ર ધર્યું હતું. આગળ ઢોલ, ત્રાંસાં, શરણાઈ તથા અન્ય વાજિંત્રો વાગતાં હતાં. એ પ્રમાણે વાજતે-ગાજતે મહારાજ પુર બહાર પધાર્યા. અહીં સૌને ઊભા રાખ્યા ને કહ્યું : "જેઓ ભુજનગર આવવાના હોય તે અમારી સાથે આવે. બીજા સૌ અહીંથી પાછા વળે."

જે સંતો-હરિભક્તો મહારાજ સાથે જવાના ન હતા, તે બધા મહારાજને દંડવત્ કરી ત્યાંથી જ પાછા વળ્યા.

મહારાજ માંડવધાર પધાર્યા. ત્યાંના હરિભક્ત ગોવા પટેલને ઘેર ઉતારો કર્યો. ત્યાં સંઘને જમાડ્યો. ત્યાંના હરિભક્તોને પણ મહારાજે આમંત્રણ આપ્યું : "જેને ભુજનગર પ્રતિષ્ઠા ઉત્સવ ઉપર આવવું હોય તે સૌ અમારી સાથે આવે." એ પ્રમાણે સૌને આમંત્રણ આપી મહારાજ જે જે તેમના સંઘમાં જોડાયા તે બધા સંઘને સાથે લઈને ચાલ્યા. રસ્તામાં કોઈ ગામમાં રાત રહે તો કોઈ ગામમાં બપોરા કરે. એમ કરતાં રણ ઊતરીને ભચાઉ, ધમડકા, ધાણેટી થઈને ભુજ પધાર્યા.

મહારાજ ભુજનગરમાં પધારે છે

મહારાજ ભુજમાં પધાર્યા છે તે સમાચાર મળતાં સુંદરજીભાઈ, હીરજીભાઈ, ગંગારામ મલ્લ તથા તેના ભાઈઓ અને અન્ય હરિભક્તો મહારાજનું સ્વાગત કરવા સામા ગયા. ભુજના રાવશ્રી દેશળજીએ પણ રાજ્યની સેના મોકલી. મહારાજનાં સૌને દર્શન થયાં. લગભગ અગિયાર વર્ષ પછી મહારાજ કચ્છમાં પધાર્યા. અગિયાર વર્ષના વિયોગનો આટલો લાંબો સમય કેવળ મહારાજની મૂર્તિની સ્મૃતિમાં જ વિતાવી કચ્છના હરિભક્તો જીવન જીવી રહ્યા હતા. તેમને માટે આ દર્શન, આ દિવ્ય પ્રસંગ એ એક અતિ આનંદનું પર્વ હતું. તે ભાવ તેમની આંખોમાંથી સરી પડતા હર્ષાશ્રુમાં જણાતો હતો. મહારાજને સૌએ પુષ્પહાર

પહેરાવી દંડવત્ કર્યા, ચરણસ્પર્શ કર્યા. મહારાજે હરિભક્તોને બાહુપાશમાં સમાવી તેમનાં અંતર ઠારી દીધાં. આટલાં વર્ષોના વિયોગનો તાપ આ એક જ ક્ષણનાં દર્શનથી શમી ગયો. આનંદોત્સવમાં સૌ મગ્ન બની ગયા.

મહારાજના અંતરમાં તો અમારું સ્થાન દૃઢ છે

મહારાજ સૌને મળ્યા. સૌના કુશળ પૂછ્યા. અગિયાર વર્ષના લાંબા ગાળા પછી પણ સૌ હરિભક્તોનાં કુટુંબીજનો, તેમનાં બાળકો બધાયનાં નામ લઈને મહારાજે સૌને યાદ કર્યાં. હરિભક્તોને લાગ્યું કે ભલે મહારાજનાં પ્રત્યક્ષ દર્શન આપણને નથી, પરંતુ મહારાજના અંતરમાં તો આપણું સ્થાન દૃઢ છે જ. પછી મહારાજે કહ્યું : "હવે સૌ આગળ ચાલો. અમારે મંદિર જોવાની ઉતાવળ છે."

સૌથી આગળ ઊંટ ઉપર નોબત વાગતી હતી. તેની પાછળ બંદીજનો નેકી પુકારતા હતા. ત્યારપછી ઢોલ, શરણાઈઓ, ત્રાંસાં તેમજ અન્ય વાજિંત્રોના ઘોષ થતા હતા. પાછળ રાજ્યની પદાતિ સેના હતી. સંસ્કૃત ભણતા વિદ્યાર્થી સંતો તથા બ્રહ્મચારીઓ શ્લોકગાન કરતા હતા. પાછળ સંતો કીર્તન-ભક્તિ કરતા ચાલતા હતા. મહારાજ અશ્વ ઉપર બિરાજમાન થયા હતા. તેમના શિર ઉપર સોનેરી ઈંડાએ યુક્ત છત્ર ધર્યું હતું. શ્વેત વસ્ત્રધારી મહારાજના કંઠમાં ફૂલના હાર શોભતા હતા. તેમના દિવ્ય સ્વરૂપની શોભાથી સવારી અલૌકિક શોભતી હતી.

ધીરે ધીરે શોભાયાત્રા હીરજીભાઈના ઘર આગળ આવી. અહીં મહારાજ અશ્વ ઉપરથી ઊતરી અક્ષર ઓરડીમાં પોતાના ઉતારામાં પધાર્યા. અન્ય સંતો-હરિભક્તો માટે પણ ઉતારાની યોગ્ય વ્યવસ્થા કરી હતી. મહારાજે સૌને કહ્યું : "પરમ દિવસે શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવાની છે. માટે કચ્છના ગામેગામના હરિભક્તો પ્રતિષ્ઠાવિધિના અપૂર્વ મહોત્સવમાં હાજર રહે."

એટલામાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પધાર્યા. તેમને જોઈ મહારાજે કહ્યું : "સ્વામી ! પરમ દિવસે નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવાની છે. માટે પ્રાગજી દવેને પૂછીને કેટલા બ્રાહ્મણોને વરુણ તરીકે બેસાડવા તે વ્યવસ્થા કરી લેજો. યજ્ઞ અંગેની પણ સંપૂર્ણ વ્યવસ્થા થઈ શકી છે કે નહીં તે પણ તમારે જોઈ લેવાનું."

સ્વામીએ મહારાજને પગે લાગી કહ્યું "મહારાજ ! આપની આજ્ઞાનુસાર તમામ વ્યવસ્થા થઈ જશે."

મહારાજ નરનારાયણ દેવના સિંહાસન ઉપર બિરાજે છે

થોડી વારે મહારાજ મંદિરે[૧૧૩] પધાર્યા. મંદિરની કલાત્મક રચના જોઈ મહારાજ પ્રસન્ન થયા. શ્રી નરનારાયણ દેવ માટે સિંહાસન પણ સુંદર બનાવ્યું હતુ. ગગારામ મલ્લે મહારાજનો હાથ પકડીને મહારાજને તે સિંહાસન ઉપર બેસાર્યા. મંદિરનાં શિખરો, ઘુમ્મટ, રંગમંડપ બધું જ મહારાજે ખૂબ નિહાળીને જોયું. જ્યાં સૂચના દેવી ઘટી, ત્યાં સૂચના આપી. કચ્છના હરિભક્તોએ થોડા સમયમાં સુંદર મંદિર તૈયાર કરી દીધું હતું. તેમની કારીગરી જોઈ મહારાજને લાગ્યું કે તેમણે તેમની આંતરિક ભક્તિ આ મંદિર નિર્માણના કાર્યમાં ઠાલવી દીધી છે. વળી, સુંદરજીભાઈ તથા હીરજીભાઈનો પણ ઉમંગ ઘણો જ હતો. મંદિરનું કાર્ય કરવામાં રાત-દિવસ તેમણે જોયા ન હતા. મહારાજ તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા.

મહારાજ પછી હીરજીભાઈને ઘેર પોતાને ઉતારે પધાર્યા. પોશાક ઉતારી સ્નાન કર્યું. એટલામાં લાધીમા તથા માતાજીએ[૧૧૪] થાળ તૈયાર કરી દીધો.

---

૧૧૩. શ્રીહરિના વરદ હસ્તે પ્રતિષ્ઠિત થયેલું આ મંદિર સને ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ આવેલા ભૂકંપમાં ખંડિત થયું હતું. બે વર્ષ પછી એ સ્થળે સ્મૃતિમંદિર રચીને અન્યત્ર નવું મંદિર રચવાનું આયોજન થયું. આ નવરચિત મંદિરમાં શ્રીહરિ દ્વારા પ્રતિષ્ઠિત નરનારાયણ દેવની મૂર્તિઓને પુનઃ સ્થાપિત કરવાનું આયોજન કરવામાં આવ્યું.

૧૧૪. માતાજીના જીવનની વિગતો આ પ્રમાણે છે :

સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં વર્ણન કર્યા મુજબ તે મછિયાવનાં કુંવરી હતાં અને ઝમકુબા નામ હતું તેવો ઉલ્લેખ છે. મછિયાવમાં તપાસ કરતાં તે નામનાં કોઈ રાજ્યકુંવરી હતાં જ નહીં તેમ જાણવા મળ્યું.

વળી, કેટલાક ગ્રંથોમાં તે ઉદેપુરનાં રાણી હતાં અને તેમને સત્સંગ કરાવવા મહારાજે સુખાનંદ સ્વામીને ઉદેપુર મોકલ્યા હતા.

એવો પણ બીજો ઉલ્લેખ છે કે મહેમદાવાદના વડાદરા બ્રાહ્મણ ઉદેપુર ભિક્ષા માંગવા ગયા હતા અને ત્યાં કૂવા ઉપર સ્નાન કરતા હતા ત્યારે ઉદેપુરનાં રાણી ઝમકુબાની વડારણ ત્યાં આવી અને તેણે તેને મહારાજની વાત કરી. તેથી તે ઉદેપુરથી રાતોરાત નીકળી ગયા.

ત્રીજો ઉલ્લેખ છે કે મછિયાવના મૂળજી વિપ્ર, જે દીક્ષા લઈ મુકુંદ બ્રહ્મચારી બન્યા હતા, તે ઉદેપુરમાં ગયા અને ઝમકુબાને સત્સંગ કરાવ્યો હતો. પરંતુ આ ઉલ્લેખ ➤

મહારાજ લાધીમા તથા માતાજી સાથે વાત કરતાં કરતાં જમ્યા. પછી ચળું કરીને, જળપાન કર્યું. મુખવાસ લઈને ઢોલિયા ઉપર બિરાજ્યા.

સાંજે મહારાજ, ગોપાળાનંદ સ્વામી તથા અન્ય સંતોને લઈને યજ્ઞશાળામાં પધાર્યા. અહીં યજ્ઞની વેદીનું નિરીક્ષણ કર્યું. નરનારાયણ દેવની મૂર્તિઓ યજ્ઞશાળામાં પધરાવી હતી. યજ્ઞ કરાવનાર આચાર્યોને બીજે દિવસે

બંધ બેસતો નથી, કારણ કે મૂળજી બ્રહ્મચારીએ રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી હતી. કેટલેક સ્થળે ઉદેપુરની રાણી તરીકે પણ તેમને ઓળખાવ્યાં છે. ઉદેપુરનાં રાણા ભીમસિંહને સત્તર રાણીઓ હતી. તેમાંનાં ઝમકુબા એક હોઈ શકે. 'ભીમવિલાસ' ગ્રંથ ગઢવી કિશનજી આઢાએ લખ્યો છે, તેમાં રાણા ભીમસિંહના જીવનના પ્રસંગો છે, પણ તે ગ્રંથ અપ્રગટ છે અને તેની હસ્તલિખિત પ્રત ક્યાં છે તે ચોક્કસ સ્થાન જાણવા મળ્યું નથી. તેથી આ ગ્રંથમાં શું હકીકત છે તે જાણવા મળી શકતું નથી.

વળી, બીજો ઉલ્લેખ છે કે ઝમકુબા જોધપુરના રાઠોડની દીકરી હતાં અને ઉદેપુર રાજ્યના જાગીરદાર સાથે તેમનાં લગ્ન થયાં હતાં તે હકીકત શ્રી નરનારાયણ મંદિર, અમદાવાદના એક વૃદ્ધ સંત પાસેથી મળી છે પણ તેને સમર્થન મળતું નથી. વળી, ઉદેપુરના રાજ્ય પુરોહિતની તે કન્યા હતી અને તેનું નામ કરમૈતીબાઈ હતું. તેમને સુખાનંદ સ્વામી થકી સત્સંગ થયો હતો. આ ઉલ્લેખ સત્સંગમાંથી જ મળે છે પણ તે ખોટો છે. કારણ કરમૈતીબાઈ જયપુર પાસે ખંડલા સ્થાનના રાજ્યકુળ પુરોહિત પરશુરામની પુત્રી હતી. તેનાં લગ્ન કર્યાં હતાં અને તેને સાસરે મોકલવાની હતી તેથી તે ઘેરથી નાસી, મરેલ ઊંટના ખોખામાં ત્રણ દિવસ ગુપ્ત રહી. પછી વૃંદાવન ગઈ હતી. તેની ભાળ મળી. તેનો ઉપદેશ સાંભળી પરશુરામને પણ ભક્તિનો રંગ લાગ્યો. પછી પુત્રી માટે તેણે વૃંદાવનમાં ઝૂંપડી બંધાવી દીધી. જે આજ પણ તૂટેલી હાલતમાં મૌજુદ છે. કરમૈતીબાઈનો સમય લગભગ ચારસો વર્ષ પહેલાંનો છે. (કલ્યાણ ભક્તાંક, પાન. ૬૩૩)

સંશોધન કરતાં મળેલા આ બધા વિવિધ વિકલ્પો પૈકી, વધુ પ્રમાણભૂત વિકલ્પ આ જણાય છે : ઝમકુબાનો જન્મ વાગડ ગામે થયો હતો. એમના પિતાનું નામ ખોડાભાઈ હતું. માતાનું નામ વ્રજકુંવરબા હતું. તેમના મોટાભાઈનું નામ હરિસંગ હતું. તેમના મોટાભાઈ હરિસંગ બહુ પરાક્રમી, બુદ્ધિશાળી અને રાજનીતિજ્ઞ પુરુષ હતા અને ખૂબ જ હોશિયાર હતા.

શ્રીજીમહારાજ વાગડ પધારેલા ત્યારે તેમને (હરિસંગને) વર્તમાન ધરાવેલા અને માથે બે હાથ મૂકી આશીર્વાદ આપેલા. આ વખતે વાગડ ગામ નીચે નાનાં દસ ગામ હતાં અને ભાવનગર મહારાજા પાસેથી પણ થોડી ઘણી તકરાર થતાં ધંધુકા પાસે

સવારે શુભ મુહૂર્તમાં યજ્ઞ પ્રારંભ કરવાની સૂચના આપી. એટલે આચાર્યે પૂછ્યું : "મહારાજ ! આપ ક્યારે પધારશો ?"

"પ્રારંભમાં જ, સર્વ વિધિ અમારે જ કરવાની છે." મહારાજે તરત જ કહ્યું.

આચાર્ય આ સાંભળી રાજી થઈ ગયા. મહારાજ સ્વયં પધારશે, યજ્ઞવિધિ કરશે, તેથી મૂર્તિઓમાં સાક્ષાત્ શ્રી નરનારાયણ દેવ બિરાજશે. કેવળ કર્મકાંડની

કોઠડીયા ગામ એ નામમાં લીધેલું. આ વખતે વાગડના દરબારોની દીકરીઓની લેવડદેવડ રાજસ્થાન સાથે હતી. રાજાઓ સાથે સંબંધ માટે બ્રાહ્મણો કન્યા ને કુંવર જોવા માટે જે તે દેશોમાં ફરતા. આવો રિવાજ હતો. ઉદેપુરથી બ્રાહ્મણ ઉદેપુરના રાણા માટે કન્યા જોવા નીકળેલા તેમાં વાગડ આવેલા. ઝમકુબા (ઉર્ફે જનકબા) બહુ રૂપાળાં હતાં. તેઓ મહારાજના ભજન-કીર્તનમાં ઝાંઝરી પહેરી નાચતાં-કૂદતાં એટલે તેમનું હુલામણું નામ જનકબાને બદલે ઝમકુબા પાડ્યું હતું.

બ્રાહ્મણે ઝમકુબાને જોયાં. બ્રાહ્મણે ઉદેપુરના રાણા માટે માંગણી કરી. ઉદેપુરના રાણા દારૂ-માટીના વ્યસની હોવાને લીધે ના પાડેલી. આથી ઉદેપુરના રાણાએ હરિસંગ બાપુને તથા તેના કુટુંબી ભાઈઓને અમદાવાદ મુકામે પેશ્વા મારફતે બોલાવ્યા અને જેલમાં પૂરી દીધા. બીજે દિવસે શ્રીજીમહારાજે આવી દિવસના ૧૨-૦૦ વાગ્યે જેલમાંથી છોડાવ્યા અને પૂછ્યું કે "તમને વગર વાંકે જેલમાં કેમ પૂર્યા ?" પછી દરબારોએ સંકોચાતાં સંકોચાતાં ધીરે રહીને વાત કરી કે "અમારાં બહેન ઝમકુબાની માગણી ઉદેપુરના રાણાએ કરેલી. પણ તેઓ બહુ કુસંગી હોવાથી અમે ના પાડેલી. તો હવે જેમ આપ કહો તેમ કરીએ."

ત્યારે શ્રીજીમહારાજે કહેલું કે "તમે તમારી બહેનનાં લગ્ન ઉદેપુરના રાણા સાથે કરજો અને અમે એમની રક્ષા કરીશું." (આવું કહેવાનું કારણ એ હતું કે હરહંમેશ રાણા તરફથી ઉપાધિ - હેરાનગતિ ન થાય એ માટે મહારાજે આજ્ઞા કરેલી.)

એટલે ઝમકુબાનાં લગ્ન ઉદેપુરના રાણા સાથે કર્યાં અને ત્યાં ઉદેપુરના રાણાએ સત્સંગ છોડાવવા માટે એમને ખૂબ હેરાનગતિ કરવા માંડી. ઝમકુબાને જુદો બંગલો આપ્યો. ત્યાં ચોકીપહેરો ગોઠવવામાં આવ્યો અને અભક્ષ્ય વસ્તુ ખવડાવવા માટે દાસ-દાસીઓ તરફથી ખૂબ જ આગ્રહ કરવામાં આવ્યો. ત્રણ દિવસ સુધી ઝમકુબા ભૂખ્યાં રહ્યાં. પછી ઝમકુબાએ શ્રીજીમહારાજને પ્રાર્થના કરી કે "કાં તો દેહ છોડાવો, કાં તો ગમે તે રીતે મારી રક્ષા કરો."

તે જ રાત્રે શ્રીજીમહારાજે દિવ્ય સ્વરૂપે દર્શન દીધાં અને ઝમકુબાને કહ્યું કે "આ બંગલાની બારીએ દોરડું બાંધેલું છે ત્યાંથી નીચે ઊતરો. અમે રક્ષા કરીશું." નીચે ઊતર્યા પછી બ્રાહ્મણના રૂપે મહારાજ આગળ ચાલ્યા અને ઝમકુબા પાછળ ચાલતાં હતાં. આખી રાત ચાલીને દૂર નીકળ્યાં બાદ દરબારમાં ખબર પડી ➤

વિધિથી મૂર્તિઓમાં ભગવાનનો વાસ થતો નથી, પરંતુ પ્રતિષ્ઠા કરનાર સાક્ષાત્ ભગવાન અથવા તો તેમના પરમ એકાંતિક સંત હોય તો જ મૂર્તિઓમાં તે તે સ્વરૂપનું દૈવત આવે છે.

મહારાજ યજ્ઞવિધિ કરવા બિરાજે છે

બીજે દિવસે પ્રાતઃકાળમાં મહારાજ યજ્ઞશાળામાં વિધિ કરવા આવી ગયા.

કે રાણી ભાગી ગયાં છે. એટલે રાણાએ રાણીને શોધવા વાર (સૈન્ય) મોકલ્યું. બ્રાહ્મણના વેશમાં સાથે રહેલા મહારાજને ખબર પડી કે વાર (સૈન્ય) પાછળ આવે છે, એટલે ઝમકુબાને એક ઊંટનું હાડપિંજર પડેલું હતું તેમાં સંતાડી દીધાં અને પોતે અદૃશ્ય થઈ ગયા !

બીજે દિવસે મહારાજે આવી, ઝમકુબાને જગાડી બહાર કાઢ્યાં. રસ્તે ચાલતાં નદી આવી ત્યારે મહારાજે કહ્યું : "તમો અશુદ્ધ છો તેથી સ્નાન કરી લો." ઝમકુબા નાહીને બહાર આવ્યાં. પછી બ્રાહ્મણે કહ્યું કે "તમે ઘણાં દિવસના ભૂખ્યાં છો એટલે આ સુખડી જમી લો. ઘણાં થાકી ગયાં છો એટલે થોડી વાર આરામ કરો. હું અહીં બેઠો છું." પછી ઝમકુબાએ આરામ કર્યો. થોડી વારે પોતે જાગ્યાં ત્યારે સારંગપુર પાસે કુંડળ ગામમાં તેઓ હતાં.

આ વખતે મહારાજ કારિયાણીમાં વસ્તાખાચરના દરબારમાં બિરાજતા હતા. બ્રાહ્મણરૂપે કુંડળથી કારિયાણીના વસ્તાખાચરના દરબાર સુધી ઝમકુબાને પહોંચાડી બ્રાહ્મણે એમ કહ્યું : "અહીંયાં સાક્ષાત્ શ્રીજીમહારાજ બિરાજે છે. એટલે એમની પાસે જાઓ."

પછી શ્રીજીમહારાજે તેમને લાડુબા-જીવુબા સાથે ગઢડા મોકલ્યાં. અહીં તેઓ મહિમા સહિત સેવામાં પરોવાઈ ગયાં. ગઢડામાં દરબારના ફળિયામાં તેઓ કાયમ કચરો વાળતાં. એક દિવસ શ્રીજીમહારાજે લાડુબા-જીવુબાને પૂછ્યું કે "દરબારમાં દરરોજ કચરો કોણ વાળે છે ?"

ત્યારે ઝમકુબાથી અપરિચિત લાડુબા-જીવુબાએ કહ્યું કે "કોઈક એક બાઈ પરદેશનાં આવ્યાં છે તેઓ વાળે છે."

પછી તો મહારાજે જવાબ આપ્યો : "તે તો ઉદેપુરનાં રાણી છે અને તમારાં જેવાં દાસ-દાસીઓ તેમને ઘણાં હતાં તે છોડીને અહીં ભગવાન ભજવા આવ્યાં છે."

લાડુબા સમજી ગયાં. પછી મહારાજે તેમને માથે મુંડન કરાવી 'માતાજી' નામ આપી ભુજમાં લાધીમા પાસે મોકલી દીધાં. (હાલ શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરમાં સેવા કરતા વાગડના બાપુ મહીપતસિંહજીએ વાગડ દરબારોના વહીવંચા પાસેથી આ હકીકત મેળવી છે.) – લેખક

મહારાજ પધાર્યા અને બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર શરૂ કર્યા. સ્ત્રીઓએ મંગળ ગીતોનું ગાન શરૂ કર્યું. વાજિંત્રો પણ વાગવા લાગ્યાં. ગ્રહોનું સ્થાપન થયું. પ્રધાનદેવતા તથા અંગદેવતાની પણ વિધિ પ્રમાણે યજ્ઞશાળામાં પ્રતિષ્ઠા કરી. પછી ગ્રહશાંતિ વિધિનો પ્રારંભ કર્યો. કુશાંડી કર્મ કરી અગ્નિસ્થાપન કર્યું. જુદા જુદા ગ્રહોને જુદા જુદા સમિધથી આહુતિઓ આપી. ઘૃત અને તલ તથા ફળોનો હોમ કર્યો.

આ રીતે વેદોક્તવિધિ પ્રમાણે યજ્ઞનો પ્રારંભ થયો. નરનારાયણ દેવની પ્રતિષ્ઠાનો સમય થયો એટલે વિધિપૂર્વક યજ્ઞની સમાપ્તિ કરી.

નરનારાયણ દેવની પ્રતિષ્ઠા

આ.સં. ૧૮૭૯ના વૈશાખ સુદ ૫ના મુહુર્ત પ્રમાણે નરનારાયણ દેવની મૂર્તિઓને મંદિરમાં વચલા સિંહાસનમાં પધરાવી દીધી. મહારાજ મધ્ય મંદિરના બારસાખ વચ્ચે ઊભા રહ્યા. અંગન્યાસની વિધિ કરાવી પોતે બંને મૂર્તિઓનો સ્પર્શ કર્યો. મહારાજના દિવ્ય સ્પર્શથી જ મૂર્તિઓ દિવ્ય તેજથી પ્રકાશિત થઈ ગઈ ! પછી મહારાજે હાથમાં આરતી લીધી. ઘંટારવ, નગારાં તથા વાજિંત્રોના ઘોષ થયા. સર્વત્ર જયજયકાર પ્રવર્તી ગયો ! આ દિવ્ય પ્રસંગના હર્ષોન્માદથી સૌ ઘેલા બની ગયા. સૌને લાગ્યું કે કચ્છના સત્સંગને આ સ્થાન થતાં દૈવત મળી ગયું ! મહારાજે આરતી પૂરી કરી અને 'નરનારાયણ દેવની જય'થી મંદિર ગાજી ઊઠ્યું.

બીજે દિવસે મહારાજે બ્રાહ્મણોની ચોરાસી કરી. બ્રાહ્મણોને મનગમતાં ભોજન જમાડી તૃપ્ત કરી, દક્ષિણા આપી પ્રસન્ન કર્યા.

મહારાજ ભુજનગરમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ ત્યાંના હરિભક્તોએ રસોઈઓ આપી મહારાજની તથા સંતોની સેવાનો લાભ લીધો. પછી મહારાજ ભુજનગરથી નીકળ્યા અને ફરતાં ફરતાં ગઢપુર પધાર્યા.

અહીં આ. સં. ૧૮૮૦ના પ્રારંભે અષાઢ સુદ એકાદશીએ ચાતુર્માસ બેઠો. શ્રીહરિએ સૌને વિશેષ નિયમો આપી વ્રતો શરૂ કરાવ્યાં.



ઉદ્‌ગીથ ૨૦

ધર્મકુળ પરિવારનું શ્રીહરિ સાથે મિલન

(આ.સં. ૧૮૮૦, ઈ.સ. ૧૮૨૩)

આ.સં. ૧૮૮૦ના જન્માષ્ટમીનો ઉત્સવ મહારાજે ગઢપુરમાં કર્યો.[૧૧૫] પંચાળામાં ફૂલદોલનો ઉત્સવ થયો અને ભુજનગરમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠાનો ઉત્સવ થયો. આ બંને પ્રસંગો ઉપર દેશ-પરદેશના ઘણા હરિભક્તો આવ્યા હતા. વળી, સંતનાં મંડળોને બોલાવી મહારાજે તેમને પણ બંને ઉત્સવોનો લાભ આપ્યો હતો. અહીં જન્માષ્ટમી ઉત્સવ ઉપર પણ બધાને બોલાવ્યા. આજુબાજુનાં ગામોનો થોડો સમૂહ આવી ગયો હતો.

દાદાખાચરના દરબારમાં મોટાં સાત ભવનો હતાં. પરંતુ તેની ઊભણી નીચી હતી. તેથી મહારાજે ઊંચી ઊભણીવાળાં ભવનો નવેસરથી તૈયાર કરવાનું કામ ગયા વર્ષથી શરૂ કરાવ્યું હતું. જૂનાં બે ભવનો તોડાવી નાંખ્યાં હતાં. તેમાં પશ્ચિમ દ્વારનાં ભવન સૌથી ઊંચાં થયાં હતાં. ગોંડલના દેવરાજ કડિયાને આ કામ માટે મહારાજે બોલાવ્યા હતા. તેણે તથા તેના પુત્રે દાદાખાચરની આવી ઉત્તમ સેવા કરી તેથી મહારાજ તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા અને તેમને શિરપાવ આપી રાજી કર્યા.

મહારાજ 'મોક્ષધર્મ'ના ગ્રંથનું પૂજન કરે છે

દશેરાના દિવસે શમીપૂજન કરવા મહારાજ લક્ષ્મીવાડીએ સંતમંડળ તથા ઉત્તમભૂપને લઈને પધાર્યા. અહીં મહારાજે 'મોક્ષધર્મ'ના ગ્રંથનું પૂજન કર્યું. મહારાજને આ ગ્રંથ પ્રિય હતો. તેમણે સંપૂર્ણપણે તે સાંભળ્યો હતો. તેની વારંવાર કથા થાય તેથી આ ગ્રંથ લહિયાઓ પાસે લખાવવાની મહારાજની ઈચ્છા હતી.

---

૧૧૫. આ.સં. ૧૮૮૦ શ્રાવણ સુદ ચોથથી ગઢડા મધ્યના ૩૧મા વચનામૃતથી વચનામૃત શરૂ થયાં.

મહારાજે શમીના વૃક્ષનું પૂજન કર્યું. ઉત્તમ રાજા પાસે પણ પૂજન કરાવ્યું. અહીં બેઠક ઉપર બિરાજી મહારાજે જ્ઞાનવાર્તા કરી. જમવાનો સમય થયો ત્યારે મહારાજ ઊઠ્યા અને માણકી ઉપર બિરાજીને સંત, પાર્ષદો સાથે દરબારમાં પધાર્યા. વાસુદેવ નારાયણને થાળ ધરાવ્યા પછી મહારાજ જમવા બિરાજ્યા.

મહારાજ ગઢપુરમાં રહ્યા ત્યાં સુધી જીવાખાચર રોજ દૂધ-દહીં મોકલતા. તેમને સો ગાયો હતી. ગાયોનું દૂધ પણ ઘટ્ટ અને સ્વાદિષ્ટ હતું. મહારાજને જમાડવાનો તેને ભાવ હતો. પરંતુ મહારાજને દાદાખાચર પ્રત્યે અત્યંત ભાવ હતો, તેથી મહારાજના સ્વરૂપમાં તેમને મનુષ્યભાવ આવતો. તે ભાવથી તે દાદાખાચરનું અનિષ્ટ કરવા અણછાજતું કામ પણ કરી બેસતા, પણ મહારાજ તેમનું ચાલવા દેતા નહીં. આથી તેમના રોષમાં વધારો થતો.

મહારાજ જમી રહ્યા પછી ચોકમાં સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. સંતો મોતૈયા લાડુના થાળ લઈને મહારાજ સાથે ફરતા હતા. મહારાજના વાંસામાં બ્રહ્મચારી પવન ઢોળતા હતા. વાસુદેવાનંદ મહારાજના શરીરે પરસેવો થતો તે લૂછી નાંખતા. મહારાજની સર્વ પ્રકારે સેવા કરવી એ આ સંતોએ ધર્મ માન્યો હતો. ભગવાનની આ પ્રકારની સેવા એ ભક્તિનું સ્વરૂપ હતું.

✧

ગઢપુરમાં મહારાજે શદરપૂનમ અને અન્નકૂટોત્સવ કર્યો. સંતોને શ્રાવણ સુદ ચોથથી કાર્તિક સુદ બીજ સુધી રાખીને ખૂબ ખૂબ આનદ કરાવ્યો. સતોએ મહારાજને પ્રસન્ન કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. જેમ મહારાજની આજ્ઞા થઈ એમ તેઓ વર્ત્યા હતા. પ્રબોધિની એકાદશીનો ધર્મદેવનો જન્મ ઉત્સવ પણ મહારાજે ગઢપુરમાં ઊજવ્યો. ગઢપુરમાં દીપોત્સવી તથા અન્નકૂટ ઉત્સવ ઉપર આવેલા હરિભક્તો આ ઉત્સવ સુધી રોકાઈ ગયા હતા.

આ ભક્તોનો ભાવ બરછટ નથી

માગશર માસમાં મહારાજ ઘણુંખરું અક્ષર ઓરડીમાં કે દરબારના ઓરડાઓમાં બિરાજતા અને ત્યાં જ સૌને દર્શન આપતા અને કથાવાર્તા કરતા. એક દિવસ કથા પ્રસંગમાં મહારાજના શરીર ઉપરથી શાલ નીચે ઊતરી ગઈ. તે જોઈ એક હરિભક્ત ઊઠ્યા અને પોતાના ખડિયામાંથી ધાબળો કાઢી મહારાજને ઓઢાડી દીધો. એકાએક આવો ભારે ધાબળો શરીર ઉપર પડતાં મહારાજ ચમક્યા ! તેમણે ઊંચું જોયું તો તે હરિભક્ત મહારાજ સન્મુખ હાથ જોડી ઊભા

હતા. મહારાજે ધાબળો જોયો. જાડી ઊનનો અને બરછટ, સુંવાળા શરીરની ચામડીને છોલી નાખે એવો એ ધાબળો હતો.

મુક્તાનંદ સ્વામીએ ધાબળો જોઈ લીધો. તે લઈ લેવા તેઓ તરત જ ઊભા થયા પરંતુ એટલામાં મહારાજે તે ઓઢી લીધો. સ્વામીએ કહ્યું : "મહારાજ ! આ શાલ ઓઢી લ્યો. ધાબળો બરછટ છે તેથી ચામડી ઉઝરડાઈ જશે."

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "પણ સ્વામી ! આ ભક્તનો ભાવ બરછટ નથી, બહુ જ સુંવાળો છે. માટે અમને તો ધાબળો સુંવાળો લાગે છે. આ શાલ હવે તમે રાખો." એમ કહી મહારાજે મુક્તાનંદ સ્વામીને શાલ આપી દીધી.

નિત્યાનંદ સ્વામી તથા અન્ય સંતો સૌ જોઈ રહ્યા. સૌએ મહારાજને પ્રાર્થના કરી. પરંતુ મહારાજે તેમને કહ્યું : "આ ધાબળો તો હવે અમે દેહપર્યંત ઓઢીશું." સૌ લાચાર બની ગયા ! ધાબળો આપનાર ભક્ત આ જોઈ વીલા થઈ ગયા ! મહારાજે તેમને કહ્યું : "ભગત ! તમે તો ખરા ટાણાની સેવા કરી છે."

આ પછી ઘણા સંતોએ મહારાજ પાસે આ ધાબળો માંગ્યો પરંતુ મહારાજ તે ધાબળો ખેંચીને ઓઢી રાખતા. કોઈને આપતા નહીં. કોઈ હરિભક્ત મહારાજને ઝીણી ધાબળી ઓઢાડતા તો મહારાજ તે ધાબળી બીજા સંતને આપી દેતા, પરંતુ પોતે તો આ ધાબળો જ ઓઢી રાખતા. મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, દાદાખાચર, સુરાખાચર સૌએ મહારાજ પાસેથી આ ધાબળો છોડાવવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો પરંતુ મહારાજે તે કોઈને ન આપ્યો. સૌને ચિંતા થતી હતી કે ધાબળો ઓઢવાથી મહારાજના શરીર ઉપર ઉઝરડા જરૂર પડશે, પણ સૌ નાઈલાજ બની ગયા હતા.

લ્યો, અમારા જડભરત !

માગશર સુદ પૂનમને દિવસે સવારના એક હરિભક્ત એક નવી ધાબળી લઈ મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા. તેમણે સ્વામીને કહ્યું : "સ્વામી ! મારે આ ધાબળી મહારાજને ઓઢાડવી છે."

તે સાંભળી સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : "જુઓ, સ્વામી ! મહારાજ અત્યારે એક જાડો બરછટ ધાબળો ઓઢે છે. કોઈક ભાવિક ભક્તે આપ્યો છે તે હવે છોડતા જ નથી. મોટેરા સદ્‌ગુરુઓએ માંગ્યો પણ મહારાજે તે કોઈને આપ્યો નહીં અને જે કોઈ ઝીણી ધાબળી મહારાજને ઓઢાડે છે તે મહારાજ બીજા સાધુને આપી દે છે. તમે મહારાજ પાસે જઈને એ

ધાબળો માંગો.'' સ્વામીએ કહ્યું : ''ભલે.'' મુક્તાનંદ સ્વામી સ્વામીને તથા પેલા હરિભક્તને લઈને મહારાજ પાસે ગયા. સ્વામીએ મહારાજને દંડવત્ કર્યા. પછી હાથ જોડી કહ્યું : ''મહારાજ ! મારી પાસે ગરમ ઓઢવાનું કાંઈ નથી, તો આપનો પ્રસાદીનો ધાબળો મને આપો.''

એટલે મહારાજે કહ્યું : ''એ તો અમારા માટે રાખ્યો છે તે ન અપાય. એ જેવો બીજો ધાબળો હવે ન મળે !''

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આ તમારા નિર્ગુણાનંદજી તો જડભરત જેવા છે. તેમને તે ધાબળો આપશો તો રાજી થશે.''

આ સાંભળી મહારાજ રાજી થયા અને ઊભા થઈને પોતે ઓઢેલો તે ધાબળો ગુણાતીતાનંદ સ્વામીને ઓઢાડ્યો અને બોલ્યા : ''લ્યો, અમારા જડભરત !'' સ્વામી ધાબળો લઈને ત્યાંથી જતા રહ્યા.

પછી મુક્તાનંદ સ્વામીએ સાથે આવેલા હરિભક્તને કહ્યું : ''તમે મહારાજને આ ધાબળી ઓઢાડો.''

તેણે મહારાજને ધાબળી ઓઢાડી. જ્યારે મોટેરા સંતોએ તથા હરિભક્તોએ જાણ્યું કે મહારાજે ધાબળો ગુણાતીતાનંદ સ્વામીને 'જડભરત' કહી આપી દીધો ત્યારે સૌએ સ્વામી પ્રત્યે મહારાજનો કેવો પ્રેમ છે તે જાણ્યું. તેમને લાગ્યું કે ખરેખર ! સ્વામી જડભરત જેવી સ્થિતિવાળા સંત છે.

અમારા સંબંધી ધર્મ અને ભક્તિ છે

ગઢડામાં માગશરના કૃષ્ણ પક્ષમાં એક દિવસ મહારાજ સભામાં વાતો કરતા હતા. એટલામાં એક હરિભક્તે સમાચાર આપ્યા કે ''ધર્મકુળનો પરિવાર ગુજરાતમાં આવી ગયો છે.'' તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ તેને પૂછ્યું : ''તમને આ સમાચાર ક્યાંથી મળ્યા ?''

તેણે કહ્યું ''શ્રીહરિના બંને ભાઈઓ તથા તેમનો પરિવાર બામણગામથી બોચાસણ આવી ગયો તે સમાચાર બોચાસણના કાશીદાસ મુખીએ આપ્યા. તેથી હું અહીં આ સમાચાર આપવા આવ્યો છું. ધારણા પ્રમાણે બે-ત્રણ દિવસમાં બધો જ સંઘ આવી પહોંચશે.''

એટલે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : ''પરિવારમાં કોણ કોણ છે તે સમાચાર આપ્યા છે ?''

''હા, મહારાજના મોટાભાઈ રામપ્રતાપભાઈ, સાથે તેમનાં પત્ની

સુવાસિની, મોટા પુત્ર નંદરામ તેમજ મહારાજના વિશ્રામ મામાના પુત્ર મંછારામ વગેરે છે. બીજાં નામ તો હું ભૂલી ગયો છું. નાના ભાઈ ઇચ્છારામભાઈ સાથે તેમની પત્ની વરિયાળી, મોટા પુત્ર ગોપાળ, સીતારામ, બદરિનાથ તથા તેમના મામા સુફળ છે.''

મહારાજ આ વાત સાંભળતા હતા. પરંતુ તેમના મુખારવિંદ ઉપરના ભાવ સ્થિર હતા. મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : ''મહારાજ ! ધર્મદેવનો પરિવાર ગુજરાતમાં આવી ગયો છે. તેમનું સન્માન કરવા કાઠી દરબારો તથા અમે બધા આગળ જઈએ ?''

મહારાજે કહ્યું : ''અહીં આવતા હજુ બે-ત્રણ દિવસ થશે. પરમ દિવસે દાદાખાચર તથા વસ્તાખાચર આગળ જાય. ગામની ભાગોળે આવે ત્યારે બધા ભક્તો અને સંતો જાય.''

મુક્તાનંદ સ્વામી સાંભળી રહ્યા. તેમણે પૂછ્યું : ''આપ નહીં પધારો ?''

મહારાજે કહ્યું : ''સ્વામી ! જુઓ, ધર્મદેવને ધર્મનું પ્રતીક સમજી અમે પિતા માની સન્માન્યા, સેવા કરી અને છેવટે તેમનો મોક્ષ કર્યો. ભક્તિદેવીને અમે ભક્તિનું સ્વરૂપ માની, તેમનામાં માતાનો ભાવ લાવી, તેમની પણ સેવા કરી અને અંતે મોક્ષ કર્યો. અમે જ્યાં છીએ ત્યાં અમારા એ સંબંધી ધર્મ અને ભક્તિ અમારી સાથે છે જ. અને જેમનામાં ધર્મ તથા ભક્તિ છે એ જ અમારા સગાં-વહાલાં છે, એ જ અમારા સંબંધીઓ !'' એટલું બોલી મહારાજ શાંત થઈ ગયા.

પરંતુ મહારાજ ધર્મ-ભક્તિના પરિવાર પ્રત્યે આ રીતે વિરક્ત ભાવ બતાવે તે મુક્તાનંદ સ્વામીને રુચ્યું નહીં. તેમણે ફરી કહ્યું : ''આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો તેથી આપને માટે આ સંબંધો બધા મિથ્યા છે. પરંતુ સુવાસિની બાઈએ આપના ઉપર જે પ્રેમ વરસાવ્યો છે, આપને લાડકોડથી ઉછેર્યા છે, આપે ગૃહત્યાગ કર્યો ત્યારે આપના વિયોગમાં ઝૂરી ઝૂરીને શરીર ધોઈ નાંખ્યું છે તો તેમનો આપના પ્રત્યેનો એવો ગાઢ પ્રેમ તે શું આપના પ્રત્યેની એમની એ ભક્તિ ન કહેવાય ? એમને એવા ભક્ત જાણીને તો દર્શન દેવા આપે આવવું જ જોઈએ.''

ભાભીને તો દર્શન દેવા જવું જોઈએ

મહારાજ સમજી ગયા. મુક્તાનંદ સ્વામીની કૃપાળુતા, દયા ! તેથી જ તો સમગ્ર સત્સંગીઓ, પછી તે સાધુ હોય કે હરિભક્ત હોય સૌને તેઓ માતા

સમાન જ લાગતા. માતાના હૃદયમાંથી છૂટતી પ્રેમની ધારા તેમની આંખો દ્વારા, વાણી દ્વારા, સેવા દ્વારા સમગ્ર સત્સંગે અનુભવી હતી. તે દયાનો ભાવ તેમની વાણીમાં મહારાજને આજે દેખાયો. મહારાજના વેણ ઉપર કદી પણ વેણ ન બોલનાર, મહારાજની મર્યાદા સદા કડક રીતે સાચવનાર મુક્તાનંદ સ્વામીએ આજે ધર્મકુળના પરિવાર માટે મહારાજને આગ્રહપૂર્વક બે શબ્દો કહ્યા. મહારાજ તેમની ભક્તિની ગહનતા સમજતા હતા. તેથી જ સુવાસિની ભાભીનો ભાવ સ્વામી પારખી ગયા હતા. બાળવયમાં ભાભીની ભક્તિનો સ્વાદ મહારાજે માણ્યો હતો. તેમને એ યાદ આવી ગયો.

મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મોટાભાઈએ પંચાળામાં મને ભાભીના આપની સાથેના પ્રસંગો કહ્યા હતા. આજે ભાભી વૃદ્ધ થયાં છે. આપના વિયોગથી તેમની નિસ્તેજ થઈ ગયેલી આંખો આપનાં દર્શનથી પ્રકાશમય થઈ જશે. વૃદ્ધત્વથી શિથિલ થયેલાં અંગો પાછાં સચેતન થઈ જશે. આપ દર્શન દેવા જશો તો આપના ભગવાનપણાનું એ ગૌરવ ગણાશે. નહીં જાઓ તો પછી લોકો ગાણા ગાશે."[૧૧૬] સ્વામીએ કહ્યું અને મહારાજ હસ્યા.

ત્યારબાદ મહારાજ સાજસામાન સાથે કારિયાણી પધાર્યા.[૧૧૭]

તમે સદ્ધર આસામી લાગો છો

કારિયાણીમાં જ્યાં જૂનું હરિમંદિર[૧૧૮] હતું તે જગ્યાએ વિશાળ ચોક હતો. ત્યાં મહારાજ પૂર્વાભિમુખે ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા અને જ્ઞાનવાર્તા કરતા હતા. તેવામાં એક હરિભક્ત આવ્યા. તેણે મહારાજને કહ્યું : "મહારાજ ! મારે આપનું પૂજન કરવું છે."

---

૧૧૬. *ઉદ્ધવ એનું કપટ અતિ ભારી, જાણે એવાં નહીં કોઈ નરનારી,*
પહેલી કરે પ્રીતિ જે સંગે, રાચે રસિયો તેને રંગે,
પછી તેને ત્યાગે સૌ અંગે...ઉદ્ધવ એનું કપટ. કડવું-૩૭
ઉદ્ધવજી અમને દુઃખ દીધું વાલમે,
કો' કોણ આગળ કહીએ દુઃખની વાત જો,
મોહનવર મથુરા જઈ પાછા નાવિયા,
કીધી અમશું કાનકુંવર બહુ ઘાત જો. કડવું-૯૩
– ઉદ્ધવગીતા (લેખક : મુક્તાનંદ સ્વામી)

૧૧૭. ગઢડા મધ્ય પ્રકરણનાં ૪૨ વચનામૃત સુધીનાં વચનામૃત પૂરાં થયાં.

૧૧૮. આ મંદિરની જગ્યાએ અત્યારે સુંદર શિખરબદ્ધ મંદિર થયું છે.

મહારાજે હસીને કહ્યું : "ભલે, આવી જાવ. અમે તૈયાર જ બેઠા છીએ."

મહારાજના આ શબ્દો સાંભળી તે ભક્તને અત્યંત આનંદ થયો. તેણે તરત જ કેસરમિશ્રિત ચંદનથી મહારાજના ભાલમાં આડ કરી, વચ્ચે કુમકુમનો ચાંદલો કર્યો, પુષ્પના હાર પહેરાવ્યા અને વસ્ત્રો ઓઢાડ્યાં. પછી રૂપિયા બસો મહારાજનાં ચરણમાં ભેટ મૂક્યા. આટલી મોટી ભેટ જોઈ મહારાજે તેને પૂછ્યું : "ભગત ! તમે સદ્ધર આસામી લાગો છો."

ત્યારે તેણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની સેવા કરવા માટે ઘણા વરસથી મહેનત કરી આ બધું ભેગું કર્યું હતું. આજે મારો એ સંકલ્પ આપે સફળ કર્યો."

મહારાજે તરત જ પૂછ્યું : "પણ તમારા માટે કાંઈ રાખ્યું છે કે નહીં ?"

તેણે તેવા જ ભાવથી કહ્યું : "મહારાજ ! આપની દયાથી પેટ પૂરતી મજૂરી મળી રહે છે અને ગુજરાન ચાલે છે."

મહારાજ તેની ભક્તિથી બહુ જ પ્રસન્ન થયા.

મહારાજ રૂપિયા કૂવામાં નાંખે છે

મહારાજની પાસે જે સંતો બેઠા હતા તેમને મહારાજે કહ્યું : "સંતો ! આ રૂપિયા લઈ લ્યો." એટલે સંતોએ કહ્યું : "મહારાજ ! અમારે તો એ વિષ્ટાતુલ્ય થઈ ગયા છે. અમે તેને શું કરીએ ?" એટલે મહારાજે કહ્યું : "તો પછી અમારે પણ શું કરવા છે !" એમ કહી મહારાજે તે રૂપિયામાંથી ખોબો ભરીને રૂપિયા ત્યાં કૂવો હતો તેમાં નાંખ્યા. બીજા વધેલા રૂપિયા બાજુમાં પાંચો કોળી રહેતો હતો તેના ખોરડા ઉપર નાંખ્યા.

ખોરડા ઉપર રૂપિયા પડ્યા તે અવાજ સાંભળી પાંચાની મા ફળિયામાં દાણા સમા કરતી હતી તે બોલી ઊઠી : "મારો પીટ્યો કોણ ખોરડે પાણા નાંખે છે ?"

એટલામાં તો ખોરડા ઉપરથી રૂપિયા દડતા દડતા નીચે પડ્યા. રૂપિયા જોઈ ડોશીમા ઘેલાં થઈ ગયાં ! તેના હાથમાં દસ રૂપિયા આવ્યા. તેને થયું કે "ભગવાને લક્ષ્મી આકાશમાંથી મોકલી."[૧૧૯]

મહારાજે તે ભક્તને પૂછ્યું : "ભગત ! તમે તો અમારી સેવા કરી પણ

---

૧૧૯. આ રૂપિયા વરતાલમાં અક્ષર ભવનમાં મહારાજની કાષ્ઠની મૂર્તિના સિંહાસનમાં છે. પાંચા કોળીને મહારાજની પ્રસાદીના રૂપિયા મળ્યા તે પ્રતાપે થોડા વખતમાં તેની પાસે દસ હજારની રકમ એકઠી થઈ ગઈ.

અમે રૂપિયા નાંખી દીધા તેથી તમને કાંઈ સંકલ્પ તો થયો નથી ને ?''

ભગતે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આપે રૂપિયા સ્વીકાર્યા એ જ મારાં મોટાં ભાગ્ય ! પછી તે રૂપિયા આપે આપના સમજીને નાંખી દીધા તેમાં મને શું સંકલ્પ થાય ?'' મહારાજ પોતાની આ ક્રિયામાં તેનો દિવ્યભાવ જોઈ તેના ઉપર પ્રસન્ન થઈ ગયા !

ધર્મકુળ કારિયાણી આવે છે

ધર્મકુળનો પરિવાર મહીસાગર ઊતરી આગળ ચાલ્યો. પરંતુ પાછળ રઘુવીરજી તથા તેમના સુફળ મામા નદી ઊતરતા હતા ત્યાં અધવચ્ચે સમુદ્રની વેળમાં આવી તેમાં તણાવા લાગ્યા. રઘુવીરજીને થયું કે ઠેઠ ઉત્તર ભારતથી અહીં સુધી આવ્યા પરંતુ હવે મહારાજનાં દર્શન થશે નહીં. મૃત્યુ હવે હાથવેંતમાં છે. તેમને મહારાજની આ પ્રસંગે સ્મૃતિ થઈ કે તરત જ સમુદ્રની વેળાનો વેગ ઓછો થયો અને સામે કાંઠેથી તરવૈયાઓ તેમને ડૂબતા જોઈ હોડી લઈને પાણીમાં પડ્યા. થોડી વારમાં તો હોડી તેમની પાસે આવી ગઈ. રઘુવીરજીએ હોડી આવતાં જોઈ. તેમને થયું કે મહારાજે જ સહાય કરી છે. નાવિકોએ પાસે આવી તેમને હોડીમાં બેસાડી દીધા. રઘુવીરજી તથા સુફળ હેમક્ષેમ સામે કાંઠે પહોંચી ગયા. ત્યાંથી બોચાસણ જઈ રામપ્રતાપભાઈની સાથે થઈ ગયા. અહીંથી વરતાલ આવ્યા. અહીં ધારુ તળાવડી પાસે ભક્તોનો મેળાપ થયો. તેમણે તેમનું સન્માન કર્યું, જમાડ્યા.

પછી સંઘ કારિયાણી તરફ ચાલ્યો. કારિયાણીથી એક ગાઉ દૂર હતા ત્યારે મુક્તાનંદ સ્વામીની વિનંતીથી મહારાજ થોડા પાર્ષદોની સાથે તેમની સન્મુખ પધાર્યા. અન્ય સંતો, હરિભક્તો તેમજ ગઢપુરથી ખાસ ધર્મકુળના પરિવારનાં દર્શન કરવા આવેલ દાદાખાચર, જીવુબા, લાડુબા વગેરે ભક્તો તો પાંચ-છ ગાઉ આગળ ગયાં. તેમને ધર્મકુળના પરિવારનાં દર્શનની તાલાવેલી લાગી હતી. દૂરથી આવતાં ગાડાંઓ તથા રથ અને માફા જોઈ સૌના હર્ષનો પાર ન રહ્યો. પાસે આવ્યા એટલે સૌ મળ્યા. સંતોએ રામપ્રતાપભાઈ તથા ઇચ્છારામભાઈને દંડવત્ કર્યા. જીવુબા, લાડુબાએ તેમજ અન્ય સ્ત્રીભક્તોએ સૌને પંચાંગ પ્રણામ કર્યા. સુવાસિની ભાભીને અતિ પ્રેમથી ભેટ્યા. સૌની આંખોમાં હર્ષનાં આંસુ હતાં. વધુ વાતચીત કરવાનો સમય ન હતો, કારણ કે સૌને મહારાજનાં દર્શનની ઉત્સુકતા હતી. તેથી ત્યાં વધુ ન રોકાતાં ત્યાંથી બધાં તરત જ આગળ ચાલ્યાં.

કારિયાણી લગભગ એક ગાઉ દૂર રહ્યું ત્યાં તેમને સામેથી માણકી ઉપર આવતા મહારાજ અને પાર્ષદોનાં દર્શન થયાં. માણકી વેગમાં દોડતી હતી. તેને પણ ધર્મકુળને મળવાની આતુરતા હતી. પાસે આવ્યા ત્યારે મહારાજ માણકી ઉપરથી ઊતરી તેને અઢેલીને ઊભા રહ્યા. સુવાસિની ભાભી રથમાંથી ઊતરી પડ્યાં. તેમણે મહારાજને સામે ઊભેલા જોયા. અણસાર ઉપરથી ઓળખી કાઢ્યા. તેમને જોઈને જ તેમની આંખોમાંથી અશ્રુની ધારા ચાલવા લાગી. આટલાં વર્ષોના વિરહથી તેમનું સુકાયેલું શરીર ધ્રૂજવા લાગ્યું. તે ત્યાં જ સ્થિર થઈ ગયા ! મહારાજ પણ તેમને જોઈ માણકીને અઢેલીને ઊભા હતા તે ટટ્ટાર થઈ સ્થિર થઈ ગયા. અનિમિષ નેત્રે બંને એકબીજાનાં દર્શન કરી રહ્યાં હતાં. વાચા થંભી ગઈ હતી. સમગ્ર સંઘ પણ આ દૃશ્યથી ચિત્રવત્ થઈ ગયો ! જ્યાં ઊભા હતા ત્યાં જ સૌ ઊભા રહી ગયા !

ઘનશ્યામ ભૈયા ભગવાન થઈ ગયા છે !

સુવાસિની ભાભીના મુખમાંથી શબ્દો નીકળી પડ્યા : "ઘનશ્યામ ભૈયા ! ભૈયા." એટલા જ શબ્દો બોલતાં તે તરત ત્યાં જ ઢળી પડ્યાં ! જીવુબા તથા લાડુબા તેમની પાસે ગયાં. તેમનાં મુખ ઉપર પાણી છાંટ્યું. થોડી વારે ભાભી સ્વસ્થ થયાં પરંતુ તે મહારાજની પાસે આવી શક્યાં નહીં. તેમને લાગ્યું કે ઘનશ્યામ ભૈયા ભગવાન થઈ ગયા છે, મારા લાલ મટી ગયા છે. મારા હાથે જેમને જમાડતી, માખણ-મિસરી ખવરાવતી તે આ ઘનશ્યામ નથી. તે ભગવાન છે. અતિ મહાન છે. હું અલ્પ છું. અમારાં બંને વચ્ચે મોટી દીવાલ ઊભી થઈ ગઈ છે.

તેમને વિચાર કરતાં જોઈ મહારાજે કહ્યું : "ભાભી ! હું હજુ તારા માટે તો બાળ ઘનશ્યામ જ છું. મેં તને નો'તું કહ્યું કે મારો સંબંધ જેને થયો છે તેને હું કદી રઝળાવીશ નહીં."

ભાભી ! તારો પ્રેમ પાર્થિવ નથી પણ દિવ્ય છે

ભાભીના સ્મૃતિપટ પર આ શબ્દો પડ્યા અને ઘનશ્યામના કિશોર સ્વરૂપની અનેક મૂર્તિઓ તેની સામે દેખાવા લાગી. મહારાજ ઘનશ્યામ સ્વરૂપે ભાભી સામે દેખાયા. ઘનશ્યામને જોઈ ભાભી એકદમ દોડ્યાં, તેમને ભેટવા. પરંતુ મહારાજ બે ડગલાં પાછળ ખસી ગયા. મહારાજે કહ્યું : "ભાભી ! તેં જે

સુખ લીધું છે, તે સંભારીને હૈયામાં સંઘરી રાખજે. હવે તો અમે બાંધેલી મર્યાદાની આડશ અમારે જાળવવી જ જોઈએ.''

સુવાસિની ભાભી ત્યાં જ થંભી ગયાં ! મહારાજે કહ્યું : ''ભાભી ! તારો પ્રેમ પાર્થિવ નથી પણ દિવ્ય છે. પરંતુ મનુષ્યદેહ ધારી અમે ભાગવત ધર્મનું સંસ્થાપન કરવા પ્રગટ થયા છીએ, એટલે તે ધર્મના પ્રસારણ માટે આ મર્યાદાનું પાલન તારા માટે જરૂરી છે. એ મર્યાદાના પાલનથી જ દેહભાવ ટળી જશે ને દિવ્યભાવ પ્રગટશે. પછી એ આધ્યાત્મિક સ્થિતિમાં મર્યાદાની આ સ્થૂળ દીવાલનો વિક્ષેપ તને જણાશે જ નહીં.''

સુવાસિની ભાભી સમજી ગયાં. ઘનશ્યામ મહાન છે. તેમનું કાર્ય પણ મહાન છે. મારા પ્રેમના ભાવથી તેમની મહાનતા લોકોની દૃષ્ટિએ અલ્પ બની જાય એવું મારે કરવું ન જોઈએ. તેમણે દૂરથી જ પૃથ્વી ઉપર બેસી મહારાજને પંચાંગ પ્રણામ કર્યા. મહારાજની આંખો ભાભીનો ભક્તિભાવ જોઈ ભીની થઈ ગઈ !

સમગ્ર પરિવાર પછી ધીરે ધીરે કારિયાણીમાં આવ્યો. વસ્તાખાચરના વિશાળ ભવનમાં ધર્મકુળના પરિવારને ઉતારો આપ્યો. વસ્તાખાચરે આજે કંસાર, રોટલીનું જમણ રાખ્યું. એવાં તેનાં અદકેરા ભાગ્ય ક્યાંથી કે ધર્મકુળનો સમગ્ર પરિવાર પ્રથમ તેને ત્યાં જ આવે ! તેને લાગ્યું કે મહારાજે અપાર કૃપા કરી દીધી છે. સૌ જમ્યા. ધર્મના પરિવારને તો જીવુબા, લાડુબા તથા અન્ય બહેનોએ વારંવાર કંસાર, ઘી પીરસીને જમાડ્યા.

બીજે દિવસે મહારાજ કારિયાણીથી ગઢપુર જવા સંતો, પાર્ષદો અને ધર્મકુળને લઈને નીકળી ગયા. ઝીંઝાવદર રાત રહી મહારાજ ગઢપુર પધાર્યા. ગઢપુરમાં ધર્મકુળનું સ્વાગત કરવા નાગમાલ તથા બાપુ જીવાખાચર, તેમનો પરિવાર તેમજ લોયાથી સુરાખાચર, બોટાદથી દાહાખાચર તથા અન્ય કાઠી દરબારો આ પ્રસંગ માટે જ ગઢપુર આવી ગયા હતા. તે સૌ ઢોલ, શરણાઈ, ત્રાંસાં વગેરે લઈ સામા ગયા. સૌનાં અંતરમાં આનંદ હતો, કારણ કે ધર્મનું કુળ આવતું હતું. રાધાવાવ પાસે ધર્મકુળને સૌ મળ્યા. મહારાજના ભાઈઓ, ભાઈઓનું કુળ, સુવાસિની ભાભી વગેરેનાં સૌને દર્શન થયાં. સૌ એકબીજાને ભેટ્યાં. નિશાન ડંકા વાગ્યા. ત્રંબાળું ઢોલ ઢબુક્યા. શરણાઈના સૂર ગાજ્યા. આજે આનંદનો અવસર હતો. શ્રીજીમહારાજ પ્રત્યે દ્વેષીઓની મલિન ભાવનાનાં મૂળ આજે છેદાયા હતાં.

મહારાજ ધર્મકુળ સાથે દાદાખાચરના દરબારમાં પધાર્યા. મહારાજ અહીં

આવી વાસુદેવ નારાયણનાં દર્શન કરી ઓરડીમાં પધાર્યા. સ્વસ્થ થઈ તરત જ તેમણે દાદાખાચરને બોલાવ્યા. દાદાખાચર આવ્યા અને મહારાજ સન્મુખ હાથ જોડી ઊભા રહ્યા. મહારાજે તેમને કહ્યું : "દાદા ! આ ધર્મકુળ આવ્યું છે તો તેમના ઉતારા માટેની ગોઠવણ કરવાની છે. મોટાભાઈ તથા ઇચ્છારામભાઈ બંનેને જુદા જુદા ઉતારા આપવાના છે. તેની ગોઠવણ કરી લેજો."

દાદાખાચરે કહ્યું : "મહારાજ ! હમણાં જ એ વ્યવસ્થા કરું છું." એમ કહી મહારાજને પગે લાગી પોતે દરબારમાં પધાર્યા. થોડી વારે દાદાખાચર મહારાજ પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું : "મહારાજ ! હમણાં તો ધર્મકુળને વાસુદેવ નારાયણના ઓરડાની બાજુના ઓરડામાં ઉતારો કરાવ્યો છે. રઘુવીરજીનાં મા વરિયાળીબાઈને વાસુદેવ નારાયણના ઓરડાની પશ્ચિમ દિશામાં જે સદાવ્રત આપવાનો ચોખંડો કોઠો છે તેની ડાબી બાજુના ઓરડામાં ઉતારો આપ્યો છે. હાલ જ્યાં બ્રહ્મચારીનું રસોડું છે, ત્યાં રઘુવીરજી મહારાજને પછીથી ઉતારો આપીશું."[૧૨૦]

અહીં ધર્મકુળ આવ્યું છે તેમના મનોરથ પણ પૂરા કરવા જોઈએ

મહારાજ ગઢપુરમાં ધર્મકુળને લઈને પધાર્યા. તેમને યોગ્ય ઉતારા અપાવ્યા. તેમની સેવામાં સેવકો મૂક્યા. બધી જ રીતે તેમની વ્યવસ્થા મહારાજે કરાવી. પરંતુ તેમને ગઢપુર ઝાઝો વખત રહેવાની ઇચ્છા ન હતી. તેથી થોડા દિવસ થયા અને મહારાજે ગઢપુરથી નીકળવાનું વિચાર્યું. મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને આ ખબર પડી એટલે દાદાખાચરને સાથે લઈ તેઓ મહારાજ પાસે આવ્યા. મહારાજ આ બંને સદ્ગુરુઓને તથા દાદાખાચરને આવેલા જોઈ બોલ્યા : "કેમ બધા ભેગા મળીને આવ્યા છો ?"

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "અમે સાંભળ્યું છે કે આપ અહીંથી નીકળવાની તૈયારી કરો છો."

---

૧૨૦. હાલ જ્યાં દુકાનો છે તેની પૂર્વ દિશામાં મોટો વંડો હતો તેમાં રાજબાનાં ઘર હતાં. તે વંડાની પૂર્વમાં નાનીબાનો વંડો હતો અને તેની ઉત્તર દિશામાં જે વંડો હતો ત્યાં અયોધ્યાવાસીનો પાછળથી ઉતારો હતો. હાલ જે લીંબડાવાળો વંડો કહેવાય છે તે જગ્યાએ પહેલાં બે વંડા હતા. પાછળથી, તેમાંનો એક વંડો અયોધ્યાપ્રસાદજી મહારાજને અને એક વંડો રઘુવીરજી મહારાજને આપ્યો હતો.

– ગઢપુર માહાત્મ્ય, પા. ૪૯-૫૦.

મહારાજે તરત જ કહ્યું : "હા, બીજે પણ ભક્તો છે, તે બધા રાહ જુએ છે. તો તેમની પાસે પણ જવું જોઈએ ને !"

તરત જ નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! એ વાત સાચી. પરંતુ અહીં ધર્મકુળ આવ્યું છે. તેઓ પણ બધા આપના ભક્તો છે. તેમના મનોરથો પણ પૂર્ણ કરવા જોઈએ. જેટલાં વર્ષો તેમણે આપના વિરહમાં વિતાવ્યાં તેટલા દિવસો તો તેમની સાથે હવે રહો. વસંતનો ઉત્સવ હવે અહીં જ કરો, જેથી તેમને સૌને એ લાભ મળે."

ધર્મકુળ સૌ સાથે હળીમળી જશે તો સત્સંગમાં તેમનો પાયો સ્થિર થશે

મહારાજે દાદાખાચર તરફ જોયું. તરત જ દાદાખાચરે હાથ જોડી કહ્યું : "મહારાજ ! સ્વામી બરાબર કહે છે. ધર્મકુળને દેશ નવો લાગે, માણસો નવીન લાગે, ભાષા નવીન લાગે; તેથી આપ અહીં બિરાજો તો તેમને સૌને સૌ સાથે હળીમળી જતાં વાર લાગશે નહીં."

મહારાજ વિચારી રહ્યા. તેમણે કહ્યું : "જુઓ, અમે પણ હવે તે દેશની ભાષા ભૂલી ગયા છીએ. ધર્મકુળ પણ સૌ સાથે અહીં હળીમળી જશે તો તેમનો પાયો સત્સંગમાં સ્થિર થઈ જશે."

મહારાજ આગળ બોલવા જતા હતા. પરંતુ નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! સૌની ઇચ્છા છે આપ વસંતના ઉત્સવ સુધી અહીં રહો."

મહારાજે કહ્યું : "ભલે, સૌની ઇચ્છા એવી હોય તો પછી અમે રહીશું."

ધર્મકુળને તો હરિભક્તો, પાર્ષદો કે સ્ત્રીભક્તો એકલું પડવા જ દેતા ન હતા. સુવાસિની ભાભી પાસે જીવુબા, લાડુબા તથા અન્ય બહેનો અખંડ બેસતાં. ભાભી તેમને મહારાજનાં બાળચરિત્રોની વાતો કરતાં.

તે જ પ્રમાણે રામપ્રતાપભાઈ પણ સંતોને, પાર્ષદોને તથા હરિભક્તોને મહારાજનાં ચરિત્રોની વાતો કરતા. શ્રીજીમહારાજનાં આ દિવ્ય ચરિત્રોની વાતો સાંભળતા કોઈ થાકતા નહીં. ઘણી વખત તો એવું પણ બનતું કે મહારાજની સભામાં સંતો, હરિભક્તો કે બહેનોની હાજરી ઓછી જ રહેતી. મહારાજ આનું કારણ પૂછતા ત્યારે સૌ કહેતા : "મહારાજ ! આપનાં બાળચરિત્રોની વાતો સાંભળવામાં સૌને જેટલો આનંદ આવે છે એટલો આનંદ પ્રાગજી પુરાણી કે દીનાનાથ ભટ્ટની કથામાં આવતો નથી."

મહારાજ આ સાંભળી હસતા.

ઉદ્‌ગીથ ૨૧



ગઢપુરમાં દિવ્ય લીલા

(આ.સં. ૧૮૮૦, ઈ.સ. ૧૮૨૩-૧૮૨૪)

બ્રહ્માનંદ સ્વામીને મહારાજ મંદિર કરવા વરતાલ મોકલે છે

ગઢપુર આવ્યા બાદ[૧૨૧] મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આપણે વરતાલમાં મંદિરનું ખાતમુહૂર્ત કર્યું છે. હવે મંદિરની તૈયારી કરવા તમે વરતાલ જાવ." એટલું કહીને મહારાજે હરજી ઠક્કરને બોલાવ્યા. તેમને કહ્યું : "આ સ્વામી વરતાલમાં મંદિર કરવા જાય છે તો તેમને ખર્ચીના રૂપિયા ૧૨ આપજો."

બ્રહ્માનંદ સ્વામી હસતાં હસતાં આ બધો તાલ જોતા હતા. તેમણે મહારાજને પૂછ્યું : "મહારાજ ! વરતાલ ક્યારે જવાનું છે ?"

મહારાજે તરત જ કહ્યું : "આવતી કાલે જમીને ચાલજો. વરતાલના તળાવ ઉપર જે હનુમાનજીનું નાનું મંદિર છે, તેવું નાનું મંદિર આપણે વરતાલમાં કરવું છે."

સ્વામી આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! બાર રૂપિયામાં તો એથીય નાનું મંદિર ન થાય. માટે જે ઓરડીમાં આપે નરનારાયણ પધરાવ્યા છે તે જ ઠીક છે."

મહારાજ સ્વામીના શબ્દોનો મર્મ સમજી ગયા. તેમણે કહ્યું : "સ્વામી ! ત્યાં નારાયણગિરિજી છે તે તમારા ભાઈબંધ છે. તેમની મદદ લઈને એક શિખરનું મંદિર કરવું." સ્વામી કાંઈ બોલ્યા નહીં.

બીજે દિવસે મહારાજે તેમને પોતાના થાળમાંથી પ્રસાદી આપી. મહારાજ જમીને પછી નીચે સંત સભામાં પધાર્યા. અહીં બ્રહ્માનંદ સ્વામી પોતાના સંતમંડળના સાધુઓને લઈને આવ્યા. મહારાજને દંડવત્ કર્યા. મહારાજે

---

૧૨૧. ગઢડા મધ્ય પ્રકરણના ૪૩મા વચનામૃતથી વચનામૃત શરૂ થયાં.

આશીર્વાદ આપ્યા અને કહ્યું : "તમારા બધા સંકલ્પો ભગવાન પૂરા કરશે."

એટલે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું : "મહારાજ ! કયા ભગવાન ?"

મહારાજે હસતાં હસતાં કહ્યું : "તમે જેનું ધ્યાન કરો છો, જેની માળા ફેરવો છો તે ભગવાન ! બીજા વળી કયા ભગવાન છે ?"

થોડી વારે મહારાજે તેમને કહ્યું : "હાલ જ્યાં નરનારાયણની મૂર્તિ પધરાવી છે તે જગ્યાએ જ આપણે મંદિરનું ખાત કર્યું છે. જે જે ભક્તોએ મંદિર માટે જગ્યા આપવાનું નક્કી કર્યું છે, તે જગ્યાનો પાકો દસ્તાવેજ કરાવી લેજો."

એટલે સ્વામીએ પૂછ્યું : "પાકો દસ્તાવેજ કરાવતાં કદાચ ઢીલ થાય તો ?"

"તો કામ તો શરૂ કરી જ દેવું. પછી દસ્તાવેજ થઈ જશે. તમારે તેમને નિત્ય સંભારી દેવું." મહારાજે તરત જ કહ્યું.

સ્વામી મહારાજની આ આજ્ઞા લઈને ગઢપુરથી નીકળ્યા. કારિયાણી, પોલારપુર, કમિયાળા, નાનીબોરુ અને સીંજીવાડા થઈને સ્વામી તેમના મંડળ સાથે વરતાલ પહોંચી ગયા.

હું કોઈનો સસરો નથી

ગઢપુરમા ધર્મકુળ આવ્યું ત્યાર પછી મહારાજ સૌના આગ્રહથી રામપ્રતાપભાઈને ત્યાં અને ઇચ્છારામભાઈને ત્યાં જમવા પધારતા. ઇચ્છારામભાઈને ત્યાં મહારાજને જમવાનો વારો આવ્યો અને મહારાજ ત્યાં પધાર્યા. મહારાજ પાટલા ઉપર બિરાજ્યા ત્યારે રઘુવીરજીનાં પત્ની વિરજાદેવીએ મહારાજની લાજ કાઢી. આ જોઈ મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "લાજ કાઢો છો તો પછી ધ્યાન કોનું ધરશો ? હું કોઈનો સસરો નથી. હું તો સૌનો ઇષ્ટ પરમેશ્વર છું."

આ સાંભળી વિરજાદેવીએ લાજનો છેડો ખસેડી નાંખ્યો અને કહ્યું : "મહારાજ ! અમે દેહભાવવાળાં, તેથી આપના દિવ્ય સ્વરૂપમાં પણ અમને સંબંધીનો ભાવ રહે. પરંતુ આજે આપે આપનું સ્વરૂપ ઓળખાવ્યું, એટલે તે મર્યાદા આજથી હવે તૂટી." મહારાજ તેમની સમજણથી પ્રસન્ન થયા.

✧

પોષ ઊતરવા આવ્યો હતો. એક દિવસ મહારાજ દાદાખાચરના દરબારમાં ઉત્તરાદા ભવનની ઓસરીમાં પલંગ પર બિરાજમાન હતા. ત્યાં મુક્તાનંદ સ્વામી દર્શને આવ્યા. મુક્તાનંદ સ્વામી દર્શન કરીને બેઠા. ધર્મકુળ

આવી જવાથી એમને ઘણો આનંદ થયો હતો. હવે એમની ઇચ્છા હતી કે ધર્મકુળમાંથી યોગ્ય પાત્ર જોઈને મહારાજ એને આચાર્યપદ પર નીમે. પરંતુ મહારાજનો સ્વભાવ તેઓ જાણતા હતા. પોતાના પરિવાર સાથેનો લેશપણ સંબંધ મહારાજ ઇચ્છતા નહોતા. મહારાજને મન તો દૃઢ સત્સંગી વૈષ્ણવ જ એમની નાત-જાત અને સગાંવહાલાં હતાં.

મુક્તાનંદ સ્વામીએ ધીરે રહીને મહારાજ પાસે વાત મૂકી : "મહારાજ ! આપનું કુળ આવવાથી હવે આપણા દ્વેષીઓનાં મોં સિવાઈ ગયાં. આપની જ્ઞાતિ વિષે પણ જે શંકા-કુશંકા કરતા હતા એમના પણ હાથ હવે હેઠા પડ્યા."

મહારાજ થોડુંક હસ્યા. મહારાજ જાણતા હતા કે મુક્તાનંદ સ્વામી શું કહેવા માગતા હતા. મહારાજ મુક્તાનંદ સ્વામીને ગુરુ રામાનંદ સ્વામી જેટલું માન આપતા, એમની મરજી સાચવતા અને એમનું ક્યારેય અપમાન થવા દેતા નહીં.

મુક્તાનંદ સ્વામી પણ એવા જ સરળ ચિત્તના હતા અને મહારાજનો મહિમા સમજતા હતા. મહારાજ વિષે ભગવાનપણાનો ભાવ એમના અંતરમાં દૃઢ હતો. મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! હવે ધર્મકુળમાંથી કોઈક યોગ્ય પાત્રની વરણી જો સંપ્રદાયના આચાર્યપદે થઈ જાય તો કોઈને કંઈ પણ કહેવાપણું ન રહે."

મહારાજે આ સાંભળીને કહ્યું : "સ્વામી ! અમે તમને વડીલ માનીએ છીએ. તમે કહો તેમ અમે કરીશું. તમને સૌને ગમે એ અમને ગમે છે. ભગવાન અને સદ્ધર્મ પર જેને ભાવ હોય તે અમને સારા લાગે છે. એવો જોઈને તમે અમને કહો. જેને સત્સંગની પ્રણાલિકા અને રીતિમાં પ્રીતિ હોય, સદ્ગ્રંથને વિષે ગામ-ગરાસ અને ધનથી પણ અધિક પ્રીતિ હોય, ભગવાનની અને સદ્ધર્મની મોટાઈ પ્રતિપાદન કરતાં કથા-કીર્તનમાં તાન વર્તતું હોય, સંતને વિષે પૂજ્યભાવ હોય એવો જોઈને બેસાડજો."

મુક્તાનંદ સ્વામી આ સાંભળી રાજી થયા. મહારાજ હવે માનશે અને આચાર્યની ગાદી પર ધર્મકુળને બેસાડશે એવું જાણી મુક્તાનંદ સ્વામી ગાદીને યોગ્ય પાત્રનો વિચાર કરવા લાગ્યા. તેમણે મહારાજનો અભિપ્રાય માંગ્યો. મહારાજે કહ્યું : "ઇચ્છારામમાં અપાર સાધુ ગુણ રહ્યા છે. અમારો તેમને વિશ્વાસ છે. તેમના પુત્ર પણ એવા જ કપટરહિત અને છળ વગરના છે. જ્યારે રામપ્રતાપભાઈને અમારી વાતમાં વિશ્વાસ નથી, પણ તેમના પુત્ર નંદરામ

સાધુગુણેયુક્ત છે. વળી, સુવાસિની ભાભી પણ તેવાં જ સરળ હૃદયનાં ને પ્રેમાળ છે. નંદરામ સહિત ત્રણે ભાઈ રામપ્રતાપની મરજીમાં વર્તે છે અને ઇચ્છારામનો બધો પરિવાર અમે કહીએ તેમ વર્તે છે."

મુક્તાનંદ સ્વામીએ વિચાર્યું કે મહારાજે ઘણા થોડા સમયમાં જ બધાનો ક્યાસ કાઢી લીધો હતો. એટલામાં ત્યાં સુવાસિની ભાભી અને નંદરામ આવ્યાં. મુક્તાનંદ સ્વામી ઊઠીને તરત જ એક બાજુ જતા રહ્યા. મહારાજે એ બંનેને પૂછ્યું : "સત્સંગના આચાર્ય તરીકે સ્થાપવા મુક્તાનંદ સ્વામીને ધર્મકુળમાંથી યોગ્ય પાત્ર પસંદ કરવું છે. તમારી શું મરજી છે ?"

આ સાંભળી સુવાસિની ભાભી હાથ જોડી બોલ્યાં : "અમારું આ લોક અને પરલોકમાં જેમ સારું થાય તે તમે જાણો છો. અમે તમને શું કહીએ ? અમને તો તમારો વિશ્વાસ છે. જેને તમારામાં વિશ્વાસ ન હોય તે ગમે એટલો નિપુણ હોય તોપણ એને ક્યારેય સુખ ન આવે." ભોળી ભાભીનાં આવાં સરળ વચનો સાંભળીને મહારાજ પ્રસન્ન થયા.

સાંજે મહારાજે બીજા સંત, વર્ણી અને મોટેરા હરિભક્તોની મરજી લીધી. મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મને તો આ સીતારામજી ગાદી પર બેસાડવા યોગ્ય લાગે છે."

મુક્તાનંદ સ્વામીની ઇચ્છા મુજબ બીજે દિવસે સવારે ઉત્તરાદા ભવનની ઓસરીમાં મોટી પાટ ઉપર ગાદી બિછાવીને ઇચ્છારામજીના સાત વર્ષની ઉંમરના પુત્ર સીતારામજીને ગાદીએ બેસાડ્યા. બધાએ જયઘોષ કર્યો. મુક્તાનંદ સ્વામીના આનંદનો પાર ન રહ્યો. મહારાજે સીતારામજીને પોતાનો બુરાનપુરી સોનેરી કોરનો ફેંટો બંધાવ્યો. પછી સંત-વર્ણી-હરિભક્તો સૌ સીતારામજીને પગે લાગ્યા. હરિભક્તોએ યથાશક્તિ ભેટ પણ અર્પણ કરી. દાદાખાચરે એમને સોનાનાં કડાં પહેરાવ્યાં. મહારાજે સીતારામજીના મોટાભાઈ ગોપાળજીને કહ્યું કે "તમે સીતારામની પડખે બેસો. જે કાંઈ ભેટ આવે તે તેમને હાથે અડવા દેશો નહીં, કારણ કે તેમને હજુ અડવા ન અડવાની ખબર નથી. ધર્મની ગાદી પર બેસીને હાથથી ધનને અડવું તે તુચ્છ કહેવાય. ધન અને સ્ત્રીના ત્યાગી આચાર્ય જ અમને ગમે છે. ધન અને સ્ત્રીના ત્યાગથી તેમને દોષ લાગવાનો સંભવ ન રહે. સત્સંગની ગાદી પર બેસે એણે સત્સંગના સિદ્ધાંતને સારી રીતે સમજીને પ્રમાદથી રહિત રહેવું. ગાદી ઉપર બેસીને જે પ્રમાદ રાખે તેને ગાદીએથી ઉઠાડી મૂકવો, કારણ કે પ્રમાદ એ માયાનું સ્વરૂપ છે. જેટલું ધન હોય એટલો પ્રમાદ

વસે છે અને પછી કહેવામાત્રથી ગાદી રહે છે. જે આ ગાદી ઉપર બેસશે તેને જ્યાં સુધી અમે કહેલા ધર્મમાં તે વર્તે ત્યાં સુધી જ માનવા. ન વર્તે તો પછી માનવા યોગ્ય નથી. અમારી આ રીત છે. તે ધર્મ હોય ત્યાં સુધી પ્રીત રાખવી. ધર્મહીનને માનવા તે સત્સંગની રીત નથી. એ તો કુસંગની રીત છે." આટલું કહીને પછી મહારાજ થાળ જમવા અક્ષર ઓરડીમાં પધાર્યા.

અરે મહારાજ ! તમે ખરી ટાઢા પહોરની હાંકો છો !

એટલામાં સુરાખાચર આવ્યા. મહારાજને પગે લાગી સન્મુખ બેઠા. મહારાજે તેમને પૂછ્યું : "જમ્યા ?"

તેમણે જરા ઉદાસ ભાવે કહ્યું : "મહારાજ ! જ્યારથી ધર્મકુળને ત્યાં આપ થાળ જમવા પધારો છો, ત્યારથી જમ્યું છે જ કોણ ? દરબારમાંથી આપનો થાળ આવતો હોય તો કાંઈ જમ્યા જેવી પ્રસાદી મળે એટલે જમ્યાનો સંતોષ થાય. આ તો ભૂખ ભાંગી કહેવાય." મહારાજ આ સાંભળી હસ્યા.

એવામાં પાછળ કાંઈક અવાજ થયો એટલે મહારાજે સુરાખાચરને કહ્યું : "સુરા આપા ! જરા પાછળ જુઓ તો કોણ છે ?"

સુરાખાચરે ઊભા થઈને પાછળ જોયું. ત્યાં માણકી ખડ ખાતી હતી. તેમણે કહ્યું : "મહારાજ ! અહીં તો માણકી છે."

ત્યારે મહારાજે કહ્યું : "સુરાખાચર ! જરા ફરી જુઓ તો. ત્યાં ગરુડ હોય એવું અમને લાગે છે."

"અરે મહારાજ ! તમે પણ ખરી ટાઢા પહોરની હાંકો છો ! મારી સગી આંખે મેં માણકીને જોઈ." સુરાખાચરે ખરા ભાવમાં આવી કહી દીધું.

આ સાંભળી મહારાજ હસવા લાગ્યા. મહારાજ બોલવા જતા હતા ત્યાં મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "સુરા આપા ! તમે તમારી સગી આંખે ભલે જોયું, પણ મહારાજની આંખે જુઓ. મહારાજ માણકીમાંથી ગરુડ કરી શકે છે. માટે કહો કે ગરુડ છે."

સુરાખાચર મૂંઝાયા. તે ફરી ઊભા થયા અને જોયું તો ગરુડ પાંખો ફફડાવતો હતો ! તેમને આશ્ચર્ય થયું. આંખો ચોળી ફરી જોયું, પણ તેમને ગરુડ જ દેખાયો. તે તરત જ મહારાજને પગે પડી ગયા અને બોલ્યા : "મહારાજ ! તમારી લીલાનો પાર આવે એમ નથી."

મહારાજે કહ્યું : "આવી જાય, જો આ મુક્તાનંદ સ્વામી સમજે છે તેમ

સમજો તો !"

જૂનાગઢમાં મંદિર કરો તો સમગ્ર સોરઠ દેશને આપનો સંબંધ રહે

એક પાર્ષદ અક્ષર ઓરડીના દરવાજા પાસે આવી ઊભો રહ્યો. મહારાજે તેને બોલાવ્યો. તે અંદર આવ્યો અને મહારાજને સમાચાર આપ્યા : "પંચાળાથી દરબાર ઝીણાભાઈ અને તેમનાં બહેન અદીબા આવ્યાં છે."

મહારાજે કહ્યું : "દરબારને બોલાવો."

ઝીણાભાઈ તરત જ મહારાજ પાસે આવ્યા. દંડવત્ કરીને સન્મુખ બેઠા. મહારાજે કહ્યું : "ઝીણાભાઈ ! પંચાળામાં અમે દોઢ માસ રહ્યા. આટલું સુખ આપ્યું છતાં તૃપ્તિ ન થઈ ?"

ઝીણાભાઈએ કહ્યું : "મહારાજ ! આપની મૂર્તિના દિવ્ય સંબંધની, આપની દિવ્ય વાતોની કે આપની લીલાની સ્મૃતિ કરી અંતરમાં સુખ આવે છે, પરંતુ આપનાં પ્રગટ દર્શનની તાણ તો રહ્યા જ કરે છે. એટલે મન હાથ ન રહ્યું."

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "એ જ ભક્તિ છે. જેટલી અમારા પ્રગટ સ્વરૂપનાં દર્શનની તાણ રહે છે અને જેટલું એ સુખ જ્યારે જ્યારે અવસર આવે ત્યારે જે ભક્ત લે છે તે કોઈ કાળે દેશકાળથી પરાભવ પામતો નથી."

"મહારાજ ! આપના સંબંધે જ દેશકાળ રૂડા બને છે. તેથી તો મનમાં સંકલ્પ રહ્યા કરે છે કે આપ જૂનાગઢમાં જો મંદિર કરો તો સમગ્ર સોરઠ દેશને આપનો સંબંધ અખંડ રહે."

મહારાજ તેમના સંકલ્પથી પ્રસન્ન થયા. પછી બોલ્યા : "મંદિર હોય તો ઉપાસના જરૂર રહે. પરંતુ ઉપાસના સમજાવનાર અને અંતરમાં દૃઢ કરાવનાર એવા શુદ્ધ ઉપાસક સંત જો હોય તો ઉપાસનાની વિશેષ દૃઢતા થાય અને એકાંતિક ધર્મ સિદ્ધ થાય." એટલી વાત કરી મહારાજ ઊઠ્યા.

મહારાજ અદીબાને ખભે હાથ મૂકે છે

મહારાજ વાસુદેવ નારાયણના ઓરડે પધાર્યા. અહીં જીવુબા, લાડુબા તથા અન્ય સ્ત્રીભક્તો કથા સાંભળતાં હતાં. મહારાજ તેમને દર્શન દઈ નિંબતરુ નીચે જતા હતા ત્યાં સામેથી અદીબા આવ્યાં. મહારાજને જોઈ તે ઊભાં રહ્યાં. મહારાજ તેમની સામું જોઈ હસ્યા અને પછી તેમને ખભે હાથ મૂકી બે પગથિયાં નીચે ઊતર્યા.

મહારાજના આ સ્પર્શથી અદીબા કૃતકૃત્ય થઈ ગયાં ! પંચાળામાં મહારાજે લગ્ન કરવાની હઠ લીધી હતી ત્યારે પોતે મહારાજ સાથે લગ્ન કરવા તૈયાર થઈ ગયાં હતાં. મહારાજનું સાંનિધ્ય, મહારાજના દિવ્ય સ્વરૂપનો સ્પર્શ, મહારાજની અંગત સેવા - આ બધા મનોરથો તેમના અંતરમાં જીવંત બની પ્રબળ બની ગયા હતા. પરંતુ તેમને શું ખબર કે મહારાજની તો એ કેવળ લીલા જ હતી ! તેમને મન તો સ્ત્રી અને પુરુષ એ બંનેમાં આત્માનો ભાવ હતો. છતાં આ પ્રકારની મનુષ્ય સદૃશ ચેષ્ટામાં પોતાના સ્વરૂપ પ્રત્યે કોને કેટલો નિર્દોષ-ભાવ છે તેની પરીક્ષા પણ હતી.

અદીબાને લાગ્યું કે પોતાનો તે વખતનો અધૂરો રહેલો સંકલ્પ મહારાજે આજે આ રીતે સ્પર્શનું સુખ આપી પૂરો કર્યો. મહારાજના આ દિવ્ય સ્પર્શથી તેમના અંગમાં ઝણઝણાટી ઉત્પન્ન થઈ ગઈ ! તેમના શરીર ઉપરની રોમાવલિ ઊભી થઈ ગઈ ! તે ત્યાં જ સ્થિર થઈ ગયાં ! પરંતુ સાથે સાથે ગઢાળીથી તે જ સમયે ત્યાં આવેલા આંબા શેઠ પણ આ દૃશ્ય જોઈ દરવાજામાં જ સ્થિર થઈ ગયા !

આંબા શેઠને મહારાજના સ્પરૂપમાં મનુષ્યભાવ આવે છે

આંબા શેઠના અંતરમાં અનેક વિચારો ઊભરાવા લાગ્યા. આ ન્યાલકરણ ! આ ભગવાન ! જુવાન સ્ત્રીને ખભે હાથ મૂકે અને વળી સ્ત્રીઓનો સ્પર્શ વર્જ્ય છે એવો ઉપદેશ કરે તે આ ભગવાન ! શંકાની જાળે તેમને પકડ્યા. મહારાજના સ્વરૂપમાં નિશ્ચિત થયેલો ભગવાનપણાનો ભાવ આ ભ્રાંતિના મોહમાં ઓસરવા માંડ્યો. તે કાંઈ જ બોલ્યા નહીં. ત્યાંથી તરત જ પાછા વળ્યા. તેમણે સીધી ગઢાળીની વાટ પકડી. મહારાજ તેમને જતા જોઈ રહ્યા. મનમાં હસ્યા.

માનવીની મંદ બુદ્ધિ તેને મનુષ્યદેહમાં ભગવાનપણું સ્વીકારવા દેતી જ નથી. તેણે ભગવાનમાં કેવળ દિવ્યતા જ કલ્પી છે અને સદા દિવ્યતા જ દેખવી છે. પરંતુ પોતાને દિવ્ય થવું નથી. ભગવાનને તેમના મનુષ્ય સ્વરૂપમાં દિવ્ય માનશે તો જ દિવ્ય થવાશે. શ્રીકૃષ્ણે આપેલું ગીતાસૂત્ર બધા જ વાંચે છે પરંતુ ભગવાનને મનુષ્ય સ્વરૂપમાં દેખી વિભ્રાંત બની જાય છે. ભીષ્મ અને દ્રોણ જેવા મહારથીઓને પણ શ્રીકૃષ્ણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ ન થઈ. પોતાના જ ધામ સ્વરૂપે શેષના અવતાર શ્રી બળદેવજીને પણ સ્યમંતક મણિના પ્રસંગમાં શ્રીકૃષ્ણ પ્રત્યે શંકા થઈ.[૧૨૨] પરંતુ સાચી સાધના ભગવાનના મનુષ્ય સ્વરૂપમાં

દિવ્યભાવ જોવાની છે. તો જ દિવ્ય થવાશે. બ્રહ્મભાવને પમાશે. તેમને થયું કે આવા મહારથીઓ પડ્યા તો બીચારા આંબા શેઠનું શું ગજું ?

આંબો સુકાયો છે કે શું ?

આબા શેઠ લગભગ પાચ-છ દિવસ દેખાયા નહીં. મહારાજે તેથી મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! આંબો સુકાયો છે કે શું ?"

સ્વામી મહારાજના આ પ્રશ્નમાં કંઈ સમજયા નહીં એટલે મહારાજે સ્પષ્ટતા કરતાં કહ્યું : "સ્વામી ! ગઢાળીના આંબા શેઠ રોજ વહેલી સવારે 'ન્યાલકરણ' 'ન્યાલકરણ' કરતા દાતણ લઈને આવતા. તે પાંચ-છ દિવસથી કેમ કાંઈ દેખાતા નથી ?"

સ્વામીને આ સાંભળી થયું કે કદાચ આંબા શેઠ ધામમાં ગયા હોય. તેમણે કહ્યું : "મહારાજ ! તે ધામમાં તો નહીં ગયા હોય ને ?"

મહારાજે હસતાં હસતાં કહ્યું : "સ્વામી ! આંબા શેઠને અમે તેડવા જઈએ ત્યારે ધામમાં જાય ને ? પણ તેમને કંઈક થયું લાગે છે. તમો ગઢાળી જાઓ. જે હશે તે જણાશે."

સ્વામી તરત જ ગઢાળી જવા તૈયાર થયા. મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! આંબા શેઠને સાથે લઈને જ પાછા આવજો."

મુક્તાનંદ સ્વામી તેમના મંડળના બે સંતોને સાથે લઈને ગઢાળી પહોંચ્યા. સ્વામીને અચાનક આવેલા જોઈ આંબા શેઠને આશ્ચર્ય થયું ! તેમના અંતરમાં છવાયેલી ઉદાસીનતાથી તેઓ સ્વામીનું ઉમળકાભેર સ્વાગત કરી શક્યા નહીં. પરંતુ સ્વામીની પ્રતિભાથી આંબા શેઠ અંજાયા હતા. છતાં તેમના અંતરમાં સંકલ્પોના હિલોળા ઊપડ્યા હતા : "આવા મોટા સંત, સાધુતાની મૂર્તિ,

---

૧૨૨. किंतु मामग्रजः सम्यङ्‌ न प्रत्येति मणिं प्रति ।

— શ્રીમદ્‌ભાગવત, દશમ સ્કંધ, ઉત્તરાર્ધ અ. ૫૭/૩૮.

શ્રીકૃષ્ણ અક્રૂરજીને કહે છે કે મારા ઉપર એક મોટી આફત આવી છે કે મારા મોટાભાઈ બલરામજી સ્યમંતક મણિ સંબંધમાં મારા વચન ઉપર પૂરો વિશ્વાસ કરતા નથી. તેથી-

दर्शयस्व महाभाग बन्धूनां शान्तिमावह ॥ ३९ ॥

તમે આ મણિ તેમને બતાવો અને બલરામજી, સત્યભામા અને જામ્બુવતીને તે મણિ મારી પાસે જ છે એવી શંકા છે તે દૂર કરો. તેમને શાંતિ પમાડો.

સત્સંગની મા જેવા, તેઓ મહારાજમાં અચળ નિષ્ઠાથી જોડાઈ ગયા છે તો પછી મારી બુદ્ધિમાં કેમ ભ્રમ થયો ?'' તે વિચાર કરતા થઈ ગયા.

મહારાજ ભગવાન છે તેમાં જ મને શંકા પડી છે

સ્વામીએ તેમના વિચારના વમળને અટકાવ્યો. તેમણે સીધું જ પૂછ્યું : ''શેઠ ! કેમ પાંચ-છ દિવસથી ગઢપુર આવ્યા નથી ? મહારાજે મને કહ્યું કે આંબો સુકાયો લાગે છે. માટે જાઓ પાણી રેડીને લીલો કરો અને અમારી પાસે લાવો.''

આંબા શેઠ આ સાંભળી ગળગળા થઈ ગયા. તેમને થયું કે મહારાજ મારી આટલી ફિકર રાખે છે ? પણ તરત જ અદીબાને ખભે હાથ મૂકતા મહારાજ તેના અંતરમાં દેખાયા અને વળી તેમના અંતરમાં વિચારનું વમળ ઊભું થયું. તેમણે કહ્યું : ''સ્વામી ! સાચું કહું ? મહારાજ ભગવાન છે તેમાં જ મને શંકા પડી છે. મહારાજ જુવાન અને ઝીણાભાઈનાં બહેન અદીબા પણ જુવાન ! મહારાજ અદીબાના ખભા ઉપર હાથ મૂકીને દરબારનાં પગથિયાં ઊતર્યા. મારી સગી આંખે મેં આ જોયું. હવે તમે જ કહો એમને ભગવાન કેમ માનવા ?''

મુક્તાનંદ સ્વામીને આ સાંભળી આંબા શેઠની અણસમજણ ઉપર દયા આવી. તેમણે પૂછ્યું : ''શેઠ ! તમે મહારાજને ભગવાન કેવી રીતે માન્યા હતા ?''

શેઠ વિચારમાં પડી ગયા. તેમણે થોડી વારે કહ્યું : ''આકાશવાણી સાંભળી કે 'પ્રભુએ અવતાર લીધો છે. ગઢડામાં જા.' આથી મહારાજનાં દર્શને ગયો. મહારાજનો અવાજ અને આકાશવાણીનો અવાજ મને એક લાગ્યો તેથી મેં તેમને ભગવાન માન્યા.''

''તો શું હવે એ અવાજ બદલાયો ?'' સ્વામીએ પૂછ્યું.

આંબા શેઠ આ પ્રશ્નથી મુઝાયા. એટલે તેમને થયું કે સ્વામીને પોતાના અંતરની વાત સ્પષ્ટ કહી દેવી. તેમના અંતરમાં જે ભ્રાંતિ પડી હતી તે બધી જ વાત તરત જ તેમણે ખુલ્લા દિલથી સ્વામીને કહી.

સ્વામી તે સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''શેઠ ! એ જ અદીબાને જોઈ મહારાજે કહ્યું હતું કે મને વિષ્ટાની ગંધ આવે છે. અહીંથી તેમને લઈ જાઓ. તો પછી એ સ્વરૂપમાં મહારાજને મોહ થાય ? મોહના ભાવમાં તેને ખભે મહારાજે હાથ મૂક્યો હતો ? શેઠ ! જરા વિચાર કરો. મહારાજને મન તો સમગ્ર વિશ્વનાં સ્ત્રી-પુરુષો કઠપૂતળી જેવાં છે. પરંતુ મહારાજ, પોતાના ભક્તોના મનોરથો પૂરા કરવા પ્રગટ થયા છે. અદીબાને એવો કાંઈક સંકલ્પ થયો હશે તેથી જ મહારાજે

તેમના ખભા ઉપર હાથ મૂક્યો હશે. મહારાજનું ચરિત્ર તો બ્રહ્મરસ જેવું છે. તેના ભોગી બનશો તો બ્રહ્મના આનંદનો અનુભવ થશે." સ્વામી બોલ્યે જ જતા હતા. તેમની વાણીના પ્રવાહમાં આંબા શેઠ ખેંચાયા હતા.

સ્વામીએ કહ્યું : "શ્રીકૃષ્ણનાં ગોપીઓ સાથેનાં ચરિત્રમાં પરીક્ષિતને મોહ થયો તો શુકદેવજીએ દિવ્ય બ્રહ્મરસનો પ્યાલો ખેંચી લીધો. શ્રીકૃષ્ણનાં સમગ્ર ચરિત્રો ગાતાં શુકદેવજીને આનંદ આવ્યો, જ્યારે પરીક્ષિતને તેમનાં ચરિત્રોમાં સંશય થયો. ભગવાનના ચરિત્રમાં સંશય થવાથી મહારાજે તેને વિમુખની પંક્તિમાં મૂકી દીધો. માટે મહારાજ દિવ્ય છે, તેમનાં ચરિત્રો પણ દિવ્ય છે. આપણા સુખને માટે મનુષ્ય જેવા થયા છે અને આપણી તેમના સ્વરૂપમાં ભગવાનપણાની બુદ્ધિ કેટલી દૃઢ છે તેની પરીક્ષા કરવા મહારાજ આવાં મનુષ્ય ચરિત્રો પણ કરે છે."

શેઠ એકચિત્તે સ્વામીની વાતો સાંભળતા હતા. સ્વામીના શબ્દે તેમના અંતઃકરણના વિચારો ફરતા હતા. સ્વામીએ વાત પૂરી કરી અને શેઠ સ્વામીના ખોળામાં માથું મૂકી રડી પડ્યા. સ્વામીએ તેમના માથા ઉપર હાથ ફેરવ્યો. થોડી વારે સ્વસ્થ થતાં શેઠે સ્વામીને કહ્યું : "સ્વામી ! આજે તમે મને ઉગાર્યો. હું કલ્યાણના માર્ગમાંથી પડી જ ગયો હતો. ગઢડાની દિશ ફરી ન જોવાનો મેં નિશ્ચય કર્યો હતો. આજે આપે મને મહારાજના દિવ્ય સ્વરૂપનું સાચું જ્ઞાન આપ્યું અને મારો મોક્ષ સુધારી દીધો."

તરત જ સ્વામીએ કહ્યું : "તો ચાલો ગઢડા. મહારાજ સંભારે છે."

સ્વામીને જમાડીને શેઠ ગઢડા જવા તૈયાર થયા. સ્વામીએ કહ્યું : "શેઠ ! તમે જમી લ્યો. પછી નીકળીએ."

"ના, સ્વામી ! હવે તો મહારાજનાં દર્શન કરીશ, માફી માગીશ, પછી જ અનાજનો દાણો મોંમાં મૂકીશ. માટે હાલો." સ્વામીએ વિચાર કર્યો કે આ પણ પ્રાયશ્ચિત્તનું પહેલું પગથિયું છે. તેમણે વધુ આગ્રહ ન કર્યો. સાંજે મુક્તાનંદ સ્વામી આંબા શેઠને લઈને ગઢપુર આવ્યા.

આંબા શેઠને નવું જીવન મળે છે

આંબા શેઠ મહારાજનાં દર્શને આવ્યા ત્યારે મહારાજે તેમને જોઈને કહ્યું : "શેઠ ! નવું જીવન મળી ગયું ?"

શેઠે તરત કહ્યું : "હા, મહારાજ ! આ સ્વામીએ મને ઉગાર્યો."

શેઠ ગદ્‌ગદ થઈ ગયા. મહારાજના સ્વરૂપમાં આવેલા મનુષ્યભાવના પાપના પરિતાપથી તેમનું અંતર બળતું હતું. તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. મહારાજને તેમણે કહ્યું : "પ્રભુ ! મને માફ કરો. ફરી આપના સ્વરૂપમાં આવો મનુષ્યભાવ ન આવે તેવી કૃપા કરો."

મહારાજે તેમના માથે બે હાથ મૂક્યા. આંબા શેઠને શાંતિ થઈ. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! હવે આપ ગઢાળી પધારો."

મહારાજે કહ્યું : "આવશું, શી ઉતાવળ છે ?"

એટલે શેઠે કહ્યું : "મહારાજ ! આપ ગઢાળી નહીં પધારો ત્યાં સુધી મારે અનાજનો દાણો હરામ છે."

મહારાજ તેમના અંતરનો દાહ વર્તી ગયા. તેમણે કહ્યું : "કાલે આવશું."

"પણ એકલા નહીં. સાથે પચાસ સાધુને લઈને આવવાનું." આંબા શેઠે કહ્યું.

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "ભલે, એ રીતે આવશું."

બીજે દિવસે મહારાજે સભામાં સૌને કહ્યું : "આજે ગઢાળી આંબા શેઠનું સૌને આમંત્રણ છે. માટે સૌ સંતો, પાર્ષદો તુંબડા, પત્તર લઈને ગઢાળીને રસ્તે સાબદા થાય. ધર્મકુળ અમારી સાથે આવશે. અમે પણ થોડી વારમાં નીકળીએ છીએ."

મુક્તાનંદ સ્વામી આ સાંભળી આશ્ચર્ય પામ્યા. તેમને થયું કે આંબા શેઠે તો ફક્ત પચાસ સાધુ સાથે લાવવાનું આમંત્રણ આપ્યું છે, ને મહારાજે તો સમગ્ર સંત સમાજને કહી દીધું. પરંતુ મહારાજની અલૌકિક લીલાનો આ ભાવ ધીરે રહીને સમજાશે એમ ધારી પોતે પણ તૈયાર થયા.

મેં તો પચાસ સંતને જ આમંત્રણ આપ્યું હતું

ગઢાળીમાં પાંચસો પરમહંસો 'સ્વામિનારાયણ, નારાયણ, નારાયણ'ની ધૂન્ય બોલતા આવી ગયા. આખી બજાર અને ગામ સંતોથી ઊભરાઈ ગયું, અને હજુ તો સંતો આવ્યે જ જતા હતા. આંબા શેઠ આટલું મોટું સંતમંડળ જોઈ મુઝાઈ ગયા ! તેમને થયું કે મારી કહેવામાં ભૂલ થઈ છે કે મહારાજની સમજવામાં ભૂલ થઈ છે ? તે તો વિચાર કરતા ઘડીક ઘરમાં જાય અને વળી પાછા બહાર આવે. સંતમંડળનો પ્રવાહ તો અવિરત આવતો જ જોયો.

એટલામાં મહારાજ પધાર્યા. આંબા શેઠને મુઝાયેલા જોઈ મહારાજ હસ્યા. આંબા શેઠે તરત જ મહારાજને કહ્યું : "મહારાજ ! મેં તો ફક્ત પચાસ જ

સાધુને આમંત્રણ આપ્યું હતું અને...''

''અમે તે ઉપર મીંડું ચડાવી દીધું.'' મહારાજે હસતાં હસતાં કહ્યું.

''પણ મહારાજ ! મારું ઘર જાય તેનું શું ?''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''આંબા શેઠ ! ભક્તની આબરૂ કદી જાય જ નહીં. તેની આબરૂ તો ભગવાન વધારે છે.''

પરંતુ આંબા શેઠને મહારાજના વચનમાં પ્રતીતિ ન આવી. તેમણે તેમનો ખેસ પહોળો કરી મહારાજને કહ્યું : ''મહારાજ ! અમે ઘરના દસ જણા છીએ તેની ગણતરી કરીને અમને પહેલા લાડવા ને ગાંઠિયા આપી દ્યો. પછી તમારે જે રીતે પીરસવું હોય તે રીતે પીરસજો.''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''શેઠ ! તમે વાણિયાગીરી સારી અજમાવી. પણ લ્યો, પહેલાં તમને દસ જણાનું પીરસી દઈએ.'' એમ કહી મહારાજે મોતૈયા લાડુ અને ગાંઠિયા આંબા શેઠના ખેસમાં નાંખ્યા. આંબા શેઠ તે ઘરમાં જઈ ઠેકાણે મૂકી આવ્યા.

લાડવાની ચોકીઓ ભરી હતી તેના ઉપર તથા ગાંઠિયાના ટોપલાઓ ઉપર મહારાજે વસ્ત્ર ઢંકાવી ઠાકોરજી પધરાવી ઘીનો દીવો કરાવ્યો. પછી પોતે પીરસનારા સંતોને ચોકીમાંથી આપવા માંડ્યા. જમનારા સંતો ફળિયામાં તથા આજુબાજુની જગ્યામાં ઊભા હતા. બેસવાની જગ્યા ન હતી. મહારાજે કહ્યું : ''માલ પત્તરમાં લેતા જાઓ અને જ્યાં જગ્યા મળે ત્યાં બેસીને જમવા માંડો.'' એ પ્રમાણે બધા જ સંતોને મહારાજે પિરસાવ્યું. પછી બ્રહ્મચારીએ મહારાજ માટે થાળ તૈયાર કર્યો હતો તે મહારાજ જમ્યા.

આંબા શેઠ મહારાજની આ લીલા આશ્ચર્યવત્ જોઈ રહ્યા હતા. મહારાજ જમી રહ્યા એટલે આંબા શેઠને કહ્યું : ''શેઠ ! હવે તમે તમારી ચોકીઓ અને ગાંઠિયાના ટોપલા સંભાળી લ્યો.''

આ સાંભળી શેઠ ઓરડામાં ગયા અને ચોકીઓ ઉપરથી વસ્ત્ર ખસેડ્યું અને જોયું તો ચોકીઓમાં અકબંધ લાડુ પડ્યા હતા. ગાંઠિયાના ટોપલા પણ એ રીતે ભરપૂર હતા. શેઠને થયું મહારાજનું જે મનુષ્ય ચરિત્ર મેં જોયું તે પણ સાચું ! મહારાજનાં દિવ્ય ચરિત્રો અને મનુષ્ય ચરિત્રોમાં સમભાવ રહે એ જ ભક્તિ ! તેમના મનમાં મહારાજ માટે પૂર્વવત્ ભાવ થઈ ગયો !

ઉદ્‌ગીથ ૨૨



સુંઢરિયાણામાં વસંતોત્સવ

(આ.સં. ૧૮૮૦, ઈ.સ. ૧૮૨૪)

ગઢપુરમાં વસંતનો ઉત્સવ કરવાની તૈયારી દાદાખાચરે શરૂ કરી. એટલામાં સુંદરિયાણેથી સમાચાર આવ્યા કે હિમરાજ શેઠ ધામમાં પધાર્યા છે. મહારાજ આ સાંભળી દિલગીર થઈ ગયા. પછી કહ્યું : ''આપણે શેઠની ઉત્તરક્રિયાનો પ્રસંગ પતી જાય પછી સુંદરિયાણા જવું છે.''

એટલામાં સુંદરિયાણાથી ભગાભાઈ તથા વનાશાના પુત્ર હીરાભાઈ મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને બોલાવ્યા. શેઠ ધામમાં પધાર્યા તેથી તેમને સાંત્વન આપ્યું. ત્યારે હીરાભાઈએ કહ્યું : ''મહારાજ ! આપ સાક્ષાત્ તેડવા પધાર્યા હતા તેથી દાદા તો વાતો કરતાં કરતાં ધામમાં પધાર્યા છે. અમને તો એનો આનંદ છે કે આપની કૃપાથી દાદાએ જીવન સફળ કરી દીધું.''

મહારાજ આ બંનેની સમજણ જોઈ પ્રસન્ન થયા.

આ કંઠી અને સત્સંગ શિર સાટે છે

પછી હીરાભાઈએ કહ્યું : ''મહારાજ ! તેમના કારજ પ્રસંગે અમે ન્યાતને તેડાવી. પરંતુ ધંધુકામાં રહેતાં અમારાં સગાંઓએ કહ્યું : 'તમે સ્વામિનારાયણની કંઠી તોડી નાંખો અને વૈષ્ણવી કંઠી ધારણ કરો તો જ ન્યાત જમવા આવશે.' અમે તેની ચોખ્ખી ના કહી. એટલે તેમના હાથ હેઠા પડ્યા. પછી છેવટે કહ્યું : 'ન્યાત જ્યારે જમવા બેસે ત્યારે તમે એક ઓરડામાં બેસી રહેજો. ન્યાત સમક્ષ આવશો નહીં. અમે વાત વહેતી મૂકશું કે હિમરાજ શાહના પુત્રોએ સત્સંગ મૂકી દીધો છે. આટલું માનો તો ન્યાત જમશે.' પરંતુ બાપુએ તો ચોખ્ખું સંભળાવી દીધું કે 'આ કંઠી અને સત્સંગ શિર સાટે છે. ન્યાતને જમવા આવવું હોય તો આવે, નહીં તો અમારા સાચા સગા છે તે સૌ બાપાના કારજ પ્રસંગે આવશે.

અમારે ત્યાં મોટો ઉત્સવ કરીશું.'' હીરાભાઈએ વિસ્તારથી વાત કરતાં કહ્યું.

મહારાજ તેમની ટેક જોઈ અત્યંત પ્રસન્ન થયા. મહારાજે તરત જ દાદાખાચરને બોલાવ્યા. તેમને કહ્યું : ''આપણે વસંતનો ઉત્સવ સુંદરિયાણામાં કરવો છે. હિમરાજ શાહ ધામમાં ગયા તેથી તેમના પુત્રોએ બાપાના કારજ નિમિત્તે વસંતનો ઉત્સવ ત્યાં કરવા આપણને તેડાવ્યા છે. માટે અહીંની તૈયારીઓ બંધ કરો.''

એટલું કહીને આનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : ''તમે આ બંને સાથે સુંદરિયાણા જાવ અને વસંતના ઉત્સવની તૈયારી કરાવો.'' પછી દાદાખાચરને કહ્યું : ''આ આનંદ સ્વામીની સાથે બીજા સેવકો મોકલજો.''

''ભલે મહારાજ ! જેવી આજ્ઞા.'' મહારાજનો પડ્યો બોલ ઝીલવાની દાદાખાચરની આ પ્રકારની તત્પરતાથી મહારાજ તેમના ઉપર અત્યંત પ્રસન્ન રહેતા. પ્રસંગે પ્રસંગે તેમણે દાદાખાચરને ચકાસ્યા હતા. તેમના મનના સંકલ્પોના ચૂરેચૂરા કરી નાંખ્યા હતા. છતાં દાદાખાચરના મુખ ઉપરની એક રેખા બદલાતી નહીં. તેથી મહારાજ કહેતા : ''દાદાખાચરને અમારામાં અટલ વિશ્વાસ છે. તેનું વિશ્વાસનું અંગ છે.''

હીરાભાઈ તથા ભગાભાઈ સાથે આનંદ સ્વામી થોડા સેવકો લઈને સુંદરિયાણા ગયા. ત્યાં વસંતના ઉત્સવની તૈયારીઓ કરવા માંડી. મહારાજ અને સંતો પધારશે. તેમના સ્વાગત માટે પૂંજાશા તથા વનાશાએ વાજિંત્રો મંગાવ્યાં. મહારાજનો ઉતારો જેઠાભાઈની મેડીએ રાખ્યો. લલિતા તથા જયાનો ઉતારો ભાણજી મહેતાને ઘેર ગોઠવ્યો અને દાદાખાચર માટે ભગા શેઠે પોતાના ઓરડા ખાલી કરી દીધા. આ પ્રમાણે ઉત્સવની સંપૂર્ણ તૈયારી થઈ ગઈ.

આ.સં. ૧૮૮૦ના માઘ માસના પડવે મહારાજ સંઘ સાથે સુંદરિયાણા જવા નીકળ્યા.[૧૨૩] આગળથી સંદેશો મોકલાવ્યો હતો તેથી સુંદરિયાણાને પાદર ત્યાંના હરિભક્તો તથા હિમરાજ શાહના સર્વ કુટુંબીજનો મહારાજનું સ્વાગત કરવા આવી ગયા હતા. મહારાજને ફૂલહારથી વધાવ્યા. પછી વાજિંત્રોના ઘોષ સાથે, મહારાજ સમગ્ર સંઘ સાથે પુરમાં પધાર્યા. દરેક પોતપોતાને ઉતારે સ્વસ્થ થઈ ગયા. ત્યારબાદ મહારાજ પાકશાળા જોવા પધાર્યા. પાકશાળામાં જે સામગ્રીઓ હતી તે મહારાજને ઓછી લાગી. મહારાજે કહ્યું : ''અમે ગઢપુરથી દેશોદેશમાં કંકોત્રીઓ લખી મોકલી છે. એટલે આ ઉત્સવ ઉપર ઘણા હરિભક્તો

---

૧૨૩. ગઢડા મધ્ય પ્રકરણનાં ૪૬ સુધીનાં વચનામૃત પૂરાં થયાં.

આવશે. માટે ચાલીસ મણ ઘી અને ચાલીસ મણ ખાંડ મંગાવો. તે પ્રમાણે બીજી સામગ્રી મંગાવો.'' તરત જ વનાશાએ તે પ્રમાણે વસ્તુઓ ખરીદી લાવવા માટે ધંધુકા માણસ મોકલી દીધો.

ધંધુકામાં મહાજને બ્રાહ્મણોની ચોરાસી બંધ કરી

વનાશાએ મહારાજને કહ્યું : ''મહારાજ ! ધંધુકાના મહાજને બ્રાહ્મણો સત્સંગી થયા તેથી તેમની ચોરાશી બંધ કરી છે. અગાઉ જે રકમ બ્રાહ્મણોને જમાડવામાં મહાજન વાપરતું, તે રકમ હવે બીજી રીતે ધર્માદામાં વાપરી નાંખે છે. માટે આપણે બ્રાહ્મણોને પણ જમવા બોલાવવા.''

મહારાજ આ સાંભળી રહ્યા. સત્સંગ પ્રત્યે હજુ પણ લોકોમાં દ્વેષ છે. અજ્ઞાની માણસો સ્વામિનારાયણ ધર્મ એક નવો ધર્મ છે, વૈષ્ણવ ધર્મથી અલગ ધર્મ છે એવું સમજી એ દ્વેષમાં વધારો કરે છે. થોડી વાર વિચાર કરી મહારાજે વનાશાને કહ્યું : ''આપણે ધંધુકાના બ્રાહ્મણોને અહીં જમવા માટે આમંત્રણ તો મોકલવું જ. પરંતુ બ્રાહ્મણો અહીં આવશે, જમશે તેથી સત્સંગી થઈ જશે એ બીકથી ત્યાંનું મહાજન જ તેમને જમાડશે. બ્રાહ્મણોની ચોરાશી તેમણે બંધ કરી છે તે ફરી બાપુના નિમિત્તે શરૂ થશે.''

વનાશા આ સાંભળી રાજી થયા. બાપુના નિમિત્તે બ્રાહ્મણોની ચોરાશી ફરી શરૂ થશે તેથી રૂડું બીજું શું હોઈ શકે ?

સુંદરિયાણામાં વસંતોત્સવ : આ.સં. ૧૮૮૦

વસંતનો ઉત્સવ આવ્યો એટલે મહારાજે વનાશાને બોલાવીને કહ્યું : ''અહીં ગામમાં બહુ ભીડ થશે. માટે ગામની બહાર પૂર્વ દિશામાં વિશાળ જગ્યામાં રંગોત્સવ કરીશું. ત્યાં એક મંચ બંધાવો.''

પછી મહારાજે પૂછ્યું : ''ગુલાલ કેટલો મંગાવ્યો છે ?''

વનાશાએ કહ્યું : ''મહારાજ ! સાત મણ ગુલાલ મંગાવ્યો છે.''

મહારાજ આ સાંભળી રાજી થયા. બ્રાહ્મણોને જમાડવાની વ્યવસ્થાની સૂચના આપતાં કહ્યું : ''જુદા જુદા તડના બ્રાહ્મણો આવશે, તેમના દરેક તડના ચોકા જુદા કરાવજો.''

આ ઉત્સવ માટેની નાનામાં નાની બાબત ઉપર મહારાજ ઝીણવટથી સૂચના આપી રહ્યા હતા. તેથી વનાશાને અંતરમાં ખૂબ જ આનંદ થયો. બાપુનું

કારજ સર્વ પ્રકારે શોભે, સત્સંગના ઇતિહાસમાં અપૂર્વ ઉત્સવ થાય તે જોવાની મહારાજની કાળજી હતી. પુરુષોત્તમ નારાયણ સ્વયં આ પ્રકારની આત્મબુદ્ધિ પોતાના ભક્તો પ્રત્યે રાખે એ જ ભગવાનનું ભગવાનપણું છે.

જોતજોતામાં વસંતનો ઉત્સવ આવી ગયો. હરિભક્તો પણ ચારે દિશામાંથી સંખ્યાબંધ આવવા લાગ્યા. જેમ જેમ ભક્તોના સંઘ આવતા જાય, તેમ તેમ વનાશા, પૂંજાશા અને તેમનો પરિવાર અતિ રાજી થાય. વસંતના દિવસે મહારાજ શ્વેત વસ્ત્રો ધારણ કરી પોતાના ઉતારામાંથી સખા સાથે નીકળ્યા. મહારાજ નીકળ્યા અને રંગોત્સવની શરૂઆત થઈ. મહારાજ ઉપર હરિભક્તોએ ગુલાલ નાંખ્યો અને તરત જ મહારાજે પણ ભક્તો ઉપર ગુલાલ નાંખવાની શરૂઆત કરી. નાનકડા ગામની નાનકડી શેરીઓમાં ધૂમ મચી ગઈ. એટલે મહારાજે કહ્યું : "રંગ રમવા માટે બહાર ખુલ્લામાં જે જગ્યા નક્કી કરી છે, ત્યાં આપણે જઈએ." એમ કહી મહારાજ ઉતાવળે પગલે ચાલવા લાગ્યા.

અહીં આવી પોતે મંચ ઉપર બિરાજ્યા. ગુલાલના ટોપલા મંચ ઉપર મંગાવ્યા અને પછી રંગોત્સવની શરૂઆત પોતે જ કરી. સંતો, હરિભક્તો ઉપર મહારાજ ગુલાલ છાંટવા લાગ્યા. સંતોએ પણ જુદાં જુદાં સંતમંડળોના તડ પાડ્યા. તે પ્રમાણે હરિભક્તો પણ એકબીજાના સંઘ સાથે સામસામા રમવા લાગ્યા. બપોર સુધી રંગોત્સવની ધૂમ મચી. પછી મહારાજ મંચ ઉપરથી ઊતર્યા. મહારાજનું મુખારવિંદ ગુલાલની છાંટથી ઉષાકાળના સૂર્યની લાલિમા સમાન શોભતું હતું. વસ્ત્રો રંગાઈ ગયાં હતાં.

મહારાજ બે પાર્ષદોના હાથ મજબૂત પકડી પોતાને ઉતારે પધાર્યા. અહીં ગોખમાં બિરાજમાન થયા. સંતો, હરિભક્તો મહારાજનાં દર્શન કરતા નીચે બેસી ગયા. મહારાજ આ પ્રસંગે અત્યંત પ્રસન્ન હતા. હિમરાજ શાહના પરિવારે સંપ્રદાયના કહેવાતા વાડા બહાર નીકળી સંપ્રદાયનું સાચું રહસ્ય સમજી સત્સંગ શિર સાટે રાખ્યો હતો.

મહારાજ પ્રસાદીનાં વસ્ત્રો હિમરાજ શાહના પરિવારને આપે છે

મહારાજે પોતે ધારણ કરેલાં વસ્ત્રો કાઢી તે અમૂલ્ય પ્રસાદીનાં વસ્ત્રોમાંથી જેઠાભાઈને અંગરખું આપ્યું; પૂજાભાઈને સુરવાળ આપ્યો; અને વનાભાઈને પાઘ આપી. મહારાજની આ કૃપાવર્ષાથી ત્રણે ભાઈઓ કૃતકૃત્ય થઈ ગયા ! મહારાજ કેટલાક હરિભક્તોને ભેટ્યા, કેટલાકને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

મહારાજના મુખ ઉપર અત્યંત પ્રસન્નતાનો ભાવ આ પ્રસંગે અછતો ન રહ્યો.

પછી મહારાજે તેમના આંગણામાં બેસી સ્નાન કર્યું. વનાભાઈને ઘેર બ્રહ્મચારીએ થાળ કર્યો હતો. સ્નાન કર્યા બાદ મહારાજ ત્યાં જમવા પધાર્યા. સાંજે મોડજીભાઈને ઘેર પધાર્યા અને ત્યાં જ સભા કરી.

સુંદરિયાણાના અન્ય ભક્તોએ પણ આ પ્રસંગે મહારાજની તથા સંતો, હરિભક્તોની સર્વ પ્રકારે સેવા કરી. કોઈ શેલડી લાવ્યા, તો કોઈ ગોળનાં ભીલાં લાવ્યા.

અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ નારાયણ મનુષ્યરૂપ ધારણ કરી પોતાના ભક્તોના મનોરથ પૂરા કરવા આટલા અલ્પ બન્યા, ભક્તો સાથે રમ્યા, જમ્યા અને અનેક પ્રકારે તેમને સુખ આપી પોતાના પરાત્પર અક્ષરધામના અધિકારી બનાવી દીધા ! પરંતુ જેમને લૌકિક દૃષ્ટિ છે, તેમને મહારાજના સ્વરૂપમાં આ દિવ્યતા દેખાતી ન હતી. તેથી જ આ નવા પંથને વગોવવા જગત વ્યાપારરૂપી વાતોનું કૂટણું કર્યે જ જતા હતા. દૂર ઊભા રહીને આ તમાશો દેખતા અને અંતરમાં દાઝી મરતા.

ગીતાકારે ખરું જ કહ્યું છે કે मनुष्याणां सहस्रेषु कश्चिद् यतति सिद्धये । એવા કોઈક વિરલા મુમુક્ષુ માટે જ આ દિવ્ય સત્સંગ છે.

આપની મૂર્તિ અખંડ ધ્યાનમાં રહે

બીજે દિવસે મહારાજ ત્યાંથી નીકળવા તૈયાર થયા એટલે વનાશાએ કહ્યું : "મહારાજ ! લાડુ બહુ વધ્યા છે તો એક દિવસ વધુ રોકાઈ જાવ."

મહારાજે કહ્યું : "દરેક સંત, હરિભક્તને બબ્બે લાડવા આપી દ્યો."

વનાશાને લાગ્યું કે તેમની યુક્તિ કામમાં ન આવી. તેમની આંખમાં આંસુ આવી ગયાં. મહારાજે તેમને કહ્યું : "શેઠ ! તમે સત્સંગ માટે અપાર ભોગ આપ્યો છે. આવું તો કોઈ વિરલા જ, ખરા ખપવાળા જ કરી શકે. માટે ઉદાસ ન થશો. જે સુખ લીધું છે તે સંભારજો. તમારા ઉપર અમે ખૂબ જ રાજી છીએ. આ સમો સુખનો છે, આનંદનો છે." એટલું કહી મહારાજે પ્રસન્નતાપૂર્વક કહ્યું : "શેઠ ! જે માગવાની ઇચ્છા હોય, તે આજે માગી લ્યો."

મહારાજની આવી અપાર પ્રસન્નતાથી તેમનું અંતર પ્રફુલ્લિત થઈ ગયું. ચારે ભાઈઓએ માગ્યું : "મહારાજ ! આપની મૂર્તિ અખંડ ધ્યાનમાં રહે. એ સિવાય બીજું અમારે કાંઈ જ જોઈતું નથી."

મહારાજે 'તથાસ્તુ' કહ્યું અને તરત જ સંઘને ત્યાંથી સાબદો કર્યો. મહારાજ સુંદરિયાણાથી નીકળી ગઢપુર પધાર્યા.[૧૨૪]

આ સત્સંગ કેવળ તિલક, કંઠી કે માળા ધારણ કરવાથી સિદ્ધ થતો નથી

મહારાજ સુંદરિયાણાથી ગઢપુર પધાર્યા.[૧૨૫] પરંતુ વારંવાર સુંદરિયાણાના ભક્તોને સંભાર્યા કરતા. કથા પ્રસંગે કે અક્ષર ઓરડીમાં સંતો પાસે કે જીવુબા, લાડુબા પાસે મહારાજ હિમરાજ શાહના પરિવારની દૃઢ ટેક અને શિર સાટે સત્સંગ રાખવાની શૂરવીરતાની વાતો કરતા. મહારાજ કહેતા : "તેમણે ન્યાતનો વ્યવહાર તોડ્યો, સગાંવહાલાંની મહોબત તોડી અને કહેવાતા ધર્મના ટૂંકા કુંડાળાને તોડી બહાર આવી ગયા. ખરા ખપવાળા હોય તેમનાથી જ સત્સંગ શિર સાટે રાખી શકાય. હજુય સત્સંગ રાખતાં ભવિષ્યમાં કેટલુંય દુઃખ આવશે તે તો ભગવાન જાણે, પણ શેઠના બલિષ્ઠ સંસ્કારના બીજબળથી ભવિષ્યની પેઢીને પણ આંચ નહીં આવે."

મહારાજના શબ્દોનું રહસ્ય સૌ સમજી ગયા. આ દિવ્ય સત્સંગ એ કેવળ કંઠી, માળા કે તિલક ધારણ કરવાથી સિદ્ધ થતો નથી પરંતુ પોતાના

---

૧૨૪. આ જગ્યાએ સુંદરિયાણામાં વસતોત્સવ આ.સ. ૧૮૮૦માં લીધો છે. શ્રીહરિલીલામૃત; ૭-૭૭ જોતાં આ ઉત્સવ ૧૮૭૫માં થયો હોય એમ જણાય છે; જ્યારે શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૨૮, તરંગ ૮૨થી ૯૧માં આ.સં. ૧૮૮૧માં આ ઉત્સવ સુંદરિયાણામાં કર્યો એવો ઉલ્લેખ છે.

હિમરાજ શાહના પુત્રો પિતાના કારજ પ્રસંગે શ્રીહરિને આમંત્રે છે ત્યારે વસંતોત્સવ નજીક આવતો હોવાથી શ્રીહરિ ત્યાં ઉત્સવનું નક્કી કરે છે. એટલે જો આ.સં. ૧૮૮૧નો વસંતોત્સવ ગણીએ તો વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૯ પ્રમાણે આ.સં. ૧૮૮૧ના શ્રાવણ સુદ ૧૨ના દિવસે શ્રીહરિએ, હિમરાજ શાહ માટે 'જેવી દૃઢતા... હિમરાજ શાહને હતી...' એમ ભૂતકાળ વાપર્યો છે; એટલે હિમરાજ શાહના ધામગમન અને આ.સં. ૧૮૮૧ના વસંતોત્સવ વચ્ચેનો ગાળો ઘણા મહિનાઓનો થઈ જતાં કારજ પ્રસંગે શ્રીહરિ પધાર્યા હતા એ વાત ખોટી ઠરે છે. એટલે શ્રીહરિચરિત્રામૃતસાગરનો ઉલ્લેખ યોગ્ય જણાતો નથી. વળી, એ જ ગ્રંથમાં પૂર-૨૮, તરંગ-૧માં આ.સં. ૧૮૮૧ની વસંતપંચમી ગઢડામાં પણ કરી એવો પણ ઉલ્લેખ છે. માટે આ ઉત્સવ આ.સં. ૧૮૮૦માં જ યોગ્ય લાગતાં અહીં લીધો છે.

૧૨૫. ગઢડા મધ્ય પ્રકરણના ૪૭મા વચનામૃતથી વચનામૃત શરૂ થયાં.

ઉપાસ્ય સ્વરૂપ અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમના સર્વોપરી સ્વરૂપની શુદ્ધ ઉપાસના, તેમણે સ્થાપેલ સત્સંગની મર્યાદા, સત્સંગનો દૃઢ પક્ષ અને ઇતર જનો કે પદાર્થો પ્રત્યે વિરક્તભાવ કેળવવાથી જ સચવાશે. સાચા શૂરાનો અને સમજણવાળાનો આ માર્ગ છે.

✧

થોડા દિવસ પછી મહારાજે ધર્મકુળને દ્વારિકાની જાત્રા કરવા જવાની આજ્ઞા કરી. અગાઉ રામપ્રતાપભાઈને દ્વારિકાની યાત્રાએ મહારાજે મોકલ્યા હતા. આ વખતે સમગ્ર ધર્મકુળને મહારાજે આજ્ઞા કરી. મયારામ ભટ્ટે માઘ સુદ નવમીના પ્રયાણનું મુહૂર્ત કાઢી આપ્યું. સચ્ચિદાનંદ સ્વામીને મહારાજે ભોમિયા તરીકે સાથે મોકલ્યા. ઉમરેઠના દયારામ શુક્લ જે ધર્મકુળની સેવામાં હતા તેમને પણ સાથે મોકલ્યા.

✧

એક દિવસ મહારાજ દાદાખાચરના દરબારમાં વાસુદેવ નારાયણના ઓરડા પાસે સભામાં બિરાજમાન થયા હતા. તે પ્રસંગે એક દેવીભક્ત ત્યાં આવ્યો. કપાળે સિંદૂરની આડ હતી, હાથમાં ત્રિશૂળ હતું, માથે લાલ રંગનો રૂમાલ બાંધ્યો હતો. મહારાજ પાસે આવી તેણે મહારાજને નમસ્કાર કર્યા. પછી કહ્યું : "મહારાજ ! તમે તો ભગવાન છો. પણ આપ જો આજ્ઞા કરો તો મારી દેવીનો એક ગરબો સંભળાવું."

મહારાજે તેનો ભાવ જોઈ હસતાં હસતાં કહ્યું : "ભલે સંભળાવો !"

એટલે તેણે શરૂ કર્યું :

મા તું પાવાની પટરાણી, ભવાની મા કાળકા રે લોલ,
મા તારે ડુંગરડે ચડવું તે, અતિ ઘણું દોહ્યલું રે લોલ.

અને પછી તેણે આગળ ગાયું :

માડી તારા મુખની મરોડતા જોઈ, લોભાણું મુખ ચંદા તણું રે લોલ.
માડી તારું મુખડું જોવાને કાજ, આવે છે કુંવર નંદનો રે લોલ.

તેની ગાવાની હલકથી, ગરબાના ઢાળથી મહારાજ પ્રસન્ન થયા. તેને શિરપાવ અપાવ્યો. મહારાજને નમસ્કાર કરી તે ગયો.

પછી મહારાજે પ્રેમાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! સાંભળ્યો ને માતાજીનો ગરબો ? ઢાળ સુંદર છે, ગાવાની હલક પણ સુંદર હતી. માતાજીનો મહિમા પણ કેવો ગાયો ? તમે એ ઢાળની ગરબી બનાવો."

પ્રેમાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : "ભલે મહારાજ !"

બીજે દિવસે મહા વદ ૧૪ના રોજ મહારાજ દાદાખાચરના દરબારમાં ઉગમણા દ્વારની ઓસરીએ બિરાજમાન થયા હતા. તે વખતે પ્રેમાનંદ સ્વામીએ સભામાં સૂર છેડ્યો

વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ.

પ્રેમાનંદ સ્વામી એક પછી એક એમ આઠ પદ બોલ્યા. તે સાંભળી મહારાજ અતિ પ્રસન્ન થઈ ગયા અને બોલ્યા : "પ્રેમાનંદ સ્વામીને આવી રીતે ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, માટે મનમાં એમ થાય છે કે ઊઠીને એમને સાષ્ટાંગ પ્રણામ કરીએ."[૧૨૬]

બ્રહ્માનંદ સ્વામીએ મોટું કામ આદર્યું એટલે મહારાજને ચિંતા થાય છે

મહારાજ હવે વરતાલ જવા આતુર થઈ ગયા હતા. વરતાલથી પણ સમાચાર આવતા હતા કે બ્રહ્માનંદ સ્વામીએ તો એક શિખરના નાના મંદિરને બદલે મોટું કામ ઉપાડ્યું છે. જોબન પગીએ બામણોલી, સંજાયા તથા વડતાલના કુંભારોને કહી ઈંટો પડાવવી શરૂ કરી હતી. સ્વામી ઝોળી ફેરવી ભિક્ષા લાવતા અને ઈંટો પાડનારા કુંભારોને પ્રેમથી જમાડતા. સૌને મહારાજના આ કાર્યમાં કાંઈક પુષ્પાંજલિ અર્પણ કરવાની ભાવના થતી. તેથી કોઈ સ્વામી માટે અનાજ મફત આપતું, તો કોઈ મંદિર માટે બીજી સામગ્રી પણ મફત આપતું. કુંભારોમાં પણ આ ભાવના જાગ્રત થઈ હતી અને એક એક લાખ ઈંટના નવ ઈંટવાડા તેમણે તૈયાર કર્યા. સૌને આશ્ચર્ય થતું કે આવું જબ્બર કાર્ય આટલી સરળતાથી કેમ થઈ રહ્યું છે !

હાલ શ્રી લક્ષ્મીનારાયણનું અને ધર્મદેવનું મંદિર છે ત્યાં સ્વામીએ બે શિખરોના પાયા ગળાવ્યા. ગુજરાતની જમીન માટીવાળી એટલે પથ્થરનો કસ તો આવે જ નહીં. તેથી સ્વામીએ પાયા ઊંડા ખોદાવ્યા. છતાં જેમ ઊંડું ખોદે તેમ પાણી આવે. તેથી પાણી કોસ જોડાવી બહાર ખેંચી કાઢે. છેવટે ત્યાં જ પાકી ઈંટોની કમાનો વાળી. આ રીતે પાયામાં જ છ-સાત લાખ ઈંટો વપરાઈ ગઈ. બ્રહ્માનંદ સ્વામીએ કેવળ બાર રૂપિયાની મૂડીમાં આટલું જબ્બર કામ ઉપાડ્યું હતું અને છતાં તે બાર રૂપિયા તો તેમની ચીંથરીમાં બાંધેલા પડ્યા જ હતા !

૧૨૬. ગઢડા મધ્ય પ્રકરણ ૪૮.

મહારાજને ગઢડામાં, બ્રહ્માનંદ સ્વામીએ ઉપાડેલા આ મહાન કાર્યની ખબર પડી. તેથી તેમને ચિંતા થવા માંડી કે સ્વામીએ આ શું આદર્યું છે ? આપણે તો એક શિખરનું નાનું દેરું કરવાનું કહ્યું હતું અને સ્વામીએ તો ગજા બહારનું કામ આદરી દીધું. તેમણે અક્ષરાનંદ સ્વામીને[૧૨૭] બોલાવીને કહ્યું : "તમે વરતાલ જાઓ અને સ્વામીને કહો આવું ગજા બહારનું કામ ન કરે. ફક્ત એક શિખરનું મંદિર જ કરે."

અક્ષરાનંદ સ્વામી ઉતાવળી ગતિએ વરતાલ પહોંચ્યા અને બ્રહ્માનંદ સ્વામીને મહારાજનો સંદેશો કહ્યો. સ્વામીએ તેમને કહ્યું : "સ્વામી ! આ કાર્યમાં તમારી નજર નહીં પહોંચે. માટે જેણે આવું કાર્ય આદરવાની પ્રેરણા આપી છે તે જ પૂરું કરાવશે. તમે મહારાજને જઈને કહો."

અક્ષરાનંદ સ્વામી તરત જ પાછા ગઢપુર આવ્યા. મહારાજને તેમણે વાત કરી એટલે મહારાજની ચિંતા વધી.

અપની પહોંચ બિચારકે કરીએ તેતી દોડ

મહારાજે નિત્યાનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : "આ સ્વામીએ પહોંચ વિચાર્યા વગર મોટું મંદિર કરવાના મંડાણ કર્યા છે પણ અંતે નાણે નહીં પહોચાય અને બધું આપણા ગળામાં આવશે. માટે તમો વરતાલ જાવ અને સ્વામીને સમજાવો, હજુ મોડું થયું નથી." એમ કહી મહારાજે તેમને સ્વામી

---

૧૨૭. આ અક્ષરાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું ગામ મોડા હતું. તેઓ જાતે રજપૂત ગરાશિયા હતા. તેમનું નામ દાજીભાઈ હતું. તેમણે ખેતર અને ઘરબાર શ્રીહરિને અર્પણ કર્યાં અને કેટલાંક વર્ષો બાદ તેઓએ ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. શ્રીહરિએ તેમનું નામ અક્ષરાનંદ પાડ્યું અને પછી તેમને વરતાલના મહંત કર્યા.

– શ્રીહરિલીલામૃત, કળશ ૪, વિશ્રામ ૨૯ તથા કળશ ૫, વિશ્રામ ૧૫.

વળી એક બીજા પણ અક્ષરાનંદ સ્વામી હતા. જેમનું પૂર્વાશ્રમનું ગામ ઉમરાળી હતું અને નામ રાજાભાઈ હતું. તેમની સ્ત્રીએ સાધુ ગામમાં આવ્યા ત્યારે ઘઉં દળી ન આપ્યા એટલે રાજાભાઈએ યુક્તિ કરીને તેમને પિયેર મોકલી દીધી અને ઘરવખરી વેચી પોતે સાધુ થવા ગઢડા મહારાજ પાસે આવ્યા. મહારાજે "તમારે સાધુ થવું છે કે અમે કહીએ તેમ કરવું છે ?" એમ પૂછતાં "આપ કહો તેમ કરું" એવું કહ્યું. તેથી મહારાજે તેમને પર્વતભાઈની ખેતી સંભાળવાનું કહ્યું. બાર વર્ષ પછી મહારાજે એમને બોલાવી, દીક્ષા આપી, અક્ષરાનંદ સ્વામી એવું નામ પાડ્યું.

– બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, પાન ૩૫૧.

ઉપર એક પત્ર લખી આપ્યો. તેમાં સાખી લખી :

"અપની પહોંચ બિચારકે, કરીએ તેતી દોડ,
તેતા પાઉ પસારીએ, જેતી લંબી સોડ."

નિત્યાનંદ સ્વામી મહારાજનો પત્ર લઈ વરતાલ પહોંચ્યા. તેમણે પણ ત્યાં જઈને જોયું તો કમલ આકારના મંદિરના વિશાળ પાયા પુરાતા હતા. નિત્યાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું : "આ બધું શું થઈ રહ્યું છે ?"

એટલે બ્રહ્માનંદ સ્વામીએ હસીને કહ્યું : "શ્રીજીમહારાજના સંકલ્પ પ્રમાણે મંદિર થાય છે. પરાત્પર અક્ષરધામના અધિપતિ મહારાજ, તેમના સંકલ્પ કાંઈ નાના હોય ? મને તો આ પણ હજુ નાનું લાગે છે."

નિત્યાનંદ સ્વામી પણ વિચાર કરવા લાગ્યા. બ્રહ્માનંદ સ્વામીની બુદ્ધિ અને મહારાજ પ્રત્યેની ભક્તિમાં તેમને સંપૂર્ણ વિશ્વાસ હતો. તેથી તેઓ કાંઈ આગળ બોલ્યા નહીં. થોડી વાર પછી તેમણે બ્રહ્માનંદ સ્વામીને મહારાજનો પત્ર આપ્યો. સ્વામીએ તે ખોલ્યો. વાંચતાં વાંચતાં સ્વામી હસવા લાગ્યા. નિત્યાનંદ સ્વામીને મનમાં હતું કે કદાચ મહારાજે પત્રમાં લખેલા આદેશથી સ્વામી મુઝાશે. પરંતુ તેમને આશ્ચર્ય થયું કે સ્વામી તો ઊલટા હસતા હતા. તેમણે નિત્યાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે હવે અહીં જ રોકાવ. મહારાજ અહીં ફૂલદોલનો ઉત્સવ કરવા થોડા રોજમાં આવશે. તમે અહીં હશો તો મનેય બળ રહેશે. મહારાજને હું પત્ર લખી હમણાં જ માણસ સાથે ગઢડા મોકલી દઉં છું."

નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "ભલે, તમારા કાર્યમાં મારો સાથ છે."

બ્રહ્માનંદ સ્વામી આ શબ્દો સાંભળી રાજી થયા.

સ્વામિનારાયણનાં મંદિર તો આકાશને આંબે એવા હોય

બ્રહ્માનંદ સ્વામીએ મહારાજ ઉપર પત્ર લખ્યો. મંદિર અંગેની બધી જ વિગત તેમાં લખી અને પછી મહારાજે લખેલી સાખીનો ઉત્તર પણ લખ્યો :

"સાહેબ સરીખા શેઠિયા, બસે નગ્રકે માંહી,
તાકે ધનકી કયા કમી, હુંડી ચલે નવખંડ માંહી."

આ પત્ર તેમણે નિત્યાનંદ સ્વામીને વંચાવ્યો. તેઓ તો અગાઉથી જ સમજી ગયા હતા કે મહારાજની રુચિ અનુસાર જ સ્વામી મંદિર કરી રહ્યા છે. "સ્વામિનારાયણનાં મંદિર તો આકાશને આંબે એવાં હોય, તે કાંઈ નાનાં દેરાં ન હોય" - બ્રહ્માનંદ સ્વામીના આ શબ્દો તેમના અંતરમાં રમી રહ્યા હતા.

તેમણે હસીને કહ્યું : "મહારાજને પત્ર મોકલી આપો."

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "આમાં બે શબ્દો આપ પણ લખો."

ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "તમે લખો કે આ કાર્યમાં નિત્યાનંદ સ્વામીની પણ સંમતિ છે." બ્રહ્માનંદ સ્વામીએ તે પ્રમાણે પત્રમાં ઉમેર્યું. પછી પત્ર તરત જ ગઢપુર મોકલાવી દીધો.

લક્ષ્મીજી બોલ્યાં છે તો હવે બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ સિદ્ધ થશે

મહારાજને આ પત્ર મળ્યો. મહારાજે તે વંચાવ્યો. પછી બોલ્યા : "આપણે તો બ્રહ્માનંદ સ્વામીને વારવા માટે નિત્યાનંદ સ્વામીને મોકલ્યા હતા પરંતુ તેઓ પણ તેમના પક્ષમાં ભળી ગયા. હવે તો આપણે જાતે જ વરતાલ જવું પડશે."

એટલે શુકમુનિએ પૂછ્યું : "મહારાજ ! સ્વામીએ આ સાખી લખી છે તેનું શું ?"

એટલે મહારાજે કહ્યું : "એ તો તેમને એવી નિષ્ઠા છે એટલે લખે."

"તો તેમની એ નિષ્ઠા નહીં ફળે ?" શુકમુનિએ હસતાં હસતાં પૂછ્યું.

"નિષ્ઠા તો ફળે જ ને !" મહારાજે કહ્યું.

"તો પછી આપ ઉતાવળા કાં થાવ છો ?" શુકમુનિએ ધીરે રહીને પૂછ્યું.

"સારું ત્યારે, જેવી ભગવાનની ઇચ્છા !" મહારાજ બોલ્યા.

એટલે છેટે ઊભેલાં જીવુબાએ કહ્યું : "મહારાજ ! બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ સિદ્ધ થવા દ્યો."

તે સાંભળી મહારાજે શુકમુનિને કહ્યું : "સાંભળ્યું ? આ લક્ષ્મીજી બોલ્યાં છે તો હવે બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ સિદ્ધ થશે."

✧

વરતાલમાં નિત્યાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! કમળાકારના મંદિરનો નકશો તૈયાર કર્યો છે પણ બે શિખર કરશો તો આકાર બંધ બેસતો નહીં આવે માટે ત્રીજા શિખરનો પાયો નાંખો. વચ્ચે મોટો ઘુંમટ કરો અને નાની નાની ઘુંમટીઓ કરો જેથી મંદિર સર્વ પ્રકારે શોભે."

બ્રહ્માનંદ સ્વામીને તો આ વિચાર હતો જ અને તેમાં સ્વામી ભળ્યા તેથી તેમને આનંદ થયો. ત્રણ શિખરના પાયામાં નવ લાખ ઈંટો ખપી ગઈ !



ઉદ્‌ગીથ ૨૩

મહારાજ વરતાલમાં મંદિરનું કાર્ય નિહાળે છે

(આ.સં. ૧૮૮૦, ઈ.સ. ૧૮૨૪)

અમારે અમારું બિરુદ જાળવવું પડે

ફૂલદોલનો દિવસ પાસે આવ્યો અને મહારાજ સંઘ સાથે વરતાલ જવા નીકળ્યા. કાઠી ભક્તોએ પોતપોતાની ઘોડીઓ તૈયાર કરી. કોઈકે હરણી તો કોઈકે કપિકયાડી, કેસર, વાંગળી, લખી, લખમી, બેરી, બોદલી, ચાંદરી, મલી, માછલી, રેડી તૈયાર કરી દીધી. પળ એકમાં જાણે આકાશમાંથી તારો ખરે એવી ગતિથી મજલ કરતી આ ઘોડીઓ કાઠી દરબારોના ગૌરવ સમી હતી, તેમનું એ અણમૂલું ધન હતું. મહારાજ સાથે સત્સંગને અર્થે ફરવાનું તે સાધન હતું, સમય આવ્યે મહારાજની રક્ષા માટે પણ તેનો ઉપયોગ થતો. આવી અણમૂલી ઘોડીઓ ઉપર પલાણ સજ્જ કરી સૌ તૈયાર થઈ ગયા.

નાજા જોગિયા પણ મહારાજની માણ્યકવર્ણી માણકી ઉપર સોનેરી પલાણ સજ્જ કરીને લાવ્યા. મહારાજને જોઈ માણકી પણ હાવળ દેવા લાગી. મહારાજ તેની પાસે પધાર્યા અને તેની કેશવાળી ઉપર હાથ ફેરવ્યો, તેની પીઠ થાબડી. માણકી થનગનવા લાગી. મહારાજ તેના ઉપર સવાર થયા અને સૌ કાઠીઓએ પણ પોતપોતાના અશ્વો ઉપર સવારી કરી. મહારાજે સૌને કહ્યું : "આપણે રસ્તામાં ક્યાંય રોકાવું નથી."

ત્યારે એક કાઠી ભક્તે કહ્યું : "તો તો મહારાજ ! આજ ઘોડા દોડાવીએ એટલે સૌનાં પારખાં થઈ જાય."

આજ તો ભલે પારખાં થઈ જાય

તે સાંભળી બીજા ભક્તે કહ્યું : "અરે ! આપણે તો પાવરધા કહેવાઈએ એટલે મહારાજથી ગાઉ બે ગાઉ આગળ નીકળી જઈએ અને મહારાજ એકલા

પડી જાય તો ભેગા રહેવાનું મૂલ્ય શું ?'' એટલે દરબારો ધીરા પડી ગયા.

મહારાજ મંદમંદ હસતાં હસતાં આ વાત સાંભળતા હતા. મહારાજે કહ્યું : ''દરબારો ! આજે તો ભલે થઈ જાય. પારખાં કરી જ લઈએ કે કોનું ઘોડું જાતવાન છે ને કોણ અસવાર પાવરધો છે.''

મહારાજની વાત સાંભળી સૌ માર્મિક હસ્યા. ધીરે ધીરે સૌ બહાર નીકળ્યા. બહાર પાદરમાં સૌ ઊભા રહ્યા. મહારાજે સંતોને કહ્યું : ''સંતો ! તમે સૌ ધૂન કરતાં કરતાં ઉતાવળા આવજો. આજે અમારે આ ઘોડાનાં પારખાં લેવાં છે એટલે અમે હવે ઊપડીએ છીએ.'' એટલું કહીને મહારાજે માણકીની લગામ સહેજ ખેંચી અને જાણે રામના બાણમાંથી તીર છૂટ્યું હોય તેમ માણકી છૂટી. કાઠી અસવારો સૌ જોઈ રહે તે પહેલાં તો ધૂળની ડમરી ઉડાડતી માણકી જાણે આકાશમા અદૃશ્ય થઈ ગઈ હોય તેમ દેખાતી બંધ થઈ ગઈ !

કાઠી ભક્તોએ પણ પૂરપાટ પોતાનાં ઘોડાં દોડાવ્યાં. હરણ અને રોઝની ગતિને શરમાવે એવી ગતિથી તે દોડ્યાં, પરંતુ ક્યાંય માણકીનાં એંધાણ તેમને મળ્યાં નહીં. કેટલાકનાં પલાણ ઢીલાં થઈ ગયાં તો કેટલાકની આંખમાં ધૂળ ભરાઈ જતાં આગળ દેખતા બંધ થઈ ગયા. આમ, અનેક મૂંઝવણ અનુભવતા કાઠી ભક્તો મનમાં સમજી ગયા કે જાત તો પૂરબિયા બ્રાહ્મણની છે, પણ છે ભગવાન એટલે અનેક કળામાં પ્રવીણ છે. તેમની આગળ હારવામાં પણ આપણું ગૌરવ છે. ધીરે ધીરે સૌએ પોતાના ઘોડાનાં પલાણ ઠીક કર્યાં, ધૂળ ખંખેરી અને આગળ જવા સાબદા થયા.

અમે ભગવાનનું ધામ છીએ

ત્યાં છેટે એક વૃક્ષ નીચે તેમણે માણકીને જોઈ. માણકી હાંફતી હતી. તેના શરીર ઉપરથી ટપકતા પરસેવાથી તે જ્યાં ઊભી હતી તે પૃથ્વી ભીની થઈ ગઈ હતી. સૌ પાસે આવ્યા અને જોયું તો મહારાજ એક ભગવા વસ્ત્ર ઉપર પોઢ્યા હતા. પાસે ગુણાતીતાનંદ સ્વામી મહારાજને આંબાના પાનનો પંખો કરી પવન નાખતા હતા. તેમને આ જોઈ આશ્ચર્ય થયું ! તેમણે પૂછ્યું : ''સ્વામી ! તમે ક્યારના અહીં આવ્યા છો ? તમે તો બધા સંતોની સાથે હતા.''

આ સાંભળી સ્વામી પણ હસ્યા. તેમણે કહ્યું : ''જેમ માણકી મહારાજને બેસવાનું વાહન છે, તેમ અમે મહારાજને રહેવાનું ધામ છીએ. મહારાજથી અમે કદી જુદા પડતા જ નથી. માણકીએ ગતિ વધારી એટલે અમે અમારી ગતિ

વધારી. માણકીની આગળ અમે અહીં પહોંચ્યા અને મહારાજ માટે જગ્યા સાફ કરી, આ વસ્ત્ર પાથરી દીધું. મહારાજ અહીં પધાર્યા અને માણકી ઉપરથી ઊતરી આ વસ્ત્ર ઉપર પોઢી ગયા."

સૌ સ્વામીની વાત સાંભળી રહ્યા. સ્વામી સંતોની સાથે હતા તે તેમણે જોયું હતું. અહીં પણ સ્વામી મહારાજ સાથે હતા તે પણ જોયું. તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો ! સ્વામી પણ તેમની મૂંઝવણ જોઈ મંદમંદ હસવા લાગ્યા.

થોડી વારે મહારાજ જાગ્યા. સૌ કાઠી ભક્તોને ત્યાં ઊભેલા જોઈ મહારાજ પણ હસ્યા. તેમણે કહ્યું : "અમને તો એમ હતું કે તમે બધા મોર નીકળી ગયા હશો. અમે તો થાકી ગયા એટલે અહીં આવી સૂઈ ગયા."

કાઠી ભક્તો આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! ભગવાનમાં ભણે બધી કળાયું હોય. અમારું પાણી આજે ઊતરી ગયું."

મહારાજ ઊઠ્યા. પછી કહ્યું : "તમે સૌ પાછળ આવો. અમારે ઉતાવળ છે એટલે અમે જલદી જઈએ છીએ. પણ તમે ઘોડાં હળવાં હળવાં હાંકજો એટલે રસ્તાનાં ગામના હરિભક્તોનાં દર્શન થાય અને સૌને વરતાલ વહેલા આવવાનું કહેવાય." એમ કહી મહારાજે માણકી દોડાવી.

અમારું બિરુદ જાળવવું પડે ને !

મહારાજ સીધા લોયા પધાર્યા. મહારાજને અચાનક આવેલા જોઈ સુરાખાચર તથા શાંતિબાને અત્યંત આનંદ થયો. સુરાખાચરે મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! ભલી કૃપા કરી."

ત્યારે મહારાજે હસતાં હસતાં તેમને કહ્યું : "તમે 'કૃપાનાથ, કૃપાનાથ' એમ કહો છો એટલે અમારે અમારું તે બિરુદ જાળવવું જોઈએ ને !" એમ કહી બોલ્યા : "જલદી થાળ કરો, અમારે ઉતાવળ છે. ને તમારે આવવું હોય તો વરતાલ ફૂલદોલના સમૈયા ઉપર આવજો."

ત્યારે સુરાખાચરે કહ્યું : "મહારાજ ! બીજાને આવવું હોય તો પાછળથી આવશે, પણ હું તો આપની સાથે જ આવીશ." મહારાજ તેમનો ભાવ જોઈ રાજી થયા.

મહારાજ જમીને લોયાથી સુરાખાચર સાથે નીકળી ગયા અને રસ્તામાં ક્યાંય ખોટી ન થતાં સીધા મૂળી પધાર્યા. મહારાજને અહીં પણ અણધાર્યા આવેલા જોઈને પાતલભાઈને અત્યંત આનંદ થયો. તે તરત જ ઘરમાં ગયા અને

તેમનાં બહેન રાજુબાને કહ્યું : "રાજુબા ! જો જો, મહારાજ પધાર્યા. તમને દર્શનની તાણ હતી અને આંસુ સારતાં હતાં તે મહારાજ તમારો ભાવ પૂરો કરવા પધાર્યા !"

આ સાંભળી રાજુબા એકદમ દોડ્યાં. ત્યાં તો મહારાજ માણકી ઉપરથી ઊતર્યા અને માણકીની લગામ સુરાખાચરને સોંપી દીધી. સુરાખાચરે માણકીને ખીલે બાંધી. એટલામાં પાતલભાઈનો સેવક આવી ગયો. તેણે સુરાખાચરના ઘોડાની લગામ લઈ લીધી અને તેને પણ ખીલે બાંધ્યો. બંનેને ચંદી નીરી.

તમારી વૃત્તિએ અમને ખેંચ્યા

પાતલભાઈ મહારાજના પગમાં પડી ગયા. રાજુબા દૂરથી આંખમાં અશ્રુ સાથે મહારાજનાં દર્શન કરતાં હતાં. મહારાજે કહ્યું : "પાતલભાઈ ! રાજુબાને પાસે બોલાવો." તરત જ રાજુબા નજીક આવ્યાં. મહારાજે તેને કહ્યું : "રાજુબા ! દર્શન કરી લો, દર્શન વિના તમે અકળાઈ ગયાં હતાં ને ! તમારી વૃત્તિએ અમને ખેંચ્યા અને અમારે સંઘને મૂકીને અહીં આવવું પડ્યું."

સુરાખાચર મહારાજની ઉતાવળ સમજી ગયા. તેમને થયું કે મહારાજ આવા ભક્તના પ્રેમની દોરીથી બંધાયેલા હતા.

પછી મહારાજે કહ્યું : "રાજુબા ! આજે તો તમારા હાથનો થાળ જમવો છે. તમને પણ પ્રસાદી જમાડી તમારું અનશનવ્રત આજે છોડાવવું છે."

આ સાંભળીને રાજુબા ત્યાં જ હર્ષના ભાવાવેશમાં ગદ્‌ગદિત થઈ બેસી ગયાં ! તેમના મોંમાંથી શબ્દો સરી પડ્યા : "અહો ! પ્રભુ ! આટલી બધી દયા !" અને તેમની આંખમાંથી અશ્રુની ધારા ચાલવા માંડી.

સુરાખાચરને આ બધું કાંઈ સમજાયું નહીં. એટલે પાતલભાઈએ મહારાજને કહ્યું : "મહારાજ ! આપનાં દર્શન વિના રાજુબા અકળાઈ ગયાં હતાં. છ મહિનાથી દર્શન થયાં ન હતાં એટલે તેણે અન્નનો ત્યાગ કરી દીધો હતો."

મહારાજે આ સાંભળી કહ્યું : "ત્યારે તો અમે કોઈ ઠેકાણે ન રોકાતાં અહીં આવ્યા. આ સુરા આપાએ અમને રોકવાનો ઘણો આગ્રહ કર્યો હતો પણ અમારી વૃત્તિ રાજુબાની ભક્તિથી રોકી રોકાણી નહીં."

ધીરે ધીરે રાજુબા સ્વસ્થ થયાં. તેમણે કંસાર, રોટલીનો થાળ કર્યો. મહારાજ જમવા પધાર્યા. સાથે સુરાખાચરને પણ બેસાર્યા. રાજુબાએ મહારાજના બાજઠ ઉપર થાળ મૂક્યો. મહારાજે કંસાર જોઈ રાજુબાને કહ્યું : "રાજુબા ! આ

કંસારમાં ઘી નાંખજો.''

મહારાજના એક એક શબ્દે રાજુબાનું અંતર આજે હર્ષથી ઊછળતું હતું. તેને લાગ્યું કે આજે મહારાજ પ્રેમનો ધોધ વરસાવી રહ્યા છે. તે તાંબડી લઈને બહાર આવ્યાં. મહારાજની થાળીમાં કંસાર ઘીથી ભરપૂર હતો છતાં મહારાજે ઘી માંગ્યું. તાંબડીમાંથી તે કંસારમાં ઘી રેડવા લાગ્યાં. મહારાજ તેની સામું જોઈ રહ્યા. પછી કહ્યું : ''બસ, રાજુબા ! હવે બસ કરો.''

રાજુબાએ આ શબ્દો સાંભળી મહારાજનાં નેણમાં નેણ પરોવ્યાં. મહારાજનાં નેણમાંથી નીકળતી પ્રેમલ જ્યોત તેના અંતરતલ સુધી પહોંચી ગઈ, રાજુબા ત્યાં જ બેસી ગયાં !

જીવનું પોષણ અમારા સંબંધથી છે

મહારાજ થોડો કંસાર જમ્યા. પછી રાજુબાને કહ્યું : ''રાજુબા ! કંસારની આ વધેલી બધી જ પ્રસાદી તમારે માટે છે. તમારે જ તે જમવાની.''

રાજુબા સમજી ગયાં કે મહારાજે શા માટે આટલું બધું ઘી પિરસાવ્યું ! મહારાજના પ્રેમની પરાકાષ્ઠાનો તેને અનુભવ થયો. તે મનમાં જ બોલી : ''અહો ! પ્રભુ ! મારું જીવતર આજે આપે ધન્ય કરી દીધું !''

મહારાજે તેને કહ્યું : ''રાજુબા ! દેહનું પોષણ અન્નથી છે. જીવનું પોષણ અમારા સંબંધથી છે. અમારો તમને વૃત્તિ દ્વારા પણ સંબંધ હતો એટલે તો તમારો જીવ દેહમાં ટક્યો. તમારા ચિત્તની વૃત્તિ સાથે અમે બંધાયેલા છીએ. માટે હવે જ્યારે સંભારશો ત્યારે તરત જ તમને દર્શન દેવા આવી જઈશું.'' એટલું કહી મહારાજે ચળું કર્યું. રાજુબાએ મહારાજને એલાયચી અને સોપારીનો મુખવાસ આપ્યો.

ઓસરીમાં મહારાજ માટે ઢોલિયો ઢાળ્યો હતો. સાંજ પડી ગઈ હતી. કમોસમની ઠંડીનો સુસવાટો જરા આકરો જણાતો હતો. તેથી મહારાજે કહ્યું : ''રાજુબા ! ટાઢ વાય છે તો તાપણું કરો !''

રાજુબાએ તાપણી કરી. મહારાજ તાપવા લાગ્યા. તાપતાં તાપતાં બોલ્યા : ''રાજુબા ! આજે કાંઈક વધારે પડતી ટાઢ છે. બીજું બળતણ લાવો તો તાપ કાંઈક વધે.'' રાજુબાએ છાણાં-લાકડાં તાપણીમાં નાંખ્યાં. છતાં મહારાજની ટાઢ ઊડી નહીં. ઘરમાં જેટલું બળતણ હતું તે બધું જ ખલાસ થઈ ગયું.

પછી સાંગામાંચી સળગાવી. પછી ગાડાનું પૈડું સળગાવ્યું. છતાં મહારાજ

કહેવા લાગ્યા : "રાજુબા ! ટાઢ તો ખમી શકાતી નથી. તમારી તાપણીના તાપને ટાઢ ખાઈ જાય છે. માટે કાંઈ વધુ બળતણ હોય તો લઈ આવો."

રાજુબા હવે મુઝાયા. પરંતુ તરત જ તેમણે વિચાર કરી લીધો. પોતાના રંગીન ઢોલિયાની ઈસો, પાયા વગેરે ફાડવાનું તેણે પસાયતાને કહી દીધું. એટલે પસાયતો કુહાડી લઈને રાજુબાના ઓરડામાં જવા લાગ્યો. તેને અંદર જતા જોઈ મહારાજે તેને પૂછ્યું : "આ કુહાડી લઈને ક્યાં જાય છે ?"

તેણે કહ્યું : "બાએ કહ્યું છે - રંગીન ઢોલિયાની ઈસો, પાયા કાપવાના છે એટલે કુહાડી લીધી છે !"

તે સાંભળી મહારાજે કહ્યું : "રાજુબા ! હવે ટાઢ ઊડી ગઈ. માટે આ તાપણી ઓલવી નાંખજો."

રાજુબાનું અંતર મહારાજની આ અકળ લીલાથી, મહારાજની અપાર કૃપાવર્ષાથી પ્રેમના ભાવમાં તરબોળ થઈ ગયું. તેને થયું કે અંતરના આ ભાવને હું પકડી રાખું, અંતરમાં જ સદાને માટે સાચવી લઉં ! તે મહારાજ પાસેથી ઊઠી શક્યાં જ નહીં.

આ કૃપાની મૂડી મારા અંતરમાં સચવાય એવી દયા કરો

મહારાજે તેની સામું જોઈ કહ્યું : "રાજુબા ! આટલું બધું બળતણ તમે અમારે માટે વાપરી નાંખ્યું ?"

રાજુબાની આંખો હજુ પણ અશ્રુ સારતી જ હતી. તેમણે એ જ ભાવમાં કહ્યું : "મહારાજ ! આપ આવું બોલશો તો હું જીવી નહીં શકું. આપ જ મારું જીવન છો. આપે મને આજે ઘણું ઘણું આપ્યું. મારાથી ઝીલી ન શકાય એટલું બધું આપ્યું છે. તેના બદલામાં મારાથી આપને માટે કાંઈ થઈ શક્યું નથી. પ્રભુ ! આપની આ કૃપાની મૂડી મારા અંતરમાં સદાયને માટે સચવાય તેવી દયા કરો; એટલું જ હું માંગું છું."

અમેય ભીડામાં આવ્યા છીએ

મહારાજ શાંતિથી સાંભળી રહ્યા હતા. તેમણે કહ્યું : "રાજુબા ! તમને આજે બહુ ભીડો આપ્યો છે, પણ અમેય ભીડામાં આવ્યા છીએ."

રાજુબાને આશ્ચર્ય થયું કે મહારાજ કેવા ભીડામાં આવ્યા હશે. તેમણે પૂછ્યું : "પ્રભુ ! આપને વળી કેવો ભીડો ?"

એટલે મહારાજે થોડી મુઝવણ બતાવતાં કહ્યું : "બ્રહ્માનંદ સ્વામી વરતાલમાં મંદિર કરે છે. તેમાં તેમને નાણાંની જરૂર પડી છે. કડિયાના પગાર ચડી ગયા છે. અમને તેમણે કાગળ લખ્યો. નાણાં મંગાવ્યાં પણ નાણાં અમે ક્યાંથી લાવીએ ?"

રાજુબાને મહારાજના આ શબ્દો આજે અમૃત જેવા મીઠા લાગ્યા. તેણે તરત જ પોતાના ગળામાં ચંદનહાર હતો તે ઉતાર્યો અને મહારાજને કહ્યું : "મહારાજ ! આ હાર લ્યો અને બીજા રોકડા મારી પાસે બસો છે તે લઈ જાવ."

મહારાજે પૂછ્યું : "આ હારની કેટલી કિંમત આવે ?"

રાજુબા આંખ મીંચી ગયાં. તે કાંઈ બોલી શક્યાં નહીં. સુરાખાચરે હાર જોઈને કહ્યું : "મહારાજ ! પાંચસો પૂરા આવે." મહારાજે હાર લઈ લીધો.

મહારાજે સુરાખાચરને કહ્યું : "સુરા આપા ! તમે અહીંથી આ હાર લઈને બોટાદ જાવ. ભગા દોશીને ત્યાં હાર મૂકી તે જેટલા રૂપિયા આપે તેટલા લઈને સીધા વરતાલ આવજો."

એટલું કહીને મહારાજે રાજુબાને કહ્યું : "રાજુબા ! અમને માફ કરજો. અમે તમારું સર્વસ્વ આજે લઈ લીધું છે."

આ સાંભળી રાજુબાએ મહારાજનાં ચરણોમાં માથું ઢાળી દીધું. અશ્રુથી મહારાજનાં ચરણો પખાળતાં રાજુબાએ કહ્યું : "મહારાજ ! મારું સર્વસ્વ તો મારા અંતરમાં જકડાઈ ગયું છે. એ વજ્ર કમાડની અંદર મેં તેને પૂરી દીધું છે તે હવે કોઈ લઈ શકે તેમ નથી !"

મહારાજને આ જ કરાવવું હતું. તે ઊઠ્યા. રાજુબાને કહ્યું : "રાજુબા ! હવે અમે જઈએ, સંઘ રાહ જોતો હશે !"

"પધારો પ્રભુ ! આપે અનહદ કૃપા કરી. એ કૃપાના ભાર નીચે હું સદાય દબાયેલી રહું. એ કૃપાને પાત્ર બનું તેવી દૃષ્ટિ કરજો."

મહારાજે તેના તરફ પ્રેમલ દૃષ્ટિ કરી માણકી ઉપર સવારી કરી. માણકી પવનવેગે ઊડવા માંડી. વચ્ચેના ગામના હરિભક્તો મહારાજને રોકાવા માટે તાણ કરતા, પણ મહારાજ તેમને કહેતા : "અમારે વરતાલ પહોંચવાની ઉતાવળ છે એટલે રોકાશું નહીં. તમે સૌ પરવારી વરતાલ આવી જાઓ."

શ્રીહરિ વરતાલમાં નિરીક્ષણ કરે છે

મહારાજે વરતાલ આવીને તરત જ મંદિરના પાયાનું નિરીક્ષણ કર્યું, બધે

જ કર્યા. કામ સુંદર થતું હતું. બ્રહ્માનંદ સ્વામીનાં બુદ્ધિ અને શક્તિ આ કાર્યમાં દેખાતાં હતાં. મહારાજે સ્વામીની કાર્યશક્તિની પ્રશંસા કરી ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા : "આ મંદિરના કાર્યમાં બ્રહ્માનંદ સ્વામીની જ દૃષ્ટિ પૂગે. બીજાનું કામ નહીં."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "એ એવા છે ત્યારે તો આ કામ એમને સોંપ્યું છે."

નિત્યાનંદ સ્વામી કહેતા કે બ્રહ્માનંદ સ્વામી તીવ્ર બુદ્ધિવાળા હતા. મહારાજે એમને ન્યાય ભણવાનું કહ્યું ત્યારે બે પાનાનો પાઠ લે અને એક વાર વિચારે ને પછી મુખપાઠ બોલી જાય. કીર્તનો રચે તેમાં વિચારવું ન પડે. સભામાં વાતો કરે અને લખે પણ ખરા. એમ એકસાથે અનેક ક્રિયા કરી શકે એવી આવડતવાળા સ્વામી છે.

નિત્યાનંદ સ્વામીના સૂચન પ્રમાણે બ્રહ્માનંદ સ્વામીએ ઘુંમટના પાયા ખોદાવવાની શરૂઆત કરી. નવા ઈંટવાડા પડાવવાનું પણ કામ શરૂ કર્યું. ભવ્ય મંદિરનાં મંડાણ જોઈ મહારાજ મનમાં રાજી થયા. પાયો ગળાતો હતો ત્યાં પોતે જાતે બેસવા લાગ્યા. તેથી સંતો, હરિભક્તો ઉત્સાહથી પાયા ગાળવાના કામમાં જોડાઈ ગયા. મહારાજ તેમને કહેતા : "આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણની સેવા છે. તે સેવામાં આપણો શ્રમ કામ આવી જાય તે આપણી ભક્તિ ! આવી દિવ્ય સેવા તો જેમનાં પરમ ભાગ્ય હોય તેમને જ મળે."

મહારાજના શબ્દોથી સંતો, હરિભક્તોનો ઉત્સાહ વધતો.

ધારુ તલાવડીનો લેખ કરી આપ્યો

મહારાજ બ્રહ્માનંદ સ્વામીને ગઢડાથી વારંવાર લક્ષ્મીનારાયણના મંદિરની જગ્યાનો લેખ કરાવી લેવાની સૂચના આપતા પત્રો લખતા હતા છતાં હજુ સુધી દસ્તાવેજ થયો ન હતો. મહારાજ વરતાલ પધાર્યા ત્યારે ગામના ભક્તો અને બીજા ગુણભાવવાળા લોકોએ મહારાજને ધારુ તલાવડી[૧૨૮] અર્પણ કરી તેનો દસ્તાવેજ બનાવી આપ્યો.[૧૨૯]

મહારાજે ફૂલદોલનો ઉત્સવ અહીં જ કર્યો. ફૂલદોલ પર આવેલ

૧૨૮. રઘુવીરજી મહારાજે રણછોડજી પધરાવ્યા પછી આ તલાવડીને 'ગોમતી તળાવ'નું નવું નામ આપ્યું હતું.

૧૨૯. દસ્તાવેજ માટે જુઓ : પરિશિષ્ટ ૧ અને ૨.

હરિભક્તો પાયા પૂરવાની સેવામાં જોડાઈ ગયા.

મહારાજ પાયામાં પૂરવા ઈંટો ઉપાડે છે

આ પાયા પુરાવવાનું કામ શરૂ થયું ત્યારે ઉગમણી બેઠકના ઈંટવાડામાંથી ઈંટો સારવાની હતી. મહારાજ પોતે ત્યાં પધાર્યા. ઈંટવાડામાંથી પોતે બે ઈંટો લઈ પોતાની જરિયાન પાઘ ઉપર મૂકી અને પાયામાં નાંખવા ચાલ્યા. આ જોઈ સંતો, હરિભક્તો કહેવા લાગ્યા : ''મહારાજ ! આપ રહેવા દ્યો. અમે બધી ઈંટો ત્યાં પહોંચાડી દઈશું.''

ત્યારે મહારાજે હસતાં હસતાં કહ્યું : ''અમને પણ ભક્તિનો લહાવો મળે ! અમે આ સેવા કરીએ એટલે આ સેવારૂપી ભક્તિનો મહિમા વધે અને તમો સૌ એ મહિમાના ભાવથી સેવા કરો, જેથી તે સેવા ભક્તિરૂપ બની જાય.''

આ રીતે મહારાજ ત્રણ વાર બબ્બે ઈંટો પોતાના મસ્તક ઉપર લઈ મંદિરના પાયા પાસે લઈ આવ્યા. પરંતુ બ્રહ્માનંદ સ્વામીને થયું કે મહારાજની પ્રસાદીની ઈંટો પાયામાં પૂરવી નથી. મધ્ય મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવની જે પીઠ ઉપર પ્રતિષ્ઠા થવાની હતી તે પીઠમાં આ પ્રસાદીની ઈંટો વાપરવાનું તેમણે નક્કી કર્યું.

મહારાજ મંદિરના ચાલતા કામકાજ ઉપર જાતે દેખરેખ રાખતા. બધે ફરતા. તેથી સંતો પણ આ કામ વેગથી કરવા માંડ્યા. ભક્તિપ્રિયાનંદ સ્વામી કછોટોવાળી ગારો કચરતા. સંતો તગારા ભરી ભરીને આ ગારો ચણતર થતું ત્યાં લાવતા. મહારાજ કડિયાને થરે થરે ઈંટો જે પ્રમાણે ગોઠવવી જોઈએ તે બતાવતા હતા. કડિયાઓને પણ આથી આશ્ચર્ય થતું.

આ ગારો નથી પણ ચંદન છે

સાંજે જે જે સંતોએ કામ કર્યું હોય, જેમનાં ગારાવાળાં શરીર હોય તેમને મહારાજ મળતા. પરંતુ સંતો અચકાતા. તેઓ કહેતા : ''મહારાજ ! આપના શરીરે ગારો ચોંટશે.''

ત્યારે મહારાજ હસીને કહેતા : ''આ ગારો નથી પણ ચંદન છે !''

મહારાજ આ રીતે સંતોનો ઉત્સાહ વધારતા. કેટલાક સંતો, જે આ સેવામાં ભળતા ન હતા તે પણ મહારાજ સૌ સંતોને મળતા તેથી શરીરે ગારો ચોપડી મહારાજને મળવા આવતા. ત્યારે મહારાજ તેમને કહેતા : ''તમારાં

શરીરે ગારો છે તેથી અમારાં શરીર બગડે, માટે નહીં મળીએ !"

તમને તો પરાણે મળવાનું મન થાય છે

આ વખતે સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પણ ત્યાં થોડા દૂર ઊભા હતા. તેમને મહારાજે બોલાવ્યા : "આવો અમારા નિર્ગુણાનંદ ! તમે કેમ છેટા ઊભા રહ્યા ?"

ત્યારે સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપે તો જેનાં ગારાવાળાં શરીર હોય તેને જ મળવાનું કહ્યું છે. તેથી આજ્ઞા વિરુદ્ધ મારાથી કેમ અવાય ?"

એટલે મહારાજે કહ્યું : "સ્વામી ! બીજા અમને છેતરવા આવે છે. જ્યારે તમે આજ્ઞા પાળવામાં તત્પર છો, તેથી તમને તો પરાણે મળવાનું મન થાય છે. માટે આવો મળીએ."

મહારાજ સ્વામીને ખૂબ ભાવથી ભેટ્યા અને બોલ્યા : "સ્વામી ! તમારે અને અમારે ક્યાં જુદાઈ છે ? જીવ દેહ સાથે જેમ એકત્વભાવને પામી ગયો છે તેવી તમારે ને અમારે એકતા છે.[૧૩૦] આપણા દેહ જુદા જુદા છે પણ સ્વરૂપ ઓતપ્રોત છે."

મહારાજને એક જ વર્ષમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવાની ઇચ્છા હતી, તેથી કામ ધમધોકાર ચલાવ્યું. બ્રહ્માનંદ સ્વામી રાજી થયા.

તમે ત્યાગના ધર્મનો મર્મ વિચાર્યો નથી

મહારાજ બીજે દિવસે ધારૂ તલાવડીએ પધાર્યા. તેમાં પરમહંસો સહિત સ્નાન કર્યું. શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં. આજે જ્યાં બેઠક છે ત્યાં મહારાજ માટે પલંગ ઢાળ્યો હતો ત્યાં આવી તે ઉપર મહારાજ બિરાજ્યા. બધા સંતો આજુબાજુ બેસી ગયા. મહારાજ વૈરાગ્યની વાતો કરવા લાગ્યા. એટલામાં ત્યાં નાગડા બાવાઓની જમાત આવી. મહારાજને તેમણે પ્રણામ કર્યા. મહારાજે તેમને થોડે દૂર બેસાર્યા. સૌ સંતોને મહારાજે કહ્યું : "તમારી દૃષ્ટિ નિયમમાં રાખજો. આ બાવાઓની ઇંદ્રિય તરફ કોઈની દૃષ્ટિ જાય નહીં." પરંતુ સૌની દૃષ્ટિ ચંચળ બની ત્યાં પહોંચી ગઈ. એક ગુણાતીતાનંદ સ્વામી જ મહારાજના મુખારવિંદ તરફ દૃષ્ટિ રાખીને સ્થિર બેસી રહ્યા !

૧૩૦. *છો તો એક ને દીસો છો દોય, તેનો ભેદ જાણે જન કોઈ.*

– ભક્તચિંતામણિ, ૫-૩૬.

એકાએક તે જમાતનો બાવો ઊઠ્યો અને મહારાજને કહ્યું : "તમારું નામ સાંભળી અમે અહીં આવ્યા છીએ. તો પાકા સીધા અમને અપાવો એટલે ભોજનની અમે તૈયારી કરીએ."

મહારાજ તેની અડબંગ બોલી સાંભળી હસ્યા. પછી તેમને કહ્યું : "તમે સૌએ સંસારનો ત્યાગ કર્યો છે; પણ ત્યાગના ધર્મનો મર્મ વિચાર્યો નથી. જે ત્યાગી હોય તે અષ્ટ પ્રકારે સ્ત્રીનો સંબંધ ન રાખે, ધનનો સ્પર્શ ન કરે, રસકસવાળા પદાર્થો જમે નહીં; એવા જે હોય તે સાચા ત્યાગી કહેવાય. ઉઘાડા ફર્યે ત્યાગી થવાતું હોય તો કૂતરાં અને ગધેડાં પણ ઉઘાડાં ફરે છે. તે જેમ ભસે છે ને ભૂંકે છે તેમ તમે પણ ભાંગ અને ગાંજો ચડાવી ગમે તેમ બોલો છો, તેના કેફમાં સ્ત્રીઓ સાથે તમે મસ્ત બનીને રમો છો, તેમની પાસે પગચંપી કરાવો છો. આવો તમારો ત્યાગ એ શોભારૂપ નથી પરંતુ દૂષણરૂપ છે. માટે શાસ્ત્રો સાંભળો અને વિચારો."

એવામાં ભાદરાના રત્ના ભક્તને સમાધિ થઈ. બાવાઓને આ જોઈ આશ્ચર્ય થયું. તેના મહંતે રત્ના ભક્તની નાડી તપાસી. નાડી બંધ હતી છતાં રત્ના ભક્ત સમાધિમાં મહારાજનાં દર્શન કરતા અલૌકિક ક્રિયા કરતા હતા. મહંતને રત્ના ભક્તની આ ચેષ્ટા જોઈ નવાઈ લાગી. તેને મહારાજનો મહિમા સમજાયો. મહારાજે તેમને ઉપદેશ વચન કહ્યાં તે તેના અંતરમાં ઊતરી ગયાં. તેણે મહારાજને કહ્યું : "મહારાજ ! મને દીક્ષા આપો."

મહારાજે તરત જ તેને દીક્ષા આપી અને અલફી પહેરાવી. બીજા જે દૈવી હતા તેમણે પણ દીક્ષા લીધી. પરંતુ જે આસુરી ભાવવાળા હતા તેમણે તો ક્રોધ કર્યો. પાકા સીધા લીધા. વળી, કેટલાક તો રિસાઈને ત્યાંથી ચાલ્યા ગયા.

આપની કૃપાથી આ કામ ચાલતું રહ્યું છે

હરિનવમીનો સમૈયો ધામધૂમથી થયો. પછી મહારાજે મંદિરના કામ માટે બ્રહ્માનંદ સ્વામીને તથા શિલ્પીને બોલાવ્યા. સ્વામીને પૂછ્યું : "આટલું મોટું કામ આદર્યું છે, તે કેમ કરીને ચલાવો છો ?"

ત્યારે સ્વામીએ મહારાજને પોતાની પર્ણકુટી બતાવી અને કહ્યું : "મહારાજ ! આપના પ્રતાપે અમારા મંડળના સાધુઓ આજુબાજુનાં ગામોમાં ઝોળી માંગી અનાજ લઈ આવે છે. તે કોઠીમાં ભરીએ છીએ. કડિયા તથા મજૂરોને તેમાંથી દાણા આપીએ છીએ. વળી, આ ગુણાતીતાનંદ સ્વામી

જડભરત જેવા જોગી છે, તે આ પર્ણકુટીમાં બેસી રાત-દિવસ ભજન કરે છે. નવા માણસોને ઉપદેશ કરે છે. આપના મહિમાની તથા લીલાચરિત્રની અને પ્રતાપની વાતો કરે છે. આપના સ્વરૂપની નિષ્ઠા સૌને દૃઢ કરાવે છે. તેથી તેઓ બધા સત્સંગી બને છે અને સેવા કરે છે. જોબન પગી તથા હું આસપાસનાં ગામોમાં જઈ મોટા મોટા અમીન પાટીદારોને મંદિરની વાત કરી, નાણાં ઉઘરાવી લાવીએ છીએ. તેમાંથી સૌના પગાર ચૂકવી દઈએ છીએ. આમ, કેવળ આપની કૃપાથી આ કામ ચાલતું રહ્યું છે. આપ પર્ણકુટીમાં પધારી કોઠીઓ તથા પટારા ઉપર હાથ ફેરવજો એટલે તે અક્ષયપાત્ર જેવા બની જાય !"

મહારાજ સ્વામીની વાતો રસપૂર્વક સાંભળતા હતા. તેમના કાર્યમાં પોતાના ઈષ્ટદેવનો મહિમા વધારવાની ધગશ હતી. મંદિર નિર્માણથી સત્સંગના પાયા ઊંડા નાખવાની ને ઉપાસના દૃઢ કરાવવાની ભાવના હતી. મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમારા કાર્યમાં કોઈ વિઘ્ન નહીં આવે !" એટલું કહીને ફરી પછી પૂછ્યું : "નારાયણગિરિજીની મદદ લીધી નથી ?"

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ હસતાં હસતાં કહ્યું : "મહારાજ ! એ તો સંકટ સમયે લેવાની. જ્યાં સુધી આપની દયાથી કામ ચાલે છે, ત્યાં સુધી બીજો આધાર રાખવો નથી." મહારાજ પ્રસન્ન થયા.

સત્સંગમાં સાધુ તો સૌ મણિ જેવા છે !

મહારાજની ઇચ્છા સમજીને બ્રહ્માનંદ મુનિએ મોટા મંદિરની શરૂઆત કરી દીધી હતી એટલે મહારાજે હવે મંદિરની નકશી તથા શોભા માટેનો ખાસ વિચાર કરી લીધો.

મારવાડી શિલ્પી હીરાજીને મહારાજે આ કાર્યમાં મુખ્ય રાખ્યા. તેની મદદમાં પુરુષોત્તમ તથા દામોદર અને નડિયાદના કેવળ તથા અમદાવાદના કુબેરજીને મૂક્યા. સૌને આશીર્વાદ આપ્યા કે "તમારા દ્વારા સર્વોત્તમ મંદિર થશે. હવે જ્યારે ત્રણ શિખરની રચના બ્રહ્મમુનિએ કરી દીધી છે તો તેને અનુરૂપ મંદિરની શોભા થવી જોઈએ."

પછી મહારાજે વરતાલના મુખ્ય મુખ્ય સત્સંગીઓ નરસિંહદાસ, નરોત્તમદાસ, લાલદાસ, ભાઈબા, રણછોડભાઈ, બેચરભાઈ, જીવાભાઈ, દલાભાઈ, જોરાભાઈ, ધોરીભાઈ, શામળભાઈ, દાજીભાઈ, રામજીભાઈ, કાનજીભાઈ, વસનદાસ, નારાયણભાઈ, શવદાસ, દયાળભાઈ, ઈશ્વરભાઈ, મૂળજીભાઈ વગેરેને

કહ્યું : ''અહીં મંદિર થાય છે તો તમારે સૌએ સહાયમાં રહેવાનું છે.''

તેમણે કહ્યું : ''મહારાજ ! આ તો અમારા ગામની શોભા છે. સત્સંગનું નાક છે અને આપના સંબંધે મહાતીર્થ છે. તેની શોભા વધે તેમાં અમારી શોભા છે. તેની શોભામાં જે બાધા નાંખે તે અમારા કુળનો નહીં. પરંતુ અહીં સાધુ એવા મૂકજો કે મંદિરની, આ યાત્રાધામની પ્રતિષ્ઠામાં વધારો કરે.''

મહારાજ તેમની ભાવનાથી પ્રસન્ન થયા. પછી કહ્યું : ''સત્સંગમાં સાધુ તો સૌ મણિ જેવા છે !''

મહારાજે સૌને કહ્યું : ''આપણે કાર્તિક માસમાં અહીં દેવ પધરાવવા છે. માટે ઝડપથી કામ કરાવજો.'' એટલું કહીને વસોના તુલસીભાઈ તથા દાદા દવેને તેમજ સોજીત્રાના ગોકુળભાઈ, પેટલાદના વ્રજલાલ, સીંજીવાડાના બાપુભાઈ તથા જગરૂપ બારોટ, ઉમરેઠના રૂપરામ ઠાકર, નિર્ભયરામ અને ડભાણના રઘુનાથદાસ આ બધા હરિભક્તોને વારાફરતી દરેક માસે અહીં કામ તપાસવા અને જોઈતી મદદ કરવા આવવાની આજ્ઞા કરી.

મંદિર નિર્માણની સર્વ વ્યવસ્થા મહારાજે જાતે જ કરી દીધી. બ્રહ્માનંદ સ્વામીનો ભાર હળવો કર્યો અને અક્ષરાનંદ સ્વામી ઉપર થોડો ભાર મૂક્યો.

બધી જ ભલામણ કરી મહારાજ વરતાલથી નીકળ્યા. જોબન પગીને તથા ત્યાંના ભક્તોને કહ્યું : ''પ્રતિષ્ઠા કરવા જેટલું કામ થઈ જાય એટલે અમને ખબર આપજો.'' એ પ્રમાણે કહી મહારાજ વરતાલથી નીકળ્યા અને માર્ગમાં અનેક સ્થળે રોકાતાં રોકાતાં ગઢપુર પહોંચ્યા.[૧૩૧]

ગઢપુર મારું ને હું ગઢપુરનો

મહારાજ જ્યારે જ્યારે ગઢપુર પધારતા, ત્યારે જાણે પોતાને ઘેર પધાર્યા હોય તેવા સ્વસ્થ બની જતા. તેઓ ઘણી વાર કહેતા : ''ગઢપુર મારું અને હું ગઢપુરનો.'' મહારાજના આ શબ્દોમાં ત્યાંના વાસીઓની મહારાજ પ્રત્યેની નિષ્કામ ભક્તિનું પ્રતિબિંબ હતું. મહારાજને તો સ્થળ અને કાળનું બંધન ન હતું. પરંતુ પોતાને અતિ પ્રિય એવા ભક્તોના સ્થાનમાં રહેવું, તેમની સાથે એકાકાર થઈ જવું, તે તેમને ગમતું. ગઢપુરવાસીઓ પણ મહારાજ જ્યારે ગઢપુરથી બહાર હોય ત્યારે તેમની લીલાનું અખંડ સ્મરણ તથા ધ્યાન કરવામાં જ રત રહેતા. તેમની બધી જ ક્રિયા ઘેલાના જેવી બની જતી. ખાવા-પીવામાં

૧૩૧. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૦થી શરૂ થયાં.

પણ રસ રહેતો નહીં. કેવળ મહારાજના સંબંધે જ જાણે જીવન ટકાવી રાખ્યું હોય એવી તેમની અપૂર્વ ભક્તિ હતી. તે ભક્તિનાં મૂલ્ય મહારાજ ચૂકવતા. ગઢપુર શહેર, દાદાનો દરબાર, આ બધું જ મહારાજે પોતાનું માન્યું હતું. મહારાજ ગઢપુર પધાર્યા અને સૌનાં અંતર પ્રફુલ્લિત થઈ ગયાં !

ગઢપુરમાં મહારાજ બિરાજતા ત્યારે આજુબાજુના પ્રદેશોમાં ફરતા સંતો તથા ત્યાંના હરિભક્તો મહારાજનાં દર્શન કરવા તથા સેવા કરવા આવી જતા. હરિભક્તો એક પછી એક આવી રસોઈઓ આપતા.

મહારાજે એક દિવસ દાદાખાચરને બોલાવીને કહ્યું : "દાદા ! અહીં રસોઈઓ તો હરિભક્તો તરફથી નિત્ય આવે છે, પરંતુ આ ઋતુ કેરીની છે. જો કેરીઓ આવે તો સંતોને જમાડીએ."

દાદાખાચર આ સાંભળી રહ્યા. આ સાલ તેમની વાડીમાં આંબા મોર્યા ન હતા. તેઓ તરત જ હરજી ઠક્કર પાસે ગયા અને તેમને કહ્યું : "ગમે એટલું દામ બેસે પણ કેરીનાં ગાડાં મંગાવો. સંતોને રસ જમાડવાની મહારાજની ઇચ્છા છે."

હરજી ઠક્કરે તરત જ કહ્યું : "ભલે બાપુ ! પણ આ કામ માટે તો મારે જ જવું પડશે. બીજાનું કામ નહીં."

એટલે દાદાખાચરે કહ્યું : "ગમે તેમ કરો, પણ કાલ સુધીમાં કેરીનાં ગાડાં આપણી વખારમાં ઠલવાવાં જોઈએ."

હરજી ઠક્કરે તરત જ નીકળવાની તૈયારી કરી. એટલામાં મહારાજે તેમને બોલાવ્યા. તેઓ મહારાજ પાસે ગયા. મહારાજે તેમને પૂછ્યું : "કારભારી ! શી તૈયારી કરીને નીકળ્યા છો ? કાંઈ પરગામ જવાનું છે ?"

હરજી ઠક્કરે હાથ જોડી કહ્યું : "મહારાજ ! નાના બાપુએ કહ્યું છે તેથી આજુબાજુનાં બે-ત્રણ ગામડાંમાં ફરી ત્યાંથી કેરીઓ લાવવી છે. ઓણ સાલ આપણી વાડીમાં તો આંબા મોર્યા જ નથી."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "કેરીઓ માટે ગામડે જવાની જરૂર નથી. કેરીઓનાં ગાડાં ચાલ્યાં આવે છે !"

આ સાંભળી કારભારી વિચારમાં પડી ગયા. તેમને થયું કે જો હું નહીં જાઉં તો દાદા બાપુ કોચવાશે. તેમને વિચાર કરતા જોઈ મહારાજે કહ્યું : "નાના બાપુને કહેજો કે મહારાજે ના કહી, તેથી ગયો નથી."

એટલામાં દાદાખાચર ત્યાં આવ્યા. તેમણે કારભારીને અહીં જોયા તેથી વિચારમાં પડી ગયા. તેમણે પૂછ્યું : "હરજીભાઈ ! તમે હજુ ગયા નથી ?"

મહારાજે તરત જ કહ્યું : "દાદા ! કેરીઓનાં ગાડાં ચાલ્યાં આવે છે. તમારો ભાવ ભગવાને પૂરો કર્યો છે."

વરતાલથી અક્ષરાનંદ સ્વામીએ કેરીઓનાં આઠ ગાડાં મોકલ્યાં હતાં. તે બીજે દિવસે ગઢપુર પહોંચી ગયાં. દરેક ગાડામાં વીસથી ત્રીસ મણ કેરી હતી.

મહારાજે હરજી ઠક્કરને કહ્યું : "ગાડાં વખારમાં ખાલી કરાવો. આઠ દિવસ સુધી તો રસ-રોટલી સંતોને જમાડવાં છે."

હરજી ઠક્કર મહારાજની આ લીલા જોઈ રહ્યા. દાદાખાચરની મહારાજ પ્રત્યેની ભક્તિનાં તેઓ નિત્ય દર્શન કરતા હતા. આજે મહારાજની દાદાખાચર પ્રત્યેની વત્સલતાનાં તેમને દર્શન થયાં ! તેમની આંખમાં આંસુ આવી ગયાં. તે વિચાર કરવા લાગ્યા : જે દિવસથી એભલ બાપુએ દાદાખાચરનું કાંડું મહારાજના હાથમાં સોંપ્યું હતું ત્યારથી જ મહારાજ દાદાખાચરની અખંડ સંભાળ રાખતા આવ્યા છે. છતાં મહારાજ એવું કહેતા કે દાદાના સમર્પણની ભાવનાનાં મૂલ્ય તો હજુ અણચૂકવ્યાં જ રહ્યાં છે.



ઉદ્‌ગીથ ૨૪

સમુદ્રમંથન સત્સંગમાં અમૃત અને વિષ

(આ.સં. ૧૮૮૦-૮૧, ઈ.સ. ૧૮૨૪)

મહારાજ ગઢપુર પધાર્યા છે તે સમાચાર સારંગપુર, કારિયાણી, કુંડળ, ખાંભડા તથા આજુબાજુનાં ગામોમાં પ્રસરી ગયા. એટલે મહારાજનાં દર્શન કરવા ગામોગામથી હરિભક્તોનાં જૂથ ગઢપુર ઊમટ્યાં. મહારાજને હરિભક્તોનો સમૂહ ગમતો. હરિભક્તોનો સમૂહ હોય તો ઉપદેશની વાતો થાય, હરિભક્તોને પણ અંદર અંદર સદ્‌ભાવ કેળવાય, મહારાજના સ્વરૂપની નિષ્ઠા દૃઢ થાય, તે નિષ્ઠાની દૃઢતાની પરીક્ષા પણ થાય. સમૂહમાં સ્વભાવ ટળે, અંતર્દષ્ટિ સિદ્ધ થાય અને સત્સંગના દિવ્ય આનંદનો અનુભવ થાય.

તમારાં દર્શનની અમને તાણ્ય હતી

કારિયાણીથી બાપુ વસ્તાખાચર મહારાજનાં દર્શને આવ્યા. મહારાજનાં દર્શન કરવા અક્ષર ઓરડીમાં આવ્યા ત્યારે મોટી ડેલીના બાપુ જીવાખાચર મહારાજ પાસે બેઠા હતા. વસ્તાખાચરને જોઈ મહારાજને આનંદ થયો. મહારાજે તેમને કહ્યું : ''વસ્તાખાચર ! તમારાં દર્શનની અમને તાણ્ય હતી. તમે ન આવ્યા હોત તો અમે તમોને તેડવા માણસ મોકલત.''

વસ્તાખાચરને મહારાજનો તેમના પ્રત્યેનો આવો ભાવ જોઈ આનંદ થયો. પરંતુ તે જ વખતે જીવાખાચરે મહારાજને પૂછ્યું : ''મહારાજ ! આવડું બધું હેત ?''

મહારાજે હસીને કહ્યું : ''હા, એ એવા છે ત્યારે તો અમને એમના ઉપર હેત થાય છે અને એમનાં દર્શનની પણ ખેંચ રહે છે. અમારા સ્વરૂપની નિષ્ઠા તેમના અંતરમાં દૃઢ છે. અમારા સ્વરૂપમાં દિવ્યભાવ છે અને એવા ભાવથી તે ભક્તિ કરે છે. તેથી તેમનાં દર્શનથી આનંદ થાય જ !''

જીવાખાચર આ સાંભળી રહ્યા.

હવે વસ્તાખાચર નહીં આવે

થોડી વારે જીવાખાચર ઊઠ્યા. ઊઠતાં ઊઠતાં વસ્તાખાચરને કહ્યું : "વસ્તા ! હાલો ડેલીએ. ત્યાં ઉતારા કરજો."

મહારાજે તરત જ કહ્યું : "અહીં આવ્યા છે તે અમારી ભેગા જ ભલે રહ્યા."

પરંતુ જીવાખાચરે બહુ જ આગ્રહ કર્યો અને વસ્તાખાચર તેમની મહોબત તોડી શક્યા નહીં. તેઓ ઊઠ્યા, મહારાજને પગે લાગ્યા. મહારાજે તેમના તરફ દૃષ્ટિ કરી નહીં. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! બાપુનો આગ્રહ છે એટલે મોટી ડેલીએ ઉતારો કરવા જાઉં છું. ઉતારો કરી પાછો આવી જઈશ." મહારાજ કાંઈ બોલ્યા નહીં. વસ્તાખાચર ગયા.

તે પછી થોડી વારે મહારાજે કહ્યું : "હવે વસ્તાખાચર નહીં આવે !"

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! એમ કેમ કહો છો ?"

મહારાજે નિઃશ્વાસ નાંખ્યો. તે જ ભાવમાં મહારાજે કહ્યું : "જીવાખાચર અને બુઢ્ઢા ધાધલના શબ્દોથી તે ઘાયલ થઈ જશે. અમારા સ્વરૂપની નિષ્ઠાની દૃઢતા તૂટશે. અમારો અભાવ આવશે."

આપણે જ ભગવાન કહી તેમને મોટા કરી દીધા

વસ્તાખાચર બાપુ જીવાખાચરના દરબારમાં ગયા. અહીં જીવાખાચરે તેમની સારી સરભરા કરી, અમૃતમય ભોજન જમાડ્યાં અને પછી ડેલીએ ડાયરામાં સૌ બેઠા. બુઢ્ઢો ધાધલ વસ્તાખાચરની સેવામાં ખડે પગે હતો. ધીરે ધીરે તેણે વાત શરૂ કરી : "વસ્તા બાપુ ! મહારાજ તમારાં વખાણ કરે છે અને તમારાં દર્શને તેમને આનંદ થાય છે એ બધા શબ્દોનો મર્મ તમે સમજ્યા ?"

વસ્તાખાચર મૂઢ બની આ શબ્દો સાંભળી રહ્યા. ત્યારે પગ દાબતાં દાબતાં બુઢ્ઢા ધાધલે ફરી કહ્યું : "મોટા બાપુ ! વસ્તા બાપુ તો ભોળા છે એટલે લાંબી બુદ્ધિ પોગાડે નહીં..." વસ્તાખાચર આ અસંબદ્ધ વાતો સાંભળી આભા બની ગયા ! જીવાખાચરે તેમની મૂંઝવણ પારખી લીધી. તેમણે બુઢ્ઢાને ઇશારો કર્યો. તેણે આગળ ચલાવ્યું : "આ ધરમકુળ આવ્યું દાદાના દરબારમાં. દાદાના દરબારનો કેટલોક ભાગ મહારાજે કબજે કરી લીધો ને ધર્મકુળને રહેવા આપી દીધો. વળી, સાંભળ્યું છે કે દાદાનો ગઢડામાં જે ભાગ છે તેના બે ભાગ કરી

મહારાજ તેમના બંને ભાઈઓને તેમાંથી એક એક ભાગ આપી દેવાના છે. દાદો તો મૂરખ છે. પણ બીજા તમારા જેવાનાયે મહારાજ આમ વખાણ કરી, ભોળવીને ગરાસ પડાવી લેશે. મને તો આ બધાં એંધાણ કાંઈ સારાં લાગતાં નથી. આપણે જ ભગવાન કહીને તેમને મોટા કરી દીધા એટલે તેમણેય આપણી ભોળપનો લાભ લઈ પોતાનું કુળ બોલાવી પગ પહોળા કરવા માંડ્યા છે.''

વસ્તાનું અંતર ડહોળાવા લાગ્યું

વસ્તાના અંતરમા આ શબ્દો પેઠા અને તેનું અતર ડોળાવા માંડ્યું. બુઢ્ઢા ધાધલે ફરી ઝેર રેડ્યું : ''બાપુ ! અમરત જેવાં વેણથી કાઠીઓને ભોળવીને એમણે પથારો લાંબો પાથરી દીધો છે. હવે જો બધા કાઠી ભાયાતો જાગશે નહીં તો વગર ધિંગાણે સૌના ગરાસ આ પૂરબિયો ભગવાન પડાવી લેશે. તમનેય કેટલો ઘસારો આપે છે ! દિવાળી, અન્નકૂટ બધું રંગેચંગે તમારે ત્યાં ઊજવે, ભક્તોને તેડાવે અને તમારે ખર્ચે મોટપ પામે.''

વસ્તાખાચરની નજર સમક્ષ પોતાને ત્યાં કરેલા દિવાળી અને અન્નકૂટના ઉત્સવો તરવા લાગ્યા. હજારો હરિભક્તો-સંતોથી કારિયાણી ગામ, તેની સીમ ઊભરાઈ જતી અને મહારાજ મંચ ઉપર બેસી સૌને દર્શન દેતા, વાતો કરતા અને ભક્તો તેમની જય બોલાવતા. તેમને થયું : ઘસારો હું ખમું અને વાહવાહ એમની થાય !

તેના અંતરમાં મંથન શરૂ થયું. તેના મોઢાના ભાવ ઉપરથી જીવાખાચર સમજી ગયા એટલે હમણાં હવે આટલે જ વાત રાખી બીજું ઝેર બપોર પછી પાવાનું રાખ્યું. આંખના ઈશારાથી બુઢ્ઢા ધાધલને તેમણે મૂંગા રહેવા કહી દીધું.

સાંજે મહારાજે તેમને બોલાવવા પાર્ષદ મોકલ્યો. પાર્ષદે આવીને કહ્યું : ''મહારાજે કહ્યું છે કે ઉતારો ત્યાં જ રાખવાનો છે. માટે ઘોડી લઈને જ આવો.'' એટલું કહીને પાર્ષદ ગયો. તરત જ જીવાખાચરે કહ્યું : ''જોયું ને ? અહીં ઉતારો રાખ્યો એય એમને ન ગમ્યું. એમની ચાલ જ અવળી છે !''

વસ્તાખાચર કાંઈ બોલી શક્યા નહીં. નીચું જોઈ રહ્યા. તેમણે થોડી વારે કહ્યું : ''હું જરા દાદાના દરબારમાં જઈ આવું.''

''હા, જાવ. હજી વધુ સવાદ લેવો હોય, વધુ પગપેસારો કરાવવો હોય તો પધારો, પણ આ શબ્દો સંભારી રાખજો.'' બુઢ્ઢા ધાધલે અર્ધી આંખ મીંચતાં કહી દીધું.

આ જીવ હવે જરૂર મોક્ષના માર્ગથી પડશે

વસ્તાખાચર ચાલતા જ દાદાના દરબારમા આવ્યા. મહારાજ પાસે આવ્યા એટલે મહારાજે પૂછ્યું : "ઘોડી લઈને આવ્યા છો કે એમ ને એમ ?"

તેમણે કહ્યું : "કાલે તો કારિયાણી પાછું જાવું છે. તે એક દી માટે વળી ક્યાં ઉતારો ફેરવવો ?" એટલું કહીને તેમણે ત્રાંસી નજરે મહારાજ સામું જોઈ લીધું. મહારાજ આ શબ્દો સાંભળી ઉદાસ થઈ ગયા. તેમને લાગ્યું કે આ જીવ હવે જરૂર મોક્ષના માર્ગથી પડશે. જીવાખાચરના ચાકર બુઢ્ઢા ધાધલ હજી ઝેર રેડવામાં બાકી રાખશે નહીં.

મહારાજે નિઃશ્વાસ મૂકતાં કહ્યું : "ભલે તમારો વહેવાર રહ્યો, એટલે તમને ઠીક લાગે તેમ કરો. પણ ત્યાંની વાતમાં બહુ ઊંડા ઊતરશો નહીં."

મહારાજે આ શબ્દો કહ્યા અને વસ્તાખાચરના અંતરમાં પેઠેલું વિષ વધુ પ્રબળ બન્યું. તેને બુઢ્ઢાના શબ્દો સાચા લાગ્યા. તેને લાગ્યું કે મહારાજ જાળ પ્રસારતા જાય છે. તે કાંઈ પણ બોલ્યા નહીં. થોડી વાર મૌન છવાયું. પછી વસ્તાખાચર ઊઠ્યા અને કહ્યું : "હું જાઉં છું."

મુક્તાનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, દાદાખાચર તથા અન્ય સભાજનો આ જોઈ રહ્યા. વસ્તાખાચર ગયા એટલે મહારાજે કહ્યું : "વસ્તાના અંતરમાં વિષ રેડાઈ ગયું છે. થોડું બાકી છે તે હજુ હવે રેડાશે. વસ્તો હવે દાદાના દરબારમાં અમારાં દર્શને આવશે નહીં."

બીજે દિવસે વસ્તાખાચર મહારાજને મળ્યા સિવાય જ કારિયાણી ચાલ્યા ગયા. મહારાજને તે ખબર મળ્યા એટલે મહારાજ વધુ ઉદાસ થઈ ગયા. સત્સંગના સ્તંભ જેવા માંચાખાચરના ભત્રીજા, માંચાખાચરને યોગે સત્સંગમાં મોટેરા થઈ ગયા હતા. જીવ રંગાઈ ગયો હતો. તે હવે કુસંગની જાળમાં ફસાઈ મોક્ષ બગાડી રહ્યા છે. મહારાજ બોલ્યા : "ભગવાનનો ભક્ત એકાંતિક ધર્મમાંથી, આ મોક્ષમાર્ગમાંથી પડે એ જ તેનું મૃત્યુ છે. દેહે કરીને મરવું એ મૃત્યુ નથી." ત્યાં બેઠેલા સૌ આ શબ્દોનો મર્મ સમજી ગયા.

વસ્તાખાચર એ તો આપણા ખાતાનો જીવ છે

થોડી વારે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! વસ્તાખાચર એ તો આપણા ખાતાનો જીવ છે. તેને નરકમાં જવા દેવાય ?" એટલું કહીને

ભગુજીને કહ્યું : ''કાલે સવારે આપણે કારિયાણી જવું છે. દાદાખાચરને પણ કહેજો કે તૈયાર થઈ જાય.''

ભોળા માનવીને ભરમાવા માટેની આ ભક્તિની ભ્રમજાળ નથી

બીજે દિવસે વહેલી સવારે મહારાજ, મુક્તાનંદ સ્વામી તથા બે સંતો, દાદાખાચર અને થોડા પાર્ષદોને લઈને કારિયાણી જવા નીકળી ગયા. મહારાજ ક્યાં પધારે છે તે વાતની દરબારમાં કોઈને ખબર પડવા દીધી નહીં. સૂરજ ઊગતાં મહારાજ કારિયાણી પહોંચી ગયા. તે વખતે વસ્તાખાચર સ્નાનાદિક ક્રિયાથી પરવારી ગયા હતા. ગોખલામાં મહારાજે આપેલી ધર્મ-ભક્તિ અને પોતાના સ્વરૂપની તથા નરનારાયણ દેવની છાપો નિત્યપૂજાને અર્થે રાખી હતી. તેઓ તે મૂર્તિઓ સમક્ષ ઊભા હતા. મનમાં મંથન થતું હતું. બુઢ્ઢા ધાધલની કહેલી વાતમાં બાપુ જીવાખાચરની અનુમતિ હશે જ. બાપુ જીવાખાચર બુદ્ધિશાળી પુરુષ છે. ભાવનગરના નરેશ પણ તેમને સન્માને છે. તેથી તેમનું માનવું ખોટું હોય નહીં. વસ્તાખાચર આ વિચારના વમળમાં અટવાયા હતા કે ગોખલામાં મૂર્તિઓ રાખી છે તેની હવે પૂજા કરવી કે જગતના ભોળા માનવીને ભરમાવા માટે ભક્તિની ભ્રમજાળમાં પડ્યા રહેવું ?

એટલામાં મહારાજ તે ઓરડામાં પધાર્યા અને બોલ્યા : ''વસ્તાખાચર ! ભોળા માનવીને ભરમાવા માટેની આ ભક્તિની ભ્રમજાળ નથી. આ તો ભક્તિની જાળ ભોળા માનવીને જગતની જંજાળમાંથી મુક્ત કરી તેનું કલ્યાણ કરવા માટે બિછાવી છે.''

આ સાંભળી વસ્તાખાચરે આશ્ચર્યવત્ પાછળ જોયું. મહારાજ બોલી રહ્યા હતા. તેના જ અંતરના વિચારો મહારાજ કહી રહ્યા હતા. તેને વિચાર આવવા લાગ્યા : બુઢ્ઢા ધાધલે કહ્યા પ્રમાણે આ માયાવી પુરુષ છે ને કાઠીઓના ગરાસ પડાવવા આવ્યા છે કે તેથી કંઈક અધિક છે ?

મહારાજ તેના સામું જોઈ હસ્યા અને કહ્યું : ''બાપુ ! કાઠિયાવાડની નાની રિયાસતના કાઠીઓના ગરાસ પડાવી લેવાનો અમારો ઇરાદો હોત તો ધરમપુરનાં રાણીમાતા અમને રાજ્ય સોંપતાં હતાં તે કેમ અમે ઠોકરે માર્યું ? તમારી રિયાસતો તો બે કે પાંચ ગામની હશે પણ તેના તાબામાં તો પાંચસો ગામ હતાં.''

વસ્તાખાચરે મહારાજના આ શબ્દોથી ફરી આંચકો અનુભવ્યો ''મારા જ અંતરમાં ઊઠેલા વિચારો, એ જ શબ્દો અત્યારે મહારાજ કહી રહ્યા

છે ! આ તે કેવળ પૂરબિયા બ્રાહ્મણ છે કે તેથી કાંઈક વિશેષ ?" તેમનું હૃદય વલોવાવા લાગ્યું.

આશીર્વાદ આપો આપના સ્વરૂપમાં ક્યારેય મનુષ્યભાવ ન આવે

મહારાજ બહાર આવી ઓસરીમાં બિછાવેલ ઢોલિયા ઉપર બિરાજી ગયા. સામે જ મુક્તાનંદ સ્વામી તથા સંતો બેઠા. દાદાખાચર પણ પાસે બેસી ગયા. વસ્તાખાચર ધીરે ધીરે ઓરડીમાંથી બહાર આવ્યા. તેનું મુખ પૃથ્વી તરફ જ ઢળેલું હતું. તેણે મહારાજને હાથ જોડ્યા : "મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો. મને બુઢ્ઢા ધાધલે ભરમાવ્યો. તેના શબ્દોમાં બાપુ જીવાખાચરની પણ મેં અનુમતિ જોઈ. મહારાજ ! અમે તો જીવ કહેવાઈએ. વળી અભણ, જ્ઞાનની વાતમાં ઊંડી સૂઝ પડે નહીં. તેથી અંતર ભમી ગયું હતું. પણ આપે મને ઉગાર્યો. મારું અંતર પકડી લીધું. મારા વિચારો જાણી સમાધાન કરી દીધું. મારું અંતર હવે ચોખ્ખું થઈ ગયું છે. મહારાજ ! મને આશીર્વાદ આપો કે આપના સ્વરૂપમાં ક્યારેય મનુષ્યભાવ ન આવે."

મહારાજ તેમના શબ્દોથી રાજી થયા. તેમણે કહ્યું : "આશીર્વાદથી એ ન થાય, વસ્તા બાપુ ! એ તો સમજણ કેળવવાથી, સમાગમ કરવાથી અને કુસંગથી દૂર રહેવાથી જ થાય. અમે તો તમને મોટી ડેલીએ જવાની ના કહી હતી, પણ તમે મહોબત મૂકી શક્યા નહીં."

"હા, મહારાજ ! આપની આજ્ઞા લોપી ત્યાં ગયો અને બુઢ્ઢા ધાધલના શબ્દોએ મને ઘાયલ કરી દીધો." વસ્તાખાચરે અશ્રુભીની આંખે બે હાથ જોડીને કહ્યું.

આ બધા કાઠીઓ મૂરખ છે ?

દાદાખાચર આ બધું અત્યાર સુધી શાંતિથી સાંભળી રહ્યા હતા. પરંતુ બુઢ્ઢા ધાધલની વાત આવી ત્યારે તેમનાથી રહેવાયું નહીં. તેમણે કહ્યું : "વસ્તા ! કોઈનામાં નહીં ને આસુરી બુદ્ધિવાળા બુઢ્ઢા ધાધલના વચનમાં તને વિશ્વાસ આવી ગયો ? સુરા આપા ભોળા ! બોટાદના દાહા બાપુ મૂરખ ! આ બધા કાઠીઓ - વાળા, ખુમાણ અને ખાચરો અત્યારે તો મહારાજના સંબંધે બ્રહ્માનંદને હિલોળે ચઢ્યા છે અને તારા અંતરમાંથી મહારાજનું ભગવાનપણું આથમી ગયું ? તું તે શું સમજ્યો ? બુઢ્ઢા ધાધલ તો મહારાજ પાસે રહીને અત્યાર સુધી સો મણ પ્રસાદી મહારાજની ખાઈ ગયો હશે, પરંતુ ધર્મકુળને ત્યાં મહારાજ

જમવા જાય ને તેને ત્યાં ન લઈ જાય એટલે તેને મહારાજનો અભાવ આવ્યો. મહારાજની સેવામાંથી નીકળી ગયો અને મોટી ડેલીવાળાએ તેને સંઘર્યો. આ એક નમાલા માણસના શબ્દો ઉપર તને મહારાજમાં મનુષ્યભાવ આવ્યો ?''

વસ્તાખાચર નીચું મોં રાખી સાંભળી રહ્યા હતા. તેણે તરત જ કહ્યું : ''દાદા ! તું સાચું કે' છે. તેણે મને એવાં જ વેણ કહ્યાં કે મહારાજ ધર્મકુળને કાઠીઓનો ગરાસ આપી દેવાના છે.''

મુક્તાનંદ સ્વામીને પણ આ ઘટના આશ્ચર્યજનક લાગી. ચોવીસ કલાકમાં આ શું બની ગયું ? વર્ષોથી પાકી કરેલી નિષ્ઠા આમ એકાએક કેમ ઓસરી ગઈ ! તેમણે વસ્તાખાચરને કહ્યું : ''વસ્તા બાપુ ! જે કોઈ મહારાજ વિરુદ્ધ અવળા શબ્દો નાંખે તો ગમે તેટલી મહોબત હોય પણ ત્યારે તેવાની મહોબત તોડી નાંખવી જોઈએ. નહીં તો આપણું કલ્યાણ બગડી જાય અને મનુષ્ય જન્મ મળ્યાનો હેતુ માર્યો જાય. ફેરો ફોગટ થાય !''

વસ્તાની ફજેતી થાય એવું કરવું નહીં

વસ્તાખાચરનું અંતર પશ્ચાત્તાપથી બળવા લાગ્યું. આ શૂરવીર કાઠી અત્યારે આધ્યાત્મિક બળ વગર નિસ્તેજ બની ગયો હતો ! મહારાજે તેને પુનઃ સતેજ કરી દીધો. પછી કહ્યું : ''બાપુ વસ્તાખાચર !''

તરત જ વસ્તાખાચરે કહ્યું : ''મહારાજ ! તમારે મને એવું ન કહેવું. ફક્ત વસ્તો જ કહેવો.''

મહારાજ હસ્યા. પછી કહ્યું : ''હવે તમારું અંતર ચોખ્ખું થઈ ગયું છે. માટે ફરીથી ગઢપુર આવો તો દરબારમાં જ ઉતારો રાખવો અને બીજે ક્યાંઈ જાવ તોપણ ખરી નિષ્ઠાવાળાના સંગે જ રહેજો. તો તમારો સત્સંગ નિર્વિઘ્ને પાર પડી જશે.'' એટલું કહી મહારાજ ઊઠ્યા.

એટલે વસ્તાખાચરે કહ્યું : ''મહારાજ ! થાળ જમીને જાવ.''

મહારાજે કહ્યું : ''આજે નહીં. ગઢડામાં કોઈને કાંઈ કહ્યું જ નથી એટલે વિશેષ મોડું થાય તો બધા ગોતવા નીકળે.'' એમ કહીને મહારાજે માણકીનું પલાણ સરખું કર્યું. પછી છલાંગ મારી સવારી કરી. તરત જ માણકીએ ગઢડાની વાટ પકડી. મુક્તાનંદ સ્વામી તથા સંતો અને દાદાખાચર પણ મહારાજ સાથે નીકળી ગયા.[૧૩૨]

---

૧૩૨. શ્રીહરિચરિત્રચિંતામણિ, ભાગ-૨, વાર્તા-૨૧૬.

મહારાજ ગઢપુર પધાર્યા ત્યારે દિવસ સારી રીતે ચડ્યો હતો. દરબારમાં સૌ વિમાસણમાં પડી ગયા હતા કે મહારાજ ક્યાં ગયા ? ફરી કાંઈ રિસાવાનું પ્રકરણ તો શરૂ નથી કર્યું ને ? મુકુંદ બ્રહ્મચારી પણ અક્ષર ઓરડીમાંથી દરબારમાં અને દરબારમાંથી અક્ષર ઓરડીમાં આંટા મારતા હતા. મહારાજ પધાર્યા ત્યારે તેમનું અંતર હેઠું બેઠું. સૌનાં હૈયાં પણ ટાઢાં થયાં. બધા પૂછવા લાગ્યા કે મહારાજ આટલા વહેલા ક્યાં ગયા હતા ? પરંતુ કોઈએ કાંઈ સ્પષ્ટ જવાબ ન આપ્યો. મહારાજે સૌને આજ્ઞા કરી હતી કે કારિયાણીની વાત કોઈને કરવી નહીં. વસ્તા બાપુને દેશકાળ આવી ગયો પણ તરત ટળી ગયો, માટે એ વાત બહાર પાડવી નહીં. વસ્તાની ફજેતી થાય એવું કરવું નહીં. તેથી ગઈ કાલના પ્રસંગની વાત ત્યાં જ દટાઈ ગઈ !

મહારાજ દરબારમાં આવી દરબારના ઉગમણા બારની ઓરડીએ સોમાબાઈના ઓરડાની ઓસરીમાં દક્ષિણાભિમુખ કરીને વિરાજમાન થયા. તેમની પાસે મુક્તાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, વરતાલથી મંદિરના કામકાજના સમાચાર આપવા આવેલા બ્રહ્માનંદ સ્વામી, વિજ્ઞાનાનંદ[૧૩૩] સ્વામી તથા અન્ય સંતો પણ હતા.

---

૧૩૩. મૂળ સૌરાષ્ટ્રના પ્રભાસ પાટણના બ્રાહ્મણ. તેમના પિતા ગણેશ ભટ્ટ કર્મકાંડી બ્રાહ્મણ હતા. માતા ધનબા પણ ધાર્મિક વૃત્તિનાં હતાં. બીજું સંતાન ગોવિંદરામ. તેમનો જન્મ સંવત ૧૮૫૦ની વસંતપંચમીએ થયો હતો. આ સંગમ ક્ષેત્રમાં લોજથી સ્વામિનારાયણના સંતો આવ્યા હતા. ગોવિંદરામ પિતા પાસે વિદ્યાધ્યયન કરી તેના સાર રૂપ સંસારની ઉપાધિથી મુક્ત થવાનો માર્ગ શોધતા હતા. ત્યાં તેમને આ સંતમંડળ મળી ગયું. તે વખતે તેમની ઉંમર વીસ વર્ષની હતી. તેમને આ સંતમંડળના સાધુઓ સાથે થોડી જ વાતમાં આત્મીયતા થઈ ગઈ. સંવત ૧૮૭૦ના ફાગણની સુદ એકાદશીએ તેમણે પિતાને સંદેશો મોકલી સંતમંડળ સાથે પ્રસ્થાન કર્યું. મહારાજનો મેળાપ તેમને જેતલપુરમાં થયો. મહારાજે આ મુક્તને ઓળખી લીધા. તેમની સૌમ્ય પ્રકૃતિ, સાધુતાને શોભાવે તેવી ગરીબાઈ મહારાજને ગમી ગઈ. તેમની ઇચ્છા જાણી મહારાજે તેમને સંવત ૧૮૭૧ની પ્રબોધિની એકાદશીએ દીક્ષા આપી 'વિજ્ઞાનાનંદ' નામ પાડ્યું.

આ નવજીવનમાં તેમને આનંદ આવ્યો. મહારાજની આજ્ઞાનુસાર ફરવા લાગ્યા. જ્યાં જતા ત્યાં સત્સંગીઓને તેમની સાથે ફાવી જતું. તેમની માંગ વધી. પરંતુ મહારાજે તેમને નિમાડ દેશ સોંપ્યો. ત્યાં તેમણે સારો સત્સંગ કરાવ્યો હતો. પાછળથી તેમને સુરતના નવા થયેલા મંદિરમાં મહંત તરીકે મૂક્યા હતા.

એટલામાં મહારાજ માટે મૂળજી બ્રહ્મચારી થાળ લઈ આવ્યા. મહારાજ સન્મુખ થાળ મૂક્યો એટલે મહારાજે તેમની સામું જોયું, પછી કહ્યું : "અક્ષર ઓરડીમાં થાળ લાવવો હતો ને !"

બ્રહ્મચારી મૂંઝાયા પણ તરત જ બોલ્યા : "મહારાજ ! આ બધા સંતોને આપનાં દર્શનનો લાભ મળતો રહે અને વળી પ્રસાદી પણ મળે, તેથી થાળ અહીં જ લાવ્યો."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "બ્રહ્મચારીને નથી પ્રસાદીનો લોભ કે નથી દર્શનની આકાંક્ષા. એ તો સેવામાં જ મસ્ત છે. જેવો અમારો મહિમા સમજે છે તેવો સંતો અને હરિભક્તોનો પણ મહિમા સમજે છે." એટલું કહીને મહારાજ જમવા લાગ્યા.

આ સમે આ બાવળિયાનાં મોટાં ભાગ્ય !

જમતાં જમતાં સામે બાવળ હતો તે સામી મહારાજની દૃષ્ટિ ગઈ. પછી હસતાં હસતાં બોલ્યા : "આ સમે આ બાવળિયાનાં પણ મોટાં ભાગ્ય છે કે પુરુષોત્તમ નારાયણની તેના ઉપર દૃષ્ટિ પડી ગઈ !" વળી, થોડી વારે ફરી કહ્યું : "અને આ નિંબતરુ ! તેનાં પણ અતિ મોટાં ભાગ્ય ! અમે તેની નીચે બેઠા, સભા કરી અને તેના છાયામાં અનંત પ્રકારની લીલા કરી." સંતો સૌ ખૂબ જ રસપૂર્વક આ સાંભળી રહ્યા હતા. મહારાજ જમતા જાય અને બોલતા જાય : "અને તમારા જેવા સંતો, આ હરિભક્તો અને આજે અમારા સંબંધમાં જે જે આવ્યા છે તે સૌનાં પરમ ભાગ્ય છે. અરે ! પશુઓ જેનું દૂધ, દહીં અમે જમ્યા છીએ, જે ઝાડનાં ફળ અને ફૂલ અમારા ઉપયોગમાં આવ્યાં છે, તે સર્વે અતિ ભાગ્યશાળી છે અને તે સૌનું એક જન્મે કે બીજા જન્મે જરૂર કલ્યાણ થશે."

અમને ત્રણ વાત ગમતી નથી

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : "મહારાજ ! હજુ બીજો જન્મ લેવો પડશે ?"

ત્યારે મહારાજે હસતાં હસતાં કહ્યું : "અમારા સ્વરૂપનો તત્ત્વે સહિત જેને નિશ્ચય થયો હશે તેનું તો આ જ જન્મે કલ્યાણ થઈ જશે."

એટલું કહીને મહારાજ બોલ્યા : "સાંભળો, તમારા સૌનાં અતિ મોટાં ભાગ્ય છે તે તો સાચું, પરંતુ અમારી રુચિ પણ સમજવી પડશે. અમને જે ગમતું

હોય તે કરવું અને જે ન ગમતું હોય તે ન જ કરવું."

મહારાજ પાણી પીવા અટક્યા. બ્રહ્મચારી પણ પીરસતા અટક્યા. એટલે મહારાજે હસીને કહ્યું : "જુઓ, આ બ્રહ્મચારી અમારી કેવી રુચિ જાણે છે ! અમે પાણી પીએ છીએ એટલે પીરસતા નથી. કઈ વાનગી કેટલી જોઈશે તે અમારી મરજી જાણીને જ પીરસે છે." એટલું કહીને મહારાજે ચળું કર્યું. બ્રહ્મચારી આથી મહારાજ સામે જોઈ રહ્યા. મહારાજ હસ્યા પછી બોલ્યા : "સાંભળો, અમને ત્રણ વાત ગમતી નથી. એક તો મનમાં અક્કડ રહે અને કોઈને નમે નહીં. બીજું પોતાની જાણે મોટા થવાનું કરે તે અને ત્રીજું સંત કે હરિભક્તોનો દ્રોહ કરે તે. આ ત્રણ વાતમાં અમારી પ્રસન્નતા નથી. માટે ભગવાનના ભક્તે સદા માનરહિત અને સરળપણે વર્તવું."

આટલી વાત કરીને મહારાજ ઊઠ્યા. બ્રહ્મચારીએ મુખવાસ આપ્યો. પછી મહારાજે કહ્યું : "આ સત્સંગમાં અમૃત પણ છે અને વિષ પણ છે. મંથન કરીએ ત્યારે બંને નીકળે. અમૃત પીને અમર થવું પણ વિષનાં પારખાં ન કરવાં."

મહારાજની આ વાત મુક્તાનંદ સ્વામી તથા દાદાખાચર સમજી ગયા. બીજાને મહારાજનું આ વાક્ય ઉપદેશના સૂત્ર જેવું લાગ્યું.

આપનાં દિવ્ય ચરણારવિંદ મારી છાતીમાં આપો

થોડા દિવસ બાદ જંબુસર બારાના શ્રી ગામના હરિભક્તો ગઢપુર આવ્યા. મહારાજનાં દર્શન કર્યાં અને તેમના પંથકમાં વિજ્ઞાનાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો હતો તે બધી વાત કરી. પછી મહારાજને તેમણે કહ્યું : "અમારે અમારા ગામમાં કથા કરાવવી છે, તો વિજ્ઞાનાનંદ સ્વામીને મોકલો તો ભાગવતની કથા થાય અને મુમુક્ષુઓને લાભ મળે."

મહારાજે તેમની વાત સાંભળી વિજ્ઞાનાનંદ સ્વામીને બોલાવ્યા. તેઓ આવ્યા એટલે મહારાજે તેમને કહ્યું : "તમારે આ હરિભક્તો સાથે શ્રી ગામ જવાનું છે. ત્યાં તેમને ભાગવતની પારાયણ કરાવવી છે."

વિજ્ઞાનાનંદ સ્વામીએ આ સાંભળી હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! ભાગવત હું ભણ્યો છું પણ કથા કરવા જેટલી આવડત અને બુદ્ધિ નથી."

મહારાજ તેમની દીન વાણી સાંભળી પ્રસન્ન થયા. પછી કહ્યું : "સ્વામી ! અમારી આજ્ઞાથી તમારે જવાનું છે. બુદ્ધિ શક્તિના દાતા અમે છીએ, માટે નિધડક બનીને જાઓ."

વિજ્ઞાનાનંદ આ સાંભળી રહ્યા. મહારાજની આજ્ઞા હતી એટલે હવે તેમને ગયા સિવાય છૂટકો જ ન હતો. તેમણે હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞા છે તેથી હું જઈશ, પરંતુ આપ મને આપનાં ચરણારવિંદ[૧૩૪] છાતીમાં આપો, તેથી તે દિવ્ય ચરણકમળનાં દર્શન કરતાં કરતાં કથા કરી શકું."

તેમના આવા ભક્તિભાવથી મહારાજ પ્રસન્ન થયા. તરત જ કેસર મિશ્રિત ચંદન મંગાવ્યું. પોતાનાં બંને ચરણકમળ તેમાં બોળીને સ્વામીની છાતીમાં અંકિત કર્યાં. સ્વામી આ દિવ્ય સ્પર્શથી કૃતકૃત્ય થઈ ગયા ! તેમને લાગ્યું કે એક નવા ચેતનનો તેમના શરીરમાં સંચાર થયો છે. તેમણે મહારાજને પૂછ્યું : "મહારાજ ! ક્યારે નીકળવાનું ?"

"કાલે થાળ જમીને જજો." મહારાજે કહ્યું.

✧ ✧ ✧

ગઢપુરમાં ઉત્સવોની પરંપરા

આ.સં. ૧૮૮૧નું વર્ષ બેસી ગયું. દેવપોઢી એકાદશીનો ઉત્સવ મહારાજે ગઢપુરમાં કર્યો. સૌ સંતોને વિશેષ નિયમો આપ્યા. ત્યારબાદ જન્માષ્ટમીનો ઉત્સવ પણ ગઢપુરમાં જ કર્યો.

મહારાજે બ્રહ્માનંદ સ્વામીને વરતાલ જવા આજ્ઞા કરી, ત્યારે કહ્યું હતું કે "અમે ગઢપુરમાં જ રોકાવાના છીએ. કાર્તિકમાં પ્રતિષ્ઠાનું મુહૂર્ત રાખજો અને અમને ખબર આપજો, એટલે અમે વહેલા આવી જઈશું."

મહારાજ ભગા દોશીને જોવા બોટાદ જાય છે

થોડા દિવસ બાદ બોટાદથી એક પાર્ષદ દરબારમાં આવ્યો અને તેણે મહારાજને કહ્યું : "મહારાજ ! ભગા દોશીને અસાધ્ય મંદવાડ થયો છે. છેલ્લી ઘડી છે ને આપનાં દર્શનની ઝંખના છે."

મહારાજ આ સાંભળી એકદમ ઊભા થઈ ગયા. તેમણે નાજા જોગિયાને બોલાવીને કહ્યું : "ઘોડી તૈયાર કરીને લાવો, હમણાં જ બોટાદ જવું છે."

---

૧૩૪. સત્સંગમાં પરંપરાગત સાંભળવા મળે છે કે વિજ્ઞાનાનંદ સ્વામીએ મહારાજનાં ચરણારવિંદ સમક્ષ જ દૃષ્ટિ રાખીને સાત દિવસ ભાગવતની કથા કરી સૌનાં મન રંજન કરી દીધાં હતાં. સ્નાન કરતાં પણ સંભાળ રાખતા કે ચરણારવિંદ ભુંસાઈ ન જાય. તે માટે તે ચરણારવિંદની આજુબાજુનું અંગ ભીના વસ્ત્રથી લૂછી નાંખતા.

એટલામા જીવાખાચર ત્યાં આવ્યા. તેણે આ સમાચાર સાંભળ્યા. તેણે કહ્યું : "મહારાજ ! ઘડીક ખમો. હું પણ તમારી સાથે આવું છું."

મહારાજે એકદમ તેમના સામું જોયું પછી કહ્યું : "તમે જલદી તૈયાર થાવ, અમે તમારી ડેલીએ આવીએ છીએ."

જીવાખાચર તરત જ તેમની ડેલીએ ગયા. થોડી વારે મહારાજ નાજા જોગિયાને લઈને જીવાખાચરની ડેલીએ પધાર્યા, ત્યારે જીવાખાચર ફળિયામાં ખાટલામાં બેઠા હતા અને ભાયાતો સાથે વાતો કરતા હતા. તે જોઈ મહારાજે તેમને કહ્યું : "જીવાખાચર ! તમે હજુ સાબદા થયા નથી ?"

એટલે જીવાખાચરે મહારાજને કહ્યું : "મહારાજ ! તમેય હવે માંડી વાળો. હમણાં જ વાવડ આવ્યા કે ભગા દોશી તો દેહ મેલી ગયા."

મહારાજ આ સાંભળી રહ્યા. પછી ધીરેથી તેમણે જીવાખાચરની આંખમાં આખ પરોવીને કહ્યું : "બાપુ ! ભગા દોશી ધામમાં ગયા એવું તમે અમને કહો છો ?" એટલું કહીને મહારાજે કહ્યું : "બાપુ ! તમારે ન આવવું હોય તો રહેવા દ્યો. અમે જઈએ છીએ." તરત જ મહારાજ નાજા જોગિયા સાથે બોટાદ જવા નીકળી ગયા.

મહારાજ જોટીંગડાના પાદરે પહોંચ્યા ત્યાં પુષ્કળ વરસાદ થયો. મહારાજનાં જરીનાં વસ્ત્રો તથા માણકીનું જરીનું પલાણ બધું જ પલળી ગયું. તે જોઈ નાજા જાગિયાએ કહ્યું : "અરે મહારાજ ! આ તો ખરેખરની થઈ ?"

ત્યારે મહારાજે તેની સામે જોઈ જરા જોરથી કહ્યું : "શું ખરેખરની થઈ ? આવાં સો સો પલાણ ને વસ્ત્રો ભગા દોશી ઉપર ઘોળ્યા કરી નાંખીએ એવા એ ભગત છે." નાજા જોગિયા મહારાજની આંખ જોઈ ચૂપ થઈ ગયા !

મહારાજ એમ ને એમ ભીનાં વસ્ત્રે બોટાદમાં પધાર્યા અને સીધા ગોદડખાચરના દરબારમાં આવ્યા. અહીં ભીનાં વસ્ત્રો બધાં કાઢી નાંખ્યાં. કોરાં વસ્ત્રો પહેર્યાં. માણકીનું પલાણ પણ ઉતારીને સૂકવવા મૂકી દીધું.

મહારાજ પછી ભગા દોશીને[૧૩૫] ત્યાં પધાર્યા. ભગા દોશી ખાટલામાં

---

૧૩૫. ભગા દોશીના પિતાશ્રી ભાઈચંદ દોશીના મંદવાડ વખતે પણ મહારાજ તેમને જોવા પધાર્યા હતા અને ખાટલા પાસે ખુરસી ઉપર બિરાજ્યા હતા. તે વખતે ભાઈચંદ શેઠ એક સાખી બોલ્યા :

'નીચું નલિએલ ખોરડું, જેનો થાંભલીએ નહીં ઠા;
એ ન રિએ આલંગડા, મોભ જતાં માઠું રિએ.' ➤

સૂતાં સૂતાં મહારાજનું નામરટણ કરતાં તેમનાં દર્શનની ઝંખના કરતા હતા. એટલામાં મહારાજ તેના ખાટલાની બાજુમાં ખુરશી હતી તે ઉપર બેસી ગયા. મહારાજે તેમને માથે હાથ ફેરવ્યો એટલે તેમણે આંખો ઉઘાડી. મહારાજે જરા મોટેથી કહ્યું : "ભગા દોશી ! આમ જુઓ, તમે અમને સંભારતા'તાને ? અમે આવી ગયા !"

તરત જ ભગા દોશીએ મહારાજ સામું જોયું. તેની આંખોમાંથી ચોધાર આંસુ પડવા માંડ્યાં. મહારાજે કહ્યું : "રડશો નહીં. આ ટાણું રોવાનું નથી."

ત્યારે ભગા દોશીએ કહ્યું : "મહારાજ ! આપની ભક્તવત્સલતા, આપની કરુણા જોઈ મારી આંખમાંથી હર્ષનાં આંસુ પડે છે. મને મરવાની બીક નથી. એ તો આ દેહ છોડી દિવ્ય તનુ ધારણ કરી અક્ષરધામમાં આપની સન્મુખ જ બેસવાનું છે. એમાં તો ઊલટાનો આનંદ છે."

મહારાજે તે સાંભળી કહ્યું : "પણ અમારે તમને હમણાં ધામમાં મોકલવા નથી. હજી ગઢડાનું મંદિર પૂરું થાય અને પ્રતિષ્ઠા થાય તેનાં દર્શન કરાવવાં છે." એમ કહી મહારાજે કહ્યું : "આમને સાકરની રાબ પાવ." મહારાજની આજ્ઞા પ્રમાણે સાકરની રાબ બનાવી ભગા દોશીને પાઈ.

પછી મહારાજ ત્યાંથી નીકળી ગોદડખાચરના દરબારમાં પધાર્યા. અહીં થાળ જમી મહારાજ ગઢડા જવા નીકળી ગયા.

અમારી સાથે પણ આવી છેતરામણ ?

મહારાજ ગઢપુર પહોંચ્યા અને પ્રથમ જીવાખાચરની ડેલીએ ગયા. જીવાખાચર તે વખતે પણ ભાયાતો સાથે અલકમલકની વાતો કરતા હતા. મહારાજને આવતા જોઈ તે ઊભા થઈ ગયા. મહારાજે ઘોડીની સરક નાજા જોગિયાને આપી. પછી જીવાખાચર પાસે આવ્યા. તેમને કહ્યું : "જીવાખાચર ! ભગા દોશીને તો હવે સુવાણ છે. ધામમાં ગયાના ખબર તમને કેણે આપ્યા હતા ?"

જીવાખાચર થોડી વાર તો કાંઈ બોલ્યા નહીં. પછી ધીરેથી કહ્યું : "એ તો ઊડતા ખબર આવ્યા હતા. એટલે મેં આપને કહ્યું."

એટલે કે હું તો આ નીચા ખોરડાના આડસર જેવો છું. તે તો હવે ચાલ્યો, પણ આ ભગો થાંભલીને ઠેકાણે છે. તે આડસર વગર રહી નહીં શકે. મહારાજે તેને સાંત્વન આપતાં કહ્યું હતું કે "ભગો તમારા કરતાં સવાયો થશે અને અમે તેના આડસર બનશું." તે પ્રમાણે મહારાજે ઠેઠ સુધી ભગા દોશીની સંભાળ રાખી હતી.

મહારાજ આ સાંભળી થોડા સખત થઈ ગયા. તેમણે કહ્યું : "કોઈના ધામમાં ગયાના ઊડતા ખબર મળે તો તે માની લેવા ? તપાસ ન કરવી ? આ તો બોટાદના નગરશેઠ કહેવાય, કોઈ નાનું માણસ ન કહેવાય. વળી, આપણા પરમ ભક્ત છે. તેને માટે આવા ખબર વહેતા મૂકવા તે ઠીક ન કહેવાય. અમને ભગવાન જાણ્યા પછી પણ અમારી સાથે આવી છેતરામણ ?"

જીવાખાચર કાંઈ જ બોલી શક્યા નહીં. મહારાજ એટલું કહીને તરત જ નીકળી, બહાર આવી, ઘોડી ઉપર બિરાજી, દાદાના દરબારમાં આવી ગયા.

આડસર કોરે રહી નથી ગયું

દરબારમાં સૌને ખબર પડી ગયા હતા કે ભગા દોશીનો અંત સમય છે તે સમાચાર જાણી મહારાજ તેમને દર્શન દેવા બોટાદ પધાર્યા હતા. મહારાજ આવી ગયા એટલે મોટેરા સંતો, દાદાખાચર વગેરે મહારાજ પાસે આવ્યા. મહારાજના મુખારવિંદ ઉપર ગ્લાનિનો ભાવ જોઈ તેમને સૌને લાગ્યું કે ભગા દોશી ધામમાં ગયા હશે. વળી, મોટી ડેલીમાંથી પણ સમાચાર ફરી વળ્યા હતા કે ભગા દોશી ધામમાં ગયા છે. દાદાખાચરે મહારાજને પૂછ્યું : "મહારાજ ! ભગા દોશીને કેમ છે ?"

એટલે મહારાજે કહ્યું : "સુવાણ છે."

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! અહીં તો મોટી ડેલીમાંથી ખબર મળ્યા હતા કે ભગા દોશી ધામમાં ગયા."

મહારાજ આ સાંભળી સહેજ દુ:ખ વ્યક્ત કરતા બોલ્યા : "એ જ એમનું દુ:ખ છે ને ! અમને પણ કહ્યું હતું : 'ભગા દોશી ધામમાં ગયા છે તેવા ખબર આવ્યા છે. એટલે બોટાદ જવાની જરૂર નથી.' જીવાખાચર મોટું માણસ કહેવાય. પણ એમને એમ કે મહારાજે ભાઈચંદ શેઠને કહ્યું હતું કે ભગા દોશીનું અમે આડસર થઈશું તે આડસર એક કોરે રહી ગયું અને શેઠ ચાલ્યા ગયા. મહારાજ કાંઈ કરી શક્યા નહીં." આ સાંભળી ત્યાં બેઠેલ સૌ ગમગીન થઈ ગયા. થોડી વાર તો મહારાજ પણ કાંઈ બોલ્યા નહીં. પછી કહ્યું : "પણ અમે તેમને રાખ્યા છે. આડસર કોરે રહી નથી ગયું !"

સત્સંગ સાધન નહીં પણ સાધ્ય બને તો જ જીવ શુદ્ધ થાય

સત્સંગના રંગથી જ્યાં સુધી અંતર રંગાયું નથી, ત્યાં સુધી મહારાજનો

તેમના યથાર્થ સ્વરૂપમાં મહિમા સમજાતો જ નથી. એટલે સત્સંગી કહેવરાવવા છતાં પણ આવા રાગ-દ્વેષના ભાવથી મનુષ્ય પર થઈ શકતો નથી. તેથી અંતરનો મેલ પણ ધોવાતો નથી. સત્સંગ સાધન નહીં પણ સાધ્ય બને તો જ જીવ શુદ્ધ થાય અને મોક્ષના માર્ગે મજલ કરી શકે.

થોડી વારે મહારાજ સ્નાન કરવા ઊઠ્યા. સ્નાનવિધિ પછી થાળ આવ્યો તે જમ્યા. સતોને સત્સગનો લાભ આપતાં કહ્યું : "જો પોતાના ઈષ્ટદેવને અંતર્યામી જાણીને ભક્તો વર્તે, તો તે ઈષ્ટદેવની રુચિ અનુસાર જ વર્તી શકે. કેવળ તિલક-ચાંદલો કે કંઠી-માળા ધારણ કરવાથી સત્સંગી થઈ જવાતું નથી."

શરદપૂર્ણિમાનો ઉત્સવ પણ મહારાજે ગઢપુરમાં જ કરવાનું નક્કી કર્યું. આ ઉત્સવ જીવુબા તરફથી થવાનો હતો. આ પ્રસંગે ગુજરાતથી ઘણા હરિભક્તો તથા સંતોનાં મંડળો આવ્યાં. જીવુબાએ દરેકની સંભાવના રાખવામાં મણા રાખી નહીં. તેમનું સર્વસ્વ મહારાજ અને તેમના ભક્તો જ હતા. તેથી પ્રસંગે પ્રસંગે તેમને અર્થે ધન વાપરી, તેમની સેવા કરી, પોતે કૃતકૃત્ય થઈ જતાં.

મહારાજે આ પ્રસંગે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એકાંતિક ધર્મના આ ચાર મુખ્ય પાયા સૌનાં અંતરમાં દઢ થાય તેવી વાતો સંતો, હરિભક્તોની સભામાં કરી. ઉત્સવ પૂરો થયો અને મહારાજે સંતો, હરિભક્તોને આજ્ઞા કરી કે "સૌ પોતપોતાને દેશ જાઓ અને કાર્તિકની પ્રબોધિની એકાદશીએ વરતાલમાં પ્રતિષ્ઠા ઉત્સવ છે તે પ્રસંગે સૌ આવજો."

ફક્ત શ્રીનગરનાં ગંગાબા તથા તેમની સાથે આવેલ અન્ય બ્રાહ્મણ બહેનો, પીપળાવના પ્રભાશંકર અને બીજા થોડા ભક્તોને અન્નકૂટના ઉત્સવ સુધી રોક્યા.

અન્નકૂટનો ઉત્સવ પણ જીવુબાને કરવાનો સંકલ્પ હતો. એટલે લાડુબાને તેમણે કહ્યું : "તમે દીપોત્સવ કરો."

તરત જ લાડુબાએ કહ્યું : "નારદજીએ યુધિષ્ઠિર પ્રત્યે કહ્યું છે કે અન્નકૂટના ઉત્સવમાં જ દીપોત્સવનો ઉત્સવ આવી જાય છે તેથી અન્નકૂટનો ઉત્સવ મને કરવા દ્યો."

જીવુબા પોતાની બહેનની ભક્તિ જાણતાં હતાં. તેમનાં જેવા ભક્તનું અંતર દુખાય તો ઉત્સવનો આનંદ હૈયામાં ન રહે. તેથી તેમણે કહ્યું : "ભલે બહેન ! તું એ ઉત્સવ કર. આપણે ભાઈને વાત કરીને મહારાજને કહેવરાવી દઈએ."

બંને બહેનોના આવા સુહૃદભાવથી મહારાજ પણ અત્યંત પ્રસન્ન થયા. લાડુબા ઉત્સવની તૈયારીમાં પડી ગયાં.

અક્ષરધામમાં ભક્તને ભગવાનનું કેવું સુખ આવતું હશે ?

હરિભક્તો ઉત્સવની તૈયારી કરતા અને રાત્રે મહારાજની કથા સાંભળવા બેસતા. મહારાજ વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીમાં બિરાજતા. સંતો તેમની સમક્ષ બેસી જતા. બહેનો ચોકમાં નિંબતરુની પાછળ બેસતી. એક દિવસ કથા પ્રસંગે બહેનોમાંથી પ્રશ્ન પુછાયો : "મહારાજ ! અક્ષરધામને વિષે ભક્તને ભગવાન કેવું સુખ આપતા હશે ?"

મહારાજ પ્રશ્ન સાંભળી રાજી થયા. તેમણે વિચાર્યું કે આ પ્રશ્નનો ઉત્તર જ્ઞાનીથી ન થઈ શકે, અનુભવીથી થઈ શકે. વળી, મહારાજ સ્વયં સૌની સમક્ષ બિરાજમાન હતા તેથી તેમના સિવાય બીજા કોઈ આ પ્રશ્નનું યથાર્થ સમાધાન કરી ન શકે તે નિશ્ચિત હતું.

મહારાજે તેમના પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું : "અક્ષરધામમાં ભક્તને ભગવાનનું દર્શન થાય છે ત્યારે ભગવાનના સ્વરૂપમાં પાંચે વિષયનું સુખ એકકાળાવિચ્છિન્ન તે ભક્ત ભોગવી શકે છે. ભગવાનનું રૂપ, તેમનો શબ્દ, સ્પર્શ, રસ અને ગંધ તે ભક્તને અતિ સુખકર લાગે છે. તેથી અધિક બીજે ક્યાંઈ સુખ નથી તેવો તેને અનુભવ થાય છે. વળી, તે ભગવાનનું દર્શન કરતાં, ભગવાનનાં જુદાં જુદાં અંગો મુખ, હૃદય, ઉદર, હસ્ત તથા ચરણ દરેક અંગનાં દર્શન કરતાં તે ભક્તને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તે દિવ્ય સુખનો અનુભવ એકીસાથે થાય છે. જાણે અનંત વર્ષથી એ સુખ ભોગવતો હોય અને છતાં તેની તૃપ્તિ થતી ન હોય ! એટલે એક અંગ ઉપરથી દૃષ્ટિ ખસેડીને બીજા અંગનું દર્શન કરવા પણ તે ભક્ત સમર્થ થતો નથી. ભગવાનના શબ્દમાં જે મધુરતા છે તે અન્યના શબ્દોમાં નથી, ભગવાનના જેવું રૂપ અન્ય કોઈનું નથી, ભગવાનના દિવ્ય દેહમાંથી પ્રસરતી સુગંધનો અનુભવ બીજે ક્યાંઈ થઈ શકતો નથી. ભગવાનનું સ્વરૂપ જ એવું છે કે તેમને रसो वै सः । વર્ણવ્યા છે. તેમના અંગની ઋજુતા, તેમના સ્પર્શની દિવ્યતાનો આસ્વાદ તે ભક્તને સત્, ચિદ્, આનંદમાં લીન કરી નાંખે છે. આવું અદ્‌ભુત સુખ અક્ષરધામમાં અમારી મૂર્તિનું ભક્તોને આવે છે. તે સુખ અહીં પણ છે, કારણ અહીં અક્ષરધામ અમારી ભેગું છે. પણ તમે અમારા સ્વરૂપમાં મનુષ્યભાવ દેખો છો એટલે અમારા સ્વરૂપમાં યથાર્થ દિવ્યતાનો અનુભવ તમને થતો નથી."

મહારાજની આ વાત સાંભળી સૌને આનંદ થયો. લગની પણ લાગી ગઈ

કે એ દિવ્ય સુખનો અનુભવ કરવો જ !

મહારાજે તેમને કહ્યું : "અમારા અક્ષરધામના સ્વરૂપને ઓળખો, તેમનો સંબંધ કરો. તેમના સંબંધે અક્ષરભાવને પામો તો અક્ષરધામના દિવ્ય સુખનો અને તેમાં બિરાજેલ અમારી મૂર્તિના સુખનો અનુભવ તમને છતી દેહે જ થશે. દેહ મૂકીને જેને પામવા છે તે દેહ છતાં જ મળ્યા છે એવો નિશ્ચય થશે. ત્યાં સુધી અધૂરું રહેશે. કલ્પનાના ઘોડા ઉપર બેસી મજલ ન થાય. આકાશની ફૂલવાડીનાં ફૂલોથી હાર ન ગૂંથાય. માટે પ્રગટ પ્રાપ્તિના આનંદના અનુભવથી જ પૂર્ણકામ થવાશે."

✧

ગઢપુરમાં મહારાજે આ.સં. ૧૮૮૧નો અન્નકૂટનો ઉત્સવ ધામધૂમથી કર્યો.[૧૩૬] ભક્તોનો મોટો સમૂહ ન હતો. કારણ બધાને વરતાલ પ્રતિષ્ઠા મહોત્સવ ઉપર આવવા આજ્ઞા કરી હતી.

---

૧૩૬. ગઢડા મધ્ય પ્રકરણનાં ૬૧ વચનામૃત પૂરાં થયાં.

પરિશિષ્ટ : ૧

ધારુ તલાવડી - ગોમતીજીનો દસ્તાવેજ

સંવત ૧૮૮૦ના વરખે ફાગણ સુદ ૧૩ દને આદેહંગ વડતાલ વાસ્તેવંમ શ્રીલખમીનારાયણને વાસ્તે તલાવડી ધારુ ધરમાદા આપી છે. પટલ સમસ્ત પટેલ મુળજી કુબેરજી તથા પા. દાદાભાઈ કીશોરદાસ તથા દલાભાઈ જેસંગભાઈ તથા પા. નરોતમ વાસનજી તથા પા. જોરાભાઈ થોભણજી તથા ગામ સમસ્ત થઈને તલાવડી ધારૂ ધરમાદા આપી છે. એ તલાવડીમાં કોઈ સેરીઆ બોળે નૈ, મડદુ દાટે નૈ તથા બાલે નૈ તથા ઢેડલોક નહાય નૈ, ચામડીએ મોઢું બોળાય નૈ, કોઈ લુગડુ ધોવાય નૈ; જેટલાંવાનાં લખ્યાં, ને કોઈ કરે તે લખમીનારાયણનો ગુનેગાર તથા સરકારનો ગુનેગાર. ઉપર લખા પરમાણે સહી. ચાંદા સૂરજ તપે તહાં સુધી મંદિર ખાતે ધરમાદા આપી છે, એ લખ્યુ તે સહી. એની કોઈ હરહરકત કરે તો આ ભરતખંડમાં પાપ થાય તે તેને માથે.

૧	અત્ર	સહી	૧	અત્ર	સાખ
૧	પા. મુળજી કુબેરજી	સહી	૧	પા. મુળજી કાસીદાસ	સાખ
૧	પા. દાદાભાઈ કાસીદાસ	સહી	૧	પા. વસનદા	
૧	પા. નરોતમ વાસનજી	સહી	૧	વાસકલા સુખભાઈ દહેગામનાની	સાખ
૧	પા. જોરાભાઈ થોભણજી	સહી	૧	પા. દલાભાઈ અંટોલદાસ	સાખ
૧	પા. દલાભાઈ જેસંગભાઈ	સહી		લી. મહેતા ડાહ્યા સારા	

પરિશિષ્ટ : ૨

વરતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવ પધરાવેલા છે તે જગાનો દસ્તાવેજ

સંવત ૧૮૮૨ બાસી વરખે ચઈતર સુદિ ૪ દને આદેહંગ સ્વામીશ્રી સહજાનંદજી પારસાત વડતાલ વાસ્તેવંમ પટેલ મુલજી કુબેરજી તથા પા. ભાઈબા દાદાભાઈ તથા પા. જોરાભાઈ થોભણજી તથા પા. નરોતમદાસ વાસણજી તથા પા. કહાનદાસ કુબેરજી તથા પા. વાહાલાભાઈ દાજી તથા પા. જીભાઈ કસુજી વીગેરે પટલભાઈ સમસ્ત. જત ભોમ વીઘાં ૩।।। અંકે પોણાચારને આસરે મોજે વડતાલના ગામતળિયાના વાડાની હતી, તે તમોને શ્રી લક્ષ્મીનારાયણનું દેવલ કરવા સારૂ તથા રહેવાને ધર્મશાળા કરવા સારૂ શ્રીકૃષ્ણાર્પણ ધર્માદા આપી છે. જાવો ચંદર દેવા કરા ચાંદો સૂરજ તપે તાંહા સુધી અમો અમારી રાજીરજાવંદીથી તથા અકલહોશિઆરીથી પાતાલથી તે આકાશ સુધી શ્રીકૃષ્ણાર્પણ ધર્માદા ભોમ ઉપરની લખેલી તમોને આપી છે. એ જમીન ઉપર ગોતરી તથા પીતરી તથા દાવાદાર તથા હિસ્સેદાર વીગેરે કોઈનો દર દાવો અલાખો નથી; તથા ધરમાદા આપું છે, તે પાળે તેનું પુન છે, તથા પલાવે તેનું પુન છે. આ વડતાલ પરગણે મહુધા તાલુકે નડીયાદના ગામની છે, તેના ધર્મપટ આ લખી આપી છે, તે સહી છે. આ લખુ તે સહી-બાપના બોલ સુપાલીએ.

૧	અત્ર	સહી
૧	પા. મુલજી કુબેરજી ઉપર લખા પ્રમાણે	સહી
૧	પા. ભાઈબા દાદાભાઈ	સહી
૧	પા. જોરાભાઈ થોભણજી	સહી
૧	પા. નરોતમદાસ વાસનજી દા. સુત તીકમ	સહી
૧	પા. કહાનદાસ કુબેરજી	સહી
૧	પા. જીભાઈ કસજી	સહી
૧	પા. વાહાલાભાઈ દાજી	
૧	પટલ સમસ્ત સહી દા. પા. ધોરીભાઈ દાદાભાઈ ભાઈ-સમસ્તના કહેવાથી લખી	

૧	અત્ર	સાખ
૧	અમીન પા. અજુ કસનદાસ ધણી બેહજુર	સાખ
૧	મહેતા હીરાલાલ ડાહ્યા ધણી બેહજુર	સાખ
૧	સા. નાથા મનોરદાસ ધણી બેહજુર	સાખ
૧	પા. ભાઈજી કાલીદાસ દા. સા. નાથા મનોર	સાખ
૧	પા. જીભાઈ કસુજી	સાખ
૧	ગોસાઈ રામચંદ્રગર પરસોતમગર દા. મહેતા નાના ડાહા	સાખ
૧	લી. નરખી હરજીવન ગુલાબચંદ રહેવાસી કસબે નડીયાદના ધણી બેહજુર લખુ છે.	
૧	પગી જોબન ભાયા ધણી બેહજુર	સાખ
૧	પગી જુસા વેણા ધણી બેહજુર	સાખ
૧	પગી ખોડા અજબા ધણી બેહજુર	સાખ
૧	પગી વક્તા વસતા ધણી બેહજુર	સાખ

પરિશિષ્ટ : ૩

પાત્રસૂચિ તથા ગ્રામસૂચિ

સંતો-પરમહંસો-પાર્ષદોની સૂચિ

હરિભક્તોની સૂચિ

ગ્રામ સૂચિ

જ્યાં શ્રીહરિએ વસંતોત્સવ કરીને સાક્ષાત્ વસંતનું આહ્‌વાન કર્યું હતું અને સૌને અલૌકિક રાસ રમાડી સ્મૃતિ આપી હતી તે સ્થળ, લક્ષ્મીવાડી, ગઢપુર.





શ્રીહરિએ તૈયાર કરાવેલ રાધાવાવ, ગઢપુર. અહીં અનેક વાર સ્નાન કરીને તથા વિસામો લઈને શ્રીહરિએ તેને તીર્થત્વ આપ્યું છે.

▼ શ્રીહરિ અને પરમહંસોના નિત્ય સ્નાનથી પરમ પાવન થયેલી ઉન્મત્ત ગંગા (ઘેલો નદી) અને એ પ્રાસાદિક ખળખળિયો, જ્યાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો પગ ભરાઈ જતાં, શ્રીહરિએ તેમની સાથેનું પોતાનું તાદાત્મ્ય દર્શાવ્યું હતું.



નાગડકામાં
ભક્તરાજ સુરાખાચરનો
પ્રાસાદિક દરબારગઢ.
અને સુરાખાચરનાં પત્ની શાંતિબા
સાથે શ્રીહરિએ નેતરાં તાણ્યા
હતા એ પ્રસાદીભૂત થાંભલી.
(નિશાની કરી છે તે.)



શ્રીહરિ જ્યાં નિવાસ કરતા એ
ભક્તરાજ સુરાખાચરનો દરબાર,
નાગડકા. ▼



▶ દરબારમાં જે લીંબતરુ નીચે
મહારાજ સભા કરીને બિરાજતા તે
પ્રાસાદિક સ્થળ.

▼ નાગડકામાં સુરાખાચરના દરબારમાં
એક વાર મહારાજ આ ગોદડી પર
ગારાવાળા પગે ચાલ્યા. તે વખતે
કોઈકે ટકોર કરી. ત્યારે મહારાજ
ગોદડી પરથી ઊતરી ગયા અને
ગોદડી પર ગારાવાળાં ચરણારવિંદને
સ્થાને કંકુનાં પગલાં ઊપસી આવ્યાં.










▲ ભક્તરાજ સુરાખાચરનો દરબાર, લોયા.

▼ લોયામાં અનેક વખત પધારીને શ્રીહરિએ જ્યાં વચનામૃત ઉદ્‌બોધ્યાં હતા તે પ્રસાદીની જગ્યા પર સ્મૃતિ ઓટો.



▲ ભક્તરાજ સુરાખાચરના દરબારનાં પ્રાસાદિક કમાડ, લોયા.



શ્રીહરિએ જ્યાં ૬૦ મણ રીંગણાંનો ૧૮ મણ ઘીમાં વઘાર કર્યો હતો એ શાકોત્સવ-પ્રાસાદિક સ્થળ, લોયા.

જ્યાં શ્રીહરિએ
અનેક લીલાઓ કરી છે એ
ભક્તરાજ ઝીણાભાઈનો દરબાર,
પંચાળા.





પંચાળામાં ઝીણાભાઈના દરબારમાં
જ્યાં શ્રીહરિએ અનેક વચનામૃતો ઉદ્‌બોધ્યાં છે
એ પ્રાસાદિક સ્થળ.

▼ જ્યાં ઐતિહાસિક રંગોત્સવ થયો હતો
તે પ્રાસાદિક સ્થળ, પંચાળા.



રંગોત્સવ દરમ્યાન રંગ ભરવા માટે જે
ગોળી વાપરી હતી તે પ્રસાદીની ગોળી.





પંચાળામાં રંગોત્સવ ઊજવીને શ્રીહરિએ
ગુણાતીતાનંદ સ્વામીના ભાલ પર તિલક કરીને કહ્યું :
'આ અમારા તિલક !'
એમ કહી ગુણાતીતાનંદ સ્વામીનો અમાપ મહિમા ગાતાં શ્રીહરિએ કહ્યું :
'હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી.'



કારિયાણીમાં વસ્તાખાચરના દરબારમાં શ્રીહરિએ કરેલા ઐતિહાસિક દીપોત્સવનું સ્મૃતિચિત્ર, આ.સં. ૧૮૭૭


કારિયાણીમાં નિષ્કુળાનંદ સ્વામીએ
બનાવેલી ચોકડી તથા કુંડી.




કારિયાણીમાં વસ્તાખાચરના દરબારમાં
શ્રીહરિનું નિવાસ સ્થાન – અક્ષર ઓરડી.




વહેલાલમાં વખતબાનાં ઘર તથા મેડી.
આ સ્થળે ઘણી વખત પધારીને શ્રીહરિએ
તેમનાં ઘર તથા મેડી પાવન કર્યાં છે.









વહેલાલમાં વખતબાના ઘરે
શ્રીહરિએ ભોજન અંગીકાર કર્યું હતું
તે પ્રસાદીની થાળી તથા
શ્રીહરિની પ્રાસાદિક ચાખડી




અડાલજની ઐતિહાસિક વાવ, જ્યાં
સ્નાન કરીને શ્રીહરિએ સંકલ્પ કર્યો
હતો કે 'રાઈના દાણાથી આ વાવને
ભરીએ તેટલા જીવોનું કલ્યાણ કરવું છે.
અમે અહીં સ્નાન કર્યું આથી અમારા
સંબંધે આ વાવમાં જે કોઈ સ્નાન કરશે,
આ વાવ બાંધવામાં કામ આવેલા પથ્થરો
વહેતા ગાડાંના બળદો, કચડાઈ ગયેલા
જીવજંતુ બધાંનું કલ્યાણ થઈ ગયું.'

શ્રીહરિએ શ્રીનગરમાં - અમદાવાદમાં સંપ્રદાયનું ત્રણ શિખરનું પ્રથમ મંદિર બાંધ્યું અને તેમાં નરનારાયણ દેવને પધરાવ્યા. ત્યારબાદ મહારાજે કાશીદાસ મોટાને કહ્યું હતું : 'નરની મૂર્તિ અક્ષરનો અંશ છે અને નારાયણની મૂર્તિ એ પુરુષોત્તમનો અંશ છે.'





અમદાવાદમાં મધ્ય શિખરમાં શ્રીહરિએ ભરતખંડના રાજા તરીકે પધરાવેલા શ્રી નરનારાયણ દેવ.



અમદાવાદમાં શ્રીહરિએ સ્થાપેલા પ્રથમ મંદિરની, શ્રીહરિના ધામગમન બાદ વીસ વર્ષ પછી જેમ્સ બર્જેસ નામના ઇતિહાસ લેખકે લીધેલી ઐતિહાસિક છબી.

શ્રી નરનારાયણ દેવના
મંદિર પરિસરમાં,
શ્રીહરિ જ્યાં નિવાસ કરતા એ
ઘનશ્યામ ભુવન.







◄ નરનારાયણ દેવના મંદિરમાં
આ થાંભલાને ભેટીને
શ્રીહરિએ સૌને અલૌકિક
સ્મૃતિઓ આપી છે.

◄ મંદિરના સભામંડપમાં આવેલું
એક સ્મૃતિસ્થાન, જ્યાં શ્રીહરિ
સંતોને પીરસીને ખુરશી
નાખીને બિરાજમાન થતા.



કાંકરિયા સરોવર, અમદાવાદ.
અમદાવાદમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવે
શ્રીહરિએ જ્યાં સંતો-હરિભક્તોના
ઉતારાની વ્યવસ્થા કરી હતી તથા
બ્રાહ્મણોની ઐતિહાસિક ચોરાસી કરી
હતી, એ પ્રાસાદિક સરોવર અને
તેની મધ્યમાં આવેલી નગીના વાડી,
જ્યાં શ્રીહરિએ નિવાસ કર્યો હતો.

પવિત્ર સાબરમતી નદીના તટ પર આવેલો નારાયણ ઘાટ, શ્રીનગર. આ સ્થળે શ્રીહરિએ સંતો-ભક્તો સાથે અનેક વખત જળલીલાઓ કરી તેને તીર્થત્વ આપ્યું છે.






સાબરમતીના તટ પર આવેલ અંગ્રેજ અમલદાર શ્રી ડનલોપનું નિવાસ સ્થાન, શાહીમહેલ. શ્રી ડનલોપના આમંત્રણથી પધારી શ્રીહરિએ તેને પાવન કર્યો હતો.

અમદાવાદમાં દિલ્હી દરવાજાથી સાબરમતીએ સ્નાન કરવા જતા ત્યારે મધ્યમાં આવેલા વાડી-ઉદ્યાનમાં શ્રીહરિએ પરમહંસો સહિત જ્યાં અનેક વખત વિસામો લીધો હતો એ મહાપ્રાસાદિક ભૂમિ પર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ત્રણ શિખરનું સુંદર મંદિર સ્થાપી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવ્યા છે.



શ્રીનગરમાં મૂર્તિપ્રતિષ્ઠા તથા ચોરાસી કર્યા પછી મહારાજે સંકલ્પનો મંદવાડ ગ્રહણ કર્યો. આ મંદવાડ ઉતારવા મહારાજ જેતલપુર થઈને ગણેશ ધોળકા પધાર્યા હતા અને ત્યાંની રાણ્યોમાં ઊતર્યા હતા. જે સ્થળે મહારાજ ઊતર્યા હતા તે પ્રસાદીની જગ્યા.






ભક્તરાજ જાલમસિંહ બાપુનો દરબાર, દેવળિયા. દરબારના આ ચોકમાં મહારાજ સભા ભરીને બિરાજ્યા છે.



શ્રીહરિને રોકવાના આશયથી તેઓની માણકી ઘોડીને, કેશાબાએ જાલમસિંહ બાપુના દરબારમાં જે ઓરડામાં સંતાડી હતી તે પ્રાસાદિક ઓરડો, દેવળિયા.

ભક્તરાજ હિમરાજ શાહના પુત્રોની અડગ નિષ્ઠાથી પ્રસન્ન થઈને, હિમરાજ શાહની ઉત્તરક્રિયા નિમિત્તે શ્રીહરિએ જ્યાં વસંતોત્સવ કર્યો હતો તે પ્રાસાદિક સ્થળ, સુંદરિયાણા.





ભક્તરાજ હિમરાજ શાહનાં ઘર, સુંદરિયાણા, જ્યાં શ્રીહરિએ નિવાસ કરીને તીર્થત્વ આપ્યું છે.



ભક્તરાજ કાશીદાસ મોટાનાં ઘર, બોચાસણ, જ્યાં આગ લાગી ત્યારે શ્રીહરિએ ગઢપુરમાં બેઠાં બેઠાં પોતાના હાથેથી હોલવી હતી.

શ્રીહરિનાં પ્રસાદિભૂત
ભક્તરાજ અજા પટેલનાં ઘર,
મેથાણ.
જ્યાં તેમના ભાણેજ કડુના
કલ્યાણદાસ(અદ્‌ભુતાનંદ સ્વામી)નો
પણ ઉછેર થયો હતો,
એ પ્રાસાદિક ઘરો.





◄ શ્રીહરિએ પ્રસાદીભૂત કરેલ
ભક્તરાજ દેવરામનાં ઘર,
મેથાણ. ▼

► ભક્તરાજ ગોવિંદરામનાં ઘરનો
પ્રસાદીભૂત પીપળો, મેથાણ.











▲ આદરજમાં રતુ ખાંટના ઘર, જ્યાં શ્રીહરિ પધાર્યા હતા.

▶ રતુ ખાંટના ઘરની સમક્ષ જે સ્થળે મહારાજ સ્નાન કરતા ત્યાં ઓટો કરાવી આદરજના અન્નકૂટ ઉત્સવની લીલા લખી છે.



આદરજની એ ઐતિહાસિક આંબલી, જ્યાં શ્રીહરિએ હિંડોળે હીંચતાં સૌને કૃતાર્થ કર્યા હતા.






આદરજમાં ઐતિહાસિક લીલાઓનાં સ્મૃતિચિત્રો. શ્રીહરિ સમક્ષ અન્નકૂટોત્સવ.
આદરજમાં શ્રીહરિએ ચાર સદ્‌ગુરુઓની નિયુક્તિ કરી સંપ્રદાયની પ્રણાલી સ્થાપીને તેમની આરતી ઉતારી.

ડાંગરવામાં જતનફોઈનાં
પ્રાસાદિક ઘર તથા ઓસરી.
શ્રીહરિએ ઘણી વખત પધારીને
આ ઘર તથા ઓસરી
પાવન કર્યાં છે.





ડાંગરવામાં શ્રીહરિ જ્યાં નિવાસ કરીને
અનેક વખત ભોજન અંગીકાર કરવા
બિરાજ્યા હતા
તે પ્રાસાદિક સ્થાન.



શ્રીહરિએ જતનફોઈનાં ઘરે
કબાટ ખોલીને, પોતાની જાતે
થાળી-કટોરામાં ભોજન લીધું હતું
તે પ્રાસાદિક કાંસાની થાળી, તાંસળી
અને કટોરો.

કચ્છના પ્રેમીભક્તોની ભક્તિથી
શ્રીહરિએ ભુજમાં દ્વિતીય
શિખરબદ્ધ મંદિરનું નિર્માણ કરીને
તેમાં ભક્ત સહિત ભગવાનની
મૂર્તિઓ પધરાવી યુગલ ઉપાસનાનો
શાશ્વત માર્ગ ચીંધ્યો.





ભુજમાં મધ્યશિખરમાં શ્રીહરિએ પધરાવેલ શ્રી
નરનારાયણ દેવ, તથા શ્રીહરિકૃષ્ણ મહારાજનાં
સ્વરૂપો.



કચ્છના પ્રેમી જણસારી ભક્તોની
પ્રેમભક્તિથી શ્રીહરિએ
વાસુદેવ નારાયણની એક મૂર્તિ
અહીં પધરાવવા આપી હતી.
એ પ્રાસાદિક મૂર્તિ.





બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલા
આધ્યાત્મિક સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને
ભારતીય સંસ્કૃતિના સનાતન વારસાને અને
ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સંદેશને
વિશ્વભરમાં પ્રસરાવતી આ સંસ્થા
એક આધ્યાત્મિક-સામાજિક સેવાસંસ્થા છે.
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સને ૧૯૦૭માં સ્થાપેલી
આ સંસ્થા ૯,૧૦૦ સત્સંગ કેન્દ્રોના
વિશ્વવ્યાપી પરિવાર દ્વારા માનવ-ઉત્કર્ષની
અવિરત ગંગા વહાવે છે.
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં,
સંસ્થાના ૭૦૦ સુશિક્ષિત સંતો તથા
૪૦,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેક રચનાત્મક
સેવાપ્રવૃત્તિઓનું વહન કરે છે, ચાહે તે ભૂકંપગ્રસ્ત ગામોનું
પુનર્નિર્માણ હોય, અદ્યતન ભવ્ય વિદ્યાર્થી સંકુલો અને
અદ્યતન સુવિધાસજ્જ હૉસ્પિટલો કે
રોગનિદાન યજ્ઞોની સેવાઓ હોય.
આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
દિલ્હી, ગાંધીનગર, લંડન, શિકાગો, હ્યુસ્ટન અને નૈરોબીમાં
ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપતાં અભૂતપૂર્વ
આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલોનું નિર્માણ કરી સંસ્થાએ
યુગસિદ્ધિ હાંસલ કરી છે અને
લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.



પ્રેરણામૂર્તિ
પ્રગટ બ્રહ્મસ્વરૂપ
પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

શ્રી સ્વામિનારાયણ ભગવાનને પૂર્ણ પુરુષોત્તમ તરીકે પૂજતા એવા શ્રીજીના સમકાલિન સંતોએ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતીમાં ગદ્ય કે પદ્યમાં શ્રીજીનાં લીલાચરિત્રો યુક્ત વિપુલ સાહિત્ય સંપ્રદાયને ચરણે ધર્યું છે.
સંપ્રદાયની પુષ્ટિ પણ ઇષ્ટદેવનાં લીલાચરિત્રોના ગ્રંથોથી જ થાય છે. પરમહંસો પછી પણ આ સાહિત્ય-પ્રવૃત્તિ ચાલુ રહી છે. તેમાં અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ પુસ્તક સુમેરુ સમાન છે.
શ્રી હર્ષદભાઈ દવેએ જૂના જૂના ગ્રંથો જોઈ તપાસીને તેમાંથી પ્રમાણિત પ્રસંગો મેળવ્યા છે. વળી, તે વખતની ભૌગોલિક પરિસ્થિતિ અને રાજકીય ઇતિહાસને શોધીને અને આ કાર્ય માટે ગામોગામ ફરી સત્સંગના જૂના જૂના અનુભવીઓ પાસેથી અપ્રકાશિત સાહિત્ય એકત્રિત કરીને આ ગ્રંથરત્ન તૈયાર કર્યો છે. આ રીતે ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ ગ્રંથ ઘણો મૂલ્યવાન છે.
શ્રીજીની દિવ્ય અને માનુષી લીલાઓ, સર્વજીવ હિતાવહ ઉપદેશો, તેમના સમયના સંત-હરિભક્તોનાં આખ્યાનો અને તેમણે પ્રબોધેલ તત્ત્વજ્ઞાન – આ સર્વેનો ભક્તિભાવે સુગમ સમન્વય કર્યો છે.

- પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

ISBN: 81-7526-211-7